કામ વહ લે લીજિયે તુમ કો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમ પે કરોળોં દુરૂદ

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ○
وَمَآ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ ○

# પયગંબરે રહમત ﷺ

## અને તેમની તા'લીમાત


**લેખક**

અતાએ હુઝૂર મુફ્તિયે આ'ઝમે હિંદ હાફિઝ વ ક઼ારી મૌલાના
**મુહમ્મદશાકિર નૂરી રઝવી**
(અમીરે સુન્ની દઅ્વતે ઈસ્લામી)

**અનુવાદક**

મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



**પ્રકાશકો**

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

પ્રકાશન નં.: ૨૪૧ આવૃત્તિ–૧ પ્રત: ૨૫૦૦
૧૯–મુહર્રમુલહરામ હિ.સ. ૧૪૪૦ સપ્ટેમ્બર–૨૦૧૮

# સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન


કિતાબનું નામ : **પયગંબરે રહમત ﷺ અને તેમની તા'લીમાત**

લેખક : અતાએ હુઝૂર મુફ્તિયે આ'ઝમે હિંદ હાફિઝો ક઼ારી હઝરત મૌલાના **મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

નઝરે ષાની (ઉર્દૂ કિતાબ) : મૌલાના મઝહર હુસૈન અલીમી–મુંબઈ
મૌલાના મુહમ્મદ અબ્દુલ્લાહ આ'ઝમી નજમી–મુંબઈ
મૌલાના જાવેદ રઝા નજમી–મુંબઈ
મૌલાના અબ્દુલ કરીમ રઝવી–મુંબઈ

પેજીસ : ૪૮૮ કિંમત : રૂા. ૨૫૦/–

કંપોઝિંગ : સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી
મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ ઈખરવી

પ્રુફ રીડિંગ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

આવૃત્તિ : પ્રથમ ★ નકલ : ૨૫૦૦

પ્રકાશન નં. : ૨૪૧

પ્રકાશન વર્ષ : ૧૯ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૦
અંગ્રેજી તા. ૩૦ સપ્ટેમ્બર–૨૦૧૮, રવિવાર

પ્રાપ્તિસ્થાન : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**,
તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦

## પ્રકાશકો

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
GRWB/059/Bharuch/02 C/o. ફય્ઝાને રઝાએ મુસ્તફા,
મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન. ૩૯૨૦૨૦,
ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧ (ઓફિસ), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# અનુક્રમણિકા


| | |
|---|---|
| તક઼રીઝે જલીલ | 024 |
| મહાન પ્રશંસા પત્ર... | 027 |
| લેખકની અરજ | 028 |
| થોડુક કિતાબના બારામાં | 030 |
| **પ્રસ્તાવના...** | 032 |
| અમ્નની વ્યાખ્યા | 034 |
| અમ્નના પ્રકારો | 035 |
| અમ્ને કામિલ (સંપૂર્ણ શાંતિ) | 035 |
| વ્યક્તિગત અમ્ન | 036 |
| સામૂહિક અમ્ન | 038 |
| **(પ્રકરણ : ૧)** | |
| **સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ અમ્નના પયગંબર છે** | 041 |
| **(પ્રકરણ : ૨)** | |
| **નબુવ્વતના એલાન પહેલાં પણ હુઝૂર ﷺ શાંતિના નમૂના હતા** | 047 |
| દૂધ પીવાના દિવસોમાં અદ્લો ઈન્સાફ ! | 047 |
| જંગે ફુજ્જારમાં હુમલાથી દૂરી | 048 |
| હલફુલ ફુઝૂલમાં હાજરી અને નબુવ્વતના એલાન બાદ તેની પ્રશંસા | 049 |
| કા'બાના બાંધકામ અને હજરે અસ્વદ મૂકવામાં મતભેદનું નિવારણ | 050 |
| હુઝૂર ﷺની અમાનતદારી અને હઝરત ખદીજાનો નિકાહ رضی اللہ عنہا નો પૈગામ | 052 |
| અમાનતથી ભરપુર વેપાર | 054 |
| આપનો અમાનતદારનો ગુણ અને "અમીન" લક઼બ | 055 |
| મા બાપ કરતાં અધિક પુરઅમ્ન બારગાહે મુસ્તફા ﷺ | 056 |
| સામાન્ય લોકોથી વિશિષ્ટ પુર અમ્ન જિંદગી | 057 |

| (પ્રકરણ : ૩) | |
|---|---|
| **એલાને નબુવ્વત બાદ હુઝૂર ﷺની અમ્નભરી જિંદગી** | 059 |
| અનહદ તકલીફો અને સબ્રે જમીલ | 060 |
| ગળામાં ફાંસો નાખીને ખેંચવામાં આવ્યા | 061 |
| કત્લની સાઝિશ રચવામાં આવી | 062 |
| આપની સાહબઝાદીઓને તલાક઼ આપી દેવામાં આવી | 062 |
| ઘર તથા દરવાજા પર નાપાક ચીજો નાખવામાં આવતી | 063 |
| ચહેરા મુબારક પર થૂકવાની કોશિશ કરવામાં આવી | 064 |
| અબૂ જહલના તરફથી શારીરિક તકલીફો | 065 |
| તબ્લીગના માર્ગમાં મક્કાના કાફિરોની રુકાવટ | 067 |
| જ્યારે કુરૈશના કાફિરોનો જુલ્મ હદે પહોંચી ગયો | 069 |
| ત્રીસ રાતોની ભૂખ | 070 |
| શિઅ્બે અબી તાલિબમાં ત્રણ વરસની પાબંદી | 071 |
| તાઈફમાં સરવરે કૌનેન ﷺના ક઼દમ મુબારકો લોહીલુહાણ થયા | 074 |
| (પ્રકરણ : ૪) | |
| **હુઝૂર ﷺની અમ્નથી ભરી મદની જિંદગી** | 079 |
| **આક઼ા ﷺએ ભાઈચારાના ક઼રાર થકી અન્સાર તથા મુહાજિરો વચ્ચે..** | 081 |
| **શાંતિની સ્થાપ્ના માટે પયગંબરે રહમત ﷺનો યહૂદીઓ સાથે ક઼રાર !** | 083 |
| **કૈદીઓની સાથે પયગંબરે અમ્ન ﷺનો દયાભાવપૂર્ણ વહેવાર** | 090 |
| કેદીઓ સાથે સદવર્તાવની તાકીદ | 091 |
| બદરના એક કેદી અબૂ અઝીઝનું બયાન | 092 |
| કેદીઓ માટે લિબાસની વ્યવસ્થા | 093 |
| કેદીઓના માટે યોગ્ય રહેઠાણની વ્યવસ્થા | 094 |
| હુનૈનના કેદીઓની મુક્તિ | 095 |
| **સુલહે હુદૈબિયાની શાંતિની સ્થાપ્ના મહાન પૂર્વભૂમિકા હતી** | 097 |
| સુલ્તાનોના નામે હુઝૂર ﷺના અમ્નભર્યા પત્રો | 101 |

| | |
|---|---|
| ફતહે મક્કાના પ્રસંગે હુઝૂર ﷺની અમ્ન પસંદી | 103 |
| કુરેશીઓની આમ માફીનું એલાન | 105 |
| હઝરત સઅદ رضي الله عنهથી ઝંડો પરત લઈ લીધો ! | 107 |
| તકલીફ પહોંચાડનારાઓને માફી | 108 |
| ઉષ્માન બિન તલ્હાને કા'બાની ચાવી પરત આપી | 109 |
| **હુજ્જતુલ વિદાઅનો ખુત્બો : અમ્નનો આલમી પૈગામ** | 110 |
| કયામત સુધી મુસલમાનોના જાનોમાલની હુર્મત છે | 111 |
| અમાનત અદા કરવાની તાકીદ | 111 |
| દરેક પ્રકારનું વ્યાજ રદ કરવામાં આવ્યું | 112 |
| જાહિલિયતના સમયનાં સર્વ ખૂનો માફ ! | 112 |
| નાના નાના ગુનાહોથી પણ બચવાની તાકીદ | 112 |
| પતિ પત્નીના આપસમાં હક્કો છે | 113 |
| નાહક્ક કોઈનો માલ લેવો જાઈઝ નથી | 113 |
| **જેહાદ કરનાઓને આકા ﷺની વસિયતો** | 114 |
| મુષ્લહ (ચહેરો બગાડવા)ની અને નાના બાળકોના કત્લની મનાઈ | 114 |
| સ્ત્રીઓ તથા વૃદ્ધોના કત્લની મનાઈ | 115 |
| જંગ દરમિયાન કોઈ ચીજને નુકસાન પહોંચાડવાની મનાઈ | 116 |
| **પયગંબરે અમ્ન ﷺએ ન્યાયને પસંદ કર્યો** | 117 |
| ન્યાયની સ્પષ્ટ ખાસિયત | 118 |
| કેદીઓની સાથે અદ્લો ઈન્સાફ | 119 |
| ફરિયાદોના ફેંસલાઓમાં ભેદભાવથી પરહેઝ | 120 |
| **પયગંબરે અમ્નએ ગઝવાત તથા જંગો શાથી કરી ?** | 121 |
| લૂટ માર તથા ખૂના મરકી જ હેતુ હોત તો જંગો હિજરત પહેલાં જ છેડાઈ જાત ! | 122 |
| પયગંબરે અમ્ન ﷺએ જંગ કરવા કરતાં હિજરતને પ્રાધાન્ય આપ્યું | 123 |
| સીરતે ઝિયાઉન્નબી ﷺના લેખક લખે છે | 124 |
| મદીનાવાસીઓને મુશ્રિકોએ ધમકીભર્યા પત્રો મોકલ્યા | 124 |

| | |
|---|---|
| મુશ્રિકોની મુસલમાનોને ડાયરેક્ટ ધમકીઓ | 126 |
| મક્કાના કાફિરોની ધમકીઓ પર મુસલમાનો જવાબી કાર્યવાહી | 126 |
| ફોજી દળો મોકલવાના હેતુઓ | 127 |
| **ઈસ્લામી જંગોની વિશિષ્ટતાઓ** | 129 |
| અસંસ્કૃત કૌમોની લડાઈ | 129 |
| સંસ્કારી કૌમોની જંગ | 130 |
| ઈસ્લામવાળાઓની જંગ | 130 |
| જંગના સંબંધે પયગંબરે અમ્ન ﷺની હિદાયતો | 131 |
| પયગંબરાના જેહાદનાં પરિણામો | 133 |
| **(પ્રકરણ : ૫)** | |
| **રસૂલે અકરમ ﷺના આગમન પહેલાં દુનિયાની સ્થિતિ** | 138 |
| દુનિયાની વિવિધ કૌમોના હાલાત | 139 |
| યહૂદી (બની ઈસ્રાઈલ)ના હાલાત | 140 |
| નસારા (ઈસાઈઓ)ના હાલાત | 142 |
| મજૂસીઓ (અગ્નિપૂજકો)ના હાલાત | 144 |
| યૂનાનીઓના હાલાત | 145 |
| ઈરાનીઓના હાલાત | 145 |
| હિંદુસ્તાનના હાલાત | 147 |
| રોમીઓના હાલાત | 148 |
| અરબવાસીઓના હાલાત | 148 |
| **(પ્રકરણ : ૬)** | |
| **હુઝૂર ﷺ સર્વ મખ્લૂકાત માટે અમ્નના જામિન** | 152 |
| ઈસ્લામમાં કોઈ જબરદસ્તી નથી | 154 |
| ઈસ્લામની તબ્લીગમાં હિકમત તથા સારી નસીહતો | 154 |
| બાતિલોના મઅબૂદોને પણ બુરુ ભલુ કહેવાની મનાઈ | 155 |
| મુસલમાન તે જ છે જે અમ્નો સલામતીનો ઝંડાધારી છે | 155 |

| | |
|---|---|
| મોમિન કોણ છે ? | 155 |
| જમીનવાળાઓ પર રહમ કરો | 156 |
| બદનસીબના દિલમાં રહમ તથા પ્રેમભાવ નથી હોય શકતો | 157 |
| નાહક્ક્ કત્લ ઈસ્લામી તાલીમાતની વિરૂધ્ધ છે | 157 |
| તે રહમતે ઈલાહીને પાત્ર નથી થઈ શકતો | 15 |
| બની આદમ આ'ઝાએ યક દીગરન્દ | 158 |
| એહસાન જતાવવાની પણ મનાઈ | 159 |
| **રહમતે આલમ ﷺની જિંદગીનું રહીમાના પાસુ** | 159 |
| પોતાનાંઓ સાથે હુઝૂર ﷺની રહમત | 160 |
| દુશ્મનો સાથે હુઝૂર ﷺનો રહમો કરમનો વર્તાવ | 162 |
| **(પ્રકરણ : ૭)** | |
| **પયગંબરે અમ્ન ﷺએ સર્વ માનવજાત માટે અમ્નો સુકૂનની રાહોને સમારી** | 166 |
| પયગંબરે અમ્ન ﷺએ પત્નીઓને અમ્નથી પૂર્ણ જિંદગી અર્પી | 167 |
| પુરૂષો તથા સ્ત્રીઓના હક્કો તથા ફર્ઝો સમાન છે | 168 |
| સ્ત્રીઓના માથે પુરૂષોના હક્કો | 168 |
| સૈયદે કૌનેન ﷺએ પત્ની પર પતિની આજ્ઞા વાજિબ ઠરાવી | 169 |
| પયગંબરે રહમત ﷺએ પતિને રાજી કરવા પર જન્નતની ઝમાનત લીધી | 169 |
| આજ્ઞાંકિત પત્નીને આકા ﷺએ ફાયદો આપનાર ઠરાવી | 170 |
| જેની અંદર આ ખૂબીઓ મૌજૂદ હશે તે કામયાબ પત્ની કહેવાશે | 170 |
| જો કોઈને સિજદો કરવો જાઈઝ હોત તો પત્નીને હુકમ થાત કે પતિને સિજદો કરે | 171 |
| પત્ની જ્યાં સુધી પતિનો હક્ક્ અદા ન કરે તેણે અલ્લાહનો હક્ક્ પણ અદા ન કર્યો | 171 |
| આકાએ કૌનેન ﷺએ પુરૂષોનો હક્ક્ ઠરાવ્યો કે પત્ની તેને સોહબતથી ન રોકે | 172 |
| પતિના માથે પત્નીના હક્કો | 173 |
| પત્નીના ભરણ પોષણનો ખર્ચ પતિના માથે છે | 173 |
| પત્નીઓના મહેરનો હક્ક્ અદા કરવો પતિ પર વાજિબ | 173 |

| | |
|---|---|
| પત્ની સાથે સદ્વર્તાવનો હુકમ થયો | 174 |
| આકા ﷺએ પાયાની જરૂરતો પૂરી પાડવી પત્નીનો હક્ક઼ ઠરાવ્યું | 175 |
| આકા ﷺએ સૌથી બેહતર ઈન્સાન તેને કહ્યો જે પત્ની સાથે બેહતર હોય | 175 |
| પયગંબરે અમ્ન ﷺએ પત્નીઓને મારવાની મનાઈ કરી | 176 |
| પયગંબરે અમ્ન ﷺ પોતાની પત્નીઓ સાથે | 177 |
| નબી કરીમ ﷺ પાક બીવીઓનાં દિલને ખુશ રાખતા | 177 |
| હઝરત આઈશા رضی اللہ عنہاનું દિલ બહેલાવવા માટે તેમની સખીઓને મોકલતા | 178 |
| હઝરત આઈશા رضی اللہ عنہاને હબ્શી બાળકોનો  ખેલ દેખાડતા | 178 |
| નબી અકરમ ﷺ કામોમાં પાક બીવીઓને સાથ આપતા | 179 |
| પયગંબરે અમ્ન ﷺએ માબાપને ઉચ્ચ મર્તબો અતા કર્યો | 180 |
| વૃધ્ધ માબાપને 'ઉફ' પણ નથી કહી શકાતુ | 180 |
| મા બાપનો હક્ક઼ માનવો જરૂરી છે | 181 |
| માબાપની ખિદમત ન કરનારા સખ્ત મેહરૂમ છે | 182 |
| કાફિર માબાપો પણ સદ્વર્તાવનાં હક્ક઼દાર છે | 183 |
| બીજાનાં માબાપને ગાળ આપવી એ પોતાનાં બાપને ગાળ દેવું છે | 183 |
| મા બાપની નારાઝગી અસલમાં અલ્લાહની નારાઝગી છે | 184 |
| મા બાપ જન્નત તથા જહન્નમ બંનેવમાં જવાનો સબબ થઈ શકે છે | 185 |
| જન્નત માના ક઼દમોની નીચે | 185 |
| પૈગંબરે અમ્ન ﷺ અને દૂધ મા | 186 |
| આકા઼એ રહમત ﷺએ બાળકોને હક્ક઼ોથી નવાઝયા | 186 |
| પેટમાંના બાળકના કારણે સગર્ભા માનો સર્વ ખર્ચ બાપના જિમ્મે છે | 187 |
| દરેક પેદા થનાર બાળક જીવવાનો હક્ક઼ ધરાવે છે | 187 |
| ગરીબીના ડરથી ઔલાદને મારી નાખવુ મહાન ગુનોહ | 188 |
| બાળકો પણ વારસાનાં હક્ક઼દાર છે | 189 |
| કેળવણી, ઉછેર, ખવડાવવું પીવડાવવું એ બાપ પર ઔલાદનો હક્ક઼ છે | 189 |
| તાલીમ તથા કેળવણી માબાપની પાયાની જિમ્મેદારી | 190 |

| | |
|---|---|
| બાળકોને દીનદાર બનાવવાં મા બાપની જિમ્મેદારી | 192 |
| ઔલાદમાં સમાનતાનો ખયાલ | 193 |
| **બાળકીઓને પયગંબરે અમ્ન ﷺએ નવી જિંદગી અતા ફર્માવી** | 139 |
| પુત્રી પર પુત્રને અગ્રતા ન આપવામાં આવે | 194 |
| પુત્રીઓનો ઉછેર જન્નતમાં પ્રવેશનો ઝરીઓ | 195 |
| પુત્રીઓને પુત્રો પર ફઝીલત મળી શકતી હતી | 195 |
| પુત્રીઓ જહન્નમથી નજાતનો ઝરીયો છે | 196 |
| **પયગંબરે અમ્ન ﷺએ બહેનોના હક્કો મેહફૂઝ કર્યા** | 197 |
| બહેનની સાથે સદવર્તાવ સદકાથી અફઝલ | 197 |
| બહેનની પરવરિશ પુત્રીની પરવરિશના બરાબર છે | 197 |
| મૃત્યુ પછી પણ બહેનો સદ્વર્તાવની હક્કદાર | 198 |
| નબી અકરમ ﷺનો પોતાની દૂધ બહેન સાથે સદ્વર્તાવ | 199 |
| બહેનોની દેખરેખના માટે વિધવાથી શાદી | 200 |
| **પયગંબરે અમ્ન ﷺએ ભાઈઓના હક્કો નિશ્ચિત કર્યા** | 201 |
| સૈયદે આલમ ﷺએ ભાઈઓની સાથે સદ્વર્તાવનો હુકમ આપ્યો | 201 |
| નાનો ભાઈ મોટાભાઈની તાઝીમ કરે, મોટો ભાઈ નાનાભાઈ પર મહેરબાની રાખે | 202 |
| ભાઈથી મુલાકાત બરકતનો સબબ છે | 202 |
| પોતાના ભાઈની મદદ કરનારા અલ્લાહની ઈમદાદ પામે છે | 203 |
| ભાઈનુ કરજ અદા કરવું કયામતના દિવસે કામ આવશે | 204 |
| ભાઈ ભાઈમાં જુદાઈ કરાવનારા પર લઅનત | 205 |
| ભાઈના માટે જગામાં વધારો કરવો તેનો હક્ક છે | 205 |
| જરૂરતથી વધારાની ચીજ ભાઈને આપવી જોઈએ | 206 |
| ત્રણ દિવસથી વધુ અબોલા દુરુસ્ત નથી | 207 |
| **પયગંબરે અમ્ન ﷺએ સ્ત્રીઓને ઈજ્જતનો તાજ અતા કર્યો** | 208 |
| સરવરે આલમ ﷺને દુનિયાની ચીજોમાં સ્ત્રી પ્રિય છે | 209 |
| સ્ત્રીઓને પણ ઈલ્મ તથા અદબ શીખવવામાં આવે | 209 |

| | |
|---|---|
| સ્ત્રીઓ માટે પણ બાક઼ાયદા આર્થિક હક્ક઼ો છે | 210 |
| **તલાક઼ પામેલી સ્ત્રીઓના હક્ક઼ો** | 212 |
| ઈદ્દત દરમિયાન ભરણપોષણ તથા રહેવા સહેવાની વ્યવસ્થા પતિના માથે છે | 214 |
| જો સંભોગથી પહેલાં તલાક઼ આપી દીધી તો પણ અડધી મહેર આપવી | 215 |
| જો તલાક઼ વખતે સ્ત્રી સગર્ભા છે તો ગર્ભાવસ્થા દરમ્યાનનો ખર્ચ પુરૂષના માથે છે | 215 |
| તલાક઼ બાદ બાળકને દૂધ પીવડાવે તો વળતર તથા કપડાંની હક઼્ક઼દાર થશે | 216 |
| બાળકને પોતાની કફાલતમાં રાખવા ચાહે તો તેને તેનો પણ હક઼્ક઼ હાંસલ છે | 217 |
| તલાક઼વાળી પુત્રીનો ખર્ચ ઉઠાવવો એ સૌથી અફઝલ સદક઼ો | 217 |
| **હુઝૂર ﷺએ વિધવાઓને સમાજમાં મહત્વનું સ્થાન આપ્યું** | 218 |
| વિધવા સ્ત્રીની ઈદ્દત | 219 |
| હુઝૂર ﷺએ વિધવા સ્ત્રીઓ સાથે નિકાહ કર્યા | 220 |
| વિધવાઓ માટે વારસામાં હિસ્સો નક્કી કર્યો | 220 |
| વિધવાઓના નિકાહ કરાવવાનો હુકમ થયો | 221 |
| વિધવા સ્ત્રીઓની મદદ કરવાની ફઝીલત | 221 |
| **પયગંબરે અમ્ન ﷺએ વૃધ્ધોને ઊંચો મક઼ામ આપ્યો** | 222 |
| વૃધ્ધોનુ સંમાન ન જાળવનાર અમારામાંથી નથી | 223 |
| વૃધ્ધોની તાઝીમ એ અલ્લાહ વ રસૂલ ﷺની તાઝીમનો હિસ્સો છે | 223 |
| વૃધ્ધોની તાઝીમનો બદલો દુનિયામાં જ મળી જાય છે | 224 |
| માબાપ વૃધ્ધ થઈ જાય તો તેમને ઉફ સુધ્ધાં કહેવાની ઈજાઝત નથી | 225 |
| ખુદ હુઝૂર ﷺએ ઉમરવાળાઓને ઈજ્જત આપી અને તેમને બરકતના સબબ કહ્યા | 226 |
| ઈબાદતોમાં આક઼ાએ રહમત ﷺએ ઉમરવાળા લોકોનો ખયાલ કર્યો | 227 |
| આક઼ાએ નેઅમત ﷺને તલાશ કરવા છે તો ઝઈફોમાં શોધો | 229 |
| **યતીમો (અનાથો) પર સરવરે કૌનેન ﷺનાં એહસાનો** | 229 |
| યતીમો સાથે સારો વર્તાવ લાઝિમ અને બદસુલૂકી હરામ | 230 |
| યતીમના મામલામાં અલ્લાહનો ખૌફ કરો | 232 |
| યતીમવાળુ ઘર સૌથી બેહતર | 232 |

| | |
|---|---|
| યતીમને પાલનાર જન્નતમાં હુઝૂર ﷺનો સાથી | 233 |
| દિલની સખ્તી દૂર કરવાનો નુસ્ખો | 233 |
| યતીમનો માલ ખાવો પેટમાં આગ ભરવા સમાન છે | 234 |
| યતીમોની સાથે રહમત આલમ ﷺનો વહેવાર | 235 |
| **પયગંબરે અમ્ન ﷺએ પડોસીઓના હક્કોને મહત્વ આપ્યું** | 235 |
| પડોસીઓની સાથે હુસ્ને સુલૂક ઈમાનનો તકાઝો છે | 236 |
| પડોસીઓના મામલામાં સખત તાકીદ | 237 |
| પડોસીને નુકસાન પહોંચાડવું દસગણો મોટો જુર્મ | 237 |
| ગોશ્ત પકાવો પડોસી માટે સાલન વધારી દો | 238 |
| પડોસીઓને તકલીફ આપવી જહન્નમમાં જવાનો સબબ છે | 239 |
| પડોસીઓને તકલીફ આપવી અલ્લાહની લઅનત વહોરવું છે | 240 |
| નબી અકરમ ﷺએ પડોસીઓના હક્કો વિગતે વર્ણવ્યા | 240 |
| નબી કરીમ ﷺએ કાફિર પડોસીને પણ પડોસના હક્કો આપ્યા | 241 |
| પડોસીની વાત માણસના સારા કે બુરા હોવાનું માપદંડ છે | 242 |
| **નબી કરીમ ﷺએ મુસાફરોને સહૂલતો અર્પણ કરી** | 243 |
| મુસાફરો માટે નમાઝમાં રાહત ! | 243 |
| મુસાફરના માટે મસહ અલલ ખુફ્ફીનની મુદ્દત ત્રણ દિવસની છે | 244 |
| મુસાફરના માટે નફલ નમાઝ દરમ્યાન કિબ્લા રૂ હોવું જરૂરી નથી | 245 |
| **મહેમાનોને પયગંબરે રહમત ﷺએ રહમતના સબબ ઠરાવ્યા** | 246 |
| મહેમાનોની તાઝીમ મુસલમાનોની જિમ્મેદારી | 246 |
| મહેમાન રહમત લઈને આવે છે | 246 |
| શરઈ ઝિયાફત ત્રણ દિવસ છે, ત્યારબાદ સદકાનો સવાબ છે | 247 |
| સરવરે આલમ ﷺની મહેમાન નવાઝી | 248 |
| મહેમાનને ખુશ ચહેરે વિદાય કરવામાં આવે | 248 |
| **પયગંબરે અમ્ન ﷺએ મજબૂરોના હક્કો મેહફૂઝ કર્યા** | 249 |
| મઅઝૂરો સાથે ઈબાદતમાં રાહત | 250 |

| | |
|---|---|
| મઅઝૂરના ઉઝ્રના કારણે ખિયારે શર્તની મશરૂઈયત | 250 |
| મઅઝૂર પોતાના ઉઝ્ર પર સબ્ર કરે તો જન્નત યક઼ીની ! | 251 |
| મઅઝૂર સહાબીને હુઝૂર ﷺએ પોતાના નાયબ બનાવ્યા | 252 |
| સરવરે કાઈનાત મઅઝૂરોની દિલજોઈ કરતા | 252 |
| **મિસ્કીનો તથા ગરીબોને પયગંબરે અમ્ન ﷺએ ઈજ્જત આપી** | 253 |
| ઈસ્લામનો પાયો ગરીબોમાં રાખવામાં આવ્યો | 256 |
| ફક઼ીરો તથા મિસ્કીનો સાથે સારી વાત કરવામાં આવે | 257 |
| ફક઼ીરો તથા મિસ્કીનો આપણા સદક઼ા ક઼બૂલ કરી લે છે તો એમાં આપણો જ ફાયદો છે | 257 |
| નબી અકરમ ﷺનો નિયમ | 258 |
| ફક઼ીરો તથા મિસ્કીનોની મદદ કરવા પર જેહાદનો સવાબ | 259 |
| **મુઅલ્લિમના હોદ્દાને આક઼ાએ કૌનેન ﷺએ બુલંદ કર્યો** | 260 |
| ઉલમાને મરજએ ખલાઈક (લોકોનું શરણસ્થાન) બનાવવામાં આવ્યા | 260 |
| આલિમને આબિદ પર ફઝીલત | 260 |
| આલિમ સૌથી બેહતર માનવી | 261 |
| ઉલમાનુ જવું ક઼યામતની નઝદીકીની નિશાની છે | 262 |
| ઉલમા અંબિયાના વારસદાર છે | 263 |
| પાંચમા ન બનશો ! બર્બાદ થઈ જશો ! | 263 |
| **સરકાર ﷺએ તાલિબે ઈલ્મની વિશિષ્ટતાઓ વર્ણવી** | 264 |
| ઈલ્મે દીન પસંદીદા લોકોને જ મળે છે | 264 |
| તાલિબે ઈલ્મના માટે ફઝીલત જ ફઝીલત | 265 |
| ઈલ્મે દીન હાંસલ કરવાવાળાઓની આસ્માનોમાં ચર્ચા થાય છે | 265 |
| તાલિબે ઈલ્મના માટે અલ્લાહની રાહમાં જેહાદ કરવાનો સવાબ | 266 |
| ઈલ્મ હાંસલ કરવો પાછલા ગુનાહોનો કફ્ફારો છે | 266 |
| ઈલ્મ પ્રાપ્તિમાં વ્યસ્ત રહેનારો જન્નતમાં અંબિયાની નિકટ મક઼ામ પામશે | 267 |
| પયગંબરે અમ્ન ﷺએ તાલિબે ઈલ્મનું ઉષ્માભેર સ્વાગત કર્યું | 267 |
| મઝલૂમ (જુલ્મ પીડિત)ની મદદને મહત્વનો ફરીઝો ઠરાવ્યો | 268 |

| | |
|---|---|
| મઝલૂમની બદદુઆથી બચો | 270 |
| મઝલૂમની દુઆ કદાપિ રદ નથી કરવામાં આવતી | 271 |
| જાલિમને જુલ્મથી રોકવામાં આવે | 271 |
| જાલિમની મદદ કરવી ઈસ્લામ વિરૃધ્ધ કામ છે | 272 |
| ક્યામતના દિવસે જાલિમનો અંજામ કેવો થશે ? | 272 |
| કોઈ જુલ્મ કરે તો પણ જુલ્મ ન કરો | 273 |
| જાલિમ તથા જાબિરોથી મઝલૂમોનો હક્ક઼ અપાવવું હુઝૂર ﷺની વિશિષ્ટતા હતી | 275 |
| **રસૂલુલ્લાહ ﷺએ બીમારો પર ખાસ ધ્યાન આપ્યું** | 276 |
| બીમારને વુઝૂ કરવામાં તકલીફ હોય તો તયમ્મુમ કરી નમાઝ પઢે | 277 |
| જેહાદ ફર્ઝ થાય તો પણ બીમારો માટે છૂટ છે | 277 |
| બીમારો રમઝાનના રોઝાઓને મોડેથી રાખી શકે છે | 278 |
| બીમારીઓ ગુનાહોનો કફ્ફારો બને છે | 278 |
| બીમારના માટે મઅમૂલાત (નિયમિત અમલો)ના બરાબર નેકીઓ | 279 |
| બીમારની ખબર લેવી મુસલમાનનો હક્ક઼ છે | 280 |
| **પયગંબરે આલમ ﷺએ મૈયતના હક્કો તથા ફર્ઝો નિશ્ચિત કર્યા** | 281 |
| મરનારના શાંતિપૂર્વક મૃત્યુ માટે કલ્મએ તૈયબહની તલ્કીન | 281 |
| મૈયતની પાસે સૂરએ યાસીન પઢવામાં આવે | 282 |
| મૌતની ખબર મળવા પર إِنَّا لِلّٰه પઢવામાં આવે | 283 |
| મૈયતની ફકત ખૂબીઓ વર્ણવવામાં આવે | 284 |
| જનાઝામાં શરીક થવું મુસલમાનોની જિમ્મેદારી છે | 285 |
| મૈયતને ગુસ્લ, કફન તથા કાંધો આપનારના ગુનાહ ધોવાય જાય છે | 286 |
| જનાઝાની તા'ઝીમ કરવામાં આવે | 287 |
| **(પ્રકરણ : ૮)** | |
| **હુઝૂર ﷺએ આમ ઈન્સાની હક્કો નિશ્ચિત કરીને વિશ્વશાંતિની ગોઠવણ કરી અને જગતને ન્યાયથી ભરી દીધું** | 289 |
| **પયગંબરે અમ્નએ માનવોને તેમનો મક઼ામ તથા મર્તબો બતાવ્યો** | 290 |

| | |
|---|---|
| માનવોને જમીનમાં ખલીફા બનાવવામાં આવ્યા | 291 |
| સન્માનમાં દરેક માનવી સમાન છે | 293 |
| **હુઝૂર ﷺએ માનવ હક્કોને મહત્વ તથા રક્ષણ આપ્યું** | 294 |
| હક્કદારનો હક્ક અદા કરો | 294 |
| હક્ક તલફી તથા જબરદસ્તી હરામ છે | 295 |
| હક્ક તલફી કરનારા અને ફસાદ મચાવનારાનો અંજામ | 296 |
| કયામતના દિવસે દરેક હક્ક મારનારાઓનો સખત હિસાબ થશે | 297 |
| કયામતમાં પોતાનો હક્ક માબાપ પણ માફ નહીં કરે | 298 |
| **મુસ્તફા ﷺના બંધારણમાં માનવ જાનમાલની રક્ષા યકીની** | 299 |
| નાહક્ક કત્લ પર સખ્ત પાબંદી | 299 |
| માલની રક્ષા | 301 |
| નિઝામે મુસ્તફામાં દરેક જણની ઈજ્જત આબરૂ સલામત | 304 |
| કોઈની મઝાક ઉડાડવાની મનાઈ | 304 |
| કોઈની અયબો ન શોધો | 305 |
| જૂઠા આક્ષેપો તથા આક્ષેપબાજીથી મનાઈ | 306 |
| **નબી અકરમ ﷺએ દરેકને દેફઅનો હક્ક આપ્યો** | 307 |
| બચાવ કરતાં કરતાં કત્લ થનાર શહીદ છે | 307 |
| **હુઝૂર ﷺએ દરેક જણને વ્યક્તિગત આઝાદી આપી** | 308 |
| ઈજાઝત વિના કોઈના ઘરમાં ન પ્રવેશો | 308 |
| ખાદિમ પણ વિના ઈજાઝતે દરેક વખતે નથી આવી શકતો | 309 |
| કોઈની અયબ છુપાવવી તેના વ્યક્તિ સ્વતંત્રતાનો હિસ્સો છે | 310 |
| ગિરફતારીનો નિયમ | 311 |
| **ધાર્મિક સ્વતંત્રતા એ નિઝામે મુસ્તફાની એક વિશિષ્ટતા** | 312 |
| દીનના મામલામાં કોઈ જબરદસ્તી નથી | 312 |
| મઝહબી આઝાદીમાં માણસોની આજમાઈશ છે | 313 |
| નજરાનવાળાઓ સાથે કરાર | 314 |

| | |
|---|---|
| **દરેક માણસના માટે દીને મુસ્તફામાં હક્કોની સમાનતા** | 315 |
| સ્ત્રી તથા પુરૂષના હક્કોની સમાનતા | 315 |
| ઈસ્લામમાં આર્થિક સમાનતા | 316 |
| દરેક માનવીનો હક્ક છે કે તેની સાથે ન્યાય થાય | 317 |
| અદ્લો ઈન્સાફની અનહદ તાકીદ | 318 |
| નબી અકરમ ﷺએ અદ્લના ઈન્સાફને યકીની બનાવ્યો | 318 |
| **દરેક માણસ માટે મજૂરીનો હક્ક છે** | 319 |
| પરસેવો સૂકાતા પહેલાં મજૂરની મજૂરી આપી દો | 320 |
| દુનિયામાં મજૂરી ન આપી તો કયામતમાં માગણી થશે | 320 |
| **વક્ફનો હક્ક ઈસ્લામનો વિશિષ્ટ કાનૂન** | 321 |
| વક્ફને સરવરે કાઈનાત ﷺએ સૌથી બેહતર સદકો ઠરાવ્યો | 322 |
| **કફાલતનો હક્ક બેસહારા લોકો માટે અમ્ન તથા રહમત** | 324 |
| **વારસામાં હિસ્સાઓ નિશ્ચિત કરવું** | 325 |
| વારસાથી વંચિત ન કરો | 326 |
| **દરેક શખ્સને નિકાહનો હક્ક હાંસલ છે** | 327 |
| નિકાહ મુફલિસીને દૂર કરવાનો ઝરીયો છે | 328 |
| નિકાહનો રિવાજ સમાજમાં શાંતિની પૂર્વભૂમિકા છે | 329 |
| **(પ્રકરણ : ૯)** | |
| **હુઝૂર ﷺએ આમ ઈન્સાની બુરાઈઓને જુર્મ ઠરાવીને અને જુર્મો પર શિક્ષા તથા સજાઓ કરીને વિશ્વશાંતિને યકીની બનાવી** | 331 |
| **પયગંબરે અમ્ન ﷺએ નાહક્ક કત્લને મહાન જુર્મ ઠરાવ્યો** | 333 |
| એક જાનનો કત્લ પૂરી ઈન્સાનિયતના કત્લ બરાબર | 333 |
| મુસલમાનની પેહચાન એ છે કે તે નાહક કોઈનુ ખૂન નથી કરતો | 334 |
| નાહક ખૂનની ગણના સૌથી મહાન ગુનાહોમાં | 334 |
| ખૂન કરતી વખતે ખૂની મોમિન નથી હોતો | 335 |

| | |
|---|---|
| નાહક઼ ક઼ત્લ કરનારાની મગફેરત થશે નહીં | 335 |
| નગ્ન તલવાર લેવા દેવાથી પણ મના કર્યું | 336 |
| જાનવરોના નાહક્ક઼ ક઼ત્લનો પણ હિસાબ આપવો પડશે | 336 |
| નાહક઼ ક઼ત્લ પર ક઼ેસાસનો હુકમ | 337 |
| ખૂનના બારામાં ક઼યામતમાં સૌ પ્રથમ ફેંસલો થશે | 339 |
| પયગંબરે અમ્ન ﷺની આખરી વસિયત | 339 |
| **સરવરે કાઈનાત ﷺએ જુલ્મોને ખત્મ કર્યા** | 340 |
| ક઼યામતના દિવસે દરેક જુલ્મનો બદલો આપવામાં આવશે | 341 |
| ક્યાંક જુલ્મના કારણે નેકીઓ બેકાર ન થઈ જાય | 342 |
| મામૂલી હક્ક઼ પચાવવા પર પણ જહન્નમ વાજિબ | 343 |
| જુલ્મ ક઼યામતના દિવસે મુફલિસ બનાવી દેશે | 343 |
| **કોઈની ઈજ્જત આબરૂથી ખેલવું નાપસંદીદા અમલ** | 344 |
| મઝાક ઉડાડવાની મનાઈ | 345 |
| મહેણાં ટોણાં મારવાની મનાઈ | 345 |
| કોઈનાં બુરાં નામો ન રાખવામાં આવે | 346 |
| કોઈને હલકો પાડવું બેઈજ્જતી કરવું બુરો જુર્મ છે | 346 |
| **ઝિના પર પાબંદી સમાજમાં શાંતિની જમાનત** | 347 |
| ઝિનાકારીની સજા | 348 |
| સંગસારીનો હુકમ | 348 |
| સો કોરડા મારવાનો હુકમ | 350 |
| ક઼યામતમાં ઝિનાની સજા | 351 |
| ઝિનાની નજીક પણ ન જાવ ! | 351 |
| વર્તમાનકાળમાં દિમાગી આવારગી | 352 |
| નજરો નીચી રાખવાનો હુકમ | 353 |
| **નિઝામે મુસ્તફા ﷺમાં લવાતત પર પાબંદી** | 354 |
| લવાતત (સજાતિય સંભોગ)માં પડવું સૌથી અધિક ખતરનાક | 358 |

| | |
|---|---|
| લૂતી (સજાતિય સંભોગ કરનાર)ની સજા | 359 |
| લૂતી (સજાતિય સંબંધ જોડનાર) પર લઅનત છે | 360 |
| લૂતી કદી પાક નથી થઈ શકતો | 360 |
| **ચોરી પર પાબંદીમાં સમાજનું સુકૂન સમાયેલુ છે** | 361 |
| ચોર તથા ચોરનીનો હાથ કાપવાનો હુકમ | 361 |
| ચોરી માફીને અપાત્ર જુર્મ છે | 362 |
| **પયગંબરે અમ્ન ﷺએ ડાકૂગીરીને મહાન ગુનો ઠરાવ્યો** | 363 |
| ડાકૂગીરી કરનાર માટે માફી નથી | 364 |
| **પચાવી પાડવા પર પાબંદીમાં સામાજિક શાંતિની સલામતી છે** | 365 |
| સાત જમીનોનો તોક (હાટ) પહેરાવાશે | 365 |
| માટી ખોદીને હશ્રના મેદાનમાં લાવે | 366 |
| **પયગંબરે અમ્ન ﷺએ લાંચખોરીની સખત બુરાઈ વર્ણવી** | 367 |
| લાંચ આપીને કોઈનો હક્ક઼ મારવો જાઈઝ નથી | 367 |
| લાંચ ખાનારનું ઠેકાણુ જહન્નમ છે | 368 |
| લાંચ આપનાર તથા લેનાર બંનેવ જહન્નમી | 369 |
| **વાદા ખિલાફીથી મનાઈ એ શાંતિની સ્થાપ્નાનો ઝરીયો** | 370 |
| વાયદા બારામાં પૂછતાછ થશે | 370 |
| કામયાબ મોમિનની ખૂબી | 370 |
| વાદાખિલાફી મુનાફિક઼ની નિશાની છે | 371 |
| ખયાનત (અપ્રમાણિકતા) મુસ્તફાના બંધારણમાં માફ ન થાય તેવો જુર્મ | 372 |
| અમાનતો એમના માલિકોના હવાલે કરવાનો હુકમ | 372 |
| ખયાનત મુનાફિક઼ કરે છે | 373 |
| ગૈર અમીન ગૈર દીનદાર | 374 |
| ખયાનત જહન્નમમાં લઈ જનારો અમલ છે | 374 |
| **દારૂ પીવા પર પાબંદી સમાજના માટે રહમત છે** | 376 |
| શરાબનું હરામ થવું ક્રમે ક્રમે થયું | 376 |

| | |
|---|---|
| દારૂ પીવો ઘણો જ મહાન ગુનોહ છે | 378 |
| શરાબ પીવાની સજા | 378 |
| શરાબ દરેક બુરાઈની કૂંચી છે | 380 |
| દારૂ પીનાર પર આખેરતમાં અઝાબ થશે | 380 |
| **આત્મહત્યાની મુસ્તફા ﷺના બંધારણમાં ગુંજાઈશ નથી** | 381 |
| પરીક્ષામાં નિષ્ફળતા | 382 |
| બેરોજગારી (બેકારી) | 382 |
| ગરીબી તથા મુફલિસી | 382 |
| લાંબી માંદગી | 383 |
| ગૃહ કંકાસ | 383 |
| **પુત્રીઓ માટે લાંબા અરસા સુધી સગાઈનું ન આવવું** | 384 |
| પોતે પોતાને મોતને ઘાત ન ઉતારો | 384 |
| આત્મહત્યા કરનારા પર જન્નત હરામ છે | 385 |
| આત્મહત્યા કરનારની નમાઝે જનાઝા ન પઢી | 386 |
| **(પ્રકરણ : ૧૦)** | |
| **હુઝૂર ﷺના નિઝામે અમ્નએ (શાંતિના બંધારણે) આંતર રાષ્ટ્રીય શાંતિને મજબૂતી બખ્શી** | 388 |
| **એલચીની કત્લને ગંભીર ગુનો ઠરાવવામાં આવ્યો** | 389 |
| મુસૈલમા કઝ્ઝાબના એલચીઓ સાથે હુઝૂર ﷺનો વર્તાવ | 389 |
| **કરારભંગની મનાઈ** | 390 |
| કોઈ કરાર પામેલાને કત્લ કરવું જાઈઝ નથી | 390 |
| અબૂ રાફેઅને પરત મોકલી દીધા | 391 |
| કરારભંગ પર અઝાબ | 392 |
| **કેદીઓના કત્લની મનાઈ** | 392 |
| વિના જરૂરતે કેદીઓના કત્લની પણ મનાઈ | 393 |
| કેદીઓ સાથે જંગલિયતભર્યા વર્તાવની મના | 394 |

| | |
|---|---|
| **મુક઼ાતિલ તથા ગૈર મુક઼ાતિલમાં ફરક઼** | 394 |
| સ્ત્રીઓ, બાળકો તથા મજદૂરોના ક઼ત્લથી મના કર્યું | 395 |
| વૃધ્ધોના ક઼ત્લથી મના કર્યું | 395 |
| **જેહાદના અમ્નથી ભરપુર નિયમો** | 396 |
| ગફલતમાં હુમ્લો કરવાથી બચવાનો હુકમ | 396 |
| આગમાં સળગાવવાથી મનાઈ | 397 |
| હાથ બાંધીને ક઼ત્લ ન કરો | 398 |
| લૂટમારથી મના કરવામાં આવ્યું | 398 |
| ઝિમ્મીઓના માલ હલાલ નથી | 399 |
| જંગ દરમ્યાન પણ તબાહકારી મના હતી | 400 |
| મુષ્લહ કરવું જુલ્મ ઠરાવવામાં આવ્યું | 401 |
| અવ્યવસ્થા તથા વિખરાવાની મનાઈ | 401 |
| શોર તથા હંગામાથી મનાઈ | 402 |
| જેહાદના ઉસૂલમાં સુધારણાનાં પરિણામો | 403 |
| **(પ્રકરણ : ૧૧)** | |
| **હુઝૂર ﷺના અમ્ન બંધારણે સ્ત્રીઓને પુર અમ્ન તથા બાઈઝ઼્ઝત જિંદગી આપી** | 405 |
| **જાહિલિયતના દૌરમાં સ્ત્રીઓની હાલતો** | 406 |
| સ્ત્રીઓને વારસામાં આપસમાં વહેંચી લેતા | 406 |
| બાંદીઓ પર કબજો કરી લેતા | 407 |
| પુત્રીઓના જન્મ પર તેમનાં કલેજાં ફાટી જતાં | 407 |
| **અરબમાં નિકાહનો દસ્તૂર** | 408 |
| દોસ્તીની શાદી | 409 |
| બદલાની શાદી | 409 |
| પત્નીઓની અદલા બદલી | 409 |
| નિકાહે બુઊલત | 409 |

| | |
|---|---|
| નિકાહે ઈસ્તિબઝાઅ | 409 |
| સામૂહિક નિકાહ | 409 |
| આક઼ાએ નેઅમત ﷺએ સ્ત્રીઓને ઈજ્જતનું સ્થાન આપ્યું | 410 |
| માની હૈસિયતથી ઔરતનો હક્ક઼ | 410 |
| પુત્રીની હૈસિયતથી સ્ત્રીનો હક્ક઼ | 411 |
| બહેનની હૈસિયતથી સ્ત્રીનો હક્ક઼ | 412 |
| પત્નીની હૈસિયતથી સ્ત્રીના હક્ક઼ો | 412 |
| **પત્નીઓની સંખ્યા રહ્મત કે ઝહમત ?** | 414 |
| **અધિક પત્નીત્વનો રિવાજ દુનિયાના પ્રારંભથી હતો** | 417 |
| હઝરત ઈબ્રાહીમ عليه السلامની પત્નીઓ | 417 |
| હઝરત યાકૂબ عليه السلامની પત્નીઓ | 418 |
| હઝરત દાઊદ عليه السلامની પત્નીઓ | 419 |
| હઝરત સુલૈમાન عليه السلامની પત્નીઓ | 419 |
| હઝરત મૂસા عليه السلامની પત્નીઓ | 420 |
| હિંદુ ધર્મમાં પત્નીઓની સંખ્યાનો ખયાલ | 421 |
| માજી ક઼ૌમોમાં બહુ પત્નીત્વમાં વધઘટ | 421 |
| **નિઝામે મુસ્તફાએ પત્નીઓની સંખ્યાને મધ્યમ માર્ગની રાહ આપી** | 422 |
| એકથી વધુ નિકાહની ઈજાઝતના ફાયદા તથા હિકમતો | 422 |
| ચારિત્ર તથા પાકદામની | 423 |
| પ્રાકૃતિક (ફિતરી) જરૂરતની પરિપૂર્ણતા | 423 |
| વંશવેલાને આગળ વધારવો | 424 |
| સામાજિક જરૂરત | 424 |
| બહુપત્નીત્વની ઈજાઝત માટે પણ શર્ત છે | 425 |
| કેવળ ચાર પત્નીઓ કેમ ? | 425 |
| સ્ત્રીઓના માટે કેવળ એકની ઈજાઝત શા માટે ? | 426 |
| સ્ત્રી સહજ કમજોરીઓ | 426 |

| | |
|---|---|
| નસલમાં શકાકુશંકા | 427 |
| વિશ્વમાં ફસાદ (હંગામો) | 427 |
| **નબી કરીમ ﷺના બહુ પત્નીત્વની હિકમતો** | **431** |
| હુઝૂર ﷺની શાદીઓના હેતુઓ | 431 |
| તા'લીમી હેતુઓ | 431 |
| તશ્રીઈ (શરીઅતના તકાઝા હેઠળના) હેતુઓ | 432 |
| સામાજિક હેતુઓ | 434 |
| રાજકીય હેતુઓ | 435 |
| અઝવાજે મુતહ્હરાત (પાકબીવીઓ)ની પસંદગીની હિકમતો | 436 |
| હઝરત ખદીજા બિન્તે ખુલવૈદ رضی اللہ عنہا | 436 |
| હઝરત સૌદા બિન્તે ઝમ્આ رضی اللہ عنہا | 437 |
| હઝરત આઈશા બિન્તે સિદ્દીકે અકબર رضی اللہ عنہا | 438 |
| હઝરત હફ્સા બિન્તે સૈયદના ઉમર رضی اللہ عنہا | 439 |
| હઝરત ઝયનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا | 440 |
| હઝરત ઉમ્મે સલમા હિંદ બિન્તે અબૂ ઉમૈયા رضی اللہ عنہا | 441 |
| હઝરત ઉમ્મે હબીબા રમલા બિન્તે અબૂ સુફયાન رضی اللہ عنہا | 442 |
| હઝરત જુવૈરિયા બિન્તે હારિષ رضی اللہ عنہا | 443 |
| હઝરત સફિય્યહ બિન્તે હુય્ય બિન અત્બઅ رضی اللہ عنہا | 444 |
| હઝરત મૈમૂના બિન્તે હારિષ رضی اللہ عنہا | 445 |
| હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہا | 446 |
| **પયગંબરે રહમતે પર્દાનો હુકમ ફર્માવીને સ્ત્રીઓની ઈજ્જતની રક્ષા કરી** | **449** |
| સ્ત્રીઓ નરમ લહેજાથી પરહેઝ કરે | 450 |
| સ્ત્રીઓ વિના જરૂરતે ઘરથી બહાર ન નીકળે | 450 |
| સ્ત્રીને બહાર નીકળવાની ઈજાઝત કઈ હદ સુધી છે ? | 451 |
| પુરૂષો અજનબી સ્ત્રીઓ સાથે જરૂરતના સમયે પર્દા પાછળથી વાત કરે | 452 |
| ચહેરાનો પર્દો | 452 |

| | |
|---|---|
| ગૈર મેહરમને જોવા પર પાબંદી | 453 |
| ગૈર મેહરમ સાથે વાતચીત | 454 |
| ગૈર મહેરમને સ્પર્શવાની મનાઈ | 454 |
| એકાંતમાં સ્ત્રી તથા પુરૂષનું મિલન | 455 |
| **(પ્રકરણ : ૧૨)** | |
| **હુઝૂર ﷺના અમ્નના બંધારણો ગુલામો તથા બાંદીઓને ગુલામીથી મુક્તિ અપાવી** | 456 |
| હુઝૂર ﷺની આઝાદીની ચળવળ | 456 |
| ગુલામોની આઝાદીનો જઝબો કેવી રીતે પેદા થયો ? | 458 |
| ગુલામ આઝાદ કરવાની વસીયત | 458 |
| હઝરત જુવૈરિયહની આઝાદી અન્યોની આઝાદીનો સબબ બની ગઈ | 459 |
| **કફ્ફારાઓમાં ગુલામોની આઝાદી** | 460 |
| કોઈ મો'મિનને ભૂલથી ક઼ત્લ કરી આપ્યો તો એક ગુલામ આઝાદ કરે | 460 |
| ક઼સમ પૂરી ન કરી તો કફ્ફારો રૂપે ગુલામ આઝાદ કરે | 462 |
| સ્ત્રી સાથે ઝેહાર કરે તો ગુલામ આઝાદ કર લે | 463 |
| મુકાતિબ બનાવો અને બદલે કિતાબત અદા કરવામાં તેમની મદદ કરો | 464 |
| **આઝાદને પકડીને ગુલામ બનાવીને વેચવાની મનાઈ** | 464 |
| **જંગી કેદીઓની ગુલામીનો મસ્અલો** | 465 |
| **ગુલામો તથા બાંદીઓની સાથે વર્તાવ** | 466 |
| તે જ ખવડાવો જે પોતે ખાવ છો | 467 |
| ગુલામને રોજ કેટલીવાર માફ કરે ? | 468 |
| ખાદિમને કદી ઉફ સુદ્ધાં નથી કહ્યું | 468 |
| ગુલામને મારવાનો કફ્ફારો | 469 |
| પયગંબરે રહમત ﷺની છેલ્લી વસિયત | 470 |

| (પ્રકરણ : ૧૩) | |
|---|---|
| **હુઝૂર ﷺ વનસ્પતિ, પથ્થર, પાણી તથા અન્ય મખ્લૂકાતના માટે પણ અમ્નો રહમતના જામિન** | 471 |
| **જાનવરો તથા પથ્થરો પર હુઝૂર ﷺની રહ્મત તથા હેત** | 472 |
| જાનવરો સાથે સદ્વર્તાવ કરવો અજરો સવાબનો સબબ | 472 |
| જાનવરોને તકલીફ પહોંચાડવું હુઝૂર ﷺને નાપસંદ છે | 473 |
| મૂઝી જાનવરોને મારવામાં પણ ખયાલ રહે કે તડપાવીને ન મારે | 474 |
| **પાણીઓની હિફાઝતના સંબંધે નબવી આદેશો** | 475 |
| રોકાયેલા પાણીને ખરાબ કરવાની મનાઈ | 475 |
| વુઝૂમાં પણ જરૂરતથી અધિક પાણી વાપરવાની મનાઈ | 476 |
| જાગૃત થયા બાદ પાણીના વાસણમાં હાથ નાખતાં ત્રણવાર ધોવામાં આવે | 477 |
| પાણીનાં વાસણોને ઢાંકવાનો હુકમ | 477 |
| પાણીના વાસણમાં શ્વાસ ન લો અને ફૂંક ન મારો | 478 |
| **ઈસ્લામમાં ખેતી તથા વનસ્પતિ ઉછેરવાનું મહત્વ** | 478 |
| જમીનની વિશાળતામાં તમારી રોજી શોધો | 479 |
| ખેતીવાડી કે ઈબાદત ? | 479 |
| ખેતીઓને વિરાન કરવું મુનાફિક્નું કામ | 480 |
| **ઝાડોને કાપવાની મનાઈ** | 481 |
| **વાતાવરણને કલૂષિત કરનારાં કામોથી મનાઈ** | 482 |
| મુડદાંને દફન કરવું વાતાવરણના પ્રદૂષણથી મુક્તિનો ઝરીયો છે | 483 |
| બદબૂ પેદા કરનારી ચીજોના ઉપયોગની મનાઈ | 484 |
| લસણ તથા પ્યાજ ખાયને મસ્જિદમાં આવવાની મનાઈ | 484 |
| **દા'વતે ફિક્રો અમલ (ચિંતન તથા અમલની દા'વત)** | 486 |

# તક્રીઝે જલીલ

## (પ્રશંસાના ઉચ્ચતમ પુષ્પો)

ખતીબે આ'ઝમ, મુફક્કિરે ઈસ્લામ હઝરત

**હઝરત મુહમ્મદ ક્મરુઝ્ઝમાંખાં આ'ઝમી** مدظلہ العالی

*(જનરલ સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન–લંડન)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

અત્યારે મારા વાંચન હેઠળ કિતાબ **''પયગંબરે રહમત ઔર ઉન્કી તા'લીમાત''**ની મેટર છે. આ કિતાબ હાલમાં જ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરીની તાજી તાજી સંપાદિત કરેલ છે. આ કિતાબમાં મૌસૂફે પયગંબરે અમ્ન સૈયદે આલમ ﷺની સીરતે તયબહને વર્તમાન સંજોગોને અનુલક્ષીને અતિ ખૂબસૂરતીની સાથે રજૂ કરી છે. પશ્ચિમી જગત, ખાસ કરી યૂરોપના ઓરિએન્ટાલિસ્ટો સદીઓથી ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ પર ઉગ્રતા, આતંકવાદ અને લડાઈ ઝઘડાના અસ્થાને આક્ષેપો લાગુ કરતા રહે છે. પરંતુ હવે આખી દુનિયા તેમના પાયાહિન આક્ષેપોને મીડિયાના થકી ફેલાવવાની કોશિશ કરી રહી છે. આપણા દેશ હિંદુસ્તાનમાં મુસ્લિમો તથા ગૈર મુસ્લિમો સદીઓથી અમ્નો શાંતિના માહોલમાં જિંદગી પસાર કરી રહ્યા હતા, મીડિયાની ઈસ્લામ દુશ્મનીના કારણે તેમનામાં અંતરો વધી રહ્યાં છે અને નફરતોમાં વધારો થઈ રહ્યો છે. અંદેશો છે કે બંને કૌમો વચ્ચે વધતી ખાઈ કોઈ મોટી દુર્ઘટનાને જન્મ આપે, એટલા માટે વર્તમાનકાળની આ મહત્વની જરૂરત છે કે દુનિયા સમક્ષ ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામની પવિત્ર તા'લીમાત

અને તેના અમ્નના બંધારણને ફેલાવવામાં આવે અને વિવિધ ભાષાઓમાં તેમના પવિત્ર જીવન ચરિત્ર પર કિતાબો લખવામાં આવે. અલ્લામા શાકિર નૂરીની આ કિતાબ આ ક્રમની એક કામયાબ કોશિશ છે.

ઈસ્લામો ફોબિયાની જે લહેર યૂરોપથી ઉઠી છે તે હવે હિંદુસ્તાનને પોતાની લપેટમાં લઈ ચૂકી છે. અફસોસ છે કે પયગંબરે અમ્ન علیہ السلامની તા'લીમાતથી નાવાકેફિયતના કારણે ઈસ્લામના દુશ્મનોના ગલત પ્રોપેગન્ડાઓથી તે ભોળાભાળા લોકો પણ પ્રભાવિત થઈ રહ્યા છે જેઓ હક઼ીક઼તમાં પૂર્વગ્રહી ન હતા. નફરતોના કારણે પ્રથમ વિશ્વ યુદ્ધ અને બીજા વિશ્વ યુદ્ધમાં કેટલાયે કરોડ ઈન્સાનોની જાનોની તબાહી એક ઐતિહાસિક હક઼ીક઼ત છે, અને આખુ વિશ્વ આ પ્રકારની કોઈ દુઃખદ ઘટનાને સહન કરવા તૈયાર નથી થઈ શકતી. એટલા માટે જરૂરી છે કે દુનિયાના સર્વ શાંતિપ્રિય લોકો ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામની વાસ્તવિક તા'લીમાતથી માહિતગાર થઈને નફરતોની ખાઈને પૂરી આપે.

ઈસ્લામ શાંતિ તથા સલામતીનો મઝહબ છે. પયગંબરે ઈસ્લામ એક એવા યુગમાં દુનિયામાં તશરીફ લાવ્યા જ્યારે આખુ વિશ્વ અશાંતિનો શિકાર હતી. ઈતિહાસના પૃષ્ઠોમાં જે દેશો તથા તથા ક઼ૌમોનું વર્ણન મળે છે એમાં એક ક઼ૌમ તથા દેશ એવો ન હતો જ્યાં શાંતિપૂર્ણ સમાજ સ્થાપિત હોય. અને માનવ અધિકારનું સન્માન કરવામાં આવતુ હોય. એ સમયની બે મહાશક્તિઓ જેમને આપ સુપર પાવર (મહાસત્તા)નું નામ આપી શકો છો તે સદીઓથી જંગની હાલતમાં હતી, અને લાખો માનવોને મૌતને ઘાટ ઉતારી ચૂકી હતી. અરબની ભૂમિ એમનું નસીબ અજમાવવાનું કેન્દ્ર હતી. આક઼ાએ દો જહાં ﷺએ કેવળ એ નહીં કે એ ભૂમિમાં શાંતિ સ્થાપી બલ્કે એક એવું અમ્નનું બંધારણ અતા ફર્માવ્યું જેના પરિણામે બીજા ખલીફા હઝરત ઉમર رضی اللہ عنہએ ૨૫ લાખ ચોરસ માઈલના વિસ્તાર પર અદ્લો ઈન્સાફ તથા અમ્નથી ભરપુર સામ્રાજ્ય સ્થાપિત કર્યું જેનું દષ્ટાંત વિશ્વની ક઼ૌમોના ઈતિહાસમાં ક્યાંય મળતુ નથી. ઈસ્લામના અમ્નના બંધારણની

બરકતોથી તે સમય ત્રણ મહાન ખંડો એશિયા, યૂરોપ અને આફ્રિકા સદીઓથી લાભવંત થતા રહ્યા. મૌલાના શાકિર નૂરીએ પયગંબરે રહ્‌મત સૈયદે આલમ ﷺના જીવન ચરિત્રનાં તે પવિત્ર પાસાંઓ પર પ્રકાશ વેર્યો છે જેનો સંબંધ સામાજિક ન્યાયની સાથે છે.

જો કોઈ કૌ઼મ પર જંગ લાગુ કરી દેવામાં આવે તો એવી કૌ઼મ પોતાની રક્ષા માટે તે તમામ શસ્ત્રોનો ઉપયોગ કરે છે જેનો સંબંધ માનવતા વિહોણા જંગના તરીક઼ાથી હોય છે અને કબજો પામ્યા બાદ હારેલી કૌ઼મને નેસ્તો ના'બૂદ કરી દેવામાં કોઈ કસર છોડતી નથી. પયગંબરે ઈસ્લામ ﷺની પવિત્ર જિંદગીમાં લગભગ ૩૦ જંગો લાગુ પાડવામાં આવી, જેમાં હુમ્લો કરનાર કૌ઼મો અરબના ક઼બીલાઓ તથા યહૂદી ઉપરાંત રોમની સલ્તનતો પણ હતી. પરંતુ પયગંબરે ઈસ્લામે કામયાબ થયા બાદ તેમનાથી બદલો લેવાને બદલે તેમને સામાજિક ન્યાય અને અમ્નથી નવાઝયા, અને એ રિવાજને ખુલફાએ રાશિદીન અને તેમના પછીના હાકિમોએ પણ બાકી રાખ્યો. રોમ તથા ઈરાન પર સત્તા મેળવ્યા બાદ તે લડાકૂ કૌ઼મોને ઈસ્લામી અખ્લાક઼ની બરકતોથી નવાઝી અને તેઓના વચ્ચેના સદીઓથી ચાલતા જંગને અમ્ન શાંતિમાં તબદીલ કરી નાખ્યા.

હક઼ીક઼ત એ છે કે આજે પણ જો દુનિયામાં અમ્ન સ્થાપિત થઈ શકે છે તો પયગંબરે રહ્‌મત ﷺની તા'લીમાતના ઝરીયે જ થઈ શકે છે.

***જિન્હેં હકીર સમઝ કર બુઝા દિયા તુમને***
***વહી ચિરાગ જલેંગે તો રોશની હોગી***

મને યક઼ીન છે કે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીની આ કિતાબ ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામના અમ્નો સલામતીના બંધારણને સમજવામાં ખૂબ જ મદદગાર સાબિત થશે અને યક઼ીનન ! આ કિતાબ સીરતે પાકની લાયબ્રેરીઓમાં એક ખૂબ સૂરત તથા ખરેખર વધારો બનશે.

**–મુહમ્મદ ક઼મરુઝ્ઝમાં આ'ઝમી**

*(સેક્રેટરી : વર્લ્ડ ઈસ્લામિક મિશન, તા. ૭–૧૧–૨૦૧૬)*

# મહાન પ્રશંસા પત્ર.....

**અઝ : મુહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**

*(પ્રિન્સિપાલ જામિઆ અશ્રફિયા તેમજ સદર મુફ્તી જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

ઈસ્લામ રહ્‌મતનો દીન છે અને હાદીએ આલમ ﷺ પયગંબરે રહ્‌મત અને આપની તા'લીમાત વિશ્વશાંતિનો શ્રોત છે. દીન, જાન, માલ તથા બુદ્ધિ તથા વંશની રક્ષા આપની જ તા'લીમાતનો મહત્વનો હિસ્સો છે જે અમ્ન તથા રહ્‌મત (શાંતિ તથા કૃપા)ના ક્‌ાનૂનની એક ક્‌લમ છે.

આ વિષય પર પહેલાં પણ કામ થયું છે અને આજે પણ અર્વાચીન શૈલીમાં ''પયગંબરે રહમત ઔર આપકી તા'લીમાત''ને દરેક કેમ્પમાં પહોંચાડવાની જરૂરત છે જેથી વિશ્વના માનવો હુઝૂર સૈયદુલ મુરસલીન રહમતુલ્ લિલ્ આલમીન ﷺના સારા અખ્લાક્‌ તથા ઉચ્ચ તા'લીમાતથી માહિતગાર થઈને ઈસ્લામની સાચી ઓળખ પામી શકે અને એનાથી નજીક થાય, અથવા અલ્લાહ તૌફીક્‌ આપે તો તેની રહમતના દામનમાં આવી જાય.

આ કામ બેહતર રીતે કોઈ દાઈએ કબીર કરી શકે છે. આ હૈસિયતથી કામની જિમ્મેદારી ખરેખર રીતે હઝરત મૌલાના અલ્હાજ શાકિર નૂરી દામ ઝિલ્લહુલ આલીની પણ બને છે. અલ્લાહનો શુક્ર છે કે તેમણે પોતાની આ જિમ્મેદારી મહેસૂસ કરી અને આ કામ પૂરી મહેનત તથા ઈખ્લાસની સાથે અંજામ આપ્યું. આ લખાણ વખતે એ કિતાબની ઝિયારત નથી થઈ શકી પણ એમાં સમાવેલ વિગતો વિશે માહિતગાર થયો જેનાથી અંદાઝો છે કે કિતાબ પોતાના વિષય પર એક શાનદાર અને બાવક્‌ાર કિતાબ છે. ખુદા તઆલા મૌલાના મૌસૂફની આ કોશિશને ક્‌બૂલ ફર્માવે અને તેમને અધિક આ સિલસિલાના અન્ય વિષયો પર કામ કરવાની નેક તૌફીક્‌ આપે અને દારૈનમાં બેહતરીન જઝાથી નવાઝે. આમીન બિજાહિ સૈયદિલ મુરસલીન અલૈહિ વ અલા આલિહી વ અઝવાજેહી સ્સલાતુ વત્તસ્લીમ.

***–મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી***

*(૮–સફરુલ મુઝફ્ફર, હિ.સ. ૧૪૩૮, તા. ૯–૧૧–૨૦૧૬)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیۡکَ وَسَلَّمَ

اَلۡحَمۡدُ لِلّٰہِ وَ کَفٰی وَسَلَامٌ عَلٰی عَبۡدِہِ الَّذِی اصۡطَفٰی

وَعَلٰی اٰلِہٖ وَاَصۡحَابِہٖ اَھۡلِ التُّقٰی وَالنُّقٰی

## લેખકની અરજ

આજે દુનિયાભરમાં ઈસ્લામ અને રહ્‌મતે આલમ ﷺના વિરુદ્ધમાં જે કાંઈ માહોલ તૈયાર કરવામાં આવી રહ્યો છે એનો સબબ જેવી રીતે ઈસ્લામ દુશ્મની છે તેવી જ રીતે પયગંબરે રહમત ﷺની જાત તથા આપના રહમતભર્યા જીવનબંધારણથી અજાણતા પણ એક મહત્વનો સબબ છે. એમાં કોઈ શંકા નથી કે હુઝૂર રહમતે આલમ ﷺથી અંગત અદાવત રાખનારાઓ તથા આપના રહમતભર્યા જીવન બંધારણની વિરુદ્ધ દુષ્પ્રચાર કરનારાઓમાંથી ઘણા બધા લોકો આપની પુર અમ્ન જિંદગી અને રહમતભર્યા આદેશો તથા કથનોથી નાવાકેફ હોય છે. આ અજાણતાને દૂર કરવા માટે ઈસ્લામના ઉલમા ખાસ કરીને ઉલમાએ અહલે સુન્નતે દરેક દૌરમાં યથાશક્તિ કોશિશ કરી છે અને પોતાની વાણી તથા ક઼લમ વડે આ જેહાલતના ખાત્માના તરીક઼ાઓ પર અમલ કર્યો છે. ઉલમાએ અહલે સુન્નતના નક઼શે ક઼દમ પર ચાલીને એમની જ સરપરસ્તીમાં તેહરીકે "સુન્ની દા'વતે ઈસ્લામી" પોતાના પ્રારંભથી પોતાની શક્તિ અનુસાર પગલાં આ દિશામાં પણ લઈ રહી છે.

વર્તમાનકાળમાં ખાસ કરીને "અમ્નો સલામતી"ની જરૂરતનો એહસાસ પૂરી દુનિયાને છે અને આ એહસાસ દિન પ્રતિ દિન વધતો જઈ રહ્યો છે. પરંતુ અફસોસ એ વાત પર કે આ વિષયે પૂરા જગતમાં જેટલા પ્રમાણમાં વધુ ચર્ચા થઈ રહી છે એટલા પ્રમાણમાં "અશાંતિ તથા

અસંતોષ''માં વધારો પણ થતો જઈ રહ્યો છે. એનું ખાસ કારણ એ છે કે અમ્નને યક઼ીની બનાવવા (શાંતિ તથા સલામતીને નિશ્ચિત કરવા) માટે જે માર્ગ નિશ્ચિત કરવાની જરૂરત હતી તેને દુનિયા ન નિશ્ચિત કરી શકે છે ન તો તેનાથી નિશ્ચિત થઈ શકશે. કેમ કે પૂરી દુનિયાના માનવોના અમ્નો સુકૂનને યક઼ીની (નિશ્ચિત) બનાવવાના માટે સૌ પ્રથમ સર્વ માનવોની જરૂરતો અને દીની દુનિયવી, ફ઼િતરી ગૈર ફ઼િતરી તક઼ાઝાઓને સમજવા પડશે, જો કે એ દુનિયાવાળાઓના વશ બહારની ચીજ છે. દુનિયાવાળાઓની આ લાચારીના સબબે અલ્લાહ તઆલા દુનિયામાં નબીઓ તથા રસૂલોને મોકલતો રહ્યો.

ખાલિક઼ે ફ઼િતરત અલ્લાહ ﷻના મહબૂબ હુઝૂર રહ઼મતે આલમ ﷺ પોતાના રબ ﷻના ફઝ્લો કરમથી સર્વ માનવો સર્વ ફ઼િતરી તથા ગૈર ફ઼િતરી જરૂરતોથી વાકેફ પણ છે અને આપે સર્વ માનવોના બલ્કે અન્ય મખ્લૂક઼ાત (પશુ, પક્ષી, જાનવરો, જમીન, પથ્થરો....વગેરે)ના હક્ક઼ો પણ નિશ્ચિત કરીને દરેકની શાંતિ તથા સલામતીને નિશ્ચિત કરવા માટે એવા નિયમો નક્કી કરી આપ્યા છે કે આજે પણ દુનિયા એ નિયમો પર ચાલતી થઈ જાય તો પૂરા વિશ્વમાં અમ્નો અમાન (વિશ્વશાંતિ) સ્થાપિત થઈ શકે છે.

હુઝૂર રહ઼મતે આલમ ﷺના આજ નિઝામે રહ઼મત (રહ઼મતભર્યા જીવન બંધારણ)થી ગૈરોને વાકેફ કરાવવા અને પોતાનાઓને એના પ્રતિ ધ્યાનિત કરવાના હેતુસર દિલમાં એ ખયાલ આવ્યો કે આ હવાલાથી કોઈ ક઼લમી કૃતિ સરળ અંદાઝમાં મન્ઝરે આમ પર આવી જાય અને વિવિધ ભાષાઓમાં તેની પ્રસિદ્ધિ પણ થાય. અતિ વ્યસ્તપણાની ભીડમાં કામોની અધિક્તા પર દૃષ્ટિ કરતાં તો આ કામ શક્ય જણાતુ ન હતું, પરંતુ ઈરાદા તથા હિંમતનો દામન ન છૂટયો અને ફ઼ક઼ીરે અલ્લાહ ﷻની ઝાત પર ભરોસો કરીને હુઝૂર રહ઼મતે આલમ ﷺની બારગાહથી કરમની ઉમ્મીદ લઈને **ઈદારાએ મઆરિફ઼ે ઈસ્લામી**ના અમુક મહત્વના સભ્યોની ભરપુર મદદથી જ આ કામ પોતાની પૂર્ણતાએ પહોંચ્યું. مَنْ لَّمْ يَشْكُرِ النَّاسَ لَمْ يَشْكُرِ اللهَ હેઠળ એ મુનાસિબ તથા જરૂરી થશે કે હું **ઈદારાએ મઆરિફ઼ે ઈસ્લામી**ના

સભ્યો મૌલાના મઝહર હુસૈન અલીમી, મૌલાના સૈયદ ઈમરાન નજમી, મૌલાના અબ્દુલ્લાહ આ'ઝમી નજમી, મૌલાના જાવેદ રઝા નજમી અને મૌલાના અબ્દુલકરીમ નજમી સાહબોનો શુક્રિયા અદા કરું કે આ હઝરાતે માળખાના પ્રમાણે મટીરીયલની તલાશ તથા શોધખોળમાં ભરપુર મદદ કરી, પ્રુફ રીડિંગનું કામ પણ એમની મહેનતનું પરિણામ છે. સાથોસાથ મૌલાના સૈયદ સુફયાન નજમી, મૌલાના સાજિદ હામિદ નજમી, મૌલાના અબ્દુલ્લાહ જવ્વાદ નજમીએ કંપોઝિંગના બોજને હલકો કર્યો અને ભરપુર ચુસ્તી દર્શાવી. અલ્લાહ તઆલા પોતાના હબીબ ﷺના સદકામાં ફકીરની આ કૃતિને કબૂલ ફર્માવે અને આ કિતાબના સંપાદનમાં મદદકર્તા વર્ણવેલ સર્વ હઝરાતને બેહતરીને જઝા અતા ફર્માવે.

## ★ થોડુક કિતાબના બારામાં ★

- ❑ કિતાબમાં ખાસ કરીને સીરતે રસૂલે રહ્મત ﷺના તે પાસાંઓને જાહેર કરવામાં આવ્યાં છે જેમાં અમ્નો સુકૂનના વિશે હિદાયતો, આદેશો તથા પયગામો છે.
- ❑ સર્વ વાતો મુસ્તનદ (સ્ટાન્ડર્ડ) કિતાબોમાંથી લેવામાં આવી છે અને એના હવાલાઓ પણ દર્શાવામાં આવેલા છે.
- ❑ સરવરે આલમ ﷺની સીરતથી સંબંધિત સામાન્ય જાણકારી સીરતે મુસ્તફા જાને રહ્મત ﷺ ( અઝ : ઈફાદાતે આ'લા હઝરત رحمۃ اللہ علیہ), સીરતે ઝિયાઉન્નબી ﷺ (અલ્લામા પીર કરમશાહ અઝહરી) તથા સીરતે મુસ્તફા ﷺ (અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ)થી લેવામાં આવેલ છે.
- ❑ શક્ય ત્યાં સુધી માલૂમાતને કુર્આની આયતો તથા નબવી હદીષો વડે સજાવવામાં આવેલ છે.
- ❑ જરૂરત પ્રમાણે અરબી લખાણો પણ રજૂ કર્યા છે.
- ❑ અરબી લખાણોને એઅ્રાબ (ઝેર, ઝબર, પેશ વગેરે)થી શણગારેલ છે.
- ❑ અરબી લખાણોના બામુહાવરા તર્જુમા લખવામાં આવેલ છે.

- ❑ કુર્આની આયતો સહીહ રસ્મુલ ખત તથા રુમૂઝે અવકાફની સાથે હોય એનો ખયાલ રાખવામાં આવ્યો છે.
- ❑ સર્વ આયતોના તર્જુમા કન્ઝુલ ઈમાનથી લેવામાં આવ્યા છે.
- ❑ ટૂંકાણ તથા સમૃદ્ધપણાનો ખયાલ રાખવામાં આવ્યો છે.
- ❑ પ્રકરણોની મુનાસિબત તથા સમૃદ્ધતાને તથા અધિક્તમ ફાયદાઓને લક્ષમાં લેતાં અમુક મા'લૂમાત દોહરાવાયેલ છે.

અમોએ અમારી રીતે કિતાબને ગલતીઓથી પાક સાફ રાખવાની યથાશક્તિ કોશિશ કરી છે, છતાં પણ જો ક્યાંક કોઈ સાહબને ખામી જોવા મળે તો : "اَلْمُؤْمِنُ مِرْاٰةُ الْمُؤْمِنِ"નું પ્રદર્શન કરતાં અમને જાણ કરી આપે, ઈન્શા અલ્લાહ ! આગલા પ્રકાશનમાં જરૂરી સુધારણા કરી લેવામાં આવશે.

છેવટમાં અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆગો છું કે આ કિતાબને વિવિધ ભાષાઓમાં પૂરી દુનિયામાં ફેલાવવાનો તથા પૂરા વિશ્વનો પયગંબરે રહ્મત ﷺની પુર અમ્ન જાત તથા અમન અર્પતા બંધારણ તથા તા'લીમાતથી વાકેફ કરાવવાનો જે હેતુ ફક઼ીરના લક્ષમાં છે તેને પોતાના કરમથી પૂર્ણ ફર્માવે.

اٰمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ والتسلیم

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا رَسُوۡلَ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیۡكَ وَسَلَّمَ

## પ્રસ્તાવના...

વર્તમાન સંજોગોને અનુલક્ષીને જો એવું કહેવામાં આવે કે વર્તમાનકાળની સૌથી મહાન જરૂરત અમ્નો અમાન (શાંતિ તથા સલામતી)ની સ્થાપ્ના છે, અને સૌથી મહાન સમસ્યા આતંક તથા ભય છે. તો વિના શંકાએ દેશની તથા આંતરરાષ્ટ્રીય સંજોગોની સહીહ તર્જુમાની (રજૂઆત) ગણાશે અને એવું વાસ્તવિક વર્ણન ગણાશે કે જેના ઈન્કારની મજાલ કમસે કમ હાલના સમય તથા સંજોગોની થોડીક પણ જાણકારી ધરાવનાર ઈન્સાનથી કદાપિ થશે નહીં.

જ્યારે એ નિશ્ચિત છે કે આખા વિશ્વના માટે સૌથી મોટી સમસ્યા ડર તથા આતંક છે અને સૌથી મોટી જરૂરત અમ્નો અમાનની સ્થાપ્ના છે. તો જે કોઈ શખ્સિયતમાં આ આતંરરાષ્ટ્રીય સમસ્યા ડર તથા આતંકને નિવારવાની પાત્રતા હશે અને વિશ્વશાંતિ તથા સલામતીની જરૂરતને નિશ્ચિતરૂપે સ્થાપવાની ક્ષમતા હશે તે શખ્સિયત પૂરી દુનિયાના માટે વિના શંકાએ સૌથી મહાન અમ્ન આપનારી શખ્સિયત ગણાશે અને તેની હિદાયત (માર્ગદર્શન) સૌથી વધુ ઈજ્જતને પાત્ર અને તેના આદેશો સૌથી અધિક અમલને પાત્ર થશે.

પૂર્વગ્રહના ચશમા ઉતારીને જો સંપૂર્ણ પ્રમાણિકપણે આખા વિશ્વમાં એવી શખ્સિયતને તલાશ કરવા જઈએ તો દરેક તલાશ કરનારની નજર જેના પર સ્થિર થશે તે સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની જાત હશે. ડર તથા આતંકને દૂર કરવા અને અમ્નો અમાનને પૂરા વિશ્વમાં સ્થાપિત કરવાની પાત્રતા ધરાવનાર આદેશો તથા કથનો જે હસ્તીનાં હોય શકે છે તે કેવળ અને કેવળ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે.

જે લોકો વિશ્વના ઈતિહાસથી અને ખાસ કરીને ઈસ્લામના ઈતિહાસથી નાવાકેફ હોય અથવા ઈસ્લામના ઈતિહાસ અને રહ્મતે આલમ ﷺની સીરત (જીવનચરિત્ર)ને પૂર્વગ્રહના ચશ્મા પહેરીને જ વાંચતા હોય તો શક્ય છે કે તેમને આ હકીકત સ્વીકાર્ય ન હોય, પરંતુ જેઓ ન્યાયી મિજાઝ રાખે છે અને ન્યાયી સોચ ધરાવે છે, ખાસ કરીને જેમણે ઈસ્લામનો ઈતિહાસ અને રહ્મતે આલમ ﷺના જીવન ચરિત્રનો સહીહ રીતે અભ્યાસ કરેલો હશે તેઓ જરૂર સ્વીકાર કરશે કે રહ્મતે આલમ ﷺએ ન કેવળ અમ્નો અમાનના માર્ગો સમાર્યા છે અને ભય તથા આતંકના ખાત્માના માટે નિયમો નિશ્ચિત કર્યા છે, બલ્કે આપે અમલી રીતે એની સાબિતી પણ રજૂ કરી છે.

આપના પછી આપનાથી કેળવણી પામેલ ખલીફાઓએ અમ્નો અમાનને નિશ્ચિત કરીને અને ડર તથા આતંકને અમલી રીતે દૂર કરીને એવું સાબિત કરી આપ્યું છે કે જો ઉમ્મતને ચોકસાઈપૂર્ણ બનાવવી છે અને આતંકનો ખાત્મો કરવો છે તો લાઝમી રીતે સૈયદે આલમ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના અતા કરેલ ઉસૂલો તથા કાનૂનોને અપનાવવા પડશે. નિઝામે મુસ્તફા ﷺ (નબી ﷺ ના બંધારણ)ને ગળે લગાડવું પડશે અને પયગંબરે રહમત ﷺએ પોતાના વિશ્વવ્યાપી આદેશોમાં ખાલિકે આલમની સર્વ મખ્લૂકાતના માટે જે હક્કો નિશ્ચિત કર્યા છે તેની અદાયગીને અનિવાર્યપણે કરવી પડશે, ત્યારે વિશ્વકક્ષાએ શાંતિ તથા સલામતી સ્થાપિત થઈ શકશે અને વિશ્વમાં આતંકવાદનો ખાત્મો થઈ શકશે.

કિતાબના વિવિધ પ્રકરણોમાં પયગંબરે રહમત ﷺની અમ્નથી ભરપુર જિંદગીને આપના જીવનના વિવિધ પાસાંઓની રોશનીમાં રજૂ કરવામાં આવશે, તેમજ ઈન્શા અલ્લાહ ! તે ઉસૂલો તથા કાનૂનોની બાકાયદા ચર્ચા થશે જેને દુનિયા આજે પણ અપનાવીને પોતાની સૌથી મોટી તથા અતિ મહત્વની વિશ્વ કક્ષાની જરૂરતની પ્રાપ્તિ અને પોતાની સૌથી ખતરનાક આંતરરાષ્ટ્રીય સમસ્યાના ખાત્માને નિશ્ચિત બનાવી શકે છે.

સાથોસાથ અમ્નની વ્યાખ્યા, પ્રકારો તથા કુર્આન તથા સુન્નતમાં અમ્નના વર્ણનો પર રોશની નાખવામાં આવી રહી છે, જેથી અમ્ન (શાંતિ, સલામતી)ની સાચી તસ્વીર સામે આવી જાય અને એ સમજવામાં સરળતા થાય કે હુઝૂર ﷺ જ તે હસ્તી છે જેમને અમ્ન આપનાર અને શાંતિદૂત કહી તથા માની શકાય છે. એકલા આપના જ આદેશો તથા કથનોમાં તે શક્તિ છે જે આખા વિશ્વ માટે ચૈન તથા સુકૂન (વિશ્વશાંતિ)ની તે વિશાળ તથા વિસ્તૃત રેખાઓ ખેંચી શકે છે જેના પર ચાલીને દુનિયાવાળાઓ અમ્ન (વિશ્વશાંતિ)ને વાસ્તવિક સ્વરૂપ આપી શકે છે, અને એકલી રસૂલુલ્લાહ ﷺની જ હસ્તી છે કે જેમના રહ્મતના દામનને થામીને પૂરી દુનિયામાંથી ડર તથા આતંકવાદનો માહોલ દૂર કરી શકાય છે.

## ★ અમ્નની વ્યાખ્યા ★

અમ્નની વ્યાખ્યા ડિક્ષનરીના નિષ્ણાતોએ આ શબ્દોમાં કરી છે :

اَلْاَمْنُ: عَدَمُ تَوَقُّعِ مَكْرُوْهٍ فِي الزَّمَنِ الْاٰتِيْ، وَاَصْلُهٗ طُمَأْنِيْنَةُ النَّفْسِ وَزَوَالُ الْخَوْفِ

"ભવિષ્યમાં કોઈ નાપસંદીદા બનાવનો અંદેશો ન હોવો અમ્ન (સુકૂન, શાંતિ) કહેવાય છે." *(અત્તૌક઼ીફ)*

એનુ મૂળ એ છે કે દિલ તથા જાન મુત્મઈન (સંતુષ્ઠ) થઈ જાય અને ભય તથા ખતરાઓ દૂર થઈ જાય. જો દેશની શાંતિની વાત કરવામાં આવે તો પૂરા દેશના સંજોગો અદ્લો ઈન્સાફ પર એ પ્રમાણે આધારિત હોય કે કોઈ નાપસંદ દુર્ઘટનાનો અંદેશો ન હોય, સર્વ લોકો સંતોષપૂર્વક જિંદગી પસાર કરે અને કોઈ પણ માનવને પોતાની જાન તથા માલનો કોઈ ડર ન હોય. જો વિશ્વશાંતિની વાત કરવામાં આવે તો આખા વિશ્વની સ્થિતિ એવી ન્યાયપૂર્ણ હોવી જોઈએ કે દુનિયાનો દરેક માનવી સંતુષ્ઠ તથા ડર વિનાનો રહીને જિંદગી પસાર કરે.

કુર્આને મુક઼દ્દસમાં પણ આ જ અર્થમાં અમ્ન (શાંતિ)નો ઉલ્લેખ જોવા મળે છે.

(૧) وَمَن دَخَلَهُ كَانَ اٰمِنًا ۔ ''અને જે એમાં આવે અમાન (સુકૂન)માં હોય.''

*–(સૂરએ આલે ઈમરાન, ૩/૯૭)*

(૨) وَاِذْ قَالَ اِبْرٰهِيْمُ رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ اٰمِنًا ۔ ''અને યાદ કરે જયારે ઈબ્રાહીમ (علیہ السلام)એ અર્ઝ કરી, હે મારા રબ ! આ શહેરને અમાનવાળુ કરી આપ.'' *(સૂરએ ઈબ્રાહીમ, આ. ૩૫)*

(૩) وَاِذْ جَعَلْنَا الْبَيْتَ مَثَابَةً لِّلنَّاسِ وَاَمْنًا ۔ ''અને યાદ કરો જયારે અમે આ ઘરને લોકોને માટે શરણસ્થાન તથા અમાન બનાવ્યું.

**★ અમ્નના પ્રકારો ★**

જે સંજોગો તથા સમયોમાં કોઈને અમ્નની જરૂરત હોય છે એના પર વિચારણા કરો તો આપણને જાણવા મળશે કે અમ્નના ત્રણ પ્રકારો છે : (૧) અમ્ને કામિલ (સંપૂર્ણ શાંતિ) : જેનો સંબંધ આખેરત સાથે છે. (૨) અમ્ને ઈન્ફિરાદી (વ્યક્તિગત શાંતિ) : જેનો સંબંધ કોઈ જાત તથા વ્યક્તિ સાથે છે. (૩) અમ્ને ઈજતેમાઈ (સામૂહિક શાંતિ) : જેનો સંબંધ કોઈ સમાજથી હોય છે. ત્રણેવ પ્રકારના અમ્નના સંબંધે કુર્આને મુકદ્દસમાં આયતો મૌજૂદ છે.

**૧. અમ્ને કામિલ (સંપૂર્ણ શાંતિ) :**

સંપૂર્ણ અમ્નો અમાન (શાંતિ તથા સલામતી) હાંસલ હોય કે કોઈ પ્રકારનો કોઈ ડર ન હોય, અને એ યકીન હોય કે ઈચ્છાથી વિરુદ્ધ કાંઈ થશે નહીં. આ અમ્ન આખેરતની સાથે ખાસ છે અને જન્નતમાં જ નસીબ થઈ શકે છે. કુર્આને મુકદ્દસમાં ફર્માવવામાં આવ્યું.

اِنَّ الْمُتَّقِيْنَ فِىْ جَنّٰتٍ وَّعُيُوْنٍ ○ ''ડરવાળાઓ બાગો તથા ઝરણાઓમાં છે.'' *(સૂરએ હજર, ૪૫)*

એક સ્થળે ઈર્શાદ થયો :–

اُدْخُلُوْهَا بِسَلٰمٍ اٰمِنِيْنَ ○ ''એમાં દાખલ થાવ સલામતીની સાથે અમાનમાં.'' *(સૂરએ હજર, આ. ૪૬)*

એક જગાએ ઈર્શાદ થયો :–

○لَا يَمَسُّهُمْ فِيْهَا نَصَبٌ وَّمَا هُمْ مِّنْهَا بِمُخْرَجِيْنَ "ન એમને એમાં કાંઈ તકલીફ પહોંચે, ન તેમને એમાંથી કાઢવામાં આવે." *(સૂરએ હજર, આ. ૪૮)*

દુનિયામાં આવો અમ્ન હરગિઝ મયસ્સર નથી થઈ શકતો. કેમ કે દુનિયામાં અમ્નમાં ખલેલ થવી એ જિંદગીનું ખત્મ થવું, બીમારીઓનું આવવું લાગેલુ રહે છે, ખાસ કરીને અલ્લાહ તઆલાના ડરથી બેનિયાઝી કોઈને નથી. જેમ કે ફર્માવવામાં આવે છે :–

○اَفَاَمِنُوْا مَكْرَ اللّٰهِ ۚ فَلَا يَاْمَنُ مَكْرَ اللّٰهِ اِلَّا الْقَوْمُ الْخٰسِرُوْنَ "શું અલ્લાહની છુપી તદબીરથી બેખબર છે ? તો અલ્લાહની છુપી તદબીરથી નીડર નથી થતા પણ તબાહીવાળા." *(સૂરએ અઅ્રાફ, આયત : ૯૯)*

આ સર્વ આયતોમાં અમ્ને કામિલનું વર્ણન છે જે કયામતના દિવસે દરેક મો'મિનને હાંસલ થશે કે તેને અલ્લાહનો ફઝ્લ અને રસૂલુલ્લાહ ﷺની શફાઅતથી કયામતના દિવસે જહન્નમમાં જવાથી અને અઝાબમાં સપડાવાથી અમ્નો અમાન હાંસલ થશે. જો ગુનેહગાર પણ છે તો ખુલૂદ ફિન્નારથી અમ્નો અમાનનું યકીન થશે.

**(૨) વ્યક્તિગત અમ્ન :**

એનો મતલબ એ છે કે એક વ્યક્તિ એવા સુકૂનની સાથે હોય કે તેની જાન, માલ, આબરૂ મહેફૂઝ હોય. તેને જાનમાલની હિફાઝત બાબતે કોઈ ડર કે અંદેશો ન હોય.

કુર્આને મુકદ્દસમાં વ્યક્તિગત અમ્નની દા'વત આ પ્રમાણે આપવામાં આવી છે :–

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۫ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّ لَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ؕ اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ○

"હે ઈમાનવાળાઓ ! ઘણા જ ગુમાનોથી બચો ! બેશક ! કોઈ ગુમાન ગુનોહ થઈ જાય છે, અને અયબ ન શોધો, અને એકબીજાની ગીબત ન કરો. શું તમારામાં કોઈ પસંદ કરશે કે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાય?! તો એ તમને માન્ય નહીં હોય, અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ ઘણો જ તૌબા કૃબૂલ કરનારો મહેરબાન છે.

પયગંબરે રહ્‌મત ﷺના નીચે વર્ણવેલ આદેશોમાં એ જ "વ્યક્તિગત અમ્ન"નો ઉલ્લેખ આ પ્રમાણે કરવામાં આવેલ છે.

مَنْ اَصْبَحَ مِنْكُمْ اٰمِنًا فِیْ سِرْبِهٖ مُعَافًى فِیْ جَسَدِهٖ عِنْدَهٗ قُوْتُ يَوْمِهٖ فَكَاَنَّمَا حِيْزَتْ لَهُ الدُّنْيَا بِحَذَافِيْرِهَا۔

"તમારામાંથી જે કોઈ પોતાના ઘરમાં અમ્નો સુકૂનની (શાંતિ તથા સંતોષ) સાથે હોય, તેનું શરીર સહી સલામત હોય, તેની પાસે એક દિવસ માટેની પૂરતી રોજી હોય, તો વિના શંકાએ તે એવું સમજે કે તેના માટે પૂરી દુનિયા ભેગી કરી દેવામાં આવી છે." *(સુનને તિર્મીઝી, ૪/૫૭૪)*

એક રિવાયતમાં આ પ્રમાણે છે :–

لَا يُشِيْرُ اَحَدُكُمْ اِلٰى اَخِيْهِ بِالسِّلَاحِ، فَاِنَّهٗ لَا يَدْرِیْ اَحَدُكُمْ لَعَلَّ الشَّيْطَانَ يَنْزِعُ فِیْ يَدِهٖ فَيَقَعُ فِیْ حُفْرَةٍ مِّنَ النَّارِ۔

"તમારામાંથી કોઈ પોતાના ભાઈની તરફ હથિયારથી ઈશારો ન કરે, કેમ કે શક્ય છે કે શૈતાન હાથ વડે હથિયાર ચલાવી દે અને જહન્નમના ખાડામાં જઈને પડે. *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૨૦)*

એક રિવાયતમાં આ પ્રમાણે શબ્દો છે :–

لَا يَحِلُّ لِمُسْلِمٍ اَنْ يُّرَوِّعَ مُسْلِمًا۔ "કોઈ મુસલમાનના માટે જાઈઝ નથી કે બીજા મુસલમાનને ડરાવે." *(સુનને અબૂ દાઊદ, ૪/૩૦૧)*

એક રિવાયતમાં આ પ્રમાણે ફર્માવવામાં આવ્યું :–

(ایضًا) لَا يَأْخُذَنَّ اَحَدُكُمْ مَتَاعَ اَخِيْهِ لَاعِبًا وَّلَا جَادًّا۔ "કોઈ પણ

માણસ પોતાના ભાઈની માલ મિલ્કત ન મજાક રૂપે લે ન (વિના ઈજાઝતે) જાણી બુઝીને લે. *(હવાલો : ઉપર મુજબ)*

આ મુબારક હદીષોમાં જાન, માલ, રોજી વગેરે સંબંધિત અમ્નો અમાન (શાંતિ તથા સલામતી)નું વર્ણન છે જે વ્યક્તિગત અમાન માટે દલીલ પૂરી પાડે છે. કોઈ પણ માણસને સામાજિક જીવન શાંતિપૂર્ણ પસાર કરવા માટે એ સમાજમાં તેની જાન, માલ, ઈજ્જત, આબરૂ, રોજી વગેરેનું સલામત હોવું જરૂરી છે, નહીં તો તેના માટે મુશ્કેલીઓ ઉપસ્થિત થઈ જાય છે.

**(૩) સામૂહિક અમ્ન :–**

એનો અર્થ એ છે કે પૂરો સમાજ અને સર્વ લોકો અમ્નો સુકૂનની સાથે હોય. દરેકની જાન, માલ તથા આબરૂ મેહફૂઝ હોય. અને સર્વ લોકો જાની, માલી ખતરાઓ તથા અંદેશાઓથી નચિંત હોય. સામૂહિક શાંતિની દાવતો પણ કુર્આને મુકદસમાં ઠેક ઠેકાણે આપવામાં આવેલી છે. ફર્માને ઈલાહી છે :–

وَاِذْ اَخَذْنَا مِيْثَاقَ بَنِيْٓ اِسْرَآءِيْلَ لَا تَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ قف وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَقُوْلُوْا لِلنَّاسِ حُسْنًا وَّاَقِيْمُوا الصَّلٰوةَ وَاٰتُوا الزَّكٰوةَ ط ثُمَّ تَوَلَّيْتُمْ اِلَّا قَلِيْلًا مِّنْكُمْ وَاَنْتُمْ مُّعْرِضُوْنَ ○

"અને જયારે અમે બની ઈસ્રાઈલથી વાયદો (વચન) લીધો કે અલ્લાહ સિવાય કોઈને ન પૂજો અને મા બાપની સાથે ભલાઈ કરો, અને સગાંઓ તથા યતીમો અને મિસ્કીનો સાથે, અને લોકો સાથે સારી વાત કહો, અને નમાઝ કાયમ રાખો અને ઝકાત આપો. પછી તમો ફરી ગયા પણ તમારામાંથી થોડા, અને તમે મુખ ફેરવનારા છો."

*–(સૂ. બકરહ, આ. ૮૩)*

એક સ્થળે ફર્માવ્યું :–

كَتَبْنَا عَلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ اَنَّهٗ مَنْ قَتَلَ نَفْسًا بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِى

الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيْعًا ۭ وَمَنْ اَحْيَاهَا فَكَاَنَّمَآ اَحْيَا النَّاسَ جَمِيْعًا ۭ وَلَقَدْ جَاۗءَتْهُمْ رُسُلُنَا بِالْبَيِّنٰتِ ۡ ثُمَّ اِنَّ كَثِيْرًا مِّنْهُمْ بَعْدَ ذٰلِكَ فِي الْاَرْضِ لَمُسْرِفُوْنَ ○

"આ કારણે અમે બની ઈસ્રાઈલ પર લખી આપ્યું કે જેણે કોઈ જાન કત્લ કરી તેણે સર્વ લોકોને કત્લ કર્યા અને જેણે એક જાનને જીવડાવી લીધી તેણે જાણે સર્વ લોકોને જીવાડી લીધા. અને બેશક ! એમની પાસે અમારા રસૂલ રોશન દલીલોની સાથે આવ્યા. પછી બેશક ! એમનામાં ઘણા એના પછી જમીનમાં જુલ્મ કરવાવાળા છે." *(સૂ. માઈદા, આ. ૩૨)*

એ જ પ્રમાણે પયગંબરે રહમત ﷺના અસંખ્ય આદેશોમાં અમ્ને ઈજતેમાઈ (સામૂહિક શાંતિ)નો ભાવાર્થ પણ જોઈ શકાય છે. અમુક ઈર્શાદો જોઈ લો :

- اَلْمُسْلِمُ مَنْ سَلِمَ الْمُسْلِمُوْنَ مِنْ لِّسَانِهٖ وَيَدِهٖ "મુસલમાન તે હોય છે જેની જીભ તથા હાથની બુરાઈથી અન્ય મુસલમાનો મેહફૂઝ તથા અમ્નમાં હોય." *(સહીહ બુખારી, પેજ–૧૧)*

- اَلْمُؤْمِنُ مَنْ اَمِنَهُ النَّاسُ عَلٰى اَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ "મો'મિન તે છે જેનાથી લોકો પોતાના માલો તથા જાનોને સુરક્ષિત જાણે."
*–(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૯૮)*

- اَلرَّاحِمُوْنَ يَرْحَمُهُمُ الرَّحْمٰنُ، اِرْحَمُوْا مَنْ فِي الْاَرْضِ يَرْحَمْكُمْ مَّنْ فِي السَّمَاءِ "રહમ કરવાવાળાઓ પર જ રહમાનની રહમત થાય છે. જમીનવાળાઓ પર રહમ કરો, આસ્માનોનો બાદશાહ તમારા પર રહમ કરશે." *(સુનને તિર્મિઝી, ૪/૩૨૩)*

ખૂબ જ સંખ્યામાં આદેશો છે જેમાંથી "અમ્ને ઈન્ફેરાદી" (વ્યક્તિગત અમ્ન) અને "અમ્ને ઈજતેમાઈ" (સામૂહિક અમ્ન)ના તકાઝાઓને ભરપુર સમજી શકાય છે. અમે પ્રારંભિક અમુક પ્રકરણોમાં પ્રથમ પયગંબરે રહમત ﷺની પુરઅમ્ન અંગત જિંદગીની અમુક ઝલકો રજૂ કરી છે અને પછી

વ્યક્તિગત અમ્નની જે રાહો આપે સ્પષ્ટ કરી છે અને ઈજતેમાઈ અમ્નનું જે માળખુ આપે નિશ્ચિત કર્યું છે તેમને ક઼ાયદેસર રીતે વર્ણન કરવાની ભરપુર કોશિશ કરી છે.

આગલા પૃષ્ઠોનો અભ્યાસ ઈન્શાઅલ્લાહ ! સાબિત કરશે કે આખા જગતમાં અમ્નો અમાન (વિશ્વશાંતિ) સ્થાપિત કરવાની પાત્રતા જો કોઈ બંધારણમાં છે તો કેવળ અને કેવળ રહમતે આલમ ﷺના નિઝ઼ામ (બંધારણ)માં છે. આપના લાવેલા નિઝ઼ામે (દસ્તૂરે) દરેકના માટે અમ્નો અમાનના માર્ગો સંવારી આપ્યા છે. આપનું અમ્નનું બંધારણ એવું સમૃધ્ધ બંધારણ છે કે દુનિયાની દરેક ક઼ૌમ દરેક માનવી તથા દરેક મખ્લૂક઼ને ચૈન તથા સુકૂન અર્પણ કરી શકે છે. આ કોઈ મોઢાની વાત નથી બલ્કે કિતાબના આગલા હિસ્સાનો અભ્યાસ આપને આ હક઼ીક઼તને ક઼બૂલ કરવા માટે ઈન્શાઅલ્લાહ ! મજબૂર કરશે.

અલ્લાહ ﷻની બારગાહમાં દુઆ છે કે આપણા આ શબ્દોને હક઼ીક઼તનું સ્વરૂપ બખ્શે અને દરેકને હક્ક઼ કહેવા, સાંભળવા સમજવા તથા બોલવાની તૌફીક઼ અતા ફર્માવે.

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ والتسلیم

*અબ્દહુલ્ મુઝ્નબ*

**મુહમ્મદશાકિર નૂરી અફી અન્હૂ**

*(૧–સફરુલ મુઝફ્ફર, હિ. ૧૪૩૮, તા. ૨–૧૧–૨૦૧૬)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ○
نَحۡمَدُهٗ وَنُصَلِّيۡ وَنُسَلِّمُ عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ ○

...પ્રકરણ : ૧

# સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ અમ્નના પયગંબર છે

અલ્લાહ તબારક વ તઆલાએ આકાએ કૌનૈન સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺને જે શરીઅત અર્પણ કરીને દુનિયામાં મોકલ્યા એનું નામ "ઈસ્લામ" અને એના તકાઝાઓને પૂર્ણ કરવાનું નામ "ઈમાન" અને એ બંનેના તકાઝાઓને પૂર્ણ કરનારાઓનું નામ "મુસલમાન" તથા "મો'મિન" રાખ્યું. ઈસ્લામ અને ઈમાનના શબ્દોથી જ સલામતી તથા અમ્નો અમાનનો ખયાલ (છબી) પેદા થાય છે અને મો'મિન તથા મુસ્લિમ શબ્દથી જ અમ્નો સલામતીની ભાળ મળે છે. વિના શંકાએ ઈસ્લામની દરેક તાલીમ અમ્નો સલામતીની જામિન અને દરેક મુસલમાન અમ્ન તથા સુકૂનને કાયમ રાખવાનો જિમ્મેદાર છે.

જેવી રીતે ઈસ્લામ ધર્મ અમ્નો અમાન (શાંતિ તથા સલામતી)નો ધર્મ છે બિલ્કુલ એ જ પ્રમાણે ઈસ્લામના પયગંબર સૈયદના મુહમ્મદર્રસૂલુલ્લાહ ﷺ "પયગંબરે અમ્નો અમાન" છે. હુઝૂર ﷺની તાલીમાત તથા આદેશો, મામૂલાત તથા મામલાઓ, માન્યતાઓ તથા પસંદીદા બાબતો તથા અધિકારોનો જે કોઈ બુધ્ધિવાન, ઈતિહાસ જ્ઞાની ન્યાયની દષ્ટિએ અભ્યાસ કરશે તેની બુધ્ધિ અને સત્ય વાત કહેવાની ભાવના તેને એવું કહેવા મજબૂર કરશે કે પૃથ્વીના પટ પર કોઈ હસ્તી સૌથી મહાન શાંતિદૂત, શાંતિના નિમંત્રકનું ટાઈટલ મેળવી શકે છે તો પયગંબરે અમ્ન સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની મહાન હસ્તી જ છે.

આ જ હકીકતને દુનિયાની સૌથી સાચી કિતાબ કુર્આન મુકદ્દસ આ

પ્રમાણે વર્ણવે છે : وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ''અને અમે તમને ન મોકલ્યા પણ રહમત સર્વ જહાનો માટે'' *(સૂ. અંબિયા, આ ૧૦૭, કન્ઝુલ ઈમાન)*

સૃષ્ટિના સર્જનહારે હુઝૂર ﷺને પૂરી સૃષ્ટિના માટે રહમત બનાવીને મોકલ્યા છે. હુઝૂર નબી કરીમ રઉફો રહીમ ﷺની આ જ સર્વ સામાન્ય (આમ) રહમતનું જ પરિણામ હતું કે ૨૩ વરસની ટૂંકી મુદ્દતમાં આ રિસાલતની શમ્અની આસપાસ અસંખ્ય પરવાનાઓની ભીડ જામી ગઈ અને વિવિધ રંગ તથા વંશના લાખો માનવો રંગ તથા વંશના ભેદની અમાનવીય બેડીઓને તોડીને તેમના રહમતના દામનથી સંકળાઈ ગયા. કુર્આને મુકૃદ્દસે એને આ પ્રમાણે વર્ણવ્યું :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ

''તો કેવી કાંઈ અલ્લાહની મહેરબાની છે કે હે મહબૂબ ! તમે તેમના માટે નરમ દિલ બન્યા, અને જો તુંડમિજાઝી સખત દિલ હોત તો તેઓ જરૂર તમારી નિકટતાથી પરેશાન થઈ જાત.''

*–(સૂ. આલે ઈમરાન, આ–૧૫૯, કન્ઝુલ ઈમાન)*

દુનિયાભરનો સાચો ઈતિહાસ બતાવનાર એક માત્ર કિતાબનું વર્ણન છે કે અલ્લાહના રસૂલ ﷺ પૂરી દુનિયા માટે સરાપા રહમત અને સંપૂર્ણ સલામતીવાળા પયગંબર છે. હક઼ીક઼ત એ છે કે આપનાથી વધીને અમ્ન પસંદ (શાંતિપ્રિય) અને રહમતવાળો ઈન્સાન ન આજ સુધી પેદા થયો અને ન હવે પછી કદી પેદા થશે.

જેને સતત ૨૧ વરસો સુધી તકલીફો પહોંચાડવામાં આવી હોય, જેના માર્ગમાં કાંટા બિછાવવામાં આવ્યા હોય, જેના માથા પર ઊંટની હોજરીઓ નાખવામાં આવી હોય, જેને પાગલ, મજનૂન તથા દીવાનો કહીને મહેણા મારવામાં આવ્યાં હોય, જેનો સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો હોય, જેના પર પથ્થરોનો વરસાદ વરસાવવામાં આવ્યો હોય, જેને માનવાવાળાઓને રૂહ કાંપી ઉઠે તેવી તકલીફો આપવામાં આવી હોય, જેને ક઼ત્લ કરવાના

ષડયંત્રો રચાયાં હોય, જેને ઘરથી બેઘર કરવામાં આવ્યો હોય અને લાંબા અરસા સુધી જેના પર મુસીબતોના પહાડ તોડવામાં આવ્યા હોય, પછી તે જ માણસ લગભગ ૨૧ વરસો પછી જ્યારે પોતાના દુશ્મનો પર સરસાઈ પામ્યા બાદ તેમને માફ કરી આપે તો પછી એનાથી વધુ અમ્ન પસંદ (શાંતિ પ્રિય) કોણ થઈ શકે છે ?! શું જગતનો ઈતિહાસ આવું દષ્ટાંત રજૂ કરી શકે છે કે જેણે ગાળો સાંભળીને દુઆઓ આપી હોય ?! જેણે પથ્થર ખાયને અને શરીરને ઝખ્મોથી ચુર ચુર કરીને જુલ્મ કરનારાઓની ભલાઈ ચાહી હોય અને ખૂનના પ્યાસાઓને જામે હયાત પીવડાવ્યો હોય ?!

જો અદ્‌લો ઈન્સાફની સાથે ઈતિહાસ વેત્તાઓ ઈતિહાસ વર્ણવશે તો એકી જીભે એવું જ કહેશે કે આવી હસ્તી કેવળ અને કેવળ પયગંબરે અમ્ન સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની જાત જ છે.

આપના પવિત્ર જીવન ચરિત્રનો જે કોઈ અભ્યાસ કરે છે તે એ જ સ્વીકાર કરે છે કે...

- ❑ પયગંબરે અમ્ન ﷺએ મક્કાના કાફિરોના હાથે હજારો તકલીફો તથા ઈજાઓ વેઠી પણ ન કદી કોઈના માટે બદદુઆ ફર્માવી અને ન કોઈના પર અઝાબના ઉતરાણની તમન્ના કરી બલ્કે જો આપને અઝાબની દુઆ કરવાનો ઈખ્તિયાર પણ આપવામાં આવ્યો તો પણ રહમત તથા પ્રેમભાવ હેઠળ દરેક તકલીફને ગણકાર્યા વિના જાલિમોને માફી આપી. જ્યારે કે એમનો જુર્મ કાંઈ ઓછો ન હતો ! કેમ કે તેઓ અલ્લાહના પ્યારા રસૂલને ઈજા આપવાના ગુનાહમાં સપડાયેલા હતા, તેમના પર અલ્લાહ તઆલાનો અઝાબ કહેર બનીને નાઝિલ થવા ચાહતો હતો, પરંતુ આપે હમેશાં માફી તથા કૃપાથી કામ લીધું અને તેઓ કેવળ આપની રહમતની સિફત (કૃપાના ગુણ)ને કારણે ખુદાના અઝાબ (કહેર)થી બચી ગયા.
- ❑ હુઝૂર રહમતે આલમ ﷺ પોતાના ગૃહસ્થી જીવનમાં, ઘરની બહારના મામલાઓમાં, પોતાનાંઓ તથા ગૈરોની સાથે, મોટેરાઓ તથા બાળકોની સાથે હમેશાં એક નાસેહ (નસીહત કરનાર) તથા પ્રેમાળ તથા હમદર્દ તથા ગમગુસારની હૈસિયતથી જોવામાં આવ્યા.

અલ્લાહ તઆલાએ આપને રહમતથી લબરેઝ દિલ અતા કર્યું હતું જે કમજોરો માટે તડપી ઉઠતુ હતું. મિસ્કીનો તથા યતીમોની દુઃખી હાલત પર ગમથી ભરાઈ આવતુ હતું. આપને પૂરી દુનિયાની ફિકર રહ્યા કરતી હતી. નાના મોટા, પોતાનાં પારકાં, મુસલમાન તથા કાફિર, માનવ તથા જાનવર સૌ આપના રહમો કરમ (દયા કૃપા)થી હિસ્સો પામતાં રહેતાં હતાં.

❑ આપનો પ્રેમભાવ બાળકો પર હમેશાં રહ્યા કરતો હતો. મદીના મુનવ્વરાની ગલીઓમાં કોઈ બાળક આપને ખેલતુ કૂદતુ જોવા મળતુ તો આપ ખુશીમાં તેને લપેટી લીધા કરતા હતા, તેને ચૂમતા, તેની સાથે ગમ્મત કરતા. આપે એવા સમયમાં બાળકીઓને અલ્લાહ તઆલાની રહમતનો ઝરીયો ઠરાવ્યો જ્યારે નાક ઊંચી કરવાના માટે બાળકીઓને જીવતી દફન કરી દેવાનો રિવાજ હતો. આપે એ સમયે તેણીઓ પર રક્ષા તથા સલામતી અને પ્રેમભાવ તથા મહોબ્બતની વિશાળ તથા લાંબી ચોડી ચાદર તાણી આપી હતી જ્યારે કે દુનિયાના અન્ય ભાગોમાં બાળકોની રક્ષા તથા સલામતી માટે કોઈ જ ક઼ાનૂન ન હતો. હુઝૂર રહમતુલ્‌લિલ્‌આલમીન ﷺએ બાળકો તથા બાળકીઓને ન કેવળ કાયમી રક્ષણ અર્પણ કર્યું બલ્કે તેમને ગોદમાં લઈને, ખભાઓ પર બેસાડીને, પોતાના મુબારક સીનાથી લગાડીને સમાજમાં એવું ઉચ્ચ સ્થાન આપ્યું જેનું દષ્ટાંત દુનિયામાં નથી મળતું.

❑ અલ્લાહના રસૂલ ﷺએ સ્ત્રીઓને ઈજ્જતનો તથા સલામતીનો દરજ્જો અર્પણ કર્યો. સ્ત્રીઓની ફિતરી (પ્રાકૃતિક) કમજોરીને લક્ષમાં રાખીને આપે વારંવાર સહાબાએ કિરામને તલ્કીન ફર્માવી (નોટીસ કરાવ્યું) કે તેઓ સ્ત્રીઓની સાથે નરમીનો મામલો કરે, તેમના દિલને ખુશ રાખે તથા તેણીઓ તરફથી ઉપસ્થિત થનારી નાપસંદ વાતો પર સબ્ર તથા સંયમ પ્રદર્શિત કરે. આપે ખુદ પોતાના પ્રેક્ટિકલી અમલ વડે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡن ની સામે સ્ત્રીઓ સાથે સદ્‌વર્તાવનાં ઉચ્ચ દષ્ટાંતો પૂરાં પાડયાં. એક વાર ઉમ્મુલ મો'મિનીન હઝરત સફિય્યહ رَضِیَ اللّٰہُ عَنۡہَا ઊંટણી પર સવાર થવા લાગ્યાં તો આપ

સવારીની પાસે બેસી ગયા અને હઝરત સફિય્યહ رضي الله عنها આપના ખભાઓ પર પગો રાખીને ઊંટણી પર સવાર થયાં. આપે વિધવાઓ સાથે નિકાહ કરીને દુનિયાને એ સંદેશ આપ્યો કે વિધવાઓને એકલી ન છોડી દો, બલ્કે તેણીઓને પણ આપણા સમાજમાં ઈજ્જત આપો.

- ❑ નબીએ અમ્નો રહમત ﷺને ખાદિમો તથા નોકરો (ગુલામો)નો પણ ઘણો જ ખયાલ હતો. આપે એ ઈર્શાદ ફર્માવ્યો હતો કે આ ખાદિમો તમારા ભાઈ છે, તેમને અલ્લાહ તઆલાએ તમારા હેઠળ કરી આપ્યા છે. તેમન તમારા ખાણામાંથી ખવડાવો, એવો લિબાસ પહેરાવો જેવા ખુદ પહેરો છો, તેમની શક્તિ બહારનું તેમનાથી કામ ન લો, જો કદી કોઈ સખત કામ લો તો તેમની મદદ પણ કરો.
- ❑ આપના દિલમાં યતીમો માટે પણ ઘણી હમદર્દી હતી, એટલા માટે આપ સહાબાએ કિરામ رضوان الله تعالىٰ عليهم أجمعينને યતીમોની કફાલત કરવા (જિમ્મેદારી લેવા) માટે પ્રોત્સાહિત કર્યા કરતા હતા. એક પ્રસંગે આપે આદેશ આપ્યો હું અને યતીમની કફાલત કરનાર જન્નતમાં તદ્દન નજીક હોઈશું.
- ❑ સરાપા રહમત, શફીએ ઉમ્મત ﷺની રહમતથી મૂગાં જાનવરો પણ ફાયદો પામતાં હતાં. હદીષોમાં એનાં અનેક દષ્ટાંતો મૌજૂદ છે. એકવાર હુઝૂરે અકરમ ﷺ કોઈ અન્સારીના બાગમાં તશરીફ લઈ ગયા ત્યાં એક ઊંટ મૌજૂદ હતું. આપને જોઈને ઊંટની આંખોથી આંસૂ વહેવા માંડયાં. આપ આ મન્ઝર જોઈને તે ઊંટની પાસે તશરીફ લઈ ગયા અને તેના શરીર પર હાથ ફેરવ્યો તો તે પુર સુકૂન થઈ ગયું. ત્યારબાદ આપે પૂછયું કે ઊંટ કોનું છે ? એક અન્સારી નવયુવાને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારું છે. આપે તેમને ફર્માવ્યું, કે શું તમે અલ્લાહથી નથી ડરતા જેણે તમને આ જાનવરના માલિક બનાવ્યા છે ?! એણે મને તમારી ફરિયાદ કરી છે કે તમે એને ભૂખ્યુ રાખો છો અને એનાથી વધારે કામ લો છો.

- ❑ તાજદારે મદીના ﷺની અંદર સહનશક્તિ પણ અત્યંત ઉચ્ચ કક્ષાની હતી. મક્કામાં મક્કાના કુરૈશીઓએ આપને અતિશય ખૂબ જ પ્રમાણમાં સતાવ્યા, આપના પર અને આપના સહાબા પર અસંખ્ય જુલ્મો કર્યા, ત્યાં સુધી કે આપે પોતાનું પ્રિય વતન પણ છોડવું પડયું. એનાથી વધીને તકલીફદાયક બનાવ શું હોય શકે છે કે તે પોતાને હમવતનોના જુલ્મના કારણે આજિઝ આવીને પોતાનું ઘરબાર સર્વ કાંઈ છોડીને ગૈરના શહેરમાં જઈને વસે. તમે છતાં અમુક વરસો પછી જયારે આપ મક્કામાં વિજયીની હૈસિયતથી મક્કામાં દાખલ થયા તો આજીજી તથા નમ્રતાના કારણે આપની ગરદન મુબારક ઝુકેલી હતી અને આપની ઝુબાન મુબારક પર આ શબ્દો હતા : لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ اَنْتُمُ الطُّلَقَآءُ "તમારા પર આજે કોઈ ભલુબુરુ નથી, તમો તમામે તમામ આઝાદ છો !" આપ તે દિવસે ચાહત તો પોતાના સર્વ દુશ્મનોથી ગણીને બદલો લઈ શકતા હતા, પણ આપે બદલો લેવાને બદલે માફી તથા દરગુઝરને અગ્રતા આપી. કોઈકે કહી આપ્યું : اَلْيَوْمَ يَوْمُ الْمَلْحَمَةِ "આજે તો બદલાનો દિવસ છે !" તો આપે ફર્માવ્યું : اَلْيَوْمَ يَوْمُ الْمَلْحَمَةِ "આજે તો રહમો કરમનો દિવસ છે !"

પયગંબરે અમ્ન ﷺની સીરતે તૈયબહનાં અમુક પાસાંઓ હતાં જે દરેક સીરત વાંચનારના દિલો દિમાગમાં હોય છે. સીરતે નબવિય્યહથી વાકેફ દરેક માણસ એ હકીકતનો સ્વીકાર કરે છે કે હુઝૂરે અક્દસ ﷺની પૂરી હયાતે પાક અમ્ન પસંદી તથા રહમત તથા સહનશક્તિથી ભરપુર જોવા મળે છે. શરૂઆતમાં અમુક ઝલકો જે યોગ્ય જણાઈ તે રજૂ કરી દેવામાં આવી. આગલા પ્રકરણોમાં વિસ્તારપૂર્વક વિગત તથા તેહકીકની સાથે પયગંબરે અમ્ન ﷺની હયાતે મુકદ્દસા (પવિત્ર જીવન ઝરમર)નાં તે પાસાંઓનો ઈન્શાઅલ્લાહ ! અભ્યાસ કર્યા બાદ દરેક બુધ્ધિજીવી એ સ્વીકાર કરવા માટે મજબૂર થશે કે શહેનશાહે કૌનેન હુઝૂર રહમતે આલમ ﷺ ન કેવળ જાતે પોતે પુર અમ્ન છે બલ્કે વિના શંકાએ આપ અમ્ન (શાંત તથા સલામતી) પૂરી પાડનાર પણ છે.

...પ્રકરણ : ૨

# નબુવ્વતના એલાન પહેલાં પણ હુઝૂર ﷺ શાંતિના નમૂના હતા

આમ તો સરવરે કાઈનાત ﷺના જન્મ મુબારકથી નબુવ્વતના સુધીની જિંદગીમાં પણ ખૂબ જ પ્રમાણમાં બનાવો એવા જોવા મળે છે જેનાથી આપની શાંતિપ્રિયતા તથા ન્યાયપ્રિયતાની આદતની ભરપૂર જાણકારી મળે છે અને એ સ્પષ્ટ થઈ જાય છે કે જેવી રીતે આપ નબુવ્વતના એલાન બાદ અદ્‌લો ઈન્સાફના નિમંત્રક રહ્યા છે એવી જ રીતે અમ્નો અમાન (શાંતિ તથા સલામતી)ના નમૂના રહ્યા છે. અહીં કેવળ અમુક મહત્વના પ્રસંગો રજૂ કરીએ છીએ જેનાથી આ હક઼ીક઼તનો સારી પેઠે અંદાજો થઈ જશે.

## ★ દૂધ પીવાના દિવસોમાં અદ્‌લો ઈન્સાફ ! ★

કોઈ પણ માણસની યુવાની તથા ઘડપણમાં અદ્‌લો ઈન્સાફ કરવાના બનાવો મળે છે પરંતુ દૂધ પીવાના દિવસોમાં અદ્‌લો ઈન્સાફ કરવો એ પયગંબરે અમ્ન ﷺની વિશિષ્ટતા છે :–

دَنَوْتُ مِنْهُ رُوَيْدًا فَوَضَعْتُ يَدِىْ عَلٰى صَدْرِهٖ فَتَبَسَّمَ ضَاحِكًا، وَفَتَحَ عَيْنَيْهِ لِيَنْظُرَ اِلَىَّ، فَخَرَجَ مِنْ عَيْنَيْهِ نُوْرٌ حَتّٰى دَخَلَ خِلَالَ السَّمَاءِ وَاَنَا اَنْظُرُ، فَقَبَّلْتُهٗ بَيْنَ عَيْنَيْهِ، وَاَعْطَيْتُهٗ ثَدْيِى الْاَيْمَنَ، فَاَقْبَلَ عَلَيْهِ بِمَا شَاءَ مِنْ لَبَنٍ، فَحَوَّلْتُهٗ اِلَى الْاَيْسَرِ فَاَبٰى، وَكَانَتْ تِلْكَ حَالُهٗ بَعْدُ۔ قَالَ اَهْلُ الْعِلْمِ: اَعْلَمَهُ اللّٰهُ تَعَالٰى اَنَّ لَهٗ شَرِيْكًا فَاَلْهَمَهُ الْعَدْلَ۔

"હું હુઝૂર ﷺની નજીક થઈ અને મારો હાથ હુઝૂર ﷺના સીના મુબારક પર રાખ્યો તો આપે સ્મિત ફ઼ર્માવતાં આંખ ખોલી. આપની આંખોથી એવું નૂર જાહેર થયું કે આસ્માન સુધી એની અસર જોવા મળી.

પછી મેં મારી જમણી છાતી પેશ કરી તો આપે જેટલા પ્રમાણમાં ચાહ્યું પીધું. પછી મેં ડાબી છાતી તરફ આપનું મોં ફેરવી દીધું તો આપે પોતાનુ મોં હટાવી લીધુ અને એ જ હાલ આપનો હમેશાં રહ્યો. એટલે કે ડાબી છાતીને હમેશાં છોડી દેતા.

લેખક જણાવે છે કે અહીં ઉલમાએ ઈર્શાદ ફર્માવ્યો છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને પોતાના શરીક દૂધ ભાઈનો ઈલ્મ આપી દીધો હતો અને તેમને અદ્લો ઈન્સાફનો ઈલ્હામ કર્યો હતો. (એટલા માટે હુઝૂર ﷺ પોતાના શરીક દૂધભાઈની સાથે ઈન્સાફ કરતાં બીજી છાતીનું દૂધ કદી પીતા ન હતા.)

## ★ જંગે ફુજ્જારમાં હુમલાથી દૂરી ★

ઈસ્લામથી પહેલાં અરબોમાં લડાઈઓનો એક લાંબો ક્રમ ચાલતો હતો. એ જ લડાઈઓમાંથી એક મશહૂર લડાઈ "જંગે ફુજ્જાર"ના નામથી મશહૂર છે. અરબના લોકો ઝુલ કઅદા, ઝુલ હિજ્જહ, મુહર્રમ તથા રજબના મહિનાઓનો બેહદ અદબ કરતા હતા અને એ મહિનાઓમાં લડાઈ કરવાને ગુનોહ જાણતા હતા, ત્યાં સુધી કે સામાન્યતઃ એ દિવસોમાં લોકો તલ્વારોને મ્યાનમાં રાખી દેતા હતા અને ભાલાઓની અણીઓ કાઢી લેતા હતા. પણ તેમ છતાં કદી કદી એમના એતબારથી એવા હંગામી હાલાત પેદા થયા કે મજબૂરન્ એ મહિનાઓમાં પણ તેમણે લડાઈઓ કરવી પડી. એ જ લડાઈઓને અરબવાસીઓ "હુરૂબે ફુજ્જાર" (ગુનાહની લડાઈઓ) કહેતા હતા. સૌથી અંતિમ જંગે ફુજ્જાર જે કુરૈશ તથા કૈસના કબીલાઓ વચ્ચે થઈ એ વખતે હુઝૂર ﷺની ઉમ્ર શરીફ ૨૦ વરસની હતી. કેમ કે કુરૈશ એ જંગમાં હક્ક પર હતા એટલા માટે અબૂ તાલિબ વગેરે પોતાના કાકાઓની સાથે આપે પણે એ જંગમાં શિર્કત કરી પણ કોઈના પર હથિયાર નથી ઉઠાવ્યું. કેવળ એટલું જ કર્યું કે પોતાના કાકાઓને તીર ઉઠાવી ઉઠાવીને આપતા રહ્યા. આ લડાઈમાં પ્રથમ કૈસ અને પછી કુરૈશ ગાલિબ આવ્યા (સરસાઈ પામ્યા) અને છેવટે સુલહ પર એ લડાઈનો અંત આવ્યો. *(સીરતે મુસ્તફા ﷺ બહવાલા સીરતે ઈબ્ને હિશામ, ૨/૧૮૬)*

એ અંદાઝો લગાડવો મુશ્કેલ નથી કે ૨૦ વરસના નવ યુવાનનો

જંગમાં જઝબાતી કિરદાર કેવો હોય શકે છે. કુરૈશ કબીલાના હક્ક પર હોવા છતાં આકાએ કૌનેન ﷺએ જંગમાં કોઈના પર તલ્વાર નથી ઉઠાવી. એ આપની અમ્ન પસંદી જ હતી કે આપે જંગમાં બાકાયદા હુમ્લો કરવાથી દૂરી અપનાવી

## ★ હલફુલ ફુઝૂલમાં હાજરી અને નબુવ્વતના એલાન બાદ તેની પ્રશંસા ★

રોજ રોજની લડાઈઓથી અરબસ્તાનનાં સેંકડો કુટુંબો બર્બાદ થઈ ગયાં હતાં. દરેક તરફ અશાંતિ અને રોજરોજની લૂટમારથી પ્રદેશની શાંતિ તથા સલામતિ નષ્ટ થઈ ચૂકી હતી. કોઈ વ્યક્તિ પોતાની જાન તથા માલને સુરક્ષિત સમજતો ન હતો. ન તો દિવસે ચૈન હતું ન રાતે આરામ હતો. આ ભયજનક સંજોગોથી તંગ આવીને કેટલાક સુલેહ પસંદ લોકોએ જંગે ફુજ્જારના અંત પછી એક સુધારણાની ચળવળ ચલાવી. બનૂ હાશિમ, બનૂ ઝહ્રા, બનૂ અસદ વગેરે કુરૈશ કબીલાના મોટા મોટા સરદારો અબ્દુલ્લાહ ઈબ્ને જુદઆનના મકાન પર ભેગા થયા અને હુઝૂર ﷺના કાકા ઝુબેર બિન અબ્દુલ મુત્તલિબે એ રજૂઆત કરી કે વર્તમાન સંજોગોને સુધારવાના માટે કોઈ કરાર કરવો જોઈએ. કુરૈશના ખાનદાનોના સરદારોએ આપસની સલામતીના ઉસૂલ હેઠળ "જીવો અને જીવવા દો"ના પ્રકારનો એક કરાર કર્યો અને કસમ ખાઈને વાયદો કર્યો કે :–

(૧) મુસાફરોની હિફાઝત કરીશું.

(૨) દેશમાંથી અશાંતિને દૂર કરીશું.

(૩) જુલ્મ પામેલાની તરફદારી કરીશું.

(૪) ગરીબોની મદદ કરતા રહીશું.

(૫) કોઈ જાલિમ તથા હડપ કરનારને મક્કામાં રહેવા દઈશું નહીં.

આ કરારમાં હુઝૂરે અક્દસ ﷺ પણ શરીક થયા. આપને આ કરાર એટલા પ્રમાણમાં પ્રિય હતો કે નબુવ્વતના એલાન બાદ આપ ફર્માવ્યા કરતા હતા :–

شَهِدْتُّ مَعَ عُمُوْمَتِيْ حِلْفَ الْمُطَيِّبِيْنَ فَمَا اُحِبُّ اَنْ اَنْكُثَهٗ وَاَنَّ لِيْ حُمُرَ النَّعَمِ۔

"હું મારા કાકાઓની સાથે "હલફુલ ફુઝૂલ"માં હાજર હતો, એની હાજરી મને એના કરતાં અધિક પસંદ છે કે મારા માટે લાલ ઊંટ હોય."

એક ઠેકાણે આપે ફર્માવ્યું :–

لَقَدْ شَهِدْتُّ فِيْ دَارِ عَبْدِ اللّٰهِ بْنِ جُدْعَانَ حِلْفًا لَوْ دُعِيْتُ بِهٖ فِي الْاِسْلَامِ لَاَجَبْتُ۔

"હું અબ્દુલ બિન જુદઆનના ઘરમાં એક એવા કસમપૂર્વકના ક઼રારમાં હાજર થયો હતો કે જો તેનો વાસ્તો આપીને મને ઈસ્લામમાં પુકારવામાં આવે તો હું જરૂરત મદદના માટે આવીશ."

આ ઐતિહાસિક ક઼રારને "હલફુલ ફુઝૂલ" એટલા માટે કહે છે કે કુરૈશના આ ક઼રારથી ઘણા પહેલાં મક્કામાં જુર્હમ ક઼બીલાના સરદારોની દરમિયાન તદ્દન આવો જ એક ક઼રાર થયો હતો. જુર્હમ ક઼બીલાના જે લોકો આ ક઼રારના પ્રણેતા હતા એ સર્વ લોકોનું નામ ફઝલ હતું. એટલે કે ફઝલ બિન હારિષ, ફઝલ બિન વદાઆ, ફઝલ બિન ફુઝાલા. એટલા માટે આ ક઼રારનું નામ "હલફુલ ફુઝૂલ" રાખી દેવામાં આવ્યું.

*–(સીરતે મુસ્તફા ﷺમાંથી સંક્ષિપ્તમાં, બહવાલા સીરતે ઈબ્ને હિશામ, ૧/૧૩૪)*

વર્ણવેલ બનાવ પર આપણુ એલાને નબુવ્વત બાદ ફખ્ર ફર્માવવું એ એ વાતની ઉઘાડી દલીલ છે કે અમ્નો સલામતીની મહોબ્બત આપણી અંદર ફિતરી તથા તબઈ (સ્વભાવિકપણે) દાખલ કરી દેવામાં આવી હતી. જ્યારે આ બનાવ નબુવ્વતની જાહેરાત બાદના અમ્નો સલામતીના ઉપસ્થિત થનારા બનાવોની સામે ૧ ટકા જેટલી પણ હૈસિયત નથી ધરાવતો, તેમ છતાં પણ હુઝૂર ﷺએ તેની પ્રશંસા કરી.

## ★ કા'બાના બાંધકામ અને હજરે અસ્વદ મૂકવામાં મતભેદનું નિવારણ ★

હુઝૂર સૈયદે આલમ ﷺને ખુદાવંદે આલમ جل جلاله એ હકારાત્મક વલણ તથા અમાનત તથા દિયાનતના સબબે એટલા પ્રમાણમાં લોકપ્રિય બનાવી દીધા અને સદ્‌બુધ્ધિ તથા અજોડ શાણપણનું એવું મહાન જૌહર

અતા કર્યું કે ઓછી વયમાં આપે અરબના મોટા સરદારોના ઝઘડાઓનો એવો લાજવાબ ફેંસલો કરી આપ્યો કે મોટા મોટા ડાહ્યા પુરૂષો તથા સરદારોએ એ ફેંસલાની મહાનતા સામે માથે ઝુકાવી આપ્યું અને સૌએ એકમતિએ આપને પોતાના હકમ (ફેંસલો કરનાર) તથા મહાન સરદાર માની લીધા.

જ્યારે આપની વય ૩૫ વરસની થઈ તો જોરદાર વરસાદથી કા'બાના હરમમાં એવી જબરદસ્ત રેલ આવી કે કા'બાની ઈમારત તદ્દન ધરાશયી થઈ ગઈ. હઝરત ઈબ્રાહીમ તથા હઝરત ઈસ્માઈલ علیہ السلام નો બનાવેલ કા'બા ઘણો જર્જરીત થઈ ચૂક્યો હતો. અમાલક઼ા, જુર્હમ ક઼બીલા તથા કુસય વગેરે પોત પોતાના સમયોમાં એ કા'બાનું બાંધકામ તથા સમારકામ કર્યા કરતા હતા. પરંતું કેમ કે ઈમારત નીચાણવાળા ભાગમાં હતી એટલા માટે પહાડોથી વર્ષાના પાણીનો જોરદાર પ્રવાહ મક્કાના મેદાનમાં થઈને પસાર થતો હતો અને મોટા ભાગે કા'બાના હરમમાં પાણીનું પુર આવી જતુ હતું. કા'બાની રક્ષાના માટે ઉપરના હિસ્સામાં કુરૈશે કેટલાય બંધ બાંધ્યા હતા, પણ તે બંધો વારંવાર તૂટી જતા હતા. એટલા માટે કુરૈશે એવું નક્કી કર્યું કે ઈમારતને શહીદ કરીને ફરીથી કા'બાની એક મજબૂત ઈમારત બનાવવામાં આવે જેનો દરવાજો ઊંચો હોય અને છત પણ હોય.

કુરૈશે હળીમળીને કા'બાનું કામ શરૂ કરી આપ્યું. આ બાંધકામમાં હુઝૂરે અક઼દસ ﷺ પણ શરીક થયા, અને કુરૈશના સરદારોની સાથે ખભે ખભા મિલાવી પથ્થર ઉઠાવી ઉઠાવીને લાવતા રહ્યા. વિવિધ ક઼બીલાઓએ વિવિધ હિસ્સાઓ બાંધકામ માટે આપસમાં વહેંચી લીધા. જ્યારે ઈમારત હજરે અસ્વદ સુધી પહોંચી ગઈ તો ક઼બીલાઓમાં સખત ઝઘડો ખડો થઈ ગયો. દરેક ક઼બીલો એવું ચાહતો હતો કે અમે જ હજરે અસ્વદને ઉઠાવીને દીવાલમાં ગોઠવી દઈએ જેથી અમારા ક઼બીલા માટે એ ગર્વની વાત બની જાય. આ ખેંચતાણમાં ચાર દિવસ નીકળી ગયા અને પરિસ્થિતિ એટલી વણસી ગઈ કે તલ્વારો ખેંચાવાનો સમય આવી ગયો. અબૂ અબ્દુદાર અને બનૂ અદીના ક઼બીલાઓએ એના માટે જાનની બાજી લગાડી આપી, અને જાહિલિયતના જમાનાના દસ્તૂર પ્રમાણે પોતાની ક઼સમોને મજબૂત કરવા

માટે એક પ્યાલામાં લોહી ભરીને પોતાની આંગળીઓ તેમાં ડૂબાડીને ચાટી લીધી. પાંચમા દિવસે સર્વ અરબ કબીલાઓ હરમે કા'બામાં એકત્ર થયા અને એ ઝઘડાને નિશ્ચિત કરવા માટે એક વડીલ વૃધ્ધ શખ્સે એ તજવીઝ પેશ કરી કે કાલે જે શખ્સ વહેલી સવારના સૌથી પહેલો કા'બાના હરમમાં પ્રવેશ કરે તેને પંચ (ફેંસલો કરનાર) માની લેવામાં આવે અને તે જે ફેંસલો કરી આપે તેને સર્વેએ માની લેવો. આ વાત દરેકે સ્વીકારી લીધી અને સવારની રાહ જોવા લાગ્યા.

ખુદા عزوجل ની શાન કે સવારે જે શખ્સ હરમે કા'બામાં દાખલ થયો તે હુઝૂર રહમતે આલમ ﷺ જ હતા. આપને જોતાં જ સૌ પુકારી ઉઠયા કે વલ્લાહ ! આ "અમીન" છે ! જેથી અમો સૌ એમના ફેંસલા પર રાજી છીએ. હુઝૂર રહમતે આલમ ﷺએ આ ઝઘડાનું ખૂબ જ આસાનીપૂર્વક નિવારણ કર્યું. પ્રથમ આપે એ હુકમ આપ્યો કે જે જે કબીલાના લોકો હજરે અસ્વદને એના સ્થાને રાખવાના દાવેદાર છે તેમનો એક એક સરદાર ચૂંટી લેવામાં આવે. દરેક કબીલાવાળાઓએ પોત પોતાનો સરદાર ચૂંટી કાઢયો. પછી હુઝૂર ﷺએ પોતાની ચાદર મુબારકને બિછાવીને હજરે અસ્વદને એના પર રાખ્યો અને સરદારોને હુકમ આપ્યો કે સૌ લોકો આ ચાદરને પકડીને એ પવિત્ર પથ્થરને ઉઠાવો સૌ સરદારોએ ચાદરને ઉઠાવી અને જ્યારે હજરે અસ્વદ એના સ્થાને સુધી પહોંચી ગયો તો હુઝૂર ﷺએ પોતાના મોતબર્રક હાથો વડે એ મુકદ્દસ પથ્થરને ઉઠાવીને એની જગાએ મૂકી આપ્યો. આ રીતે એક એવી ખૂનરેઝી ટળી ગઈ જેના પરિણામે ન જાણે કેટલો ખૂન ખરાબો થાત.

*–(સીરતે મુસ્તફા ﷺ બહવાલા સીરતે ઈબ્ને હિશામ, ૧/૧૯૬,૧૯૭)*

આ બનાવથી ખૂબ સારી પેઠે અંદાઝો લગાડી શકાય છે કે હુઝૂર ﷺ એલાને નબુવ્વત પહેલાં શાંતિપ્રિય હતા અને અન્ય લોકો માટે અમ્નો શાંતિના માર્ગો દુરૂસ્ત કરી આપતા હતા.

## ★ હુઝૂર ﷺની અમાનતદારી અને હઝરત ખદીજાનો નિકાહ رضی اللہ عنہا નો પૈગામ ★

દુનિયામાં અશાંતિનો એક મહાન સબબ અમાનતદારી

(પ્રમાણિકતા)નો અભાવ પણ છે. કોઈ શખ્સે કોઈની સાથે ખયાનત કરી તો વાત લડાઈ ઝઘડા સુધી પહોંચી જાય છે. પછી અમ્નો સુકૂનનો ખાત્મો થઈ જાય છે. આકાએ કરીમ ﷺ એલાને નબુવ્વત પહેલાં વ્યાપારિક જિંદગીમાં પણ જેવી રીતે અન્ય સુસંસ્કારો (સારા અખ્લાકો)થી સજ્જ હતા એવી જ રીતે આપે અમાનતદારીનો પણ મહાન સબૂત પેશ કર્યો.

જયારે હઝરત ખદીજા رضی اللہ عنہاના વેપારના માલને લઈને આપ તેણીના ગુલામ મૈસરા સાથે નીકળ્યા અને ઢગલો નફો મેળવીને પરત થયા જેને આપે પૂરી અમાનતદારીની સાથે હઝરત ખદીજા رضی اللہ عنہاને સુપ્રત કરી આપ્યો, તો તેણી આપનાથી ખૂબ જ પ્રભાવિત થયાં. હઝરત ખદીજા رضی اللہ عنہا માલ દૌલતવાળાં ઉપરાંત અતિશય શરીફ અને ઈજ્જતદાર ખાતૂન હતાં. મક્કાવાસીઓ તેમની પાક દામની તથા પવિત્રતાને કારણે તેમને તાહિરા (પાકબાઝ) કહ્યા કરતા હતા. તેમની ઉમર ૪૦ વરસની થઈ ચૂકી હતી. પહેલાં તેમનો નિકાહ અબૂ હાલા બિન ઝરારા તમીમીથી થયા હતા. અને તેમનાથી બે પુત્રો હિંદ બિન અબૂ હાલા અને હાલા બિન અબૂ હાલા પેદા થઈ ચૂક્યા હતા. પછી અબૂ હાલાના ઈન્તેકાલ બાદ હઝરત ખદીજા رضی اللہ عنہا એ બીજો નિકાહ અતીક બિન આબિદ મખ્ઝૂમી સાથે કર્યો. તેમનાથી પણ બે ઔલાદો થઈ એક પુત્ર અબ્દુલ્લાહ બિન અતીક અને એક પુત્રી હિંદ બિન અતીક. હઝરત ખદીજા رضی اللہ عنہاના બીજા પતિ અતીકનો પણ ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો.

મોટા મોટા કુરૈશના સરદારો આપની સાથે નિકાહના ઈચ્છુક હતા પરંતું આપે સૌના પૈગામોને ઠુકરાવી દીધા હતા. પરંતુ હુઝૂર ﷺના પૈગંબરાના અખ્લાકો આદાબ (સુસંસ્કારો)ને જોઈને અને આપની આશ્ચર્યજનક હાલતો વિશે સાંભળીને આપનું દિલ તેમની તરફ એવું આકર્ષાયું કે આપોઆપ તેમના દિલમાં આપનાથી નિકાહની લાલશા પેદા થઈ.

આમ તો આપ મોટા મોટા માલદારો, મક્કા શહેરના સરદારોના પૈગામોને રદ કરી ચૂક્યાં હતાં અને એવું નિશ્ચિત કરી ચૂક્યાં હતાં કે હવે

ચાલીસ વરસની ઉમરમાં ત્રીજો નિકાહ કરીશ નહીં. પણ અહીં ખુદ હુઝૂર ﷺનાં ફોઈ હઝરત સફિય્યા رضی اللہ عنہاને બોલાવીને જે એમના ભાઈ અવામ બિન ખુવૈલદનાં પત્ની હતાં, તેમના થકી હુઝૂરે અક્દસ ﷺની કેટલાક અંગત હાલતોના બારામાં અધિક જાણકારી પ્રાપ્ત કરી. પછી નફીસા બિન્તે ઉમૈયાના થકી પોતે જ હુઝૂર ﷺની પાસે નિકાહનો પૈગામ મોકલ્યો.

મશહૂર ઈમામે સીરત મુહમ્મદ બિન ઈસ્હાક઼ે લખ્યું છે કે આ રિશ્તાને પસંદ કરવાનું જે કારણ હઝરત ખદીજા رضی اللہ عنہا એ હુઝૂર ﷺને વર્ણન કર્યું છે તે ખુદ તેમના જ શબ્દોમાં આ પ્રમાણે છે :–

اِنِّیْ قَدْ رَغِبْتُ فِیْكَ لِحُسْنِ خُلُقِكَ وَ صِدْقِ حَدِیْثِكَ "મેં આપના સારા સંસ્કાર અને અચ્છાઈના કારણે આપને પસંદ કર્યા."

*–(સીરતે મુસ્તફા ﷺ બહવાલા ઝુર્કાની અલલ્મવાહિબ, ૧/૩૦૦)*

હઝરત ખદીજા رضی اللہ عنہاનું કુરૈશના સરદારોના પૈગામોને ઠુકરાવીને હુઝૂર સૈયદે આલમ ﷺથી પતિ પત્ની તરીક઼ેનો સંબંધ ક઼ાયમ કરવા માટે તૈયાર થવું અને તેનું આપે જે કારણ દર્શાવ્યું તે યક઼ીનન ! એ વાતની સાક્ષી આપી રહેલ છે કે આક઼ાએ કૌનો મકાં ﷺ નબુવ્વતના એલાન પહેલાંથી જ એક અમ્ન પસંદ ઈન્સાન તથા સંસ્કારની ઉચ્ચતા અને સાચા બોલી અને સારો વહેવાર (વર્તાવ) ધરાવનાર હતા.

## ★ અમાનતથી ભરપુર વેપાર ★

સામાન્યતઃ વેપારના મામલાઓમાં માણસ ચૂકી જાય છે અને ઘણીવાર નફ્સની ઉશ્કેરણીમાં પોતાના નફાના માટે અન્યોનું નુકસાન કરી દેવાથી પણ ખચકાતો નથી. વળી લેવડ દેવડના મામલાઓમાં પણ ઘણીવાર એવા મોક઼ાઓ આવે છે કે જેની સાથે લેણદેણ થાય છે તે બદગુમાન તથા નફરત કરતો થઈ જાય છે. આક઼ાએ કૌનેન ﷺના વ્યાપારિક મામલાઓ આ સર્વ ખરાબીઓથી પાક સાફ હતા. તેની ગવાહી ખુદ આપના સાથી વેપારીઓ તથા જેમની સાથે આપનો વહેવાર હતો તેમણે આપી છે.

હઝરત ક઼ૈસ બિન સાઈબ મખ્ઝૂમી رضی اللہ عنہ વેપારના કામમાં આપની સાથે ભાગીદાર રહ્યા કરતા હતા અને આપના ગાઢ મિત્રોમાંથી હતા. કહ્યા

કરતા હતા કે હુઝૂરે અકરમ ﷺનો મામલો પોતાના વ્યાપારિક ભાગીદારો સાથે હમેશાં અતિશય સાફ સુથરો રહેતો હતો, અને કદી કોઈ ઝઘડો ઉપસ્થિત થયો ન હતો. *(ઈસ્તીઆબ, ૨/૫૩૭)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉબય હમ્સાઅ્ વર્ણવે છે કે મેં નબી કરીમ રઉફો રહીમ ﷺની સાથે આપના એલાને નબુવ્વતથી પહેલાં ખરીદ વેચાણનો એક મામલો કર્યો હતો. મારા પર અમુક કિંમત બાકી રહી ગઈ હતી. મેં કહ્યું કે તમો થોભો, હું હમણા લઈને આવું છું. હું ઘરે જઈને ભૂલી ગયો અને મને ત્રણ દિવસો પછી યાદ આવ્યું. જ્યારે હું પાછો આવ્યો તો જોયું કે આપ ત્યાં મૌજૂદ છે. આપે મને કહ્યું :–

يَا فَتًى لَقَدْ شَقَقْتَ عَلَيَّ اَنَا هَاهُنَا مُنْذُ ثَلَاثٍ اَنْتَظِرُكَ ''હે નવજવાન ! તમે મને મુશ્કેલીમાં નાખી દીધો ! હું અહીંયાં ત્રણ દિવસથી તમારી રાહ જોઈ રહ્યો છું.'' *(સુનને અબૂ દાઊદ, ૨/૩૩૪)*

કારોબારી મામલાઓમાં આ કિરદારનું દષ્ટાંત ક્યાંય નથી મળી શકતુ કે વાયદો કર્યો હતો કે અહીં જ રોકાશો, તો ત્રણ દિવસ સુધી રાહ જોતા રહી ગયા. પછી જ્યારે ત્રણ દિવસો પછી પણ જ્યારે તે માણસ આવ્યો તો કેવળ એક નરમ લહેજામાં જ વાત પતાવી દીધી !

## ★ આપનો અમાનતદારનો ગુણ અને ''અમીન'' લક્બ ★

પયગંબરે અમ્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પોતાના અમાનત (પ્રમાણિકતા)ના ગુણમાં પણ અજોડ છે કેમ કે અમાનતના વિવિધ પ્રકારોમાંથી સૌથી મોટા પ્રકાર ''વહીએ ઈલાહી''ના આપ ''અમીન'' છે. અલ્લાહ ﷻએ રસૂલે અકરમ ﷺને પોતાની વહીના અમીન બનાવીને આ દુનિયામાં મોકલ્યા. એક અમીનના માટે જરૂરી છે કે તે અમાનતમાં કોઈ રીતની હેરફેર ન કરે અને તે જે પ્રમાણે છે એ જ સ્થિતિમાં તેને પહોંચાડી આપે. આકાએ કરીમ ﷺએ વહીએ ઈલાહીના અમીન હોવાની જિમ્મેદારી સંભાળી તો તેને સંપૂર્ણપણે કોઈ વધારા ઘટાડા વિના સારા તરીકાથી નિભાવી. અને આપની એ જ અમાનતદારી (પ્રમાણિકતા)ને ખાલિકે કાયનાત આ પ્રમાણે વર્ણવે છે :–

وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى ○ اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى ○

"અને તે કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા, તે તો નહીં પણ વહી જે તેમને કરવામાં આવે છે." *(સૂ. નજ્મ, આ.૪, કન્ઝુલ ઈમાન)*

અમાનતનો બીજો પ્રકાર લોકોના માલો તથા રાઝોની હિફાઝત કરવી છે. એમાં પણ આકાએ કૌનેન ﷺ અજોડ તથા અનુપમ જોવા મળે છે. આપની અમાનતનો એ આલમ હતો કે એલાને નબુવ્વતથી પહેલાં જ અરબવાસીઓ આપને "અમીન" કહેવા લાગ્યા હતા.

આપની અમાનત એટલા પ્રમાણમાં મશ્હૂર તથા યકીની હતી કે આપના સખત દુશ્મન અને કાફિરો પણ પોતાની અમાનતો આપની પાસે રખાવીને નિશ્ચિંત થઈ જતા હતા. આપે કદાપિ કોઈની અમાનતમાં રજમાત્ર પણ ખયાનત (અપ્રમાણિકતા) નથી કરી, ત્યાં સુધી કે અમાનતો હઝરત અલી رضی اللہ عنہ ને સોંપી અને કહ્યું કે એમને એમના માલિકો સુધી પહોંચાડી આપજો.

હિજરતની રાતમાં કાફિરોએ ખાનએ અકદસનો ઘેરાવ કર્યો હતો અને તે લોકો આપને ખત્મ કરવાનો પૂરો નિશ્ચય કરીને આવ્યા હતા. આવા સંજોગોમાં કેટલા પ્રમાણમાં ડર તથા ગભરામણ હોય શકે છે ! એનો અંદાઝો લગાડવો મુશ્કેલ નથી. તેમ છતાં પણ આવા માહોલમાં પણ અમાનતો પરત કરવાની ફિકર કરવી અને એમને પરત કરવાની ફિકર કરવી અને એમને પરત આપવા માટે પોતાના કોઈ ખાસ માણસને પોતાનો નાયબ બનાવીને નીકળવું એ વાતની ઉઘાડી સાબિતી છે કે આપને અમાનતોની અતિશય ફિકર રહ્યા કરતી હતી અને આપ ઉચ્ચ કક્ષાના અજોડ અમીન હતા.

## ★ મા બાપ કરતાં અધિક પુરઅમ્ન બારગાહે મુસ્તફા ﷺ ★

હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہ યમનના એક કબીલાના સરદાર શુર હબીલના સાહબઝાદા હતા. તેમને ડાકૂઓએ આઠ વરસની ઉમરમાં અપહરણ કરીને વેચી દીધા હતા. હઝરત ખદીજા رضی اللہ عنہا એ એમને ખરીદયા હતા. તે આપના ખાદિમ હતા. પછી જ્યારે હઝરત ખદીજાથી

હુઝૂર ﷺએ નિકાહ કર્યો તો આપે હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہને તોહફારૂપે આપ ﷺની ખિદમતમાં પેશ કર્યા. હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہ હુઝૂર ﷺની ખિદમત કરતા રહ્યા, ત્યાં સુધી કે તેમના પિતા તથા કાકા આપની શોધ કરતા કરતા હુઝૂર ﷺની પાસે પહોંચ્યા. તો આપ ﷺએ અમન યથાવત રાખવા માટે જે તરકીબ અપનાવી તે ખરેખર અનુસરવાને પાત્ર છે. આપે ખુદ ઝયદ બિન હારિષા رضی اللہ عنہને અધિકાર આપી દીધો કે જેને ચાહે અપનાવે. એટલે કે ચાહે તો પોતાનાં બાપની સાથે ચાલ્યા જાય, અને ચાહે તો હુઝૂર ﷺની પાસે રહે. તેમણે હુઝૂર ﷺની સોહબતને અગ્રતા આપી.

જ્યારે કે હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہ પર પૂરો હક્ક઼ હુઝૂર ﷺનો હતો, કેમ કે તે આપના ગુલામ હતા. તેમ છતાં આપે એક પુત્રને પોતાના પિતાથી જુદો કરવો યોગ્ય ન જાણ્યું, એટલા માટે આપે તેમને ઈખ્તિયાર આપ્યો. પરંતું તેમણે ઈખ્તિયારનો ઉપયોગ ન કરતાં એ દર્સ આપ્યો કે જે અમ્નો સુકૂન પયગંબરે અમ્ન ﷺના દામનથી જોડાયેલા રહેવામાં મયસ્સર થાય છે તે માબાપની સોહબતમાં પણ મયસ્સર નથી થઈ શકતો.

## ★ સામાન્ય લોકોથી વિશિષ્ટ પુર અમ્ન જિંદગી ★

હુઝૂરે અક઼દસ ﷺની જિંદગી શરૂથી આખર સુધી આમ લોકો કરતાં નિરાળી હતી. આપની યુવાની હયાથી ભરપુર હતી અને ચાલ ચલન ગંભીરતા તથા વક઼ાર (પ્રભાવ)નો સંપૂર્ણ નમૂનો હતાં. નબુવ્વતના એલાન પહેલાં હુઝૂર ﷺની તમામ જિંદગી બેહતરીન અખ્લાક઼ તથા આદતો (શિષ્ટાચાર)નો ખજાનો હતી. દરેક તે કામ જે સુલહ શાંતિ સ્થાપિત કરવામાં અસરકારકતા ધરાવે છે એના આપ પાબંદ હતા, અને અમ્નો સુકૂન બર્બાદ કરનાર દરેક કામથી દૂરી અપનાવતા હતા. સત્ય, પ્રમાણિકતા, વફાદારી, વચન પાલન, મોટેરાઓની ઈજ્જત, નાનાઓ પર હેત, સગાંવહાલાં સાથે મહોબ્બત, રહમ તથા સખાવત, ક઼ૌમની ખિદમત, દોસ્તોથી હમદર્દી, સંબંધીઓની ગમખ્વારી, ગરીબો તથા મુફલિસોની

ખબરગીરી (દેખરેખ), દુશ્મનો સાથે નેક વર્તાવ, ખુદાની મખ્લૂકની શુભેચ્છા....સારાંશ કે સર્વ નેક ખાસિયતો તથા આદતોમાં આપ એટલા ઉચ્ચ સ્થાને પહોંચેલા હતા કે દુનિયાના મોટાથી મોટા ઈન્સાનોના માટે ત્યાં સુધી પહોંચ તો શું એની કલ્પના પણ શક્ય નથી.

ઓછુ બોલવું, ફુઝૂલ વાતોથી નફરત કરવી, ખુશ ચહેરો તથા હસતામુખે દોસ્તો તથા દુશ્મનોને મળવું, દરેક મામલામાં સાદગી અને સફાઈની સાથે વાત કરવી હુઝૂર જાને રહમતો રાફત ﷺનો ખાસ તરીક઼ો હતો.

લોભ, લાલચ, દગો, પ્રપંચ, જૂઠ, શરાબપાન, બદકારી, નાચગાન, લૂટમાર, ચોરી, બિભત્સ બોલી, ઈશ્ક઼બાઝી આ સર્વ બુરી આદતો અને બુરી ટેવો જે જાહિલિયતના જમાનામાં સામાન્યપણે દરેક વ્યક્તિની તબીઅતમાં રહેતી હતી, હુઝૂર ﷺની પવિત્ર જાત આ સર્વથી પાક તથા સાફ રહી. આપની સાચાબોલી, અમાનત તથા દિયાનત (પ્રમાણિકતા)ની આખા અરબસ્તાનમાં બોલબાલા હતી અને મક્કાના દરેક નાના મોટાના દિલમાં આપના ઉમદા અખ્લાક઼નો એતબાર હતો અને સૌની નજરમાં આપની એક વિશિષ્ટ પ્રતિષ્ઠા હતી.

ઉમ્મુલ મો'મિનીન સૈયદના ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا આ શબ્દોમાં વર્ણવેલ હક઼ીક઼તોનો સ્વીકાર કરે છે :–

فَوَاللهِ لَا يُخْزِيْكَ اللهُ أَبَدًا، وَاللهِ إِنَّكَ لَتَصِلُ الرَّحِمَ، وَتَصْدُقُ الْحَدِيْثَ، وَتَحْمِلُ الْكَلَّ، وَتُكْسِبُ الْمَعْدُوْمَ، وَتَقْرِى الضَّيْفَ، وَتُعِيْنُ عَلٰى نَوَائِبِ الْحَقِّ۔

''ખુદાની ક઼સમ ! અલ્લાહ તઆલા કદી આપને બેઈજ્જત નહીં કરે, કેમ કે આપ તો સિલએ રહમી (સગાંથી સદ્‌વર્તાવ) કરો છો, હમેશાં સાચા બોલીથી કામ લો છો, અન્યોનો બોજ ખુદ વેઠો છો, લોકોને આપ પ્રાપ્ત ફાયદાઓ અપાવો છો, મહેમાનોની ઝિયારત કરો છો અને હક્ક઼ના કામોમાં દરેકની ઈમદાદ કરો છો.'' *(સહીહ મુસ્લિમ, પેજ–૨૫૨, બદઉલ વહ઼ી)*

...પ્રકરણ : ૩

# એલાને નબુવ્વત બાદ હુઝૂર ﷺની અમ્નભરી જિંદગી

પયગંબરે રહમત ﷺની સીરત (જીવન ચરિત્ર)નો અભ્યાસ કરનાર દરેક શખ્સ સારી રીતે જાણે છે કે એલાને નબુવ્વતથી પહેલાં આપના ઉચ્ચ સંસ્કારો તથા ઉમદા કિરદારના પૂરુ અરબસ્તાન જ નહીં બલ્કે વ્યાપાર સંબંધી સફરો માટે આપ જ્યાં જ્યાં તશરીફ લઈ ગયા ત્યાંના લોકો પણ માનવાવાળા હતા. દરેક જગાએ આપની સચ્ચાઈ તથા અમાનત અને આપના અખ્લાક઼ી ઉમદાપણાનો ડંકો વાગતો હતો.

એલાને નબુવ્વત પછી આપ અલ્લાહના હુકમના મુજબ એક અરસા સુધી ગુપ્ત રીતે તબ્લીગ કરતા રહ્યા અને એના પરિણામે વિવિધ વ્યક્તિઓ ઈસ્લામી વર્તુળમાં દાખલ પણ થઈ ગઈ. પછી જ્યારે આયત મુબારક : وَأَنذِرْ عَشِيرَتَكَ الْأَقْرَبِينَ "અને હે મેહબૂબ ! તમારાં નિકટતમ સગાંઓને ડરાવો." *(સૂ. શુઅરા, ૨૬/૧૪)* નાઝિલ થઈ તો આપે સફા પહાડીની ટોચ પરથી સદાએ ઈસ્લામ બુલંદ કરી અને લોકોને ખુદાએ વહ્દહૂ લાશરીકની ઈબાદત કરવા અને શિર્કથી બચવાની તરફ દાવત આપી. આપે يامعشر القريش કહીને કુરૈશના ક઼બીલાવાળાઓને પુકાર્યા.

જ્યારે સર્વ એકત્ર થઈ ગયા તો આપે ફર્માવ્યું, હે મારી ક઼ૌમ ! જો હું તમને લોકોને એવું કહું કે આ પહાડની પાછળ એક લશ્કર છુપાયેલ છે જે તમારા પર હુમલો કરનારુ છે, તો શું તમે લોકો મારી વાત પર યક઼ીન કરશો ? સૌએ એકી ઝબાને કહ્યું કે હા ! અમે જરૂર તમારી વાતનું યક઼ીન કરી લઈશું, કેમ કે અમે તમને હમેશાં સાચા તથા અમીન જ જોયા છે. આપે ફર્માવ્યું, સારું ! તો પછી હું એવું કહું છું કે હું તમને લોકોને અલ્લાહના

અઝાબથી ડરાવી રહ્યો છું, અને જો તમે લોકો ઈમાન નહીં લાવશો તો તમારા પર અલ્લાહનો અઝાબ ઉતરી પડશે. આ સાંભળીને સર્વ લોકો સખત નારાજ થઈને ચાલ્યા ગયા અને આપની શાનમાં એલ ફેલ બકવા લાગ્યા. *(સહીહ બુખારી, ૬/૧૭૯)*

પછી જ્યારે આયત મુબારક فَاصْدَعْ بِمَا تُؤْمَرُ ("તો એલાનિયા કહી આપો જે વાતનો તમને હુકમ છે.") નાઝિલ થઈ તો આપે એલાનિયા તબ્લીગે ઈસ્લામ શરૂ કરી અને શિર્ક તથા મૂર્તિપૂજાની ઉઘાડે છોગે બુરાઈ વર્ણન કરવા લાગ્યા. એના લીધે તમામ કુરૈશીઓ બલ્કે પૂરુ અરબસ્તાન આપનું વિરોધી થઈ ગયું. આ બાજુ આપે ઈસ્લામની તબ્લીગનું કામ ચાલુ રાખ્યું અને પેલુ બાજુથી આપને ઈજા પહોંચાડવાનો તથા તકલીફો આપવાનો સતત ક્રમ ચાલુ થઈ ગયો.

## ★ અનહદ તકલીફો અને સબ્રે જમીલ ★

હુઝૂર સૈયદે આલમ ﷺ અને આપના સહાબાઓ પર આપના નબુવ્વતના એલાન તથા ઈસ્લામની તબ્લીગના પ્રારંભ બાદ જુલ્મો સિતમના પહાડો તોડવામાં આવ્યા. તેમ છતાં આપે અમ્ન સ્થાપવાની જે કોશિશ કરી છે તે અનુપમ છે એનો સબબ એ નથી કે હુઝૂર ﷺ કાંઈ કરી શકતા ન હતા એટલા માટે સબ્ર કર્યે જતા હતા, બલ્કે જો જોવામાં આવે તો આપ આસાની સાથે વિરોધીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરી શકતા હતા.

દુનિયવી એતબારથી નબુવ્વતના એલાન બાદ જો કે મોટા ભાગના લોકોએ તરફદારી છોડી દીધી હતી, પરંતુ તેમ છતાં આપનો કબીલો આપની સાથે હતો. આપ ચાહતા તો મદદના માટે તેમને અવાજ દેતા પછી જંગ છેડાય જાત.

આખેરતના એતબારથી આપનો સંબંધ તો આસ્માની દુનિયાથી અને આ સૃષ્ટિના સર્જનહાર (ખાલિક)થી છે. જો આપ ચાહતા તો એક જ વાર હલાકતની દુઆ કરત તો પૂરી કૌમ હલાક થઈ જાત. જેવું કે અમુક અગાઉના અંબિયાથી માલૂમ પડે છે.

આપની અમ્ન પસંદ (શાંતિપ્રિય) તબીઅતે એ બંનેવ વાતોને માન્ય ન રાખી, બલ્કે જ્યારે પણ આપના પર જુલ્મ તથા સખ્તીની હદ કરી દેવામાં આવી તો આપે એ જ દુઆ કરી : اَللّٰهُمَّ اهْدِ قَوْمِيْ فَاِنَّهُمْ لَا يَعْلَمُوْنَ ''હે અલ્લાહ ! મારી કૌમને હિદાયત આપ, એટલા માટે કે તે (મને) જાણતી જ નથી.''

આમ તો હુઝૂર ﷺ પર કરવામાં આવનાર જુલ્મોની દાસ્તાન ઘણી જ લાંબી છે. પરંતું લખાણ બહુ ન લંબાવતાં અમુક બનાવો અત્રે રજૂ કરવામાં આવે છે જેને વાંચીને સરળતાપૂર્વક અંદાઝો લગાડી શકાય છે કે હુઝૂર ﷺએ પોતાના મઝલૂમીના તથા મગલૂબીના દૌરમાં સબ્ર તથા સંયમના અજોડ દષ્ટાંતો રજૂ કરીને અમ્નો શાંતિ જાળવવાને યકીની બનાવ્યું છે. આપે જો આપના અમુક અનુયાયીઓ તથા ખાનદાનવાળાઓની સાથે મળીને જવાબી કાર્યવાહી કરી હોત તો લડાઈઓનો લાંબો ક્રમ શરૂ થઈ જાત અને આમ શાંતિ અતિશય પ્રભાવિત થઈ જાત. એટલા માટે આપે કોઈ જવાબી કાર્યવાહીઓનું ખાસ કરીને મક્કા મુકર્રમામાં આયોજન ન કર્યું અને ન પોતાના માનવાવાળાઓને એની ઈજાઝત આપી, બલ્કે હમેશાં સબ્રનો દામન પોતે પણ થામેલા રહ્યા અને પોતાના માનવાવાળાઓને પણ એની જ તલ્કીન કરી. આપના પર કરવામાં આવેલા જુલ્મોના અમુક નમૂનાઓ જોઈ લો :

## ★ ગળામાં ફાંસો નાખીને ખેંચવામાં આવ્યા ★

એક વાર હુઝૂર ﷺ હરમે મક્કામાં નમાઝ પઢી રહ્યા હતા એવામાં એક સંગદિલ કાફિર ઉકબા બિન અબી મુઈતે આપના ગળામાં ચાદરનો ફાંસો નાખીને એટલા જોરથી ખેંચ્યું કે આપનો દમ ઘૂંટાવા લાગ્યો. આ મન્ઝર જોઈને હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ દોડી પડયા. આપે ઉકબા બિન મુઈતને ધક્કો મારીને દૂર કરી આપ્યો અને કહ્યું :–

اَتَقْتُلُوْنَ رَجُلًا اَنْ يَّقُوْلَ رَبِّيَ اللّٰهُ وَقَدْ جَآءَ كُمْ بِالْبَيِّنٰتِ مِنْ رَّبِّكُمْ ۔

''શું એક ઈન્સાનને એ કારણે મારવા બેઠા છો કે તે કહે છે મારો રબ

અલ્લાહ છે ! અને બેશક ! તે રોશન નિશાનીઓ તમારી પાસે તમારા રબની તરફથી લાવ્યા છે." *(સહીહ બુખારી, ૧/૫૪૪)*

## ★ ક઼ત્લની સાઝિશ રચવામાં આવી ★

સૂરએ તબ્બત યદામાં અબૂ લહબ અને તેની પત્નીની બુરાઈ વર્ણવવામાં આવી છે. આ બંનેવ પતિ પત્ની હુઝૂર સૈયદે આલમ ﷺ સાથે સખત દુશ્મની તથા નફરત કરતાં હતાં. આ સૂરતમાં અબૂ લહબની પત્ની ઉમ્મે જમીલ ઉર્વા બિન્તે હર્બને حَمَّالَةَ الْحَطَبِ કહેવામાં આવેલ છે, જેનો તર્જુમો મોટાભાગના મુફસ્સિરોએ "બળતણ ઉઠાવનારી" કર્યો છે. એનું કારણ એ છે કે તે દિવસભર જંગલમાં કાંટા તથા કાંટાળી ડાળીઓ વીણતી રહેતી હતી અને રાતે હુઝૂર ﷺના માર્ગમાં ફેંકી દેતી હતી.

જ્યારે સૂરએ તબ્બત યદા નાઝિલ થઈ તો તે ગુસ્સાથી બેક઼ાબૂ થઈ ગઈ. પોતાના ભાઈ અબૂ સુફયાનના ઘરે ગઈ અને જઈને કહ્યું, હે મારા બહાદુર ભાઈ ! શું તમને એ વાતનો ઈલ્મ નથી થયો કે મુહમ્મદ (ﷺ)એ મારી હિજ્જુ કરી છે ? તે કહેવા લાગ્યા, હું હમણા એનો બદલો લઈને આવુ છું. તેમણે તલ્વાર લીધી અને ઝડપભેર ઘરથી નીકળ્યા. પંરંતું થોડીવારમાં ઝડપથી ભાગતા પરત આવ્યા. ઉમ્મે જમીલે પૂછયું, શું તમે તેને ક઼ત્લ કરીને આવ્યા છો ? અબૂ સુફયાને કહ્યું, હે મારી બહેન ! તમારા ભાઈનું માથુ કોઈ અજગરના મોઢામાં હોય ? તેણે કહ્યું, કદાપિ નહીં ! તેમણે કહ્યું, જ્યારે હું તલ્વાર લઈને એમની નજીક પહોંચ્યો તો મેં જોયું કે એક અજગર મોં ફાડીને મારી તરફ વધી રહ્યો છે અને મને ગળી જવા ચાહે છે, એના ડરથી હું ભાગી આવ્યો છું. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨/૩૦૬)*

## ★ આપની સાહબઝાદીઓને તલાક઼ આપી દેવામાં આવી ★

મક્કાના કાફિરો સરવરે કાઈનાત ﷺને તકલીફ પહોંચાડવાનો કોઈ મોક઼ો હાથથી જવા દેતા ન હતા.

ઈસ્લામના પ્રારંભમાં મો'મિના સ્ત્રીઓના નિકાહ મુશ્રિકોથી કરવાની મનાઈ નાઝિલ થઈ હતી નહીં. એ જ કારણે હુઝૂર ﷺની બે

પુત્રીઓ હઝરત રૂકૈયા તથા ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا અને અબૂ લહબના બે પુત્રો ઉત્બા તથા ઉતૈબાના નિકાહમાં હતી, પણ હજુ તેમની વિદાયગીરી થઈ હતી નહીં. જ્યારે સૂરએ લહબ નાઝિલ થઈ તો અબૂ લહબે પોતાના બંનેવ પુત્રોને બોલાવીને હુકમ આપ્યો કે તમે તાત્કાલિક તેમની પુત્રીઓને તલાક઼ આપી દો, અને જો તમે એવું ન કર્યું તો મારો અને તમારો કોઈ સંબંધ બાકી રહેશે નહીં. એ જાલિમના બંનેવ બેરહમ પુત્રોએ હુઝૂર સૈયદે આલમ ﷺના દિલ મુબારકને દુઃખ તથા રંજ પહોંચાડવા માટે તેમને તલાક઼ આપી દીધી. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨/૩૦૬)*

## ★ ઘર તથા દરવાજા પર નાપાક ચીજો નાખવામાં આવતી ★

સરવરે કાઈનાત ﷺને દરેક રીતે તકલીફ પહોંચાડીને અદાવત પ્રદર્શિત કરવી કાફિરો તથા મુશ્રિકોએ પોતાની જિંદગીનો મક઼સદ બનાવી લીધો હતો. આ અદાવતમાં તેઓ અતિશય નીચ પ્રકારની હરકતો કરી લેતા હતા.

હઝરત ઈબ્ને ઈસ્હાક઼ ફર્માવે છે કે જે લોકો નબી ﷺને ઘર પર તકલીફ પહોંચાડતા હતા તેઓ આ છે :

(૧) અબૂ લહબ (૨) હકમ બિન આસ બિન ઉમૈયા (૩) ઉક઼બા બિન અબી મુઈત (૪) અદી બિન હમરા ષક઼ફી તથા (૫) ઈબ્નુલ અસદા હઝલી. આ સૌ નબીએ રહમત ﷺના પડોશી હતા. તેમનામાંથી હકમ બિન આસ સિવાયના કોઈને ઈમાનની દૌલત ન મળી.

જ્યારે નબી અકરમ ﷺ નમાઝ પઢતા તો તેમનામાંથી કોઈ ઊંટની હોજરી તેમના ઉપર નાખી દેતા, આપના ઘરમાં ખાવા રંધાતુ તો તેમનામાંથી કોઈ શખ્સ હોજરી લઈને આપના ઘરની હાંડલીમાં નાખી દેતો. તેમની તકલીફથી બચવા માટે સરવરે કાયનાત ﷺએ નમાઝના માટે એક અલગ ઓરડો બનાવી લીધો હતો.

જ્યારે તે લોકો નબી અકરમ ﷺને આ રીતે તકલીફ આપતા હતા તો આપ બહાર નીકળીને કેવળ એટલુ કહેતા હતા :–

يَابَنِى عَبْدِمَنَافٍ اَىُّ جِوَارٍ هٰذَا؟ "હે નબી અબ્દે મનાફ ! શું પડોશીનો આ જ હક્ક઼ છે. *(સીરતે ઈબ્ને હિશામ, ૧/૪૧૬)*

અલ્લાહુ અકબર ! જો નબી અકરમ ﷺ એમના માટે દુઆએ હલાકત ફર્માવી દેત તો ઘડીકવારમાં સૌ તબાહ થઈ જાત પરંતુ આ આપની અમ્ન પસંદી તથા રહમતનો તક઼ાઝો હતો કે આપે એમના જુલ્મો સહન કર્યા. નબી અકરમ ﷺ તેમની તકલીફોને જ્યારે યાદ કરતા હતા તો એવું ફર્માવતા હતા :–

كُنْتُ بَيْنَ شَرِّ جَارَيْنِ اَبِىْ لَهَبٍ وَّعُقْبَةَ بْنِ اَبِىْ مُعَيْطٍ اِنْ كَانَا لَيَأْتِيَانِّ بِالْفُرُوْثِ فَيَطْرَحَانِّهَا عَلٰى بَابِىْ.

"હું સૌથી મોટા પડોસીઓની વચ્ચે હતો. એટલે કે અબૂ લહબ અને ઉક઼્બા બિન અબી મુઐતના વચ્ચે. તેઓ બંનેવ લીંડ તથા છાણ એકત્ર કરીને લઈ આવતા અને મારા દરવાજા પર નાખી દેતા હતા."

*–(અસ્સીરતુલ હલબિયહ, ૧/૪૪૭)*

## ★ ચહેરા મુબારક પર થૂકવાની કોશિશ કરવામાં આવી ★

નબી અકરમ ﷺનું ઉક઼્બા બિન અબી મુઐતની સાથે ઉઠવા બેસવાનું હતું. એક વાર ઉક઼્બા એક સફરથી પરત આવ્યો. તો તેણે કુરૈશના શરીફો તથા ઈજ્જતદારોની દાવત કરી. તે પ્રસંગે તેણે નબી ﷺની પણ દાવત કરી. જ્યારે ખાવાનો સમય થયો તો સરકારે અબદ ક઼રાર ﷺએ ખાવાથી ના પાડી દીધી અને ફર્માવ્યું કે જ્યાં સુધી તું કલ્મએ શહાદત પઢીને ઈસ્લામમાં દાખલ નથી થઈ જતો ત્યાં સુધી હું તારું ખાવા ખાઈશ નહીં. અરબવાસીઓ માટે એ ઘણી અસહ્ય વાત હતી કે તેમના દસ્તરખાનથી કોઈ ખાવા ખાધા વિના ચાલ્યુ જાય, અને એના માટે તેઓ દરેક શરત માની લેવા તૈયાર થઈ જતા હતા. એ જ કારણે ઉક઼્બાએ કલ્મએ શહાદત પઢી લીધો તો નબીએ અકરમ ﷺએ ખાવા લીધું.

ઉક઼્બા, ઉબય બિન ખલફનો દોસ્ત હતો. લોકોએ ઉક઼્બાનો એ બનાવ ઉબય બિન ખલફને જણાવ્યો. ઉબય આ સાંભળીને ગુસ્સાથી તમતમી

ઉઠયો. તે ઉક્બાની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, શું તું પાગલ થઈ ગયો છે ?! તેણે કહ્યું, હું પાગલ નથી થયો, બલ્કે મામલો અસલમાં એ છે કે તેમણે એવી શર્ત લગાડી દીધી હતી કે હું કલ્મએ શહાદત પઢીશ તો જ એ ખાણુ ખાશે, અને મને ગૈરત મેહસૂસ થઈ કે મારા દસ્તરખાનથી કોઈ શખ્સ ખાણુ ખાધા વિના ચાલ્યો જાય, એટલા માટે મેં કેવળ તેમને દેખાડવા માટે કલ્મએ શહાદત પઢી લીધો, મારા દિલમાં એના સંબંધે કોઈ શહાદત નથી.

ઉબયે કહ્યું, હવે હું તને કદાપિ મળીશ નહીં, જ્યાં સુધી તું મુહમ્મદ ﷺના ચહેરા પર ન થૂકે. ઉક્બાએ કહ્યું, સારું ! હું તારી ખુશી માટે જરૂર એવું કરીશ. ઉક્બાની જ્યારે નબી કરીમ ﷺની સાથે મુલાકાત થઈ તો તેણે આપના ચહેરએ અક્દસ પર થૂકી દીધું. હઝરત ઝહાક ફર્માવે છે :–

لَمَّا بَزَقَ عُقْبَةُ لَمْ تَصِلِ الْبَزْقَةُ اِلٰى وَجْهِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بَلْ وَصَلَتْ اِلٰى وَجْهِهٖ هُوَ كَشِهَابِ نَارٍ فَاحْتَرَقَ مَكَانَهَا، وَكَانَ اَثَرُ الْحَرْقِ فِيْ وَجْهِهٖ اِلَى الْمَوْتِ.

"જ્યારે ઉક્બાએ થૂકયું તો તે થૂક હુઝૂર ﷺના ચહેરા મુબારક સુધી ન પહોંચ્યું, બલ્કે તે આગનો ગોળો બનીને ઉક્બાના ચહેરા પર ટકરાયું અને એના ચહેરાનો એટલો ભાગ સળગી ગયો, જેની અસર તેના ચહેરા પર તેના મૃત્યુ સુધી રહી. *(અસ્સીરતુલ હલબિયહ, ૧/૪૪૭)*

આ પ્રકારની કેટલીયે નિશાનીઓ એ લોકોએ જોઈ લીધી હતી અને વારંવાર એમના પર જાહેર થઈ ચૂક્યું હતું કે રસૂલે અકરમ ﷺથી દુશ્મની અને આપને તકલીફ પહોંચાડવું ખુદ એમના માટે નુકસાનકર્તા છે, તેમ છતાં સરકશીથી દૂર થતા ન હતા કેમ કે રસૂલે પાક ﷺની અદાવત તેમના દિલોમાં ઘર કરી ગઈ હતી.

## ★ અબૂ જહલના તરફથી શારીરિક તકલીફો ★

અબૂ લહબના બારામાં રિવાયતોમાં એ જ છે કે તે હુઝૂર ﷺને પોતાની જીભ વડે મહેણાં ટોણાં મારીને રંજમય કરતો હતો, પરંતુ અબૂ

જહલની અદાવતમાં નીચતા તથા કમીનાપણુ પણ હતું. તે નબી અકરમ ﷺને શારીરિક તકલીફો પણ પહોંચાડયા કરતો હતો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે :–

قَالَ اَبُوْ جَهْلٍ: لَئِنْ رَاَيْتُ مُحَمَّدًا يُصَلِّي عِنْدَ الْكَعْبَةِ لَاَطَأَنَّ عَلٰى عُنُقِهٖ فَبَلَغَ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: لَوْ فَعَلَهٗ لَاَخَذَتْهُ الْمَلَائِكَةُ۔

"અબૂ જહલે કસમ ખાધી હતી કે હુઝૂર ﷺને કા'બાની પાસે નમાઝ પઢતા જોશે તો પોતાના પગો વડે તેમની ગરદનને કચડી નાખશે. (મઆઝલ્લાહ !) નબી અકરમ ﷺએ આ સાંભળ્યું તો ફર્માવ્યું, જો તે એવું કરવાનો ઈરાદો કરશે તો ફરિશ્તા જરૂર તેને તેના અંજામ સુધી પહોંચાડી આપશે.

પછી એવું જ થયું. તેણે જ્યારે કદી આકાએ કૌનેન ﷺને કા'બા મુકદ્દસ પાસે નમાઝ પઢવાથી રોકવાની કોશિશ કરી તો ઝલીલ તથા બેઈજ્જત થયો. એની વિગત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ આ પ્રમાણે વર્ણવી છે :–

كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّيْ فَجَاءَ اَبُوْ جَهْلٍ فَقَالَ: اَلَمْ اَنْهَكَ عَنْ هٰذَا اَلَمْ اَنْهَكَ عَنْ هٰذَا فَانْصَرَفَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَزَبَرَهٗ فَقَالَ اَبُوْ جَهْلٍ: اِنَّكَ لَتَعْلَمُ مَا بِهَا رَجُلٌ اَكْثَرُ نَادِيًا مِّنِّيْ فَاَنْزَلَ اللّٰهُ: فَلْيَدْعُ نَادِيَهٗ سَنَدْعُ الزَّبَانِيَةَ۔

"નબી કરીમ ﷺ નમાઝ પઢી રહ્યા હતા એવામાં અબૂ જહલ આવી ગયો. તે આપને કહેવા લાગ્યો, શું મેં તમને આનાથી મના કર્યું ન હતું ? નબી અકરમ ﷺએ તેને ધમકાવી કાઢયો. તેણે કહ્યું, તમને ખબર છે કે મક્કામાં મારી પાસે સૌથી વધુ દોસ્ત છે. એના પર અલ્લાહ તઆલાએ આ આયતે મુકદ્દસા નાઝિલ કરી, "હવે પોકારે પોતાની મજલિસને, હમણાં અમે સિપાહીઓને બોલાવીએ છીએ."

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : وَاللّٰهِ لَوْ دَعَا نَادِيَهٗ لَاَخَذَتْهُ زَبَانِيَةُ اللّٰهِ۔ "ખુદાની કસમ ! જો તે તેના દોસ્તોને બોલાવત તો યકીનન ! તેને અલ્લાહના ફરિશ્તાઓ તબાહ તથા બર્બાદ કરી દેતા." *(દુર્રે મન્સૂર, ૬/૫૬૪)*

રિવાયતોમાં આવ્યું છે કે એક દિવસે આકાએ કરીમ ﷺ નમાઝ પઢી રહ્યા હતા તો તે નજીક આવ્યો જેથી પોતાના ખબષ (ગંદા) ઈરાદાને પૂરો કરે. પરંતું નજીક આવતાં જ અચાનક ઉલ્ટા પગે પાછો નાઠો, અને પોતાના હાથો વડે પોતાનો બચાવ કરવા લાગ્યો. તેને પૂછવામાં આવ્યું કે આ તમે શું કરી રહ્યા છો ? તેણે કહ્યું, મારી તથા તેમની વચ્ચે એક ખાઈ છે જેમાં આગ ભડકી રહી છે. એક ભયાનક મન્ઝર છે અને ફરિશ્તા પાંખો મારતા જોવા મળે છે. હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, જો તે બદબખ્ત મારી નજીક આવત તો ફરિશ્તા તેના પર ઝપટી પડત અને તેના ટુકડે ટુકડા કરી નાખત." *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨/૩૧૦)*

વર્ણવેલ બનાવની સાથે એ પણ વર્ણવવામાં આવ્યું કે પયગંબરે અમ્ન ﷺની કેવી રીતે હિફાઝત થતી હતી. એ એટલા માટે કે આપની સહનશક્તિ જાહેર થઈ જાય. તેમજ એ કે પયગંબરે અમ્ન ﷺ મજબૂર ન હતા, બલ્કે દરેક તકલીફદાયક મામલામાં આપની દુઆ પર આસ્માનથી ફરિશ્તાઓની ફોજ નાઝિલ થઈ શકતી હતી, પરંતું સામાન્યતઃ આપ કદી અઝાબની દુઆ કરતા ન હતા બલ્કે સંયમથી કામ લેતા હતા.

## ★ તબ્લીગના માર્ગમાં મક્કાના કાફિરોની રુકાવટ ★

નબી અકરમ ﷺ કાફિરો તથા મુશ્રિકોના જુલ્મો સહન કરતા રહીને તેમની ઈજાઓ પર સબ્ર કરતા રહીને અને તેમના તરફથી આપવામાં આવનારી તકલીફો પર સંયમ રાખીને પોતાની તબ્લીગી કાર્યવાહીઓને ચાલુ રાખતા. હજ દરમ્યાન જયારે લોકો ભેગા થતા અને મક્કા મોઅઝ્ઝમાની આસપાસ જ્યારે બજાર ભરાતુ અને જ્યાં ક્યાંક પણ લોકો ભેગા થતા તો આ દાઈએ બરહક્ક હક્કની દાવત લઈને ત્યાં પહોંચી જતા. લોકોને અલ્લાહની તરફ બોલવતા, દુનિયાના અમ્ન અને આખેરતમાં નજાતની તરફ દાવત આપતા, પણ તેમની સાથે જે વર્તાવ કરવામાં આવતો તે અતિશય જુલ્મભર્યો તથા નિરાશાજનક હતો.

હઝરત અબૂ તારિક رضی اللہ عنہ ફર્માવે છે :–

رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بِسُوْقِ ذِى الْمَجَازِ يُعْرِضُ نَفْسَهٗ عَلٰى قَبَائِلِ الْعَرَبِ يَقُوْلُ: يٰاَيُّهَا النَّاسُ قُوْلُوْا لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ تُفْلِحُوْا، وَخَلْفَهٗ رَجُلٌ لَهٗ غَدِيْرَتَانِ يَرْجُمُهٗ بِالْحِجَارَةِ حَتّٰى اَدْمٰى كَعْبَهٗ يَقُوْلُ يٰاَيُّهَا النَّاسُ لَا تَسْمَعُوْا مِنْهُ فَاِنَّهٗ كَذَّابٌ، فَسَاَلْتُ عَنْهُ فَقِيْلَ اِنَّهٗ غُلَامُ عَبْدِ الْمُطَّلِبِ، فَقُلْتُ وَمَنِ الرَّجُلُ الَّذِىْ يَرْجُمُهٗ؟ فَقِيْلَ هُوَ عَمُّهٗ عَبْدُ الْعُزّٰى يَعْنِىْ اَبَا لَهَبٍ۔

''મેં રસૂલુલ્લાહ ﷺને ઝુલ મજાઝના બજારમાં જોયા કે આપ અરબના ક઼બીલાઓથી ફર્માવી રહ્યા હતા, હે લોકો ! કહો, અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ (પૂજ્ય) નથી, કામયાબી પામી જશો. તેમની પાછળ એક શખ્સ હતો જેની બે ચોટલીઓ હતી. આપને પથ્થરો વડે મારી રહ્યો હતો, ત્યાં સુધી કે તેમની ઘૂંટીઓ લોહીલુહાણ થઈ ગઈ હતી. તે લોકોને કહેતો હતો, હે લોકો ! તેની વાત ન સાંભળો, એ જૂઠો છે ! મેં નબી કરીમ ﷺના બારામાં પૂછયું તો મને બતાવવામાં આવ્યું કે તે અબ્દુલ મુત્તલિબના પુત્ર છે. મેં પૂછયું, એમની પાછળ જે પથ્થર મારી રહ્યો છે તે કોણ શખ્સ છે ? કહેવામાં આવ્યું, તે એમનો કાકો અબ્દુલ ઉઝ્ઝા એટલે કે અબૂ લહબ છે.'' *(અસ્સીરતુલ હલબિયહ, ૨/૩)*

એ જ કાર્ય અબૂ જહલ કર્યા કરતો હતો. તેને પણ જ્યાં ક્યાંક મોક઼ો મળતો નબી કરીમ ﷺને ઈજા પહોંચાડવા અને આપની દાવતે હક઼્ક઼ને રોકવામાં કસર છોડતો ન હતો.

કિનાના એક શખ્સ વર્ણવે છે : મેં રસૂલુલ્લાહ ﷺને ઝુલ મજાઝના બાગમાં જોયા. આપ લોકોને ફર્માવી રહ્યા હતા, હે લોકો ! કલ્મએ તૈયેબહ પઢી લો, કામયાબ થઈ જશો. એક શખ્સ એમની પાછળ ઉભો રહીને તેમના પર માટી ફેંકી રહ્યો હતો, તે અબૂ જહલ હતો. કહેતો હતો :

يٰاَيُّهَا النَّاسُ لَا يَغُرَّنَّكُمْ هٰذَا عَنْ دِيْنِكُمْ فَاِنَّمَا يُرِيْدُ اَنْ تَتْرُكُوْا عِبَادَةَ اللَّاتِ وَالْعُزّٰى۔

''હે લોકો ! આ તમને તમારા દીનથી ફેરવી ન દે ! આ ચાહે છે કે તમે લાત તથા ઉઝ્ઝાની પૂજા ત્યજી દો.'' *(દલાઈલુન્નબુવ્વત લિલ્ બયહક઼ી, ૨/૧૮૬)*

આ અને આવા પ્રકારના અનેક બનાવો છે જે એવું સાબિત કરે છે કે

તબ્લીગ તથા દાવતનાં કામોમાં કાફિરો તથા મુશ્રિકોએ પયગંબરે અમ્ન ﷺના માટે હમેશાં રુકાવટો ખડી કરી અને મોટા મોટા વિઘ્નો ખડા કર્યાં પરંતુ આપે હમેશાં સહનશક્તિ તથા શાંતિપ્રિયતાનું પ્રદર્શન કર્યું.

## ★ જ્યારે કુરેશના કાફિરોનો જુલ્મ હદે પહોંચી ગયો ★

જુલ્મ તથા ઝિયાદતીની પણ એક હદ હોય છે, અને એક સમય એવો આવે છે કે જુલ્મ અસહ્ય થઈ જાય છે. હુઝૂર સરવરે કાઈનાત ﷺ પર મક્કાવાસીઓનો જુલ્મ એ જ હદે પહોંચી ચૂક્યો હતો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺને નુકસાનની દુઆ કરતા કેવળ એક જ વાર જોયા છે. નબી કરીમ ﷺ નમાઝ પઢી રહ્યા હતા અને કુરૈશની એક જમાઅત બેઠેલી હતી. ત્યાં નજીકમાં ઊંટની હોજરી પડેલી હતી. તે લોકોએ કહ્યું, આ હોજરીને લઈને તેમની પીઠ પર કોણ નાખશે ? ઉક્બા બિન અબી મુઐતે કહ્યું, હું એ કામ કરીશ.

તેણે હોજરી ઉઠાવી અને નબી અકરમ ﷺની પીઠ મુબારક પર રાખી દીધી. નબી અકરમ ﷺએ સજદો લાંબો કરી આપ્યો, ત્યાં સુધી કે હઝરત ફાતિમા رضی اللہ عنہا આવ્યાં અને એ હોજરીને આપની પીઠ પરથી હટાવી. નબી કરીમ ﷺએ ફર્માવ્યું :–

اَللّٰهُمَّ عَلَيْكَ بِهٰذَا الْمَلَأِ مِنْ قُرَيْشٍ، اَللّٰهُمَّ عَلَيْكَ بِعُتْبَةَ بْنِ رَبِيْعَةَ، اَللّٰهُمَّ عَلَيْكَ بِشَيْبَةَ بْنِ رَبِيْعَةَ اَللّٰهُمَّ عَلَيْكَ بِأَبِي جَهْلِ بْنِ هِشَامٍ. اَللّٰهُمَّ عَلَيْكَ بِعُقْبَةَ ابْنِ اَبِيْ مُعَيْطٍ. اَللّٰهُمَّ عَلَيْكَ بِاُبَيِّ بْنِ خَلَفٍ۔

''હે અલ્લાહ ! આ ગિરોહનો મામલો તારા હાથમાં છે. હે અલ્લાહ ! ઉત્બા બિન રબીઅહનો મામલો તારા હાથમાં છે. હે અલ્લાહ ! શયબા બિન રબીઅહનો મામલો તારા હાથમાં છે. હે અલ્લાહ ! અબૂ જહલ બિન હિશામનો મામલો તારા હાથમાં છે. હે અલ્લાહ ! ઉક્બા બિન અબી મુઐતનો મામલો તારા હાથમાં છે. હે અલ્લાહ ! ઉબય બિન ખલફનો મામલો તારા હાથમાં છે.

હદીષના રાવી અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે :–

فَلَقَدْ رَاَيْتُهُمْ قُتِلُوْا يَوْمَ بَدْرٍ، فَاُلْقُوْا فِيْ بِئْرٍ غَيْرَ اُمَيَّةَ، اَوْ اُبَيٍّ فَاِنَّهٗ كَانَ رَجُلًا ضَخْمًا، فَلَمَّا جَرُّوْهُ تَقَطَّعَتْ اَوْصَالُهٗ قَبْلَ اَنْ يُّلْقٰى فِي الْبِئْرِ۔

"મેં તેમને જોયા કે આ સર્વે બદરના દિવસે કતલ કરી દેવામાં આવ્યા, અને તેમને એક કૂવામાં નાખી દેવામાં આવ્યા. ઉમૈયા બિન ખલફ સિવાય, કેમ કે ઘણો જ ભારે વજનદાર હતો. જ્યારે તેને ખેંચવામાં આવ્યો તો તેના સાંધાઓ ટુકડે ટુકડા થઈ ગયા અને તેને કૂવામાં ન નાખી શકાયો.

–(સહીહ બુખારી, ૪/૧૦૪)

નબી અકરમ ﷺની હલીમાના (સહનશીલતાની) શાન હતી કે આપે એમના પર તરત અઝાબ નાઝિલ થવાની દુઆ નથી ફર્માવી, બલ્કે એમનો મામલો અલ્લાહને સુપરત કર્યો કે મૌલા તું જ બદલો લેનાર છે. અને છેવટે બદરના દિવસે તેઓ સર્વે ઝલીલ તથા અપમાનિત થયા. જો આપ અઝાબ નાઝિલ થવાની દુઆ કરી આપત તો ક્ષણભરમાં તેઓ સર્વે અલ્લાહના અઝાબમાં સપડાયને તબાહ તથા બર્બાદ થઈ જાત.

## ★ ત્રીસ રાતોની ભૂખ ★

મક્કાવાળાઓના જુલ્મના કારણે સૈયદે આલમ ﷺને વિવિધ પ્રકારની તકલીફોની સાથોસાથ ભૂખ તથા તરસની તકલીફો પણ વેઠવી પડતી. એકવારનું વર્ણન કરતાં ખુદ ઈર્શાદ ફર્માવે છે :–

لَقَدْ اُخِفْتُ فِي اللّٰهِ وَمَا يُخَافُ اَحَدٌ، وَلَقَدْ اُوْذِيْتُ فِي اللّٰهِ وَمَا يُؤْذٰى اَحَدٌ، وَلَقَدْ اَتَتْ عَلَيَّ ثَلَاثُوْنَ مِنْ بَيْنِ يَوْمٍ وَّلَيْلَةٍ وَمَا لِيْ وَلِبِلَالٍ طَعَامٌ يَّاْكُلُهٗ ذُوْ كَبِدٍ اِلَّا شَيْءٌ يُّوَارِيْهِ اِبْطُ بِلَالٍ۔

"અલ્લાહની રાહમાં મને એટલા પ્રમાણમાં ડરાવવામાં આવ્યો કે કોઈ અન્યને નથી ડરાવવામાં આવ્યો. અને અલ્લાહની રાહમાં મને એટલા પ્રમાણમાં તકલીફ આપવાકમાં આવી કે કોઈ અન્યને એટલી તકલીફ નહીં આપવામાં આવી હોય. મારા પર ત્રીસ રાતો એવી ગુજરી કે મારી તથા

બિલાલની પાસે ખાવાના માટે કેવળ તે થોડી ચીજો હતી જે બિલાલ પોતાની બગલમાં દબાવીને લાવ્યા હતા. *(સુનને તિર્મિઝી, ૪/૨૨૬)*

## ★ શિઅ્બે અબી તાલિબમાં ત્રણ વરસની પાબંદી ★

બે ઊંચા ઊંચા પહાડોની વચ્ચે જે ઘાટી અથવા સાંકડુ મેદાન હોય છે તેને અરબમાં "શિઅ્બ" કહે છે. સરવરે આલમ ﷺના કાકા અબૂ તાલિબને એક શિઅ્બ વારસામાં મળી હતી જે શિઅ્બે અબી તાલિબના નામથી મશહૂર હતી.

જયારે કુરૈશીઓએ જોયું કે નબી અકરમ ﷺને ઈસ્લામી વર્તુળમાં દાખલ થનારાઓ થકી શક્તિ મળી રહી છે અને હઝરત ઉમર તથા હઝરત હમ્ઝા رضی اللہ عنہما જેવા હિંમતવાન તથા શક્તિવાન લોકો ઈસ્લામમાં દાખલ થઈ ચૂક્યા છે, તેની સાથોસાથ ઘણા મુસલમાનોએ હબ્શાની તરફ હિજરત કરી લીધી છે, અને ત્યાં તેમને ઈજ્જત આપવામાં આવી, તો કુરૈશ આપસમાં એ વાત પર એકમતિ સાધી કે હુઝૂર નબી કરીમ ﷺને કત્લ કરી દેવામાં આવે.

જયારે આપના કાકા અબૂ તાલિબને આ વાતની જાણ થઈ તો તેમણે બનૂ હાશિમ તથા બનૂ મુત્તલિબને ભેગા કર્યા. બંનેવ કબીલાઓએ મળીને એકમતિ સાધી કે નબી અકરમ ﷺને શિઅ્બે અબી તાલિબમાં મેહફૂઝ કરી દેવામાં આવે, જેથી તેઓ કત્લનો ઈરાદો ધરાવે છે તેઓ સળતાપૂર્વક ત્યાં ન પહોંચી શકે. આ વાત પર બંનેવ કબીલાના કાફિરોએ પણ એકમતિ સાધી, એટલા માટે કે જાહિલિયતના દૌરમાં એ રિવાજ હતો કે જયારે કોઈ કબીલો કોઈના સહકાર માટે તૈયાર થતો તો દરકે દરેક વ્યક્તિએ તેના પર સહમતિ દર્શાવવી પડતી.

જયારે કુરૈશીઓએ એ જોયું તો એ લોકોએ ભેગા મળીને આપસમાં ફૈંસલો કર્યો કે બનૂ હાશિમ તથા બનૂ મુત્તલિબનો સોશિયલ બોયકોટ (સામાજિક બહિષ્કાર) કરી દેવામાં આવે. એ લોકોએ એક લખાણ તૈયાર કર્યું જેમાં કેટલીક કલમો લખવામાં આવી કે જ્યાં સુધી બનૂ હાશિમ તથા બનૂ મુત્તલિબ નબી અકરમ ﷺને કત્લ કરવાના માટે તેમના હવાલે નથી કરતા ત્યાં સુધી :–

(૧) બનૂ હાશિમ તથા બનૂ મુત્તલિબની સાથે શાદી વિવાહનો કોઈ વહેવાર કરવામાં નહીં આવે.

(૨) બનૂ હાશિમ તથા બનૂ મુત્તલિબની સાથે ખરીદ વેચાણનો કોઈ મામલો કરવામાં નહીં આવે.

(૩) બનૂ હાશિમ તથા બનૂ મુત્તલિબની સાથે કોઈ સંજોગોમાં સુલહ કરવામાં નહીં આવે.

આ લખાણ મન્સૂર બિન ઈકરમાએ અને એક રિવાયતના પ્રમાણે બગીઝ બિન આમિરે લખ્યો. લખાણ લખ્યા બાદ તેનો હાથ સુન મારી ગયો હતો. એ પત્રને કુરેશીઓએ ૧–મુહર્રમુલ હરામના રોજ કા'બા મુક઼દ્દસા પર લટકાવી આપ્યો. એલાને નબુવ્વતનું સાતમુ વરસ હતું.

અબૂ લહબના સિવાય બનૂ હાશિમ તથા બનૂ મુત્તલિબના સર્વ લોકો શિઅ્બે અબી તાલિબમાં રોકાયેલા હતા અને ત્રણ વરસો સુધી ત્યાં જ રોકાયેલા હતા. એ દરમ્યાન મક્કાવાસીઓએ તેમનો સામાજિક બહિષ્કાર કરી આપ્યો હતો. તેમના સુધી જીવન જરૂરી કોઈ ચીજ પહોંચવા પામતી ન હતી. છુપી રીતે થોડુક આવી જતુ તો આવી જતું. આ ત્રણ વરસો ઘણી તંગીઓ તથા મુસીબતો સાથે પસાર થયાં.

*–(મવાહિબુલ્લદુન્નિયહ બિલ મિન્હુલ મુહમ્મદિય્યહ, ૧/૧૪૭)*

પાબંદીઓના આ દિવસો નબી અકરમ ﷺએ પોતાના ખાનદાનની સાથે કેવી તંગીઓની સાથે પસાર કર્યા એની વિગત ઘણી જ વિસ્તારપૂર્વકની છે, એમાંથી અમુક વાતો સંક્ષિપ્તમાં અહીં વર્ણન કરવામાં આવે છે :

★ બજારો તથા મંડીઓ પર પાબંદી લગાડી દેવામાં આવી હતી કે તેમને કોઈ પણ પ્રકારની કોઈ ચીજ વેચી નથી શકતુ.

★ બહારથી વેપારનો સામાન લઈને કાફલો આવતો તો તેમને કહેવામાં આવતું કે સામાનનો ભાવ દસ ગણો વધારી દો, અને તેમને વિશ્વાસ અપાવતા કે જો મુસલમાનોએ ન ખરીદયો તો અમે ખરીદી લઈશું.

★ વેપારનો કોઈ કાફલો આવતો તો ઘણીવાર મક્કાના વેપારીઓ આગળ વધીને તેમની પાસેથી પૂરો સામાન ખરીદી લેતા જેથી મુસલમાનો

સુધી કોઈ સામાન પહોંચવા ન પામે.

★ કેટલીક વાર ખાવા પીવાની કોઈ ચીજ ન રહી જતી તો ઝાડોનાં પાંદડાં ખાયને ભૂખ મિટાવવા સુધીની પરિસ્થિતિ થઈ જતી.

★ ભૂખથી પીડાયને બાળકો એટલા જોર જોરથી ધ્રુસ્કાં લઈને રડતાં કે શિઅ્બથી દૂર દૂર સુધી એમના રૂદનનો અવાજ સંભળાય દેતો.

★ શિઅ્બે અબી તાલિબમાંથી પાબંદી કઈ રીતે ખત્મ થઈ તેના વિશે સીરતે ઝિયાઉન્નબી ﷺના લેખક લખે છે :

''આ મુસીબતો તથા પીડાઓ છતાં સરકારે દો આલમ ﷺના હોસલા તથા ઈરાદામાં કોઈ લચક પેદા ન થઈ અને ન કોઈ અન્ય સાથીએ કોઈ કમજોરી દર્શાવી. રહમતે આલમ પૂરા જોશો ખરોશની સાથે ઈસ્લામની તબ્લીગમાં વ્યસ્ત રહેતા અને કેટલાય લોકોના સૂતેલા મુક઼દ્દરને જગાડતા રહ્યા. આ પાબંદી નબુવ્વતના સાતમા વરસે માહે મુહર્રમમાં શરૂ થઈ અને ત્રણ વરસના લાંબા અરસા સુધી ખૂબ જ સખ્તીપૂર્વક ચાલુ રહી. છેવટે નબુવ્વતના દસમા વરસે અલ્લાહ તઆલાએ એવા સબબો પેદા કરી આપ્યા કે જુલ્મો સિતમની તે દસ્તાવેજને ખુદ મક્કાવાસીઓએ ફાડી નાખ્યો અને રહમતે આલમિયાન ﷺ પોતાના પાબંદીમાં અટવાયેલા સાથીઓ સહિત શિઅ્બે અબી તાલિબથી નીકળીને ફરી મક્કા મુઅઝ્ઝમામાં આવીને વસ્યા.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨/૩૮૭,૩૮૮)*

પોતાના ક઼બીલા તથા ખાનદાનના લોકોથી આટલા પ્રમાણમાં જુલ્મો સિતમ સહન કરનારા રસૂલ જેમને તબ્લીગના માર્ગમાં જાત જાતની રીતે સતાવવામાં આવ્યા, જેમને પળે પળ માનસિક તથા શારીરિક તકલીફ આપવામાં આવી, જેમને ત્રણ વરસો સુધી પાબંદીવાળી જિંદગી પસાર કરવા મજબૂર કરવામાં આવ્યા, જેમને પોતાનુ પ્રિય વતન છોડીને માઈલો દૂર સુધી હિજરત કરવા મજબૂર કરવામાં આવ્યા. જયારે તે વિજયીની શાન સાથે મક્કા મોઅઝ્ઝમામાં બીજીવાર દાખલ થાય છે અને કોઈ કહેનારની જીભેથી સાંભળે છે : اَلْيَوْمَ يَوْمُ الْمَلْحَمَةِ ''આજે તો બદલો લેવાનો દિવસ

છે. "તો એકદમ પુકારી ઉઠે છે : اَلْيَوْمَ يَوْمُ الْمَرْحَمَةِ "નહીં ! નહીં ! બલ્કે આજે તો રહમો કરમ કરવાનો દિવસ છે."

એટલા માટે કે એમને અમ્નો રહમતના પયગંબર બનાવીને મોકલાવામાં આવ્યા હતા. તે દુનિયામાં રહમત તથા પ્રેમભાવનાં ફૂલો ખિલવવા માટે આવ્યા હતા. બદલાની આગ સળગાવવી કમીના (હલકા) લોકોનું કામ હોય છે. તેમનો સીનો વિશાળ હતો, તેમનું દિલ મહાન હતું, તેમની ફિતરતમાં માફી તથા દરગુઝર હતું. સૌને માફ કરી આપ્યા, સૌને અમાન આપી, સૌને જીવવાનો હક્ક આપ્યો અને પૂરા જગતને અમ્નો સુકૂનનું સ્થાન બનાવી દીધુ.

## ★ તાઈફમાં સરવરે કૌનેન ﷺના કૃદમ મુબારકો લોહીલુહાણ થયા ★

પયગંબરે અમ્ન ﷺ આખા જગતમાં શાંતિ તથા સલામતીનું વાતાવણ સ્થાપવા માટે તશરીફ લાવ્યા હતા. મક્કા મોઅઝ્ઝમામાં વરસો વરસ સુધી તબ્લીગી પ્રવૃત્તિઓ ચાલતી રહી પણ જોઈએ તેવાં પરિણામો જાહેર થતાં ન હતાં. જેથી આપે અમ્નનુ વર્તુળ વિશાળ કરવા તથા તબ્લીગના ક્ષેત્રને લંબાવવાનો ઈરાદો કર્યો અને તાઈફના ગુમરાહ લોકોને અલ્લાહની તરફ બોલાવવા નીકળી પડયા.

મક્કા મોઅઝ્ઝમાથી એકસો વીસ માઈલના અંતરે તાઈફ નામનું શહેર છે ત્યાં એ જમાનામાં બનૂ ષકીફ કૃબીલો વસવાટ કરતો હતો. તાઈફ શહેર વિવિધ ખૂબીઓ તથા વિશિષ્ટતાઓ ધરાવતુ હતું. ત્યાંના લોકો ખેડૂત હતા. આર્થિક રીતે સધ્ધર હતા અને ઈલ્મ હાંસલ કરવાનો શોખ ધરાવતા હતા. સરવરે કાઈનાત એકલા એકલા તાઈફની તરફ રવાના થઈ ગયા. અમુક હઝરાતે લખ્યું છે કે આ સફરમાં આપની સાથે આપના ખાસ ખાદિમ હઝરત ઝયદ બિન હારિષા رضی اللہ عنہ પણ હતા.

તાઈફ પહોંચ્યા બાદ સરવરે દો આલમ ﷺએ ઈસ્લામની તબ્લીગ શરૂ કરી. તાઈફના સર્વ આગળ પડતા લોકો પાસે તશરીફ લઈ જતા, તેમને

અલ્લાહની વહદાનિયત (એક હોવા) પર ઈમાન લાવવાની દાવત આપતા. ઈસ્લામ ધર્મના પાયાના અક઼ીદા (માન્યતા) તથા પાયાની તાલીમાતથી માહિતગાર કરતા. ઘરે ઘર જઈને ઈસ્લામની દાવત આપવાનો આ ક્રમ એક મહિના સુધી ચાલુ રહ્યો.

હુઝૂર ﷺને આશા હતી કે તાઈફવાળાઓનો વર્તાવ મક્કાવાસીઓ જેવો દુશ્મનીપૂર્ણ ન હશે, બલ્કે તેઓ ઈસ્લામની દાવત સ્વીકારવામાં ખચકાટ નહીં અનુભવે. પરંતું અહીં તો હાલ એથીય અધિક બદતર હતો કે કોઈએ સારી રીતે જવાબ આપવાની પણ જેહમત ન ઉઠાવી. તેમની ધારણા વિરૂધ્ધના અમલથી હુઝૂર ﷺના દિલને ઘણુ માઠુ લાગ્યું. તે લોકોએ આપને કહ્યું, તમે અમારા શહેરથી અત્યારે જ નીકળી જાવ, અમને ડર છે કે તમો અમારા નવ જવાનોને તમારી વાતોથી બગાડી નાખશો.

એ લોકોએ શહેરના બદમાશોને નબી કરીમ ﷺની પાછળ લગાડી દીધા. તેઓ જુલૂસના સ્વરૂપમાં એકત્ર થઈ ગયા અને હુઝૂર ﷺનો પીછો કરવાનુ શરૂ કરી દીધું. એ લોકો બૂમો પાડતા, ઠઠ્ઠો કરતા, ગાળો આપતા તથા પોતાની મૂર્તિઓના નારા લગાડતા હુઝૂર ﷺની પાછળ લાગી ગયા. જે રસ્તેથી સરકારે દો આલમ ﷺએ પસાર થવાનુ હતું એ રસ્તા પર તાઈફના લોકો લાઈનો બનાવીને બેસી ગયા, અને જ્યારે આપ તેમની વચ્ચે થઈને પસાર થયા તો તેમણે પથ્થર વરસાવવા શરૂ કર્યા, તે જાલિમોની પથ્થરબાજીથી સરવરે દો આલમ ﷺના ક઼દમ મુબારકો ઝખ્મી થઈ ગયા અને લોહી વહેવાનુ શરૂ થઈ ગયું. તેમની પથ્થરબાજી જ્યારે સખ્તી અપનાવી લેતી તો હુઝૂર ﷺ દર્દની તકલીફથી બેસી જતા. તે જાલિમ આગળ વધતા, આપને બાવડાંએથી પકડતા અને ઉભા કરી દેતા પછી પથ્થર વરસાવવાનું શરૂ કરી દેતા અને સાથોસાથ અટ્ટહાસ્ય કરતા.

આ રીતે તાઈફના તે બદબખ્ત રહેવાસીઓએ પોતાના આ મોઅઝ્ઝમ તથા મુકર્રમ (સન્માનનીય) મહેમાનને પોતાના ત્યાંથી નીકળી જવા મજબૂર કર્યા. સરવરે આલમ ﷺ જ્યારે તાઈફ શહેરની બહાર પહોંચ્યા તો એમના જુલ્મી વર્તાવથી દિલ ગમગીન હતું. આખુ શરીર

ઝખ્મોથી ચૂર ચૂર હતું અને મુબારક કદમોએથી લોહી વહી રહ્યું હતું. નજીકમાં જ એક બગીચો હતો તેમાં જઈને આપ બેસી ગયા.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨/૪૩૯–૪૪૩)*

એ બગીચામાં પહોંચીને આપે બે રકાત નમાઝ અદા ફર્માવી, પછી રબની બારગાહમાં જે દુઆ ફર્માવી એને પઢીને અંદાજો કરો કે આટલા પ્રમાણમાં જુલ્મ સહન કર્યા બાદ કોઈ શખ્સના દિલથી નીકળનારા શબ્દો જાલિમોના માટે તબાહીનો પયગામ લઈને આવી શકતા હતા, પણ આ અમ્નના પયગંબર ﷺએ પોતાના રબની બારગાહમાં જે દુઆ કરી તેના શબ્દો આ પ્રમાણે છે :–

اَللّٰھُمَّ اِلَیکَ اَشْکُوْ ضَعْفَ قُوَّتِیْ، وَقِلَّۃَ حِیْلَتِیْ، وَھَوَانِیْ عَلَی النَّاسِ اَرْحَمَ الرَّاحِمِیْنَ، اَنْتَ اَرْحَمُ الرَّاحِمِیْنَ، اِلٰی مَنْ تَکِلُنِیْ؟ اِلٰی عَدُوٍّ یَّتَجَھَّمُنِیْ، اَمْ اِلٰی قَرِیْبٍ مَّلَّکْتَہٗ اَمْرِیْ، اِنْ لَّمْ تَکُنْ غَضْبَانًا عَلَیَّ فَلَا اُبَالِیْ، اِنَّ عَافِیَتَکَ اَوْسَعُ لِیْ، اَعُوْذُ بِنُوْرِ وَجْھِکَ الَّذِیْ اَشْرَقَتْ لَہُ الظُّلُمَاتُ، وَصَلَحَ عَلَیْہِ اَمْرُ الدُّنْیَا وَالْاٰخِرَۃِ اَنْ تُنْزِلَ بِیْ غَضَبَکَ، اَوْ تُحِلَّ عَلَیَّ سَخَطَکَ، لَکَ الْعُتْبٰی حَتّٰی تَرْضٰی، لَا قُوَّۃَ اِلَّا بِکَ۔

"હે અલ્લાહ ! હું મારી અશક્તિ, અમલની શક્તિની કમી તથા લોકોની નજરોમાં બેબસીની ફરિયાદ તારી બારગાહમાં કરું છું. હે અર્હમુર્રાહિમીન ! તું જ અર્હમુર્રાહિમીન છે, તું મને કોના હવાલે કરે છે ? એ દુશ્મનના હવાલે જે મારી સાથે અસભ્યપણે વર્તે છે, અથવા એવા નિકટવર્તીના હવાલે જેને તેં મારા મામલાનો માલિક બનાવ્યો છે. જો તું મારાથી નારાજ નથી તો મને આ તકલીફોની કોઈ પરવા નથી. યક઼ીનન ! તારા તરફથી મળનારી આફિયત (ભલાઈ) મારા માટે અધિક વિશાળતા ધરાવે છે. તારી જાતનું નૂર જેના સબબથી અંધકારો રોશન થઈ ગયા અને દુનિયા તથા આખેરતનાં કામો સંવરી ગયાં, હું એની પનાહ માગુ છું એ

વાતથી કે તું મારા પર તારો ગઝબ નાઝિલ ફર્માવે અથવા તારી નારાઝગી ઉતારે. હું તારી રઝા ચાહું છું ત્યાં સુધી કે તું રાજી થઈ જાય. સર્વ તાક઼ત તથા શક્તિ તારા જ તરફથી છે.'' *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૩/૭૩)*

જ્યારે નબી કરીમ ﷺ તાઈફથી પરત થવા લાગ્યા તે સમયે આપના તરફથી રહમો કરમનો એક મહાન બનાવ ઉપસ્થિત થયો. ક઼ાઝી અબુલ ફઝ્લ અયાઝ બિન મૂસા સિબ્તી رحمۃ اللہ علیہ શિફા શરીફમાં લખે છે :

وَلَمَّا كَذَّبَهُ قَوْمُهُ أَتَاهُ جِبْرِيْلُ عَلَيْهِ السَّلَامُ فَقَالَ لَهُ: إِنَّ اللهَ تَعَالٰى قَدْ سَمِعَ قَوْلَ قَوْمِكَ لَكَ وَمَا رَدُّوْا عَلَيْكَ وَقَدْ أَمَرَ مَلَكَ الْجِبَالِ لِتَأْمُرَهُ بِمَا شِئْتَ فِيْهِمْ، فَنَادَاهُ مَلَكُ الْجِبَالِ، وَسَلَّمَ عَلَيْهِ وَقَالَ: مُرْنِيْ بِمَا شِئْتَ، إِنْ شِئْتَ أَنْ أُطْبِقَ عَلَيْهِمُ الْأَخْشَبَيْنِ، قَالَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: بَلْ أَرْجُوْ أَنْ يُّخْرِجَ اللهُ مِنْ أَصْلَابِهِمْ مَنْ يَعْبُدُ اللهَ وَحْدَهُ وَلَا يُشْرِكُ بِهِ شَيْئًا۔

''જ્યારે સરકારે કાઈનાત ﷺને તેમની ક઼ૌમે જૂઠલાવી દીધા તો જિબ્રઈલે અમીન علیہ السلام તેમની પાસે આવ્યા અને અર્ઝ કરી, અલ્લાહ તબારક વ તઆલાએ એ વાત સાંભળી લીધી છે જે આપની ક઼ૌમે આપને કહી છે, અને તેઓએ આપને જવાબ આપ્યો છે. અલ્લાહ તઆલાએ પહાડોના ફરિશ્તાને હુકમ આપ્યો છે કે તે આપના હુકમનું પાલન કરે. એ વખતે પહાડોના ફરિશ્તાએ સલામ અર્ઝ કરી અને કહ્યું, આપ મને જેવો ચાહો હુકમ ફર્માવો ! આપ ચાહો તો હું બંનેવ પહાડોને આપસમાં મિલાવી દઉં જેમાં તેઓ બધા જ પીસાયને ફના થઈ જાય. નબીએ રહમત ﷺએ ફર્માવ્યું, નહીં ! નહીં ! એવું કાંઈ ન કરશો ! એટલા માટે કે મને ઉમ્મીદ છે કે અલ્લાહ તબારક વ તઆલા તેમની પીઠોથી (પેઢીઓથી) એવા લોકોને કાઢશે જેઓ ખુદા વહદહુ લાશરીકની ઈબાદત કરશે.

શું અમ્ન પસંદીનું કોઈ આટલુ મહાન દષ્ટાંત રજૂ કરી શકે છે ?

તાઈફવાળાઓએ જેમની દાવત ઠુકરાવી દીધી, જેમના પર પથ્થરવર્ષા કરીને લોહીલોહાણ કરી દેવામાં આવ્યા, જેમની મજાક ઉડાડી, તે સરવરે કાઈનાત ﷺની રહમત (કૃપા)નો આ આલમ કે જો એક ઈશારો કરી આપત તો ક્ષણવારમાં તેઓ તબાહ તથા બર્બાદ થઈ જાત, પણ આપે તેમને છોડી આપ્યા.

...પ્રકરણ : ૪

# હુઝૂર ﷺની અમ્નથી ભરી મદની જિંદગી

મક્કા મોઅઝ્ઝમામાં જુલ્મો સિતમ સહીને સૈયદે આલમ ﷺએ તેર વરસો પસાર કરી આપ્યાં. આ દરમ્યાન ઈસ્લામના દુશ્મનોએ સૈયદુલ અંબિયા ﷺની દાવત તથા તબ્લીગને રોકવાની દરેક શક્ય કોશિશ કરી, તેમને માનસિક તથા શારરિક તકલીફો પહોંચાડી, તેમને જાદૂગર કહ્યા, તેમને પાગલ કહ્યા, તેમના પર પથ્થર વરસાવ્યા, તેમની છાપ બગાડવાની કોશિશ કરી, પરંતું દરેક જગાએ તેમને નિષ્ફળતાઓને ભેટવું પડયું. જે મિશનને લઈને પયગંબરે અમ્ન ﷺ ચાલ્યા હતા તે મિશન પ્રગતિ જ કરતું ગયું અને દિન પ્રતિ દિન મુસલમાનોની સંખ્યામાં વધારો જ થતો ગયો, એના પર મક્કાના કાફિરોને ખૂબ ગભરામણ થઈ કે જો આ જ પ્રમાણે નબીએ અકરમ ﷺની તબ્લીગ ચાલુ જ રહી તો એ દિવસો દૂર નથી કે મક્કા મોઅઝ્ઝમામાં વધુ સંખ્યા મુસલમાનોની થઈ જશે અને પછી જ્યારે એમનો પ્રભાવ વધી જશે તો લાત તથા ઉઝ્ઝાના પૂજારીઓએ મક્કામાં જીવવું મુશ્કેલ થઈ જશે. એના ઉપરાંત મક્કા મોઅઝ્ઝમાની બહાર અન્ય વિસ્તારોએથી પણ પ્રતિનિધિમંડળોનું આગમન થતુ હતું જે ઈસ્લામ કબૂલ કરીને પરત થતા હતા. ખાસ કરીને મદીના મુનવ્વરામાં ઈસ્લામ પહોંચી ચૂક્યો હતો. મક્કાવાસીઓને એ પણ ડર લાગ્યો કે જો નબી ﷺ મક્કા છોડીને કોઈ અન્ય સ્થળે સ્થળાંતર કરી લેશે અને ત્યાંના લોકોની મદદથી મક્કાવાસીઓ પણ હુમ્લો કરી આપ્યો તો એ લોકોનું શું થશે ? છેવટે તેમણે 'દારુન્નદવા'માં એક મોટી મીટિંગ ભરી જેમાં તેમણે મક્કા મોઅઝ્ઝમાના દરેક પ્રભાવશાળી શખ્સને બોલાવ્યો. એ જ મીટિંગમાં અરબના કબીલાઓના મોટા મોટા પ્રખ્યાત લોકો શરીક થયા. ખાસ કરીને અબૂ સુફયાન, અબૂ જહલ, ઉત્બા, જુબેર બિન મુત્ઈમ, નઝર બિન હારિષ,

અબુલ બખ્તરી, ઝમ્આ બિન અસ્વદ, હકીમ બિન હિઝામ, ઉમૈયા બિન ખલફ વગેરે. ઈબ્લીસ પણ એક શયખના રૂપમાં એ મીટિંગમાં શરીક થયો. તેણે પોતે પોતાને શયખે નજદ બતાવ્યો તો મક્કાવાસીઓએ તેને પણ મશ્વરામાં શરીક કરી લીધો.

કોઈકે મશ્વરો આપ્યો કે તેમને હાથ પગ બાંધીને કોઈ અંધારી ઓરડીમાં બંધ કરી દેવામાં આવે અને એક કાણામાંથી ખાવા પીવા આપવામાં આવે. ઈબ્લીસે કહ્યું, આ રાય બરાબર નથી. તેમના જાંનિષારોને તમે જાણતા નથી, તેઓ પોતાની જાનો પર ખેલીને પણ તેમને મુકત કરાવી લેશે.

કોઈકે કહ્યું કે એમને તડીપાર કરી દેવામાં આવે જેથી તેમની વાતો સાંભળવાથી આપણને છૂટકારો મળી જાય. ઈબ્લીસે કહ્યું, શું તમને ખબર નથી કે તેમની વાણીમાં કેટલી તાસીર છે, તે એને જ્યાં પણ પઢશે લોકોને પોતાના દીવાના બનાવી લેશે અને પછી જ્યારે તે એક શક્તિ ભેગી કરી લેશે તો તમારા માથા પર તલ્વાર લહેરાવવા માંડશે.

અબૂ જહલે કહ્યું, મારા દિમાગમાં એક રાય આવી છે કે દરેક ક઼બીલાનો એક એક મશહૂર બહાદુર તલ્વાર લઈને ઉભો થાય અને સૌ એક સાથે હુમલો કરીને મુહમ્મદ ﷺને ક઼ત્લ કરી નાખે. આ તદબીરથી ખૂન કરવાનો જુર્મ સર્વ ક઼બીલાઓના માથા પર રહેશે. જાહેર છે કે બૂનુ હાશિમ ખાનદાન આ ખૂનનો બદલો લેવા માટે સર્વ ક઼બીલાઓ સાથે લડવાની શક્તિ નથી ધરાવતા. જેથી યક઼ીનન ! તેઓ ખૂનના બદલે માલ લેવા પર રાજી થઈ જશે અને આપણે લોકો ભેગા મળીને સળતાપૂર્વક ખૂનબહાની રકમ અદા કરી આપીશું.

અબૂ જહલની આ ખૂની તજવીઝ સાંભળીને શયખે નજદી (ઈબ્લીસ) ખુશીના આવેશમાં ઉછળી ઉઠયો અને કહ્યું કે બેશક ! આ તદબીર તદ્દન યોગ્ય છે. આ મશ્વરા પર સૌએ એકમતિ સાધી અને એના પર સૌ લોકો રાજી થઈ ગયા. *(સીરતે મુસ્તફા ﷺ, પેજ–૧૫૬ થી ૧૫૮માંનુ ટૂકાણમાં)*

તેમની મીટિંગ અને તેમાં થનારી પ્લાનિંગના બારામાં અલ્લાહ

રબ્બુલ ઈઝ્ઝતે પોતાના મહબૂબ ﷺને માહિતગાર કરી આપ્યા. ઈર્શાદે ખુદાવંદી છે :–

وَاِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ اَوْ يُخْرِجُوْكَ ؕ وَيَمْكُرُوْنَ وَيَمْكُرُ اللّٰهُ ؕ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ ○

"અને હે મહબૂબ ! યાદ કરો જ્યારે કાફિર તમારી સાથે ધોકો કરતા હતા કે તમને કેદ કરી દે કે શહીદ કરી આપે અથવા કાઢી મૂકે. અને તેઓ પોતાના જેવો ધોકો કરતા હતા અને અલ્લાહ પોતાની છુપી તદબીર કરી રહ્યો હતો, અને અલ્લાહની છુપી તદબીર સૌથી બેહતર છે."

*–(સૂરએ અન્ફાલ, આ.૩૦, કન્ઝુલ ઈમાન)*

પછી અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના મહબૂબ ﷺને હિજરતનો હુકમ ફર્માવ્યો અને જે રાત્રે કાફિરોએ આપના ઘરનો ઘેરાવ કર્યો હતો અને આપના ક઼ત્લનો નાપાક ઈરાદો કર્યો હતો, એ જ રાત્રે અલ્લાહ તઆલાએ સહી સલામત તેમને મક્કા મોઅઝ્ઝમાથી કાઢી આપ્યા. આપ મક્કા મોઅઝ્ઝમાને અલવિદા કહીને મદીના મુનવ્વરામાં વસી ગયા અને ત્યાંથી પૂરા વિશ્વમાં અમ્નો અમાન ફેલાવવાનો પ્રોગ્રામ બનાવ્યો.

## આક઼ા ﷺએ ભાઈચારાના ક઼રાર થકી અન્સાર તથા મુહાજિરો વચ્ચે અમ્ન સ્થાપ્યો

ક્રમે ક્રમે લગભગ સર્વ મુસલમાન મદીના મુનવ્વરાની તરફ હિજરત કરી ગયા. કેમ કે મુહાજિરો પોતાનાં ઘરબાર, બીવી બચ્ચાં, તથા સર્વ કાંઈ છોડીને એકલા આવ્યા હતા, એટલા માટે અહીં આવ્યા બાદ મદીનાના અન્સારે મક્કાના મુહાજિરોની દરેક રીતે મદદ કરી. તેમની સારી રીતે ઝિયાફત કરી અને તેમને કોઈ ચીજની કમી મેહસૂસ થવા ન દીધી. પરંતુ કેમ કે મુહાજિરો હમેશાંથી પોતાના હાથની કમાણી ખાવાની ટેવવાળા હતા એટલા માટે જરૂરત મેહસૂસ થઈ કે મુહાજિરીનના માટે કાયમી રોજીના ઝરીયાની વ્યવસ્થા કરવામાં આવે. સરવરે આલમ ﷺએ સર્વ અન્સાર

તથા મુહાજિરોને ભેગા કર્યા અને તેમની વચ્ચે ભાઈચારાનો કરાર કર્યો અને અન્સાર તથા મુહાજિરોને ભાઈ ભાઈ બનાવી આપ્યા. એ કરારની એટલા પ્રમાણમાં પોઝિટિવ અસર થઈ કે અન્સાર તથા મુહાજિરોમાં એકબીજાની મદદનો જઝબો ઉભરાઈ ઉઠયો અને મુહાજિરોની રોજી રોટીનો મસ્અલો પણ હલ થઈ ગયો.

કિતાબ સીરતે મુસ્તફા જાને રહમતમાં ભાઈચારગીના કરારની વિગત આ પ્રમાણે છે :–

મસ્જિદે નબવીના બાંધકામ બાદ એક દિવસે હુઝૂર ﷺએ હઝરત અનસ બિન માલિકના મકાનમાં અન્સાર તથા મુહાજિરોને ભેગા કર્યા. તે વખતે મુહાજિરોની સંખ્યા ૪૫ થી ૫૦ હતી.

હુઝૂર ﷺએ અન્સારને સંબોધીને ફર્માવ્યું કે આ મુહાજિરો તમારા ભાઈ છે. પછી મુહાજિર તથા અન્સારમાંથી બે બે જણને બોલાવીને ફર્માવતા ગયા કે, "આ અને તમે ભાઈ ભાઈ છો." હુઝૂર ﷺના ઈર્શાદ ફર્માવતાં જ આ ભાઈચારાનો સંબંધ બિલ્કુલ સગા ભાઈ જેવો સંબંધ બની ગયો. જેથી અન્સારે મુહાજિરને સાથે લઈ જઈને પોતાના ઘરની એકે એક ચીજ સામે લાવીને રાખી દીધી અને કહી દીધું કે તમે મારા ભાઈ છો એટલા માટે આ સર્વ સામાનોમાં અડધુ મારું અને અડધુ તમારું રહેશે.

હદ તો ત્યારે થઈ ગઈ કે હઝરત સઅદ બિન રબીઅ અન્સારી જે અબ્દુર્રહમાન બિન ઔફ (رضی اللہ عنہ) મુહાજિરના ભાઈ ઠર્યા હતા. તેમની બે પત્નીઓ હતી. હઝરત સઅદ બિન રબીઅ અન્સારી رضی اللہ عنہએ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہને કહ્યું કે મારી એક પત્ની જેને આપ પસંદ કરો તેને હું તલાક આપી દઉં અને તમો તેની સાથે નિકાહ કરી લો.

*(ભાગ–૧, પેજ–૮૧૫,૮૧૬)*

સીરતે ઝિયાઉન્નબી ﷺમાં છે : "આ ભાઈચારગીનો મતલબ એ હતો કે બંનેવ એકબીજાની મદદ કરી શકે અને મુશ્કેલીના સમયે સપોર્ટ કરી શકે કે જેથી દિલોમાં અધિક મહોબ્બત પેદા થાય."

*(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૩/૧૭૭)*

એક જગાએ વર્ણન થયેલ છે : ''આ હિકમતપૂર્ણ હકિમાના અમલ વડે મુસ્લિમ જાતિઓ જે વિવિધ જમાઅતો તથા જમાઅતોનો સમૂહ હતી, જેમનામાં વિભાજન તથા વિખવાદના કેટલાયે સરદારો મૌજૂદ હતા તો ભાઈચારાની વ્યવસ્થાએ તે સૌને એક ઉમ્મતમાં તબદીલ કરી દીધા. જેમનો નફો તથા નુકસાન, ઈજ્જત તથા બેઈજ્જતી, જીત તથા હારને એક કરી આપ્યાં અને મહોબ્બત તથા પ્યારના એવા રિશ્તામાં તેમને પરોવી આવ્યા કે તેમનામાં ગૈરપણાનો કોઈ અંશ બાકી ન રહ્યો. આ વ્યવસ્થાની બરકતથી અજનબીપણાની જે દીવાલો મુહાજિરો તથા અન્સારમાં આડરૂપ હતી તે નષ્ટ થઈ ગઈ અને તેઓ મુહાજિર ભાઈઓ પર પોતાનું સર્વસ્વ નિછાવર કરવાના માટે બેચૈન થઈ ગયા. ત્યાગ ભાવના તથા કુર્બાનીનાં એવાં દષ્ટાંતો સ્થાપિત કર્યાં કે દુનિયાની કોઈ કૌમ એમનું દષ્ટાંત રજૂ કરવાથી આજિઝ છે. *(ઉપર મુજબ, પેજ–૧૮૦)*

## શાંતિની સ્થાપ્ના માટે પયગંબરે રહમત ﷺનો યહૂદીઓ સાથે કરાર !

મદીના મુનવ્વરામાં મુસલમાનો ઉપરાંત યહૂદીઓનું એક શક્તિશાળી ગૃપ મૌજૂદ હતું. તેઓ આર્થિક રીતે પણ સધ્ધર હતા અને સાહિબે કિતાબ (આસ્માની કિતાબવાળા) હોવાના કારણે ઈલ્મી રીતે પણ અવસ તથા ખઝરજ પર અગ્રતા ધરાવતા હતા. ત્યાંના સમાજમાં ત્યાં સમય સુધી એકતા તથા એકરૂપતા પેદા થઈ શકતી ન હતી જ્યાં સુધી એ યહૂદીઓને પણ પોતાની સાથે ન મિલાવવામાં આવે. તેની સાથોસાથ ઈસ્લામના અવ્વલીન દુશ્મન મક્કાના રઈસો હજી સુધી મુસલમાનોની જડો ઉખાડવાની કોશિશ કરી રહ્યા હતા, અને કોઈ પણ સમયે તેઓ આ નાની સરખી વસ્તી પર હુમ્લો કરી શકતા હતા. આ સર્વ આંત્રિક તથા બાહય મુશ્કેલીઓથી છૂટકારો પામવા માટે બંધારણની જરૂરત હતી, જેથી રહમતે આલમ ﷺએ એક એવો દસ્તાવેજ તૈયાર કર્યો જેમાં મુહાજિરો તથા અન્સારના ઉપરાંત અહીંના યહૂદીઓને પણ સામેલ કરવામાં આવ્યા. આ દસ્તાવેજના

થકી મદીનાપાકના સર્વ રહેવાસીઓની મઝહબ તથા જાતિના ભેદભાવ વિના આંત્રિક તથા બાહય ખતરાઓનો સામનો કરવા માટેની એક એકતા અમલમાં લાવવામાં આવી. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૩/૧૫૮)*

એ દસ્તાવેજ જે કૃલમો પર આધારિત હતો તેના પર વિચારણા કરીએ તો દરેકે દરેક વાક્યથી એ વાત સ્પષ્ટ થશે કે સરકારે અબદ કૃરાર ﷺએ અમ્નો અમાનનું વાતાવરણ સમારવા માટે અને દુનિયાથી બુરાઈ તથા ફસાદ (ઝઘડા)ના ખાત્મા માટે કેટલા પ્રમાણમાં જિદ્દો જેહદ કરી. એ દસ્તાવેજની કૃલમો વર્ણવવામાં આવે છે :–

૦૧. આ લેખિત દસ્તાવેજ છે અલ્લાહના નબી ﷺની કુરૈશ, યષરબના ઈમાનવાળાઓ અને તે લોકોના બારામાં જે એમની સાથે સામેલ થાય અને એમની સાથે જંગમાં હિસ્સો લે.

૦૨. આ (સર્વ ગિરોહ) દુનિયાના (અન્ય) લોકોથી વિશિષ્ટ તથા અલગારી એક અલગ (રાજકીય) નિહટ્ટા ગણાશે.

૦૩. મુહાજિરો જેઓ કુરૈશમાંથી છે તેઓ દસ્તૂર પ્રમાણે દિયતો તથા ખૂનબહા વગેરે મામલાઓમાં પોતાના કૃબીલાના નિશ્ચિત થયેલા રિવાજો પર અમલ કરશે. પોતાના કેદીઓને યોગ્ય ફિદિયો આપીને છોડાવશે અને અન્ય મુસલમાનોની સાથે અદ્‌લો ઈન્સાફ કરશે.

૦૪. બનૂ ઔફ પણ પોતાની જગાઓ પર કૃાયમ રહેશે અને ખૂન બહા વગેરેનો તરીકૃો તેમનામાં માજીની જેમ કૃાયમ રહેશે. દરેક ગિરોહ (ગૃપ) અદલો ઈન્સાફના તકૃાઝાઓને યથાવત રાખીને પોતાના કેદીઓને ફિદિયો આપીને છોડાવશે.

૦૫. બનૂ હારિષ પણ પોતાના સ્થાને કૃાયમ રહેશે અને ખૂન બહાનો તરીકૃો એમનામાં દસ્તૂર મુજબ ચાલુ રહેશે. દરેક ગિરોહ અદ્‌લો ઈન્સાફના તકાઝાઓને યથાવત રાખીને પોતાના કેદીઓને ફિદિયો આપીને છોડવશે. એ જ પ્રમાણે બનૂ સાઅદા, બનૂ જષમ, બનૂ નજ્જાર, બનૂ અમ્ર બિન ઔફ, બનૂ બુનીત અને બનૂ અવસ પણ પોતાના સ્થાને કૃાયમ રહેશે. તેમનામાં ખૂનબહાનો જે તરીકૃો રિવાજ પામેલ

છે દસ્તૂર પ્રમાણે તે જ બાકી રહેશે. દરેક ગિરોહ અદ્‌લો ઈન્સાફના તકાઝાઓને યથાવત રાખીને પોતાના કેદીઓને ફિદિયો આપીને છોડાવશે.

૦૬. ઈમાનવાળાઓ પોતાના કોઈ કરજના ભારવાળાને બે યારો મદદગાર છોડશે નહીં, બલ્કે કાઈદાના મુજબ ફિદિયો, દિયત તથા તાવાન અદા કરવામાં તેની મદદ કરશે.

૦૭. કોઈ મો'મિનના આઝાદ કરેલા ગુલામને કોઈ મો'મિન હલીફ બનાવશે નહીં.

૦૮. **તમામ તક્‌વાવાળા મો'મિનો એક થઈને દરેક તે શખ્સનો વિરોધ કરશે જે નાફર્માની કરે. જુલ્મ, ગુનાહ તથા જુલ્મો સિતમના થકી કામ લે અને ઈમાનવાળાઓની વચ્ચે ઝઘડો ફેલાવે એવા શખ્સના વિરોધમાં ઈમાનવાળાઓના હાથ એક સાથે ઉઠશે, ભલે તે તેઓમાંના કોઈનો પુત્ર જ કેમ ન હોય.**

૦૯. કોઈ મો'મિન કોઈ બીજા મો'મિનને કાફિરના બદલામાં કત્લ નહીં કરે અને ન મો'મિનની વિરૂધ્ધ તે કોઈ કાફિરને મદદ કરશે.

૧૦. **અલ્લાહનો ઝિમ્મો તથા પનાહ સર્વના માટે સમાન છે. સામાન્યથી સામાન્ય મુસલમાન પણ કાફિરને પનાહ આપી શકે છે.** ઈમાનવાળાઓ અન્ય લોકોની સરખામણીમાં આપસમાં ભાઈ તથા મદદગાર તથા કામ બનાવનાર છે.

૧૧. **યહૂદીઓમાંથી જે પણ અમારી ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) કરશે તો એને મદદ તથા સમાનતા હાંસલ થશે. તે યહૂદીઓ પર ન તો જુલ્મ કરવામાં આવશે અને ન તો તેમની વિરૂધ્ધ કોઈ દુશ્મનની મદદ કરવામાં આવશે.**

૧૨. તમામ ઈમાનવાળાઓની સુલહ એક સમાન તથા બરાબરની હેસિયત ધરાવે છે. **કોઈ મો'મિન અલ્લાહના વાસ્તે જંગમાં અન્ય મો'મિનોને છોડીને દુશ્મનથી સુલહ કરશે નહીં અને**

**તેણે મુસલમાનની દરમ્યાન અદ્‌લ તથા સમાનતાને યથાવત રાખવું પડશે.**

૧૩. જે લશ્કર અમારી સાથે જેહાદમાં શરીક થશે તેની વ્યક્તિઓ આપસમાં વારાફરતી એકબીજાની જાનશીની કરશે.

૧૪. ઈમાનવાળાઓ કાફિરોથી બદલો લેવામાં એકબીજાની મદદ કરશે.

૧૫. સર્વ તક્‌વાવાળા મુસલમાન ઈસ્લામના અહસન તથા અક્‌વમ તરીક઼ા પર ક઼ાયમ રહેશે.

**૧૬. મદીનાનો કોઈ મુશ્રિક કુરૈશના કોઈ શખ્સને માલી કે જાની કોઈ રીતની પનાહ આપશે નહીં અને ન મુસલમાનના મુક઼ાબલા પર એ કુરૈશીની હિમાયત તથા મદદ કરશે.**

**૧૭. જે શખ્સ નાહક્ક઼ કોઈ મુસલમાનનું ખૂન કરશે તેને ક઼ત્લ થનારના બદલામાં ક઼ેસાસના રૂપે ક઼ત્લ કરવામાં આવશે, પણ એ કે તે કત્લ થનારનો વલી એના બદલામાં ખૂનબહા લેવા માટે રાજી થઈ જાય અને સર્વ ઈમાનવાળા ક઼ાતિલની વિરૂદ્ધ રહેશે.**

**૧૮. કોઈ ઈમાનવાળાના માટે જે દસ્તૂરે અમલની કલમો પર અમલ કરવાનો સ્વીકાર કરી ચૂક્યો છે અને અલ્લાહ તથા ક઼યામતના દિવસ પર ઈમાન ધરાવે છે, તેના માટે એ હરગિઝ જાઈઝ નહીં થાય કે તે કોઈ નવી વાત કાઢીને ફિત્નાઅંગેઝીના જિમ્મેદારની હિમાયત કરે અને તેને પનાહ આપે.** જે કોઈ આવા કોઈ મુજરિમની તરફદારી તથા મદદ કરશે અથવા તેને પનાહ આપશે તે ક઼યામતના દિવસે અલ્લાહની લઅનત તથા તેના ગઝબને પાત્ર ઠરશે અને જ્યાં તેની ન તો તૌબા ક઼બૂલ કરવામાં આવશે, ન કોઈ ફિદિયો લેવામાં આવશે.

**૧૯. જ્યારે મુસલમાનોમાં કોઈ પ્રકારનો ટકરાવ થશે તો તેને અલ્લાહ અને તેના રસૂલ મુહમ્મદ ﷺની સમક્ષ પેશ કરવામાં આવશે.**

૨૦. જ્યાં સુધી જંગ રહે ત્યાં સુધી યહૂદી મો'મિનો સાથે મળીને ખર્ચો ઉઠાવશે.

૨૧. યહૂદી બની ઔફ તથા તેમના ખલીફા તથા મવાલી સૌ મળીને મુસલમાનોની સાથે એક જમાઅત ગણવામાં આવશે. **યહૂદી પોતાના દીન પર રહેવા મજાઝ હશે અને મો'મિન પોતાના દીન પર કાર્યરત રહેશે.** અલ્બત્ત જે જુલ્મ અથવા વચન ભંગમાં સપડાશે તો તે કેવળ પોતે પોતાને તથા પોતાનાં ઘરવાળાંને મુસીબતમાં નાખશે. **એ જ પ્રમાણે યહૂદ બની નજ્જાર, યહૂદ બની હારિષ, યહૂદ બની સાઅદા, યહૂદ બની જશમ, યહૂદ બની અવસ, યહૂદ બની ષઅલ્બા બની જફના, બની શતૈબા, મવાલી ષઅલ્બા તથા યહૂદી ક઼બીલાઓની સંલગ્ન શાખાઓને તે જ હક્ક઼ો તથા છૂટછાટો છે જે બની ઔફના યહૂદીઓના માટે છે.** દરેક પર આ દસ્તાવેજની વફાદારીથી પાબંદી લાઝિમ છે, ન કે વાદા ખિલાફી. અલ્બત ! જે જુલ્મ તથા વચનભંગમાં પડે તો ખુદ તેની જાત તથા તેના ઘરવાળાં સિવાય કોઈ બીજો મુસીબતમાં પડશે નહીં. વધુમાં એ કે એ ક઼બીલાઓમાંથી કોઈ વ્યક્તિ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ની ઈજાઝત વિના નીકળશે નહીં.

૨૨. કોઈ માર કે ઝખ્મનો બદલો લેવામાં કોઈ રુકાવટ નાખવામાં નહીં આવે અને **એમાં જે વ્યક્તિ કે જમાઅત નાહક઼ ક઼ત્લ કે ખૂનરેઝીમાં સપડાય તો એનો વબાલ અને જિમ્મેદારી તેની જાત તથા તેના બીવી બચ્ચાં પર રહેશે,** નહીં તો જુલ્મ થશે અને એની સાથે જેઓ આ જિમ્મેદારીથી મુક્ત છે.

૨૩. યહૂદીઓ પર તેમના ખર્ચાનો બોજ રહેશે અને મુસલમાનો પર તેમના ખર્ચાઓનો બોજ રહેશે.

૨૪. **આ લખાણવાળાઓ વિરૂધ્ધ જે પણ જંગ કરે તો તમામ પક્ષો (યહૂદી તથા મુસલમાન) એક બીજાની મદદ કરશે, તેમજ નિઃસ્વાર્થપણે એક બીજાની ભલાઈ ચાહશે.** અને તેમનું કામ

વફાદારી હશે ન કે વચન ભંગ. અને દરેક મઝલૂમ (જુલ્મપીડિત)ની તરફદારી તથા મદદ જ કરવામાં આવશે.

૨૫. આ પત્રવાળાઓ માટે યષરબ (મદીના શરીફ)ની હદોનો આંત્રિક હિસ્સો હરમની હેષિયત ધરાવશે.

**૨૬. શરણાર્થી શરણ આપનારની જેમ છે, ન કોઈ તેને નુકસાન પહોંચાડશે અને ન ખુદ તે વચનભંગ કરશે.**

૨૭. કોઈ પનાહગાહમાં ત્યાંવાળાઓની ઈજાઝત વિના કોઈને પનાહ નહીં આપવામાં આવે.

૨૮. આ પત્રને માનવાવાળાઓમાં જો કોઈ નવી વાત ઉદ્ભવ પામે (જેનું વર્ણન આ દસ્તાવેજમાં નથી) અથવા કોઈ અન્ય ઝઘડો જેનાથી કોઈ નુકસાન તથા ઝઘડાનો અંદેશો હોય તો એ વિવાદાસ્પદ બાબતમાં ફેંસલાના માટે અલ્લાહ અને તેના રસૂલ ﷺની તરફ રુજૂઅ કરવાનું રહેશ. અલ્લાહનું સમર્થન તે શખ્સની સાથે છે જે આ લખાણમાં દર્શાવેલ બાબતોનું વધુથી વધુ સાવધાની તથા વફાદારી સાથે પાલન કરે.

૨૯. મક્કાના કુરૈશીઓ તથા તેમના સમર્થકોને કોઈ શરણ આપવામાં નહીં આવે.

૩૦. યષરબ (મદીના શરીફ) પર જે પણ હુમ્લો કરે તો એના મુકબલામાં આ સૌ (યહૂદી તથા મુસલમાન) એકબીજાની મદદ કરશે.

**૩૧. આ મુસલમાનોમાં જે પોતાના કરારબધ્ધ સાથે સુલહ કરવાના માટે યહૂદીને દાવત આપે તો યહૂદી તેની સાથે સુલહ કરી લેશે. એ જ પ્રમાણે જો તે (યહૂદી) કોઈ એવી સુલહની દાવત આપે તો મો'મિનો પણ એ દાવતને કબૂલ કરી લેશે, પણ એ કોઈ દીન તથા મઝહબ માટે જંગ કરે.**

૩૨. સર્વ લોકો પોત પોતાની તરફના વિસ્તારની રક્ષાના માટે જિમ્મેદાર રહેશે.

૩૩. **આ લખાણ કોઈ જાલિમ અથવા મુજરિમને એના જુર્મના પરિણામોથી બચાવવાના માટે આડ બનશે નહીં.** જે જંગના માટે નીકળે અથવા કોઈ અન્ય જગાએ સ્થળાંતર કરે તે પણ અને જે ઘરે (મદીનામાં) બેસી રહે તે પણ અમ્નનો હક્કદાર થશે. તેના પર કોઈ પૂછતાછ નથી. અલ્બત્ત કેવળ તે લોકો અપવાદ હશે જેઓ જુલ્મ અથવા જુર્મમાં સપડાય. અને જે આ લખાણનું વફાદારી તથા સાવધાનીથી પાલન કરશે, તો અલ્લાહ અને તેના રસૂલ મુહમ્મદ ﷺ પણ તેના નિગેહબાન તથા શુભેચ્છ છે.

*–(સીરતે મુસ્તફા જાને રહમત, ૧/૮૦૯ થી ૮૧૪)*

આ કલમોને અને ખાસ કરીને બોલ્ડ કરેલી લીટીઓને વારંવાર વાંચો અને અંદાજો કરો કે એ વખતે જે મદીના મુનવ્વરાની પરિસ્થિતિ હતી એવા સંજોગોમાં અમ્નો અમાનની સ્થાપ્ના માટે કઈ કઈ વાતોની જરૂરત હતી એ સૌનું વર્ણન આ કલમોમાં મૌજૂદ છે. એના ઉપરાંત આ દસ્તાવેજની સમૃધ્ધતા જુઓ કે દરેક તે નાનામાં નાની વાતનો ખયાલ કરવામાં આવ્યો છે જે અમ્નો સુકૂન (શાંતિ) બર્બાદ કરવા તથા બુરાઈ તેમજ ઝઘડાને હવા દેવામાં અસરકર્તા બની શકતી હતી.

સીરતે મુસ્તફા જાને રહમત ﷺના લેખક ઉપરોક્ત બંધારણ રજૂ કર્યા બાદ લખે છે :

આ બંધારણની અનોખી વિશિષ્ટતા એ છે કે ન કોઈ વ્યક્તિ કે કબીલાના હક્કને ઉડાડવામાં આવ્યો છે અને ન કોઈના પર મઝહબી અકીદા પર કોઈ જબરદસ્તી કરવામાં આવી છે, ન તેમના સમાજમાં ચાલતા રસ્મો રિવાજને છોડવામાં આવેલ છે, અને ન તેમના અંગત મામલાઓમાં કોઈ પ્રકારની વગર કામની દખલગીરી કરવામાં આવી છે. મદીનાના લોકો જેઓ લાંબાકાળથી જંગની ભઠ્ઠીમાં સળગી રહ્યા હતા તેમને આપસમાં સુલહની ઝમાનત આપવામાં આવી રહી છે. એટલા માટે સર્વ યષરબવાળાઓએ કબાઈલી તથા ધાર્મિક મતભેદોના હોવા છતાં આ બંધારણને સાચા દિલથી સ્વીકારી લીધું.

આ બંધારણના પહેલાં અરબ લોકો અતિશય કક્ષાએ વેરવિખેર હતા.

તેઓ ન કોઈ ક઼ાનૂનના પાબંદ હતા અને ન કોઈ હાકિમાના શક્તિ સામે સર ઝુકાવવાના આદી હતા. તેમનામાંથી જો કોઈ ક઼ત્લ થઈ જતુ તો તેનો બદલો લેવાનું એમની પોતાના હાથોની શક્તિ પર આધારિત હતું. તેઓ પોતાના હક઼્ક઼ને પડાવી લેનાર સામે પોતાની શક્તિ વડે સામનો કરતા હતા. ત્યાં કોઈ એવી સંગઠિત શક્તિ ન હતી જે એમની જાન માલ તથા ઈજ્જત આબરૂની હિફાઝતની ઝમાનત આપે. પરંતું આ બંધારણમાં એ સૌ અલગતાઓને જીવતી દફન કરી દેવામાં આવી અને એણે નવા સમાજમાં એક એવી કેન્દ્રિય આગેવાની સ્થાપિત કરી આપી જેના તરફ દરેક પ્રસંગે રુજૂઅ કરી શકતા હતા, જ્યારે એમની જાનો માલ તથા આબરૂ પર કોઈ હાથ લંબાવતુ. તે વ્યક્તિગત અલગતાવાદીનો ઉસૂલ જે ઈસ્લામથી પહેલાં સમાજમાં વ્યાપેલ હતો, તે આ લખાણ થકી સંગઠનમાં બદલી દેવામાં આવ્યો. આ રીતે લાક઼ાનૂનિયતનો પણ ખાત્મો થઈ ગયો અને વંશિક તથા ધાર્મિક લેહાજથી વેર વિખેર લોકોને એક માળામાં પરોવી દેવામાં આવ્યા અને સર્વ રહેવાસીઓને સમાન હક઼્ક઼ો મયસ્સર થઈ ગયા.''

*(ભાગ : ૧, પેજ : ૮૧૪, ૮૧૫)*

## ક઼ૈદીઓની સાથે પયગંબરે અમ્ન ﷺનો દયાભાવપૂર્ણ વહેવાર

બદરની લડાઈ કાફિરો તથા મુસલમાનો વચ્ચે નિર્ણયાત્મક લડાઈ હતી. પેલી તરફ એક હજારનું લશ્કર હતું, આ બાજુ કેવળ ૩૧૩ સિપાહી હતા. પેલી બાજુ જંગના અનુભવી પહેલવાનો હતા, આ બાજુ નિરાધાર મુસલમાન હતા. અલ્બત્ત ! તેમને પોતાના જાહેરી સબબો તથા જંગી સરસામાન પર ગર્વ હતો, પરંતુ આ લોકોને અલ્લાહ તબારક વ તઆલાની મદદ તથા નુસ્રત તથા નબીયે અકરમ ﷺની ઝાત પર ભરોસો હતો. છેવટે મુસલમાનોને જંગમાં ફતહ હાંસલ થઈ. દુશ્મનોની અધિકતર સંખ્યા, ખાસ કરીને તેમના કેટલાયે સરદારો ક઼ત્લ કરવામાં આવ્યા અને સિત્તેર લોકોને ક઼ૈદ કરી લેવામાં આવ્યા.

સીરતે ઝિયાઉન્નબી ﷺમાં છે : જંગના પછી મુસલમાનોના માટે

સૌથી મહત્વની સમસ્યા એ ઉપસ્થિત થઈ કે એ કેદીઓની સાથે શું કરવામાં આવે ? સરવરે કાઈનાત ﷺએ મુસલમાનો સાથે મશ્વરો કર્યો તો સિદ્દીકે અકબર ﷺએ એ રાય પેશ કરી કે તેમને ફિદિયો લઈને આઝાદ કરી દેવામાં આવે. એટલા માટે કે ફિદિયાથી જે માલ ભેગો થશે તેનાથી મુસલમાનોને શક્તિ મળશે.

હઝરત ઉમર رضی اللہ عنہએ એવો મશ્વરો આપ્યો કે દરેક કેદીને તેના મુસલમાન સગાના હવાલે કરવામાં આવે, અને તે મુસલમાન પોતાના હાથો વડે પોતાના કાફિર સગાને કત્લ કરે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہએ એ તજવીઝ પેશ કરી કે આગ સળગાવીને ભડકતા શોલાઓમાં એ સર્વ કેદીઓને નાખી દેવામાં આવે કે જેથી સળગીને ખાક થઈ જાય.

નબીએ રહમત ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની રાયને પસંદ કરી અને એ તજવીઝ પર અમલ કરવાથી ઈસ્લામને મહાન ભલાઈ નસીબ થઈ. એ કેદીઓમાંથી ઘણા બધા ઈસ્લામથી પાવન થઈ ગયા અને તેમના વંશજોથી મહાન હસ્તીઓ પેદા થઈ જેમણે પોતાની ખુદાદાદ કાબેલિયતો થકી ઈસ્લામના ગુલશનને સદાબહાર કરી આપ્યો. સાથોસાથ ફિદિયાની રકમથી મુસલમાનોને ઘણી આર્થિક મજબૂતી મળી.

*(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૩/૩૮૫–૩૮૭)*

## ★ કેદીઓ સાથે સદવર્તાવની તાકીદ ★

જાહિલિયતના જમાનામાં કેદી નિરાધાર રહેતા હતા. તેમને કોઈ છૂટછાર મળતી ન હતી. તેમની સાથે કોઈ જાતની ભલાઈ રાખવામાં આવતી ન હતી. દરેક જાતની બદતમીઝી તેમની સાથે દરરોજનો નિત્યક્રમ હતો.

જંગે બદરમાં જ્યારે મુસલમાનોના હિસ્સામાં કેટલાક કેદીઓ આવ્યા તો સરવરે કાઈનાત ﷺએ એ કેદીઓની સાથે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને સદવર્તાવ કરવા માટે તૈયાર કર્યા અને કેદીઓ પ્રતિ ભલુ ઈચ્છવાની સૂચના આપી.

*–(અલ મોઅજમુલ કબીર લિત્તબરાની, પેજ–૪૦૯)*

આક઼ાએ ક઼ૌનેન ﷺએ ગઝવએ બદરના કેદીઓના સંબંધે ફર્માવ્યું : કેદીઓની ક઼દર કરો. આ હુકમ પર અમલ કરતાં સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ કેદીઓને ખાવા ખવડાવવામાં પોતાની જાત પર અગ્રતા આપતા હતા. *(તફસીરે ઈબ્ને કષીર, ૮/૨૯૫)*

હઝરત અબૂ સઈદ અન્સારી رَضِیَ اللہُ عَنہُ જયારે બેહરીનથી ફતહમંદ થઈને પરત આવ્યા તો આપની સાથે ઘણા બધા કેદી હતા. તે સૌને લાઈનબંધ ઉભા કરી દેવામાં આવ્યા. નબી અકરમ ﷺએ જોયું કે એમાંથી એક સ્ત્રી રડી રહી છે. આપે પૂછયું, કેમ રડી રહી છો ? તેણીએ કહ્યું, મારો પુત્ર બનૂ અબસમાં વેચી દેવામાં આવ્યો છે. નબી અકરમ ﷺએ હઝરત અબૂ ઉસૈદ رَضِیَ اللہُ عَنہُને તરત હુકમ ફર્માવ્યો કે જાવ અને એ બાળકને પરત લઈ આવો. તે ગયા અને તે બાળકને લઈને પરત આવ્યા. *(મુસ્તદરક, ૩/૫૯૧)*

તે સ્ત્રી કેદી હતી. નબી અકરમ ﷺએ તેની સાથે પણ એહસાન કર્યું કે તેના બાળકને તેનાથી અલગ થવા ન દીધું. તરત હુકમ ફર્માવ્યો કે તે બાળકને જઈને પરત લાવવામાં આવે અને તે સ્ત્રીને હવાલે કરવામાં આવે.

## ★ બદરના એક કેદી અબૂ અઝીઝનું બયાન ★

જંગે બદરના કેદીઓમાંથી અબૂ અઝીઝ પણ હતા. તેમનું નામ ઝુરારા હતું. નઝર બિન હારિષના જહન્નમ રસીદ થયા બાદ એ મુશ્રિકોના ઝંડાધારી બન્યા હતા. બાદમાં એ ઈસ્લામથી પાવન થયા, અને એમની ગણના સહાબામાં થઈ. સહાબાએ કિરામે કેદી હોવાના સમયમાં બદરના કેદીઓ સાથે જે વર્તાવ કર્યો તેનું વર્ણન કરતાં ફર્માવે છે :–

كُنْتُ فِىْ رَهْطٍ مِنَ الْاَنْصَارِ حِيْنَ اَقْبَلُوْا بِىْ مِنْ بَدْرٍ، فَكَانُوْا اِذَا قَدَّمُوْا غَدَاءَهُمْ وَعَشَاءَهُمْ خَصُّوْنِىْ بِالْخُبْزِ وَاَكَلُوا التَّمَرَ لِوَصِيَّةِ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ اِيَّاهُمْ بِنَا. مَا تَقَعُ فِىْ يَدِ رَجُلٍ مِّنْهُمْ كِسْرَةُ خُبْزٍ اِلَّا نَفَحَنِىْ بِهَا فَاَسْتَحْيِىْ فَاَرُدُّهَا فَيَرُدُّهَا عَلَىَّ مَا يَمَسُّهَا.

''બદરથી કેદ કરીને લાવ્યા બાદ મને અન્સારના એક ગિરોહની સાથે રાખવામાં આવ્યો. તેઓ પોતે તો ખજૂરોથી ચલાવી લેતા હતા પણ જ્યારે મને ખાણુ પેશ કરતા તો રોટીઓની વ્યવસ્થા કરતા. કેમ કે રસૂલુલ્લાહ ﷺએ તેમને અમારા સંબંધે તાકીદ કરી હતી. જ્યારે એમનામાંથી કોઈ શખ્સની પાસે રોટીઓની વ્યવસ્થા થતી તે મારા માટે હાજર કરતો. મને લેવામાં શરમ આવતી તો હું પાછી આપી દેતો પરંતુ તે શખ્સ તેને અડકતો પણ ન હતો બલ્કે તે પરત મને આપીને ચાલ્યો જતો.

ઝંડો તો તે જ શખ્સ પકડે છે જે વિરોધીઓથી સખત નફરત ધરાવતો હોય. ખુદા બહાદુર હોય અને પોતાના વિરોધીને નેસ્તો નાબૂદ કરી દેવાનો ઈરાદો પણ ધરાવતો હોય. વિચારવાની વાત એ છે કે આવા વિરોધીની સાથે પણ પયગંબરે રહમત ﷺએ પોતાના સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَને માનવતાના ઉસૂલના તકાઝાના પ્રમાણે રહમો કરમનો વર્તાવ અપનાવવાની ખાસ સૂચના આપી છે.

## ★ કેદીઓ માટે લિબાસની વ્યવસ્થા ★

લિબાસ (પોશાક) માણસની મહત્વની જરૂરત છે જેને પહેરીને માણસ સતર છુપાવે છે અને લિબાસ વડે હુસ્નો જમાલ (સંદરતા)નું પ્રદર્શન પણ થાય છે. સામાન્યતઃ દરેક જગાનો એ માહોલ છે કે કેદીઓને એવા લિબાસ પહેરાવવામાં આવે છે જેનાથી એમની તૌહીન તથા અપમાન થાય છે. લિબાસની સ્ટાઈલ કાંઈક એવી હોય છે કે ગરીબથી ગરીબ માણસ પણ કેદખાના બહાર એ પ્રકારનો લિબાસ વાપરવાનું પસંદ નથી કરતો. કુર્બાન જાવ સરવરે કાઈનાત ﷺની ઝાતે ગિરામી પર જેમણે કેદીઓના સ્વમાનનો પણ લેહાઝ કર્યો અને એમના માટે પણ ઉમદા લિબાસની વ્યવસ્થા કરી.

ઈમામ બયહકી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ લખે છે : જ્યારે હવાઝિનના કેદી આવ્યા તો તેમના માટે સરકારે કૌનેન ﷺએ ઉમદા કપડાં ખરીદવાનો હુકમ કર્યો, પછી તે કપડાં કેદીઓને પહેરાવ્યાં.

*—(દલાઈલુન્નબુવ્વત લિલ્બયહકી, ૫/૨૬૪)*

કપડાંના ઉમદાપણાનો અંદાઝો આના થકી ખૂબીપૂર્વક લગાડી શકાય છે કે જ્યારે કોઈ કેદી આઝાદ થઈને નીકળતો તો તે જ પોશાક પહેરતો.

એ જ પ્રમાણે હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہما વર્ણવે છે :–

لَمَّا كَانَ يَوْمَ بَدْرٍ اُتِيَ بِأُسَارٰى، وَاُتِيَ بِالْعَبَّاسِ وَلَمْ يَكُنْ عَلَيْهِ ثَوْبٌ، فَنَظَرَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَهٗ قَمِيْصًا، فَوَجَدُوْا قَمِيْصَ عَبْدِ اللّٰهِ بْنِ اُبَيٍّ يَقْدُرُ عَلَيْهِ، فَكَسَاهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِيَّاهُ۔

''બદરના દિવસે કેદીઓને પકડીને લાવવામાં આવ્યા એમાં હઝરત અબ્બાસ પણ હતા. તેમના શરીર પર યોગ્ય લિબાસ ન હતો. નબી અકરમ ﷺએ એમના માટે કપડુ તલાશ કર્યું તો કેવળ અબ્દુલ્લાહ બિન ઉબયનું કમીઝ એમના માપનું હતું. નબી અકરમ ﷺએ તેમને તે કમીઝ પહેરાવ્યું.

અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુનાફિક હતો પણ મુસલમાનો સાથે મળીને પોતે પોતાને મુસલમાન જાહેર કરતો હતો. હઝરત અબ્બાસને જે અબ્દુલ્લાહ બિન ઉબયે કમીઝ આપી હતી, તો જ્યારે અબ્દુલ્લાહ બિન ઉબયનો ઈન્તેકાલ થયો તો નબી અકરમ ﷺએ એનું કરજ ઉતારવા માટે પોતાની કમીઝ તેને પહેરાવવાનો હુકમ કર્યો હતો. *(ઉપર મુજબ)*

## ★ કેદીઓના માટે યોગ્ય રહેઠાણની વ્યવસ્થા ★

**સામાન્યતઃ** કેદીઓના માટે રહેવા સહેવાની વ્યવસ્થા તદ્દન અલગ રીતની કરવામાં આવે છે. એમની સાથે પબ્લિકનો સંપર્ક તદ્દન ખત્મ થઈ જાય છે એના લીધે કેદી ગભરામણ મેહસૂસ કરે છે અને ઉદાસીનતાનો શિકાર થઈ જાય છે.

નબી અકરમ ﷺએ બદરના કેદીઓ માટે બે જગાઓની પસંદગી કરી અમુકને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની સાથે તેમનાં ઘરોમાં રહેવા દીધા અને હુકમ કર્યો કે તેમની સાથે સારો વર્તાવ કરવામાં આવે અને અમુકને મસ્જિદે નબવીમાં રાખવાનો હુકમ આપ્યો.

ઘરમાં રહેવાના સંબંધે અબૂ અઝીઝના બારામાં પાછળ રિવાયત વર્ણન થઈ ચૂકી છે. મસ્જિદમાં રાખવાના બારામાં હઝરત અબૂ હુરૈરહ رضي الله عنهની આ રિવાયતથી નિર્દેશ મળે છે. તે કહે છે :

નબી અકરમ ﷺએ નજદની તરફ એક લશ્કર મોકલ્યું. જ્યારે લશ્કર પાછુ આવ્યું તો કેદીઓમાં ષુમામા બિન ઉષાલ નામનો એક શખ્સ હતો તેને નબી અકરમ ﷺએ મસ્જિદના એક થાંભલા સાથે બાંધવાનો હુકમ ફર્માવ્યો. પછી બાદમાં નબી અકરમ ﷺ તેની પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે ષુમામાને છોડી આપો. છોડયા બાદ તે મસ્જિદની પાસે એક ખજૂરના ઝાડ પાસે ગયો, ગુસ્લ કર્યુ પછી મસ્જિદે નબવીમાં દાખલ થયો અને કલ્મએ શહાદત પઢીને ઈસ્લામમાં દાખલ થઈ ગયો.

*–(સહીહ બુખારી, ૧/૯૯)*

નબી અકરમ ﷺએ એ કેદીને મસ્જિદમાં બાંધવાનો હુકમ એટલા માટે આપ્યો કે કેદી મસ્જિદમાં રહીને મુસલમાનોના અમલો તથા અખ્લાક઼ જોશે અને પ્રભાવિત થઈને ઈસ્લામ ક઼બૂલ કરી લેશે.

## ★ હુનૈનના કેદીઓની મુક્તિ ★

હુનૈન મક્કા તથા તાઈફના વચ્ચે એક સ્થળનું નામ છે. ફતહે મક્કા પછી ઈસ્લામની હક્ક઼નિયતનું યક઼ીન દરેકને થઈ ગયું. એટલા માટે કે એમનો અક઼ીદો હતો કે કા'બા મુક઼દસાને જે પણ ફતહ કરશે તે હક્ક઼ પર હશે. અલ્બત્ત હુનૈન સ્થળે બે ક઼બીલા બનૂ ષક઼ીફ તથા બનૂ હવાઝિન આબાદ હતા જેમના પર મક્કાની ફતહની ઉલ્ટી અસર પડી. હક઼ીક઼તમાં તેઓ પોતાને જંગના અનુભવી તથા ખૂબ જ બહાદૂર સમજતા હતા. એ લોકોએ વિચાર્યું કે મક્કા પછી એમની વારી પણ આવી શકે છે. એટલા માટે એ લોકોએ નબી અકરમ ﷺ સાથે જંગની તૈયારી શરૂ કરી દીધી. નબી અકરમ ﷺએ એક સહાબીને હાલાત જાણવા મોકલ્યા તો જાણવા મળ્યું કે એ લોકોએ જંગની ખૂબ જ જબરદસ્ત તૈયારી કરી છે અને જંગના મેદાનમાં પોતાની સ્ત્રીઓ તથા બાળકો સુધ્ધાંને લઈને આવનારા છે જેથી જંગના મેદાનથી કોઈ ભાગી ન શકે.

નબી અકરમ નૂરે મુજસ્સમ ﷺએ પણ બાર હજારનું લશ્કર ભેગુ કર્યુ. પહેલા તબક્કામાં તો કાફિરોનો હુમલો ઘણો જ સખત હતો, પરંતુ પછી નબી અકરમ ﷺના અવાજ પર અન્સાર તથા મુહાજિરોએ મજબૂતીથી જામીને જંગ કરી અને બનૂ ષક઼ીફના યુવાનો જેઓ તીરંદાઝીમાં ખૂબ જ નિષ્ણાંત હતા અને એકદમ ક઼દમ જમાવીને લડી રહ્યા હતા તેમનામાંથી સિત્તેર ક઼ત્લ થઈ ગયા. જ્યારે તેમનો સરદાર માર્યો ગયો તો પછી તેઓ હાર પામીને ભાગ્યા. મુસલમાનોને ફતહે મુબીન નસીબ થઈ. મોટા પ્રમાણમાં માલે ગનીમત હાથ લાગ્યો અને ખૂબ મોટી સંખ્યામાં કેદીઓ મુસલમાનોના હાથ લાગ્યા.

હુનૈનથી ભાગનારા કાફિરોમાંથી અમુક અવતાસ ઘાટીમાં જઈને છુપાય ગયા અને અમુક તાઈફની તરફ ભાગી નીકળ્યા જેથી તાઈફના મજબૂત કિલ્લામાં પનાહ લે. નબી અકરમ ﷺના મોકલેલા એક ફોજી દળે અવતાસમાં છુપાયેલા કાફિરોને હાર આપી અને આપે તાઈફનો પણ ઘેરાવ કરવાનો હુકમ આપ્યો.

તાઈફનો આપે અઢાર દિવસ ઘેરાવ કર્યો. બંને બાજુથી તીરો વડે કાર્યવાહી થઈ પણ તાઈફનો કિલ્લો ફતહ ન થયો. પછી આપે જંગના નિષ્ણાતોથી મશ્વરો કરીને ઘેરાવ હટાવી લેવાનો હુકમ કર્યો.

*–(શરહે ઝુર્કાની અલલ મવાહિબ, ૩/૫૩–૯૬)*

જંગે હુનૈનના માલે ગનીમતમાં ચોવીસ હજાર ઊંટ, ચાલીસ હજારથી વધુ બકરીઓ, કેટલા મણ ચાંદી અને છ હજાર કેદી હતા. કેદીઓના સંબંધે હુઝૂર સૈયદે આલમ ﷺએ તેમના સગાઓના આવવાની રાહ જોઈ. કેટલાય દિવસો રાહ જોયા બાદ પણ જ્યારે કોઈ ન આવ્યું તો આપે માલે ગનીમતની વહેંચણી કરવાનો હુકમ કર્યો. પછી હવાઝિનનું પ્રતિનિધિમંડળ મુસલમાન થઈને નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયું અને એ લોકોએ ગુઝારિશ કરી કે તેમના માલો તથા કેદીઓને છોડી આપવામાં આવે.

નબી અકરમ ﷺએ ફર્માવ્યું, મેં તમારા લોકોની દસ દિવસથી વધુ

રાહ જોયી. પછી જ્યારે એવું લાગ્યું કે કોઈ આવનાર નથી તો માલો તથા કેદી વહેંચી કાઢવામાં આવ્યા છે, હવે એક જ સ્થિતિ છે કે મુજાહિદો પાસેથી ક્યાં તો માલો પરત મળી શકે છે અથવા તો કેદી. એ લોકોએ અર્ઝ કરી કે અમને અમારાં સગાં પરત મળી જાય એના પર અમે રાજી છીએ. નબી અકરમ ﷺએ સર્વ લોકોને ભેગા કર્યા અને એલાન કર્યું કે આ તમારા ભાઈ મુસલમાન થઈને આવ્યા છે અને તેઓ ચાહે છે કે તેમના સગાંઓ જેઓ કેદ થયાં છે તેમને પરત આપી દેવામાં આવે, જે ખુશદિલી સાથે આ ભલાઈના કાર્યમાં હિસ્સો લેવા ચાહે તે બતાવી દે. સર્વ હઝરાતે અર્ઝ કરી કે અમો સૌ કૈદીઓને પાછા આપી દેવા તૈયાર છીએ.

આ રીતે સરવરે કાઈનાત ﷺએ હવાઝિનથી ગિરફતાર થયેલ છ હજાર કેદીઓને એક સાથે મુક્ત કરી આપ્યા. *(સહીહ બુખારી, ૩/૯૯)*

જંગનો એ દસ્તૂર હોય છે કે જે ફોજ જંગ જીત્યા કરે છે એની પકડમાં સામા પક્ષના જે લોકો પણ આવી જાય તેઓ તેને કેદ કરી લે છે અને પછી મુજાહિદોની વચ્ચે તેમને ગનીમત રૂપે વહેંચી દેવામાં આવે છે જેમનાથી તેઓ ખિદમતનું કામ લે છે. વિશ્વના ઈતિહાસનો અભ્યાસ કરીએ તો અંદાજો થશે કે એકવાર જો કોઈ શખ્સ કેદીની જંઝીરમાં બંધાય ગયો તો તેની નસલોને ગુલામો તથા બાંદીઓની હૈસિયતથી ઉપયોગમાં લેવામાં આવેલ છે, પણ સરવરે કાઈનાત ﷺનો કરીમાના વર્તાવ છે કે આપે એક જ સમયમાં છ હજાર લોકોને કેદીમાંથી મુક્તિ અર્પણ કરી.

## સુલહે હુદૈબિયાની શાંતિની સ્થાપ્ના મહાન પૂર્વભૂમિકા હતી

૬ હિ.સ.માં સરવરે કાઈનાત ﷺ ૧૪૦૦ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَને સાથે લઈને ઉમરાનો એહરામ બાંધીને નીકળ્યા, આપને એ વાત સારી રીતે માલૂમ હતી કે કાફિરો આપને મક્કા મોઅઝ્ઝમામાં પ્રવેશવા નહીં દે. આપે એક શખ્સને મક્કા મોકલ્યો જેથી તે કાફિરોના ઈરાદાઓની ખબર લાવે. એ શખ્સે આવીને બતાવ્યું કે મક્કાના કાફિરોએ સર્વ અરબના કૃબીલાઓના કાફિરોને ભેગા કરીને એવું કહી આપ્યું

છે કે મુસલમાનોને કદાપિ મક્કામાં દાખલ થવા દેવામાં ન આવે. કુરૈશના કાફિરોએ પોતાના સર્વ સાથી કબીલાઓને ભેગા કરીને એક ફોજ તૈયાર કરી લીધી અને મુસલમાનોનો રસ્તો રોકવા માટે મક્કાથી બહાર નીકળીને મકામે મલ્દહ (મક્કામાં એક વાદી)માં પડાવ નાખી દીધો.

હુદૈબિયા સ્થળે પહોંચીને હુઝૂર ﷺએ એ જોયું કે કુરૈશના કાફિરોનું એક મહાન લશ્કર જંગના માટે તૈયાર છે અને આ તરફ એ હાલ છે કે સર્વ લોકો એહરામ બાંધેલી હાલતમાં છે કે આ હાલતમાં જૂવો પણ નથી મારી શકતા. તો આપે યોગ્ય જાણ્યું કે મક્કાના કાફિરો સાથે સુલહની ચર્ચા કરવા માટે કોઈને મક્કા મોકલી દેવામાં આવે. આપે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہને મક્કા મોઅઝ્ઝમા રવાના કર્યા. મક્કાના કાફિરોએ તેમને કહ્યું કે અમો તમને ઈજાઝત આપીએ છીએ કે તમારો ઉમરો મુકમ્મલ કરી લો, મુહમ્મદ ﷺને અમો કદાપિ મક્કામાં દાખલ થવા દઈશુ નહીં : તેમણે કહ્યું કે હું રસૂલુલ્લાહ ﷺને સાથે લીધા વિના કદાપિ એકલો મારો ઉમરો અદા નથી કરી શકતો. એના પર વાત વધી ગઈ અને કાફિરોએ આપને મક્કામાં રોકી લીધા. આ બાજુ હુદૈબિયાના મેદાનમાં એ વાત મશ્હૂર થઈ ગઈ કે કુરૈશના કાફિરોએ એમને શહીદ કરી દીધા.

હુઝૂર ﷺને જ્યારે આ ખબર પહોંચી તો આપે ફર્માવ્યું કે ઉષ્માનના ખૂનનો બદલો લેવો ફર્ઝ છે, આમ કહીને આપ બાવળના ઝાડ નીચે બેસી ગયા અને સહાબાએ કિરામથી ફર્માવ્યું કે તમે સૌ લોકો મારા હાથ પર એ વાતની બયઅત કરો કે અંતિમ શ્વાસ સુધી તમે લોકો મારા વફાદાર તથા જાંનિષાર રહેશો.

સર્વ સહાબાએ કિરામે ખૂબ જ વલવલાઅંગેઝ જોશો ખરોશની સાથે જાંનિષારીનો વાયદો કરતાં હુઝૂર ﷺના દસ્તે હક્ક પરસ્ત પર બયઅત કરી લીધી. આ બયઅતનું નામ "બયઅતે રિદ્વાન" છે. બયઅતે રિદ્વાન બાદ ખબર મળી કે હઝરત ઉષ્માન رضی اللہ عنہની શહાદતની ખબર ગલત હતી અને આપ મક્કામાં સહી સલામત હતા. પછી ખૈરો આફિયતની સાથે હુઝૂર ﷺની ખિદમતે અક્દસમાં હાજર પણ થઈ ગયા.

હુદૈબિયામાં કાફિરો તરફથી સૌ પ્રથમ આવનારો શખ્સ બુદૈલ બિન વરક઼ા ખઝાઈ હતો. એના થકી હુઝૂર નબી કરીમ ﷺએ કુરૈશને એ પયગામ મોકલ્યો કે જઈને તેમને કહી આપો કે અમો જંગના ઈરાદાથી નથી આવ્યા અને ન તો અમો જંગ ચાહીયે છીએ. અમો કેવળ ઉમરાના ઈરાદાથી આવ્યા છીએ. સતત લડાઈઓથી કુરૈશને ખૂબ જ જાની તથા માલી નુકસાન પહોંચી ચૂક્યું છે જેથી એમના હક઼માં એ જ બેહતર છે કે તેઓ જંગ ન કરે બલ્કે મારી સાથે એક નિશ્ચિત મુદ્દત માટે ક઼રાર કરી લે. સરકારે કાઈનાત ﷺ મક઼ામે હુદૈબિયામાં જ હતા. કાફિરોના તરફથી સુહેલ બિન અમ્ર આવ્યો. એણે આવીને કહ્યું કે ચાલો ! આપણે આપસમાં ક઼રારનો દસ્તાવેજ લખીએ છીએ. સરવરે ક઼ાઈનાત ﷺએ ક઼રાર લખવા માટે હઝરત અલી رضي الله عنهને બોલાવ્યા. એ દસ્તાવેજમાં એવું નક્કી કરી દેવામાં આવ્યું કે બંને પક્ષો વચ્ચે દસ વરસો સુધી લડાઈ તદ્દન મૌકૂફ રહેશે.

સુલહનામાની ક઼લમો તથા શરતો આ પ્રમાણે છે :–

૦૧. મુસલમાન આ વરસે ઉમરો અદા કર્યા વિના ચાલ્યા જશે.

૦૨. આવતા વરસે ઉમરાના માટે આવશે અને કેવળ ત્રણ દિવસ મક્કામાં રોકાયને ચાલ્યા જશે.

૦૩. તલ્વાર સિવાય કોઈ અન્ય હથિયાર લઈને નહીં આવે. તલ્વાર પણ મ્યાનમાં રાખીને થેલા વગેરેમાં બંધ હોય.

૦૪. મક્કામાં જે મુસલમાન પહેલેથી રહે છે તેમનામાંથી કોઈને પોતાને સાથે ન લઈ જવામાં આવે, અને મુસલમાનમાંથી જો કોઈ મક્કામાં રહેવા ચાહે તો તેને રોકવામાં ન આવે.

૦૫. કાફિરો કે મુસલમાનોમાંથી કોઈ શખ્સ જો મદીના ચાલ્યો જાય તો પરત કરી દેવામાં આવે, પરંતું જો કોઈ મુસલમાન મદીનાથી મક્કા ચાલ્યો જાય તો પરત કરવામાં નહીં આવે.

૦૬. અરબના ક઼બીલાઓને ઈખ્તિયાર રહેશે કે બંનેવ પક્ષોમાંથી જેની સાથે ચાહે દોસ્તીનો ક઼રાર કરી લે.

જાહેર છે કે આ શર્તો મુસલમાનોની સખત વિરૂધ્ધ હતી અને સહાબાએ કિરામને એના પર ખૂબ જ જબરદસ્ત નારાઝગી થઈ રહી હતી, પણ તેઓ રસૂલે પાક ﷺના ફર્માન વિરૂધ્ધ દમ મારવાથી મજબૂર હતા. *(સીરતે મુસ્તફા જાને રહમત ﷺ, ૧/૮૩–૯૧)*

જાહેરી રીતે એવું જણાય છે કે જે કલમો પર સૈયદે આલમ ﷺ મક્કાના કાફિરો સાથે સુલહ કરવા માટે રાજી થયા તે દબાય જવા તરફ નિર્દેશ કરે છે, પરંતું હકીકતમાં એવું નથી. સૌ પ્રથમ વાત એ કે એ વખતે સુલેહ પર રાજી ન થવું ઘણા જ મોટા ખૂન ખરાબાનો સબબ થાત, જેના કારણે અમ્નો સુકૂન બર્બાદ થઈ જાત, અને નબી પાક ﷺએ વાત તદ્દન પસંદ કરતા ન હતા.

એ ઉપરાંત એની મહાન હિકમત અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આન મુકદ્દસમાં વર્ણવી જેને સરવરે આલમ ﷺની દિર્ઘદષ્ટિવાળી નિગાહ જોઈ રહી હતી. કુર્આનનું ફર્માન છે :–

هُمُ الَّذِيْنَ كَفَرُوْا وَصَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ وَالْهَدْىَ مَعْكُوْفًا اَنْ يَّبْلُغَ مَحِلَّهٗ ؕ وَلَوْلَا رِجَالٌ مُّؤْمِنُوْنَ وَنِسَآءٌ مُّؤْمِنٰتٌ لَّمْ تَعْلَمُوْهُمْ اَنْ تَطَـُٔوْهُمْ فَتُصِيْبَكُمْ مِّنْهُمْ مَّعَرَّةٌۢ بِغَيْرِ عِلْمٍ ۚ لِيُدْخِلَ اللّٰهُ فِيْ رَحْمَتِهٖ مَنْ يَّشَآءُ ۚ لَوْ تَزَيَّلُوْا لَعَذَّبْنَا الَّذِيْنَ كَفَرُوْا مِنْهُمْ عَذَابًا اَلِيْمًا ○

"તેઓ છે જેમણે કુફ્ર કર્યું અને તમને મસ્જિદે હરામથી રોકયા, અને કુર્બાનીનાં જાનવરો રોકાયેલાં રહ્યાં પોતાની જગાએ પહોંચવાથી, અને જો આવુ ન થાત કેટલાક મુસલમાન પુરૂષ તથા કેટલીક મુસલમાન સ્ત્રીઓ જેમની તમને ખબર નથી કે ક્યાંક તમો તેમને કચડી નાખો તો તમને અજાણતામાં એમની તરફથી કોઈ મકરૂહ પહોંચે, તો અમો તમને એમનાથી લડાઈની ઈજાઝત આપત. એમનો આ બચાવ એટલા માટે છે કે અલ્લાહ પોતાની રહમતમાં દાખલ કરે જેને ચાહે. જો તેઓ અલગ થઈ જાત તો અમે જરૂર એમનામાંના કાફિરોને દર્દનાક અઝાબ આપત.

*–(સૂ. ફતહ, આ.૨૫, કન્ઝુલ ઈમાન)*

એટલે કે મક્કા મોઅઝ્ઝમામાં ઘણા બધા પુરૂષો તથા સ્ત્રીઓ દબાણવશ હોવાના કારણે છુપી રીતે મુસલમાન છે જેમની તમને ખબર નથી. જો જંગ થાત તો તેઓ પણ તમારી તલ્વારના સાયામાં આવી શક્તાં હતાં. એ ઉપરાંત ઘણા બધા લોકો એવા છે જેઓ હાલમાં તો કાફિર છે પરંતુ નજીકમાં જ અલ્લાહ એમને પોતાની રહમતમાં લેશે અને તેમને ઈસ્લામની દૌલત અતા કરશે.

## ★ સુલ્તાનોના નામે હુઝૂર ﷺના અમ્નભર્યા પત્રો ★

હિ.સ. ૬માં સુલહે હુદૈબિયા પછી જ્યારે લડાઈ ઝઘડાના ખતરાઓ ટળી ગયા અને ચો તરફ અમ્નો સુકૂનનું વાતાવરણ પેદા થઈ ગયું તો કેમ કે રસૂલુલ્લાહ ﷺની નબુવ્વત તથા રિસાલતનું વર્તુળ કેવળ અરબના વિસ્તાર સુધી જ મર્યાદિત ન હતું બલ્કે આપ તમામ આલમના માટે નબી બનાવીને મોકલવામાં આવ્યા હતા. એટલા માટે આપે ઈરાદો કર્યો કે ઈસ્લામનો પયગામ તમામ દુનિયામાં પહોંચાડી દેવામાં આવે.

જેથી આપે રોમના બાદશાહ કૈસર, ફારસ (ઈરાન)ના બાદશાહ કિસ્રા, હબ્શાના બાદશાહ નજ્જાશી, મિસ્રના બાદશાહ અઝીઝ તથા અરબ તથા અજમના અન્ય સુલ્તાનોના નામે ઈસ્લામની દાવતના પત્રો રવાના કર્યા. *(સીરતે મુસ્તફા જાને રહમત ﷺ, ૨/૧૦૧)*

જે બાદશાહોને આકાએ કૌનેન ﷺએ પત્રો મોકલ્યા તેમનાં નામો નીચે મુજબ છે :

**(૧)** હિરકલ–રોમના કૈસર **(૨)** ખુશ્રૂ પરવેઝ–ઈરાનના શાહ **(૩)** મકૂકસ–અઝીઝે મિસ્ર **(૪)** નજ્જાશી બાદશાહ હબ્શા **(૫)** હૌઝા–યમામાના બાદશાહ **(૬)** હારિષ ગસ્સાની–વાલીએ ગસ્સાન

પત્રનું લખાણ સામાન્યતઃ નીચેની વાતો પર આધારિત હતું.

- ❑ હું તમને ઈસ્લામની દાવત આપુ છું.
- ❑ ઈસ્લામમાં દાખલ થઈ જાવ, સલામતીમાં દાખલ થઈ જશો.
- ❑ જો તમે ઈસ્લામથી ઈન્કાર કર્યો તો આપના પર આપની કૌમનો પણ અઝાબ થશે.

- ❑ આપ ઈસ્લામ સ્વીકારી લેશો તો આપની સલ્તનત પહેલાંની જેમ બાકી રહેશે.
- ❑ જો તમે ખુદ ઈસ્લામ સ્વીકારતા નથી તો તમારી પ્રજાને ઈસ્લામ સ્વીકારવાની આઝાદી આપો.
- ❑ (એહલે કિતાબની તરફ મોકલેલા પત્રોમાં હતું) અલ્લાહ તમને બમણો અજર અતા કરશે.
- ❑ એવી વાતની તરફ આવો જે અમારા તથા તમારા દરમિયાન એક સમાન છે કે અમો અલ્લાહના સિવાય કોઈની બંદગી નહીં કરીએ, એની સાથે કોઈને શરીક ઠરાવીશું નહીં અને અમો અલ્લાહને છોડીને કોઈને ખુદા બનાવીશું નહીં. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૪/૧૮૦–૨૦૭)*

સરવરે આલમ ﷺનું વિશ્વના રાજાઓ તરફ પત્ર મોકલવું અને પત્રોનું વર્ણવેલ લખાણ એ વાત જાહેર કરી રહેલ છે કે :

- ❑ આપે પૂરા જગતને અમ્નનું સ્થાન બતાવવાની પુખ્તા કોશિશ કરી હતી.
- ❑ અલ્લાહનો કાનૂન જે પૂરી માનવજાત માટે અમ્નો સુકૂનનો જામિન છે, આપે એ કાનૂનને પૂરી દુનિયામાં આમ કરવાની પેશ કદમી કરી.
- ❑ દુનિયાના બાદશાહોએ પોતાની સલ્તનતોમાં જે કાનૂનોને રિવાજ આપ્યો હતો તે તેમના પોતાના બનાવેલા હતા. એમાં ન માનવ સમાનતા તથા બરાબરીનો ખયાલ હતો અને ન તો સત્તા હેઠળના દરેક વ્યક્તિ માટે હક્કોની ઝમાનત હતી તદ્ ઉપરાંત એ કાનૂનો ભેદભાવ પર પણ આધારિત હતા. એની સરખામણીમાં અલ્લાહનો બનાવેલો કાનૂન દરેક માનવના હક્કની ઝમાનત લેનાર તથા દરેક વ્યક્તિના માટે રહમતનો પયગામ ધરાવતો હતો. એ કાનૂનને પૂરી દુનિયામાં લાગુ કરવાના માટે આપે વિશ્વના સુલ્તાનોને અમ્નના પયગામમાં શરીક કરવાની કોશિશ કરી.

- ❑ દુનિયાના રાજાઓના બનાવેલા ક઼ાનૂનોમાં અદ્લની સરખામણીમાં જુલ્મનુ પાસુ ઉપરવટ હતું, એની સરખામણીમાં અલ્લાહનો બનાવેલો ક઼ાનૂન સંપૂર્ણપણે ન્યાય તથા સમાનતાવાળો હતો. એટલા માટે અલ્લાહના બનાવેલા ક઼ાનૂનને આપે આખા વિશ્વ માટે અમલને પાત્ર બનાવવાનો ઈરાદો કર્યો.
- ❑ આ પત્રો ખુદ તે દેશોના રાજાઓ માટે અમ્નનો પયગામ હતો, જેમ કે પત્રોમાં ખુદ વર્ણન કરેલ છે કે ઈસ્લામ ક઼બૂલ કરો તો અમ્નો સલામતી તમારુ મુક઼દ્દર બની જશે અને અલ્લાહ તમને બમણો સવાબ આપશે. જો ઈસ્લામ ક઼બૂલ નથી કરતા તો તમારા પર તમારી ક઼ૌમનો પણ વબાલ થશે, એટલા માટે ક઼ૌમ પોતાના રાજાના તાબા હેઠળ હોય છે.

તદ્ ઉપરાંત આપના આ પગલાંમાં વિવિધ પાસાંથી દુનિયાને અમ્નો સુકૂનનો બાગ બનાવવાની અજોડ કોશિશ હતી.

## ★ ફતહે મક્કાના પ્રસંગે હુઝૂર ﷺની અમ્ન પસંદી ★

હુદૈબિયાના સુલેહનામામાં એક શર્ત એ પણ હતી કે અરબનો જે ક઼બીલો ચાહે તે હુઝૂર ﷺથી ક઼રાર કરે અને જે ક઼બીલો ચાહે તે કુરૈશ સાથે ક઼રાર કરે. એ કારણે બની બકરે કુરૈશ સાથે ક઼રાર કરી લીધો અને બની ખઝાઆએ રસૂલુલ્લાહ ﷺ સાથે આપસમાં સહાયનો ક઼રાર કરી લીધો. આ બંનેવ ક઼બીલા મક્કાની નજીકમાં જ આબાદ હતા, પરંતું એ બંનેવમાં લાંબા અરસાથી સખ્ત અદાવત તથા વિરોધ ચાલ્યો આવતો હતો. બનૂ બકરે બનૂ ખઝાઆથી પોતાની પૂરાણી અદાવતનો બદલો લેવા ચાહ્યું અને પોતાના હલીફ (ક઼રાર પામેલા) કુરેશના કાફિરો સાથે મળીને એકદમ અચાનક બનૂ ખઝાઆ પર હુમ્લો કરી આપ્યો જેમાં કુરેશના સર્વ રઈસો તથા સરદારોએ જાહેરી રીતે બનૂ ખઝાઆને ક઼ત્લ કર્યા.

કુરૈશે પોતાની આ હરકતથી હુદૈબિયાના ક઼રારને અમલી રીતે તોડી નાખ્યો અને પછી બની ખઝાઆના સરદાર અમ્ર બિન સાલિમ ખઝાઈ

ચાલીસ માણસોનું પ્રતિનિધિમંડળ લઈને ફરિયાદ કરવા તથા મદદ મેળવવા બારગાહે રિસાલતમાં પહોંચ્યા.

હુઝૂર ﷺએ કુરૈશની પાસે એલચી મોકલ્યો અને ત્રણ શર્તો રજૂ કરી :–

**૦૧.** બની ખુઝાઆના કૃત્લ થનારાઓનો ખૂનબહા (ખૂનના બદલે માલ) આપવામાં આવે.

**૦૨.** કુરૈશ બનૂ બકરની તરફદારી કરવાથી અલગ થઈ જાય.

**૦૩.** એલાન કરી આપે કે હુદૈબિયાનો કૃરાર તૂટી ગયો.

આ શર્તોને સાંભળીને કુરતા બિન અબ્દે અમ્રએ કુરૈશના પ્રતિનિધિ તરીકે જવાબ આપ્યો કે ન અમો કૃત્લ થનારાઓના ખૂનનો બદલો આપીશું, અમારા હલીફ (કૃરારબધ્ધ) કબીલા બનૂ બકરની તરફદારી છોડીશું. અલ્બત્ત અમને ત્રીજી શર્ત મંઝૂર છે અને અમો એલાન કરીએ છીએ કે હુદૈબિયાનો કૃરાર તૂટી ગયો.

એના પછી હુઝૂર ﷺએ લોકોને જંગની તૈયારીનો હુકમ કર્યો. હઝરત બીબી આઈશા رضی اللہ عنہાને પણ ફર્માવી આપ્યું કે જંગના હથિયાર દુરુસ્ત કરી આપે અને પોતાના હલીફ (કરારબધ્ધ) કૃબીલાઓને પણ જંગી તૈયારીઓના માટે હુકમનામુ મોકલી આપ્યું.

૧૦ રમઝાન હિ.સ. ૮ના રોજ રસૂલે અકરમ ﷺ મદીનાથી બાર હજારનું લશ્કર લઈને મક્કાની તરફ રવાના થયા. પછી વિજયીની શાનો શૌકતની સાથે પયગંબરે અમ્ન ﷺએ મક્કાની ભૂમિમાં પડાવ નાખ્યો અને હુકમ આવ્યો કે મારો ઝંડો મક્ામે જહૂનની પાસે ખોસવામાં આવે.

*–(સીરતે મુસ્તફા જાને રહમત ﷺ, ૨/૧૬૯–૧૭૬)*

અહીં ખાસ કરીને નોંધપાત્ર તે ફર્માન છે જે તાજદારે દો આલમ ﷺએ મક્કા મોઅઝ્ઝમામાં વિજયીની શાન સાથે દાખલ થતી વખતે જારી કર્યું હતું કે એના શબ્દે શબ્દથી અમ્ન તથા રહમતના દરિયા ફૂટી રહ્યા છે :–

- ❑ જે હથિયાર રાખી દેશે તેને અમાન છે.
- ❑ જે કાબામાં દાખલ થઈ જાય તેને અમાન છે.
- ❑ જે પોતાના ઘરમાં બેસેલો રહે તેને અમાન છે.
- ❑ જે હકીમ ઈબ્ને હિઝામના ઘરમાં દાખલ થઈ જાય તેને અમાન છે.
- ❑ નાસી છૂટનારનો પીછો કરવામાં નહીં આવે.
- ❑ ઝખ્મીને ક઼ત્લ કરવામાં નહીં આવે.
- ❑ ક઼ેદીને ક઼ત્લ કરવામાં નહીં આવે.

હઝરત અબૂ સુફયાન એ મોક઼ા પર ઈસ્લામથી પાવન થયા. હઝરત અબ્બાસ رضی اللہ عنہએ રસૂલે અકરમ ﷺને ફર્માવ્યું, અબૂ સુફયાન ફખ્ર પસંદ ઈન્સાન છે, આપ એના માટે એવી કોઈ વાત કહી આપો જેનાથી એની શાન બુલંદ થઈ જાય. હુઝૂર નબી અકરમ ﷺએ એલાન કરી આપ્યું કે,

- ❑ જે શખ્સ અબૂ સુફયાનના ઘરમાં દાખલ થઈ જાય તેને અમાન છે.

*–(દલાઈલુન્નબુવ્વત, ૫/૩૪)*

## ★ કુરેશીઓની આમ માફીનું એલાન ★

આજના દિવસે તે લોકો પણ પયગંબરે અમ્ન ﷺની સામે મૌજૂદ હતા જેમણે આપને તથા આપના ખાનદાનને ત્રણ વરસો સુધી એક શિઅ્બ (નીચાણવાળી જમીન)માં ઘેરાવ કરીને દાણી પાણી સુધ્ધાં બંધ કરી આપ્યું હતું અને અનાજનો એક દાણો પણ પહોંચવા દેતા ન હતા. એ લોકો પણ ઉભા હતા જેઓ આપના પર ઈમાન લાવનારાઓને ગરમ થયેલી રેતી પર નાખીને ઘસેડયા કરતા હતા. તે ઘમંડી હસ્તીઓ પણ મૌજૂદ હતી જેમણે ક઼સમ ખાય રાખી હતી કે અમે ઈસ્લામના દાઈ (નિમંત્રક)ને પૃથ્વીના પટ પરથી ખત્મ કરી દઈશું. અને એવા લોકો પણ હતા જેઓ રસૂલ ﷺના લોહીથી પોતાની પ્યાસ બુઝાવવા ચાહતા હતા. આ સર્વે મુજરિમો માથુ ઝુકાવીને ઉભા હતા.

પેલી બાજુ દસ હજાર તલ્વારો શહનશાહે અરબો અજમના એક

ઈશારાની રાહ જોઈ રહી હતી કે હુકમ થાય તો અમો એ મુજરિમોનાં માથાં વાઢી નાખીએ. આપે એ મુજરિમોની તરફ જોયું અને પૂછયું, તમને કાંઈ ખબર છે કે હવે હું તમારી સાથે શું વર્તાવ કરવાનો છું ?! આ સાંભળીને મક્કાવાસીઓએ કહ્યું :–

نَقُوْلُ خَيْرًا وَنَظُنُّ خَيْرًا، اَخٌ كَرِيْمٌ وَابْنُ اَخٍ كَرِيْمٍ ''અમે તો આપના બારામાં ભલાઈ જ કહીએ છીએ અને આપથી ભલાઈની જ ઉમ્મીદ કરીએ છીએ. આપ શરીફભાઈ અને શરીફ ભત્રીજા છો.''

મક્કાવાસીઓ સરવરે કાઈનાત ﷺના પયગંબરાના અખ્લાક઼થી વાકેફ હતા. આપના સબ્ર તથા સંયમને જોયો હતો. આપની જાતથી ભલાઈની જ ઉમ્મીદ કરતા હતા.

એમના જવાબમાં પયગંબરે અમ્ન ﷺએ ફર્માવ્યું :–

فَاِنِّیْ اَقُوْلُ كَمَا قَالَ اَخِیْ یُوْسُفُ: لَا تَثْرِیْبَ عَلَیْكُمُ الْیَوْمَ یَغْفِرُ اللّٰهُ لَكُمْ وَهُوَ اَرْحَمُ الرَّاحِمِیْنَ۔

''હું પણ મારા ભાઈ યૂસુફ (عليه السلام)ની જેમ તમને કહું છું કે **આજે તમારા પર કોઈ આક્ષેપ અને પૂછતાછ નથી. ખુદાએ બરતર તમારા કુસૂરોને માફ ફર્માવે અને તે જ અર્હમુરાહિમીન છે.''**

*–(મગાઝી અલ વાક઼ેદી, ૨/૮૩૫)*

વિચારો કે જે સ્થળે કોઈ શખ્સે મઝલૂમીના દિવસો પસાર કર્યા હોય અને છેવટે તેને ત્યાંથી હિજરત માટે મજબૂર કરી દેવામાં આવ્યો હોય, પછી એ જ સ્થળે તે વિજયીની હૈસિયતથી પ્રવેશ કરે, તેમ છતાં અમ્નો અમાનનું આવું ફર્માન જારી કરવું સરવરે આલમ ﷺની જાત સિવાય કોઈ અન્ય પાસેથી વિચારી પણ નથી શકાતુ.

આ આમ માફી, આ અમ્નના પ્રદર્શન અને આ હુસ્ને સુલૂક (સદવર્તાવ) બાદ લોકોના દિલોમાં સરવરે કાઈનાત ﷺની અક઼ીદત એવી વસી ગઈ અને ઈસ્લામની અઝમત એવી બેસી ગઈ કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ પુકારી ઉઠયા કે :–

فَخَرَجُوا كَأَنَّمَا نُشِرُوا مِنَ الْقُبُورِ فَدَخَلُوا فِي الْإِسْلَامِ ''તમામે તમામ એવી રીત નીકળ્યા કે જાણે (કયામત કાયમ થઈ ચૂકી છે અને) સૌને કબરોથી ઉઠાડી દેવામાં આવ્યા છે અને સર્વ લોકો ઈસ્લામમાં દાખલ થઈ ગયા.

—*(શરહે મઆનીયુલ આષાર, ૩/૩૨૫)*

ફતહે મક્કાના સમયે મુસલમાન ચાહત તો એ જાલિમોથી એકે એક જુલ્મનો બદલો લઈ શકતા હતા, પણ નબી અકરમ ﷺએ માફી તથા કૃપાનું જે દષ્ટાંત રજૂ કર્યું તે દુનિયાના અસ્તિત્વ સુધી યાદ રાખવામાં આવશે.

## ★ હઝરત સઅદ رضی اللہ عنہથી ઝંડો પરત લઈ લીધો ! ★

હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہ જે કબીલા ખઝરજના રઈસે આ'ઝમ હતા અને મક્કાના કુરેશીઓએ ઈસ્લામ સ્વીકારવાના બદલામાં જેમને બુરી રીતે પોતાના જુલ્મો સિતમનો શિકાર બનાવ્યા હતા, તે એક ફોજી દળના ઝંડાધારી હતા. તેમણે અબૂ સુફયાનને કહ્યું, આજનો દિવસ કત્લ તથા ખૂનરેઝીનો દિવસ છે ! આજના દિવસે ખુદાએ શદીદુલ એકાબ (સજામાં સખ્ત ખુદા) કુરૈશને ઝલીલ કરશે ! આ સાંભળીને અબૂ સુફયાનના હોશ ઉડી ગયા. હુઝૂર ﷺ જોવામાં આવ્યા તો કહ્યું, યા રસૂલલ્લાહ ! શું આપે આપની જ કૌમ કુરેશની કત્લોગારતનો હુકમ આપી દીધો છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, કદાપિ નહીં ! અબૂ સુફયાને કહ્યું સઅદ તો એવું જ કહી રહ્યા છે !

રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, સઅદ ગલત કહે છે, તમો ઈમ્તિનાન રાખો, આજનો દિવસ લુત્ફો રહમતનો દિવસ છે.

રસૂલે રહમત ﷺએ હઝરત અલી رضی اللہ عنہને ફર્માવ્યું કે સઅદ પાસેથી ઝંડો લઈ લો, એટલા માટે કે ડર છે કે ક્યાંક તે જઝબાત હેઠળ આવીને બદલાની કાર્યવાહી ન કરી બેસે. *(સીરતે ઈબ્ને હિશામ, ૨/૪૦૬)*

નબી અકરમ ﷺને બસ એટલો અંદેશો થયો કે ક્યાંક હઝરત સઅદ رضی اللہ عنہનું જઝબાતી થઈ જવું અમ્ન (શાંતિ)ને ગારત થવાનો સબબ ન બની

જાય, તો આપે તરત જ તેમની પાસેથી ઝંડો પરત લેવાનો હુકમ જારી કર્યો અને એ ફોજી દળની સરદારી તુરત જ હઝરત અલી رضی اللہ عنہના હવાલે કરી આપી.

## ★ તકલીફ પહોંચાડનારાઓને માફી ★

આટલુ મોટુ શહેર જયાં ડગલે ને પગલે લોકો મૌજૂદ હતા, જેમણે એક લાંબા અરસા સુધી હુઝૂર ﷺને તકલીફ પહોંચાડી, તેમાંથી કેવળ ત્રણ માણસો મુજરિમ ઠર્યા અને બાકીના સૌને માફ કરી દેવામાં આવ્યા. એ માફી પામનારાઓમાં અબૂ જહલનો પુત્ર ઈકરમા પણ છે, ઉમૈયા બિન ખલફનો પુત્ર હઝરત સફવાન પણ છે, હઝરત કઅબ બિન ઝુહૈર પણ છે, જેઓ ઈસ્લામ લાવતા પહેલાં હુઝૂર ﷺના માટે અપમાનજનક શેઅરો કહ્યા કરતા હતા. હઝરત વહશી પણ છે જેમણે જંગે ઓહદમાં હઝરત અમીરે હમ્ઝાને કત્લ કર્યા હતા. હઝરત અબૂ સુફયાનની પત્ની હિંદા પણ છે જેમણે હઝરત અમીરે હમ્ઝા رضی اللہ عنہનું કલેજુ ચાવ્યું હતું.

નબી અકરમ ﷺને દિલી તકલીફ પહોંચાડનારાઓમાં અબૂ લહબના બંનેવ પુત્રો ઉત્બા તથા ઉતૈબા પણ હતા એ બંનેવના નિકાહમાં સરવરે કાઈનાત ﷺની બે પુત્રીઓ હતી. એ લોકોએ પોતાનાં માબાપના કહેવા પર તેમને તલાક઼ આપી દીધી હતી. ઉતબાએ તલાક઼ આપ્યા બાદ સરવરે આલમ ﷺ સાથે બદતમીઝી કરી હતી, અને આપની કમીઝ મુબારકને ફાડી નાખી હતી. પછી તે શામના વ્યાપારી કાફલાની સાથે નીકળ્યો તો તેને સિંહે ફાડી ખાધો.

ઉત્બાના ઉપરાંત અબૂ લહબના એક અન્ય પુત્ર મોઅત્તબ હતા. ઉત્બા અને મોઅત્તબ ફતહે મક્કાના દિવસે ત્યાંથી ભાગીને છુપાય ગયા હતા. સરવરે આલમ ﷺએ બંનેવના સંબંધે હઝરત અબ્બાસ رضی اللہ عنہને પૂછયું તો જાણવા મળ્યું કે તે બંનેવ છુપાય ગયા છે. આપે એમને શોધીને લાવવાનો હુકમ કર્યો. જયારે તે બંનેવ આવ્યા તો નબી કરીમ ﷺએ તેમને ઈસ્લામની દાવત આપી. તે બંનેવે ઈસ્લામ ક઼બૂલ કરી લીધો. ત્યારબાદ નબી કરીમ ﷺ એ બંનેવ હઝરતને લઈને મુલ્તઝિમની પાસે

આવ્યા, તેમના માટે દુઆએ ખૈર ફર્માવી અને જ્યારે પરત થયા તો આપના ચહેરા પર ખુશીની અસરો જણાતી હતી.

હઝરત અબ્બાસ رضی اللہ عنہ વર્ણન કરે છે :–

فَقُلْتُ لَهُ: سَرَّكَ اللهُ يَا رَسُولَ اللهِ فَإِنِّي أَرَى السُّرُورَ فِي وَجْهِكَ، فَقَالَ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: نَعَمْ، إِنِّي اسْتَوْهَبْتُ ابْنَيْ عَمِّي هٰذَيْنِ رَبِّي فَوَهَبَهُمَا لِي۔

"મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ આપને ખુશ રાખે, હું આપના ચહેરા મુબારક પર ખુશીના ભાવો જોઈ રહ્યો છું. નબીએ રહમત ﷺએ ફર્માવ્યું, હા ! મેં અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં મારા આ બંનેવ પિત્રાઈ ભાઈઓ માટે દુઆ કરી હતી તો અલ્લાહ મારી દુઆ કબૂલ કરી લીધી. *(શરફુલ મુસ્તફા, ૩/૩૮૧)*

આપ અંદાઝો કરો કે મક્કા મોઅઝ્ઝમામાં જે લોકોએ આકાએ કૌનેન ﷺને તકલીફ પહોંચાડી હતી તે સૌને આપે માફ કરી આપ્યા. જે લોકો જોવા ન મળ્યા તેમને બોલાવી મંગાવ્યા, ઈસ્લામની દાવત પેશ કરી અને તેમણે ઈસ્લામ સ્વીકારી લીધો તો સર્વ કાંઈ ભૂલાવીને તેમના ઈસ્લામમાં દાખલ થવા પર ખુશી પ્રદર્શિત કરી.

## ★ ઉષ્માન બિન તલ્હાને કા'બાની ચાવી પરત આપી ★

કલીદ બરદારે કા'બા (ચાવીધારક) હઝરત ઉષ્માન બિન તલ્હા رضی اللہ عنہ પોતાનો બનાવ ખુદ વર્ણવે છે કે નબી કરીમ ﷺએ હિજરતથી પહેલાં મને ઈસ્લામની દાવત આપી હતી. પરંતું મેં તેમને કહ્યું કે તમે તમારા બાપ દાદાઓનો ધર્મ ત્યજી આપ્યો છે અને પોતાના દીન લઈને આવ્યા છો તો હું કેવી રીતે તમારા દીનમાં દાખલ થઈ શકુ છું ?

જાહિલિયતના દૌરામાં અમે પીર તથા જુમેરાતના દિવસે ખાનએ કા'બાનો દરવાજો ખોલતા હતા. હુઝૂર ﷺએ ખાનએ કા'બામાં દાખલ થવાનો ઈરાદો કર્યો તો તેમને દાખલ થવાથી રોકી દેવામાં આવ્યા. આપે સંયમ જાળવ્યો અને મને કહ્યું, એક દિવસે તમે આ ચાવી મારા હાથમાં જોશો પછી હું જેને ચાહીશ તેને આપી દઈશ. મેં કહ્યું, એ ત્યારે થઈ શકે

છે જ્યારે કુરૈશ હલાક થઈ જાય અથવા ઝલીલ થઈ જાય. તેમણે ફર્માવ્યું, નહીં ! બલ્કે એ દિવસે કુરેશ નવી જિંદગી પામશે અને તેમને ઈજ્જત મળશે.

તેમની વાત મારા દિલમાં બેસી ગઈ અને મને એવું લાગવા માંડયું કે એમની વાત સાચી થઈને રહેશે. મેં વિચાર્યું કે હું ઈસ્લામ સ્વીકારી લઉં પરંતુ મારી કૌમ મને ખૂબ જ અધિક પ્રમાણમાં શરમ અપાવવા લાગી. ફતહે મક્કાના દિવસે સરકારે કાઈનાત ﷺએ મને ફર્માવ્યું, હે ઉષ્માન ! ચાવી લાવો ! હું ચાવી લઈને આવ્યો. આપે ચાવી લીધી અને પછી એવું કહીને ચાવી મારા હવાલે કરી આપી કે :

خُذُوْهَا خَالِدَةً تَالِدَةً لَّا يَنْزَعُهَا مِنْكُمْ اِلَّا ظَالِمٌ ''એને હમેશાં હમેશ માટે લઈ લો અને તમારાથી હવે કા'બાની ચાવી કોઈ જાલિમ જ પરત લઈ શકે છે. *(સબતુલ હુદા વર્રશાદ ફી સીરતુલ ખૈરિલ ઈબાદ, ૫/૨૪૪)*

ઈતિહાસ સાક્ષી છે કે આજે પણ ખાનએ કા'બાની ચાવી હઝરત ઉષ્માન બિન તલ્હા رضی اللہ عنہના ખાનદાનમાં જ છે. અહીં નોંધપાત્ર વાત એ છે કે હિજરતથી પહેલાં હઝરત ઉષ્માન બિન તલ્હાએ નબી કરીમ ﷺને ખાનએ કા'બામાં દાખલ થવાથી રોકી દીધા હતા. ફતહે મક્કા બાદ આપ ચાહતા તો ચાવી કોઈ અન્યને હવાલે કરી આપતા, તેમ છતાં આપે હઝરત ઉષ્માન બિન તલ્હા رضی اللہ عنہની પાસે જ રહેવા દીધી અને એ બશારત પણ આપી કે કયામત સુધી એમના ખાનદાનમાં જ કાબાની ચાવી રહેશે.

## હુજ્જતુલ વિદાઅનો ખુત્બો : અમ્નનો આલમી પૈગામ

હિજરતથી પહેલાં હુઝૂર સૈયદે આલમ ﷺએ કેટલા હજ કર્યા એના સંબંધે ઈતિહાસકારોના વિવિધ કથનો જોવા મળે છે. અમુક હઝરાતનું કહેવું છે કે સરવરે કાઈનાત ﷺ હિજરતથી પહેલાં દરેક વરસે હજ અદા કર્યા કરતા હતા. અલ્બત્ત હિજરત બાદ નવ વરસો સુધી મદીના મુનવ્વરામાં સ્થાયી થવા દરમ્યાન આપે એક પણ હજ નથી કર્યો. પછી જ્યારે ઈસ્લામની અઝમત તથા શાનો શૌકતનો ઝંડો અરબ દ્વિપના ખૂણે ખૂણે લહેરાવા લાગ્યો તો જરૂરત એ વાતની હતી કે પયગંબરે અમ્ન ﷺ જાતે

પોતે મુસલમાનોની મોટી સંખ્યા સાથે હજ અદા ફર્માવે જેથી હજના દરમ્યાન રિવાજ પામેલી જાહિલિયતની રસ્મોનો સંપૂર્ણપણે ખાત્મો થઈ જાય, અને હજની અદાયગીના સહીહ તરીક઼ાથી દરેક જણ માહિતગાર થઈ જાય.

તમામ ઈસ્લામી આબાદીઓમાં એ એલાન કરી દેવામાં આવ્યું કે આ વરસે હજ્જાજે કિરામનો જે ક઼ાફલો ખુદાવંદે ઝુલજલાલના મુક઼દ્દસ ઘરની ઝિયારત તથા તવાફના માટે તેમજ હજના ફરીઝાની અદાયગીના માટે જશે એ આશિક઼ોના ક઼ાફલાના સરદાર હુઝૂર રહમતુલલિલ્આલમીન, મહબૂબે રબ્બુલ આલમીન ﷺ ખુદ હશે. આ ખુશ ખબરી સાંભળ્યા પછી દરેક શખ્સ આ નેકનસીબીવાળી સફરમાં જોડાવા માટેની તૈયારી કરવા લાગ્યો. આ પ્રસંગે સરવરે આલમ ﷺની સરદારીમાં હજની નેકનસીબીથી સરફરાઝ થવા માટે ઘણી જ મોટી સંખ્યા શરીક થઈ.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૪/૭૪૫–૭૫૨)*

આ પ્રસંગે અરફાતના મેદાનમાં સરવરે કાઈનાત ﷺએ જે ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો તેનો શબ્દે શબ્દ અમ્ન તથા રહમતથી ભરપુર હતો અને દરેકે દરેક શબ્દમાં વિશ્વ શાંતિનાં રહસ્યો સમાયેલાં હતાં. આ ખુત્બાનું તથા ખાસ કરીને તે મુદ્દાઓનું વર્ણન કરવું જરૂરી છે જેમાં વિશ્વશાંતિનો ઉઘાડો પયગામ છે :–

## ★ ક઼યામત સુધી મુસલમાનોના જાનોમાલની હુર્મત છે ★

اَيُّهَا النَّاسُ، اِنَّ دِمَاءَ كُمْ وَاَمْوَالَكُمْ عَلَيْكُمْ حَرَامٌ اِلٰى اَنْ تَلْقَوْا رَبَّكُمْ، كَحُرْمَةِ يَوْمِكُمْ هٰذَا، وَ كَحُرْمَةِ شَهْرِ كُمْ هٰذَا ـ

''હે લોકો ! યક઼ીનન ! તમારાં લોહી તથા તમારા માલ તમારા પર ઈજ્જત તથા હુર્મતવાળાં છે ત્યાં સુધી કે તમે તમારા રબને જઈને મળો, જેવી રીતે તમારો આ દિવસ તથા મહિનો હુર્મતવાળો (સન્માનપાત્ર) છે.''

## ★ અમાનત અદા કરવાની તાકીદ ★

فَمَنْ كَانَتْ عِنْدَهٗ اَمَانَةٌ فَلْيُؤَدِّهَا اِلٰى مَنْ ائْتَمَنَهٗ عَلَيْهَا ـ

''જેની પાસે કોઈની અમાનત હોય તે અમાનતના માલિકને અદા કરી આપે.''

### ★ દરેક પ્રકારનું વ્યાજ રદ કરવામાં આવ્યું ★

وَاِنَّ كُلَّ رِبًا مَوْضُوعٌ، وَلٰكِنْ لَكُمْ رُءُوسُ اَمْوَالِكُمْ، لَا تَظْلِمُوْنَ وَلَا تُظْلَمُوْنَ۔

''દરેક પ્રકારનું વ્યાજ રદ (માફ) કરવામાં આવે છે, અલ્બત્ત તમારા માટે અસલ માલ છે, કે ન તમે હદથી વધો કે ન તમારા પર જુલ્મ કરવામાં આવે.

### ★ જાહિલિયતના સમયનાં સર્વ ખૂનો માફ ! ★

وَاَنَّ كُلَّ دَمٍ كَانَ فِي الْجَاهِلِيَّةِ مَوْضُوعٌ، وَاِنَّ اَوَّلَ دِمَائِكُمْ اَضَعُ دَمُ رَبِيعَةَ بْنِ الْحَارِثِ بْنِ عَبْدِ الْمُطَّلِبِ، وَكَانَ مُسْتَرْضَعًا فِي بَنِي لَيْثٍ، فَقَتَلَتْهُ هُذَيْلٌ فَهُوَ اَوَّلُ مَا اَبْدَأُ بِهٖ مِنْ دِمَاءِ الْجَاهِلِيَّةِ۔

''હું જાહિલિયતના સમયનાં સર્વ ખૂનો નાબૂદ કરી દઉં છું. સૌ પ્રથમ રબીઆ બિન હારિષ બિન અબ્દુલ મુત્તલિબનું ખૂન માફ ઠરાવું છું, કે જેઓ બની લૈષમાં દૂધ પી રહ્યા હતા તો એમને હુઝૈલે કત્લ કરી દીધા હતા. જાહિલિયતના જમાનાનું આ સૌથી પહેલુ ખૂન છે જેને હું માફ ઠરાવું છું. ''

### ★ નાના નાના ગુનાહોથી પણ બચવાની તાકીદ ★

اِنَّ الشَّيْطَانَ قَدْ يَئِسَ مِنْ اَنْ يُعْبَدَ بِاَرْضِكُمْ هٰذِهٖ اَبَدًا، وَلٰكِنَّهٗ اِنْ يُّطَعْ فِيْمَا سِوٰى ذٰلِكَ فَقَدْ رَضِيَ بِهٖ مِمَّا تَحْقِرُوْنَ مِنْ اَعْمَالِكُمْ، فَاحْذَرُوْهُ عَلٰى دِيْنِكُمْ۔

''શૈતાન એ વાતથી નિરાશ થઈ ગયો છે કે કદી તમારી આ જમીન પર તેની ઈબાદત કરવામાં આવે, પરંતું એ વાતથી ખુશ થાય છે કે તે શિર્કના સિવાય અન્ય ગુનાહો જેને તમે નાના સમજો છો તે ગુનાહો થકી તેનું અનુસરણ કરવામાં આવે, તો પોતાના દીનના મામલામાં એ નાના નાના ગુનાહોથી પણ પરહેઝ કરો.

### ★ પતિ પત્નીના આપસમાં હક્કો છે ★

اَیُّھَا النَّاسُ، فَاِنَّ لَکُمْ عَلٰی نِسَائِکُمْ حَقًّا، وَلَھُنَّ عَلَیْکُمْ حَقًّا۔ "હે લોકો ! તમારી પત્નીઓ પર તમારા અને તમારા પર એમના હક્કો છે."

### ★ નાહક્ક કોઈનો માલ લેવો જાઈઝ નથી ★

تَعَلَّمُنَّ اَنَّ کُلَّ مُسْلِمٍ اَخٌ لِّلْمُسْلِمِ، وَاَنَّ الْمُسْلِمِیْنَ اِخْوَةٌ، فَلَا یَحِلُّ لِامْرِءٍ مِّنْ اَخِیْهِ اِلَّا مَا اَعْطَاهُ عَنْ طِیْبِ نَفْسٍ مِّنْهُ، فَلَا تَظْلِمُنَّ اَنْفُسَکُمْ۔

"સારી રીતે જાણી લો કે દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે. તો દરેક જણના માટે પોતાના ભાઈનો એટલા જ પ્રમાણમાં માલ હલાલ છે જે તે પોતાના દિલની ખુશીથી એને આપી દે. જેથી તમો આપસમાં એકબીજા પર જુલ્મ ન કરો."

આ ખુત્બા (પ્રવચન)ના આ લખાણો પર વિચારણા કરો તો અંદાજો થશે કે આપે એમાં જે વાતોનો ઉલ્લેખ કર્યો છે એના પર અમલ કરવામાં ખરેખર રીતે વિશ્વશાંતિની ઝમાનત છે :–

- ❑ દુનિયામાં શાંતિને સૌથી મોટો ખતરો નાહક્ક કત્લથી થાય છે. અરબોમાં એક કત્લનો બદલો લેવા માટે મોટા પાયા પર જંગો છેડાઈ જતી હતી અને ઘણી વાર એવી જંગો પેઢીઓની પેઢીઓ સુધી ચાલતી રહેતી હતી.
- ❑ કોઈનો માલ નાહક્ક ખાવો આપસમાં લડાઈ ઝઘડાનો સબબ છે, અને લડાઈ ઝઘડામાં શાંતિની બરબાદી છે.
- ❑ અમાનત અદા ન કરવી અથવા અમાનતમાં ખયાનત કરવી લડાઈ ઝઘડા બલ્કે ઘણીવાર કત્લનો સબબ બની જાય છે.
- ❑ વ્યાજમય કારોબાર એક તબકાને માલદાર તથા બીજા તબકાને મુફલિસી પર લાવે છે. જેના પછી ચોરી, ડાકૂગીરી, કોઈનો માલ પચાવી પાડવો અને એના જેવા અન્ય ગુનાહોનો દરવાજો ખોલે છે, જેનાથી દુનિયાથી અમ્નો ખાત્મો થાય છે.

- ❑ જાહિલિયતના દૌરમાં એક ખૂનનો બદલો લેવા માટે ડઝનબંધી, સેંકડો બલ્કે હજારો જાનો કુર્બાન કરી દેવામાં આવતી હતી.
- ❑ નાના નાના ગુનાહોને નાના સમજીને એમાં પડનારાઓના માટે મોટા ગુનાહોમાં પડવાની શક્યતાઓ અધિક હોય છે.
- ❑ જાહિલિયત (ઈસ્લામ પહેલાં)ના દૌરમાં કેવળ પતિઓના જુલ્મી હક્કો હતા, પત્નીઓ હક્કો પામવાને પાત્ર ન હતી.
- ❑ પોતાના બાહુઓની શક્તિઓનો ઉપયોગ કરીને કોઈનો માલ નાહક્ક લેવો એ કેટલાય ગુનાહોનો ઉછેરી શકે છે.

સરવરે કાઈનાત ﷺએ હજજતુલ વિદાઅના મોકા પર વિવિધ ઈલાકાઓ તથા શહેરોએથી જમા થનારાના વચ્ચે જે સમૃદ્ધ ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો અને એમનામાં જે નીતિ નિયમો વર્ણન કર્યા, એમાં દુનિયાથી જુલ્મ તથા જબરદસ્તીના ખાત્માના તથા અમ્નો શાંતિની સ્થાપ્નાનાં કેટલા પ્રમાણમાં રહસ્યો સમાયેલાં છે એનો અંદાઝો લગાડી શકાય છે.

## જેહાદ કરનાઓને આકા ﷺની વસિયતો

આકાએ કોનૈન ﷺની શાંતિ પ્રિયતા અને વિશ્વ શાંતિના માટે આપની જિદ્દો જેહદ (કોશિશો) આ વસિયતોથી પણ જાહેર થાય છે જે આપ જંગી દળોને રવાના કરતી વખતે સેનાપતિઓને કર્યા કરતા હતા. મુબારક હદીષોમાં ઠેક ઠેકાણે વિવિધ શબ્દોમાં એ વાતોનો ઉલ્લેખ છે કે જેના થકી તમને કોઈ પ્રકારનું નુકસાન પહોંચવાનો અંદેશો નથી તેમને કદાપિ કત્લ ન કરશો.

## ★ મુષ્લહ (ચહેરો બગાડવા)ની અને નાના બાળકોના કત્લની મનાઈ ★

નાનાં બાળકો જેઓ જંગમાં કોઈ રીતે હિસ્સો નથી લઈ શક્તાં અને ન તો કોઈ રીતે મુસલમાનોને નુકસાન પહોંચાડી શકે છે તેમને જંગ દરમ્યાન કત્લ કરવાથી આકાએ નેઅમત ﷺએ મના કર્યુ.

હઝરત સફવાન બિન અસાલ رضی اللہ عنہ વર્ણવે છે :–

بَعَثَنَا رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِيْ سَرِيَّةٍ فَقَالَ: سِيْرُوْا بِاسْمِ اللّٰهِ، وَفِيْ سَبِيْلِ اللّٰهِ، قَاتِلُوْا مَنْ كَفَرَ بِاللّٰهِ، وَلَا تُمَثِّلُوْا، وَلَا تَغْدِرُوْا، وَلَا تَغُلُّوْا، وَلَا تَقْتُلُوْا وَلِيْدًا۔

''રસૂલુલ્લાહ ﷺએ અમને એક સરિય્યામાં રવાના કર્યા. તો અમને આદેશ આપ્યો, અલ્લાહના નામથી અલ્લાહની રાહમાં નીકળો, કાફિરો સાથે જેહાદ કરો પણ મુષ્લહ (નાક, કાન વગેરે કાપવું) ન કરશો, ધોકો ન કરશો, ખયાનત ન કરશો તથા કોઈ બાળકને કત્લ ન કરશો.''

*–(સુનને ઈબ્ને માજહ, ૩/૯૫૩)*

જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) જમાનામાં એ રિવાજ હતો કે જ્યારે કોઈ કૌમ બીજી કૌમથી જંગ જીતતી તો તેમના કત્લ થનારાઓનાં શરીરોને અયબદાર કરી દેતા. કાન, નાક કાપી લેતા અને ચહેરા બગાડી નાખતા હતા. સરવરે કાઈનાત ﷺએ એ કામોથી મના ફર્માવ્યું, જ્યારે કે ખુદ મુસલમાન કત્લ થયેલાઓની લાશોનો કાફિરોએ મુષ્લહ કર્યો હતો. એ રીતે નાના બાળકો જેમનામાં જંગમાં કોઈ રીતે મદદ કરવાની કોઈ શક્તિ નથી હોતી તેમને પણ કત્લ કરવાથી મના કર્યું.

## ★ સ્ત્રીઓ તથા વૃદ્ધોના કત્લની મનાઈ ★

જંગ દરમિયાન સામાન્યતઃ સ્ત્રીઓ થકી પણ નુકસાનનો ભય નથી હોતો એટલા માટે સામાન્ય સંજોગોમાં જંગ દરમ્યાન સ્ત્રીઓને કત્લ કરવાથી પણ મના કર્યું. એ જ રીતે અતિ વૃદ્ધ જેનામાં જંગ કરવાની કે જંગમાં કોઈ રીતે મદદ કરવાની કોઈ શક્તિ નથી રહી તેમને કત્લ કરવાથી પણ સરવરે કાઈનાત ﷺએ મના કર્યું.

હઝરત રિબાહ બિન રબીઅ વર્ણવે છે : ''અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક ગઝવામાં હતા. આપે જોયું કે લોકો કોઈ ચીજ પર ટોળે વળેલા છે. આપે એક શખ્સને મોકલ્યો કે જુએ કે શું મામલો છે. તેમણે આવીને જણાવ્યું કે એક સ્ત્રીને કત્લ કરી દેવામાં આવી છે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, એ તો જંગ પણ કરી શકતી ન હતી ! આગેવાનીમાં હઝરત

ખાલિદ બિન વલીદ હતા, તેમની પાસે આપે એક શખ્સને મોકલ્યો અને ફર્માવ્યું કે જઈને ખાલિદને કહી દો કે કોઈ સ્ત્રીને કદાપિ ક઼ત્લ ન કરે.

*–(સુનને અબૂ દાઊદ, ૩/૫૩)*

અલ્બત્ત જો કોઈ સ્ત્રી જંગમાં હિસ્સો લઈ રહી છે અને તેણીના થકી નુકસાન પહોંચવાનો ડર છે તો તેણીને ક઼ત્લ કરવું જાઈઝ છે.

એક રિવાયત હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી છે કે રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنْطَلِقُوْا بِاسْمِ اللّٰهِ وَبِاللّٰهِ وَعَلٰى مِلَّةِ رَسُوْلِ اللّٰهِ، وَلَا تَقْتُلُوْا شَيْخًا فَانِيًا وَّلَا طِفْلًا وَّلَا صَغِيْرًا وَّلَا امْرَأَةً۔

"અલ્લાહના નામ અને તેની તૌફીક઼થી અને રસૂલુલ્લાહ ﷺના દીન પર નીકળો. કોઈ શૈખે ફાની (અતિ વૃદ્ધ), કોઈ બાળક તથા કોઈ સ્ત્રીને ક઼ત્લ ન કરતા." *(સુનને અબૂ દાઊદ, ૩/૩૭)*

## ★ જંગ દરમિયાન કોઈ ચીજને નુકસાન પહોંચાડવાની મનાઈ ★

કાફિરો સાથે લડવાનો હુકમ તથા ઈજાઝત એટલા માટે છે કે મુસલમાનોની ધાક બેસી જાય (જેથી લડાઈ માટે ન ઉઠે). આ હેતુસર જંગ કરવાનો હુકમ છે. લડાઈ દરમિયાન પણ કોઈ આમ ફાયદાની ચીજને વેરાન કરવી અથવા તેને નુકસાન પહોંચાડવાની હદીષે પાકમાં મનાઈ આવેલી છે.

હઝરત અલી બિન અબી તાલિબ رضی اللہ عنہથી મરવી છે કે સરકારે અબદ ક઼રાર ﷺએ આદેશ આપ્યો :–

كَانَ نَبِيُّ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا بَعَثَ جَيْشًا مِّنَ الْمُسْلِمِيْنَ اِلَى الْمُشْرِكِيْنَ قَالَ: لَا تَقْتُلُوْا وَلِيْدًا طِفْلًا، وَلَا امْرَأَةً، وَلَا شَيْخًا كَبِيْرًا، وَلَا تُغَوِّرُنَّ عَيْنًا، وَلَا تَعْقِرُنَّ شَجَرَةً اِلَّا شَجَرًا يَمْنَعُكُمْ قِتَالًا اَوْ يَحْجِزُ بَيْنَكُمْ وَبَيْنَ الْمُشْرِكِيْنَ، وَلَا تُمَثِّلُوْا بِآدَمِيٍّ وَلَا بَهِيْمَةٍ، وَّلَا تَغْدِرُوْا، وَلَا تَغُلُّوْا۔

"નબી અકરમ ﷺ જ્યારે મુસલમાનોની કોઈ ફોજ મુશ્રિકોની તરફ મોકલતા હતા તો ફર્માવતા હતા કે કોઈ બાળક, કોઈ સ્ત્રી અને કોઈ અતિ વૃદ્ધને કત્લ ન કરશો, કોઈ વહેતા ઝરણાને સૂકવી ન દેશો, કોઈ ઝાડને ન કાપશો, એ ઝાડ સિવાય જે તમારા જેહાદમાં રુકાવટ બને અથવા તમારા અને મુશ્રિકોની વચ્ચે આડ બનેલ હોય. કોઈ ઈન્સાન કે જાનવરનો મુષ્લહ (અંગો કાપી કદરૂપુ કરવું) ન કરશો, ચોરી ન કરશો અને અપ્રમાણિક્તા ન કરશો." *(અસ્સુનનુલ કુબરા લિલ્લબયહકી, ૯/૧૫૪)*

સરવરે કાઈનાત ﷺ આ વસિયતોની સાથે સરાયા (જંગી લશ્કર) રવાના કર્યા કરતા હતા. એમનામાં ખાસ તાકીદ એ હતી કે આમ લોકોના ફાયદાવાળી ચીજને કોઈ નુકસાન પહોંચાડવું ન જોઈએ અને જંગના મકસદથી હટીને દરેક કામથી પરહેઝ લાઝિમ ઠરાવતા હતા. આ આપની અમ્ન પસંદી હતી જેને આપે જંગની સ્થિતિમાં પણ સાચવી રાખવાનો હુકમ આપ્યો.

## પયગંબરે અમ્ન ﷺએ ન્યાયને પસંદ કર્યો

સરવરે કાઈનાત ﷺના આગમન પહેલાં દુનિયામાં અદ્લો ઈન્સાનફનો ખયાલ જોવા મળતો ન હતો. આપની ઝાતે ગિરામી આખા વિશ્વને અમ્નનો ગહવારો (સ્થાન) બનાવવા માટે આવી હતી એટલા માટે આપે જુલ્મને મૂળથી ઉખેડી કાઢયો અને અદલો ઈન્સાફ તથા ન્યાયનું બીજ રોપ્યું. પોતે પણ અદલો ઈન્સાફથી સજ્જ રહ્યા અને આખા વિશ્વને ન્યાય તથા સમાનતાનો પયગામ આપ્યો.

જે કાનૂન લાવ્યા તેનો એક હિસ્સો આ પણ છે :–

وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰٓى اَلَّا تَعْدِلُوْا ۭاِعْدِلُوْا ۣ هُوَ اَقْرَبُ لِلتَّقْوٰى ۡ

"અને તમને કોઈ કૌમની અદાવત એના માટે ન ઉશ્કેરે કે ઈન્સાફ ન કરો. ઈન્સાફ કરો તો પરહેઝગારીથી અધિક નિકટ છે."

–(સૂરએ માઈદા, આ. ૮, કન્ઝુલ ઈમાન)

આ આયતે મુક઼દ્દસામાં એ વાત પર જોર આપવામાં આવ્યું છે કે જો કોઈ ક઼ૌમ સાથે દુશ્મની પણ હોય અને પછી તમે એના પર ગાલિબ પણ આવી જાવ તેમ છતાં પણ દિલમાં અદ્લથી મોં ફેરવવાનો ખયાલ આવવો ન જોઈએ. બલ્કે એવા સંજોગોમાં પણ અદલો ઈન્સાફને પાળનારા બનીને રહો અને જુલ્મથી પોતે પોતાને બચાવો. સરવરે કાઈનાત ﷺએ દરેક હાલતમાં અદલો ઈન્સાફથી કામ લેવાની તાકીદ કરી અને એના પર સખ્તીથી કાર્યરત રહ્યા.

## ★ ન્યાયની સ્પષ્ટ ખાસિયત ★

હક્ક઼ો પૂરા પાડવામાં સમાનતાનો ખયાલ કરવો એ પણ અદ્લ (ન્યાય)નો હિસ્સો કહેવાય છે પરંતુ અદ્લની સૌથી ઉમદા છબી સજાઓના બારામાં સગાવાદનો લેહાઝ ન રાખવો તે છે. આ મિઝાજ કેવળ સરવરે આલમ ﷺનો હતો અને આ ખયાલ કેવળ આપે જ અર્પણ કર્યો કે અદ્લો ઈન્સાફના મામલામાં કોઈની સાથે કોઈ ભેદભાવ નહીં કરવામાં આવે.

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે : એક મખ્ઝૂમી સ્ત્રીએ ચોરી કરી તો કુરૈશના માટે આ ચિંતાનો વિષય બની ગયો. તેમણે આપસમાં વાતચીત કરી કે કોઈ શખ્સ એવો હોવો જોઈએ જે જઈને સરવરે કાઈનાત ﷺ સાથે આ સંબંધે વાત કરે. કોઈએ કહ્યું ઓસામા બિન ઝયદ رضی اللہ عنہ સિવાય કોઈનામાં આટલી હિંમત નથી જે સરકાર ﷺની સામે આ બાબતે ઝબાન ખોલી શકે. હઝરત ઓસામા رضی اللہ عنہ એ બાબતે નબી અકરમ ﷺ સાથે વાતચીત કરી તો આપે ફર્માવ્યું, **"શું તમો અલ્લાહની નિશ્ચિત કરેલી સજાઓમાં સિફારિશ કરો છો ?!"** આપ ઉભા થયા અને ખુત્બો આપ્યો અને ફર્માવ્યું :–

يَاَيُّهَا النَّاسُ اِنَّمَا هَلَكَ الَّذِينَ مِنْ قَبْلِكُمْ اَنَّهُمْ كَانُوا اِذَا سَرَقَ فِيهِمُ الشَّرِيفُ
تَرَكُوهُ، وَاِذَا سَرَقَ فِيهِمُ الضَّعِيفُ اَقَامُوا عَلَيْهِ الْحَدَّ، وَاَيْمُ اللهِ، لَوْ اَنَّ فَاطِمَةَ بِنْتَ
مُحَمَّدٍ سَرَقَتْ، لَقَطَعْتُ يَدَهَا ـ

**"હે લોકો ! આગલા લોકો એટલા માટે હલાક (નષ્ટ) કરી**

**દેવામાં આવ્યા કે જે તેમનામાંથી કોઈ ઉચ્ચ ખાનદાનવાળો ચોરી કરતો તો એને છોડી દેતા હતા અને જો કોઈ કમજોર શખ્સ ચોરી કરતો તો તેના પર સજા લાગુ કરતા. ખુદાની કસમ ! જો ફાતિમા બિન્તે મુહમ્મદ (ﷺ) ચોરી કરતા તો પણ હું જરૂર એનો હાથ કાપતો !"** *(સુનને ઈબ્ને માજહ, ૨/૮૫૧)*

દુનિયાથી બુરાઈઓ તથા ગુનાહોનો ખાત્મો ન થવાનો એક ઘણો જ મહાન સબબ એ છે કે એમના કાનૂનમાં વી.આઈ.પી. (VIP) લોકો માટે લચક (છટકબારી) હોય છે. વળી જે જુર્મથી તેઓ પબ્લિકને રોકે છે તે જ જુર્મોને એમના ખાસ માણસો હવા આપે છે ! પણ સરવરે આલમ ﷺના કાનૂનમાં પોતાની પ્રિય પુત્રી માટે પણ કોઈ છટકબારી નથી.

## ★ કેદીઓની સાથે અદ્લો ઈન્સાફ ★

બદરના કેદીઓની મદીના મુનવ્વરામાં પ્રથમ રાત હતી અને મુસલમાનોએ તેમને ખૂબ જ મજબૂતીથી બાંધી રાખ્યા હતા. એમનામાં રહમતે દો આલમ ﷺના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہ પણ હતા કે જે લાલન પાલન સાથે ઉછરેલા હતા, જેથી હાથ પગનાં બંધનો એમને ખૂબ જ તકલીફ આપી રહ્યાં હતાં અને તે દર્દથી કણસી રહ્યા હતા.

સરવરે આલમ ﷺથી એમનું કણસવું સહન થતુ ન હતું એટલા માટે આપ પણ બેચેનીની હાલતમાં જાગી રહ્યા હતા. આપની આ સ્થિતિ જોઈને એક સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ શા માટે બેચૈન છો ? ફર્માવ્યું, અબ્બાસના કણસવાએ મને બેચૈન કરી રાખ્યો છે.

તે સહાબી ગયા અને ધીમે રહીને હઝરત અબ્બાસનું બંધન ઢીલુ કરી આવ્યા. થોડીવાર પછી રહમતે દો આલમ ﷺએ આશ્ચર્યથી પૂછયું, શું વાત છે હવે ચાચા અબ્બાસના કણસવાનો અવાજ નથી આવતો ? તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મેં તેમનું બંધન ઢીલુ કરી આપ્યું છે. આ સાંભળીને સરવરે આલમ ﷺએ ફર્માવ્યું, "તો પછી એવું કરો કે સર્વ કેદીઓનાં બંધનો ઢીલાં કરી દો. !"

*–(સિબ્લુલ હુદા વર્રિશાદ ફી સીરતિલ ખૈરિલ એબાદ, ૧૧/૯૮)*

આ રિવાયતમાં ખાસ કરીને બે વાતો નોંધપાત્ર છે : હઝરત અબ્બાસનું કણસવું ખાનદાની નિકટતાના કારણે હુઝૂર ﷺ પર બોજ લાગી રહ્યું હતું, તેમ છતાં આપે ખુદ પોતાના તરફથી કોઈ સહૂલત ન આપી. બલ્કે સર્વ કેદીઓની સાથે જે વર્તાવ કરવામાં આવતો હતો તે જ એમની સાથે પણ ચાલુ રાખ્યો. બીજી વાત એ કે જ્યારે સહાબીએ સરવરે દો આલમ ﷺની બેચૈની જોઈને હઝરત અબ્બાસ رضی اللہ عنہمાનું બંધન ઢીલુ કરી આપ્યું તો ન્યાયના તક઼ાદા હેઠળ સરવરે કાઈનાત ﷺએ સર્વ કેદીઓનાં બંધન ઢીલાં કરવાનો હુકમ આપ્યો. બીજા કેદીઓ જો કે બંધનોને કારણે કણસતા ન હતા, તેમ છતાં ન્યાય તથા સમાનતાના ખયાલથી આપે એવું કરવાનો હુકમ કર્યો.

સરવરે કાઈનાત ﷺએ ખાનદાન અથવા સગાઈ સંબંધના આધારે કદાપિ કોઈને અગ્રતા નથી આપી બલ્કે દરેક જગાએ ન્યાયને સલામત રાખ્યો.

## ★ ફરિયાદોના ફેંસલાઓમાં ભેદભાવથી પરહેઝ ★

ફરિયાદોના ફેંસલાઓમાં સામાન્યતઃ દુનિયાવાળાઓનો દસ્તૂર છે કે પોતાના નિકટવર્તીઓના માટે છૂટકારાનુ પાસુ શોધવાની કોશિશ કરે છે. સરવરે આલમ ﷺએ જે કેસોના ફેંસલા કર્યા તે મહઝબ, જાતિ, રંગ કે વંશના ભેદભાવથી મુક્ત હતા.

એક મુનાફિક઼ (જે જાહેરમાં મુસલમાન હતો) અને યહૂદીની વચ્ચે ખેતરમાં પાણી આપવાના બારામાં વિવાદ થઈ ગયો. બંનેવ ઈન્સાફ મેળવવા માટે હુઝૂરે અકરમ ﷺની પાસે ગયા. હુઝૂર ﷺએ બંનેવની દલીલો સાંભળ્યા બાદ યહૂદીના ફેવરમાં ફેંસલો આપી દીધો. મુનાફિક઼ને એનો ઘણો જ રંજ થયો અને તે યહૂદીને લઈને હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہની પાસે પહોંચી ગયો અને પોતાનો વિવાદ રજૂ કર્યો. યહૂદીએ હઝરત ઉમર رضی اللہ عنہને જણાવ્યું કે આનાથી પહેલાં હુઝૂરે અકરમ ﷺ આ મામલાનો મારા હક્ક઼માં ફેંસલો કરી ચૂક્યા છે. આ સાંભળીને હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہએ કહ્યું, હું હમણા ફેંસલો કરું છું ! આપ અંદર ગયા અને

પોતાની તલ્વાર લાવ્યા અને તે મુનાફિક઼નું માથુ શરીરથી અલગ કરી નાખ્યું અને કહ્યું, જેને હુઝૂર સૈયદે આલમ ﷺનો ફૈંસલો મંઝૂર નથી એના માટે ઉમરનો આ જ ફૈંસલો છે ! *(તફસીરે ઈબ્ને કસીર, ૨/૩૫૧)*

આ પરથી જાણવા મળ્યું કે ફરિયાદોના ફૈંસલાઓમાં સરકારે અબદ ક઼રાર ﷺએ કોઈની કોઈ તરફદારી નથી કરી. જો હક્ક઼ કોઈ ગૈર મુસ્લિમના ફેવરમાં જાય છે તો આપે તેના ફેવરમાં ફૈંસલો આપ્યો. એક અધિક વાત નોંપાત્ર છે કે સૈયદના ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہનો અક઼ીદો પણ એ જ હતો કે આક઼ાએ કોનૈન ﷺ કદી કોઈના હક્ક઼માં અન્યાય પર આધારિત ફૈંસલો કરી જ નથી શક્તા.

પયગંબરે અમ્ન ﷺની સીરત (જીવન ચરિત્ર)માં આ પ્રકારના અગણિત બનાવો જોવા મળશે જે આપના અદલો ઈન્સાફની ગવાહી આપે છે અને એ વાતનું એલાન કરે છે કે અદ્‌લો ઈન્સાફના જે માર્ગ પર આપે ચાલીને બતાવ્યું છે, દુનિયામાં એવું કોઈ દષ્ટાંત નથી.

## પયગંબરે અમ્નએ ગઝવાત તથા જંગો શાથી કરી ?

કોઈના દિમાગમાં એ પ્રશ્ન ઉઠી શકે છે કે સરવરે કાઈનાત ﷺએ જ્યારે આખુ જીવન દુનિયામાં અમ્નો અમાન (વિશ્વ શાંતિ)ની સ્થાપ્નાની કોશિશમાં ખર્ચી કાઢી, તો પછી આપે જંગો શા માટે કરી ? જંગ તો મારો કાપોનું નામ છે ! આ સવાલ અસલમાં એ જ શખ્સના દિમાગમાં આવી શકે છે જે એ વાતથી નાવાકેફ હોય કે સરવરે કાઈનાત ﷺએ જંગની શરૂઆત નથી કરી બલ્કે આપના પર જંગો લાગુ કરવામાં આવી. જે શખ્સ આ વાતને જાણી લે તે સારી રીતે સમજી જશે કે જંગ કરવામાં તથા સહાબાએ કિરામને જંગની ઈજાઝત આપવામાં આક઼ાએ રહમત ﷺના જે હેતુઓ હતા તે વિશ્વ શાંતિની સ્થાપના પર જ આધારિત હતા.

મદીના મુનવ્વરામાં આવ્યા બાદ જંગ શરૂ કરવાના સબબો શું બન્યા એના સંબંધે કેટલીક મહત્વની વાતો વર્ણવવામાં આવે છે જેથી એ વાત સ્પષ્ટ થઈ જાય કે વિશ્વ શાંતિની સ્થાપ્નાનો જે એજન્ડો લઈને આપ નીકળ્યા

હતા એના માર્ગમાં આવનારી રુકાવટોને ખત્મ કરવા અને પોતાનો બચાવ કરવાના માટે આપ જંગ કરવા માટે મજબૂર બન્યા. ટૂંકમાં એ કે એ જંગો વિશ્વ કક્ષાએ શાંતિનો સંદેશ પહોંચાડવામાં આડ બનનારી રુકાવટોને ખત્મ કરવાના માટે હતી.

### ★ લૂટ માર તથા ખૂના મરકી જ હેતુ હોત તો જંગો હિજરત પહેલાં જ છેડાઈ જાત ! ★

હિજરત પહેલાં સરવરે કાઈનાત ﷺ પર મક્કાવાસીઓએ જુલ્મો સિતમના જે પહાડ તોડયા એનાથી કોણ વાકેફ નથી ! અને હિજરતથી પહેલાં આપની પાસે જાંનિષારોની એક મોટી જમાઅત તૈયાર થઈ ચૂકી હતી. જો આપનો હેતુ મારપીટ તથા ખૂના મરકીનો જ હોત તો આપ હિજરત ન કરત બલ્કે જંગની ગુપ્ત યોજના કરત અને યક઼ીનન ! કામયાબ પણ થાત. વિવિધ પ્રસંગોએ સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ પોતાની ખ્વાહિશને પ્રદર્શિત પણ કરી કે કેમ ન આપણે જંગ કરીએ અને કાફિરોના મુક઼ાબલા માટે ઉભા થઈ જઈએ ?! પણ પયગંબરે રહમત ﷺ એ એ જ ફર્માવ્યું કે મને અલ્લાહ તબારક વ તઆલાની તરફથી એવો કોઈ હુકમ નથી મળ્યો.

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ, હઝરત મિક઼દાદ બિન અસ્વદ, હઝરત ક઼દામા બિન મઝઊન અને હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ જેમને મક્કા મોઅઝ્ઝમામાં કાફિરો તથા મુશ્રિકો ખૂબ જ સતાવ્યા કરતા હતા. એકવાર એ હઝરાત સરવરે આલમ ﷺ ની ખિદમતમાં આવ્યા અને અર્ઝ કરી :–

يَارَسُوْلَ اللّٰهِ كُنَّا فِيْ عِزٍّ وَّنَحْنُ مُشْرِكُوْنَ فَلَمَّا اٰمَنَّا صِرْنَا اَذِلَّةً فَأْذَنْ لَنَا فِيْ قِتَالِ هٰؤُلَاءِ

''યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે અમે મુશ્રિક હતા ત્યારે અમને સમાજમાં ઉચ્ચ સ્થાન હાંસલ હતું. જ્યારથી અમે ઈમાન લાવ્યા છે ત્યારથી મક્કાવાસીઓએ સમાજમાં અમારું કોઈ સ્થાન જ નથી રાખ્યું. આપ અમને તેમની સાથે લડવાની ઈજાઝત આપો.

એમના જવાબમાં નબીએ રહમત ﷺએ ફર્માવ્યું :–

كُفُّوْا اَيْدِيَكُمْ عَنْهُمْ فَاِنِّىْ لَمْ اُوْمَرْ بِقِتَالِهِمْ ''તમારા હાથોને એમનાથી રોકેલા રાખો, મને જંગ કરવાની ઈજાઝત નથી.''

*–(સીરતુલ હલબિયહ, ૨/૧૭૦)*

જુલ્મ પીડિત (મઝલૂમ) સહાબાએ કિરામ નબી અકરમ ﷺની પાસે હાજર થતા અને અરજ કરતા કે યા રસૂલલ્લાહ ! ﷺ મક્કાના મુશ્રિકો તરફથી જુલ્મની હદ થઈ ચૂકી છે, હવે તો એમની સાથે જંગની ઈજાઝત આપી દો ! તો આપ જવાબમાં ફર્માવતા :

اِصْبِرُوْا فَاِنِّىْ لَمْ اُوْمَرْ بِالْقِتَالِ ''હમણા સબ્ર કરો, હમણા મને જંગનો હુકમ નથી થયો.'' *(અલ્મવાહિબુલ્લદુન્નિયહ બિલ્મિન્હિલ મુહમ્મદિયહ, ૧/૧૯૯)*

આ બંનેવ રિવાયતોથી જાણવા મળ્યું કે નબી અકરમ ﷺએ રબના હુકમાનુસાર શાંતિનો માહોલ સાચવી રાખવા માટે પોતે પોતાને તથા પોતાના સહાબીઓને જંગથી રોકયા હતા. નહીં તો જો પોતાના હક્કો પ્રાપ્ત કરવા માટે જો આપ તલ્વાર કાઢત તો જે ખુદાએ કદીરે બદરમાં સફબંધી ફરિશ્તાઓ થકી મદદ કરી હતી તે જ ખુદા મક્કા મોઅઝ્ઝમામાં પણ મુસલમાનોની મદદ તથા પોતાના મહબૂબ ﷺના રક્ષણ માટે જરૂર ફરિશ્તાઓને ઉતારી આપત.

## ★ પયગંબરે અમ્ન ﷺએ જંગ કરવા કરતાં હિજરતને પ્રાધાન્ય આપ્યું ★

છેવટે જ્યારે સબ્રની હદ થઈ ગઈ અને મક્કાના કાફિરો નબી ﷺનું ખૂન કરવા તૈયાર થઈ ગયા ત્યારે પણ આપ એમની વિરૂધ્ધ તલ્વાર ઉઠાવવાથી દૂર રહ્યા, જ્યારે આપે તલ્વાર ઉઠાવવાની પણ જરૂરત ન હતી, કેવળ મુબારક હોઠોને હલાવી દેત તો જોત જોતામાં કાફિરો તથા મુશ્રિકો નેસ્તો નાબૂદ થઈ જાત. અગાઉની કૌમોએ અંબિયાએ કિરામ પર જે જુલ્મો કર્યા અને પછી અંબિયાએ કિરામના અંતરના દર્દના કારણે તેમનો જે અંજામ આવ્યો એની કહાનીઓ કુર્આને મુકદસમાં ઠેક ઠેકાણે મૌજૂદ છે.

તેમ છતાં પણ પયગંબરે અમ્ન ﷺએ ખૂન ખરાબાનો માહોલ ગરમ કરવાથી પોતાના હાથોને રોક્યા અને પ્રિય વતન છોડીને હિજરત કરી ગયા.

### ★ સીરતે ઝિયાઉન્નબી ﷺના લેખક લખે છે : ★

"તેમને ખયાલ હતો કે પોતાના પ્રિય વતન, પોતાની માલ મિલ્કતો, પોતાનાં બીવી બચ્ચાં (કુટુંબીજનો)ને પાછળ છોડીને ત્રણસો માઈલ દૂર આવેલા યષરબ શહેરમાં પહોંચીને તેમને ચૈનનો શ્વાસ લેવાનું નસીબ થશે, અને શાંતિ તથા સુકૂનની સાથે તે જિંદગી પસાર કરી શકશે અને મક્કાવાસીઓના ગઝબ તથા દુશ્મનીથી ભડકેલી ભાવનાઓમાં ઉણપ આવશે અને તેઓ એમના બારામાં પોતાની વર્તમાન રવિશને ત્યજી દેશે. પરંતુ સેંકડો અફસોસ ! કે એવું ન થયું. તેમણે મક્કામાં બેસીને યષરબના તે લોકો સાથે પોતાનો સંપર્ક સ્થાપ્યો જેઓ દિલથી મુસલમાનાનું બુરુ ચાહનારા હતા. જેમનામાં અબ્દુલ્લાહ બિન ઉબય તથા તેના સાથીઓ તથા યહૂદી કબીલાઓ. આ એવા તત્વો હતા જેમને તેઓ આસાનીપૂર્વક મુસલમાનો વિરૂધ્ધ ઉપયોગી શકતા હતા.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૪/૨૪૯)*

### ★ મદીનાવાસીઓને મુશ્રિકોએ ધમકીભર્યા પત્રો મોકલ્યા ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺએ શાંતિની સાચવણી માટે પ્યારા વતનને છોડી આપ્યું છતાં મક્કાના મુશ્રિકોના દિલને રાહત ન થઈ. તેઓ હજી પણ ફિત્નાને હવા આપવા માગતા હતા અને નબીએ અકરમ ﷺની અમ્નપસંદીને તેમની કમજોરી સમજીને તેમને તથા તેમના સાથીઓને હજી પણ જુલ્મનું નિશાન બનાવવા ચાહતા હતા.

સુનને અબૂ દાઊદમાં વર્ણન થયેલ આ રિવાયત સંપૂર્ણ સ્થિતિની સ્પષ્ટતા કરે છે :

"આ વાત ગઝવએ બદરથી પહેલાંની છે કે નબીએ અકરમ ﷺ જ્યારે મદીના મુનવ્વરામાં આવી ગયા તો કુરૈશના કાફિરોએ અબ્દુલ્લાહ

બિન ઉબય (રઈસુલ મુનાફિક઼ીન) અને અવસ તથા ખઝરજ ક઼બીલાના મૂર્તિપૂજકોને એવો પત્ર લખ્યો કે અમારા માણસને તમે લોકોએ તમારા શહેરમાં શરણ આપ્યું છે. તમે લોકો ક્યાં તો એમની સાથે જંગ કરો અથવા એમને તમારા શહેરથી કાઢી મૂકો, નહીં તો અમો અલ્લાહની ક઼સમ ખાઈએ છીએ કે અમો તમારા પર અમારા પૂરા લશ્કરની સાથે હુમ્લો કરીશું, તમારા યુવાનોને ક઼ત્લ કરી દઈશું અને તમારી સ્ત્રીઓને અમારી લોંડીઓ બનાવી લઈશું.''

જ્યારે આ પત્ર અબ્દુલ્લાહ બિન ઉબય અને તેના મુશ્રિક સાથીઓની પાસે પહોંચ્યો તો તેમણે આપસમાં મશ્વરો કરીને એ ફેંસલો કર્યો કે તેઓ રસૂલુલ્લાહ ﷺની સાથે જંગ કરશે. નબીએ અકરમ ﷺને જ્યારે એ વાત માલૂમ પડી કે અબ્દુલ્લાહ બિન ઉબય તથા તેના મુશ્રિક સાથીઓ આવો ઈરાદો ધરાવે છે તો આપ એમને મળવા એમની પાસે તશરીફ લાવ્યા, અને તેમને ફર્માવ્યું કે જો તમે લોકો કુરૈશની ધમકીથી પ્રભાવિત થઈને અમારી સાથે જંગ કરશો તો તમને અધિક નુકસાન પહોંચશે. એની બદલે જો તમે મક્કાવાસીઓ સાથે જંગે કરશો તો તમને ઓછુ નુકસાન પહોંચશે. કેમ કે તેઓ તમારા સગાવહાલા કે તમારા ક઼બીલાના લોકો નથી. જો તમે તેમને ક઼ત્લ કરશો તો પોતાના ક઼બીલાના લોકોને ક઼ત્લ કરનારા કહેવાશો નહીં. એના બદલે જો તમે અમારી સાથે જંગ કરશો તો તમારા ક઼બીલાના જે લોકો ઈસ્લામમાં દાખલ થઈ ચૂક્યા છે તેમને તમારે ક઼ત્લ કરવા પડશે. અને તે તમારા પુત્રો, તમારા બાપ, તમારા ભાઈ અને તમારા નજીકના સગા છે. તે લોકોએ નબીએ અકરમ ﷺની આ વાત સાંભળીને પોતાનો ફેંસલો બદલી નાખ્યો. *(સુનને અબૂ દાઊદ, ૩/૧૫૬)*

પોતાના આ વારમાં નિષ્ફળ થયા બાદ મક્કાના કાફિરોએ આ પ્રકારની ધમકી મદીના મુનવ્વરા તથા આસપાસમાં વસતા યહૂદીઓને આપી. બની નઝીરે જો કે પહેલાં નબીએ અકરમ ﷺ સાથે દોસ્તીનો ક઼રાર કર્યો હતો, પરંતુ એ ધમકીભર્યા પત્રના મળ્યા બાદ તેમણે ક઼રાર તોડી નાખ્યો અને નબીએ અકરમ ﷺની સાથે જંગ કરવા માટે તૈયાર થઈ ગયા. સરવરે કાઈનાત ﷺએ બીજા દિવસે બની નઝીરનો ઘેરાવ

કર્યો અને તેમને કરારને નવેસરથી બાકી રાખવા માટે તૈયાર થવા જણાવ્યું પણ તેમણે કરારથી ઈન્કાર કર્યો તો પછી તેમની સાથે મુસલમાનોની જંગ થઈ અને તે લોકોની હાર થઈ અને છેવટે મદીના મુનવ્વરાથી તડીપાર કરી દેવામાં આવ્યા.

સરકારે કૌનેન ﷺએ બની કુરૈઝાની વસ્તી પર ચઢાઈ કરી અને તેમને નવેસરથી કરાર કરવા જણાવ્યું તો તેઓ કરાર કરવા માટે તૈયાર થઈ ગયા. આ રીતે મક્કાના કુરૈશી ફરી એકવાર પોતાના ષડયંત્રમાં નિષ્ફળ ગયા. *(ઉપર મુજબ)*

## ★ મુશ્રિકોની મુસલમાનોને ડાયરેક્ટ ધમકીઓ ★

જ્યારે પોતાના આ બંનેવ વારોમાં મક્કાના મુશ્રિકો નિષ્ફળ ગયા તો તે લોકોએ મુસલમાનોને ડાયરેક્ટ આ પ્રમાણે ધમકીભર્યા પત્ર મોકલ્યો :

"મુસલમાનો ! તમે ખુશ ન થશો કે તમો અમારા પંજામાંથી છટકીને ત્યાં પહોંચી ગયા છો જ્યાં તમે આઝાદીથી જીવન વીતાવી શકો છો. યાદ રાખો ! અમો તમારી વસ્તી પર પઢાઈ કરીશું અને તમારામાંથી કોઈને જીવતા છોડીશું નહીં, બલ્કે સૌને કત્લ કરીને રહીશું."

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૪/૨૫૨,૨૫૩)*

કાફિરો તરફથી આ પ્રકારની ધમકીઓનું મળવું એ બાબતનો નિર્દેશ હતો કે તેઓ દરેક પ્રકારના જંગ તથા યુધ્ધ માટે તૈયાર હતા, અને એમને એવું લાગતુ હતું કે જંગ છેડાઈ તો તેઓ મુસલમાનોને ચપટીઓમાં મસળીને રાખી દેશે. આવા સંજોગોમાં મુસલમાનોનું હાથ પર હાથ ધરીને બેસી રહેવું પણ યોગ્ય ન હતું. બલ્કે એ લોકોને તેમની હૈષિયતનો એહસાસ કરાવીને તેમના ઘમંડને ધૂળમાં મેળવવો પણ જરૂરી હતો, નહીં તો તેઓ જ્યારે પણ નુકસાન પહોંચાડવાનો મોકો પામતા તેને હાથથી ખાલી ન જવા દેતા.

## ★ મક્કાના કાફિરોની ધમકીઓ પર મુસલમાનો જવાબી કાર્યવાહી ★

તેમની ધમકીઓ મળ્યા બાદ તેમને લગામ કસવા માટે સરવરે

આલમ ﷺએ અમલી હિકમતોના જે અમલી ડગલાં ભર્યા તેની વિગત ઘણા જ અનોખા અંદાઝમાં સીરતે ઝિયાઉન્નબી ﷺમાં વર્ણન થયેલ છે :

''પરિસ્થિતિથી નિપટવા માટે હુઝૂરે કરીમ ﷺએ જરૂરી પગલાં લીધાં. સૌ મદીના તયબહમાં વસેલા વિવિધ કૃબીલાઓ તથા વિવિધ ધર્મોના માનવાવાળાઓને એક બંધારણના પાબંદ કરીને કમાલની હિકમત વડે આંત્રિક અજંપા પર કૃાબૂ પામવાની કામયાબ કોશિશ કરી. ત્યારબાદ મક્કાના કાફિરોને તેમના દુશ્મનાવટભર્યા વલણથી દૂર રાખવા માટે, ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ આ જ ષડયંત્રો તથા કાવત્રાંઓથી રોકવાની પ્રતિ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેનો સરળ તથા અસરકારક તરીકો એ હતો કે તેમના વ્યાપાર માટેના મુખ્ય માર્ગ પર પોતાની પકડ મજબૂત કરવામાં આવે જે બહરે અહમરના કિનારે યમનથી શામની તરફ જાય છે, જેના પર મક્કાવાસીઓ તથા અન્ય કબીલાઓના વેપારી કાફલા પોતાનો મહામૂલ્ય સામાન લઈને જાય છે.

નબીએ અકરમ ﷺએ સૌ પ્રથમ જહીના, બની સબરહ, બની મદલજ વગેરે કૃબીલાઓ સાથે દોસ્તીના કૃરારો કર્યા જેઓ આ મુખ્ય માર્ગની આસપાસ વસેલા હતા અને મદીના તયબહ પર હુમલો કરવાની સ્થિતિમાં કુરૈશીઓ એ કૃબીલાઓને અને તેમના સાધનોને મુસલમાનો વિરૂધ્ધ ઉપયોગમાં લઈ શકતા હતા. એ કૃબીલાઓને પોતાની સાથે કર્યા બાદ મક્કાના કાફિરોને દબાણ હેઠળ લેવા માટે તેમને પોતાની પહોંચનો એહસાસ અપાવવા માટે ક્રમે ક્રમે નાના નાના દળો મોકલવાં શરૂ કરી આપ્યાં. આ પ્રારંભિક ફોજી ચળવળો જાહેરી રીતે નાની રહેતી હતી અને એમાં મુજાહિદોની સંખ્યા ખૂબ જ ઓછી રહેતી હતી. કોઈમાં દસથી બાર, કોઈનામાં ત્રીસથી ચાલીસ, કોઈમાં એંસી. *(ભાગ–૪, પેજ–૨૫૪,૨૫૫)*

## ★ ફોજી દળો મોકલવાના હેતુઓ ★

નબીએ અકરમ તાજદારે અરબો અજમ ﷺ જે આ ફોજી દળો મોકલતા રહેતા હતા એના પાછળ નીચે જણાવ્યા મુજબના હેતુઓ હતા :

૦૧. હુઝૂરે અકરમ ﷺ ચાહતા હતા કે મુહાજિરો મદીના પાકના પુર અમ્ન વાતાવરણમાં આબાદ થઈને પોતાના દુશ્મનોને ભૂલી ન જાય જેમણે વરસો સુધી એમના પર જુલ્મો સિતમના પહાડ તોડયા છે, તેમને પોતાના ઘરોએથી કાઢયા છે, તેમનાં મકાનો તથા મિલ્કતો પણ નાજાઈઝ કબજો કરી લીધો છે અને દરેક વખતે તેમના આ રહેઠાણ પર વીજળી બનીને પડવાની તૈયારીઓ કરી રહ્યા છે. મુસલમાન હમેશાં હોશિયાર રહે અને આવનારા મુશ્કેલ સમયો માટે માનસિક તથા શારીરિક રીતે સાવધાન રહે.

૦૨. એમના પર મક્કાના કાફિરોએ જે અનહદ જુલ્મો કર્યા હતા એના બારામાં બહારના કબીલાઓની હમદર્દી હાંસલ કરવી જરૂરી હતી. **જો જુલ્મ પીડિત પોતે જ ખામોશ થઈ અને હાથ પગોને તોડીને બેસી જાય તો બહારના લોકો એમનામાં દિલચસ્પી લેવાનું છોડી આપે છે.** એટલા માટે જરૂરી હતું કે મુસલમાન કાફિરો પર છાપા મારતા રહે જેથી કરીને લોકોનું ધ્યાન તેમના તરફ કેન્દ્રિત રહે.

૦૩. મક્કાના કાફિરોની લશ્કરી શક્તિ સાથે ટક્કર લેતા પહેલાં નબીયે રહમત ﷺ એ વાતને જરૂરી સમજતા હતા કે તેમની આર્થિકતા (માલી શક્તિ) પર કારમો ઘા કરવામાં આવે જેથી તેમના દિમાગોમાં દૌલત તથા માલદારીનો જે ઘમંડ છે તેને તોડી શકાય.

૦૪. મક્કાના કાફિરોએ મુહાજિરોના સર્વ માલો તથા જાયદાદો પર નાજાઈઝ કબજો કરી લીધો હતો જેથી પોતાના હડપ કરેલા માલને પાછો લેવો એ તેમનો કાનૂની તથા અખ્લાકી હક્ક હતો. એટલા માટે તેમના વ્યાપરી કાફલાઓ પર છાપો મારવાના માટે આ દળો રવાના કરવામાં આવતાં હતાં. જો મુસલમાન તેમના આ વ્યાપારિક મુખ્ય માર્ગ પર કબજો પામી લેતા તો તેનું પરિણામ એ નીકળતુ કે મક્કા વાસીઓએ એને બદલે ઈરાકનો માર્ગ અપનાવવો પડતો જે ઘણો લાંબો તથા મુશ્કેલીઓથી ભરેલો હતો.

૦૫. કુરૈશને પોતાની બહાદુરી તથા જંગી મહારત પર ઘણો જ ઘમંડ હતો, એ ઘમંડને તોડવાના માટે આ ફોજી દળો રવાના કરવામાં આવતાં રહ્યાં જેથી તેમને પ્રેશરમાં લેવામાં આવે.

૦૬. એનો એક ફાયદો એ પણ હતો કે મુહાજિરો એ ઈલાકાની ભૌગોલિક સ્થિતિથી સંપૂર્ણપણે વાકેફ થઈ જાય, એનાં મેદાનો, તેનાં ચઢાવો ઉતારો, તેની વાદીઓ અને તેના પહાડોથી સંપૂર્ણપણે વાકેફ થાય જેથી કાફિરો સાથે જંગનો મૌક઼ો આવે તો મુસલમાન એ વિસ્તારથી સંપૂર્ણપણે વાકેફ હોય.

૦૭. મુસલમાનના હોસલાને વધારવા અને તેમનામાં હિંમત તથા બહાદુરી પેદા કરવા માટે પણ આ ફોજી દળોનો ક્રમ ઘણે અંશે ફાયદામંદ હતો. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૪/૨૫૫,૨૫૬)*

## ઈસ્લામી જંગોની વિશિષ્ટતાઓ

ઈસ્લામી જંગની વિશિષ્ટતાઓ સમજવાના માટે જાહિલિયતના સમયની જંગો પર એક ઉપર છલ્લી દષ્ટિ પડી જાય તો વાત સરળતાપૂર્વક સમજમાં આવશે કે દુનિયાના વિવિધ ક્ષેત્રો, ખાસ કરીને અરબસ્તાનમાં નાના નાના ફાયદાઓને હાંસલ કરવાના માટે અથવા તો પછી વારંવાર જંગો છેડાયા કરતી હતી અને ક઼ત્લ તથા ખૂનરેઝીનો એવો જંગ ગરમ થતો હતો કે હજારો લોકોએ પોતાની જાનોથી હાથ ધોવા પડતા હતા.

નબવી યુગથી પહેલાં જે ક઼ૌમોની દુનિયામાં વસ્તી હતી તેને બે પ્રકારોમાં વહેંચી શકાય છે : એક સંસ્કૃત તથા સભ્યતાવાળી કહેવાશે અને બીજી અસંસ્કારી તથા અસભ્ય કહેવાશે.

### ★ અસંસ્કૃત ક઼ૌમોની લડાઈ ★

અસંસ્કૃત ક઼ૌમોની નજીક માનવ જાનની કોઈ કિંમત ન હતી અને જંગ તેમનો કૌમી ધંધો હતો. મામૂલી મામૂલી વાતો પર તલ્વારો બેનિયામ થઈ જતી. એકવાર જંગની આગ ભડકી જતી તો કેટકેટલીય પેઢીઓ સુધી એનો ક્રમ ચાલુ રહેતો, એટલું જ નહીં બલ્કે બદલાની ભાવનાની તૃપ્તિ માટે તથા

લોભ લાલચની પૂર્ણતા માટે સર્વ અમાનવીય વર્તનો જાઈઝ રાખ્યાં હતાં.

લાશોની બેહુર્મતી, નાક કાન કાપીને તેનો હાર બનાવીને પહેરવો, દુશ્મનોની ખોપરીઓમાં શરાબ પીવાની મન્નત માનવી, દુશ્મનોની લાશોને આગમાં સળગાવી દેવી, કેદીઓની સાથે જાનવરો કરતાંય બદતર વર્તાવ કરવો. તે લોકો ઈન્સાનિયતની સર્વ હદોને પાર કરીને સંગદિલી તથા દરિંદગીના (જંગલીપણાના)એ સ્થાને પહોંચી ગયા હતા કે માનવ કલેજાં ચાવી જતા હતા, અને એના પર હદ એ કે એને ફખ્ર તથા બહાદુરીનો ઝરીયો સમજતા હતા, અને આ પ્રકારની ખૂની દાસ્તાનોને તેઓ શેઅર શાઈરીમાં ગર્વભેર વર્ણન કરતા હતા.

## ★ સંસ્કારી ક઼ૌમોની જંગ ★

જે ક઼ૌમ સંસ્કારી તથા સભ્ય કહેવાતી હતી તેમનું જંગી વલણ પણ તે અસંસ્કૃત તથા અસભ્ય કહેવાતી ક઼ૌમોથી કાંઈ અધિક જુદુ ન હતું. જંગના માટે કોઈ નિયમો કે ક઼ાનૂન ન હતા. જમીનના જે હિસ્સા પર તેઓ ચઢી આવતા ત્યાં ક઼યામતે સુગરા રચી દેતા. જંગનું બ્યૂગલ વાગતાં જ એક સમાન રીતે વૃધ્ધો, બાળકો, સ્ત્રીઓ, બીમારો, મજબૂરો તથા ગોશા નશીનોનો પણ સફાયો કરી દેતા, ફસલો ઉજ્જડ કરી દેતા, બાગોને વિરાન કરી દેતા, આબાદીઓને તહસ નહસ (બર્બાદ) કરી દેતા. તેમનામાં મઝહબી દુશ્મની પણ કૂટી કૂટીને ભરેલી હતી. મોતબર્રક સ્થાનોની બેહુર્મતી પણ જંગનો એક હિસ્સો હતો. એકવાર જંગ છોડાતી તો હજારો લાખો જાનોનો ખાત્મો યક઼ીની થઈ જતો હતો. *(મુસ્તફાદ અઝ અખ્લાક઼ે રસૂલ, ૨/૮૨)*

## ★ ઈસ્લામવાળાઓની જંગ ★

ઉપરોક્ત પેજોમાં એ વાત તફસીલથી વર્ણન થઈ ચૂકી છે કે સરવરે કાઈનાત ﷺને જ્યારે જંગના માટે તલ્વાર ઉઠાવવા પર મજબૂર કરવામાં આવ્યા ત્યારે જ આપે તલ્વાર ઉઠાવી, નહીં તો એનાથી પહેલાં પોતે પણ સબ્ર તથા સહનશીલતાના પયકર બનેલા હતા અને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن ને પણ એનો હુકમ તથા તાક઼ીદ કર્યા કરતા હતા.

જંગના બારામાં હુઝૂર ﷺએ પહેલાં તો અગાઉ વર્ણવેલ તરીક઼ાઓની સુધારણા કરી. ત્યારબાદ એના માટે એવા પવિત્ર નિયમો નિશ્ચિત કર્યા કે પહેલાં જંગનું નામ સાંભળતાં જ રૂહ કાંપી ઉઠતી હતી અને હાર પામનારી ક઼ૌમ ઉઘાડી આંખોએ મૌતને જોઈ લેતી હતી. એ જ જંગ ઈન્સાનિયતની અખ્લાક઼ી, જાની તથા માલી રક્ષાનો ઝરીયો બની ગઈ. પ્રથમ સુલહ તથા અમ્નથી કામ લેવાની તાકીદ કરવામાં આવી અને અતિશય પ્રતિકૂળ સંજોગોમાં સખત શરતોની સાથે તલ્વાર ઉઠાવવાની ઈજાઝત આપવામાં આવી. પયગંબરે અમ્ન ﷺ અને આપના સાથી સતત તેર વરસો સુધી જુલ્મો સિતમની ચક્કીમાં પીસાતા રહ્યા. કોઈ જુર્મ તથા ગુનાહ વિના તેમને તેમનાં ઘરોએથી કાઢીને તડીપાર કરી દેવામાં આવ્યા. તડીપાર કરી દીધા બાદ પીછો ચાલુ રહ્યો અને તેમને વારંવાર ધમકીઓ આપવામાં આવવા લાગી ત્યારે છેવટે જંગની ઈજાઝત આપવામાં આવી. ઈજાઝત પણ મળી તો એ રીતે કે પૂરાણી જંગની સર્વ કાર્ય પધ્ધતિઓને રદ બાતલ કરી દેવામાં આવી અને જંગનો એવો તરીક઼ો રિવાજ આપવામાં આવ્યો જે વિશ્વશાંતિનો જામિન બની ગયો.

## ★ જંગના સંબંધે પયગંબરે અમ્ન ﷺની હિદાયતો ★

જંગના સંબંધે સરવરે કાઈનાત ﷺની હિદાયતો માનવ ઈતિહાસમાં અનોખુ મહત્વ ધરાવે છે :–

૦૧. પયગંબરે અમ્ન ﷺએ લડનારાઓ અને ન લડનારાઓનો ફરક સ્પષ્ટ કરતાં ન લડનારાઓને નુકસાન પહોંચાડવાથી મના કર્યું. અને હુકમ આપ્યો કે સ્ત્રીઓ, બાળકો, વૃધ્ધો, બીમારો, ગોશાનશીનો, ઝાહિદો તથા રાહિબોને ક઼ત્લ કરવામાં ન આવે. *(અબૂ દાઊદ)*

૦૨. અરબવાસીઓ સામાન્યતઃ છાપા મારતા હતા. રસૂલુલ્લાહ ﷺએ એ આદતને બંધ કરાવી દીધી અને સવાર થતા પહેલાં હુમ્લો કરવાની મનાઈ કરી દીધી. હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે નબીએ અકરમ ﷺ કોઈ ક઼ૌમની પાસે રાતે પહોંચી જતા તો સવાર થતા પહેલાં તેના પર હુમલો કરતા ન હતા. *(બુખારી)*

૦૩. પહેલાં દસ્તૂર હતો કે જીત પામનારી કૌમ પોતાના હરીફના કત્લ થનારાઓને આગમાં સળગાવી દેતી હતી. નબી કરીમ ﷺએ આ દિલ દુઃખવનાર રિવાજને ખત્મ કર્યો અને ફર્માવ્યું, આગના પેદા કરનાર ખુદા સિવાય કોઈને આગનો અઝાબ આપવાનો હક્ક નથી. *(અબૂ દાઊદ)*

૦૪. પહેલાં એ રિવાજ હતો કે જ્યારે કોઈ લશ્કર જંગના માટે નીકળતું તો રસ્તામાં લૂટમાર કરતા કરતા જતા. આકાએ કૌનેન ﷺએ લશ્કરીઓના સાથે તંગીમાં ગુજારો કરવાનું પસંદ કર્યું પરંતુ લૂટ માર કરીને કોઈની કોઈ ચીજ નાહક છીનવીને ખાવી પસંદ નથી કરી અને જાહિલિયતના એ રિવાજને પણ ખત્મ કર્યા. ગઝવએ અસીરામાં જેમાં મુસલમાનોની પાસે ખાવા પીવાની ચીજોની ખૂબ જ તંગી હતી. એ મૌકા પર લશ્કરના કેટલાક લોકોએ કોઈ બકરીઓના ટોળામાંથી એક બકરી ઉઠાવી લીધી અને એનો ગોશ્ત પકાવીને ખાવા ચાહ્યું. જ્યારે નબીએ અકરમ ﷺને ઈલ્મ થયો તો આપે હાંડલીને પોતાના ભાલા વડે ઉલ્ટાવી દીધી. *(અબૂ દાઊદ)*

૦૫. ફોજીઓની આગેકૂચના વખતે ફસલોને ખરાબ કરવી, ખેતીઓને બર્બાદ કરવી, સૂરએ બકરહની આયત નં. ૨૦૫માં એને મુનાફિકોની નિશાની ઠરાવવામાં આવી છે. પયગંબરે અમ્ન ﷺએ કેવળ એ સ્થિતિમાં ઝાડોને કાપવાની ઈજાઝત આપી જ્યારે કે જંગના મેદાનમાં એમના કારણે મુશ્કેલી ઉભી થવાનો અંદેશો હોય.

૦૬. દુશ્મનોની લાશોનું અપમાન કરવું અને તેમનાં અંગો કાપીને બેડોળ બનાવવાથી પણ આપે સખ્તીથી મના કર્યું છે. *(બુખારી)*

૦૭. કત્લ થનારાઓની સંખ્યા ઓછામાં ઓછી હોય એનો પયગંબરે રહમત ﷺએ પૂરો ખયાલ કર્યો છે. ફતહે મક્કાના મોકા પર મક્કા શહેરમાં પ્રવેશ કરતાં પહેલાં એલાન કર્યું કે કોઈ ઝખ્મી પર હુમ્લો કરવામાં ન આવે, કોઈ નાસી છૂટનારાનો પીછો કરવામાં ન આવે, કોઈ કેદીને કત્લ કરવામાં ન આવે, જે પોતાના ઘરમાં બંધ થઈ જાય

તેને કત્લ કરવામાં ન આવે, જે ખાનએ કા'બામાં પનાહ લઈ લે તેને કત્લ કરવામાં ન આવે, જે હથિયાર ફેંકી દે તેને કત્લ કરવામાં ન આવે, જે અબૂ સુફયાનના ઘરમાં પનાહ લઈ લે તેને કત્લ કરવામાં ન આવે. *(સીરતે ઈબ્ને હિશામ)*

આ ઉપરાંત અતિ અધિક પ્રમાણમાં મુબારક હદીષો તથા સિયરની કિતાબોનાં પુષ્કળ પ્રમાણમાં પૃષ્ઠો સરવરે આલમ ﷺના રિવાજ કરેલા જંગના તરીકાની અનોખી વિશિષ્ટતા પર આધારિત છે, જેના અભ્યાસથી જાણવા મળે છે કે પયગંબરે અમ્ન ﷺએ જંગ તથા જેહાદને એ સર્વ જંગલી કૃત્યોથી પાક કરી દીધા જે એ યુગમાં જંગનો એક હિસ્સો બનેલ હતો. જંગલી કૃત્યો તથા કોઈ પણ લાભદાયી ચીજને નુકસાન પહોંચાડવાને જંગના નિયમોની વિરૂધ્ધ ઠરાવ્યું. જંગને પયગંબરે અમ્ન ﷺએ ઈબાદતનો દરજ્જો આપ્યો. જંગના નીતિ નિયમોની વિરૂધ્ધ વર્તનને ઈબાદતના સવાબથી મેહરૂમીનો સબબ ઠરાવી દીધો. જંગ કેવળ એવી ચીજ રહી ગઈ જેમાં શરીફ તથા બહાદુર માણસ દુશ્મનને ઓછામાં ઓછુ નુકસાન પહોંચાડીને તેની બુરાઈને દૂર કરવાની કોશિશ કરે અને જગતને તેની બુરાઈથી પાક કરવાની ભરપૂર કોશિશ કરે.

## ★ પયગંબરાના જેહાદનાં પરિણામો ★

૧૧ વરસોમાં કાફિરો તથા મુશ્રિકો સાથે જેટલી જંગો લડવામાં આવી એમાં બંને પક્ષે કેટલુ જાની નુકસાન થયું તેની વિગત વાંચીને આપ અચંબામાં પડી જશો.

- ❑ પ્રારંભિક સરાયા તથા ગઝવાતમાં ન દુશ્મનનો કોઈ માણસ કત્લ થયો ન કોઈ કલ્મો પઢનાર શહીદ થયો. તે ગઝવાત તથા સરાયા આ પ્રમાણે છે : (૧) અલ્અબ્વા (૨) સૈફુલ બહર (૩) બવાત (૪) અલ્અશીરા અને (૫) બદરે ઉલા. એના બંનેવ પક્ષે કોઈ જાની નુકસાન નથી થયું.
- ❑ અબ્દુલ્લાહ ઈબ્ને જહશના સરિય્યામાં કાફિરોનો એક માણસ અમ્ર બિન હઝરમી માર્યો ગયો. ઈસ્લામી જંગોમાં એ પ્રથમ કતલ થનારો હતો.

- ગઝવએ બદરુલ કુબરામાં કાફિરોના સિત્તેર માણસો કત્લ થયા અને ૧૪ મુસલમાન શહાદતના શરફથી મુશર્રફ થયા. ગઝવએ બદરના પછી પોતાના ગંભીર ગુનાહોના બદલામાં બે મુશ્રિકોને કત્લ કરવામાં આવ્યા, એકનું નામ હારિષ અને બીજો ઉક્બા બિન અબી મુઈત હતો.
- ગઝવએ સવીક્માં કેવળ એક મુશ્રિક કત્લ થયો.
- ગઝવએ બની સુલૈમમાં ત્રણ અન્સારી શહીદ થયા.
- ગઝવએ ઝી અમર જે નજદમાં થયો એમાં કોઈ શખ્સ નથી માર્યો ગયો.
- યહૂદી કબીલા બની ક્નિકાઅને તડીપાર કરવાની કાર્યવાહીમાં બે માણસો માર્યા ગયા.
- સરિય્યહ ઝૈદ બિન હારિષામાં બંને પક્ષે કોઈ માણસ નથી માર્યો ગયો. ત્યારબાદ ઈસ્લામ દુશ્મની તથા શરારતોના કારણે યહૂદીઓમાંથી કઅબ બિન અશરફ, અબૂ રાફેઅ સલામ બિન અબુલ હક્રીક તથા કઅબ બિન યહૂદાને કત્લ કરવામાં આવ્યા.
- ગઝવએ ઓહદમાં ૭૦ મુસ્લિમો શહાદતની નેઅમતથી સરફરાઝ થયા અને ૨૨ મુશ્રિકો કત્લ થયા.
- ગઝવએ હમરા અલ અસદમાં એક બદઝબાન અબૂ ઉઝ્ઝાને મૌતને ઘાટ ઉતારવામાં આવ્યો.
- યૌમે રજીઅમાં છ મુસલમાનોએ જામે શહાદત નોશ કર્યો.
- બિઅરે મઊનાના ગદ્દારીભર્યા મન્સૂબામાં સિત્તેર મુસલમાનોએ શહાદતનો તાજ માથા પર સજાવ્યો. ત્યારબાદ અમ્ર બિન ઉમૈયાએ ગલતીથી ત્રણ કાફિરોને મારી નાખ્યા, એમનામાંથી બે દિયત (ખૂનના બદલે માલ) રહમતે આલમ ﷺએ ખુદ અદા કરી.
- ગઝવએ બની નઝીરમાં એક માણસનો કત્લ થયો.
- ગઝવએ ઝાતુર્રિકાઅમાં એક અન્સારી શહીદ થયા. તે રાત્રે પેહરો

આપી રહ્યા હતા એવામાં કાફિરોએ વારાફરતી ત્રણ તીરોના નિશાન બનાવ્યા.

- ❑ બદરે ઉખરામાં કોઈ માણસ કત્લ ન થયો.
- ❑ ગઝવએ ખંદકમાં ત્રણ મુશ્રિકોને કત્લ કરવામાં આવ્યા અને છ મુસલમાનોએ શહાદતનો જામ પીધો.
- ❑ ગઝવએ બની કુરૈઝામાં બે મુસલમાન શહીદ થયા અને છસો કે સાતસો યહૂદી કત્લ થયા. ત્યારબાદ ખાલિદ બિન સુફયાન અલ્હિંદલી કત્લ કરવામાં આવ્યો.
- ❑ ગઝવએ ઝી કર્દમાં પાંચ શખ્સો માર્યા ગયા.
- ❑ ગઝવએ બની મુસ્તલકમાં બે જણાની કત્લ થઈ.
- ❑ ગઝવએ હુદૈબિયહમાં એક માણસ કત્લ થયો.
- ❑ ગઝવએ ખયબરમાં જાનબૈનથી ૨૦ માણસો માર્યા ગયા.
- ❑ ગઝવએ ખૈબરના પછી કોઈ સરિય્યહમાં કોઈ માણસ નથી માર્યો ગયો.
- ❑ જયારે બની કઝાઆની ચેતવણીના માટે કઅબ બિન અમ્રની સરદારીમાં સરિય્યહ રવાના કરવામાં આવ્યું તો એમાં ૧૪ માણસો કત્લ થયા.
- ❑ ગઝવએ મૌતામાં બાર શખ્સો માર્યા ગયા.
- ❑ ગઝવએ ફતહે મક્કામાં પણ ૧૨ માણસો માર્યા ગયા.
- ❑ ગઝવએ હુનૈન તથા હવાઝિનમાં ચાર મુસલમાન શહીદ થયા અને કબીલા ષકીફના ૭૫ કાફિર માર્યા ગયા.
- ❑ ગઝવએ તાઈફમાં ૧૨ મુસલમાન શહાદતની સઆદતથી મુશર્રફ થયા.
- ❑ ગઝવએ તબૂકમાં એક મુસલમાન શહીદ થયો.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨૮૦/૨૮૧)*

૧૧ વરસની લાંબી મુદ્દતમાં બે ડઝનથી વધુ ગઝવાત તથા સરાયા (જંગો)માં બંને પક્ષે થઈને ૪૪૦ લોકોની કત્લ થઈ. આ ગણત્રીમાં તે લોકો પણ છે જેમને ધોકા તથા પ્રપંચથી કત્લ કરવામાં આવ્યા હતા, અથવા ગલતીથી કત્લ થયા હતા.

તે દૌરમાં જે જંગી માહોલ હતો એની સરખામણીમાં આટલી ઓછી કુર્બાનીઓ તથા નુકસાનોથી માનવ જાતને જે ફાયદાઓ પહોંચ્યા તે અજોડ છે. એ ફાયદાઓની વિગત નીચે પ્રમાણે છે :–

- ❑ ઈસ્લામથી પહેલાં અરબ દ્વિપ સેંકડો હિસ્સાઓમાં વહેંચાયેલો હતો, સરવરે આલમ ﷺએ એને એક કરી આપ્યો.
- ❑ અરબ દ્વિપનો દરેક હિસ્સો કોઈ આગેવાન વિનાનો (બેલગામ) હતો, ક્યાંય કોઈ જિમ્મેદાર હુકૂમત ન હતી સરવરે આલમ ﷺએ તેમને નીતિ નિયમના પાબંદ કર્યા.
- ❑ કાનૂન તથા ન્યાયનું કોઈ બંધારણ ન હતુ, પયગંબરે અમ્ન ﷺએ તેમને ઈલાહી કાનૂન અર્પણ કર્યો.
- ❑ અરબ ક્ષેત્રના વાસીઓ માટે આર્થિક ભલાઈ તથા સામાજિક ભલાઈ માટે કોઈ આયોજન ન હતું, આકાએ રહમત ﷺએ તેમની ભલાઈ તથા તરક્કીના માર્ગો સમારી આપ્યા.
- ❑ કબીલાઓ વચ્ચે દુશ્મનીની બોલબાલા હતી, આ દુશ્મનીને સરવરે કાઈનાત ﷺએ દૂર કરી દીધી.
- ❑ શક્તિવાળા જે રીતે ચાહતા હતા કમજોરોનું શોષણ કરતા હતા, કોઈ પૂછતાછ કરનાર ન હતો. પયગંબરે અમ્ન ﷺએ એ માહોલનો ખાત્મો કર્યો.
- ❑ તેમની પેશાનીઓ સેંકડો બાતિલ મઅબૂદોની સામે ઝુકતી હતી, રસૂલે રહમત ﷺએ તેમની આવારા પેશાનીઓને એક મઅબૂદે બરહક્કની સામે ઝુકવા માટે પાબંદ કરી.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૩/૨૭૯,૨૮૦)*

આ તો ગઝવાત તથા સરાયા (જંગો)નું સંક્ષિપ્ત નિરીક્ષણ હતું જેનાથી અંદાઝો કરી શકાય છે કે થોડા બલ્કે ખૂબ જ થોડા જાની નુકસાનના બદલામાં વિશ્વકક્ષાએ શાંતિની સ્થાપ્નાનો જે ફાયદો જોવા મળ્યો તે ઘણો જ મહાન છે. તદ્ ઉપરાંત સરવરે કાઈનાત ﷺના અમ્નથી ભરપૂર કરારો, સુલહની કોશિશ, અદલો ઈન્સાફના મામલાઓ, કેદીઓની સાથે સદ્ વર્તાવ, અને જંગને સંબંધી અન્ય મામલાઓનું નિરીક્ષણ કરવામાં આવે તો અનુમાન થશે કે ઈસ્લામી જંગો માનવ જાત માટે સલામતીની સ્થાપ્નાની જ કોશિશોનો એક હિસ્સો હતો. એનાથી માનવોને ઝેહમત નહીં બલ્કે રહમત જ મયસ્સર થઈ.

...પ્રકરણ : ૦૫

# રસૂલે અકરમ ﷺના આગમન પહેલાં દુનિયાની સ્થિતિ

ઈતિહાસનાં પૃષ્ઠો એ વાતની સાક્ષી પૂરે છે કે ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામના આગમન પહેલાં દુનિયામાં શાંતિ તથા સલામતીનો શબ્દ કેવળ શબ્દની હૈષિયતથી રહી ગયો હતો, તેનું હક઼ીક઼ી સ્વરૂપ દુનિયાથી ખત્મ થઈ ચૂક્યું હતું રસૂલે પાક ﷺના આગમન પહેલાં દુનિયાના જે હાલાત હતા તેનો અભ્યાસ કરીએ તો આ વાતનો સારી રીતે અંદાઝો થઈ શકે છે. સામૂહિક જિંદગી અને નેક સમાજના માટે દુનિયાની ક઼ૌમો પાસે પ્રથમ તો ક઼ાયદા ક઼ાનૂન જ ન હતા. અને જો કોઈ ક઼ૌમે અમુક નિયમો બનાવ્યા પણ હતા તો એમાં ભેદભાવ અધિક હતો. શક્તિવાળા લોકો માટે અલગ નિયમો હતા અને કમજોરો માટે અલગ નિયમો હતા. સૌથી અધિક જુલ્મની શિકાર સ્ત્રી જાતિ હતી કે તેને દુનિયામાં પેદા થવાને પાત્ર જ સમજવા આવતી ન હતી. અને જો કોઈ સમાજમાં બાળકીની પેદાઈશ અયબ ગણાતી ન હતી તો પણ તેમના પર જાત જાતના જુલ્મો કરવામાં આવતા હતા.

લડાઈ ઝઘડા અને તથા ખૂના મરકીનું બજાર ચો તરફ ગરમ રહેતું હતું. અને એકવાર જ્યાં જંગની આગ ભડકી ગઈ તો પછી ઠંડી થવાનું નામ લેતી ન હતી. નાની નાની વાતોના માટે હજારો હજારને ક઼ત્લ કરવામાં કોઈને રજ માત્ર ખચકાટ થતો ન હતો. ચો તરફ જુલ્મ તથા ઝિયાદતીની બોલબાલા હતી. જોર જુલ્મ તથા સખ્તી અને જંગલીપણા તથા બર્બરિયતે ચારેવ તરફ તંબૂ નાખેલા હતા.

આ મામલાઓમાં સૌથી બુરી હાલત અરબસ્તાનની હતી. જાહિલિયત તથા નફસપરસ્તીના કારણે તેમની અખ્લાક઼ી હાલત અકથ્ય હતી. શરાબપાન, સ્ત્રીઓનું નગ્ન થઈને નાચવું, બાળકીઓને જીવતી દફન

કરી દેવી, અસંખ્ય પત્નીઓ રાખવી, પિતાના મૃત્યુ બાદ અન્ય ચીજોની સાથો સાથ પોતાની માઓને પણ આપસમાં વહેંચી લેવી અને પોતાની પત્નીઓ બનાવીને રાખવી અથવા તો પછી કોઈના હાથે વેચી દેવી એ આમ રિવાજ હતો. અમુક ક઼બીલાઓનો ધંધો જ ચોરી, લૂટમાર તથા ખૂના મરકી કરવાનો હતો. બેહયાઈ એટલી હદે આમ હતી કે હજના મૌક઼ા પર હજારો લોકો ભેગા થતા પરંતું કુરૈશના સિવાય સર્વ પુરૂષો તથા સ્ત્રીઓ નગ્ન હાલતમાં તવાફ કરતા. યતીમોનો માલ ખાવો અને ગરીબોને સતાવવું આમ હતું. આર્થિક ક્ષેત્રે વ્યાજની લેણદેણનો રિવાજ આમ હતો. સ્ત્રીઓ તથા બાળકો સુધ્ધાંને ગીરો રાખી દેવામાં આવતાં. પોતાની ઝબાનદાની પર ફખ્રનો હાલ એ હતો કે તે દરેક ગૈર અરબને અજમ (ગુંગા) કહ્યા કરતા હતા.

## ★ દુનિયાની વિવિધ ક઼ૌમોના હાલાત ★

બઅષતે રસૂલ (રસૂલે પાક ﷺના આગમન) પહેલાં રોમ તથા ઈરાન બે સુપર પાવર દેશો હતા. સુપર પાવર હોવાની હૈષિયતથી આ બંનેવ દેશો માણસની ભલાઈ તથા પ્રગતિની ફિકરને પીઠ પાછળ રાખીને કમજોર દેશોને ગુલામીના સકંજામાં કસવાની કોશિશમાં સદા વ્યસ્ત હતા. પ્રજાની ખૂન પસીનાની કમાઈ વડે હાકિમો પોતાના એશકદાને સજાવતા હતા અને પ્રજા ઉપર જાનવરથી બદતર સુલૂક કરતા હતા.

રોમીઓના ઉચ્ચ તબક઼ાએ જમીનો પર કબજો જમાવીને ગુલામોની મોટી સંખ્યાને ખેતીવાડીના કામમાં લગાડી રાખ્યા હતા. જેમના પર તેઓ જંગલિયત ભર્યું વર્તન કરતા હતા. રોમી સમાજ જંગલીપણા, દરિંદગી તથા બર્બરિયતની નિશાની બની ચૂક્યો હતો. હાકિમ તથા પ્રજાના બે તબક઼ા વજૂદમાં આવી ચૂક્યા હતા. એક તબક઼ો અમીરોનો હતો જેમનો મક઼સદ પબ્લિક પર હુકૂમત કરવાનો હતો અને બીજો પબ્લિકનો હુકૂમતના હેઠળનો હતો જે પેઢી દર પેઢીથી હુકૂમત કરનારા તબક઼ાની ખિદમતમાં લાગેલો હતો.

ચોથી સદી ઈસ્વી સુધીમાં ઈસાઈઓ હઝરત ઈસા عليه السلامની

તાલીમાતથી ખૂબ જ દૂર થઈ ચૂક્યા હતા. યૂનાની ખુરાફાતથી લઈને રોમી મૂર્તિપૂજા સુધી દરેક બુરાઈને ઈસાઈ દુનિયાએ પોતાના ગળે લગાડી રાખેલ હતી. ઈસાઈ ધર્મ કેવળ અમુક બેજાન અક઼ીદા તથા રસમો સુધી મર્યાદિત થઈને રહી ગયો હતો.

એશિયાખંડ, યૂરોપ તથા આફ્રિકામાં વસનારા યહૂદીઓ દુનિયાની અન્ય સર્વ ક઼ૌમો કરતાં એ લેહાઝથી વિશિષ્ટ હતા કે તેમની પાસે આસ્માની દીનનો ઘણો જ અધિક ઈલ્મ હતો, પરંતુ આ યહૂદી અન્ય કારણોને લઈને મઝહબ તથા રાજકારણ તથા સંસ્કાર તથા સંસ્કૃતિમાં તે સ્થાન ધરાવતા ન હતા કે અન્યો પર અધિક પ્રભાવ પેદા કરી શકે. દૌલતની હવસ, ઘમંડ, હવસ પરસ્તી, વંશીય ઘમંડ તથા ક઼ૌમી ગુરૂરના કારણે તેમનામાં ખાસ દિમાગી તેજી પેદા થઈ ગઈ હતી જે એમને અવામી કક્ષાએ આવવા રોકતી હતી. ખુદાની રાહથી લોકોને મના કરવું એ તેમની બીજી પ્રકૃતિ હતી.

યહૂદીઓ તથા ઈસાઈઓની આપસમાં દુશ્મની છઠ્ઠી સદીના અંત સુધીમાં ખૂબ જ આગળ વધી ચૂકી હતી. એક બીજાને બેઈજ્જત કરવામાં તથા એકબીજાનું ખૂન વહાવવામાં, તથા ગલ્બો (સરસાઈ) પામતાં એકબીજાની સાથે અમાનવીય વર્તન કરવામાં તેમને જરાય શરમ આવતી ન હતી.

## ★ યહૂદી (બની ઈસ્રાઈલ)ના હાલાત ★

હઝરત યાક઼ૂબ عليه السلام ના સાહબઝાદા યહૂદાની ઔલાદ જ અસલમાં યહૂદી છે પરંતુ હવે યહૂદ બોલવામાં આવે છે તો એનાથી મુરાદ બની ઈસ્રાઈલના તમામ ૧૨ ક઼બીલા હોય છે. હઝરત સુલૈમાન عليه السلام ના નબુવ્વતના દૌરમાં જ યહૂદી મૂર્તિપૂજા તથા બેદીનીમાં પડી ગયા હતા. અલ્લાહ તબારક વ તઆલાએ બુખ્ત નસરને એમના પર લાગુ કર્યો. તેણે એમને ખત્મ કરવાનુ અને જાત જાતની ઈજાઓ આપવાનું શરૂ કરી દીધું. ત્યારબાદથી એઓ સતત કૈદ થવા, તડીપાર થવા, ગુલામી તથા મઝલૂમીની જિંદગી પસાર કરવા મજબૂર થઈ ગયા. જ્યારે કુસ્તુન્તીન પહેલાએ ઈસાઈ ધર્મ અપનાવ્યો ત્યારબાદથી એમની હાલત બદથી બદતર થતી ગઈ.

દુનિયાના કોઈ પણ દેશમાં નામ માત્રની પણ તેમની સલ્તનત બાકી ન રહી ગઈ અને તેમને કૌમની હૈષિયતથી ક્યાંય સ્વીકારવામાં આવતા ન હતા. કોઈ પણ દેશમાં તેમને સ્વતંત્ર નાગરીકોની જેમ જીવંત રહેવાનો હક્ક ન હતો. مَلْعُوْنِيْنَ اَيْنَمَا ثُقِفُوْا ના પ્રમાણે દુનિયામાં દરેક જગાએ તેઓ બઈજ્જતી તથા અપમાનજનક જિંદગી પસાર કરી રહ્યા હતા. દીની અધોગતિની એ હાલત હતી કે કેટલાયે ફિર્કાઓમાં વહેંચાઈ ચૂક્યા હતા.

હઝરત મૂસા કલીમુલ્લાહ علیہ السلام ના પાક જમાનાથી લઈને હઝરત ઈસા રૂહુલ્લાહ علیہ السلام ના દૌર સુધી જેટલા અંબિયાએ કિરામ તથા રસૂલાને એઝામ તશરીફ લાવ્યા એઓ તે સૌને જૂઠલાવવાના તથા તેમને ઈજા પહોંચાડવાના કૃત્યોમાં હમેશાં વ્યસ્ત રહ્યા. તેમણે અલ્લાહની નાઝિલ કરેલી કિતાબોનો ન કેવળ ઈન્કાર કર્યો બલ્કે તેમાં તબદીલી તથા હેરફેરના મહાન જુર્મમાં પડયા. તેમના વચ્ચે રહનુમાઈના માટે હકીકતમાં કોઈ કિતાબ તો ન રહી ગઈ હતી એટલા માટે તેઓ પોતાના અહબાર (દીની પેશવાઓ)ની મનઘડત ખબરો અને તેમના સ્વરચિત ફત્વાઓ પર જ ભરોસો કરતા હતા. તેઓ જેને હરામ કહેતા તેને હરામ સમજતા અને જેને હલાલ બતાવતા તેને હલાલ સમજતા. મુરદારખોરી, વ્યાજમય લેણદેણ અને અન્ય અલ્લાહના હરામ કરેલામાં ઉઘાડી રીતે પડતા. એને કુર્આને મુકદ્દસે આ પ્રમાણે વર્ણવેલ છે :–

وَاَخْذِهِمُ الرِّبٰوا وَقَدْ نُهُوْا عَنْهُ وَاَكْلِهِمْ اَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ ؕ

وَاَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ مِنْهُمْ عَذَابًا اَلِيْمًا ○

''અને (એમના પર લઅનત કરી) એટલા માટે કે તેઓ વ્યાજ લેતા જયારે કે તેઓને એનાથી મના કરવામાં આવેલ હતું અને લોકોનો માલ નાહક ખાતા. અને એમનામાં જે કાફિર થયા અમે એમના માટે દર્દનાક અઝાબ તૈયાર કરી રાખ્યો છે. *(સૂ. નિસાઅ, આ. ૧૬૧, કન્ઝુલ ઈમાન)*

એમના આ જ બધાં દુષ્કૃત્યોના કારણે અલ્લાહ તઆલાએ તેમને બેઈજ્જતી તથા અપમાનજનક હાલતનાં અઝાબમાં સપડાવી દીધા. અલ્લાહ તબારક વ તઆલાએ એ કૌમની હિદાયતના માટે એક પછી એક

અંબિયા તથા રસૂલ મોકલ્યા હતા પરંતું બની ઈસ્રાઈલે ન કદી તેમની તાઝીમ કરી ન તો તેમની મદદ કરી, બલ્કે કેટલાયે અંબિયાએ કિરામ દા.ત. હઝરત ઝકરિયા, હઝરત યહ્યા, હઝરત શઅયા વગેરે عَلَيْهِمُ السَّلَامને નાહક્ક્ કત્લ પણ કર્યા. અલ્લાહ તઆલા તેમના આ બદતરીન ઈતિહાસને આ પ્રમાણે વર્ણવે છે :–

وَضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُ وَبَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِ ؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ الْحَقِّ ؕ ذٰلِكَ بِمَا عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ۝

"અને તેમના પર મુકર્રર કરી દેવામાં આવી ખુવારી તથા નાદારી, અને ખુદાના ગઝબમાં પલટયા. આ બદલો હતો એનો કે તેઓ અલ્લાહની આયતોનો ઈન્કાર કરતા અને અંબિયાને નાહક્ શહીદ કરતા. આ બદલો હતો એમની નાફર્માનીઓ તથા હદથી વધવાનો."

*–(સૂ. બક્રહ, આ. ૬૧, કન્ઝુલ ઈમાન)*

## ★ નસારા (ઈસાઈઓ)ના હાલાત ★

હઝરત ઈસા ઈબ્ને મરયમ رضی اللہ عنہاએ બની ઈસ્રાઈલના ૧૨ કબીલાઓ સામે રુશ્દો હિદાયતની તાલીમના માટે પોતાના બાર શાગિર્દો (હવારીઓ) પસંદ કર્યા હતા. આપે કમા હક્કુહૂ તેમને ઈલ્મ તથા હિકમતથી નવાઝયા. પરંતું આપના આસ્માન પર તશરીફ લઈ ગયા પછી તેમના દરમ્યાન સખત મતભેદો પેદા થઈ ગયા જેનાથી કેટલાયે ફિર્કા ફૂટી નીકળ્યા. આ ફિર્કાબંદીમાં બૂલસનામના યહૂદીએ ખાસ કરીને મહત્વનો રોલ અદા કર્યો. એ હઝરત ઈસા علیہ السلام તથા એમના હવારીઓને તકલીફો આપતો હતો, પરંતું હઝરત ઈસા علیہ السلام જયારે આસ્માન પર ઉઠાવી લેવામાં આવ્યા તો એ ઈસાઈ બનીને ગુમરાહ કરવામાં વ્યસ્ત થઈ ગયો જેના કારણે હઝરત ઈસા علیہ السلامના અનુયાયી કેટલાયે ફિર્કાઓમાં વહેંચાય ગયા. અને દરેક ફિર્કાએ આપના સંબંધે અલગ અલગ અકીદા ઘડી કાઢયા.

હઝરત સદરુલ અફાઝિલ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان સૂ. નિસાઅ, આ.

૭૧ના હેઠળ લખે છે :

નસ્તૂરી આપને ખુદાના પુત્ર કહેતા હતા. મરકૂસી કહેતા કે તે ત્રણમાંથી ત્રીજા છે. અને આ કલમાની સ્પષ્ટતામાં પણ મતભેદો હતા. અમુક ત્રણ ઉક્નૂમ માનતા હતા અને કહેતા હતા કે બાપ, પુત્ર, રૂહુલ કુદસ. બાપથી જાત, બેટાથી ઈસા અને રૂહુલ કુદ્‌સથી તેમના હુલૂલ (પ્રવેશ) કરનારી હયાત મુરાદ લેતા હતા. તો એમની નજીક ઈલાહ (ખુદા) ત્રણ હતા, અને એ ત્રણને એક બતાવતા હતા. "تَوۡحِید فِی التَّثۡلِیث" અને "تَثۡلِیث فِی التَّوۡحِید" ના ચક્કર સપડાયેલા હતા. અમુક કહેતા હતા કે ઈસા નાસૂતિયત તથા ઉલૂહિયતના સંગમ છે. માની તરફથી એમનામાં નાસૂતિયત આવી અને બાપની તરફથી ઉલૂહિયત આવી. العیاذ باللہ تعالیٰ!

કુર્આને મુક્દસ તેમની એ બદઅક્ીદગીઓને વર્ણન કરીને આ પ્રમાણે બુરાઈ વર્ણવે છે : لَقَدۡ كَفَرَ الَّذِیۡنَ قَالُوۡۤا اِنَّ اللّٰهَ هُوَ الۡمَسِیۡحُ ابۡنُ مَرۡیَمَ ''બેશક ! કાફિર છે તેઓ જેઓ કહે છે કે અલ્લાહ તે જ મસીહ મરયમના પુત્ર છે.''

*–(સૂ. માઈદા, આ. ૭૨)*

એક મકામ પર ફર્માવ્યું : لَقَدۡ كَفَرَ الَّذِیۡنَ قَالُوۡۤا اِنَّ اللّٰهَ ثَالِثُ ثَلٰثَةٍ

''બેશક ! કાફિર છે તેઓ જેઓ કહે છે અલ્લાહ ત્રણ ખુદાઓમાં ત્રીજો છે'' *(આ. ૭૩)*

આ સર્વ બદઅક્ીદગીઓની સાથોસાથ કફ્ફારાનો મસ્અલો ઈસાઈયતની જડોને ખોખરી કરી રહ્યો હતો. એના કારણે આમાલે સાલેહા (નેક અમલો)થી અરૂચી પેદા થઈ ગઈ હતી. હઝરત ઈસાના નજાત અપાવેલા હોવાના અક્ીદાના આડમાં દરેક ફિર્કો પોતાની નફસાની ખ્વાહિશાતની સંપૂર્ણપણે પયરવી કરતો હતો. અખ્લાક્નું પૂરા સમાજમાં ક્યાંય નામો નિશાન પણ ન હતું. કોઈ પણ વ્યક્તિ સ્વરચિત અક્ીદાઓ તથા હુકમોના થકી પોતાની ખ્વાહિશોની પૂર્ણતામાં આઝાદ હતો. તેમનામાંથી અમુકનો એ ખયાલ હતો કે હઝરત મરયમ તથા હઝરત ઈસા علیہما السلام ના સદક્ામાં મુદલે એમને અઝાબમાં સપડાવવામાં જ નહીં આવે.

અને અમુક લોકો યહૂદીઓની જેમ એવો અક઼ીદો રાખતા હતા કે કેવળ થોડા દિવસોના માટે તેઓ અઝાબમાં સપડાશે, ત્યાર બાદ તેમને હમેશાંના માટે જન્નતમાં દાખલ કરી દેવામાં આવશે.

## ★ મજૂસીઓ (અગ્નિપૂજકો)ના હાલાત ★

યાફ઼ષ બિન નૂહ علیہ السلامની ઔલાદમાં એક શખ્સ પેદા થયો જેના કાન જન્મજાત ખૂબ જ નાના અને વાળ ઘણા જ લાંબા હતા એટલા માટે એનું નામ ''મેખ ગોશ'' રાખવામાં આવ્યું જે અરબીમાં મજૂસ શબ્દથી ઓળખાયો. આ ધર્મનો મૂળ બાની આ જ છે. તેણે પોતે પોતાને અવતાર (આસ્માની પયગંબર) કહેવાનું શરૂ કર્યું અને લોકોને બતાવ્યું કે આગ મઝહરે ઈલાહી છે. લોકો પાસે આગ મંગાવ્યા કરતો જેથી તે લોકોમાં ''આગવાળા નબી'' તરીકે મશહૂર થયો. તેણે લોકોને બતાવ્યું કે આગ જ રોશનીની ખાલિક઼ છે અને અંધારુ અંધકારનું ખાલિક઼ છે. આ રીતે આગ તથા અંધારુ બંનેવ તે દીનના ખાલિક઼ની હૈષિયત ઠર્યા. આગને લોકો તાક઼ત અને નેકીનો સરચશ્મો તથા અંધારાને બદીનો ખાલિક઼ સમજવા લાગ્યા. જ્યારે આગના શોલા બુલંદ થતા તો લોકોએ એતેક઼ાદ કરતા કે ખાલિક઼ જાગી રહ્યો છે અને અંગારાઓના બારામાં એ અક઼ીદો રાખતા કે ખાલિક઼ સૂઈ રહ્યો છે. રાત દિવસ અગ્નિકુંડમાં લાકડીઓ સળગાવવામાં આવતી. દિવસે ખુશબોદાર લાકડીઓ અને રાતમાં સંદલથી શરૂઆત કરતા અને પછી સામાન્ય લાકડીઓ સળગાવતા.

મજૂસ બાબિલનો રહેવાસી હતો પછી તે ઈરાનના મઝહબમાં આવ્યો. પહેલાં તો તેને અવામી (પબ્લિકના) મઝહબની હૈષિયત હાંસલ રહી, બાદમાં ઈરાની બાદશાહ ગસ્તાશપે એને ક઼ાનૂની હૈષિયત આપીને હુકૂમતનો મઝહબ બનાવી આપ્યો. એ બાદશાહનો એક મોટો વઝીર ઝરથુશ્ત હતો તેણે આ મઝહબના પયગંબર હોવાનો દાવો કર્યો અને એક ઘણો જ મોટો અગ્નિકુંડ બનાવ્યો જેની પૂજા સર્વ લોકો પાસે કરાવતો હતો. ઈબાદતના માટે બુધનો દિવસ નિશ્ચિત હતો. લોકો એના હુકમથી આ અગ્નિકુંડની સામે સિજદો કરતા અને તેની સામે ઉભા રહીને હાથ બાંધીને દુઆ કરતા.

તેણે એક ધાર્મિક કિતાબ પણ બનાવી જેનું નામ આર્થા રાખ્યું. પહેલેથી મજૂસી મઝહબ ચાલ્યો આવતો હતો તેમાં કાંઈક વધારા કર્યા અને અમુક પાબંદીઓ વધારી એટલા માટે એને મજૂસી ધર્મનો બાની બીજાની હૈષિયત પ્રાપ્ય છે. તે સો વરસો સુધી જીવંત રહ્યો. ત્યારબાદ એ મઝહબને ખૂબ મજબૂતી તથા ખ્યાતિ મળતી રહી, ત્યાં સુધી કે એ મઝહબ રૂમા તથા અમેરિકા સુધી પહોંચી ગયો. તેનો ત્રીજો બાની હેરાક લેટસેલ છે.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ માંથી)*

આ મઝહબના અનુયાયીઓ દાઢી મૂડાવવાને ધર્મનું પાલન સમજતા હતા. મૂછો મોટી રાખતા, માથાના વાળો કાનો સુધી લાંબા કરતા, ઉઘાડા માથે રહેતા અને કમર પર જનોઈ લટકાવતા.

## ★ યૂનાનીઓના હાલાત ★

યૂનાન ૧૬૦૦ પહેલાં મસીહમાં એક અર્ધ જંગલી દેશ હતો. યૂનાની સંસ્કાર તથા સંસ્કૃતિના બે પાયાના નિયમો ફિલોસોફી તથા સાયન્સ હતાં જે બાદમાં યૂરોપી કૌમની ભૌતિક પ્રગતિનો સબબ બન્યા. આ સંસ્કૃતિમાં સ્ત્રીને કેવળ પોતાની નફસાની ખ્વાહિશ તથા મનોરંજનનું સાધન સમજવામાં આવતી હતી. યૂનાનીઓની નજીક સ્ત્રીને "શજરએ મસ્મૂમ" એટલે "ઝહેર ભેળવેલુ ઝાડ" કહેવામાં આવતી હતી તેમની માન્યતા એ હતી કે સ્ત્રી શૈતાનથી વધુ નાપાક હોય છે અને તેઓ તેને ફિતરી તૌર પર અયબદાર, હસદ કરનારી, બદકિરદાર, આવારા તથા ખરાબ બોલીવાળી ખયાલ કરતા હતા. *(ઉપર મુજબ)*

## ★ ઈરાનીઓના હાલાત ★

સંસ્કાર તથા સંસ્કૃતિના પ્રારંભિક કેન્દ્રોમાંથી દક્ષિણ પશ્ચિમ ઈરાનનો ઈલાકો ખાસ મહત્વ ધરાવતો હતો. ઈરાની અખાતથી મળેલો આ ઈલાકો પૂરાણા જમાનામાં અલામના નામથી મશ્હૂર હતો. ઈસ્લામના ઝહૂર વખતે ઈરાન પોતાના લશ્કર તથા સંસ્કૃતિના એતબારથી સુપર પાવર માનવામાં આવતુ હતુ.

ઈસ્લામના આગમનના થોડાક અગાઉ જેહાલતની જે આંધી દુનિયામાં ચાલી હતી તેનાથી ઈરાન પણ મેહફૂઝ ન રહી શક્યું. તેના અખ્લાક઼ી પાયાઓ હચમચી ગયા હતા. વૈચારિક તથા માન્યતાની દષ્ટિએ પડતી તથા અધોગતિ ઈરાનીઓના વિચારો પર સવાર થઈ હતી. છટ્ઠી સદી ઈસ્વીમાં બેહરામ ઈરાનનો હાકિમ હતો તેણે પોતાની બહેનની સાથે જ પતિ પત્નીનો સંબંધ સ્થાપી રાખ્યો હતો.

અલ્લામા ઈબ્ને જરીર લખે છે :–

كَانَتْ لِبَهْرَامَ اُخْتٌ يُقَالُ لَهَا كُرْدِيَةُ مِنْ اَتَمِّ النِّسَآءِ وَاَكْمَلِهِنَّ وَكَانَ تَزَوَّجَهَا۔

"બેહરામની એક બહેન હતી જેનું નામ કુરદિયહ હતું જે ઘણી જ સુંદર તથા કામિલતરીન હતી. તેણે એ તેણી સાથે શાદી કરી લીધી હતી."

*–(તારીખે તબરી, ૨/૭૮)*

મઝદક બાદશાહના સંબંધે રિવાયત થયેલ છે :–

وَكَانَ مَزْدَكُ يَنْهَى النَّاسَ عَنِ الْمُخَالَفَةِ وَالْمُبَاغَضَةِ وَالْقِتَالِ وَلَمَّا كَانَ اَكْثَرُ ذٰلِكَ اِنَّمَا يَقَعُ بِسَبَبِ النِّسَآءِ وَالْاَمْوَالِ اَحَلَّ النِّسَآءَ وَاَبَاحَ الْاَمْوَالَ وَجَعَلَ لِلنَّاسِ شِرْكَةً فِيْهِمَا كَاشْتِرَاكِهِمْ فِى الْمَاءِ وَالنَّارِ وَالْكَلَاِ۔

"મઝદક લોકોને આપસમાં ઝઘડા, લડાઈ, એક બીજાથી અદાવત રાખવી તથા લડાઈ ઝઘડાથી મનાઈ કરતો હતો. તેણે જોયું કે આ ચીજો અધિકતર સ્ત્રીઓ તથા માલોના કારણ થાય છે તો તેણે સર્વ સ્ત્રીઓને સર્વના માટે હલાલ ઠરાવી દીધી અને સૌના માલોને સૌના માટે મુબાહ ઠરાવી દીધા. સ્ત્રીઓ તથા માલોમાં લોકોના માટે એ પ્રમાણે ભાગીદારી લાગુ કરી દીધી જેમ કે પાણી, આગ અને ઘાસમાં લોકોની ભાગીદારી હોય છે.

એનું પરિણામ શું આવ્યું એના સંબંધે અલ્લામા તબરી લખે છે,

حَتّٰى كَانُوْا يَدْخُلُوْنَ عَلَى الرَّجُلِ فِىْ دَارِهٖ فَيَغْلِبُوْنَهٗ عَلٰى مَنْزِلِهٖ وَنِسَآئِهٖ وَاَمْوَالِهٖ لَا يَسْتَطِيْعُ الْاِمْتِنَاعَ مِنْهُمْ۔

"ત્યાં સુધી કે તેઓ કોઈના પણ ઘરમાં ઘુસી જતા, તેના માલ તથા તેની પત્ની પર કબજો કરી લેતા, અને તે તેમને રોકી શકતો ન હતો."

ઐયાશી તથા બદમસ્ત (નાલાયક) લોકોએ મઝદકની ચળવળને ખૂબ ઉપર ઉઠાવી, એટલા માટે કે આ ચળવળને સરકારી સરપરસ્તી પણ હાંસલ હતી.

## ★ હિંદુસ્તાનના હાલાત ★

હિંદુસ્તાન પણ સંસ્કારિક કક્ષાએ અધોગતિનો શિકાર હતું. હિંદુસ્તાનમાં હિંદુમતે બુધ્ધમતને પોતાનામાં સામેલ કરી લીધો અને પોતાની જન્મભૂમિથી બુધ્ધમતનુ નામો નિશાન નષ્ટ થઈ ગયું. બુધ્ધમત પર હિંદુમત એટલા હદે ગાલિબ આવી (સવાર થઈ) ચૂક્યો હતો કે બુધ્ધના દેશની સ્થિતિ પણ ઈર્ષા થાય તેવી ન હતી. તેમની પાસે ન કોઈ રાજનૈતિક બંધારણ હતું અને ન કોઈ ઈલ્મી વારસો. એ લોકો મૂર્તિપૂજા તરફ વળેલા હતા. હિંદુસ્તાન જાતપાતની હદબંદીઓ (ભેદભાવો)માં જકડાએલ હતું અને અમાનવીય આધાર પર માનવોને ચાર વર્ગોમાં વહેંચી કાઢવામામાં આવ્યા હતા.

બ્રાહમણનું હાકિમપણુ સ્થાપ્વા માટે દરેક નાજાઈઝ કૃત્યને જાઈઝ ઠરાવી દેવામાં આવ્યું હતું અને બ્રાહમણ સામ્રાજ્યની પકડ સમાજ પર એટલી મજબૂત હતી કે બ્રાહમણોની મરજી વિરૂધ્ધ હુકમરાન (હાકિમ) પણ કોઈ કદમ ઉઠાવી શકતો ન હતો. વાસનામય (સેક્સ સંબંધી) ઈચ્છાઓ તથા હવસને લગતી ભાવનાઓ ઉશ્કેરવાવાળા તત્વો જેટલા પ્રમાણમાં હિદુસ્તાનની પૂરાણી સંસ્કૃતિમાં હતા એટલા કોઈ બીજા દેશમાં જોવા મળતા ન હતા. બ્રાહમની સામ્રાજ્યમાં સ્ત્રી અતિશય તકલીફના દિવસો પસાર કરી રહી હતી. મૃત્યુ પામનાર પતિની સાથે તેણે પણ સળગી મરવાનુ (સતિ થવાનુ) રહેતુ અથવા આખુ જીવન વિધવા તરીકે જીવીને પસાર કરતી અને તેણીએ આખુ જીવન મહેણા ટોણા સાંભળીને પસાર કરવુ પડતું. જેહાલત (અજ્ઞાપાલન) તથા વહેમ પરસ્તીએ માનવ દિમાગોને પોતાની પકડમાં લઈ રાખેલાં હતાં.

બુધ્ધ ધર્મના ખત્મ થયા બાદ હિંદુસ્તાની કેટલાય ફિર્કાઓ (ગૃપો)માં વહેંચાય ગયા અને દેશભરમાં સેંકડો દેવતાઓની પૂજા થવા લાગી. કોઈ

વીજળી તથા પાણીને પૂજતો, કોઈ ઈંટો તથા પથ્થરોને ખુદા માનતો. આ દેશના માનવો ચાર વર્ગોમાં વહેંચાયેલ હતા : બ્રાહમણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર. શુદ્રોની સાથે અતિશય અમાનવીય વર્તાવ કરવામાં આવતો હતો. કોઈ શુદ્રને બ્રાહમણના ઘાટ (કૂવે)થી પાણી પીવાનો હક્ક હાંસલ ન હતો. દારૂ, જૂગાર તથા બદકારીને ધર્મનો લિબાસ પહેરાવી દેવામાં આવ્યો હતો.

*–(ઝિયાઉન્નબી ﷺ માંથી)*

## ★ રોમીઓના હાલાત ★

રોમી સલ્તનત પોતાના સમયની બીજી સુપર પાવર સત્તા હતી. એ પોતાના સમયમાં દુનિયાની સૌથી મોટી હુકૂમત હતી જે રોમના સમુદ્રના ચારેવ બાજુ ત્રણ મહાખંડો પર ફેલાયેલી હતી. રોમી એક જાનદાર તથા શાનદાર સંસ્કૃતિના વારસ હતા. કલા કારીગરી તથા હુન્નરમાં પણ રોમીઓ અજોડ હતા, અને સાચા અર્થમાં એક સુપર પાવર હતા. રોમી યૂનાની સંસ્કૃતિના કલ્ચરથી પ્રભાવિત હતા. રોમીઓએ સ્થાનિક સંસ્કૃતિઓના મેળાપથી એક નવા કલ્ચરનો પાયો નાખ્યો પણ અખ્લાક઼ી તથા ક઼ૌમી કક્ષાએ રોમી સંસ્કૃતિ અધોગતિનો શિકાર હતી.

## ★ અરબવાસીઓના હાલાત ★

અરબસ્તાનની હાલત દુનિયાના સર્વ દેશો કરતાં બદતરીન હતી. હિજાઝવાસીઓ ધાર્મિક એતબારથી પોતાના સંબંધને હઝરત ઈબ્રાહીમ عليه السلام સાથે ગર્વભેર સંબંધિત કરતા. આમ તો હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلامના ધર્મની કેટલીક રસમો અરબોમાં રિવાજ પામેલ હતી. એ અલગ વાત છે કે એ રસમોની શકલો વિકૃત થઈ ચૂકી હતી અને એમાં તબદીલી આવી ગઈ હતી. દા.ત. મિલ્લતે ઈબ્રાહીમીની જેમ એ લોકો પણ હજ કરતા હતા પરંતુ નગ્ન થઈને ! એમની જેમ આ લોકો પણ કુર્બાની આપતા, મહેમાન નવાઝી અને વાયદાના પાલનમાં પણ અજોડ હતા. તદ્ ઉપરાંત કેટલીક અન્ય અચ્છાઈઓ પણ અરબોમાં હતી, પરંતુ જો એમનામાં રહેલી બુરાઈઓ પર નજર કરવામાં આવે તો અચ્છાઈઓ તદ્દન નહિવત જણાશે.

બદકારી, ઝિનાકારી તથા અન્ય દુષ્કૃત્યો પર શર્મિંદા થવાને બદલે ગર્વ લેતા હતા અને શેઅરો થકી તેને મશહૂર કરતા, શરાબનોશી તથા અન્ય નશીલી ચીજો એમનામાં આમ હતી એને કોઈ અયબની નજરે જોતું ન હતું. બાંદીઓ તથા લોંડીઓને નાચગાનના માટે રાખવામાં આવતી હતી તેમના થકી વ્યભિચારનો કારોબાર ચાલતો હતો અને આવક તેમના માલિક લઈ લેતા હતા. સ્ત્રીઓ તથા બાળકો પોતાનાં મા બાપના વારસાથી સદંતર વંચિત હતાં. કેવળ બાલિગ પુરૂષોને જ વારસદાર ગણવામાં આવતા હતા.

જો કોઈનો પતિ મૃત્યુ પામતો તો તેના પર તેનો કોઈ પણ નજીકનો સગો ત્યાં સુધી કે ખુદ તેનો સૌતેલો પુત્ર હક્ક઼ જમાવીને પોતાના પત્નીપણામાં સામેલ કરી લેતો, અને એમાં સ્ત્રીના રાજીપણાને જરાય ગણત્રીમાં લેવામાં ન આવતુ. બેપર્દગી અને અંગ પ્રદર્શન આખા સમાજમાં સામાન્ય ચીજ હતી. ઘણી જ બેહયાઈ સાથે સ્ત્રીઓ પોતાના શરીરનુ પ્રદર્શન કરતી. શરીફ ખાનદાનોનો હાલ એ હતો કે પોતાની પુત્રીઓને જીવતી જમીનમાં દફન કરી દેતા અથવા ઊંડા કૂવાઓમાં ધકેલીને મારી નાખતા હતા, એના પર ફખ્ર પણ કરવામાં આવતો અને એને શરાફત પણ સમજવામાં આવતું ! જૂગાર રમવું એ એમનો પ્રિય ધંધો હતો અને ઠેક ઠેકાણે જૂગારની કલબો મૌજૂદ હતી. વહેમ પરસ્તી તથા નાપાક રૂહોની માન્યતા આમ હતી.

કેટલાયે કાલ્પનિક દેવી દેવતાઓ બનાવવામાં આવ્યા હતા, તેમની ચિત્ર વિચિત્ર પ્રકારની સૂરતો તથા શકલો નક્કી કરવામાં આવતી અને એના જ જેવી મૂર્તિઓ બનાવવામાં આવતી. દરેક કબીલાની લગભગ પોતપોતાની એક મૂર્તિ હતી. લગભગ આખુ અરબસ્તાન મૂર્તિપૂજાનું શિકાર હતું. મૂર્તિઓને સજદા કરવામાં આવતા હતા, એમનાથી મન્નતો માનવામાં આવતી, તેમના માટે ઊંટ, ગાય, બકરી વગેરેની કુર્બાનીઓ પેશ કરવામાં આવતી, હુબલ, વુદ, સુવાઅ, યગૂષ, યઊક઼, નસ્ર, લાત, મનાત, ઉઝ્ઝા, દવાર, અસાફ, નાઈલા, અબઅબ અને એના જેવી સેંકડો મૂર્તિઓને અરબવાસીઓ પોતાનો ખુદા માનતા હતા.

મામૂલી મામૂલી વાતો પર જંગો છેડાઈ જતી અને વર્ષો સુધી એકબીજાનું લોહી વહાવવામાં આવતું. એકવાર જંગ છેડાઈ ગઈ તો કેટલીયે નસલો સુધી એની અસર બાકી રહેતી. વંશ તથા ખાનદાન પર ખૂબ જ ઘમંડ કરવામાં આવતો, દરેક ક઼બીલો બીજા ક઼બીલાને નીચ તથા હલકો સમજતો, અને એકબીજાને બેઈજ્જત કરવાની કોશિશમાં લાગેલો રહેતો. ખૈબરમાં આબાદ યહૂદી તથા નસારા જો કે પોતે પોતાને અહલે કિતાબ કહેતા હતા પરંતુ એમની હાલત અન્ય અરબો કરતાં અધિક વિરોધાભાસી હતી. *(માખઝ અઝ સીરતે ઝિયાઉન્નબી ﷺ)*

આ દુનિયાની મશ્હૂર ક઼ૌમના હાલાત હતા. તેના સિવાય અનેક ક઼ૌમો તથા સંસ્કૃતિઓ દુનિયામાં મૌજૂદ હતી જેમનામાં આવારગી તથા જુલ્મ તથા જબરદસ્તીને ક઼ાનૂની હૈષિયત હાંસલ હતી. આવા સંજોગોમાં દુનિયાને કુફ્ર તથા ગુમરાહી અને જુલ્મ તથા જબરદસ્તીના ઘોર તથા ગાઢ અંધકારમાંથી બહાર કાઢવાના માટે અમ્નો અમાનનો માહોલ દુનિયામાં સ્થાપિત કરવા માટે અને પૂરી કાઈનાતને એકબીજા સાથે જોડવા માટે રઊફો રહીમ ખુદાએ પોતાના રઊફો રહીમ નબી ﷺને મબ્ઊષ કર્યા.

**જહાં તારીક થા ઝુલ્મત કદા થા સખ્ત કાલા થા**
**કોઈ પર્દેસે કયા નિકલા કે ઘર ઘરમેં ઉજાલા થા**

આપે તે મહાન ક્રાંતિ સર્જી કે જેની નૂરાની અસરોથી આખી દુનિયા, ખાસ કરીને અરબસ્તાનથી બુરાઈ તથા બદઅમલીનો દૌર તેના અંજામે પહોંચ્યો અને ગુમરાહી તથા બેદીની પર રોક લાગી ગઈ.

અલ્લાહ તબારક વ તઆલાએ એનો ઝિક્ર આ પ્રમાણે ફર્માવ્યો :

اَلَّذِيْنَ يَتَّبِعُوْنَ الرَّسُوْلَ النَّبِيَّ الْاُمِّيَّ الَّذِيْ يَجِدُوْنَهٗ مَكْتُوْبًا عِنْدَهُمْ فِي التَّوْرٰىةِ وَالْاِنْجِيْلِ ۡ يَاْمُرُهُمْ بِالْمَعْرُوْفِ وَيَنْهٰىهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ وَيَضَعُ عَنْهُمْ اِصْرَهُمْ وَالْاَغْلٰلَ الَّتِيْ كَانَتْ عَلَيْهِمْ ؕ فَالَّذِيْنَ اٰمَنُوْا بِهٖ وَعَزَّرُوْهُ وَنَصَرُوْهُ وَاتَّبَعُوا النُّوْرَ الَّذِيْٓ اُنْزِلَ مَعَهٗٓ ۙ اُولٰٓئِكَ هُمُ الْمُفْلِحُوْنَ ○

''તે જેઓ ગુલામી કરશે તે વિના પઢેલા ગયબની ખબર આપનાર રસૂલની, જેને લખેલુ પામશે પોતાની પાસે તૌરાત તથા ઈન્જીલમાં, તે તેમને ભલાઈનો હુકમ આપશે અને બુરાઈથી મના કરશે અને સુથરી ચીજો એમના માટે હલાલ કરશે અને ગંદી ચીજો એમના પર હરામ કરશે. અને તેમના પરથી તે બોજ તથા ગળાના ફંદા જે એમના પર હતા તે ઉતારશે. તો તે જેઓ એના પર ઈમાન લાવે અને એની તાઝીમ કરે અને તેની મદદ કરે અને એ નૂરની પયરવી કરે જે એની સાથે ઉતર્યું તેઓ જ મુરાદને પામ્યા.

*–(સૂ. અઅરાફ, આ. ૧૭૫, કન્ઝુલ ઈમાન)*

...પ્રકરણ : ૬

## હુઝૂર ﷺ સર્વ મખ્લૂકાત માટે અમ્નના જામિન

આકાએ કૌનેન મુહમ્મદે અરબી ﷺની દુનિયામાં જલ્વાગરી (આગમન) એવા માહોલમાં થઈ હતી જ્યારે દુનિયામાં અમ્ન તથા સુકૂન કેવળ શબ્દની હૈષિયતથી બાકી રહી ગયાં હતાં, એની હકીકત તદ્દન ખત્મ થઈ ગઈ હતી. જમાનાના હાલાત એ વાતનો તકાઝો કરી રહ્યા હતા કે કોઈ આવે જે એમના દર્દનો ઈલાજ બને, તેમનાં દિલોને દિલાસા આપે, કમજોરોનો હાલ પૂછનાર બને, મઝલૂમોને હક્કો અપાવનારો હોય, અને જુલ્મ તથા જબરદસ્તીના સાયામાં જિંદગીના દિવસ રાત ગુજારવાવાળાઓના માટે અમ્નનો ઝંડાધારી બને. સમય તથા સંજોગોના આ તકાઝાને પૂર્ણ કરવાના માટે જે જાતની જલ્વાગરી થઈ તે સરવરે કાઈનાત ﷺની ઝાતે ગિરામી છે.

કુર્આને મુકદ્દસમાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના રસૂલ ﷺને પૂરી કાઈનાતના માટે રહમતુલ્ લિલ આલમીન ઠરાવ્યા છે. ઈર્શાદે રબ્બાની છે :–

وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ○ ''અને અમે તમને નથી મોકલ્યા પણ રહમત આખા જહાનના માટે. *(સૂ. અંબિયા, આ. ૧૦૭, કન્ઝુલ ઈમાન)*

એ જ રહમતનું પરિણામ હતું કે ૨૩ વરસોની ટૂંકી મુદ્દતમાં આ શમ્એ રિસાલતની આસપાસ પરવાનાઓની ભીડ લાગી લઈ અને રંગ તથા વંશની જંઝીરોને તોડીને લોકો તેમની આસપાસ એકત્ર થઈ ગયા.

કુર્આને મુકદ્દસે ઈર્શાદ ફર્માવ્યો :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ ص فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ وَشَاوِرْهُمْ فِى الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۔

"તો કેવી કાંઈ અલ્લાહની મહેરબાની છે કે હે મેહબૂબ ! તમે એમના માટે નરમ દિલ બન્યા, અને જો તુંડમિજાજી સખ્ત દિલ હોત તો તેઓ જરૂર તમારા આસપાસથી પરેશાન થઈ જાત. તો તમે એમને માફ ફર્માવો અને તેમની શફાઅત કરો અને કામોમાં તેમનાથી મશ્વરો લો. અને જે કોઈ વાતનો ઈરાદો પાકો કરી લો તો અલ્લાહ પર ભરોસો કરો.

*–(સૂ. આલે ઈમરાન, આ. ૧૫૯, કન્ઝુલ ઈમાન)*

આ આયતોથી જાણવા મળ્યું કે અલ્લાહના રસૂલ ﷺ સરાપા રહમત હતા. સજા આપવું તો દૂરની વાત, ધમકાવવું કે તતડાવવું કે કડક વાકબાણોનો શબ્દ પણ ન કહેવું બલ્કે લુત્ફો કરમ અને મહોબ્બત તથા પ્રેમભાવથી પેશ આવવું કેવળ રહમતે ઈલાહીની જલ્વાનુમાઈ (પ્રદર્શન) જ તો હતી જેના વડે તેણે પોતાના મહબૂબને સજાવ્યો હતો. જો હુઝૂર ﷺનો હોસલો આટલો વિશાળ, રહમત આટલી આમ અને દરગુઝર તથા સહન શક્તિ આટલી ભરપુર ન હોત તો હક્ક઼ની તલાશ કરનારાઓની આટલી ભીડ શાથી થતી ?! લોકોથી કુસૂર થઈ જતો તો કેટલાક શરમના માર્યા અને કેટલાક ડરના માર્યા દૂર ભાગી જતા. વળી કરમ પર કરમ એ કે હક્ક઼ તઆલાએ અતિશય અજીબો ગરીબ તરીક઼ામાં તેમની સિફારિશ કરી. પોતાના રસૂલ ﷺને ફર્માવ્યું કે તેમનાથી જે ગલતી થઈ છે તેને ખુદ પણ માફ કરી દો અને મારી બારગાહમાં શફાઅત કરો કે હું પણ તેમનાથી રાજી થઈ જાઉં. સુબ્હાનલ્લાહ ! શું શાન છે સહાબાએ કિરામની ! અને કેટલો બુલંદ મક઼ામ છે કે તેમના નબીયે મુકર્રમ ﷺનો ! અને શું કહેવું મૌલાએ કરીમની રહમતનું ! જે એણે પોતાના મહબૂબ તથા એમના થકી પોતાની સર્વ મખ્લૂક઼ પર કરી. *(ઝિયાઉલ કુર્આન)*

ખાલિકે કાઈનાતની નજરમાં રહમતનું એટલા પ્રમાણમાં મહત્વ છે કે તેણે આ સિફતથી સંબંધિત થવા અને જુલ્મ તથા જોરથી દૂર રહેવા વારંવાર આકર્ષિત કરેલ છે. એ જ પ્રમાણે આપસમાં હમદર્દી તથા મહેરબાની કરનારાઓને અનહદ બશારતોથી નવાઝયા છે.

થોડાક દષ્ટાંતો જોઈ લઈએ :

## ★ ઈસ્લામમાં કોઈ જબરદસ્તી નથી ★

ઈતિહાસમાં એ જ જોવા મળે છે કે જયારે પણ કોઈ કૌમે પ્રભુત્વ તથા સરસાઈ મેળવી છે તો પોતાના નીતિ નિયમો તથા પોતાના રસ્મો રિવાજ મનાવવા માટે લોકો પર જબરદસ્તી કરી છે. જેણે મને કમને માન્યુ છે તેને જાનની અમાન મળી છે, પણ તેની પૂરી જિંદગી બલ્કે તેની કેટ કેટલી નસલોની જિંદગી જુલ્મી નીતિ નિયમોના પાલનમાં તબાહ તથા બર્બાદ થઈ ગઈ. કેવળ મઝહબે ઈસ્લામ છે કે જેના નિયમમાં આ પ્રમાણે છે :

لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ''કાંઈ જબરદસ્તી નથી દીનમાં બેશક઼ ! ખૂબ જુદા થઈ ગઈ છે નેક રાહ ગુમરાહીથી.''

*–(સૂ. બક઼રહ, આ. ૨૫૬)*

ઈસ્લામના પૂરા ઈતિહાસમાં તલ્વારના જોર પર કદી તબ્લીગ નથી કરવામાં આવી, પ્રારંભિક ઈસ્લામથી આજ સુધી ઈસ્લામમાં દાખલ થનારાઓ માટે એ જ સબબ બન્યો કે તેમણે ઈસ્લામના એહસાનો સમજ્યાં, પછી એ જોયું કે ઈસ્લામથી બેહતર કોઈ દીન હોઈ જ નથી શકતો.

## ★ ઈસ્લામની તબ્લીગમાં હિકમત તથા સારી નસીહતો ★

સૈયદે આલમ દાઈએ બરહક઼્ક઼ ﷺને જેવી રીતે અહકામની તાલીમ આપવામાં આવી એવી જ રીતે આ ઉસૂલ પણ ઈસ્લામની તબ્લીગના માટે બનાવી દેવામાં આવ્યો :–

اُدْعُ اِلٰى سَبِيْلِ رَبِّكَ بِالْحِكْمَةِ وَالْمَوْعِظَةِ الْحَسَنَةِ وَجَادِلْهُمْ بِالَّتِىْ هِىَ اَحْسَنُ

''તમારા રબની રાહની તરફ બોલાવો પાકી તદબીર તથા સારી નસીહતથી અને તેમની સાથે એ પધ્ધતિથી બહષ કરો જે સૌથી બેહતર હોય. *(સૂ. નહ્લ, આ. ૧૨૫, કન્ઝુલ ઈમાન)*

પાકી તદબીરથી તે મોહકમ (મજબૂત) દલીલ મુરાદ છે જે હક઼્ક઼ને સ્પષ્ટ કરે અને શંકાઓનું નિવારણ કરે, અને સારી નસીહતથી પ્રોત્સાહિત

કરવું તથા આકર્ષવું મુરાદ છે. બેહતર તરીક઼ાથી મુરાદ એ છે કે અલ્લાહ તઆલાની તરફ તેની આયતો તથા દલીલોથી બોલાવે.

## ★ બાતિલોના મઅબૂદોને પણ બુરુ ભલુ કહેવાની મનાઈ ★

મજબૂત દલીલોથી એ વાત બિલ્કુલ સાબિત થઈ ચૂકી હતી કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી, તેમ છતાં દુનિયામાં હજારો લોકો હતા જેઓ બાતિલ મઅબૂદોની પૂજામાં લાગેલા હતા. તબ્લીગના નિયમોમાંથી એક નિયમ આ પણ હતો :–

وَلَا تَسُبُّوا الَّذِيْنَ يَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰهِ فَيَسُبُّوا اللّٰهَ عَدْوًاۢ بِغَيْرِ عِلْمٍ ۔

''અને તેમને ગાળ ન આપો જેમને તેઓ અલ્લાહના સિવાય પૂજે છે, તેઓ અલ્લાહની શાનમાં બેઅદબી કરશે જુલ્મ તથા જેહાલતથી.''

*–(સૂ. અન્આમ, આ. ૧૦૮, કન્ઝુલ ઈમાન)*

એટલા માટે કે માણસ જેનાથી અક઼ીદત રાખે છે ભલે તે હક્ક઼ પર ન હોય છતાં પણ તેની બુરાઈ સહન નથી કરી શકતો. પરિણામે ઉશ્કેરણી થાય છે અને અમ્નો સુકૂન બર્બાદ થઈ જાય છે. એટલા માટે મુસલમાનોને મના કરવામાં આવેલ છે કે કાફિરોના બાતિલ મઅબૂદોને બુરુ ભલુ ન કહો.

## ★ મુસલમાન તે જ છે જે અમ્નો સલામતીનો ઝંડાધારી છે ★

એ જ કારણે ઈસ્લામના પાયાના ઉસૂલોમાં સૈયદે આલમ ﷺએ અમ્નો સલામતીને સામેલ ફર્માવેલ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદ આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

اَلْمُسْلِمُ مَنْ سَلِمَ الْمُسْلِمُوْنَ مِنْ لِّسَانِهٖ وَيَدِهٖ ''મુસ્લિમ તે છે જેની જીભ તથા હાથથી બીજા મુસલમાન સલામત રહે. *(સહીહ બુખારી, ૧/૧૧)*

## ★ મોમિન કોણ છે ? ★

એ જ પ્રમાણે મુબારક હદીષોમાં મોમિનની જે વ્યાખ્યા વર્ણવવામાં

આવી છે, એક હદીષમાં એના શબ્દો આ પ્રમાણે છે :

اَلْمُؤْمِنُ مَنْ اَمِنَهُ النَّاسُ عَلٰى اَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ۔ "મોમિન તે છે જેનાથી લોકો પોતાના માલો તથા જાનોને સુરક્ષિત સમજે."

*–(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૯૮)*

જાણવા મળ્યું કે મોમિન કદી કોઈની જાન તથા માલ નાહક઼ લઈ જ નથી શકતો. આ હદીષથી એ પરિણામ પણ આસાનીની સાથે કાઢી શકાય છે કે જે શખ્સ કોઈને નાહક્ક઼ ક઼ત્લ કરે, કોઈને નુકસાન પહોંચાડે, કોઈનો માલ પચાવી પાડે અથવા તેનાથી લોકો પોતાની જાન અથવા પોતાના માલને મેહફૂઝ ન સમજે હક઼ીક઼તમાં મોમિનાના ગુણો તેનામાં છે જ નથી.

## ★ જમીનવાળાઓ પર રહમ કરો ★

કહે છે ! કર ભલા તો હો ભલા. આ જ ભાવાર્થ હદીષે પાકના આ શબ્દો વડે અદા થાય છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી મરવી છે કે આક઼ાએ કરીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : اِرْحَمْ مَنْ فِى الْاَرْضِ يَرْحَمْكَ مَنْ فِى السَّمَاءِ۔ એની તર્જુમાની એક શાઈરે આ શબ્દોમાં કરી છે :–

**કરો મહરબાની તુમ અહલે ઝમીં પર**
**ખુદા મહરબાં હોગા અર્શે બરીં પર**

જાણવા મળ્યું કે અલ્લાહની મખ્લૂક઼ની સાથે નરમી તથા મહેરબાની કરવી એ રહમતે ઈલાહીને પોતાના તરફ ધ્યાનિત કરનારો અમલ છે. આ જ વિષયની એક રિવાયત સહીહુલ બુખારીમાં પણ છે. હઝરત ઓસામા બિન ઝયદ رضی اللہ عنہ એ રિવાયત કરી છે કે આક઼ાએ રઊફો રહીમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : اِنَّمَا يَرْحَمُ اللّٰهُ مِنْ عِبَادِهِ الرُّحَمَاءَ۔ "અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાંથી રહમ કરનારાઓ પર મહેરબાની કરે છે." *(૨/૭૯)*

જાણવા મળ્યું કે જો ખુદાની રહમતને પોતાના પ્રતિ ધ્યાનિત કરવી છે તો અલ્લાહની મખ્લૂક઼ની સાથે નરમી તથા મહેરબાનીનો વર્તાવ કરવાનું શરૂ કરી દેવું જોઈએ.

## ★ બદનસીબના દિલમાં રહમ તથા પ્રેમભાવ નથી હોય શકતો ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે :–

سَمِعْتُ اَبَا الْقَاسِمِ الصَّادِقَ الْمَصْدُوْقَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ صَاحِبَ هٰذِهِ الْحُجْرَةِ يَقُوْلُ: لَا تُنْزَعُ الرَّحْمَةُ اِلَّا مِنْ شَقِيٍّ۔

"મેં સાચા તથા સમર્થન પામેલા આ હુજરા મુક઼દસાવાળા અબુલ ક઼ાસિમ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે કેવળ બદબખ્તના દિલથી રહમ ઉઠાવી લેવામાં આવે છે." *(સુનને અબૂ દાઊદ, ૪/૨૮૬)*

જ્યારે દિલથી રહમનો માદ્દો ઉઠાવી લેવામાં આવે છે તો પછી તેમાં સંકૂચિતપણુ ભરાય જાય છે. તે શખ્સ સંકૂચિત દષ્ટિવાળો થઈ જાય છે, અને તેની તબીઅત સખ્ત થઈ જાય છે જેના પરિણામે તેનાથી જુલ્મ થવા લાગે છે.

ઈસ્લામની રહમતની તાલીમ તો એ છે કે એક શખ્સ પોતાના ભાઈની મુસીબતને પોતાની મુસીબત સમજે અને તેની ખુશીને પોતાની ખુશી સમજે. જેની અંદર આ ખૂબી પેદા થઈ ગઈ અલ્લાહ તઆલા તેના માટે પૂરતો થઈ ગયો. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : وَاللّٰهُ فِي عَوْنِ الْعَبْدِ مَا كَانَ الْعَبْدُ فِي عَوْنِ اَخِيْهِ۔ "જ્યાં સુધી બંદો પોતાના ભાઈની મદદમાં રહે છે તો અલ્લાહ પણ તેની મદદમાં રહે છે." *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૭૪)*

## ★ નાહક્ક઼ ક઼ત્લ ઈસ્લામી તાલીમાતની વિરૂધ્ધ છે ★

જમીન પર બદમાશી, ફિત્ના ફસાદ, કોઈને નાહક્ક઼ ક઼ત્લ કરવું અને તબાહી મચાવવી ઈસ્લામની નજરમાં હર હાલમાં વખોડવાને પાત્ર છે. કુર્આની આયતોમાં ઠેક ઠેકાણે આ વાતોની બુરાઈ વર્ણવવામાં આવી છે. આવનારા પૃષ્ઠોમાં એ આયતોની વિગતનો આપ અભ્યાસ કરશો. અહીં એક આયત વર્ણવવામાં આવી રહી છે જેનાથી એ વાત સ્પષ્ટ થઈ જશે.

مَنْ قَتَلَ نَفْسًا بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِى الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيْعًا ۔

"જેણે કોઈ જાન કત્લ કરી જાનના બદલા વિના અથવા જમીન પર ફસાદ કરવા, તો જાણે તેણે સર્વ લોકોને કત્લ કર્યા.

*–(સૂ. માઈદા, આ.૩૨, કન્ઝુલ ઈમાન)*

આ આયતથી જાણવા મળ્યું કે ઈસ્લામમાં નાહક્ક્ કત્લની કોઈ ગુંજાઈશ નથી. બલ્કે કોઈ એક માણસના નાહક્ક્ કત્લને કુર્આને પૂરી માનવજાતના કત્લ બરાબર દર્શાવેલ છે.

## ★ તે રહમતે ઈલાહીને પાત્ર નથી થઈ શકતો ★

એથી ઉલ્ટુ જે મખ્લૂકે ખુદા પર રહમ નથી કરતો તે રહમતે ઈલાહીને પાત્ર નથી થઈ શકતો. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણન કરે છે :

"રસૂલુલ્લાહ ﷺએ હઝરત ઈમામ હસન ઈબ્ને અલી رضی اللہ عنہما ને બોસો આપ્યો, એ વખતે આપની પાસે અક્રઅ બિન જાબિસ તમીમી બેઠેલા હતા. આપે કહ્યું કે મારા દસ પુત્રો છે પણ મેં એમનામાંથી કોઈને પણ કદી બોસો નથી આપ્યો. આ સાંભળીને નબી અકરમ ﷺએ તેમની તરફ જોયું અને ફર્માવ્યું, જે બીજાઓ પર રહમ નથી કરતો તેના પર પણ રહમ નથી કરવામાં આવતી. *(સહીહુલ બુખારી, ૮/૭)*

## ★ બની આદમ આ'ઝાએ યક દીગરન્દ ★

અસલમાં આ હેડિંગ હઝરત શયખ સઅદી શીરાઝીના એક શેઅરની કડી છે. એનો મતલબ છે, માનવી એકબીજાનાં અંગોની જેમ છે. આ પયગામ હદીષે પાકમાં આ શબ્દોમાં આપવામાં આવ્યો છે. હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَثَلُ الْمُؤْمِنِيْنَ فِىْ تَوَادِّهِمْ، وَتَرَاحُمِهِمْ، وَتَعَاطُفِهِمْ مَثَلُ الْجَسَدِ اِذَا اشْتَكٰى مِنْهُ

عُضْوٌ تَدَاعٰى لَهٗ سَائِرُ الْجَسَدِ بِالسَّهَرِ وَالْحُمّٰى ۔

"આપસી મહોબ્બત, આપસમાં રહમ અને એકબીજાની સાથે

ભાઈચારગીના મામલામાં મો'મિનોનું દષ્ટાંત શરીરનાં અંગોની જેમ છે કે જો એક અંગને પણ કોઈ તકલીફ પહોંચે તો શરીરનાં સર્વ અંગો તકલીફ તથા તાવ જેવું મેહસૂસ કરે છે.

હઝરત શેખ સઅદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :—

**બની આદમ આ'ઝાએ યક દીગરન્દ – કે દર આફરીનશ ઝયક જૌહરન્દ**

**ચૂ અઝૂએ બદર્દ આવરદ રોઝગાર – દિગર અઝૂહારા નમાનદ ક઼રાર**

(અર્થ) : આદમની ઔલાદ (માનવી) એકબીજાનાં અંગોની જેમ છે કેમ કે એમની પૈદાઈશ એક જ જૌહર (તત્વ)થી થઈ છે. જ્યારે જમાનો કોઈ એક અંગને તકલીફ પહોંચાડે છે તો બીજા અંગોને પણ ચૈન નથી રહી જતો.

## ★ એહસાન જતાવવાની પણ મનાઈ ★

જો કોઈએ કોઈની મદદ કરી દીધી છે તો એના માટે ઈસ્લામે એ જાઈઝ નથી રાખ્યું કે તે એના પર એહસાન જતાવે. બલ્કે કુ઼ર્આને મુક઼દ્દસમાં ફર્માવવામાં આવ્યું કે જો કોઈએ કોઈને સદક઼ો આપ્યો અને પછી એહસાન જતાવી દીધું તો તેનો સદક઼ો બેકાર થઈ જાય છે. કુ઼ર્આનનું ફર્માન જુઓ :

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا۟ لَا تُبْطِلُوا۟ صَدَقَٰتِكُم بِٱلْمَنِّ وَٱلْأَذَىٰ

"હે ઈમાનવાળાઓ ! તમારા સદક઼ા બેકાર ન કરી દો એહસાન ધરીને અને ઈજા આપીને." *(સૂ. બક઼રહ, આ. ૨૬૪)*

આ આયતો તથા રિવાયતોથી એ વાત ખૂબીપૂર્વક સ્પષ્ટ થઈ જાય છે કે આક઼ાએ કૌનો મકાં ﷺ જે દીન લઈને આવ્યા તે પૂરી ઈન્સાનિયતને માટે અમ્નો અમાન અને રહમત તથા પ્રેમ ભાવનો નિમંત્રક છે. આ દીનમાં દિલની સંકૂચિતતાને કોઈ સ્થાન નથી, અને ન તો કોઈ જુલ્મ તથા જબરદસ્તી સહન કરી શકાય છે.

## રહમતે આલમ ﷺની જિંદગીનું રહીમાના પાસુ

જેવી રીતે આપે અમ્નો અમાનનો પયગામ આપ્યો અને જુલ્મ તથા

બળપ્રયોગથી પાક (અલિપ્ત) દુનિયાનુ સ્વરૂપ રચ્યું તેવી જ રીતે આપ પોતે પણ એટલા પ્રમાણમાં રહીમ તથા કરીમ (દયાળુ) હતા કે દુનિયાના અંત સુધી એનું દષ્ટાંત નથી મળી શકતુ. નાનો હોય કે મોટો પોતાનો હોય કે પરાયો દરેક આપના રહીમાના કિરદારથી લાભ પામ્યો અને દરેકને આપની રહમત તથા પ્રેમભાવનો હિસ્સો મળ્યો.

## ★ પોતાનાંઓ સાથે હુઝૂર ﷺની રહમત ★

પોતાનાંઓ સામે રહમત તથા મહેરબાની અસલમાં માનવ પ્રકૃતિમાં છે. અને આપસમાં મહેરબાની તથા રહમદિલી લગભગ દરેક માનવીમાં જોવા મળે છે, પરંતુ પોતાનાંઓની તરફથી જો કાંઈ આમ તેમ થઈ જાય તો એના પર સબ્રના પાત્રનું છલકાય જવું તથા ગુસ્સો પ્રદર્શિત થવો પણ માનવ પ્રકૃતિમાં છે. સરવરે કૌનેન ﷺને અલ્લાહ તઆલાએ એટલા પ્રમાણમાં રહીમ તથા કરીમ બનાવીને મોકલ્યા હતા કે પોતાનાંઓની તરફથી એવા બનાવો બન્યા જે આપના દિલ પર ભારી માલૂમ પડયા અથવા એના કારણે કોઈ પ્રકારનું નુકસાન થયું તો પણ આપે માફી તથા દરગુઝર કર્યું.

એનું મહાન દષ્ટાંત જંગે ઓહદનો બનાવ છે કે જે સહાબીઓને સૈયદે આલમ ﷺએ પહાડની ઉપર નિયુક્ત કર્યા હતા કે ચાહે ગમે તે થઈ જાય પણ અહીંથી ઉતરીને ન આવશો. પછી જ્યારે કાફિરો અવળી પૂઠે ભાગ્યા તો જશ્નનો માહોલ છવાય ગયો અને તેમાં શરીક થવા માટે તે સહાબા પહાડથી નીચે ઉતરી આવ્યા, પરિણામે કાફિરો પહાડની પાછળથી ઘુમીને પાછા આવી ગયા અને પાછળથી હુમ્લો કરી આપ્યો જેના કારણે મુસલમાનોએ ઘણુ નુકસાન વેઠવું પડયું.

આવા સંજોગોમાં જો કોઈ દુનિયવી હાકિમ હોય તો સર્વ નુકસાનના જિમ્મેદાર એ જ લોકોને ઠરાવતો જેમને પહાડથી ઉતરવા માટે મના કર્યું હતું, અને તેમને મુજરિમ ઠરાવીને ઈબ્રતનાક સજાનો હુકમ પણ આપતો.

પણ હુઝૂર સૈયદે આલમ, રહમતે દો આલમ ﷺને અલ્લાહ તબારક વ તઆલા તરફથી જે હુકમ આપવામાં આવી રહ્યો છે તે વિચારવા પાત્ર છે :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ ۖ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ وَشَاوِرْهُمْ فِي الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۗ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِيْنَ ○

"તો કેવી કાંઈ અલ્લાહની મહેરબાની છે કે હે મહબૂબ ! તમે એમના માટે નરમ દિલ બન્યા અને જો તુંડમિજાજી સખ્તદિલ હોત તો તે તમારી આસપાસથી પરેશાન થઈ જાત, તો તમે તેમને માફ ફર્માવો અને તેમની શફાઅત કરો અને કામોમાં એમનાથી મશ્વરો લો. અને જે કોઈ વાતનો ઈરાદો પાકો કરી લો તો અલ્લાહ પર ભરોસો કરો, બેશક઼ ! તવક્કુલવાળા અલ્લાહને પ્યારા છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૫૯, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુક઼દ્દસામાં જેવી રીતે સૈયદે આલમ ﷺની નરમી તથા મુલાયમપણાનું વર્ણન છે કે આપની આસપાસ પરવાનાઓની ભીડ લાગેલી છે તે એટલા માટે છે કે આપ નરમ દિલ તથા મધુવાણીવાળા છો, જો આપ રાજા જેવો ઠાઠમાઠ પ્રદર્શિત કરત અને સમયના બાદશાહો જેવી મોટાઈના જલ્વા દેખાડત તો આસપાસ ભેગા થનારાઓની આ ભીડ ન હોત. એની સાથોસાથ વિચારવાપાત્ર વાત એ છે કે જે હઝરાતે રસૂલે કરીમ ﷺના પહાડ ઉતરવાના મના કરવાને તન્ઝીહી સમજ્યું હતુ અને જીત થઈ એવું ધારીને પહાડથી નીચે ઉતરી આવ્યા હતા તેમના માટે હુઝૂરે અકરમ ﷺને ત્રણ વાતોનો હુકમ ફર્માવવામાં આવ્યો : (૧) એમને માફ કરી દો. (૨) એમના માટે અલ્લાહની બારગાહમાં પણ માફીની ગુઝારિશ કરો. (૩) તેમને પોતાની સાથે મશ્વરામાં શરીક પણ કરો.

મશ્વરો માણસ તેની સાથે કરે છે જે તેનો ઘણો જ નિકટનો અને ભરોસાપાત્ર હોય. આ આયતમાં મશ્વરામાં શરીક કરવાનો હુકમ આપીને જાણે એવું ફર્માવવામાં આવી રહ્યું છે કે તેમને આપની જે નઝદીકી પહેલાં હાંસલ હતી એમાં ખલેલ ન આવવા પામે, બલ્કે હજી પણ તેમને એ જ રીતે નિકટવર્તી બનાવીને રાખો. માફી તથા દરગુઝર અને રહમો કરમનું આવું દષ્ટાંત ક્યાંય મળી શકતુ નથી. એટલા માટે કે દુનિયાવાળાઓનો

દસ્તૂર એ છે કે જો ગલતી માફ પણ કરી આપે છે તો પણ પહેલાં જેવું સ્થાન નથી આપી શકતા.

### ★ દુશ્મનો સાથે હુઝૂર ﷺનો રહમો કરમનો વર્તાવ ★

પયગંબરે અમ્ન ﷺએ પોતાનાંઓની સાથે રહમત તથા પ્રેમભાવની તાલીમ પણ આપી છે અને ખુદ એના પર અમલ પણ કરીને બતાવ્યો છે. એની સાથોસાથ જ્યારે આપણે એમની જિંદગીનો અભ્યાસ કરીએ છીએ તો જે ખાસ વાતનો ભેદ ખુલે છે તે એ છે કે આપે કદાપિ પોતાના કોઈ મહાનથી મહાન દુશ્મનથી પણ અંગત બદલો નથી લીધો. નબુવ્વતના એલાન પછી આપના વિરોધીઓએ આપની સાથે તથા આપના સાથીઓની સાથે જે જાલિમાના વર્તાવ કર્યો હતો તે ઈતિહાસના પૃષ્ઠો પર નોંધાયેલ છે. જુમ્લો સિતમની કઈ રીત છે જે આપ તથા આપના સાથીઓ સાથે અપનાવવામાં નથી આવી. ખુદ રસૂલુલ્લાહ ﷺને ક઼ત્લ કરવાની સાઝિશ રચવામાં આવી અને આપને આપના પ્રિય શહેર મક્કાથી હિજરત કરીને મદીના તબદીલ થવું પડયું.

દુશ્મનો પર ફતહ તથા સરસાઈ પામ્યા બાદ સરવરે કાઈનાત ﷺએ એમની સાથે રહમો કરમનો જે વર્તાવ તથા સુલૂક કર્યો તેની વિગત અગાઉ વર્ણન થઈ ચૂકી છે, મોક઼ાની મુનાસિબતથી ટૂંકમાં ફરી જોતા ચાલીએ.

- ❑ ઈતિહાસ આ બનાવને કદી ભૂલવી નથી શકતો જે તાઈફમાં ઉપસ્થિત થયો હતો. નબી કરીમ ﷺ તાઈફ તશરીફ લઈ ગયા તો ત્યાંના લોકોએ ખૂબ જ બદતમીઝીનું પ્રદર્શન કર્યું. છોકરાઓને આપની પાછળ સતાવવાના હેતુથી લગાડી દીધા, આપના પર પથ્થરોની વર્ષા કરવામાં આવી જેનાથી આપના પગો લોહી લુહાણ થઈ ગયા, પરંતુ આપે તાઈફવાળાઓના હક઼્ક઼માં બર્બાદીની દુઆ નથી કરી. અઝાબનો ફરિશ્તો આપના હુકમની રાહ જોઈ રહ્યો હતો. આપ એક ઈશારો કરત તો તેમને બે પહાડોની વચ્ચે દબાવીને ખત્મ કરી દેવામાં આવત. પરંતુ આપે સહનશીલતા વાપરી. આપને ઉમ્મીદ હતી કે આજે આ લોકો ખુદાના રસૂલને નથી ઓળખી રહ્યા પરંતુ કાલે

એમની ઔલાદ ઈમાન લાવશે.

- ❑ મદીના જતા પહેલાં આપની ખ્વાહિશ હતી કે કા'બામાં દાખલ થઈ જાય. પરંતુ કા'બાનો દરવાજો આપના માટે ખોલવામાં ન આવ્યો, અને કૂંચી ધરાવનારે સખ્તાઈપૂર્વક આપના માટે કા'બાનો દરવાજો ખોલવાથી ઈન્કાર કરી આપ્યો. ફતહે મક્કા પછી કા'બાની કૂંચી આપે એ જ શખ્સને અર્પણ કરી અને ફર્માવ્યું કે જે શખ્સ એનાથી કૂંચી લેશે તે જાલિમ હશે.
- ❑ મક્કામાં આપ વિજયીની શાનથી પ્રવેશી રહ્યા છે, જેમણે જાતજાતની તકલીફો આપને પહોંચાડી હતી. ત્રણ વરસો સુધી શઅબે અબી તાલિબમાં આપને તથા આપના ખાનદાનવાળાઓને કેદ કરી રાખ્યાં હતાં. આર્થિક તથા સામાજિક બોયકોટની તકલીફો વેઠવા માટે આપને મજબૂર કરી દીધા હતા. આજે તે સર્વ દુશ્મનો હાર પામીને સામે ઉભેલા હતા. તેઓ ડરતા હતા કે ન જાણે આજે તેમની સાથે કેવો વર્તાવ થશે ! આપે કોઈ ખૂનરેઝી ન કરી સૌને અમાન આપી, સૌને પનાહ આપી અને સૌને માફ કરી આપ્યા.
- ❑ વહશીએ આપના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہને શહીદ કર્યા હતા. તે એવું વિચારીને મક્કાથી નાસી છૂટયા હતા કે તેમને માફ કરવામાં નહીં આવે. તેમને જ્યારે આપના સદવર્તાવની ખબર મળી તો પાછા આવીને તેમણે પણ આપના દામને રહમતમાં પનાહ લઈ લીધી.
- ❑ હિંદાએ આપના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہની છાતીને ચીરીને તેમના કલેજાને કાઢીને ચાવ્યું હતું. ફતહે મક્કાના પ્રસંગે નિક઼ાબ પહેરીને આપની પાસે આવ્યાં જેથી આપ ઓળખી ન શકે અને તેમને અમાન મળી જાય. આપે તેમને ઓળખી કાઢયાં, માફ કરી દીધાં અને એ દિલને દુઃખ દેનારા બનાવનો ઉલ્લેખ પણ ન કર્યો.
- ❑ સફવાન બિન ઉમૈયા કુરેશોના રઈસોમાંથી હતા અને ઈસ્લામના અતિ સખત દુશ્મનોમાંથી હતા. આ એ જ છે જેમણે ઉમેર બિન વહબને હુઝૂર ﷺના ક઼ત્લ માટે નિયુક્ત કર્યા હતા, અને એવું કરવા

પર એમને એક મોટા ઈનામનો વાયદો કર્યો હતો. મક્કા ફતહ થયું તો નાસીને જિદ્દા જતા રહ્યા અને ત્યાંથી દરિયાઈ માર્ગે યમન જવાનો ઈરાદો કરી રહ્યા હતા. ઉમેર બિન વહબે સૈયદે આલમ ﷺથી અર્ઝ કરી કે સફવાન બિન ઉમૈયા પોતાના ક઼બીલાના રઈસ છે, ડરથી ભાગી ગયા છે. આપે ફર્માવ્યું કે એમને અમાન છે. તેમણે કહ્યું કે અમાનની કોઈ નિશાની આપો જેને જોઈને તેમને વિશ્વાસ થઈ જાય. આપે આપનો અમામો અર્પણ કર્યો. જયારે તે અમામો લઈને સફવાનની પાસે પહોંચ્યા તો સફવાને કહ્યું કે મને ત્યાં જવામાં મારી જાનનો ડર છે. ઉમૈરે કહ્યું, સફવાન ! તમે હજી મુહમ્મદ ﷺની સહનશક્તિ તથા માફીના બારામાં નથી જાણતા ! સફવાન ઉમૈરની સાથે હુઝૂર ﷺની ખિદમતે અક઼દસમાં હાજર થયા અને કહ્યું કે ઉમૈર કહે છે કે આપે મને અમાન આપી છે ! આપે ફર્માવ્યું, સાચું છે ! સફવાને કહ્યું કે મને બે મહિનાની મોહલત આપો. ત્યારબાદ સફવાન સ્વખુશીએ ઈસ્લામમાં દાખલ થઈ ગયા.

❑ ઈકરમા ઈસ્લામના દુશ્મન અબૂ જહલના પુત્ર હતા. એ પણ પોતાના પિતાની જેમ સરવરે કાઈનાત ﷺના સખ્તતરીન દુશ્મન હતા. ફતહે મક્કાના પ્રસંગે ભાગીને યમન ચાલ્યા ગયા તેમની પત્નીએ ઈસ્લામ સ્વીકારી લીધો હતો, તે યમન ગયાં અને ઈકરમાને ઈત્મિનાન અપાવ્યું. ઈકરમા ઈસ્લામ અપનાવી લે છે અને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થાય છે. રસૂલુલ્લાહ ﷺએ જયારે ઈકરમાને જોયા તો ખુશીના આવેશમાં ઉભા થઈ ગયા અને ઝડપથી ઈકરમાની તરફ આગળ વધ્યા.

❑ અરબના ક઼બીલાઓમાંથી કોઈ ક઼બીલો જો છેવટ સુધી ઈસ્લામનો વિરોધી રહ્યો તો તે બની હુનૈફાનો ક઼બીલો હતો. ષમામા બિન અષાલ એ ક઼બીલાના રઈસોમાંથી હતા. આકસ્મિક રીતે મુસલમાનોના હાથે ગિરફતાર થયા. નબી અકરમ ﷺના હુકમથી તેમને મસ્જિદે નબવીના થાંભલા સાથે બાંધી દેવામાં આવ્યા. સરવરે કાઈનાત ﷺ

મસ્જિદમાં તશરીફ લાવ્યા તો પૂછયું કે ષમામા તમારો શો હાલ છે ? તેમણે કહ્યું, જો તમે મને કત્લ કરો છો તો એવા શખ્સને કત્લ કરશો જે પોતાની કૌમનો સરદાર છે અને મારું ખૂન બેકાર ન જશે. જો એહસાન કરશો તો એક શુક્રગુઝાર શખ્સ પર થશે. જો માલ જોઈએ છે તો કહો, શું જોઈએ છે ? હું આપીશ. આક઼ાએ કૌનેન ﷺ તેમને એ જ હાલતમાં છોડીને ચાલ્યા ગયા. આગલા દિવસભર એ જ સવાલ જવાબ થયા. તેના આગલા દિવસે ફરી એ જ સવાલ જવાબ થયા. આક઼ાએ કૌનો મકાં ﷺએ ફર્માવ્યું, ષમામાને છોડી મૂકો. ષમામા માટે એનાયત તથા ઈનામ ધારણાથી ઉલ્ટી હતી. કેદથી મુક્ત થઈને તેમણે નજીકમાં એક બાગમાં જઈને ગુસ્લ કર્યું અને મસ્જિદ પરત આવીને ઈસ્લામ ક઼બૂલ કરી લીધો.

❑ અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક઼ોનો સરદાર હતો. મસ્લેહતથી તે પોતે પોતાને મુસલમાન જાહેર કરતો હતો, પરંતુ દિલથી તે રસૂલે ગિરામી વક઼ાર ﷺ તથા ઈસ્લામનો દુશ્મન હતો. તેના સાથીઓની રવિશ પણ મુનાફિક઼ાના હતી, તે શખ્સે જ્યારે પણ મોક઼ો મળ્યો ઈસ્લામ તથા મુસલમાનોને નુકસાન પહોંચાડવામાં કોઈ કસર નથી છોડી અને ન તો નબી અકરમ ﷺને તકલીફ પહોંચાડવામાં તેણે કોઈ કમી કરી હતી. જંગે ઓહદમાં તદ્દન લડાઈની અણી પરના નાઝ઼ુક સમયે પોતાના ત્રણસો સાથીઓને લઈને અલગ થઈ ગયો. પયગંબરે રહમત ﷺએ તેમ છતાં પણ દરગુઝર કર્યું. મુનાફિક઼ોનો આ સરદાર જ્યારે મૃત્યુ પામ્યો તો એહસાનના બદલામાં કે એણે હઝરત અબ્બાસ رضی اللہ عنہને પોતાનો કુર્તો આપ્યો હતો, આપે તેને પોતાનો કુર્તો પહેરાવીને દફન કર્યો.

નબીએ કૌનેન ﷺની હયાતે તયબહના જે પાસા પર પણ નજર દોડાવો એનાથી રહમો કરમ તથા અમ્નો સુકૂનનો જ પયગામ મળશે. સરકારે અબદ ક઼રાર ﷺની પૂરી જિંદગી કાઈનાતને અમ્નો સુકૂનનું સ્થાન બનાવવાની કોશિશમાં જ લાગેલી રહી.

...પ્રકરણ : ૭

# પયગંબરે અમ્ન ﷺએ સર્વ માનવજાત માટે અમ્નો સુકૂનની રાહોને સમારી

આપે આગલા પૃષ્ઠોમાં વાંચ્યું કે જ્યારે દુનિયા આક઼ાએ રહમત ﷺની તાલીમાતથી અજાણ હતી એ વખતે સામાન્યતઃ લોકો માનવના માન સન્માનથી નાવાકેફ હતા. કોઈને કોઈની ઈજ્જત આબરૂની ફિક઼ર ન હતી. માનવ જીવન તથા જાનવરના જીવનમાં કોઈ ખાસ ફરક઼ ન રહી ગયો હતો ખાસ કરીને યતીમો, બાળકીઓ, સ્ત્રીઓ, ગરીબો, અપંગો, વૃધ્ધો તથા કમજોરોને સિતમની ચક્કીમાં પીસવામાં આવતા હતા. ન સમાજમાં તેમના કોઈ હક્ક઼ો નિશ્ચિત હતા અને ન તો કોઈ તેમને તેમના હક્ક઼ો અપાવનારો હતો. પરંતુ હુઝૂર સરવરે કાઈનાત ﷺએ દરેક પ્રકારના માનવો માટે હક્ક઼ો નિશ્ચિત કર્યા. તેમને તેમના હક્ક઼ો અપાવવાના માટે અતિશય જિદ્દો જેહદ પણ કરી અને પૂરી દુનિયાને માનવ સન્માન અને માનવ હક્ક઼ોના મહત્વથી વાકેફ કર્યા.

આવનારાં પૃષ્ઠોમાં માનવ જાતના હક્ક઼ો ક્રમવાર વર્ણન કરવામાં આવી રહ્યા છે જેથી પયગંબરે અમ્ન ﷺની સર્વને લગતી ફિક્ર તથા વિશ્વ કક્ષાના ન્યાયપૂર્ણ બંધારણની સાચા અર્થમાં વાકેફિયત થઈ શકે.

## ★ પયગંબરે અમ્ન ﷺએ પત્નીઓને અમ્નથી પૂર્ણ જિંદગી અર્પી ★

હુઝૂર સૈયદે આલમ ﷺએ પતિ પત્નીના આપસમાં હક્ક઼ો નિશ્ચિત કર્યા છે તે બંનેવના માટે હક્ક઼ તથા ઈન્સાફ પર આધારિત છે. જો પતિ પત્ની એ હક્ક઼ોનો લેહાઝ કરે તો તેમનું દાંપત્ય જીવન એટલા પ્રમાણમાં સુકૂનથી ભરપુર પસાર થશે કે પરેશાન કરનારા પ્રશ્નો ઉભા જ થશે નહીં,

અને જો કોઈ સમસ્યા થઈ પણ જાય તો સરળતાપૂર્વક હલ થઈ જશે. ખુદ કુર્આને મુક઼દસે પતિ પત્નીને એક બીજાના માટે સુકૂનનો સબબ ઠરાવ્યો છે. ફર્માને બારી તઆલા છે :–

وَمِنْ اٰيٰتِهٖٓ اَنْ خَلَقَ لَكُمْ مِّنْ اَنْفُسِكُمْ اَزْوَاجًا لِّتَسْكُنُوْٓا اِلَيْهَا وَجَعَلَ بَيْنَكُمْ مَّوَدَّةً وَّرَحْمَةً ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ لِّقَوْمٍ يَّتَفَكَّرُوْنَ ○

"અને તેની નિશાનીઓથી છે કે તમારા માટે તમારી જ જાતિમાંથી જોડાં બનાવ્યાં કે તેમનાથી આરામ પામો અને તમારામાં આપસમાં મહોબ્બત તથા રહમત રાખી." *(સૂ. રૂમ, આ. ૨૧, કન્ઝુલ ઈમાન)*

સરવરે આલમ ﷺના આગમનથી પહેલાં સર્વ હક્કો પર પતિઓનો બળપૂર્વકનો કબજો હતો. પત્નીઓ માટે કોઈ હક્કો ન હતા. આપે બંનેના માટે એકબીજા પર ફર્ઝો પણ રાખ્યા અને બંનેવના માટે હક્કો પણ નિશ્ચિત કરી આપ્યા જેથી બંનેવ એકબીજાની ક઼દર તથા ઈજ્જતનો લેહાજ રાખીને હક્કોની અદાયગીના પાબંદ રહે અને બંનેવમાંથી કોઈ પોતે પોતાને હક્કોથી મુક્ત મેહસૂસ ન કરે.

### ★ પુરૂષો તથા સ્ત્રીઓના હક્કો તથા ફર્ઝો સમાન છે ★

કુર્આનનું ફર્માન છે :–

وَلَهُنَّ مِثْلُ الَّذِىْ عَلَيْهِنَّ بِالْمَعْرُوْفِ ۪ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ ؕ

"અને સ્ત્રીઓનો પણ હક્ક એવો જ છે જેવો એમના પર છે શરીઅતના પ્રમાણે. અને પુરૂષોને એમના પર ફઝીલત છે."

*(સૂ. બકરહ, આ.૨૨૮, કન્ઝુલ ઈમાન)*

એટલે કે જેવી રીતે સ્ત્રીઓ પર પતિઓના હક્કોની અદાયગી વાજિબ છે, એવી જ રીતે પતિઓ પર સ્ત્રીઓના હક્કનો ખયાલ રાખવો પણ લાઝિમ છે. અલ્બત્ત પુરૂષોને સ્ત્રીઓ પર એકગણી ફઝીલત હાંસલ છે. આ ફઝીલત પણ કેવી રીતે છે એની સ્પષ્ટતા કુર્આનમાં ફર્માવી છે :–

اَلرِّجَالُ قَوّٰمُوْنَ عَلَى النِّسَآءِ بِمَا فَضَّلَ اللّٰهُ بَعْضَهُمْ عَلٰى بَعْضٍ وَّبِمَآ اَنْفَقُوْا مِنْ اَمْوَالِهِمْ ۔

''પુરૂષ હાકિમ છે સ્ત્રીઓ પર એટલા માટે કે અલ્લાહે એમના એકને બીજા પર ફઝીલત આપી અને એટલા માટે કે પુરૂષોએ એમના પર પોતાના માલ ખર્ચ કર્યા. *(સૂ. નિસાઅ, આ. ૨૪, કન્ઝુલ ઈમાન)*

કેમ કે સામાન્યતઃ પુરૂષોમાં શક્તિ તથા બુધ્ધિ સ્ત્રીઓ કરતાં અધિક આપવામાં આવી છે એટલા માટે ખાનદાનના અફસર તથા હાકિમ પુરૂષોને બનાવવામાં આવ્યા, તેમજ આર્થિક જિમ્મેદારીઓ પણ પુરૂષોના માથે જ રાખવામાં આવી, જેથી પુરૂષોની અમુક ઉચ્ચતા પ્રાકૃતિક ઉચ્ચતાના કારણે છે. પરંતું એ પણ સમજવું જોઈએ કે તેમને આઝાદ નથી રાખવામાં આવ્યા, બલ્કે તેમની ગરદનોને સૌથી મહત્વની માલી જિમ્મેદારીથી બોજયુક્ત (ભારે) કરી દેવામાં આવી છે.

આગલા હિસ્સાના અભ્યાસથી સ્પષ્ટ થઈ જશે કે આઝાદ કોઈ નથી. પ્રથમ સ્ત્રીઓના માથે પુરૂષોના શું હક્કો છે એ વર્ણન કરવામાં આવશે પછી પુરૂષોના માથે સ્ત્રીઓના શું હક્કો છે એને વર્ણન કરવામાં આવશે.

## ★ સ્ત્રીઓના માથે પુરૂષોના હક્કો ★

અમ્નને યથાવત રાખવા સરવરે કાઈનાત ﷺએ દરેક માનવ વર્ગ માટે હક્કો પણ નિશ્ચિત કર્યા અને સૌની જિમ્મેદારીઓ પણ વહેંચી છે. પત્નીઓ પર પતિઓના હક્ક નિશ્ચિત કરવામાં આવ્યા અને તેમને એની પાબંદ કરવામાં આવી કે તેણીઓ પોતાની જિમ્મેદારી નિભાવે. જો એમના પતિ એમનાથી ખુશ હશે તો ઘર જન્નત નિશાન બની જશે.

## ★ સૈયદે કૌનેન ﷺએ પત્ની પર પતિની આજ્ઞા વાજિબ ઠરાવી ★

પતિના હક્કોમાંથી છે કે પત્ની પતિનું આજ્ઞા પાલન કરે. હદીષે પાકમાં એના સંબંધે ઘણી તાકીદ કરવામાં આવી છે.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મરવી છે કે સરવરે કાઈનાત ﷺ એ ફર્માવ્યું :–

لَوْ اَنَّ رَجُلًا اَمَرَ امْرَاَتَهٗ اَنْ تَنْقُلَ مِنْ جَبَلٍ اَحْمَرَ اِلٰى
جَبَلٍ اَسْوَدَ، وَمِنْ جَبَلٍ اَسْوَدَ اِلٰى جَبَلٍ اَحْمَرَ، لَكَانَ نَوْلُهَا اَنْ تَفْعَلَ۔

"જો કોઈ શખ્સ પોતાની પત્નીને હુકમ આપે કે તે લાલ પહાડને કાળો કરી દે અને કાળા પહાડને લાલ કરી દે તો તેના પર વાજિબ થશે કે તેવું કરે." *(સુનને ઈબ્ને માજહ, ૧/૫૯૫)*

એટલે કે જો પતિ કોઈ મુશ્કેલ કામનો હુકમ આપે તો પણ પત્નીએ જોઈએ કે તેને કરવાની કોશિશ કરે. જો બહેનો આ ફર્માન પર અમલ કરતી થઈ જાય તો સામાન્યપણે નાની નાની વાતો પર ઘરોમાં થનારા ઝઘડા તદ્દન ખત્મ થઈ જશે અને ઘર અમ્નો સુકૂનનો ગુલશન બની જશે.

## ★ પયગંબરે રહમત ﷺ એ પતિને રાજી કરવા પર જન્નતની ઝમાનત લીધી ★

કોઈ પત્નીએ પોતાના પતિની ખિદમત અને તેના રાજીપણાને પોતાની જિંદગીનો હેતુ બનાવી લીધો અને પતિને રાજી રાખવામાં જ સતત લાગેલી રહી તો એના માટે જન્નતનો વાયદો છે. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا વર્ણન કરે છે કે રસૂલે અકરમ ﷺ એ ફર્માવ્યું :–

اَيُّمَا امْرَأَةٍ مَاتَتْ، وَزَوْجُهَا عَنْهَا رَاضٍ، دَخَلَتِ الْجَنَّةَ۔

"જે સ્ત્રીનો ઈન્તેકાલ એ હાલતમાં થયો કે એનો પતિ એનાથી રાજી હતો તે જન્નતમાં દાખલ થશે. *(સુનને ઈબ્ને માજહ, ૧/૫૯૫)*

આ હદીષે પાકથી એ વાત જાહેર થઈ જાય છે કે પતિનું આજ્ઞાપાલન કરવામાં અને તેના ઉપરીપણાને સ્વીકારી લેવામાં ન કેવળ ખાનદાન પુર સુકૂન રહે છે બલ્કે પત્નીને તેના આખેરતનો ફાયદો પણ હાંસલ થાય છે કે તે જન્નતની હક્કદાર થઈ જાય છે.

## ★ આજ્ઞાંકિત પત્નીને આક઼ા ﷺએ ફાયદો આપનાર ઠરાવી ★

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ નેઅમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "અલ્લાહના ડર પછી જે ચીજથી મો'મિનને સૌથી વધુ ફાયદો પહોંચે છે તે નેક પત્ની છે કે જો તે તેને હુકમ કરે તો તેની વાત માને, જો તે તેણી તરફ જુએ તો જોઈને ખુશ થઈ જાય, જો તેણીને ક઼સમ અપાવે તો તે પૂરી કરી બતાવે અને જો તેણીથી તે દૂર થાય તો પોતાના નફસ અને તેના માલમાં તેની ખૈરખ્વાહી કરે." *(સુનને ઈબ્ને માજહ, ૧/૫૯૬)*

આ હદીષમાં ફર્માવવામાં આવ્યું કે જેને ચાર ખૂબીઓવાળી પત્ની મળી ગઈ તેને દુનિયાની સૌથી લાભકારક ચીજ મળી ગઈ. તે ચાર ખૂબીમાં આ પ્રમાણે છે :

**(૧)** પતિ જે પણ જાઈઝ વાતનો હુકમ આપે તેણી તે હુકમનુ પાલન કરે.

**(૨)** પતિની સામે બનાવ શિંગારની સાથે રહે અને તેની સામે એ અંદાજથી આવે કે તેને જોઈને પતિનું દિલ ખુશ થઈ જાય.

**(૩)** જો પતિએ કોઈ વાતની ક઼સમ અપાવી દીધી તો તે વાત પૂરી કરી બતાવે.

**(૪)** પતિ ક્યાંક અન્ય સ્થળે હોય તો પોતાની ઈજ્જત (ચરિત્ર), પાક દામનીની પણ હિફાઝત કરે અને પતિની માલ મિલ્કતની પણ હિફાઝત કરે.

## ★ જેની અંદર આ ખૂબીઓ મૌજૂદ હશે તે કામયાબ પત્ની કહેવાશે ★

પયગંબરે અમ્ન ﷺએ વર્ણવેલ ચાર ખૂબીઓ વર્ણવેલ ખાનદાનોનાં ચૈન તથા સુકૂન બાકી રાખવાના માટે મહાન ક઼ાનૂન અતા ફર્માવી આપ્યો. દરેક મુસલમાન સ્ત્રીની જિમ્મેદારી છે કે જો તેણી પોતાના કુટુંબને પુર સુકૂન જોવા માંગે છે તો આત્મ નિરીક્ષણ કરીને પોતે પોતાને વર્ણવેલ ચાર ખૂબીઓ ધરાવનાર બનાવે. એનાથી ન કેવળ ખાનદાનનો ફાયદો છે બલ્કે

ખુદ તેણીના બેહતરીન ખાતૂન હોવાની અને નેક તથા પાકદામન હોવાની નિશાની છે.

## ★ જો કોઈને સિજદો કરવો જાઈઝ હોત તો પત્નીને હુકમ થાત કે પતિને સિજદો કરે ★

સરવરે આલમ ﷺએ પતિઓના વિવિધ હક્કો વર્ણન કર્યા છે તેમજ તેમના મકામ તથા મર્તબાનો પણ ઉલ્લેખ કર્યો છે.

હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું :–

لَوْ اَمَرْتُ اَحَدًا اَنْ يَّسْجُدَ لِاَحَدٍ لَاَمَرْتُ الْمَرْاَةَ اَنْ تَسْجُدَ لِزَوْجِهَا۔

"જો હું કોઈ શખ્સને કોઈ શખ્સનો સિજદો કરવાનો હુકમ કરતો તો સ્ત્રીને હુકમ આપતો કે તે પોતાના પતિને સિજદો કરે."

*(સુનને ઈબ્ને માજહ, ૧/૫૯૫)*

આ પરથી અંદાઝો કરી શકાય છે કે એક ઔરત માટે પોતાના પતિને રાજી રાખવો કેટલી હદે જરૂરી છે. તેમજ એ પણ કે કુટુંબની શાંતિ તથા સલામતી એમાં જ છે કે સામાન્યતઃ મામલાઓમાં પત્ની પતિની વાત સાંભળે અને તેને પોતાનાથી ઉપરી તથા ઊંચા સ્થાને સ્વીકારે, નહીં તો કુટુંબની શાંતિ એ રીતે ખત્મ થઈ જશે જેવી રીતે અફસરનો હુકમ ન માનવાથી કોઈ પણ દેશની બર્બાદી થઈ શકે છે.

## ★ પત્ની જ્યાં સુધી પતિનો હક્ક અદા ન કરે તેણે અલ્લાહનો હક્ક પણ અદા ન કર્યો ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہથી મરવી છે કે સરકારે અબદ કરાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا تُؤَدِّی الْمَرْأَةُ حَقَّ رَبِّهَا حَتّٰی تُؤَدِّیَ حَقَّ زَوْجِهَا، وَلَوْ سَأَلَهَا نَفْسَهَا وَهِیَ عَلٰی قَتَبٍ لَمْ تَمْنَعْهُ۔

"જ્યાં સુધી સ્ત્રી પોતાના પતિનો હક્ક઼ અદા નથી કરી દેતી તેનાથી રબનો હક્ક઼ પણ અદા ન થશે. જો તેણે તેને બોલાવી અને તે સફરના માટે કાઠલામાં બેસી ચૂકી છે તો પણ તેણીના માટે જરૂરી છે કે તેને મના ન કરે." *(સુનને ઈબ્ને માજહ, ૧/૫૯૫)*

આ હદીષે પાકમાં એ વાતની તાકીદ કરવામાં આવી છે કે પત્ની ચાહે કેટલાયે જરૂરી કામમાં વ્યસ્ત હોય પણ પતિએ જો તેને સોહબતને માટે બોલાવી તો તેણે ઈન્કાર ન કરવો જાઈએ, કેમ કે એનાથી આપસી અમ્નો સુકૂનમાં ખલેલ થઈ શકે છે.

## ★ આક઼ાએ કૌનેન ﷺએ પુરૂષોનો હક્ક઼ ઠરાવ્યો કે પત્ની તેને સોહબતથી ન રોકે ★

હમબિસ્તરી ઈન્સાનની ફિતરી જરૂરત છે અને નિકાહમાં એક મહત્વનો હેતુ એ પણ છે કે એના થકી માનવવંશમાં અધિકતા થાય છે. નિકાહના થકી પતિએ પોતાની પત્નીથી અને પત્નીને પોતાના પતિથી શારીરિક ફાયદો ઉઠાવવાના હક્ક઼ો હાંસલ થઈ જાય છે. જો કોઈના દિલમાં સંભોગની ખ્વાહિશ થાય અને તેને મના કરવામાં આવે તો તે વિવિધ ખરાબીઓનો સબબ બની શકે છે. એટલા માટે આક઼ાએ નેઅમત ﷺએ વાતથી સખ્તીથી મના ફર્માવ્યું અને ખાસ પતિ પત્ની પર હક્ક઼ ઠરાવ્યો કે તે જ્યારે પણ તેણીથી આનંદ માણવા ચાહે તો પત્ની તેને મના ન કરે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

اِذَا دَعَا الرَّجُلُ امْرَاَتَهُ اِلٰى فِرَاشِهٖ فَاَبَتْ فَبَاتَ
غَضْبَانَ عَلَيْهَا لَعَنَتْهَا الْمَلَائِكَةُ حَتّٰى تُصْبِحَ

"જ્યારે કોઈ પતિ પોતાની પત્નીને પોતાના બિસ્તર પર બોલાવે છે અને તેણી ના પાડી દે છે તો સવાર સુધી ફરિશ્તા તેણી પર લઅનત મોકલતા રહે છે."

## ★ પતિના માથે પત્નીના હક્કો ★

જેવી રીતે સ્ત્રીઓ પર પતિના હક્કો છે એવી જ રીતે પતિ પર પત્નીઓના હક્કો છે. પયગંબરે અમ્ન ﷺએ સ્ત્રીઓ સાથે કોઈ ભેદભાવ નથી રાખ્યો, બલ્કે એમને ભરપુર હક્કો અપાવ્યા છે. એક તરફ પતિઓને પત્નીઓ પર ઉપરીપણુ અતા કર્યું તો બીજી તરફ પતિઓને પત્નીઓની સાથે સદ્‌વર્તાવ તથા તેણીઓના ભરણ પોષણનો બોજ ઉઠાવવાના પાબંદ પણ કર્યા છે.

મુબારક હદીષોમાં આ સંબંધે ઘણી સ્પષ્ટતાઓ આવેલી છે, અને પતિઓને વિવિધ ફર્માનોમાં હુકમ આપવામાં આવ્યો કે પત્નીઓના હક્કોની અદાયગીના મામલામાં કાળજીપૂર્વક કામ લે. ખુદ સૈયદે આલમ ﷺએ પાક બીવીઓની સાથે સદ્‌વર્તાવનાં શ્રેષ્ઠ દષ્ટાંતો પૂરાં પાડયાં છે.

## ★ પત્નીના ભરણ પોષણનો ખર્ચ પતિના માથે છે ★

આકાએ રહમત ﷺએ પત્નીનું ભરણ પોષણ પતિના જિમ્મે કરેલ છે. પતિના વિશે કુર્આને મુકદસમાં ફર્માવ્યું : عَلَى الْمُوْسِعِ قَدَرُهٗ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهٗ

"મકદૂરવાળા પર એના લાયક અને તંગદસ્ત પર એના લાયક"

*(સૂ. બકરહ, આ. ૨૩૬, કન્ઝુલ ઈમાન)*

વિચાર કરો ! કેટલા પ્રમાણમાં અદ્‌લો ઈન્સાફ પર આધારિત હુકમ છે. જો પતિ માલ દૌલતવાળો છે તો એના પર લાઝિમ છે કે પોતાની સખાવતનું પ્રદર્શન કરે અને જરૂરિયાતની સાથોસાથ બને ત્યાં સુધી પત્નીની ખ્વાહિશોને પણ લક્ષમાં રાખે, અને જો તંગદસ્ત છે તો જરૂરિયાતને પૂર્ણ કરવી ગમે તે ભોગે લાઝિમ છે.

## ★ પત્નીઓના મહેરનો હક્ક અદા કરવો પતિ પર વાજિબ ★

પતિ પર પત્નીની મહેરનો હક્ક અદા કરવો વાજિબ ઠરાવવામાં

આવ્યો છે. કુર્આનનું ફર્માન છે :–

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ؕ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ شَیْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِیْٓــٴًـا مَّرِیْٓــٴًـا ○

"અને પત્નીઓને તેમની મહેર ખુશીથી આપો, પછી જો તેણીઓ પોતાના દિલની ખુશીથી મહેરમાંથી તમને કાંઈ આપી દે તો તેને ખાવ ખુશીભેર." *(સૂ. નિસાઅ્, આ.૪, કન્ઝુલ ઈમાન)*

પહેલાં સ્ત્રીઓની મહેર તેમના વાલીઓ લઈ લીધા કરતા હતા અને સ્ત્રીઓને મહેરનો કાંઈ પણ હિસ્સો આપવામાં આવતો ન હતો. સૈયદે આલમ ﷺએ આ જુલ્મથી પણ સ્ત્રીઓને નજાત અપાવી. આ આયતથી જાણવા મળ્યું કે મહેરની હક્દાર સ્ત્રીઓ જ છે ન કે તેમના વાલીઓ. જો વાલીઓએ મહેર વસૂલ કરી લીધી હોય તો પણ એમના પર લાઝિમ છે કે તે મહેર સ્ત્રીના હવાલે કરી દે કે તે જ એની હક્દાર છે.

## ★ પત્ની સાથે સદ્વર્તાવનો હુકમ થયો ★

કુર્આને મુક઼દસમાં રબ તઆલાનું ફર્માન છે :–

وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰۤى اَنْ تَكْرَهُوْا شَیْــٴًـا وَّیَجْعَلَ اللّٰهُ فِیْهِ خَیْرًا كَثِیْرًا ○

"અને તેમની સાથે સારો વર્તાવ કરો, પછી જો તે તમને પસંદ ન આવે તો નજીક છે કે કોઈ ચીજ તમને નાપસંદ હોય અને અલ્લાહ એમાં ખૂબ જ ભલાઈ રાખે." *(સૂ. નિસાઅ, આ.૧૯, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુક઼દસામાં હુકમ થયો કે પતિની જિમ્મેદારી છે કે પત્ની સાથે સારો વર્તાવ કરે. તેમજ પત્નીમાં શકલો સૂરત અથવા અખ્લાક઼ તથા કિરદારમાં કાંઈ કમી હોય તો પતિએ જોઈએ કે સબ્ર કરે અને તેણીથી જુદા થવાની કોશિશ ન કરે, બલ્કે એ યક઼ીન રાખે કે અલ્લાહ તઆલા દુનિયા તથા આખેરતમાં જરૂર એ સબ્રનો બેહતરીન બદલો અતા કરશે. એ પણ શક્ય છે કે તેણીના પેટથી જે ઔલાદ થાય તે તેના માટે દુનિયા તથા આખેરતની બેહતરી લઈને આવે.

## ★ આક઼ા ﷺએ પાયાની જરૂરતો પૂરી પાડવી પત્નીનો હક્ક઼ ઠરાવ્યું ★

હઝરત મુઆવિયહ رضی اللہ عنہથી મરવી છે કે એક શખ્સે નબીયે રહમત ﷺથી સવાલ કર્યો, પત્નીનો પતિ પર શું હક્ક઼ છે ? ફર્માવ્યું :–

اَنْ يُّطْعِمَهَا اِذَا طَعِمَ، وَاَنْ يَّكْسُوَهَا اِذَا اكْتَسٰى، وَلَا يَضْرِبِ الْوَجْهَ، وَلَا يُقَبِّحْ، وَلَا يَهْجُرْ اِلَّا فِي الْبَيْتِ۔

''તેણીને પોતાની સાથે ખાવા ખવડાવે, તેને કપડાં પહેરાવે, તેના ચહેરા પર ન મારે, તેની સૂરત ન બગાડે, અને તેને ન છોડે પણ ઘરની અંદર.'' *(સુનને ઈબ્ને માજહ, ૧/૫૯૩)*

જાણવા મળ્યું કે એ નાજાઈઝ છે કે કોઈ પતિ પોતાની પત્નીના ચહેરા પર મારે બલ્કે તેના ચહેરાની બુરાઈ પણ નથી કરી શકતો. જો કદી કોઈ યોગ્ય કારણસર નારાજ થઈ જાય તો એવું જોઈએ કે ઘરની અંદર રહીને, પોતાની પત્નીની નજીક રહેવા છતાં તેનાથી નારાઝગી પ્રદર્શિત કરે. જો જરૂરત મેહસૂસ થાય તો બેડરૂમમાં ચહેરો ફેરવીને સૂઈ શકે છે. પરંતુ નારાઝગીના કારણે તેને બીજા ઘરે તગેડવી કદાપિ જાઈઝ નથી.

## ★ આક઼ા ﷺએ સૌથી બેહતર ઈન્સાન તેને કહ્યો જે પત્ની સાથે બેહતર હોય ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَكْمَلُ الْمُؤْمِنِيْنَ اِيْمَانًا اَحْسَنُهُمْ خُلُقًا، وَخَيْرُكُمْ خَيْرُكُمْ لِنِسَائِهِمْ۔

''સૌથી કામિલ ઈમાનવાળો મો'મિન તે છે જે સૌથી સારા અખ્લાક઼વાળો છે અને તમારામાં સૌથી શ્રેષ્ઠ તે છે જે પોતાની પત્નીઓ માટે સૌથી બેહતર હોય.'' *(સુનને તિર્મિઝી, ૨/૪૫૮)*

નબી અકરમ ﷺએ ન કેવળ એ કે આમ લોકોને હુકમ ફર્માવ્યો

બલ્કે આપે ખુદ એના પયકર બનીને બતાવ્યું, એના અમુક દૃષ્ટાંત આગળ વર્ણવવામાં આવશે.

આપ પોતાના સંબંધે ખુદ ફર્માવે છે : وَاَنَا خَيْرُكُمْ لِاَهْلِي "હું મારા ઘરવાળાઓ માટે તમારામાં સૌથી બેહતર છું." *(સુનને ઈબ્ને માજહ, ૧/૬૩૬)*

## ★ પયગંબરે અમ્ન ﷺએ પત્નીઓને મારવાની મનાઈ કરી ★

એકવાર વલીદ બિન ઉક્બાની પત્ની હુઝૂર ﷺને શિકાયત કરવા આવી કે વલીદ મને ખૂબ મારે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે વલીદને જઈને કહી દેજો કે મને હુઝૂર ﷺએ પોતાની પનાહમાં લઈ લીધી છે. થોડીવાર પછી તે ફરી આવ્યાં અને કહેવા લાગ્યાં કે હવે તો વલીદે અધિક મારી.

આ સાંભળીને હુઝૂર ﷺએ કપડાનો એક ટુકડો કાપીને નિશાનીરૂપે આપ્યો. એ ખાતૂને જઈને બતાવ્યો તો તેણે એમને અધિક માર્યાં. ફરી તે શિકાયત લઈને હાજર થયાં અને બોલ્યાં કે વલીદે હવે મને પહેલાં કરતાં પણ વધારે મારી. આ સાંભળીને હુઝૂર ﷺએ વલીદના માટે હલાકતની દુઆ કરી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૩/૬૦૩)*

કેટલાક પુરૂષો એમાં પોતાની મર્દાનગી સમજે છે કે પત્ની પર દરેક સમયે ગઝબ તથા જલાલ પ્રદર્શિત કરતા રહેવું અને એમની પત્ની એમની સામે હમેશાં ડરેલી રહે, એમના માટે નીચે દર્શાવેલ ફર્માને રસૂલ હિદાયત તથા રહનુમાઈનું મહાન નિમિત્ત છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે દો જહાં ﷺએ ફર્માવ્યું કે :–

اِنَّ الْمَرْاَةَ كَالضِّلَعِ اِنْ ذَهَبْتَ تُقِيْمُهَا كَسَرْتَهَا وَاِنْ تَرَكْتَهَا اسْتَمْتَعْتَ بِهَا عَلٰى عِوَجٍ۔

"સ્ત્રી પાંસળીની જેમ છે કે જો તમે તેને તદ્દન સીધી કરવા ચાહો તો તૂટી જશે, અને જો છોડી મૂકો તો તેના ટેઢાપણા સાથે તેણીથી ફાયદો ઉઠાવી શકો છો." *(સુનને તિર્મિઝી, ૩/૪૮૫)*

આકાએ કરીમ ﷺનો આ વિશ્વવ્યાપી પયગામ સોનાના પાણી વડે લખવા જેવો છે. સ્ત્રીઓની અતિશય જક્કી ફિતરતથી મોઅલ્લિમે કાઈનાત ﷺએ વાકેફ કર્યા છે કે જો તમે તેની દરેક ખામી દૂર કરવાની કોશિશ કરશો તો પરિણામ એ નીકળી શકે છે કે તે તમારા હેઠળપણાથી જ નીકળી જશે, અને જો તેણીઓની ખામીઓને દરગુઝર કરીને તેમની ખૂબીઓથી ફાયદો ઉઠાવશો તો તે તમારા કામ પણ આવશે અને તમારા માટે સુકૂનનો સામાન પણ પૂરો પાડશે. આજે સામાન્યતઃ સ્ત્રીઓની આ ફિતરતને ભૂલાવી દેવામાં આવે છે જેનાં પરિણામો આખા જગત સામે છે.

## ★ પયગંબરે અમ્ન ﷺ પોતાની પત્નીઓ સાથે ★

પયગંબરે અમ્ન ﷺ ખૂબ જ અમલો તથા વ્યસ્તતાઓ તેમજ અધિક બીવીઓ હોવા છતાં પાક બીવીઓના હક્કોની અદાયગી માટે સમય કાઢતા, તેમના દિલને રાજી રાખતા, તેમના રાજીપાનો ખયાલ રાખતા. ઘરનાં કામોમાં સહકાર કરીને તેમની મદદ કરતા અને કદી તેમને એકલાપણાનો એહસાસ ન થવા દેતા. આપની હયાતનું આ પાસુ દરેક પુરૂષના માટે દીવાદાંડી સમાન છે. આગળ અમુક નમૂના પેશ કરવામાં આવી રહ્યા છે.

## ★ નબી કરીમ ﷺ પાક બીવીઓનાં દિલને ખુશ રાખતા ★

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે :–

سَابَقَنِی النَّبِیُّ صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَ فَسَبَقۡتُہٗ۔

"નબી અકરમ ﷺએ મારી સાથે મુકાબલો (હરીફાઈ) કરી તો હું આપથી જીતી ગઈ." *(સુનને ઈબ્ને માજહ, ૧/૬૩૬)*

સદ્‌વર્તાવનો જ આ હિસ્સો છે કે પતિ પોતાની પત્નીના રાજીપાનો તથા તેણીને ખુશ કરવાનો ખયાલ રાખે. સરવરે આલમ ﷺ પણ પાક બીવીઓના દિલોને ખુશ રાખ્યા કરતા હતા. **આપ સૌથી મહાન માનવી હોવા છતાં એને જરૂરી સમજ્યા કરતા કે પત્નીઓ માટે સમય કાઢવામાં આવે.**

## ★ હઝરત આઈશા رضی اللہ عنہاનું દિલ બહેલાવવા માટે તેમની સખીઓને મોકલતા ★

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી સરવરે કાઈનાત ﷺએ કમ ઉમરીમાં નિકાહ કર્યા હતા. તેમની સાથે રમવા માટે તેમની સહેલીઓને મોકલ્યા કરતા હતા. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ખુદ ફર્માવે છે :

كُنْتُ اَلْعَبُ بِالْبَنَاتِ وَاَنَا عِنْدَ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ، فَكَانَ يُسَرِّبُ اِلَيَّ صَوَاحِبَاتِيْ يُلَاعِبْنَنِيْ.

"હું નબીએ અકરમ ﷺના પત્નીપણામાં હતી, તે વખતે હું છોકરી સાથે રમ્યા કરતી હતી. નબીએ અકરમ ﷺ રમવા માટે મારી પાસે મારી સહેલીઓને મોકલી દીધા કરતા હતા." *(સુનને ઈબ્ને માજહ, ૧/૬૩૭)*

આ પરથી જાણવા મળ્યું કે પતિઓની જિમ્મેદારી છે કે કદી કદી પત્નીઓને તેમના મેહરમ સગાં સંબંધી, પસંદીદા સ્ત્રીઓ તથા સહેલીઓથી મિલાવતા રહે. સ્ત્રીએ સામાન્યતઃ ઘરની ચાર દીવારીમાં રહેવાનુ હોય છે, કદી કદી સહેલીઓ તથા સગાંઓ સાથે મળશે તો તેનું દિલ બહેલશે અને તેના પતિની ઈજ્જત પણ તેના દિલમાં વધશે.

## ★ હઝરત આઈશા رضی اللہ عنہاને હબ્શી બાળકોનો ખેલ દેખાડતા ★

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે :

كَانَ الْحَبَشُ يَلْعَبُوْنَ بِحِرَابِهِمْ، فَسَتَرَنِيْ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ وَاَنَا اَنْظُرُ، فَمَا زِلْتُ اَنْظُرُ حَتّٰى كُنْتُ اَنَا اَنْصَرِفُ.

"હબ્શી બાળકો પોતાના ભાલાઓ વડે ખેલ્યા કરતા હતા. નબીએ અકરમ ﷺ મારા માટે આડ કરી લેતા અને હું તેમનો ખેલ જોતી રહેતી. હું સતત જોયા કરતી જ્યાં સુધી કે હું પોતે ન હટી જતી."

*(ઉપર મુજબ, પેજ–૨૮)*

એટલે કે નબી અકરમ ﷺ એવું ન ફર્માવતા કે હવે બસ કરો બલ્કે જયાં સુધી હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا તેમનો ખેલ જોતાં ત્યાં સુધી આપ એમના માટે પર્દો કરેલ રાખતા. પતિઓ માટે એમાં દર્સ છે કે શરીઅતની હદમાં રહીને પત્નીઓની ખુશીના માટે તેમણે પણ નાની મોટી તકલીફો વેઠવી જોઈએ. એનાથી એ પણ જાણવા મળ્યું કે **કોઈ કેટલાય મોટા હોદ્દાનો માલિક હોય, કેટલોય મોટો માલદાર હોય, તેનો મોટો હોદ્દો, તેની માલદારી પોતાની પત્નીઓને ખુશ કરવાના મામલામાં આડ ન બનવો જાઈએ.**

## ★ નબી અકરમ ﷺ કામોમાં પાક બીવીઓને સાથ આપતા ★

પુરૂષોમાં સામાન્યતઃ હાકિમાના મિજાઝ હોય છે અને તેમની દિલી ખ્વાહિશ હોય છે કે પત્ની તેમના ઈશારાઓ પર સર્વ કામો કરી દીધા કરે. જો તેમને કદી જો ઘરનું કોઈ કામ કરવું પડે તો દિલ પર ખૂબ નાપસંદ ગુજરે છે. આ સંબંધે નબીએ અકરમ ﷺનો કિરદાર તથા અખ્લાક઼ જુઓ.

હઝરત અસ્વદ બિન યઝીદ કહે છે કે મેં સૈયદા આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી પૂછયું કે નબીયે અકરમ ﷺ જ્યારે ઘરમાં રહેતા તો શું શું કરતા હતા ? આપે ફર્માવ્યું :

كَانَ يَكُوْنُ فِيْ مَهْنَةِ اَهْلِهٖ فَاِذَا حَضَرَتِ الصَّلٰوةُ قَامَ فَصَلّٰى.

"નબી અકરમ ﷺ ઘરનાં કામોમાં સહકાર કરતા. પછી જ્યારે નમાઝનો સમય થઈ જતો હતો તો આપ નમાઝ અદા કરતા."

*(સુનને તિર્મિઝી, ૪/૨૩૫)*

એટલે કે હુઝૂર સૈયદે આલમ ﷺ ઘરનાં કામોમાં પાક બીવીઓને સહકાર કરતા, સાફ સફાઈ, સિલાઈ તથા ખાણાની તૈયારીમાં મદદ કરતા.

ઘરના કામોમાં સહકાર ન કરીને ફખ્ર કરનારા, બોસ જેવો મિજાઝ રાખવાવાળા, પત્નીઓને બાંદીઓ સમજવાવાળા અને તેમને સર્વ ગૃહસ્થી

જિમ્મેદારીઓમાં એકલી છોડનારાઓ વિચારે કે દુનિયાના સૌથી મહાન અને ઉચ્ચતમ ઈન્સાન હોવા છતાં હુઝૂર રહમતે આલમ ﷺ કેવી રીતે પોતાની પાક બીવીઓનાં કામોમાં સાથ આપીને દર્સ આપી રહ્યા છે કે ઘરના સુકૂનને તલાશ કરનારાઓએ ઘરેલું કામોમાં હિસ્સો લેવો જોઈએ, તેના વિના ઘર તથા ખાનદાનમાં અમ્નો સુકૂનનો માહોલ પેદા નથી થઈ શકતો.

## ★ પયગંબરે અમ્ન ﷺએ માબાપને ઉચ્ચ મર્તબો અતા કર્યો ★

આજે પૂરી દુનિયામાં માબાપના હક્કોના સંબંધે સખત ગફલતો તથા ઉણપોનો માહોલ છે. માબાપની અઝમત તથા તેમના ઊંચા મકામને ચોતરફ ભૂલવામાં આવી રહેલ છે. માબાપના એહસાનોની કોઈ કદરો કિંમત બાકી નથી રહી ગઈ.

આ બાબતમાં પયગંબરે અમ્ન ﷺના આદેશોનો અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ થઈ જશે કે માબાપની અઝમતને જેટલી આપે જાહેર કરી છે, મા બાપના હક્કોને જેટલા આપે સ્પષ્ટ કરેલ છે એટલા આજ સુધી કોઈએ નથી કર્યા.

આપે માબાપના હક્કો વર્ણન કરવાની સાથોસાથ એ હક્કોની અદાયગીની પણ સખત તાકીદ ફર્માવી છે. તેમના હક્કોની અદાયગીના દુનિયવી તથા આખેરતના ફાયદા પણ વર્ણન કર્યા છે અને તેમની હક્ક તલફીના (હક્ક મારવાના) દુનિયવી તથા આખેરતનાં નુકસાનો ઘણા જ વિગતવાર ઉમ્મતની સમક્ષ રાખ્યાં છે. આ કિતાબમાં લખાણ લંબાય જવાના ડરથી ફક્ત અમુક મહત્વના હક્કો વર્ણન કરવામાં આવી રહ્યા છે.

## ★ વૃધ્ધ માબાપને 'ઉફ' પણ નથી કહી શકાતુ ★

વૃધ્ધાવસ્થાને કુર્આને મુકદ્દસે ''અરઝિલ ઉમર'' એટલે ''અધૂરી ઉમર'' કહી છે. આ ઉમરમાં જો કોઈ દેખરેખ કરનારું મળી ગયું તો સારી વાત છે, નહીં તો જિંદગી મુશ્કેલ બની જાય છે. આજની મતલબપરસ્ત દુનિયામાં ઔલાદ ખાસ કરીને વૃધ્ધાવસ્થામાં માબાપને પોતાની સાથે

રાખીને તેમની ખિદમત કરવાનો ખયાલ નથી ધરાવતી. તેમના સખ્ત તથા કડવા વેણો સહન કરવાં તો દૂરની વાત છે, પણ કોઈ તેમનાં મીઠાં તથા કમજોર બોલ સાંભળવા માટે તૈયાર નથી. પરંતુ પયગંબરે અમ્ન ﷺએ એ તાલીમ અતા ફર્માવી છે કે જ્યારે માબાપ વૃધ્ધ થઈ જાય અને તેમનાથી કોઈ એવી વાત બને જે તમને નાપસંદ પડે તો પણ તેમને 'ઉફ' પણ ન કહો. કુર્આનનું ફર્માન છે :

إِمَّا يَبْلُغَنَّ عِندَكَ الْكِبَرَ أَحَدُهُمَا أَوْ كِلَاهُمَا فَلَا تَقُل لَّهُمَا أُفٍّ وَلَا تَنْهَرْهُمَا وَقُل لَّهُمَا قَوْلًا كَرِيمًا ۝ وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُل رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيَانِي صَغِيرًا ۝

''જો તારી સામે એમનામાંથી એક અથવા બંનેવ વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય તો એમને ''હૂં'' ન કહેતો અને એમને ન તતડાવતો અને તેમની સાથે તાઝીમની વાત કહેજે. અને એમના માટે આજિઝીનો બાઝૂ બિછાવ નરમ દિલીથી, અને અર્ઝ કર કે હે મારા રબ ! તું આ બંનેવ પર રહમ કર જેવી રીતે કે એ બંનેવે મને બચપનમાં પાળ્યો.'' *(સૂ. બની ઈસ્રાઈલ, આ.૨૩, ૨૪, કન્ઝુલ ઈમાન)*

### ★ મા બાપનો હક્ક઼ માનવો જરૂરી છે ★

માબાપને બચપનમાં ઔલાદના ઉછેરમાં પેશ આવનારી અમુક તકલીફોનું વર્ણન કરીને એ એહસાસ અપાવવામાં આવ્યો કે મા બાપ દરેક હાલતમાં સદ્ વર્તાવ તથા શુક્રિયાના હક્ક઼દાર છે. કુર્આનમાં છે :

وَوَصَّيْنَا الْإِنسَانَ بِوَالِدَيْهِ حَمَلَتْهُ أُمُّهُ وَهْنًا عَلَىٰ وَهْنٍ وَفِصَالُهُ فِي عَامَيْنِ أَنِ اشْكُرْ لِي وَلِوَالِدَيْكَ إِلَيَّ الْمَصِيرُ ۝

''અને અમે માણસને તેમનાં માબાપના બારામાં તાકીદ ફર્માવી, તેની માએ તેને પેટમાં રાખ્યો, કમજોરી પર કમજોરી વેઠતી રહી. અને તેનું દૂધ છૂટવું બે વરસમાં છે. એ કે હક્ક઼ માન મારો અને તારાં માબાપનો, છેવટે

મારા જ સુધી આવવાનું છે.'' *(સૂ. લુકમાન, આ.૧૪, કન્ઝુલ ઈમાન)*

એક ઠેકાણે ફર્માવ્યું :–

وَوَصَّيۡنَا الۡاِنۡسَانَ بِوَالِدَيۡهِ اِحۡسٰنًا ؕ حَمَلَتۡهُ اُمُّهٗ كُرۡهًا وَّوَضَعَتۡهُ كُرۡهًا ؕ وَحَمۡلُهٗ وَفِصٰلُهٗ ثَلٰثُوۡنَ شَهۡرًا ؕ

''અને અમે માણસને હુકમ કર્યો કે પોતાનાં માબાપ સાથે ભલાઈ કરે. તેની માએ તેને પેટમાં રાખ્યો તકલીફ સાથે, અને જણ્યો તેને તકલીફ સાથે, અને તેને ઉઠાવીને ફરવું અને તેનું દૂધ છોડવવું ૩૦ મહિનામાં છે.'' *(સૂ. અહક઼ાફ, આ. ૧૫, કન્ઝુલ ઈમાન)*

ઔલાદને એ દર્સ આપવામાં આવી રહ્યો છે કે તેમણે પોતાનો ભૂતકાળ કદી ભૂલી જવો ન જોઈએ. તેમણે એ કદી ન ભૂલવું જોઈએ કે માબાપે એમના ખાતર અનહદ તકલીફો વેઠી છે, તેમના માટે ઘણા સબ્રની આજમાઈશના સંજોગોથી પસાર થયાં છે. જે ઔલાદની અંદર આ એહસાસ જાગી જશે તે કદી પોતાનાં માબાપને પોતાના ઘરેથી અલગ કરીને **Old House** (વૃધ્ધાઆશ્રમ)ના હવાલે કરશે નહીં. પયગંબરે અમ્ન ﷺની તાલીમાત પર દુનિયા અમલ કરતી થઈ જાય તો દુનિયાભરથી **Old House**ની જરૂરત ખત્મ થઈ જશે.

## ★ માબાપની ખિદમત ન કરનારા સખ્ત મેહરૂમ છે ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે નબીએ બરહક઼ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''એ શખ્સની નાક ધૂળમાં મળે !'' આ પ્રમાણે આપણે ત્રણ વાર ફર્માવ્યું, અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ કોના સંબંધે આપ આવું ફર્માવી રહ્યા છો ? આપે ફર્માવ્યું :–

مَنۡ اَدۡرَكَ وَالِدَيۡهِ عِنۡدَ الۡكِبَرِ، اَحَدَهُمَا اَوۡ كِلَيۡهِمَا، ثُمَّ لَمۡ يَدۡخُلِ الۡجَنَّةَ ۔

''જેણે પોતાના માબાપમાંથી એકને અથવા બંનેને પામ્યાં અને જન્નતમાં દાખલ ન થઈ શકયો.'' *(સહીહ મુસ્લિમ, ૪/૧૯૭૮)*

એટલે કે માબાપ તેની સામે હયાત હતાં અને તેણે તેમની સેવા કરીને

અને તેમના હક્કો અદા કરીને પોતે પોતાને જન્નતનો હક્કદાર ન બનાવ્યો, તો તે શખ્સ સખત મેહરૂમ છે.

### ★ કાફિર માબાપો પણ સદ્‌વર્તાવનાં હક્કદાર છે ★

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہا ફર્માવે છે :–

قَدِمَتْ عَلَيَّ أُمِّي وَهِيَ مُشْرِكَةٌ فِي عَهْدِ قُرَيْشٍ إِذْ عَاهَدَهُمْ فَاسْتَفْتَيْتُ رَسُولَ اللهِ صَلَّى اللهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ، فَقُلْتُ: يَا رَسُولَ اللهِ، قَدِمَتْ عَلَيَّ أُمِّي وَهِيَ رَاغِبَةٌ، أَفَأَصِلُ أُمِّي؟ قَالَ: نَعَمْ، صِلِي أُمَّكِ.

નબી અકરમ ﷺ જ્યારે કુરૈશના દૌરમાં તેમનાથી અહદ (વચન) લઈ રહ્યા હતા એ વખતે મારાં મા મારી પાસે આવ્યાં. મેં રસૂલુલ્લાહ ﷺને પૂછ્યું કે મારી માં મારી પાસે આવેલાં છે અને તે ઈમાન પર નથી તો શું હું તેમની સાથે સદવર્તાવ કરું ? સરવરે આલમ ﷺએ ફર્માવ્યું, હા ! તમારાં મા સાથે સદ્‌વર્તાવ કરો. *(સહીહ મુસ્લિમ, ૨/૬૯૬)*

### ★ બીજાનાં માબાપને ગાળ આપવી એ પોતાનાં બાપને ગાળ દેવું છે ★

ગાળનો માહોલ આજે આમ થઈ ચૂક્યો છે અને મુસ્લિમ સમાજમાં પણ ઘણા બધા લોકો એવા છે જેઓ નિઃસંકોચ એકબીજાને ગાળો આપે છે અને એને અયબની વાત પણ નથી સમજતા ! સરવરે આલમ ﷺએ એનાથી સખ્તીપૂર્વક મના ફર્માવ્યું છે, કેમ કે એનાથી લડાઈ ઝઘડાની નોબત આવશે અને અમ્નો સુકૂનમાં ખલેલ પડશે.

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہماથી મરવી છે કે આકાએ રહમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''એ કબીરા (મહાન) ગુનોહ છે કે કોઈ શખ્સ પોતાનાં માબાપને ગાળો આપે.'' પૂછવામાં આવ્યું કે શું કોઈ શખ્સ પોતાનાં માબાપને પણ ગાળ આપી શકે છે ? ફર્માવ્યું :–

يَسُبُّ الرَّجُلُ أَبَا الرَّجُلِ، فَيَسُبُّ أَبَاهُ، وَيَسُبُّ أُمَّهُ فَيَسُبُّ أُمَّهُ.

"તે શખ્સ કોઈ શખ્સનાં બાપને ગાળ આપશે તો તે એના બાપને ગાળ આપશે. અને તે શખ્સ કોઈની માને ગાળ આપશે તો તે શખ્સ એની માને ગાળ આપશે."

*(સહીહુલ બુખારી, ૮/૩)*

આ હદીષમાં એ પયગામ આપવામાં આવી રહ્યો છે કે અન્યોનાં માબાપને ગાળ આપવી એ અસલમાં પોતાનાં મા બાપને ગાળ આપવા બરાબર છે, એટલા માટે દરેક શખ્સ પર લાઝિમ છે કે બીજાનાં માબાપોને બુરુ ભલુ ન કહે.

## ★ મા બાપની નારાઝગી અસલમાં અલ્લાહની નારાઝગી છે ★

કોઈ શખ્સ પોતાના પિતાની સામે ભલાઈ કરે અને પિતાનું દિલ ખુશ થઈ જાય તો એનાથી અલ્લાહ તબારક વ તઆલા રાજી થઈ જાય છે. અને જો કોઈએ પિતાની સાથે બુરો વર્તાવ કર્યો જેનાથી પિતા નારાજ થઈ ગયા તો એના કારણે તેને અલ્લાહની નારાઝગી હાંસલ થશે.

હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર رضی اللہ عنہما થી મરવી છે કે સરવરે કાઈનાત ﷺ એ આદેશ આપ્યો :–

رِضَى الرَّبِّ فِي رِضَى الْوَالِدِ وَسَخَطُ الرَّبِّ فِي سَخَطِ الْوَالِدِ۔

"અલ્લાહની રઝા પિતાની રઝામાં અને અલ્લાહની નારાઝગી પિતાની નારાઝગીમાં છે." *(સુનને તિર્મિઝી, ૪/૩૧૦)*

આજે ક્યાંક ક્યાંક જો ઈજ્જત તથા એહતેરામની વાત થાય પણ છે તો તે ફક્ત માના બારામાં થાય છે. સામાન્યતઃ માની તાઝીમ કરનારા અને માના હક્કોની કાળજી લેનારા બાપના હક્કોની અદાયગીના બારામાં આ વિચારો નથી ધરાવતા. પયગંબરે અમ્ન ﷺ એ પોતાના અજોડ પયગામના થકી એ સ્પષ્ટ કરી આપ્યું કે પિતાના હક્કો અદા કરવા અને પિતાને ખુશ કરવું એટલું જ જરૂરી છે જેટલા પ્રમાણમાં માના હક્કને અદા કરવું અને તેમને ખુશ કરવું જરૂરી છે.

અમુક બાળકો પિતાથી ખાસ એટલા માટે નારાજ થઈ જાય છે અને

ભલુ બુરુ બોલે છે કે તેમણે બીજી શાદી કરી હોય છે, આ પૈગામથી તેમણે એ દર્સ લેવો જોઈએ કે પિતાની રઝા તથા ખુશીનો ખયાલ દરેક હાલતમાં જરૂરી છે. ઔલાદના જિમ્મે અલ્લાહે એ કામ નથી રાખ્યું કે પિતાના હક્કોની અદાયગી હક્કદાર હોવા કે ન હોવાનો પોતે ફેંસલો કરે બલ્કે ઔલાદ પર એ ફર્ઝ છે કે પિતાને સદા ખુશ રાખે.

## ★ મા બાપ જન્નત તથા જહન્નમ બંનેવમાં જવાનો સબબ થઈ શકે છે ★

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી મરવી છે કે એક શખ્સે આકાએ નેઅમત ﷺને સવાલ કર્યો, પુત્ર પર માબાપનો શો હક્ક છે ? આપે ફર્માવ્યું : هُمَا جَنَّتُكَ وَنَارُكَ ''તે તમારા માટે જન્નતમાં જવાનો પણ ઝરીયો છે અને જહન્નમમાં જવાનો પણ.'' *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૦૮)*

આજે સામાન્યતઃ મા બાપની ખિદમતને ઘણો જ મહાન બોજ સમજવામાં આવે છે. આવા ખરાબ માહોલના માટે પયગંબરે અમ્ન ﷺનાં ફર્માનો કોઈ અકસીરથી કમ નથી. હુઝૂર ﷺનો કોઈ પણ સાચો ઉમ્મતી કદી પોતાનાં મા બાપોને પોતાના ઉપર બોજ નહીં સમજે બલ્કે તેમની ખિદમત તથા ફર્માંબરદારીને પોતાની દુનિયા તથા આખેરતમાં કામયાબીની ઝમાનત સમજશે.

## ★ જન્નત માના કદમોની નીચે ★

હઝરત મુઆવિયહ બિન જાહિમહથી મરવી છે. તે કહે છે :–

اِنَّ جَاهِمَةَ جَاءَ اِلَى النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ، فَقَالَ: يَا رَسُوْلَ اللهِ، اَرَدْتُ اَنْ اَغْزُوَ وَقَدْ جِئْتُ اَسْتَشِيْرُكَ، فَقَالَ: هَلْ لَكَ مِنْ اُمٍّ؟ قَالَ: نَعَمْ، قَالَ: فَالْزَمْهَا، فَاِنَّ الْجَنَّةَ تَحْتَ رِجْلَيْهَا.

''મારા પિતા (જાહિમહ) નબીએ અકરમ ﷺની પાસે આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું જેહાદમાં જવા ચાહું છું. આપનાથી એના સંબંધે મશ્વરો કરવા આવ્યો છું. આપે ફર્માવ્યું, શું તમારાં મા હયાત છે ?

તેમણે કહ્યું, હા ! આપે ફર્માવ્યું, તેમની ખિદમત કરો, એટલા માટે કે જન્નત તેમના કદમોની નીચે છે.'' *(સુનને નિસાઈ, ૮/૧૧)*

સ્ત્રીઓના હક્કો માટે કામ કરવાવાળી સર્વ સંસ્થાઓની માન્યતાઓ આ એક અઝીમુશશાન ઈર્શાદની સામે તુચ્છ છે. રહમતે આલમ ﷺએ ન કેવળ સ્ત્રીને ઈજ્જતનો મકામ અર્પણ કર્યો બલ્કે તેની ખિદમત તથા આજ્ઞાપાલનને જન્નતમાં પ્રવેશનો ઝરીયો બનાવી દીધો. તેમજ એ પણ જાણવા મળ્યું કે મા બાપની ખિદમત નફ્લ જેહાદથી અફઝલ છે.

## ★ પૈગંબરે અમ્ન ﷺ અને દૂધ મા ★

હઝરત અબૂ તુફૈલ رضی اللہ عنہ વર્ણન કરે છે કે મેં જોયું કે નબીયે અકરમ ﷺ મકામે જિઈર્રાનામાં ગોશ્ત વહેંચી રહ્યા હતા એવામાં એક ખાતૂન તશરીફ લાવ્યાં અને નબી અકરમ ﷺની પાસે પહોંચી ગયાં. આપે આપની ચાદર મુબારક બિછાવી દીધી અને તે એના પર બેસી ગયાં. મેં કહ્યું કે આ ખાતૂન કોણ છે ? લોકોએ જવાબ આપ્યો કે એ સરવરે કાઈનાત ﷺનાં રઝાઈ (દૂધના સંબંધથી)માં છે. *(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૭)*

પયગંબરે અમ્ન ﷺનો આ અમલ સાબિત કરે છે કે આપ જેવી રીતે સગી માને તાઝીમ તથા ઈજ્જતનાં હક્કદાર સમજે છે બિલ્કુલ એ જ પ્રમાણે દૂધમાને પણ ઈજ્જત તથા સન્માનનાં હક્કદાર સમજે છે.

નબીઓના સરદાર થઈને પણ આપ علیہ الصلوۃ والسلامએ આપનાં રઝાઈ માને ઈજ્જતથી નવાઝયાં અને તમામ ઈન્સાનોને એ પયગામ આપી દીધો કે મા ચાહે સગી હોય કે રઝાઈ તે એક નબીના માટે પણ તાઝીમની હક્કદાર છે.

## ★ આકાએ રહમત ﷺએ બાળકોને હક્કોથી નવાઝયા ★

નબી ﷺના દુનિયામાં આગમન (બઅષત) પહેલાં જેવી રીતે મા બાપને કોઈ ખાસ મકામ તથા મર્તબો મળતો ન હતો, એવી જ રીતે ઔલાદ પણ હક્કોથી વંચિત રહ્યા કરતી હતી. સર્વ હક્કો તો એની જગાએ, તેમને જીવવાના હક્કથી પણ વંચિત કરવામાં આવતાં હતાં. મુફલિસીના માર્યા કોઈ ઈન્સાનને ત્યાં જો બાળક જન્મ લઈ લેતું તો તે એ ડરથી બાળકને કત્લ

કરી દેતો હતો કે તેને ખવડાવવા પીવડાવવાની વ્યવસ્થા ક્યાંથી કરશે ?! ખાસ કરીને પુત્રીઓને તેઓ પોતાના માટે નીચા જોણાનો સબબ સમજતા હતા, એટલા માટે પુત્રીઓને જીવતી દફન કરી દેતા હતા. સરવરે આલમ ﷺએ દરેક પેદા થનારા બાળકને સમાજમાં એક વ્યક્તિનું સ્થાન આપ્યું, ચાહે તે છોકરો હોય કે છોકરી અને તેમના માટે હક્કો નિશ્ચિત કર્યા. પ્રથમ ઔલાદના હક્કો વર્ણવવામાં આવી રહ્યા છે પછી પુત્રીઓના હક્કો અલગથી વર્ણવવામાં આવશે.

## ★ પેટમાંના બાળકના કારણે સગર્ભા માનો સર્વ ખર્ચ બાપના જિમ્મે છે ★

જો કોઈએ પોતાની પત્નીને તલાક઼ આપી દીધી પરંતું જો તે સગર્ભા છે તો જ્યાં સુધી બાળકનો જન્મ ન થઈ જાય માનું સર્વ ભરણ પોષણ બાપના માટે છે. કુર્આને મુક઼દ્દસમાં છે :–

وَاِنۡ كُنَّ اُولَاتِ حَمۡلٍ فَاَنۡفِقُوۡا عَلَيۡهِنَّ حَتّٰى يَضَعۡنَ حَمۡلَهُنَّ۔

"અને જો ગર્ભવાળીઓ હોય તો તેણીઓને ભરણ પોષણ આપો ત્યાં સુધી કે તમને બાળક પેદા થઈ જાય." *(સૂ. તલાક઼, આ.૬, કન્ઝુલ ઈમાન)*

વિના શંકાએ આ નબીયે રહમત ﷺની રહમતભરી તાલીમનું જ પરિણામ છે કે ગર્ભમાં બાળકવાળી સગર્ભાનું બાળક કે જે હજી દુનિયામાં આવનાર છે તે પહેલાં એનો ખયાલ કરવામાં આવી રહ્યો છે. તેના સદક઼ામાં તેની માના ભરણ પોષણની જિમ્મેદારી તેના પિતા પર નાખવામાં આવી રહી છે.

## ★ દરેક પેદા થનાર બાળક જીવવાનો હક્ક઼ ધરાવે છે ★

તે જમાનો જેમાં બાળકોને ગરીબાઈના ડરથી મારી નાખવામાં આવતાં હતાં, એવામાં આક઼ાએ રહમત ﷺએ કુર્આની આયતોથી તેમના દિમાગને સાફ કર્યું કે દુનિયામાં આવનાર દરેક જાનદારની રોજી અલ્લાહ તબારક વ તઆલાના કરમના જિમ્મે છે. એટલા માટે એ અંદેશાથી કે તેના ખાવા

પીવાની વ્યવસ્થા નહીં થઈ શકે, તેને કદાપિ ક઼ત્લ કરવામાં ન આવે. કુર્આનનું ફર્માન છે :–

وَمَا مِنۡ دَآبَّةٍ فِي الۡاَرۡضِ اِلَّا عَلَى اللّٰهِ رِزۡقُهَا ۔

"અને જમીન પર ચાલનાર કોઈ એવો નથી જેની રોજી અલ્લાહના કરમના જિમ્મે ન હોય." *(સૂ. હૂદ, આ.૬, કન્ઝુલ ઈમાન)*

એક મક઼ામ પર ફર્માવ્યું :–

وَلَا تَقۡتُلُوۡۤا اَوۡلَادَكُمۡ خَشۡيَةَ اِمۡلَاقٍ ؕ نَحۡنُ نَرۡزُقُهُمۡ وَاِيَّاكُمۡ ؕ اِنَّ قَتۡلَهُمۡ كَانَ خِطۡاً كَبِيۡرًا ۝

"અને તમારી ઔલાદને ક઼ત્લ ન કરો ગરીબીના ડરથી, અમે તમને પણ અને એમને પણ રોજ આપીશું. બેશક ! એમની ક઼ત્લ મહાન ખતા (કબીરા ગુનોહ) છે." *(સૂ. ઈસ્રા, આ. ૩૧, કન્ઝુલ ઈમાન)*

## ★ ગરીબીના ડરથી ઔલાદને મારી નાખવુ મહાન ગુનોહ ★

હઝરત અબ્દુલ્લાહથી મરવી છે, કહે છે : મેં નબી કરીમ ﷺને પૂછયું, કયો ગુનોહ સૌથી મોટો છે ? આપે ફર્માવ્યું, અલ્લાહનો શરીક ઠરાવવું, જ્યારે કે એણે તને પેદા કર્યો છે. મેં કહ્યું, યક઼ીનન ! એ મહાન ગુનોહ છે. મેં કહ્યું, પછી કયો ગુનોહ ? ફર્માવ્યું, પોતાની ઔલાદને એ ડરથી મારી નાખવી કે એના માટે ખાવાની વ્યવસ્થા કરવી પડશે. મેં કહ્યું, પછી કયો ગુનોહ ? ફર્માવ્યું, પડોસીની પત્ની સાથે વ્યભિચાર કરવો."

*(સહીહ બુખારી, ૮/૧૮)*

રસૂલે રહમત ﷺએ એ સ્પષ્ટ કરી આપ્યું કે શિર્ક પછી સૌથી મોટો ગુનોહ ઔલાદને મારી નાખવું છે. ગર્ભમાંના બચ્ચાને મારી નાખવાવાળા, **જાન પડી ગયા પછી જરૂરતને લીધે કે વિના જરૂરતે એબોર્શન કરનાર તથા કરાવનારે પયગંબરે અમ્ન ﷺના આ મહાન પયગામની રોશનીમાં પોતાના કરતૂતોનું નિરીક્ષણ કરીને ભવિષ્યના માટે પોતાની રવિશ બદલી નાખવી જોઈએ.**

## ★ બાળકો પણ વારસાનાં હક્કદાર છે ★

પહેલાં વારસાની વહેંચણી માટે કોઈ કાયદો કે બંધારણ હતું નહીં. જે કમજોર હોતો તે વારસાથી વંચિત રહી જતો અને જે પહોંચવાળો હોતો તે વારસા પર કબજો જમાવી લેતો. જો પુત્રોને કદી વારસાનો હિસ્સો મળી પણ જતો તો પુત્રીઓને વંચિત કરી દેવામાં આવતી. સરવરે દો આલમ ﷺએ કુર્આની હુકમના પ્રમાણે સૌના હિસ્સા નિશ્ચિત કર્યા. ફર્માને બારી તઆલા છે :–

يُوصِيكُمُ اللّٰهُ فِيٓ اَوْلَادِكُمْ ۚ لِلذَّكَرِ مِثْلُ حَظِّ الْاُنْثَيَيْنِ ۚ فَاِنْ كُنَّ نِسَآءً فَوْقَ اثْنَتَيْنِ فَلَهُنَّ ثُلُثَا مَا تَرَكَ ۚ وَاِنْ كَانَتْ وَاحِدَةً فَلَهَا النِّصْفُ۔

"અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદના બારામાં, પુત્રનો હિસ્સો બે પુત્રીઓના બરાબર પછી જો એકલી છોકરીઓ જ હોય ભલે બેથી ઉપર તો તેમની વારસાનો ૨/૩ અને એક પુત્રી તો તેને અડધુ."

*(સૂ. નિસાઅ, આ.૧૧, કન્ઝુલ ઈમાન)*

માનવ અધિકારની વાતો કરનારા કેટલાય દેશો આજ સુધી ઔલાદને સહીહ હક્કો નથી અપાવી શક્યા. ખાસ કરીને છોકરીઓના હવાલાથી તેમની કહેવાતી ન્યાયી જીભો  ખામોશ છે. પરંતુ કુર્બાન જાવ પયગંબરે અમ્ન ﷺ પર કે આપ ન કેવળ છોકરાઓને વારસાના હક્દાર ઠરાવી રહ્યા છે બલ્કે છોકરીઓને પણ તેમની જરૂરતના મુજબ છોકરાઓના હક્કનુ અડધુ અપાવી રહ્યા છે.

## ★ કેળવણી, ઉછેર, ખવડાવવું પીવડાવવું એ બાપ પર ઔલાદનો હક્ક છે ★

જ્યાં સુધી બાળકો પુખ્ત (બાલિગ) તથા ખુદ પોતાના પગ પર ઉભા ન થઈ જાય ત્યાં સુધી તેમની પરવરિશ કરવી અને તેમના માટે ખાવા પીવાની વ્યવસ્થા કરવી, તેમની તાલીમ તથા કેળવણીની યોગ્ય વ્યવસ્થા કરવી, સૈયદે આલમ ﷺએ બાપની જિમ્મેદારીઓમાં સામેલ કરેલ છે.

એમાં ખાસ ખૂબી એ છે કે જાહેર રીતે આ દુનિયવી કામો લાગે છે પરંતું આકાએ રહમત ﷺએ એને ઈબાદત તથા સવાબનું કામ ઠરાવી દીધું છે. કુર્આનનો હુકમ છે :–

لِيُنْفِقْ ذُوْ سَعَةٍ مِّنْ سَعَتِهٖ ؕ وَمَنْ قُدِرَ عَلَيْهِ رِزْقُهٗ فَلْيُنْفِقْ مِمَّاۤ اٰتٰىهُ اللّٰهُ ؕ لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا مَاۤ اٰتٰىهَا ؕ

"હેષિયતવાળો પોતાની હેષિયતના મુજબ ભરણ પોષણ આપશે અને જેના પર એની રોજી તંગ કરવામાં આવી તે એમાંથી ભરણપોષણ આપે જે એને અલ્લાહે આપ્યું. અલ્લાહ કોઈ જાન પર બોજ નથી રાખતો પણ એના મુજબ જેટલુ એને આપેલ છે." *(સૂ. તલાક઼, આ.૭, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબૂ મસઊદ رضی اللہ عنہ રિવાયત કરે છે કે નબીએ અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِذَا اَنْفَقَ الرَّجُلُ عَلٰى اَهْلِهٖ يَحْتَسِبُهَا فَهُوَ لَهٗ صَدَقَةٌ ۔

"જ્યારે કોઈ શખ્સ સવાબની નિય્યતથી પોતાનાં ઘરવાળાંઓ પર ખર્ચ કરે છે તો એના પર એને સદક઼ાનો સવાબ મળે છે." *(સહીહ બુખારી, ૧/૨૦)*

મોહસિને ઈન્સાનિયત નબીયે રહમત ﷺની આ રહમતભરી સોચ છે કે ઘરવાળાં તથા ઔલાદ પર ખર્ચ કરવાને નેકીઓ પામવાનો એક મહાન ઝરીયો બનાવી દીધો છે. એક બાપ પોતાની ઔલાદના ખર્ચાની ફિકર કરે તો એ ન વિચારે કે ટેન્શન પાળી રહ્યો છે, અને ન તો એવું વિચારે કે દુનિયાનાં કામો કરી રહ્યો છે, બલ્કે જો તે પોતાની નિય્યત સુધારી લે તો ઔલાદની ફિકર એ પોતાની દીનદારી ફિકર છે અને બિલ્વાસ્તા દીનદારીનું કામ છે.

## ★ તાલીમ તથા કેળવણી માબાપની પાયાની જિમ્મેદારી ★

બાળકોની જિંદગી કામયાબ બનાવવા માટે તેમને ઈલ્મ તથા અદબનાં અલંકારથી સજાવવાં બેહદ જરૂરી છે. એટલા માટે આકાએ કરીમ ﷺએ મા બાપની જિમ્મેદારી ઠરાવી દીધી છે કે ઔલાદની તાલીમ તથા તર્બિયતની વ્યવસ્થા કરે.

હઝરત અબૂ રાફેઅ رضي الله عنه ફર્માવે છે કે મેં સરકારે રહમત ﷺની ખિદમતે આલિયામાં અર્ઝ કરી, જેવી રીતે બાળકો પર અમારો હક્ક઼ છે તો શું અમારા પર બાળકોનો હક્ક઼ છે ? આપે ફર્માવ્યું :–

نَعَمْ، حَقُّ الْوَلَدِ عَلَى الْوَالِدِ اَنْ يُّعَلِّمَهُ الْكِتَابَةَ وَالسِّبَاحَةَ وَالرَّمْىَ، وَاَنْ يُّؤَدِّبَهُ طَيِّبًا۔

"હા ! બાપ પર બેટાનો હક્ક઼ એ છે એને લખવાનુ, વાંચવાનું, તરવાનુ તથા તીરંદાઝી શીખવાડે અને તેની ઉમદા કેળવણી કરે."

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૧/૧૩૬)*

એ દૌરમાં એ કળાઓ (તરવું, તીરંદાઝી)ની જરૂરત વધુ હતી એટલા માટે એ ઈલ્મો તથા કળાઓની તાલીમની જિમ્મેદારી બાપને સોંપવામાં આવી હતી. સમયની તબદીલીના એતબારથી તક઼ાઝા બદલતા રહે છે જેથી દરેક જમાનાના એતબારથી જે ઈલ્મો તથા કલાઓ શરીઅતની રૂએ ફર્ઝ, વાજિબ, અથવા મુબાહ છે અને એની જરૂરત બાળકોને તેમની જિંદગીમાં પડનારી છે, તેમની તાલીમ તથા કેળવણીની વ્યવસ્થા પોતાની હૈષિયત પ્રમાણે કરવી બાપની જિમ્મેદારી છે.

એક અન્ય હદીષ હઝરત જાબિર બિન સમુરહ رضي الله عنهથી મરવી છે કે મોઅલ્લિમે કાઈનાત હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَاَنْ يُّؤَدِّبَ الرَّجُلُ وَلَدَهُ خَيْرٌ لَّهُ مِنْ اَنْ يَّتَصَدَّقَ بِصَاعٍ۔

"માણસનું પોતાની ઔલાદને અદબ શીખવાડવું એક સાઅ સદક઼ો કરવાથી અફઝલ છે." *(તિર્મિઝી શરીફ, ૪/૩૩૭)*

એ જ પ્રમાણે હઝરત અમ્ર બિન સઈદ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈએ પોતાના બાળકને કોઈ એવી બખ્શિશ નથી આપી જે સારા અદબથી વધીને હોય. *(તિર્મિઝી શરીફ, ૪/૩૩૮)*

ઘણાં બધાં મા બાપો ઔલાદની સાથે અતિશય લાડ પ્યાર કરે છે, શ્રેષ્ઠ ખાણા ખવડાવે છે, ઉમદા પ્રકારનાં કપડાં પહેરાવે છે, પરંતુ તેમની

તાલીમ તથા કેળવણીની ફિકર નથી કરતાં તેમણે હુઝૂર ﷺનાં આ ફર્માનોથી સબક઼ લેવો જોઈએ કે એમના આ લાડ પ્યાર કરતાં વધુ અવલાદને તેમની તાલીમ તથા તર્બિયતની જરૂરત છે. વિના શંકાએ તાલીમ તથા તર્બિયતનો હક઼ અન્ય હક઼ો પર ભારી છે. કેવળ સારું ખવડાવવા અને પહેરાવવાની ફિકર કરવાથી ઔલાદના હક઼ો અદા નથી થઈ જતા, બલ્કે તેમની શ્રેષ્ઠ તાલીમ તથા તર્બિયતની ફિકર તથા ઉમદા વ્યવસ્થાઓ કરવી પડશે.

## ★ બાળકોને દીનદાર બનાવવાં મા બાપની જિમ્મેદારી ★

ઔલાદ ઈસ્લામના હુકમો પર કાર્યરત રહે અને ઈસ્લામી જીવન પધ્ધતિથી જીવન ગુજારે એનો ખયાલ રાખવો પણ મા બાપની જિમ્મેદારી ઠરાવવામાં આવી. જો મા બાપે એનો ખયાલ ન કર્યો તો ક઼યામતના દિવસે તેમની એના બારામાં બાક઼ાયદા પૂછતાછ થશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

كُلُّكُمْ رَاعٍ وَكُلُّكُمْ مَسْئُولٌ عَنْ رَعِيَّتِهِ اَلْاِمَامُ رَاعٍ وَّمَسْئُولٌ عَنْ رَّعِيَّتِهِ وَالرَّجُلُ رَاعٍ فِيْ اَهْلِهِ وَهُوَ مَسْئُولٌ عَنْ رَّعِيَّتِهِ وَالْمَرْأَةُ رَاعِيَةٌ فِيْ بَيْتِ زَوْجِهَا وَمَسْئُولَةٌ عَنْ رَعِيَّتِهَا ۔

''દરેક (કોઈ ન કોઈનો) જિમ્મેદાર છે અને દરેક જણાને (ક઼યામતના દિવસે) તેમના હાથ હેઠળનાઓ વિશે સવાલો થશે. પુરૂષ પોતાનાં ઘરવાળાંઓનો જિમ્મેદાર છે અને તેને તેના હાથ નીચેનાઓ વિશે પૂછવામાં આવશે. સ્ત્રી પોતાના પતિના ઘરમાં (પોતાની ઔલાદ)ની જિમ્મેદાર છે અને તેને એના સંબધે પૂછવામાં આવશે.'' *(સહીહ બુખારી, ૨/૫)*

આ હદીષે પાકમાં સમાજની દરેક વ્યક્તિને પોત પોતાની જિમ્મેદારી નિભાવવાની તાલીમ આપવામાં આવી છે. કારણ એ છે કે સમાજની દરેક વ્યક્તિ જો પોતાની જિમ્મેદારી નિભાવશે તો સમાજ અમ્નો શાંતિનો ગુલશન

બની જશે, અને જો એકબીજાની હક્કતલફી કરવામાં આવી તો સમાજમાંથી અમ્નો સુકૂન ઉઠી જશે.

## ★ ઔલાદમાં સમાનતાનો ખયાલ ★

સરવરે કાઈનાત ﷺએ માબાપની જિમ્મેદારી ઠરાવી છે કે પોતાનાં સર્વ બાળકોની સાથે સમાન વર્તાવ કરે અને તેમની દરમિયાન ઈન્સાફ કરે.

હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہથી મરવી છે કે તેમના પિતા તેમને લઈને સરવરે આલમ ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, મેં મારા આ બાળકને એક ગુલામ આપ્યો છે. હુઝૂર ﷺએ પૂછયું કે શું તમે તમારા દરેક બાળકને ગુલામ આપ્યો છે ? તેમણે કહ્યું, નહીં ! આપે ફર્માવ્યું કે એની પાસેથી પણ પરત લઈ લો. *(સહીહ બુખારી, ૩/૧૫૭)*

જાણવા મળ્યું કે નવાઝિશો તથા એહસાનો કરવામાં પણ ઔલાદની વચ્ચે બરાબરીનો મામલો કરવો જોઈએ. જ્યારે નવાઝિશોનો આ મામલો છે. તો જરૂરીયાતો તથા જરૂરની ચીજોમાં બરાબરી કરવી અને અદ્લો ઈન્સાફનો દામન થામેલો રાખવો કેટલા પ્રમાણમાં જરૂરી છે, એ સમજી શકાય છે.

## બાળકીઓને પયગંબરે અમ્ન ﷺએ નવી જિંદગી અતા ફર્માવી

સરવરે આલમ ﷺની જલ્વાગરીથી પહેલાં જે કમજોરોને સિતમનો શિકાર બનાવવામાં આવતાં હતાં તેમનામાં બાળકીઓ ક્રમમાં અગ્ર સ્થાને હતી. કોઈને ત્યાં બાળકીનો જન્મ થઈ જતો તો તેની કૈફિયત શું થતી એને કુર્આને આ પ્રમાણે વર્ણવેલ છે :–

وَاِذَا بُشِّرَ اَحَدُهُمْ بِالْاُنْثٰى ظَلَّ وَجْهُهٗ مُسْوَدًّا وَّهُوَ كَظِيْمٌ ۝ يَتَوَارٰى مِنَ الْقَوْمِ مِنْ سُوْٓءِ مَا بُشِّرَ بِهٖ ؕ اَيُمْسِكُهٗ عَلٰى هُوْنٍ اَمْ يَدُسُّهٗ فِى التُّرَابِ ؕ اَلَا سَآءَ مَا يَحْكُمُوْنَ ۝

"અને જયારે એમનામાંથી કોઈને પુત્રી થવાની ખુશખબરી આપવામાં આવે છે તો દિવસભર તેનું મોં કાળુ રહે છે અને ગુસ્સામાં રહે છે, લોકોથી છુપાતો ફરે છે આ બશારતની બુરાઈના સબબ ! શું એને બેઈજ્જતીની સાથે રાખશે કે એને માટીમાં દબાવી દેશે. અરે ! ઘણો જ બુરો હુકમ લગાડે છે." *(સૂ. નહ્લ, આ. ૫૮, કન્ઝુલ ઈમાન)*

બાળકીઓના જન્મને એટલા પ્રમાણમાં મન્હૂસ સમજવામાં આવતો હતો કે માણસ એમાં જ ભલાઈ સમજતો હતો કે તેમને જીવતી દફન કરી દે, પરંતુ સૈયદે આલમ ﷺએ એમની એવી દિમાગી તર્બિયત કરી કે બાળકીઓને એવો ઊંચો મક઼ામ અતા કર્યો કે લોકો બાળકીઓના બાપ હોવામાં પોતાની નેક નસીબી મેહસૂસ કરવા લાગ્યા હતા. પરંતુ આજે સંજોગો ફરી બદલાય રહ્યા છે. પૂરી દુનિયામાં ખૂબ જ ખામોશીની સાથે આ જેહાલત ફરીથી જીવતી થઈ રહી છે. એનો ઈલાજ પયગંબરે અમ્ન ﷺની તા'લીમતને અપનાવીને જ થઈ શકે છે.

## ★ પુત્રી પર પુત્રને અગ્રતા ન આપવામાં આવે ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે આક઼ાએ રહમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اللہ تعالیٰ علیہ وسلم نے ارشاد فرمایا: مَنْ كَانَتْ لَهُ أُنْثَى فَلَمْ يَئِدْهَا وَلَمْ يُهِنْهَا وَلَمْ يُؤْثِرْ وَلَدَهُ عَلَيْهَا أَدْخَلَهُ اللَّهُ الْجَنَّةَ۔

"જેની પાસે પુત્રી હોય અને તેણે તેને જીવતી ન દફનાવી, ન તો તેને હલકી જાણી, અને ન તો પોતાના પુત્રોને એના પર અગ્રતા આપી, અલ્લાહ તેને જન્નતમાં દાખલ ફર્માવશે." *(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૭)*

પયગંબરે અમ્ન ﷺની તાલીમ એ છે કે પુત્રીઓની સાથે પુત્રોના સમાન સદવર્તાવ કરવામાં આવે, તેમની તાલીમ તથા તર્બિયત (કેળવણી)માં પુત્રોની જેમ કોશિશ કરવામાં આવે અને તેને ક્યાંય પણ એ એહસાસ ન થવા દેવામાં આવે કે પુત્રો તેના કરતાં અધિક પ્યારા છે.

## ★ પુત્રીઓનો ઉછેર જન્નતમાં પ્રવેશનો ઝરીઓ ★

અરબવાસીઓ જેઓ પુત્રીઓને પોતાના માટે ઝેહમત સમજતા હતા તેમની સમક્ષ નબીએ રહમત ﷺએ પુત્રીઓને મહાન રહમતના સ્વરૂપમાં પેશ કરી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ عَالَ ثَلَاثَ بَنَاتٍ فَأَدَّبَهُنَّ وَزَوَّجَهُنَّ وَأَحْسَنَ إِلَيْهِنَّ فَلَهُ الْجَنَّةُ۔

"જેણે ત્રણ બાળકીઓની પરવરિશ કરી, તેમને અદબ શીખવી, તેમના નિકાહ કરી આપ્યા અને તેમની સાથે બેહતર વર્તાવ કર્યો તો તેના માટે જન્નત છે." *(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૮)*

જાણવા મળ્યું કે પુત્રી એ ઝેહમત નથી પણ સરાપા રહમત છે. જેની પાસે પુત્રીઓ જેટલા પ્રમાણમાં વધુ છે તેનું નસીબ એટલા જ પ્રમાણમાં રોશન છે. પુત્રીઓને બોજ સમજીને પરવરિશ કરવાવાળાઓ પોતાની સોચની સુધારણા કરી લે, તો એ પરવરિશ તેમની આખેરતની કામયાબીની જામિન બની જાય છે.

## ★ પુત્રીઓને પુત્રો પર ફઝીલત મળી શકતી હતી ★

બાળકોને સગવડો પૂરી પાડવામાં અને તેમના માટે ખાવા પીવાની વ્યવસ્થા કરવાના સંબંધે સમાનતાનો ખયાલ રાખવો જરૂરી ઠરાવવામાં આવેલ છે. જે વ્યવસ્થા એક બાળક માટે કરવામાં આવે તેવી જ સૌના માટે કરવામાં આવે. આ જ આક઼ાએ રહમત ﷺની તાલીમ છે. અલ્બત્ત પુત્રીઓના હક્ક઼ોને નિશ્ચિત કરવા માટે આપે ફર્માવ્યું કે ઔલાદમાં જો કોઈને અગ્રતા આપી શકાતી તો પુત્રીઓ અગ્રતા પામવાની અધિક હક્ક઼દાર હતી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે સરકારે કાઈનાત ﷺએ ફર્માવ્યું :–

سَوُّوْا بَيْنَ اَوْلَادِكُمْ فِي الْعَطِيَّةِ فَلَوْ كُنْتُ مُفَضِّلًا اَحَدًا لَفَضَّلْتُ النِّسَاءَ۔

"લેણ દેણના મામલામાં તમારાં બાળકોમાં સમાનતાનો ખયાલ રાખો. જો કોઈને હું અગ્રતા આપતો તો બાળકીઓને અગ્રતા આપતો."

*(અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૮/૨૯૪)*

## ★ પુત્રીઓ જહન્નમથી નજાતનો ઝરીયો છે ★

હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاથી મરવી છે. આપ ફર્માવે છે કે એક સ્ત્રી મારી પાસે માગવા આવી જેની સાથે બે પુત્રીઓ હતી. તેણીને મારી પાસેથી એક ખજૂર સિવાય કાંઈ ન મળ્યું. જ્યારે મેં તેને તે ખજૂર આપ્યું તો તેણીએ તેને તેની બે પુત્રીઓની વચ્ચે એને વહેંચી આપ્યું અને એમાંથી પોતે કાંઈ પણ ન ખાધુ. પછી એ જતી રહી. જ્યારે આકાએ કૌનેન ﷺ તશરીફ લાવ્યા તો મેં તેમના આ બારામાં બતાવ્યું. આપે ફર્માવ્યું :–

مَنِ ابْتُلِيَ مِنْ هَذِهِ الْبَنَاتِ بِشَيْءٍ كُنَّ لَهُ سِتْرًا مِنَ النَّارِ۔

"જેને બાળકીઓ થકી અજમાવવામાં આવ્યો તે એના માટે જહન્નમથી આડ બનશે." *(સહીહ બુખારી, ૨/૧૧૦)*

પયગંબરે અમ્ન ﷺની આ તાલીમાતની એ અસર થઈ કે થોડાક જ દિવસોમાં અરબોની કાયા પલટાઈ ગઈ. જેઓ બાળકીઓને જીવતી દાટી દેતા હતા તેઓ બાળકીઓના ઉછેરમાં આગળ વધીને હિસ્સો લેવા લાગ્યા અને તેમની દેખરેખ તથા બેહતર તાલીમ તથા તર્બિયતને પોતાની નજાત તથા મગફિરતનો ઝરીયો સમજવા લાગ્યા.

બાળકીઓની જરૂરીયાત તથા આવશ્યકતાઓની પરીપૂર્ણતાના બારામાં જ્યારે પરેશાનીઓનો સામનો થાય છે તો માબાપ પોતાની કિસ્મતને કોસવા માંડે છે તેમજ બાળકીઓને બુરુ કહેવા મંડી પડે છે, તેમણે પયગંબરે અમન ﷺની તાલીમાતને અપનાવવાની સખત જરૂરત છે.

## પયગંબરે અમ્ન ﷺએ બહેનોના હક્કો મેહફૂઝ કર્યા

નબીએ આખિરુઝ્ઝમાં ﷺએ ભાઈઓ પર બહેનોના હક્કો નિશ્ચિત કર્યા છે અને જે શખ્સ પોતાની બહેનોની સાથે સદ્વર્તાવ કરે તેના માટે અજ્રો સવાબની બશારત આપી છે બલ્કે તે હદીષેપાક જેમાં આકાએ કૌનેન ﷺએ માબાપના મૃત્યુ પછી તેમની સાથે સદ્વર્તાવનો તરીકો એ બતાવ્યો કે તે સગાઈઓ કાયમ રાખવામાં આવે જે માબાપના થકી જ કાયમ થઈ શકે છે એમાં સૌ પ્રથમ બહેનોનું સ્થાન આવે છે.

### ★ બહેનની સાથે સદવર્તાવ સદકાથી અફઝલ ★

હઝરત મૈમૂના رضی اللہ عنہاએ નબીયે અકરમ ﷺથી પોતાની બાંદીને આઝાદ કરવાના સંબંધે પૂછયું તો આપે ફર્માવ્યું :–

اَرَاَيْتِ جَارِيَتَكِ الَّتِي كُنْتِ اسْتَأْمَرْتِنِي فِي عِتْقِهَا اَعْطِيْهَا اُخْتَكِ وَصِلِي بِهَا رَحِمَهَا تَرْعٰى عَلَيْهَا فَاِنَّهٗ خَيْرٌ لَكِ۔

"તમે જે બાંદીના સંબંધે આઝાદ કરવાની મારાથી ઈજાઝત માગી હતી તેને તમારી બહેનના હવાલે કરી દો, અને આ રીતે એમની સાથે સિલએ રહમી (સગાં સાથે સદ્વર્તાવ) કરો. તે બાંદી એમની ખિદમત કરશે એ તમારા માટે અધિક બેહતર છે." *(મોઅત્તા માલિક, ૨/૧૪૫)*

જે મામલામાં પણ સગાંઓ સાથે હુસ્ને સુલૂક (સદ્વર્તન)નો હુકમ છે એમાં બહેન અધિક હક્કદાર છે, એટલા માટે કે તે સૌથી વધુ નિકટની સગી હોય છે. ખાસ કરીને મા બાપના ઈન્તેકાલ પછી તેમની સાથે સદ્વર્તાવનો અધિક ખયાલ રાખવો જોઈએ.

### ★ બહેનની પરવરિશ પુત્રીની પરવરિશના બરાબર છે ★

પુત્રીઓની પરવરિશ અને તેમની સાથે સદ્વર્તાવ પર જન્નતનો

વાયદો કરવામાં આવ્યો છે, એ જ રીતે બહેનોની પરવરિશ અને તેમના સાથે હુસ્ને સુલૂક (સદ્વર્તાવ) પણ જન્નતમાં લઈ જનારો અમલ છે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે સરવરે આલમ ﷺએ ફર્માવ્યું :

لَا يَكُوْنُ لِاَحَدٍ ثَلَاثُ بَنَاتٍ، اَوْ ثَلَاثُ اَخَوَاتٍ، اَوْ ابْنَتَانِ، اَوْ اُخْتَانِ، فَيَتَّقِي اللهَ فِيْهِنَّ وَيُحْسِنُ اِلَيْهِنَّ اِلَّا دَخَلَ الْجَنَّةَ۔

"જેની ત્રણ પુત્રીઓ અથવા ત્રણ બહેનો હોય અથવા બે પુત્રીઓ અને બે બહેનો હોય, તે એમના બારામાં અલ્લાહથી ડરે અને તેમની સાથે સદ્વર્તાવ કરે તો જન્નર્તમાં દાખલ થશે." *(મુસ્નદે અહમદ, ૧૭/૪૭૬)*

ક્યારેક બહેનોની દેખભાળની જિમ્મેદારી પિતાના મૃત્યુ બાદ અથવા પતિઓના તલાક઼ બાદ ભાઈઓ પર આવી જાય છે તો તેઓ સખત બોજ મેહસૂસ કરે છે અને જિમ્મેદારી સ્વીકારવાથી કતરાય છે. તેમણે પયગંબરે અમ્ન ﷺના આ ફર્માનને લક્ષમાં રાખીને પોતાની ઈસ્લાહની જરૂરત છે.

## ★ મૃત્યુ પછી પણ બહેનો સદ્વર્તાવની હક્ક઼દાર ★

કોઈની બહેનનો ઈન્તેક઼ાલ થઈ જાય અને તેના માથે કરજ હોય અથવા તેની કોઈ ઈબાદત ક઼ઝા થઈ ગઈ તો તેને અદા કરવું એ મૃત્યુ બાદ તેણી સાથે સદવર્તાવ છે, એ જ પ્રમાણે તેની ઔલાદની ખૈરગીરી (ભલાઈ માટે કોશિશ) કરવી અને તેમની કફાલત કરવી (જિમ્મેદારીમાં લેવાં) પણ બહેનની સાથે સદ્વર્તાવ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما વર્ણવે છે :–

جَاءَتِ امْرَأَةٌ اِلَى النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ: يَا رَسُوْلَ اللهِ اِنَّ اُخْتِيْ مَاتَتْ وَعَلَيْهَا صِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ، قَالَ: اَرَاَيْتِ لَوْ كَانَ عَلَى اُخْتِكِ دَيْنٌ، اَكُنْتِ تَقْضِيْنَهُ؟ قَالَتْ: بَلٰى، قَالَ: فَحَقُّ اللهِ اَحَقُّ۔

"એક સ્ત્રી નબી અકરમ ﷺની બારગાહમાં આવી અને અર્ઝ કરી

યા રસૂલલ્લાહ ! ﷺ મારી બહેનનો ઈન્તેક઼ાલ થઈ ગયો છે અને તેના માથે સતત બે મહિનાના રોઝા બાકી હતા. (તો શું હું કાંઈ કરી શકુ છું ?) નબીયે અકરમ ﷺએ ફર્માવ્યું, એના બારામાં તમારો શો ખયાલ છે કે જો તમારી બહેનના માથે દેવું બાકી હોત તો શું તમે એ કરજને અદા કરત ? તેમણે કહ્યું, હા ! આપે ફર્માવ્યું, તો અલ્લાહનો હક્ક઼ અદા કરવામાં આવે એ વધુ જરૂરી છે.'' *(સુનને ઈબ્ને માજહ, ૧/૫૫૯)*

જ્યારે બહેનની છૂટી ગયેલી ઈબાદતની ફિકર કરવી જોઈએ તો પછી તેની છોડેલી ઔલાદની ફિકર કરવી કેટલા અંશે જરૂરી છે, એનો સરળતાથી અંદાઝો થઈ શકે છે.

## ★ નબી અકરમ ﷺનો પોતાની દૂધ બહેન સાથે સદ્‌વર્તાવ ★

નબી અકરમ ﷺનાં સગાં ભાઈ બહેન ન હતાં બલ્કે જે પણ હતાં તે દૂધ ભાઈ બહેન હતાં. હઝરત હલીમા સઅદિયાની પુત્રી શીમા બિન્તે હારિષ પણ પોતાની મા સાથે બચપનમાં નબી કરીમ ﷺની ખિદમત કર્યા કરતાં હતાં.

જંગે અવતાસમાં જે કૈદી ગિરફતાર થયા હતા એમાં સરવરે કાઈનાત ﷺની દૂધ બહેન શીમા બિન્તે હારિષ પણ હતાં. તેમણે મુસલમાન ફોજને કહ્યું, હું તમારા નબીની બહેન છું. મુસલમાન તેમને ઓળખ માટે નબી કરીમ ﷺની બારગાહમાં લાવ્યા, તો તેમણે હુઝૂર ﷺને કહ્યું, હું આપની રઝાઈ (દૂધ) બહેન છું. આપે પૂછયું, એની શું નિશાની છે ? તેમણે કહ્યું કે આપને યાદ હશે કે બચપનમાં મેં આપને મારી પીઠ પર ઉઠાવ્યા હતા તો આપે મારી પીઠ પર દાંત વડે કરડી લીધું હતું. નબી અકરમ ﷺએ તેમને ઓળખી લીધાં. પોતાની ચાદર મુબારક જમીન પર બિછાવીને તેમને બેસાડયાં અને તેમની ઈજ્જત કરી. પછી આપે તેમને કહ્યું, જો ચાહો તો મારી પાસે જ રહી જાવ, અહીં તમને કોઈ તકલીફ થશે નહીં, અને જો ચાહો તો મારી તરફથી અમુક તોહફા સ્વીકારી લો અને તમારી ઘેર પરત ચાલ્યાં જાવ. તેમણે કહ્યું, હું ઘરે પરત જવા ચાહું છું.

નબી અકરમ ﷺએ તેમને કેટલાંક ઊંટ તથા બકરીઓ આપી અને કહ્યું કે તમો જઈ શકો છો. *(સીરતે ઈબ્ને હિશામ, ૨/૪૫૮)*

સગી બહેન તો સગી બહેન છે, એનો હક્ક઼ તો ઘણો જ ઊંચો છે, નબીયે રહમત ﷺએ પોતાના કિરદાર વડે એ સબક઼ આપી દીધો કે દૂધ બહેનના હક્કો પણ ભૂલાવી શકાતા નથી તેમજ રઝાઈ બહેન પણ સગી બહેનની જેમ માન સન્માન તથા હક્ક઼ોની અદાયગીની હક્ક઼દાર છે.

## ★ બહેનોની દેખરેખના માટે વિધવાથી શાદી ★

નબીયે રહમત ﷺના ફયઝવાળા ઝરણાથી તૃપ્ત થનાર સહાબાએ કિરામ પર સરવરે કાઈનાત ﷺની તાલીમાતની અસર કેટલા પ્રમાણમાં થતી હતી એને આ બનાવમાં જુઓ.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ વર્ણવે છે : હું નબી કરીમ ﷺની સાથે એક ગઝવહમાં હતો. મારું ઊંટ થાકીને બેસી પડયું. એટલામાં મારી પાસે નબીયે અકરમ ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું : જાબિર ! મેં અર્ઝ કરી, હુઝૂર ! હાજર છું. ફર્માવ્યું, શું થયું ? મેં કહ્યું, મારું ઊંટ થાકીને બેસી પડયું છે, ચાલતુ નથી એટલે હું પાછળ રહી ગયો છું. આપ પોતાની સવારી પરથી ઉતર્યા અને મારા ઊંટને એક ટેઢા મુંહવાળી લાકડી વડે હાંકવા લાગ્યા અને કહ્યું કે હવે સવાર થઈ જા ! હું સવાર થઈ ગયો. હવે તે એ રીતે ઝડપથી ચાલવા લાગ્યું કે મારે તેને રસૂલુલ્લાહ ﷺની બરાબર પહોંચાડવાથી રોકવું પડતું.

આક઼ાએ રહમત ﷺએ પૂછયું, જાબિર ! તેં શાદી કરી લીધી ? મેં અર્ઝ કરી જી હા ! ફર્માવ્યું કોઈ કુંવારી છોકરી સાથે કરી છે કે વિધવાથી ? મેં અર્ઝ કરી, મેં તો એક વિધવા સાથે કરી છે. ફર્માવ્યું, કોઈ કુંવારી છોકરી સાથે કેમ ન કરી કે તમે એની સાથે ખેલતા અને તે પણ તમારી સાથે ખેલતી. મેં અર્ઝ કર્યું, મારી કેટલીય બહેનો છે એટલા માટે મેં એ જ પસંદ કર્યું કે એવી સ્ત્રી સાથે શાદી કરું જે એમને ભેગી રાખે, તેમના વાળોમાં કાંસકો કરે અને તેમની દેખભાળ કરે. આક઼ાએ રહમત ﷺએ ફર્માવ્યું, હવે તમો ખૈરો આફિયતથી ઘરે પહોંચીને ખૂબ મજા ઉડાડજો.

ત્યારબાદ ફર્માવ્યું, શું તમો તમારું ઊંટ વેચશો ? મેં કહ્યું, જી હા ! આપે એક ઔક઼િયા ચાંદીમાં ખરીદી લીધું. આપ મારાથી પહેલાં જ મદીના પહોંચી ગયા હતા અને હું બીજા દિવસે સવારે પહોંચ્યો. પછી જ્યારે હું મસ્જિદે આવ્યો તો હુઝૂર ﷺ મસ્જિદના દરવાજા પર મળ્યા. આપે પૂછયું, શું હમણા આવ્યા છો ? મેં અર્ઝ કરી કરી, જી હા ! તો તમારું ઊંટ છોડી દો અને મસ્જિદમાં જઈને બે રકાત નમાઝ પઢો. મેં અંદર જઈને નમાઝ પઢી. આપે હઝરત બિલાલ رضی اللہ عنہને હુકમ આપ્યો કે મારા માટે એક ઔક઼િયા ચાંદી તોલી આપે. તેમણે એક ઔક઼િયા ચાંદી નમતે પલ્લે તોલી આપી. હું પીઠ ફેરવીને ચાલ્યો તો આપે ફર્માવ્યું, જાબિરને જરા બોલાવો ! મેં વિચાર્યું કે કદાચ હવે મારું ઊંટ પાછુ મને પરત કરશે, જો કે એનાથી વધુ નાપસંદ મારા માટે અન્ય કોઈ ચીજ ન હતી. સરવરે આલમ ﷺએ ફર્માવ્યું કે આ તમારું ઊંટ લઈ જાવ અને એની કિંમત પણ તમારી છે. *(સહીહ બુખારી, ૩/૬૨)*

હઝરત જાબિર رضی اللہ عنہ કુંવારા હતા પરંતુ તેમણે પોતાની બહેનના ખાતર કુંવારી સાથે શાદી ન કરતાં વિધવા સાથે શાદી કરી જેથી એ સ્ત્રી તેમની બહેનોની સારી રીતે દેખભાળ કરી શકે, લગભગ એટલા માટે જ સરવરે આલમ ﷺએ તેમને ઊંટની કિંમત પણ આપી દીધી અને ઊંટ પણ ભેટમાં આપી દીધું.

## પયગંબરે અમ્ન ﷺએ ભાઈઓના હક઼્ક઼ો નિશ્ચિત કર્યા

જેવી રીતે ભાઈ પર બહેનના હક઼્ક઼ો છે એ જ પ્રમાણે બહેન પર પણ ભાઈના હક઼્ક઼ો છે, તેમજ એક ભાઈના બીજા ભાઈ પર પણ એ જ પ્રમાણે હક઼્ક઼ો છે. આ સરવરે કાઈનાત ﷺની જ ઝાત છે જેમણે દરેક નાના મોટાને તેના હક઼્ક઼ો અપાવ્યા અને સૌના હક઼્ક઼ોને સુરક્ષિત કરીને દુનિયામાં અમ્ન સ્થાપ્યો.

## ★ સૈયદે આલમ ﷺએ ભાઈઓની સાથે સદ્વર્તાવનો હુકમ આપ્યો ★

હઝરત અબૂ રમષા رضی اللہ عنہથી મરવી છે. તે કહે છે કે, હું નબીયે

રહમત ﷺની પાસે ગયો તો મેં આપને ફર્માવતાં સાંભળ્યા :–

بَرَّ اُمَّكَ وَاَبَاكَ وَاُخْتَكَ وَاَخَاكَ ثُمَّ اَدْنَاكَ اَدْنَاكَ۔

"પોતાની મા સાથે બાપ સાથે, બહેન સાથે, ભાઈની સાથે અને નજીકનાં સગાંઓની સાથે સદ્‌વર્તાવ કરો." *(મુસ્તદરક, હાકિમ, ૪/૧૬૭)*

જાણવા મળ્યું કે નબીએ અકરમ ﷺની એ તાલીમ છે કે અન્ય સગાંઓની સાથોસાથ ભાઈ પણ સદ્‌વર્તાવનો હક્કદાર છે. આજના સમયમાં જેવી રીતે સામાન્ય સંબંધોની દરકાર ખત્મ થઈ રહી છે તેવી જ રીતે ભાઈઓના હક્કો પણ હડપ કરવામાં આવી રહ્યા છે. હક્કો અદા કરવું તો દૂરની વાત છે, એકબીજાનું જીવવું મુશ્કેલ કરી દેવામાં આવે છે. એવા માહોલમાં અમ્નને યથાવત રાખવા મુસ્તફા ﷺના બંધારણને અપનાવવાની જરૂરત છે.

## ★ નાનો ભાઈ મોટાભાઈની તાઝીમ કરે, મોટો ભાઈ નાનાભાઈ પર મહેરબાની રાખે ★

નબીયે રહમત ﷺએ એ તાલીમ ફર્માવી કે નાનો ભાઈ મોટાભાઈની તાઝીમ કરે અને મોટો ભાઈ નાના ભાઈ પર મહેબાની રાખે. જે આ નિયમની વિરૂધ્ધ વર્તે છે તેના સંબંધે આપે ફર્માવ્યું કે તે અમારામાંથી નથી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَيْسَ مِنَّا مَنْ لَّمْ يَرْحَمْ صَغِيْرَنَا وَيُوَقِّرْ كَبِيْرَنَا۔

"જે નાનાઓ પર રહમ ન કરે અને મોટાઓની તા'ઝીમ ન કરે તે અમારામાંથી નથી." *(સુનને તિર્મિઝી, ૪/૩૨૨)*

વર્તમાનકાળમાં બંનેવ ચીજોની ઉણપ છે, ન તો નાના મોટાની તાઝીમ કરી રહ્યા છે ન તો મોટા નાનાઓ પર મહેરબાની કરે છે. સંબંધો કટ કરવાનો ખતરનાક માહોલ ઉછેર પામી રહ્યો છે જેના કારણે આપસમાં લડાઈ ઝઘડાનું બજાર ગરમ થઈ જાય છે. કોઈ પણ ભાઈ પોતાના ભાઈની તરફથી

શાંતિભેર રહેવા ચાહે છે તો તેણે જોઈએ કે પહેલાં તે પોતે પુર અમ્ન થઈ જાય અને પુર અમ્ન થવાનો તરીક઼ો એ જ છે જે અમ્ન આપનાર રસૂલ ﷺએ વર્ણવ્યો છે.

## ★ ભાઈથી મુલાક઼ાત બરકતનો સબબ છે ★

હઝરત અબૂ રઝીન رضی اللہ عنہથી મરવી છે કે સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

يَا اَبَا رَزِيْنٍ هَلْ شَعَرْتَ اَنَّ الرَّجُلَ اِذَا خَرَجَ مِنْ بَيْتِهٖ زَائِرًا اَخَاهُ شَيَّعَهٗ سَبْعُوْنَ اَلْفَ مَلَكٍ كُلُّهُمْ يُصَلُّوْنَ عَلَيْهِ وَيَقُوْلُوْنَ: رَبَّنَا اِنَّهٗ وَصَلَ فِيْكَ فَصِلْهُ؛ فَاِنِ اسْتَطَعْتَ اَنْ تُعْمِلَ جَسَدَكَ فِيْ ذٰلِكَ فَافْعَلْ.

**"જ્યારે કોઈ શખ્સ પોતાના ભાઈથી મુલાક઼ાત કરવાના માટે પોતાના ઘરેથી નીકળે છે તો સિત્તેર હજાર ફરિશ્તા તેને ઘેરી લે છે. તમામે તમામ તેના માટે રહમતની દુઆ કરે છે અને કહે છે, હે અલ્લાહ ! એણે તારી રઝાને માટે સંબંધ જોડયો છે તો તું એની સાથે સારો મામલો કર. જો તમે તમારા શરીરને આ કામમાં મશ્ગૂલ કરી શકતા હોવ તો કરી લો."**

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૧/૩૨૯)*

જ્યારે ભાઈ સાથે મુલાક઼ાતના આટલા ફાયદા છે તો પછી ભાઈની સાથે એહસાન તથા ભલાઈ કરવાના કેટલા પ્રમાણમાં ફાયદા હશે ?! ભાઈઓનો વિરોધ તથા અદાવતમાં જિંદગી પસાર કરનારાઓએ રહમતે આલમ ﷺના આ ફર્માનથી માર્ગદર્શન મેળવીને પોતાની સુધારણા કરવાની જરૂરત છે.

## ★ પોતાના ભાઈની મદદ કરનારા અલ્લાહની ઈમદાદ પામે છે ★

જો કોઈનો ભાઈ તંગદસ્ત તથા ગરીબી હાલતવાળો છે તો તેણે જોઈએ કે પોતાના ભાઈની મદદ કરે. આ મદદ કરવું ખુદ તેને દુનિયા તથા

આખેરતમાં કામ આવી શકે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે સૈયદે કૌનેન ﷺએ આદેશ આપ્યો :–

وَاللّٰهُ فِي عَوْنِ الْعَبْدِ مَا كَانَ الْعَبْدُ فِي عَوْنِ اَخِيْهِ۔

"જે કોઈ શખ્સ પોતાના ભાઈની મદદ કરે છે અલ્લાહ તેની મદદ કરે છે." *(સહીહ મુસ્લિમ, ૪/૨૦૭૪)*

ભાઈની મદદ કરવું કેટલા પ્રમાણમાં મહાન મર્તબો ધરાવે છે ! જો કોઈ અલ્લાહની મદદ ચાહે છે તો તે પોતાના ભાઈની મદદમાં લાગી જાય અને પોતાના ભાઈની મુશ્કેલીને આસાન કરે, અલ્લાહ તઆલા તેની મદદ કરીને તેની મોટામાં મોટી મુશ્કેલી આસાન કરી આપશે.

## ★ ભાઈનુ કરજ અદા કરવું ક઼યામતના દિવસે કામ આવશે ★

કોઈનો ભાઈ કરજદાર છે અને તેને અદા કરવાની શક્તિ નથી તો તેણે જોઈએ કે પોતાના ભાઈનું કરજ અદા કરી આપે. આ અમલ ક઼યામતના દિવસે તેને પોતાની ગરદનને આગથી છોડાવવામાં કામ આવશે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું :–

لَيْسَ مِنْ عَبْدٍ مُسْلِمٍ يَقْضِي عَنْ اَخِيْهِ دَيْنَهٗ اِلَّا فَكَّ اللّٰهُ رِهَانَهٗ يَوْمَ الْقِيَامَةِ۔

**"જે કોઈ મુસલમાન બંદો પોતાના ભાઈનું કરજ અદા કરે તો ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા તેની ગરદન આઝાદ ફર્માવશે."** *(શરહુસ્સુન્નહ લિલ્બગ઼વી, ૮/૨૧૪)*

હુઝૂર રહમતે આલમ ﷺ તો ભાઈનું કરજ અદા કરવાનો હુકમ આપી રહ્યા છે અને આજે સંજોગો એવા ઉભા થઈ ગયા છે કે કોઈ ભાઈને કરજ આપવા પણ તૈયાર નથી. ખાસ કરીને મુસલમાનોએ આ બાબતે પોતાની સુધારણાની સખત જરૂરત છે.

## ★ ભાઈ ભાઈમાં જુદાઈ કરાવનારા પર લઅનત ★

બે ભાઈઓને આપસમાં ગલત ફહમીમાં નાખીને ઝઘડતા કરી દેવા અમુક લોકો પસંદ કરે છે. કદી કદી કોઈ દુનિયવી હેતુના માટે આવુ કામ અંજામ આપે છે. તેમણે સમજી લેવું જોઈએ કે ભાઈ ભાઈને આપસમાં લડાવવું ખુદા તઆલાની રહમતથી દૂર કરવાનું કામ છે.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ફર્માવે છે :–

لَعَنَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ فَرَّقَ بَيْنَ الْوَالِدَةِ وَوَلَدِهَا وَبَيْنَ الْاَخِ وَبَيْنَ اَخِيْهِ.

"જે શખ્સ માં તથા દીકરાની વચ્ચે અથવા ભાઈ ભાઈની વચ્ચે જુદાઈ પેદા કરે રસૂલુલ્લાહ ﷺએ તેના પર લઅનત કરી છે."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૭૫૬)*

જે લોકો ચુગલખોરી અને ફિત્નાઓ ખડા કરીને આ પ્રકારનાં કામો કરે છે તેમણે આ સખત ચેતવણીથી સબક્ લેવો જોઈએ, નહીં તો પૂરી જિંદગી લઅનતથી ભરપુર હશે.

જુદાઈ કરાવવાવાળા જુદાઈ કરાવી દે છે, અને જુદા થવાવાળા જુદાઈ પર કાયમ રહે છે. જ્યારે કે એવું ન થવું જોઈએ, કેમ કે આ સંબંધને કટ કરવું છે. એના બારામાં પયગંબરે રહમત ﷺએ નિયમ અર્પણ કર્યો છે :–

اَفْضَلُ الْفَضَائِلِ اَنْ تَصِلَ مَنْ قَطَعَكَ، وَتُعْطِيَ مَنْ مَّنَعَكَ، وَتَصْفَحَ عَمَّنْ شَتَمَكَ.

"સૌથી વધીને ફઝીલતવાળુ કામ એ છે કે જે તમારાથી સંબંધ તોડે તેની સાથે તમે સંબંધ જોડો, જે તમને આપવાથી મના કરે તેને આપો, અને જેણે તમને ભલુબુરૂ કહ્યું તેનાથી દરગુઝર કરો." *(મુસ્નદે અહમદ, ૨૪/૩૮૩)*

## ★ ભાઈના માટે જગામાં વધારો કરવો તેનો હક્ક્ છે ★

હઝરત વાષિલા બિન ખત્તાબ رضی اللہ عنہ ફર્માવે છે :–

دَخَلَ رَجُلٌ اِلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ فِى الْمَسْجِدِ قَاعِدٌ فَتَزَحْزَحَ لَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ الرَّجُلُ: يَا رَسُوْلَ اللّٰهِ اِنَّ فِى الْمَكَانِ سَعَةً فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: اِنَّ لِلْمُسْلِمِ لَحَقًّا اِذَا رَاٰهُ اَخُوْهُ اَنْ يَتَزَحْزَحَ لَهٗ۔

"નબીયે અકરમ ﷺ મસ્જિદમાં બિરાજેલ હતા એવામાં એક શખ્સે પ્રવેશ કર્યો. આપે સરકીને તેને જગા આપી. તેમણે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ જગામાં વિશાળતા તો હતી ! આપે ફર્માવ્યું, **મુસલમાનનો હક્ક છે કે જ્યારે એનો ભાઈ એને જુએ તો સરકીને એના માટે જગા બનાવે."** *(શોઅબુલ ઈમાન, ૧૧/૨૭૪)*

શું મહાન રહમતનો પયગામ છે કે ભાઈની સાથે સદ્‌વર્તાવનો જઝબો એટલી સખતીપૂર્વક હોય કે જરૂરત વિના પણ તેનો ભરપુર ખયાલ રાખવામાં આવે, તો જ્યાં કોઈ ભાઈને મદદની જરૂરત હોય તો તેનો ખયાલ કરવો તો સખત જરૂરી થશે.

## ★ જરૂરતથી વધારાની ચીજ ભાઈને આપવી જોઈએ ★

હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે કે અમુક લોકો પાસે ફાજલ જમીનો હતી. તેમણે આપસમાં કહ્યું કે અમે ચોથાઈ, ત્રીજો ભાગ અથવા અડધા ભાગના બદલામાં આ જમીન ભાડે આપી દઈએ છીએ. તો પયગંબરે અમ્ન ﷺએ ફર્માવ્યું :–

مَنْ كَانَتْ لَهٗ اَرْضٌ فَلْيَزْرَعْهَا اَوْ لِيَمْنَحْهَا اَخَاهُ فَاِنْ اَبٰى فَلْيُمْسِكْ اَرْضَهٗ۔

"જેની પાસે જમીન હોય તો તેણે જોઈએ કે તેમાં ખેતી કરે અથવા તો પોતાના ભાઈને જમીન આપી દે. હવે જો તે લેવા માટે ના પાડે તો તેને પોતાની પાસે રાખે." *(સહીહ બુખારી, ૩/૧૬૬)*

હુઝૂર રહમતે આલમ ﷺનો એ જ પયગામ છે કે ભાઈની

ખબરગીરી કરતા રહેવું જોઈએ. તેની જરૂરતોનો ભરપુર ખયાલ રાખવો જોઈએ અને તેના માગવાથી પહેલાં પોતાના તરફથી પેશ કરી દેવું જોઈએ.

### ★ ત્રણ દિવસથી વધુ અબોલા દુરુસ્ત નથી ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણવે છે કે આકાએ નેઅમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا تَبَاغَضُوا وَلَا تَحَاسَدُوا وَلَا تَدَابَرُوا وَ كُونُوا
عِبَادَ اللّٰهِ اِخْوَانًا، وَلَا يَحِلُّ لِمُسْلِمٍ اَنْ يَهْجُرَ اَخَاهُ فَوْقَ ثَلَاثَةِ اَيَّامٍ۔

"આપસમાં એક બીજાથી અદાવત, હસદ અને સંબંધ કટ ન કરો બલ્કે હે ખુદાના બંદાઓ ! આપસમાં ભાઈચારગીની સાથે રહો. કોઈ મુસલમાનના માટે પોતાના ભાઈને ત્રણ દિવસોથી વધુ છોડેલો રાખવું જાઈઝ નથી." *(સહીહ બુખારી, ૮/૧૯)*

જે લોકો મામૂલી મામૂલી વાતો પર વરસો સુધીના માટે સંબંધ કટ કરી નાખે છે, તેઓ પોતાનું નિરીક્ષણ કરે અને પોતાના અમલની ખરાબીનો અંદાજો લગાડે. જો કદી કોઈ કારણે આપસમાં મતભેદ થઈ જાય તો મતભેદ જલ્દીથી ખત્મ કરીને મેળાપની ચિંતા કરવી જોઈએ.

જે કોઈ મતભેદને ખત્મ કરવામાં પ્રથમ શરૂઆત કરશે તેને પયગંબરે અમ્ન ﷺએ સૌથી બેહતર ઠરાવેલ છે.

હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا يَحِلُّ لِرَجُلٍ اَنْ يَهْجُرَ اَخَاهُ فَوْقَ ثَلَاثِ لَيَالٍ، يَلْتَقِيَانِ:
فَيُعْرِضُ هٰذَا وَيُعْرِضُ هٰذَا، وَخَيْرُهُمَا الَّذِىْ يَبْدَأُ بِالسَّلَامِ۔

"કોઈ શખ્સના માટે પોતાના ભાઈને ત્રણ દિવસોથી વધુ છોડેલ રાખવું જાઈઝ નથી, કે બંનેવ મળે તો આમતેમ મોં ફેરવી લે. એ બંનેવમાં બેહતર તે છે જે પ્રથમ સલામ કરે." *(ઉપર મુજબ, પેજ–૨૧)*

## પયગંબરે અમ્ન ﷺએ સ્ત્રીઓને ઈજ્જતનો તાજ અતા કર્યો

સરવરે કૌનેન ﷺના આગમન પહેલાં સ્ત્રીઓની હાલત ઘણી જ બુરી હતી. કોઈ તેમની હાલતને પૂછવાવાળો ન હતો. તમામ હક્કો તથા ભલાઈઓથી તેણીઓ વંચિત હતી. જાહિલિયતના જમાનામાં સ્ત્રીને કોઈ ચીજના માલિક બનવાનો હક્ક હાંસલ ન હતો. સ્ત્રીઓને કોઈ પ્રકારનો વારસો મળતો ન હતો. કેવળ પુરૂષોને જ વારસ બનવાનો હક્ક હાંસલ હતો. એના માટે એમની દલીલ એ હતી કે તેઓ હથિયાર ઉઠાવે છે, કબીલાઓનું રક્ષણ કરે છે, જ્યારે કે સ્ત્રી કેવળ ખાય પીએ છે અને ખાનદાનવાળાઓ માટે બોજ હોય છે. તેમના સમાજમાં સ્ત્રીઓને કેવળ વારસાથી વંચિત કરી હતી એટલું જ નહીં બલ્કે તેઓ સ્ત્રીને પણ વારસામાં સામાનની જેમ વહેંચી કાઢતા હતા !

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે જ્યારે સ્ત્રીનો પતિ મરી જતો તો પતિના વારસો એ સ્ત્રીના હક્કદાર બનતા. જો તેઓ ચાહતા તો એમનામાંથી કોઈ તેણી સાથે શાદી કરી લેતા હતા અથવા જેની સાથે ચાહતા તેની સાથે તેણીની શાદી કરાવી દેતા અને ચાહતા તો ન કરતા. એ જ પ્રમાણે સ્ત્રીના સાસરીવાળાં તેના પિયરવાળાં કરતાં તેના પર અધિક હક્ક જમાવતાં હતાં. એના પર આ આયત નાઝિલ થઈ :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَحِلُّ لَكُمْ اَنْ تَرِثُوا النِّسَآءَ كَرْهًا ؕ وَلَا تَعْضُلُوْهُنَّ لِتَذْهَبُوْا بِبَعْضِ مَاۤ اٰتَيْتُمُوْهُنَّ اِلَّاۤ اَنْ يَّاْتِيْنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ۚ وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰۤى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّيَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا كَثِيْرًا ○

"હે ઈમાનવાળાઓ ! તમને હલાલ નથી કે સ્ત્રીઓના વારિસ બની જાવ જબરદસ્તીથી, અને સ્ત્રીઓને રોકો નહીં એ નિય્યતે કે જે મહેર એમને આપ્યું હતું એમાંથી કાંઈક લઈ લો પણ એ સ્થિતિમાં કે સ્પષ્ટ બેહયાઈનું

કામ કરે. અને તેમની સાથે સારો વર્તાવ કરો. પછી જો તે તમને પસંદ ન આવે તો નજીક છે કે કોઈ ચીજ તમને નાપસંદ હોય અને અલ્લાહ એનામાં ખૂબ જ ભલાઈ રાખે." *(સૂ. નિસાઅ, આ. ૧૯, કન્ઝુલ ઈમાન) (સહીહ બુખારી, ૮/૪૪)*

મોહસિને ઈન્સાનિયત સરવરે કાઈનાત ﷺએ સમાજમાં સ્ત્રીઓના માટે પણ હક્કો નિશ્ચિત કર્યા છે અને તેમને પણ મક઼ામ તથા મર્તબો અર્પણ કર્યો છે.

## ★ સરવરે આલમ ﷺને દુનિયાની ચીજોમાં સ્ત્રી પ્રિય છે ★

અન્ય સમાજોએ સ્ત્રીને કાંટાની જેમ જિંદગીના માર્ગોથી મિટાવવાની કોશિશ કરી પણ પયગંબરે અમ્ન ﷺએ અમુક સંજોગોમાં તેણીઓને પુરૂષો કરતાં વધુ અગ્રતા અને ઈજ્જત તથા માનસંમાન અર્પણ કર્યો છે. તે હસ્તી જે સમગ્ર કાઈનાત માટે રહમત બનીને તશરીફ લાવી તેણે આ જુલ્મ પીડિત તબક઼ાને આ ખુશખબરી સંભળાવી :–

حُبِّبَ اِلَیَّ مِنَ الدُّنْیَا النِّسَاءُ وَالطِّیْبُ وَجُعِلَ قُرَّۃُ عَیْنِیْ فِی الصَّلٰوۃِ۔

"મને દુનિયાની ચીજોમાંથી સ્ત્રીઓ તથા ખુશ્બુ પસંદ છે અને મારી આંખોની ઠંડક નમાઝમાં રાખવામાં આવી છે." *(સુનને નિસાઈ, ૭/૬૧)*

## ★ સ્ત્રીઓને પણ ઈલ્મ તથા અદબ શીખવવામાં આવે ★

ઈલ્મ હાંસલ કરવો દરેક મુસલમાનના માટે જરૂરી ઠરાવવામાં આવ્યો અને આક઼ાએ કૌનેન ﷺએ માબાપોને અજ્રો સવાબનાં હક્કદાર ઠરાવ્યાં જેઓ પોતાની ઔલાદ, ખાસ કરી બાળકીઓ માટે તાલીમ તથા અદબ શીખવાડવાની વ્યવસ્થા કરે છે. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ عَالَ ثَلَاثَ بَنَاتٍ فَاَدَّبَھُنَّ وَزَوَّجَھُنَّ وَاَحْسَنَ اِلَیْھِنَّ فَلَهُ الْجَنَّۃُ۔

"જેણે ત્રણ બાળકીઓની પરવરિશ કરી, તેમને અદબ શીખવી, તેમના નિકાહ કરી આપ્યા અને તેમની સાથે બેહતર વર્તાવ કર્યો તો એના માટે જન્નત છે." *(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૮)*

ખયરે કુરૂનમાં (નબી, સહાબા, તાબઈનો જમાનો) જેવી રીતે ઈલ્મ પુરૂષોમાં ફેલાયો એવી જ રીતે સ્ત્રીઓમાં પણ આમ થયો. સહાબાની દરમિયાન કુર્આન તથા હદીષ અને ઈલ્મે તિબ્બ વગેરેનો ઈલ્મ ધરાવનારી સ્ત્રીઓ મોટી સંખ્યામાં મળતી હતી. કુર્આન તથા હદીષની રોશનીમાં મસાઈલને કાઢવું અને ફત્વા આપવા એ ઘણુ જ મુશ્કેલ તથા નાઝુક કામ છે. પરંતું તેમ છતાં પણ આ મેદાનમાં સ્ત્રીઓ પાછળ ન હતી. બલ્કે ઘણા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના સમાન હતી જેમનામાંથી અમુકનાં નામો નીચે પ્રમાણે છે !

(૧) હઝરત આઈશા (૨) હઝરત ઉમ્મે સલમા (૩) હઝરત ઉમ્મે અતિય્યા (૪) હઝરત સફિય્યહ (૫) હઝરત ઉમ્મે હબીબા (૬) હઝરત અસ્મા બિન્તે અબૂ બકર (૭) હઝરત ઉમ્મે શરીક (૮) હઝરત ફાતિમા બિન્તે કૈ઼સ رضی اللہ تعالیٰ عنہن.

## ★ સ્ત્રીઓ માટે પણ બાકા઼યદા આર્થિક હક્કો઼ છે ★

આકા઼એ રહમત ﷺ એ સ્ત્રીનું ભરણ પોષણ દરેક હાલતમાં પુરૂષના માથે ઠરાવેલ છે. જો પુત્રી છે તો પિતાના જિમ્મે, પત્ની છે તો પતિના માથે અને મા છે તો પુત્રના માથે તેમના ખર્ચા છે. પુત્રીની હૈષિયતથી બાપને એનો કફીલ (જિમ્મેદાર) બનાવવામાં આવ્યો છે. આ વિશે હદીષ વર્ણન થઈ ચૂકી છે. પતિના સંબંધે કુર્આને મુક઼દસમાં ફર્માવ્યું :–

عَلَى الْمُوْسِعِ قَدَرُهٗ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهٗ ۚ

"હૈષિયતવાળા (શક્તિવાન)ને એના પ્રમાણે અને ગરીબને એના પ્રમાણે." *(સૂ. બકરહ, આ. ૨૩૬, કન્ઝુલ ઈમાન)*

પતિ પર સ્ત્રીના મહેરનો હક્ક઼ અદા કરવું વાજિબ ઠરાવવામાં આવ્યું છે. કુર્આનનું ફર્માન છે :–

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ؕ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ شَیْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِیْٓــٴًـا مَّرِیْٓــٴًـا ۝

"અને સ્ત્રીઓને તેમના મહેર ખુશીથી આપો. પછી જો તેણીઓ પોતાના દિલની ખુશીથી મહેરમાંથી તમને કાંઈ આપે તો તેને ખાવ........" *(સૂ. નિસાઅ, આ. ૪, કન્ઝુલ ઈમાન)*

પહેલાં સ્ત્રીઓની મહેર તેમના વાલીઓ લઈ લેતા હતા અને સ્ત્રીઓને મહેરનો કોઈ હિસ્સો આપવામાં આવતો ન હતો. હુઝૂર ﷺએ આ જુલ્મથી પણ સ્ત્રીને નજાત અપાવી. આ આયતથી જાણવા મળ્યું કે મહેરની હક્કદાર સ્ત્રીઓ છે ન કે તેમના વાલીઓ. જો વાલીઓએ મહેર વસૂલ કરી લીધી હોય તો તેમના માટે જરૂરી છે કે તે મહેરને તેની હક્કદાર સ્ત્રીને પહોંચાડી આપે.

મા સાથે સદ્‌વર્તાવ કરવો ફર્ઝ ઠરાવવામાં આવેલ છે. કુર્આનમાં છે :–

وَوَصَّيْنَا الْاِنْسٰنَ بِوَالِدَيْهِ اِحْسٰنًا ؕ حَمَلَتْهُ اُمُّهٗ كُرْهًا وَّوَضَعَتْهُ كُرْهًا ؕ

"અને અમે માણસને હુકમ આપ્યો કે પોતાનાં મા બાપની સાથે ભલાઈ કરે. તેની માએ તેને પેટમાં રાખ્યો તકલીફ વેઠીને, અને જણ્યો તેને તકલીફ વડે." *(સૂ. અહકાફ, આ.૧૫, કન્ઝુલ ઈમાન)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺની ખિદમતમાં એક શખ્સ આવ્યો અને સવાલ કર્યો : મારા સદ્‌વર્તાવનું સૌથી અધિક મુસ્તહિક઼ (પાત્ર) કોણ છે ? આપે ફર્માવ્યું, તમારી મા તેમણે પૂછયું, પછી કોણ ? આપે ફર્માવ્યું, તમારી મા. તેમણે પૂછયું, પછી કોણ ? આપે ફર્માવ્યું, તમારી મા. તેમણે પૂછયું, પછી કોણ ? આપે ફર્માવ્યું તમારા બાપ." *(સહીહ બુખારી, ૮/૨)*

સદ્‌વર્તાવ (હુસ્ને સુલૂક)થી મુરાદ એ છે કે તેમની દેખરેખ કરે, તેમના ખર્ચાપાણીનો બોજ ઉઠાવે અને તેમને કોઈ પ્રકારની તકલીફ ન આપે.

સ્ત્રીઓને વારસામાં પણ હિસ્સો આપવામાં આવ્યો. બાપ, પતિ, પુત્ર વગેરેના વારસામાંથી તેને જે કાંઈ મળે, તે જ પ્રમાણે મહેરના હક્કમાંથી તેને જે કાંઈ મળે તેની તે સંપૂર્ણપણે માલિક હોય છે કે તેને પોતે જ્યાં ચાહે જેવી રીતે ચાહે ખર્ચ કરી શકે છે જો પોતાની ખુશીથી પોતાના પતિને કાંઈક

હિસ્સો આપે ત્યારે તેનો પતિ તેને ઉપયોગમાં લાવી શકે છે, નહીં તો તેનો પતિ પણ તેણી પાસેથી જબરદસ્તી નથી લઈ શકતો. આ સર્વ સરવરે કૌનેન ﷺના આપેલા હક્કો છે.

## તલાક઼ પામેલી સ્ત્રીઓના હક્કો

સૌ પ્રથમ તો એ વાત દિમાગમાં બેસાડી લો કે આક઼ાએ રહમત ﷺની નજરમાં મુબાહ કામોમાં સૌથી નાપસંદીદા કામ તલાક઼ છે. હદીષે પાકમાં છે :– اَبْغَضُ الْمُبَاحِ اِلَى اللّٰهِ الطَّلَاقُ۔

"અલ્લાહની નજીક મુબાહ કામોમાં સૌથી બુરુ કામ તલાક઼ છે." *(તફસીરે ઈબ્ને જવઝી, ૨/૧૫૨)*

પરંતુ કેમ કે ક્યારેક કોઈક કારણે પતિ પત્નીમાં નિભાવની સ્થિતિ નથી રહી જતી એટલા માટે તલાક઼ને અનિવાર્ય સંજોગોમાં જાઈઝ રાખવામાં આવેલ છે. એ પણ નાની મોટી વાતો પર તલાક઼ આપવી હરગિઝ દુરૂસ્ત નથી બલ્કે એના માટે પણ મંઝિલો નિશ્ચિત કરવામાં આવેલ છે.

કુર્આનનું ફર્માન છે :–

وَالّٰتِیۡ تَخَافُوۡنَ نُشُوۡزَهُنَّ فَعِظُوۡهُنَّ وَاهۡجُرُوۡهُنَّ فِی الۡمَضَاجِعِ وَاضۡرِبُوۡهُنَّ ۚ فَاِنۡ اَطَعۡنَكُمۡ فَلَا تَبۡغُوۡا عَلَیۡهِنَّ سَبِیۡلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِیًّا كَبِیۡرًا ۝ وَاِنۡ خِفۡتُمۡ شِقَاقَ بَیۡنِهِمَا فَابۡعَثُوۡا حَكَمًا مِّنۡ اَهۡلِهٖ وَحَكَمًا مِّنۡ اَهۡلِهَا ۚ اِنۡ یُّرِیۡدَاۤ اِصۡلَاحًا یُّوَفِّقِ اللّٰهُ بَیۡنَهُمَا ؕ

"અને જે સ્ત્રીઓની નાફર્માનીનો તમને અંદેશો હોય તેમને સમજાવો, અને તેમનાથી અલગ સૂઓ અને તેમને મારો. પછી જો તે તમારા હક્ક઼માં આવી જાય તો તેમના પર જબરદસ્તીનો માર્ગ ન ચાહો. બેશક ! અલ્લાહ બુલંદ મહાન છે. અને જો તમને પતિ પત્નીના ઝઘડાનો ડર હોય તો એક મંચ મર્દવાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાં તરફથી. આ બંનેવ જો સુલહ કરવા ચાહશે તો અલ્લાહ એમનામાં મેળ કરાવી દેશે."

*(સૂ. નિસાઅ, આ.૩૪–૩૫, કન્ઝુલ ઈમાન)*

જો પતિને પત્નીની નાફર્માનીનો ડર છે તો તેના માટે આ હિદાયતો છે :–

૧. સૌ પ્રથમ તેણીને સમજાવવા બુઝાવવામાં આવે અને પોતાની સુધારણાની સૂચના આપવામાં આવે.

૨. જો તેણી પોતાની સુધારણા ન કરે તો તેનાથી પોતાની સૂવાની જગા અલગ કરી દેવામાં આવે.

૩. હજી તેણીને એહસાસ ન થાય તો મારવાની ઈજાઝત છે.

પરંતુ મારવાનો એ મતલબ નથી કે હાડકાં તોડી નાખવામાં આવે, બલ્કે મારવામાં પણ સુધારણા તથા તેના દિલમાં ડર બેસાડવાનો હેતુ હોય. આ આયતના સંબંધે હઝરત ઈકરમાથી રિવાયત થયેલ છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِضْرِبُوْهُنَّ اِذَا عَصَيْنَكُمْ فِي الْمَعْرُوْفِ ضَرْبًا غَيْرَ مُبَرِّحٍ

"જો કોઈ ભલા કામમાં તમારી નાફર્માની કરે તો તેમને એ રીતે મારવાની ઈજાઝત છે કે એની અસર જોવા ન મળે."

*(અદુર્રુલ મન્સૂર ફીત્તફસીર બિલ્માષૂર, ૨/૫૨૨)*

હઝરત અતાઅ્ رضی اللہ عنہ કહે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી સવાલ કર્યો કે "ઝર્બે ગ઼ૈર મુબરિહ" શું છે ? આપે ફર્માવ્યું, મિસ્વાક અને એના જેવી કોઈ ચીજ વડે મારવાની ઈજાઝત છે.

*(હવાલો ઉપર મુજબ, પેજ–૫૨૩)*

જો વાત અધિક બગડી ગઈ હોય તો એ હુકમ છે કે પતિ પત્ની બંનેવની તરફથી એક એક પંચ એકત્ર થાય અને આપસી વાતચીત વડે મામલાને સુલઝાવે. તેમ છતાં પણ સુલઝવા ન પામે તો તલાક઼ આપવાની રજા છે, પણ તેને પણ ક઼ાનૂનથી પાબંદ કરેલ છે જાહિલિયતના દૌરમાં તલાક઼ની કોઈ હદ ન હતી. એક શખ્સ પોતાની પત્નીને તલાક઼ આપતો, પછી જ્યારે ઈદ્દત ખત્મ થવાની નજીક હોતી તો રજઅત (તલાક઼ પરત) કરી લેતો. આ રીતે તેને લટકાવીને રાખતો. ન પત્ની તરીકે હક્ક઼ આપતો

અને ન તો છોડી આપતો કે તે કોઈ અન્ય સાથે નિકાહ કરી લે. રહમતે આલમ ﷺએ આ નિઝામને તબદીલ કરીને કુર્આનના હુકમના પ્રમાણે તલાક઼ે રજઈની હદ બે વાર સુધી નિશ્ચિત કરી કે જો કોઈએ ત્રણ વાર તલાક઼ આપી દીધી તો તે તલાક઼ે મુગ઼લ્લઝા થઈ જશે. રબ તઆલાનું ફ઼ર્માન છે :–

اَلطَّلَاقُ مَرَّتٰنِ ۪ فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ ؕ

"આ તલાક઼ (રજઈ) બે વાર છે, પછી ભલાઈની સાથે રોકી લેવું છે અથવા ભલમનસાઈની સાથે છોડી દેવું છે." *(સૂ. બક઼રહ, આ. ૨૨૯, કન્ઝુલ ઈમાન)*

એટલે કે વાત બગડવા પર જો તલાક઼ આપી પણ દીધી તો ઈદ્દત પસાર થવાના પહેલાં પહેલાં જો દિલમાં તે સ્ત્રીને રોકવાનો ઈરાદો પેદા થઈ ગયો તો ભલાઈની સાથે રોકી લે, અને જો છોડવાનું જ નક્કી કરી લીધું છે તો ભલાઈની સાથે છોડી આપે.

કોઈ સ્ત્રીને કોઈ કારણે તલાક઼ આપી દેવામાં આવી તો તેને બેસહારા નથી છોડવામાં આવી બલ્કે સરવરે કાઈનાત ﷺએ તેના હક્ક઼ોને સુરક્ષિત રાખ્યા છે, તેના અમુક દષ્ટાંતો જોઈએ છીએ.

## ★ ઈદ્દત દરમિયાન ભરણપોષણ તથા રહેવા સહેવાની વ્યવસ્થા પતિના માથે છે ★

કોઈ સ્ત્રીને તલાક઼ આપી દેવામાં આવી તો તેના માટે જરૂરી છે ઈદ્દત ગુજારે. ઈદ્દત દરમિયાન તેણી કોઈ અન્ય પુરૂષ સાથે નિકાહ નથી કરી શકતી. તો હવે તેનો ખર્ચ કોના માથે રહેશે ? સરવરે આલમ ﷺના દીને રહમતમાં સ્ત્રીને ઈદ્દતની હાલતમાં પણ ખર્ચાના મામલામાં બેસહારા નથી છોડવામાં આવી, બલ્કે ઈદ્દત દરમિયાન તેનો ખર્ચો તેને તલાક઼ આપનાર પુરૂષના માટે રાખવામાં આવેલ છે.

કુર્આનનું ફ઼ર્માન છે :–

وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌۢ بِالْمَعْرُوْفِ ؕ حَقًّا عَلَى الْمُتَّقِيْنَ ۝

"અને તલાક઼વાળાઓ માટે પણ યોગ્ય રીતે ભરણ પોષણ છે એ

વાજિબ છે પરહેઝગારો પર''. *(સૂ. બકરહ, આ.૨૪૧)*

આ આયતે કરીમામાં એ હુકમ ફર્માવવામાં આવ્યો કે તલાક઼વાળી સ્ત્રી માટે એ વ્યવસ્થા પણ ભલાઈની સાથે કરવામાં આવે. પોતાનો ફર્ઝ સમજીને તેને અદા કરવામાં આવે અને એના પર એનું એહસાન જતાવીને તેમને માનસિક તકલીફ ન આપવામાં આવે.

## ★ જો સંભોગથી પહેલાં તલાક઼ આપી દીધી તો પણ અડધી મહેર આપવી ★

જો પત્ની સાથે ખલ્વત (એકાંતમાં મેળાપ) થઈ ચૂક્યો હતો ત્યારબાદ તલાક઼ આપી ત્યારે તો પૂરી મહેર આપવી પડશે અને જો ખલ્વત નથી થઈ તો પણ તે સ્ત્રીને અડધી મહેર આપવી પડશે. કુર્આનનું ફર્માન છે :–

وَاِنْ طَلَّقْتُمُوْهُنَّ مِنْ قَبْلِ اَنْ تَمَسُّوْهُنَّ وَقَدْ فَرَضْتُمْ لَهُنَّ فَرِيْضَةً فَنِصْفُ مَا فَرَضْتُمْ

''અને જો તમે પત્નીઓને સ્પર્શ કર્યા વિના તલાક઼ આપી દીધી અને તેમના માટે કાંઈક મહેર નક્કી કરી ચૂક્યા હતા તો જેટલું ઠરાવ્યું હતું એનું અડધુ વાજિબ છે.'' *(સૂ. બકરહ, આ. ૨૩૬, કન્ઝુલ ઈમાન)*

આ એ સંજોગોમાં છે જ્યારે કે મહેર નિશ્ચિત કરી હતી, અને જો મહેર નિશ્ચિત ન હતી તો ત્રણ કપડાં પર આધારિત એક જોડ કપડુ આપવું પડશે.

## ★ જો તલાક઼ વખતે સ્ત્રી સગર્ભા છે તો ગર્ભાવસ્થા દરમ્યાનનો ખર્ચ પુરૂષના માથે છે ★

જો સ્ત્રી સગર્ભા છે તો જ્યાં સુધી બાળ જન્મ નથી થઈ જતો ત્યાં સુધી કોઈ અન્ય સાથે નિકાહ નથી કરી શકતી. વળી ગર્ભાવસ્થા દરમ્યાન તેની તંદુરસ્તીની રક્ષા માટે શક્તિમય ખોરાકોની પણ જરૂરત રહે છે, એ જરૂરતનો ખયાલ કરીને હુકમ થયો કે ગર્ભાવસ્થા દરમ્યાન પતિએ પત્નીને તલાક઼ આપી છે તો પણ બાળકના જન્મતા સુધી તે સ્ત્રીની જરૂરતોની

વ્યવસ્થા કરે. ફર્માને બારી તઆલા છે :–

اَسۡکِنُوۡہُنَّ مِنۡ حَیۡثُ سَکَنۡتُمۡ مِّنۡ وُّجۡدِکُمۡ وَلَا تُضَآرُّوۡہُنَّ لِتُضَیِّقُوۡا عَلَیۡہِنَّ ؕ وَاِنۡ کُنَّ اُولٰتِ حَمۡلٍ فَاَنۡفِقُوۡا عَلَیۡہِنَّ حَتّٰی یَضَعۡنَ حَمۡلَہُنَّ ۚ فَاِنۡ اَرۡضَعۡنَ لَکُمۡ فَاٰتُوۡہُنَّ اُجُوۡرَہُنَّ ۚ وَاۡتَمِرُوۡا بَیۡنَکُمۡ بِمَعۡرُوۡفٍ ۚ

"સ્ત્રીઓને ત્યાં રાખો જ્યાં પોતે રહો છો પોતાની શક્તિ અનુસાર, અને તેમને તકલીફ ન આપો કે એમના પર તંગી કરો. અને જો સગર્ભા હોય તો તેમને ભરણ પોષણ આપો ત્યાં સુધી કે તેમને બાળક જન્મે. પછી જો એ તમારા માટે બાળકને દૂધ પીવડાવે તો તેમને તેનું વળતર આપો અને આપસમાં યોગ્ય રીતે મશ્વરો કરો." *(સૂ. તલાક઼, આ.૬, કન્ઝુલ ઈમાન)*

આ દરમ્યાન એ પણ હુકમ થયો કે તેણીઓને કોઈ રીતે તકલીફ ન પહોંચાડે, ન એહસાન જતાવે અને ન કોઈ અન્ય વાતથી તેમના દિલને રંજ પહોંચાડે. ખર્ચા સૌના અલગ અલગ હોય છે જેથી ફર્માવ્યું કે આપસમાં મશ્વરાથી નક્કી કરી લે.

## ★ તલાક઼ બાદ બાળકને દૂધ પીવડાવે તો વળતર તથા કપડાંની હક્ક઼દાર થશે ★

જો તલાક઼ બાદ બાળકને દૂધ પીવડાવી રહી છે અને બાપ મુફલિસ નથી તો તેની પાસેથી દૂધ પીવડાવવાનું વળતર લઈ શકે છે. કુર્આને પાકમાં ઈર્શાદ છે :–

وَالۡوَالِدٰتُ یُرۡضِعۡنَ اَوۡلَادَہُنَّ حَوۡلَیۡنِ کَامِلَیۡنِ لِمَنۡ اَرَادَ اَنۡ یُّتِمَّ الرَّضَاعَۃَ ؕ وَعَلَی الۡمَوۡلُوۡدِ لَہٗ رِزۡقُہُنَّ وَکِسۡوَتُہُنَّ بِالۡمَعۡرُوۡفِ ؕ

"અને માઓ દૂધ પીવડાવે પોતાનાં બાળકોને પૂરાં બે વરસ એના માટે જે દૂધની મુદત પૂરી કરવાની છે, અને જેનું બાળક છે તેના પર સ્ત્રીઓનું ખાવા, પહેરવાનું છે દસ્તૂર પ્રમાણે."

*(સૂ. બક઼રહ, આ. ૨૩૩, કન્ઝુલ ઈમાન)*

હા ! જો બાપ ગરીબ છે અથવા બાળક એ માના સિવાય કોઈ અન્યનું

દૂધ નથી પીતુ તો હવે તેણે વળતર લેવું દુરુસ્ત નથી.

### ★ બાળકને પોતાની કફાલતમાં રાખવા ચાહે તો તેને તેનો પણ હક્ક હાંસલ છે ★

સામાન્યતઃ બાપની સરખામણીમાં માના દિલમાં બાળકોની મહોબ્બત અધિક હોય છે. કોઈએ પોતાની પત્નીને તલાક઼ આપી દીધી અને તલાક઼ પછી તે સ્ત્રી પોતાનાં બાળકોને પોતાની સાથે રાખવા ચાહે તો આક઼ાએ કરીમ ﷺએ સ્ત્રીને તેનો પણ હક્ક઼ આપ્યો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી રિવાયત છે કે એક સ્ત્રીએ સરવરે કાઈનાત ﷺની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ મારો બાળક છે. મારું પેટ તેનું વાસણ હતું, મારી છાતીઓ તેનાં મશકો હતાં, અને મારી ગોદ તેની આરામગાહ હતી. એના બાપે મને તલાક઼ આપી દીધી છે અને તેને મારાથી છીનવી લેવા ચાહે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એની અધિક મુસ્તહિક઼ તું છે જ્યાં સુધી તું નિકાહ ન કરી લે. *(સુનને અબૂ દાઊદ, ૨/૨૮૩)*

હા ! જ્યારે તે સ્ત્રીએ કોઈ બીજા પુરૂષ સાથે નિકાહનો ઈરાદો કરી લીધો તો હવે તે બાળકોનો પિતા એની કફાલત કરે એ અધિક બેહતર છે કેમ કે તે બાળકો જેનું ખૂન છે તે ગૈરની સરખામણીમાં તેમની દેખરેખ અધિક બેહતર તરીક઼ાથી કરી શકે છે.

### ★ તલાક઼વાળી પુત્રીનો ખર્ચ ઉઠાવવો એ સૌથી અફઝલ સદક઼ો ★

જો કોઈની પુત્રીની કોઈ રીતે તલાક઼ થઈ ગઈ અને તેના ખર્ચાઓની જિમ્મેદારી ફરીથી તેના માથે આવી ગઈ તો તે તેને પોતાને માથે બોજ ન સમજે બલ્કે પયગંબરે અમ્ન ﷺએ તેના પર ખર્ચ કરવાને પણ સવાબનું કામ ઠરાવ્યું છે.

હઝરત સુરાક઼ા બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે સરવરે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلَا اَدُلُّكُمْ عَلٰى اَفْضَلِ الصَّدَقَةِ؟ اِبْنَتُكَ مَرْدُوْدَةً اِلَيْكَ لَيْسَ لَهَا كَاسِبٌ غَيْرُكَ۔

"શું હું તમને સૌથી અફઝલ સદકાના બારામાં ન બતાવું ? તમારી પુત્રી જે તમારા ઘેર પરત આવી જાય અને તેણીના માટે તમારા સિવાય કોઈ કમાનાર નથી." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૦૯)*

એમાં તલાક઼ પામેલ અને વિધવા બંને પ્રકારની પુત્રીઓ મુરાદ છે કે જો કોઈની પુત્રીને તલાક઼ આપી દેવામાં આવી અથવા તેના પતિનો ઈન્તેક઼ાલ થઈ ગયો અને બાપ પર તેના ખર્ચા (ભરણપોષણ)ની જિમ્મેદારી બીજી વાર આવી ગઈ તો બાપ તે પુત્રીના માટે જે કાંઈ ખર્ચ કરશે તો અલ્લાહને ત્યાં તેના માટે સદક઼ાનો સવાબ લખવામાં આવશે.

સારાંશ એ કે દીકરીઓ બાપના માટે કોઈ સંજોગોમાં પણ મુસીબત નથી બલ્કે રહમત છે, આ ખયાલ જે ઝાતે ગિરામીએ પેશ કર્યો તે જ પયગંબરે અમ્નો રહમત ﷺ છે.

## હુઝૂર ﷺએ વિધવાઓને સમાજમાં મહત્વનું સ્થાન આપ્યું

જાહિલિયતના દૌરમાં આમ તો સ્ત્રીને કોઈ સ્થાન હાંસલ ન હતું, ખાસ કરીને વિધવાઓની સાથે ઘણો જ જુલ્મ ભર્યો વર્તાવ કરવામાં આવતો હતો. કોઈ શખ્સનું મૃત્યુ થઈ જતુ તો તેની પત્નીઓને તેનાં બાળકો આપસમાં વારસા રૂપે વહેંચી લેતા. વિધવાને એક વરસ સુધી એક એવી ઓરડીમાં રહેવું પડતુ હતું જેમાં રોશની તથા હવા પસાર થતી ન હતી. એ ઓરડીને છોડવાની તેણીને રજા ન હતી. તેણી ન તો નહાય શકતી હતી ન તો કપડાં બદલી શકતી હતી. જ્યારે તેણી એક વરસ બાદ બહાર આવતી હતી તો એના પર ઊંટનો પેશાબ ફેંકવામાં આવતો હતો જેનો એ મતલબ થતો હતો કે આ સ્ત્રીએ પોતાની ઈદ્દત પૂરી કરી લીધી છે.

આક઼ાએ કૌનેન ﷺએ વિધવાઓને પણ સમાજમાં સ્થાન આપ્યું

અને તેમના પણ હક્કો નિશ્ચિત કર્યા. એક વરસની જુલ્મભરી ઈદ્દતથી તેમને નજાત અપાવીને તેમની ઈદ્દત માટે આ બંધારણ નિશ્ચિત કર્યું.

### ★ વિધવા સ્ત્રીની ઈદ્દત ★

કુર્આનનું ફર્માન છે :–

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا ۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ بِالْمَعْرُوْفِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ○

"અને તમારામાં જે મૃત્યુ પામે અને પત્નીઓ છોડે તેઓ ચાર મહિના દસ દિવસ પોતે પોતાને રોકેલી રહે. તો જ્યારે તેમની ઈદ્દત પૂરી થઈ જાય તો હે વાલીઓ ! તમારા પર પૂછતાછ નથી એ કામમાં જે સ્ત્રીઓ પોતાના મામલામાં શરીઅત પ્રમાણે કરે, અને અલ્લાહને તમારાં કામોની ખબર છે." *(સૂ. બકરહ, આ. ૨૩૪, કન્ઝુલ ઈમાન)*

આ સગર્ભા ન હોય તેની ઈદ્દત છે. સગર્ભાની ઈદ્દત નીચેની આયતમાં વર્ણવી છે :–

وَاُولَاتُ الْاَحْمَالِ اَجَلُهُنَّ اَنْ يَّضَعْنَ حَمْلَهُنَّ ۔

"અને હમલવાળીઓનો સમયગાળો એ છે કે તેણીઓ પોતાનો હમલ (ગર્ભ) જણી લે."*(સૂ. તલાક઼, આ. ૪, કન્ઝુલ ઈમાન)*

બસ, આટલી મુદ્દત નિશ્ચિત કરવામાં આવેલી છે કે વિધવાઓ ઈદ્દત રૂપે પસાર કરે. અને તે સર્વ ખરાબીઓને ખત્મ કરી દેવામાં આવી જે જાહિલિયતના દૌરમાં રિવાજ પામેલી હતી કે તેમને અંધારી ઓરડીઓમાં કેદ કરવામાં આવતી હતી, નહાવા ધોવા તથા કપડાં બદલવા પર પાબંદી લગાડી દેવામાં આવતી...વગેરે. આ ઈદ્દત પણ પાર કરવાનો જે હુકમ થયો તેના વિવિધ હેતુઓ છે જેમાંથી એક મકસદ "ઈસ્તબરાએ રહમ" એટલે કે ઈદ્દતના દિવસોમાં એ વાતનું યક઼ીન થઈ જતું કે સ્ત્રી સગર્ભા નથી જેથી અન્ય કોઈ પુરૂષ સાથે તેના નિકાહ કરવામાં કોઈ ખરાબી ન રહી,

જાય અને જો સગર્ભા છે તો ગર્ભ બહાર પડી જવાથી એ ફાયદો હાંસલ થઈ જતો.

### ★ હુઝૂર ﷺએ વિધવા સ્ત્રીઓ સાથે નિકાહ કર્યા ★

મોહસિને ઈન્સાનિયત સૈયદે આલમ ﷺએ સૌથી પ્રથમ નિકાહ હઝરત ખદીજા رضی اللہ عنہاથી કર્યા કે જે બે વાર વિધવા થઈ ચૂક્યાં હતાં. તેમના ઉપરાંત આપની કેટલીય અન્ય પાક બીવીઓ વિધવા હતી અને અમુક તલાક઼શુદા હતી. આ રીતે આપે વિધવા તથા તલાક઼ પામેલી સ્ત્રીઓની ઈજ્જતમાં સમાજમાં વધારો કર્યો.

### ★ વિધવાઓ માટે વારસામાં હિસ્સો નક્કી કર્યો ★

જાહિલિયતના દૌરમાં વિધવાઓ માટે વફાત પામેલ પતિના વારસામાં કોઈ હિસ્સો હોતો ન હતો. ઈસ્લામમાં એમના માટે પણ હિસ્સો નિશ્ચિત કરવામાં આવ્યો. રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَلَهُنَّ الرُّبُعُ مِمَّا تَرَكْتُمْ اِنْ لَّمْ يَكُنْ لَّكُمْ وَلَدٌ ۚ فَاِنْ كَانَ لَكُمْ
وَلَدٌ فَلَهُنَّ الثُّمُنُ مِمَّا تَرَكْتُمْ

"અને તમારા વારસામાં સ્ત્રીઓનો ચોથાઈ છે જો તમારી ઔલાદ ન હોય, પછી જો તમારી ઔલાદ હોય તો તેમનો તમારા વારસામાંથી આઠમો છે." *(સૂ. નિસાઅ, ૧, આ. ૧૨, કન્ઝુલ ઈમાન)*

કોઈના દિમાગમાં એ સવાલ પેદા થઈ શકે છે કે સ્ત્રીઓ માટે વારસામાં પુરૂષથી અડધુ કેમ રાખેલ છે ? એનો જવાબ એ છે કે સ્ત્રી કરતાં પુરૂષનો વારસો વધુ હોવાનો એક સબબ એ છે કે સ્ત્રીનું ભરણ પોષણ પતિના જિમ્મે છે. એટલે કે પતિ પર પોતાના સ્વજાતના ખર્ચાઓ ઉપરાંત ફર્ઝ છે કે પોતાની પત્ની તથા બાળકોના ખર્ચા પણ પૂર્ણ કરે. એ જ પ્રમાણે પુરૂષ મહેર આપવાવાળો છે અને સ્ત્રી લેનાર છે.

એટલે સ્ત્રીને કાંઈ વારસો તથા મહેરના રૂપે મળે છે તો તેણીની

બચત હોય છે. જયારે પુરૂષના વારસાનો હિસ્સો તેની પોતાની જિંદગીના ખર્ચા ઉપરાંત બીવી બચ્ચાંના ખર્ચાઓના રૂપે ખર્ચ થાય છે, એટલા માટે સ્ત્રીઓનો હિસ્સો વારસામાં પુરૂષો કરતાં અડધો છે.

### ★ વિધવાઓના નિકાહ કરાવવાનો હુકમ થયો ★

પહેલાંના દૌરમાં એ દસ્તૂર હતો બલ્કે અમુક કૌમોમાં આજે પણ એ દસ્તૂર છે કે કોઈના પતિનો ઈન્તેક઼ાલ થઈ ગયો અને તે વિધવા થઈ ગઈ તો હવે એ જ પ્રમાણે વિધવાપણામાં આખુ જીવન પસાર કરી આપે, ભલે શાદી પછી થોડા દિવસોમાં જ તે વિધવા થઈ હોય. અમુક કૌમોમાં તો ત્યાં સુધી રિવાજ હતો કે જેના પતિનો ઈન્તેક઼ાલ થઈ ગયો અને તેની લાશને સળગાવવામાં આવી રહી હોય તો સ્ત્રી પણ પોતાના પતિની લાશની ઉપર સૂઈ જાય અને તેણીને પણ જીવતી સળગાવી દેવામાં આવતી. સરવરે ક઼ાઈનાત ﷺના લાવેલા દીનમાં વિધવાઓને પણ એ હક્ક઼ આપવામાં આવ્યો કે તેણી ઈદ્દત પસાર કર્યા બાદ જેની સાથે ચાહે નિકાહ કરી લે, બલ્કે તેમના વાલીઓને નિકાહ કરાવવાનો હુકમ આપવામાં આવ્યો. કુર્આને પાકમાં છે :–

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَاِمَآئِكُمْ ط
اِنْ يَّكُوْنُوْا فُقَرَآءَ يُغْنِهِمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ

"અને નિકાહ કરો તમારામાંથી જેઓ નિકાહ વિનાનાં હોય અને તમારા લાયક બંદાઓ તથા કનીઝોનો. જો તેઓ ગરીબ હશે તો અલ્લાહ એમને ગની કરી આપશે પોતાના ફઝ્લના સબબે." *(સૂ. નૂર, આ. ૩૨)*

આ આયતમાં اَيَامٰىનો મતલબ છે જે કોઈ પણ નિકાહ વિનાનુ હોય, ચાહે પુરૂષ હોય કે સ્ત્રી અને કુંવારી હોય કે વિધવા કે તલાક઼ પામેલી, સૌનો યોગ્ય સંબંધ જોઈને નિકાહ કરવાનો હુકમ થયો.

### ★ વિધવા સ્ત્રીઓની મદદ કરવાની ફઝીલત ★

જે સ્ત્રીના માટે પતિનો સાયો ન હોય સામાન્યતઃ તેના માટે જીવન

જરૂરી ચીજો તથા ખર્ચાઓની વ્યવસ્થા મુશ્કેલ થઈ જાય છે. જો સ્ત્રીની પાસે સિલાઈ, ભરતકામ વગેરેનો હુન્નર છે તો તે હુન્નરના થકી તે બે સમયની રોટીની વ્યવસ્થા તો કરી પણ લે છે, **પરંતું ઘણી બધી સ્ત્રીઓ એવી પણ હોય છે જેમને એનો પણ સહારો નથી હોતો, એવામાં એમને આર્થિક સહાય કરવી અલ્લાહની રાહમાં જેહાદ કરવા બરાબર સવાબ ધરાવે છે.**

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

السَّاعِي عَلَى الْأَرْمَلَةِ وَالْمِسْكِينِ كَالْمُجَاهِدِ فِي سَبِيلِ اللهِ، وَكَالَّذِي يَقُومُ اللَّيْلَ وَيَصُومُ النَّهَارَ.

**"વિધવાઓ તથા ગરીબોની મદદના માટે કોશિશ કરનારો અલ્લાહની રાહમાં જેહાદ કરનારા, રાતે ઈબાદત કરનારા અને દિવસે રોઝા રાખનારાઓની જેમ છે."** *(સુનને ઈબ્ને માજહ, ૨/૭૨૪)*

એટલે કે જે શખ્સ વિધવાઓ તથા ગરીબોની મદદના માટે કોશિશમાં લાગેલો રહે છે તેના માટે જેહાદ, રાતની ઈબાદત તથા દિવસ રોઝામાં પસાર કરવાનો સવાબ લખવામાં આવે છે.

## પયગંબરે અમ્ન ﷺએ વૃધ્ધોને ઊંચો મક઼ામ આપ્યો

આક઼ાએ રહમત ﷺએ અધિક ઉમરે પહોંચી ગયેલા લોકોને ખાસ મક઼ામ તથા મર્તબાવાળા ઠરાવ્યા છે. આપની વિશ્વવ્યાપી તાલીમાતમાંથી એ પણ છે કે ઉમરવાળા લોકોને રહમત તથા બરકતનો સબબ અને ઈજ્જત તથા તાઝીમને પાત્ર સમજવામાં આવે. આપે બુઝુર્ગોની ઈજ્જત તથા તાઝીમની સૂચના આપી અને વૃધ્ધોનો એ હક્ક઼ ઠરાવ્યો કે ઓછી ઉમરવાળા પોતાનાથી અધિક ઉમરવાળા લોકોનું સંમાન જાળવે અને તેમના મર્તબાનો ખયાલ રાખે.

ખાસ કરીને જ્યારે મા બાપ વૃધ્ધ થઈ જાય તો તેમનો હદથી વધુ ખયાલ રાખવો ઈસ્લામી તાલીમાતમાંથી છે. પશ્ચિમી કલ્ચર તથા પયગંબરે

અમ્ન ﷺના આપેલા કલ્ચરમાં આ પણ એક મહાન ફરક઼ છે કે તે લોકો ઘરડાઓના હક્ક઼માં પોતાનો ફર્ઝ બસ એટલો સમજે છે કે જ્યારે એમની ખિદમતનો સમય આવે છે તો તેમને Old House (વૃધ્ધાશ્રમ) પહોંચાડી આપે છે ! પણ આક઼ાએ કૌનેન ﷺએ વૃધ્ધોની ખિદમત તથા તેમનો ખયાલ રાખવાને ઈબાદત ઠરાવેલ છે.

## ★ વૃધ્ધોનુ સંમાન ન જાળવનાર અમારામાંથી નથી ★

પયગંબરે રહમત ﷺની રચેલી સોસાયટી દરેક હક્ક઼દારને તેનો હક્ક઼ પહોંચાડવાનો મિજાઝ આપે છે. નાનાઓ પર મોટાઓનો હક્ક઼ છે કે તેમની ખિદમત કરે અને તેમની ઈજ્જત તથા તાઝીમ કરે. એ જ પ્રમાણે મોટાઓ પર નાનાઓનો હક્ક઼ છે કે તેમની સાથે મહેરબાની તથા નરમીથી વહેવાર કરે. જો કોઈ નાનો કોઈ મોટાની તાઝીમ તથા ઈજ્જતમાં ઉણપ વર્તે છે તો તે સરવરે કાઈનાત ﷺની બનાવેલી સોસાયટીના નિયમોની વિરૂધ્ધ જનારો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَيْسَ مِنَّا مَنْ لَّمْ يَرْحَمْ صَغِيْرَنَا وَيُوَقِّرْ كَبِيْرَنَا۔

"જે નાનાઓ પર રહમ ન કરે અને અને મોટાઓની તાઝીમ ન કરે તે અમારામાંથી નથી." *(સુનને તિર્મિઝી, ૪/૩૨૨)*

આ હદીષેપાકમાં દરેક મોટાની તાઝીમ તથા ઈજ્જતનો હુકમ છે. પછી જે જેટલા પ્રમાણમાં મોટો હશે એટલા પ્રમાણમાં અધિક માન સંમાનને પાત્ર થશે. ઉમરવાળા લોકો કેમ કે સમાજમાં સૌથી મોટા હોય છે એટલા માટે તેઓ માન સંમાનના સૌથી વિશેષ અધિકારી છે.

## ★ વૃધ્ધોની તાઝીમ એ અલ્લાહ વ રસૂલ ﷺની તાઝીમનો હિસ્સો છે ★

ઉમરવાળાઓની તાઝીમ તથા ઈજ્જતને સરવરે કાઈનાત ﷺએ

કેટલા અંશે મહત્વની ઠરાવી દીધી છે કે તેને અલ્લાહ તબારક વ તઆલાની તાઝીમ તથા ઈજ્જતનો હિસ્સો અને પોતાની તાઝીમ તથા ઈજ્જતના જેમ ઠરાવી દીધી.

હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ કૌનેન ﷺએ આદેશ આપ્યો :–

اِنَّ مِنْ اِجْلَالِ اللّٰهِ اِكْرَامَ ذِى الشَّيْبَةِ الْمُسْلِمِ۔

"યક઼ીનન ! ઉમરવાળા મુસલમાનની તાઝીમ કરવી અલ્લાહ તબારક વ તઆલાની તાઝીમનો હિસ્સો છે." *(સુનને અબૂ દાઊદ, ૪/૨૬૧)*

આનાથી વધીને અન્ય શો મક઼ામ હોય શકે છે કે પયગંબરે અમ્ન ﷺએ ઉમરવાળા લોકોની તાઝીમને અલ્લાહની તાઝીમનો હિસ્સો ઠરાવી દીધો !

એ જ પ્રમાણે એક હદીષમાં સરવરે કાઈનાત ﷺએ વૃધ્ધો તથા ઉમરવાળાઓની તાઝીમને પોતાની તાઝીમનો હિસ્સો ઠરાવ્યો છે. હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રહમતે કાઈનાત ﷺએ આદેશ આપ્યો :–

اِنَّ مِنْ اِجْلَالِىْ تَوْقِيْرُ الشَّيْخِ مِنْ اُمَّتِىْ۔

"મારી ઉમ્મતની ઉમરે પહોંચેલી વ્યક્તિઓની તાઝીમ એ મારી તાઝીમનો હિસ્સો છે." *(કન્ઝુલ ઉમ્માલ, ૩/૧૭૨)*

## ★ વૃધ્ધોની તાઝીમનો બદલો દુનિયામાં જ મળી જાય છે ★

આખેરતમાં તો દરેક સારા અમલનો બદલો મળશે જ પણ ઘણા બધા એવા અમલો છે જેનો બદલો અલ્લાહ તબારક વ તઆલા દુનિયામાં જ આપી દે છે, એ અમલોમાંથી એક અમલ આ પણ છે કે કોઈ શખ્સ ઉમરે પહોંચેલ વ્યક્તિઓની તાઝીમ તથા ઈજ્જત અને તેમની ખિદમત કરે. ખાસ કરીને માબાપના ઘડપણમાં તેમની ખિદમત તથા ઈજ્જત કરવું દુનિયામાં જ પોતાની અસર જાહેર કરે છે કે તે શખ્સ જયારે પોતે ઘરડો થાય છે તો તેની ઔલાદ તેની તાઝીમ તથા ક઼દર કરે છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું :–

مَا اَکْرَمَ شَابٌّ شَیْخًا لِسِنِّہٖ اِلَّا قَیَّضَ اللّٰہُ لَہٗ مَنْ یُکْرِمُہٗ عِنْدَ سِنِّہٖ۔

"જે યુવાન કોઈ વૃધ્ધની તાઝીમ તેની ઉમરના કારણે કરે છે, અલ્લાહ તબારક વ તઆલા તેના માટે પણ કોઈને નિયુક્ત કરી આપે છે જે એની વૃધ્ધાવસ્થામાં એની તાઝીમ કરે." *(સુનને તિર્મિઝી, ૪/૩૭૨)*

જે લોકો પોતાની જવાનીમાં વૃધ્ધોને વૃધ્ધાઆશ્રમ (**Old House**)ના હવાલે કરી દે છે અથવા પોતાના ઘરે રાખે તો છે પણ તેમની કદર નથી કરતા તેઓ પોતાની વૃધ્ધાવસ્થામાં સામાન્યતઃ પોતાના બાળકો થકી કાંઈક એવો જ વર્તાવ પામે છે.

## ★ માબાપ વૃધ્ધ થઈ જાય તો તેમને ઉફ સુધ્ધાં કહેવાની ઈજાઝત નથી ★

વૃધ્ધાવસ્થાને કુર્આને મુકદ્દસ "અર્ઝિલુલ ઉમર" કહ્યું છે. આ ઉમરમાં જો કોઈ દેખરેખ કરનાર મળી જાય તો સારી વાત છે, નહીં તો જિંદગી મુશ્કેલ થઈ જાય છે. જ્યારે માબાપ વૃધ્ધ થઈ જાય અને એમના થકી કોઈ એવી વાત ઉપસ્થિત થાય જે આપણને નાપસંદ પડે તો પણ તેમને ઉફ સુધ્ધાં કહેવાની મનાઈ આવી છે. ઈર્શાદે રબ્બાની છે :–

اِمَّا یَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ وَّلَا تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِیْمًا ○ وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّیٰنِیْ صَغِیْرًا ○

"જો તારી સામે એમનામાંથી એક અથવા બંનેવ વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમને "હૂં" ન કહેતો અને તેમને ન તતડાવતો અને તેમની સાથે તાઝીમની વાત કહેજે. અને તેમના માટે આજીજીનો બાઝૂ બિછાવ નરમ દિલીથી, અને અર્ઝ કર કે હે મારા રબ ! તું આ બંનેવ પર રહમ કર

જેવી રીતે કે એ બંનેવે મને બચપનમાં પાળ્યો." *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૨૩–૨૪)*

મા બાપ તથા વૃધ્ધોની નાકદરી, તેમની સાથે બુરો વર્તાવ, તેમને ધમકાવવું મારવું અને તે સર્વ દિલને દુઃખ આપનારી ચીજો જે આજના જમાનામાં આમ થઈ ચૂકી છે, તેની સરવરે કાઈનાત ﷺના લાવેલા ધર્મમાં કોઈ જ આવશ્યકતા નથી. તેમની તાઝીમનો હિસ્સો તો એ છે કે તેમના થકી કોઈ એવો મામલો પામવામાં આવ્યો જે આપણને ઠીક ન લાગે તો પણ તેમને ઉફ સુધ્ધાં કહેવાની મનાઈ કરવામાં આવી છે.

## ★ ખુદ હુઝૂર ﷺએ ઉમરવાળાઓને ઈજ્જત આપી અને તેમને બરકતના સબબ કહ્યા ★

આકાએ નેઅમત ﷺએ ઉમરવાળાઓની અઝમતને જાહેર કરતાં ફર્માવ્યું કે તેમના સબબે ખૈરો બરકત ઉતરે છે.

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે : એકવારનો બનાવ છે કે નબીએ અકરમ ﷺની સાથે સહાબાએ કિરામની એક જમાઅત હતી જેમાં સૈયદના અબૂ બક્ર સિદ્દીક, સૈયદના ઉમર ફારૂક અને સૈયદના અબૂ ઓબૈદા બિન જર્રાહ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ પણ હતા. એ દરમ્યાન આપની પાસે એક પ્યાલો લાવવામાં આવ્યો જેમાં પીણુ હતું. આકાએ કૌનેન ﷺએ એ પ્યાલો હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહને આપી દીધો. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ એના અધિક હક્કદાર છો. આપે ફર્માવ્યું કે એને લઈ લો ! તો અબૂ ઓબૈદાએ તે પ્યાલો લઈ લીધો. પછી આપે પીતા પહેલાં પણ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ એને કબૂલ કરી લો. નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું :–

اِشْرَبْ فَاِنَّ الْبَرَكَةَ فِيْ اَكَابِرِنَا، فَمَنْ لَّمْ يَرْحَمْ صَغِيْرَنَا، وَيُجِلَّ كَبِيْرَنَا فَلَيْسَ مِنَّا۔

"એને પી લો એટલા માટે કે બરકત અમારા ઉમરવાળા લોકોના કારણે છે, તો જેણે નાનાઓ પર રહમ ન કરી અને મોટાઓની તાઝીમ ન કરી તે અમારામાંથી નથી." *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૮/૨૨૮)*

એક રિવાયત હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી છે કે આકાએ કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَهْلًا عَنِ اللّٰهِ مَهْلًا فَإِنَّهُ لَوْلَا شَبَابٌ خُشَّعٌ
وَبَهَائِمُ رُتَّعٌ وَشُيُوخٌ رُكَّعٌ وَأَطْفَالٌ رُضَّعٌ لَصُبَّ عَلَيْكُمُ الْعَذَابُ صَبًّا ـ

''અલ્લાહ તબારક વ તઆલાની તરફથી મોહલત પર મોહલત આપવામાં આવે છે. જો આજીજી તથા ઈન્કેસારી કરવાવાળા (પોતાને તુચ્છ જાણનારા) યુવાન, ચરનારાં ચોપગાં, ઈબાદતગુઝાર વૃધ્ધ અને દૂધ પીતાં બાળકો ન હોત તો તમારા પર મુસીબતોના પહાડ તૂટી પડત.''

*(અસ્સુનનુલ કુબરા લિલ્બયહકી, ૩/૪૮૧)*

પહેલી રિવાયતમાં એ વાત સ્પષ્ટપણે વર્ણવી દેવામાં આવી કે ઉમરવાળા લોકો જે જગાએ હશે ત્યાં બરકતોનો નુઝૂલ થાય છે. હવે કોઈ શખ્સ ચાહે તો એના ઝરીઆ બરકત પોતાના ઘરમાં રાખે અને ચાહે તો તેને ઘરથી કાઢીને બીજી જગાએ તબદીલ કરી દે. બીજી રિવાયતમાં ફર્માવવામાં આવ્યું કે જે જગાએ ઉમરવાળા લોકો હોય તો ત્યાંથી અઝાબ ટળી જાય છે, જો તેઓ ન હોય તો અલ્લાહનો અઝાબ નાઝિલ થઈ શકે છે.

## ★ ઈબાદતોમાં આકાએ રહમત ﷺએ ઉમરવાળા લોકોનો ખયાલ કર્યો ★

ઉમરવાળા લોકોના માટે ઘણીવાર મોડે સુધી કયામ, ઝડપથી ઉઠવું બેસવું, રોઝા રાખવા વગેરે વિવિધ પ્રકારનાં કામો મુશ્કેલ હોય છે. સરવરે કાઈનાત ﷺએ ઈબાદતોમાં પણ તેમનો ખયાલ કર્યો છે, બલ્કે એક સહાબીએ, રસૂલે સરવરે કાઈનાત ﷺની ખિદમતમાં એક શખ્સના બારામાં શિકાયત કરી કે તે નમાઝ પઢાવે છે તો કયામ લાંબો કરી આપે છે. આ સાંભળીને સરવરે કાઈનાત ﷺએ સખત નારાઝગી પ્રદર્શિત કરી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ વર્ણવે છે :–

اِنَّ رَجُلًا قَالَ: وَاللّٰهِ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّيْ لَاَتَاَخَّرُ عَنْ صَلٰوةِ الْغَدَاةِ مِنْ اَجْلِ فُلَانٍ مِمَّا يُطِيْلُ بِنَا فَمَا رَاَيْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فِيْ مَوْعِظَةٍ اَشَدَّ غَضَبًا مِنْهُ يَوْمَئِذٍ، ثُمَّ قَالَ: اِنَّ مِنْكُمْ مُنَفِّرِيْنَ، فَاَيُّكُمْ مَا صَلّٰى بِالنَّاسِ فَلْيَتَجَوَّزْ، فَاِنَّ فِيْهِمُ الضَّعِيْفَ وَالْكَبِيْرَ وَذَا الْحَاجَةِ.

''એક શખ્સે નબીએ અકરમ ﷺની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું ફજરની નમાઝના માટે મોડેથી આવું છું, એટલા માટે કે ફલાણો શખ્સ (જે નમાઝ પઢાવે છે) તે ઘણી લાંબી કિ઼રાઅત કરે છે. મેં નબી અકરમ ﷺને કોઈ વઅઝમાં એનાથી વધુ ગઝબનાક નથી જોયા, પછી આપે ફર્માવ્યું, તમે લોકો તો લોકોને નફરત કરતા કરી દેશો ! તમારામાંથી જે કોઈ નમાઝ પઢાવે તો તેણે જોઈએ કે ટૂંકાવે, કારણ કે નમાઝીઓમાં કમજોર, ઉમરવાળા તથા જરૂરતમંદ લોકો પણ હોય છે.

આ રિવાયતમાં જુઓ કે સરવરે આલમ ﷺએ જયારે સાંભળ્યું કે ઈમામના લાંબા ક઼યામના કારણે કોઈ ઉમરવાળા શખ્સને તકલીફ થઈ રહી છે તો આપે જલાલ (ગુસ્સો) પ્રદર્શિત કર્યો અને ક઼યામ ટૂંકાવવાનો હુકમ કર્યો. એનાથી જાણવા મળ્યું કે આપે ઈબાદતમાં ઉમરવાળા લોકોનો જાતે પોતે ખયાલ કર્યો અને ખયાલ રાખવાનો હુકમ પણ આપ્યો.

એ જ પ્રમાણે ઉમરવાળા લોકોના માટે રોઝાઓ, જેહાદ તથા અન્ય ઈબાદતોમાં પણ હળવાશ કરવામાં આવી છે. નમાઝમાં જો એમનામાં ઉભા રહેવાની શક્તિ નથી તો બેસીને પઢી શકે છે. બેસવું પણ મુશ્કેલ છે તો આડા પડીને ઈશારાથી પઢી શકે છે. રોઝા રાખવાની શક્તિ નથી રહી ગઈ તો છોડવાની ઈજાઝત છે, અલ્બત્ત રોઝાઓના બદલામાં ફિદિયો આપી દે ઈર્શાદ થયો :–

وَعَلَى الَّذِيْنَ يُطِيْقُوْنَهٗ فِدْيَةٌ طَعَامُ مِسْكِيْنٍ.

''જેમને એની શક્તિ ન હોય તો બદલો આપે એક મિસ્કીનનું ખાણું.''

*(સૂ. બક઼રહ, આ. ૧૮૪ કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુક઼દસામાં ''શયખે ફાની''ના માટે રોઝાના બારામાં

રુખસદનું વર્ણન છે જે વૃધ્ધ પુરૂષ અથવા સ્ત્રીમાં વૃધ્ધાવસ્થાની કમજોરીના કારણે રોઝાની શક્તિ ન રહે (ન નમાઝની) અને ભવિષ્યમાં શક્તિ આવવાની ઉમ્મીદ પણ ન હોય તેને "શયખે ફાની" કહે છે, તેના માટે જાઈઝ છે કે ઈફતાર કરે (રોઝા ન રાખે) અને દરેક રોઝાના (નમાઝના) બદલે અડધો સાઅ (એક ફિતરા જેટલા) ઘઉં કે તેનો આટો અથવા તેનાથી બમણા જવ અથવા તેની કિંમત ફિદિયા રૂપે આપે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

એ જ પ્રમાણે જેહાદ, હજ તથા અન્ય શારીરિક ઈબાદતો જેને પૂર્ણ કરવાની કોઈના શરીરમાં શક્તિ નથી રહી ગઈ તો તેમના માટે રુખસદનો હુકમ છે.

## ★ આક઼ાએ નેઅમત ﷺને તલાશ કરવા છે તો ઝઈફોમાં શોધો ★

એક મક઼ામ પર સરવરે કાઈનાત ﷺએ ઝઈફો (કમજોરો)ને પોતાની પ્રતિ સંબંધિત કરીને તેમની ઈજ્જત કરી. હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે કે રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِبْغُوْنِیْ فِیْ ضُعَفَائِکُمْ فَاِنَّمَا تُرْزَقُوْنَ وَتُنْصَرُوْنَ بِضُعَفَائِکُمْ۔

"મને મારા ઝઈફોમાં તલાશ કરો, એટલા માટે કે **તમને કમજોરોના સદક઼ામાં રોજી પણ આપવામાં આવે છે અને તેમના જ સદક઼ામાં તમારી મદદ પણ કરવામાં આવે છે."** *(સુનને અબૂ દાઊદ, ૩/૩૨)*

આ રિવાયતમાં બે વાતોનો ઉલ્લેખ છે એક એ કે ઉમરવાળા તથા કમજોર લોકોને આક઼ાએ કૌનેન ﷺએ પોતાની નિસ્બત અતા કરી. બીજી વાત એ છે કે આક઼ાએ કૌનેન ﷺએ ફર્માવ્યું, માનવોને જે રોજી મળે છે અને જીવન પથ પર ચાલવામાં તેમની જે ગયબી ઈમદાદ થાય છે તે કમજોર તથા ઉમરવાળા લોકોના સદક઼ામાં થાય છે.

## યતીમો (અનાથો) પર સરવરે કૌનેન ﷺનાં એહસાનો

યતીમ એટલે તે નાબાલિગ બાળકો જેમના પિતાનો સાયો તેમનાં માથાંઓ પરથી ઉઠી જાય છે. રસૂલ ﷺના આગમન પહેલાં તેઓ પણ

જુલ્મો સિતમના શિકાર થતા રહેતા હતા. તેમની પરવરિશ તથા કેળવણીની જવાબદારી જો મુશ્કેલીએ કોઈ લઈ પણ લેતો હતો તો તેમને તેમના બાપના વરસામાંથી જે માલ મળેલો હોતો તે માલ હડપ કરી જતો. હુઝૂર સૈયદે આલમ ﷺએ યતીમના ઉછેર તથા તેની સાથે સદ્‌વર્તાવને ઈબાદતનો મક઼ામ આપ્યો અને યતીમોને સમાજમાં મહત્વનું સ્થાન આપ્યું.

**★ યતીમો સાથે સારો વર્તાવ લાઝિમ અને બદસુલૂકી હરામ ★**

યતીમોની સાથે સારો વર્તાવ કરવાની ફઝીલત અને તેમની સાથે બુરા વર્તાવની બુરાઈ કુર્આન મુક઼દ્દસની ઘણી આયતોમાં વર્ણન થયેલ છે.

**૧.** અલ્લાહના ખાસ બંદાઓની ખૂબીઓમાં વર્ણવવામાં આવ્યું :–

وَيُطْعِمُوْنَ الطَّعَامَ عَلٰى حُبِّهٖ مِسْكِيْنًا وَّ يَتِيْمًا وَّاَسِيْرًا○ اِنَّمَا نُطْعِمُكُمْ لِوَجْهِ اللّٰهِ لَا نُرِيْدُ مِنْكُمْ جَزَآءً وَّلَا شُكُوْرًا○

"અને ખાવા ખવડાવે છે તેની મહોબ્બત પર મિસ્કીન તથા યતીમ અને કે઼દીને. તેમને કહે છે : અમે તમને ખાસ અલ્લાહના માટે ખાવા આપીએ છીએ, તમારાથી કોઈ બદલો કે શુક્રગુઝારી (આભાર) નથી માગતા." *(સૂ. દહર, આ. ૮–૯)*

**૨.** યતીમોને ભલાઈ તથા સદ્‌વર્તાવના પાત્ર ઠરાવવામાં આવ્યા :–

يَسْـَٔلُوْنَكَ مَاذَا يُنْفِقُوْنَ قُلْ مَآ اَنْفَقْتُمْ مِّنْ خَيْرٍ فَلِلْوَالِدَيْنِ وَالْاَقْرَبِيْنَ وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَابْنِ السَّبِيْلِ

"તમને પૂછે છે શું ખર્ચ કરીએ ? તમે ફર્માવો, જે કાંઈ માલ નેકીમાં ખર્ચ કરો તો તે માં બાપ તથા નજીકનાં સગાંઓ તથા યતીમો તથા મોહતાજો અને વટે માર્ગુ માટે છે." *(સૂ. બક઼રહ, આ. ૨૧૫)*

**૩.** વારસો વહેંચતી વખતે જો ત્યાં કોઈ યતીમ આવી જાય તો તેને પણ કાંઈક આપી દેવામાં આવે :–

وَاِذَا حَضَرَ الْقِسْمَةَ اُولُوا الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنُ فَارْزُقُوْهُمْ مِّنْهُ وَقُوْلُوْا لَهُمْ قَوْلًا مَّعْرُوْفًا○

''પછી વહેંચણી વખતે જો સગાં, યતીમ તથા મિસ્કીન આવી જાય તો એનામાંથી એમને પણ કાંઈક આપો અને તેમની સાથે સારી વાત કહો.'' *(સૂ. નિસાઅ, આ. ૮, કન્ઝુલ ઈમાન)*

**૪.** તેમના હક્કોની અદાયગીમાં ઈન્સાફ પર કાયમ રહેવાની તાકીદ કરવામાં આવી :–

وَاَنْ تَقُوْمُوْا لِلْیَتٰمٰی بِالْقِسْطِ

''અને એ કે યતીમોના હક્કમાં ઈન્સાફ પર કાયમ રહો.''

*(સૂ. નિસાઅ, આ. ૧૨૭, કન્ઝુલ ઈમાન)*

**૫.** માલે ગનીમતમાં પણ એમનો હિસ્સો રાખવામાં આવ્યો :–

وَاعْلَمُوْٓا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَیْءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوْلِ وَلِذِی الْقُرْبٰی وَالْیَتٰمٰی وَالْمَسٰكِیْنِ وَابْنِ السَّبِیْلِ

''અને જાણી લો કે જે કાંઈ ગનીમત લો તો એનો પાંચમો હિસ્સો ખાસ અલ્લાહ તથા રસૂલ અને સગાવહાલાંઓ તથા યતીમો તથા મોહતાજો તથા મુસાફરોનો છે.'' *(સૂ. અન્ફાલ, આ. ૪૧, કન્ઝુલ ઈમાન)*

**૬.** યતીમોની સાથે નરમીનો વર્તાવ કરવાની તાકીદ કરવામાં આવી :–

فَاَمَّا الْیَتِیْمَ فَلَا تَقْهَرْ ○

''તો યતીમ પર દબાવ ન નાખો.'' *(સૂ. દોહા, આ. ૯, કન્ઝુલ ઈમાન)*

**૭.** યતીમોના માલોને નાહક ખાવાની મનાઈ કરવામાં આવેલી છે :–

وَلَا تَقْرَبُوْا مَالَ الْیَتِیْمِ اِلَّا بِالَّتِیْ هِیَ اَحْسَنُ حَتّٰی یَبْلُغَ اَشُدَّهٗ

''અને યતીમના માલની પાસે ન જાવ પણ ઘણા જ સારા તરીકાથી જ્યાં સુધી તે પોતાની જવાનીએ પહોંચે.'' *(સુ. અન્આમ, આ. ૧૫૨, કન્ઝુલ ઈમાન)*

આ ઉપરાંત ઘણી બધી આયતો છે જેમાં હુકમ આપવામાં આવ્યો છે કે યતીમોની સાથે સારો વર્તાવ કરવામાં આવે, તેમનાં માલોની હિફાઝત કરવામાં આવે, તેમના પર જુલ્મ તથા જોર ન કરવામાં આવે અને તેમના

માલને નાહક્ ન ખાવામાં આવે. તેઓ કમજોર છે તો તેમની કમજોરીનો નાજાઈઝ ફાયદો ન ઉઠાવવામાં આવે, તેઓ બેસહારા છે તો તમને સહારો આપવામાં આવે.

## ★ યતીમના મામલામાં અલ્લાહનો ખૌફ કરો ★

યતીમોની સાથે સારો વર્તાવ કરવાના સંબંધે મુબારક હદીષોમાં સખત તાકીદ કરવામાં આવેલી છે. ખાસ કરીને તેમની હક્ક્તલફીના સંબંધે સરવરે કાઈનાત ﷺએ ઘણી ખરાબીઓ તથા ધમકીઓનો ઉલ્લેખ કર્યો છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

اَللّٰهُمَّ اِنِّیْ اُحَرِّجُ حَقَّ الضَّعِیْفَیْنِ: الْیَتِیْمِ وَالْمَرْاَةِ۔

"હે અલ્લાહ ! હું લોકોને બે કમજોરોના હક્ક્થી ખૂબ ડરાવું છું, એક યતીમ તથા બીજી સ્ત્રી" *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૧૪)*

જે બાળકના માથેથી પિતાનો સાયો ઉઠી ચૂક્યો હોય તો કોઈ શખ્સ એવું ન વિચારે કે તેના હક્કો અપવાનાર કોઈ નથી. જો તેને નિરાધાર સમજીને કોઈએ દુનિયામાં તેનો હક્ક્ માર્યો તો એવું સમજી લેવું જોઈએ કે તેણે પોતાના માટે આખેરતના અઝાબને વહોરી લીધો છે.

## ★ યતીમવાળુ ઘર સૌથી બેહતર ★

યતીમના માથે હાથ રાખવો અને તેને બાપનો પ્યાર આપવો એ એટલો મહાન અમલ છે કે જે ઘરમાં એ અમલ જારી રાખવામાં આવે એ ઘરને સરવરે કાઈનાત ﷺએ સૌથી બેહતર ઘર ઠરાવેલ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે સૈયદે આલમ ﷺએ આદેશ આપ્યો :–

خَیْرُ بَیْتٍ فِی الْمُسْلِمِیْنَ بَیْتٌ فِیْهِ یَتِیْمٌ یُحْسَنُ اِلَیْهِ، وَشَرُّ بَیْتٍ فِی الْمُسْلِمِیْنَ بَیْتٌ فِیْهِ یَتِیْمٌ یُسَاءُ اِلَیْهِ۔

"મુસલમાનોનાં ઘરોમાં સૌથી બેહતર ઘર તે છે જેમાં કોઈ યતીમ હોય જેની સાથે સદ્વર્તાવ કરવામાં આવે. અને મુસલમાનોના ઘરોમાં સૌથી

બુરુ ઘર તે છે જેમાં કોઈ યતીમ હોય જેની સાથે બુરો વર્તાવ કરવામાં આવે.''
*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૧૩)*

**★ યતીમને પાલનાર જન્નતમાં હુઝૂર ﷺનો સાથી ★**

જન્નત મળી જાય તો એ ખુદ એક મહાન નેઅમત મળી ગઈ અને જન્નતમાં હુઝૂર ﷺનો સાથ મળી જાય તો કેટલુ સરસ કહેવાય ! આ શરફ (બુઝુર્ગી) તેને મળશે જે યતીમનુ પાલન પોષણ કરે.

હઝરત સહલ رضی اللہ عنہથી મરવી છે કે સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَنَا وَكَافِلُ الْيَتِيْمِ فِي الْجَنَّةِ هٰكَذَا وَاَشَارَ بِالسَّبَّابَةِ وَالْوُسْطٰى وَفَرَّجَ بَيْنَهُمَا شَيْئًا۔

''હું તથા યતીમનું પાલન પોષણ કરનારા જન્નતમાં આ રીતે હોઈશું. આપે શહાદતની આંગળી તથા વચલી આંગળી વડે ઈશારો કર્યો અને બંનેની વચ્ચે થોડી સરખી જગા રાખી.'' *(સહીહ બુખારીપ ૭/૫૩)*

આમાં અતિશય નઝદીકી બતાવવાનો હેતુ છે કે યતીમની કફાલત (પાલન પોષણ) કરનાર જન્નતમાં સૈયદે આલમ ﷺની ખૂબ જ નજીક હશે. કોઈ શખ્સ પોતાનાં ત્રણ ચાર બાળકોનો ખર્ચ વેઠે છે, તેની સાથે કોઈ એક યતીમની જિમ્મેદારી પણ પોતાના માથે લઈ લે અને તેની સાથે સારો વર્તાવ કરે તો તે કેટલા મહાન ઈનામનો હક્કદાર છે કે જન્નતમાં સરવરે આલમ ﷺની નઝદીકીમાં તેને જગા નસીબ થશે.

**★ દિલની સખ્તી દૂર કરવાનો નુસ્ખો ★**

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે એક શખ્સે સૈયદે આલમ ﷺને દિલની સખ્તીની ફરિયાદ કરી. આપે એના માટે આ નુસ્ખો તઝવીજ ફર્માવ્યો :–

اِمْسَحْ رَأْسَ الْيَتِيْمِ وَاَطْعِمِ الْمِسْكِيْنَ۔

"યતીમના માથે હાથ ફેરવો અને મિસ્કીનને ખાવા ખવડાવો." *(મિશ્કાત, ૩/૧૩૯૩)*

આ અમલથી જેવી રીતે દિલ નરમ થશે તેવી જ રીતે આ અમલ અઢળક સવાબનો સબબ છે. ફર્માને રસૂલે ખુદા છે :–

مَنْ مَسَحَ رَأْسَ يَتِيْمٍ لَمْ يَمْسَحْهُ اِلَّا لِلّٰهِ كَانَ لَهٗ بِكُلِّ شَعْرَةٍ تَمُرُّ عَلَيْهَا يَدُهٗ حَسَنَاتٌ۔

**"જે કોઈએ કોઈ યતીમના માથા પર ફક્ત અલ્લાહની રઝા માટે હાથ ફેરવ્યો તો તેના માથાના જેટલા વાળો પર તેનો હાથ ફરશે તેમના બરાબર એના માટે નેકીઓ હશે."** *(મિશ્કાત, ૩/૧૩૮૮)*

## ★ યતીમનો માલ ખાવો પેટમાં આગ ભરવા સમાન છે ★

જાહિલિયતના દૌરમાં જો કોઈની કફાલતમાં કોઈ યતીમ હોતો અને તેની માલિકીમાં એના બાપથી વારસામાં મળેલી રકમ હોતી તો કોઈ પાલન પોષણ કરવાવાળો શખ્સ એ માલને પોતાના માટે વાપરવામાં કોઈ ખચકાટ અનુભવતો ન હતો. આ યતીમના હક્કને મારવું હતું અને એના પર ઘણો જ મોટો જુલ્મ હતો. એને પિતાના વારસામાંથી મળનારો જે માલ હતો તે તેના મોટા થયા બાદ તેના વેપાર ધંધામાં લગાડવામાં કામ આવી શકે છે, તેની અન્ય જરૂરતોની પૂર્ણતા આ માલથી થઈ શકે છે, પરંતુ જો કોઈએ તેને જુલ્મની રીતે ખર્ચી નાખ્યો તો તે યતીમના માટે ભવિષ્યમાં પરેશાનીનો સબબ થશે. એટલા માટે જુલ્મની રીતે યતીમના માલને ખાવો બુરુ કામ દર્શાવવામાં આવ્યું અને તે માલને ખાવો પોતાના પેટમાં આગ ભરવાના સમાન ઠરાવવામાં આવ્યું. ફર્માને બારી તઆલા છે :–

اِنَّ الَّذِيْنَ يَاْكُلُوْنَ اَمْوَالَ الْيَتٰمٰى ظُلْمًا اِنَّمَا يَاْكُلُوْنَ فِيْ بُطُوْنِهِمْ نَارًا ؕ وَسَيَصْلَوْنَ سَعِيْرًا ۝

"તેઓ જેઓ યતીમોનો માલ નાહક ખાય છે તેઓ તો પોતાના પેટમાં નર્યી આગ ભરે છે. અને કોઈ પળ વીતે છે કે ભડકતા ખાડામાં જશે."

*(સૂ. નિસાઅ, આ. ૧૦, કન્ઝુલ ઈમાન)*

એટલે કે યતીમોનો માલ નાહક ખાવો જાણે આગ ખાવી છે, કેમ કે એ અઝાબનો સબબ છે. હદીષ શરીફમાં છે, ક઼યામતના દિવસે યતીમોનો માલ ખાનારાઓને એવી રીતે ઉઠાડવામાં આવશે કે તેમની ક઼બરોએથી અને તેમના મોંઢેથી અને તેમના કાનોથી ધૂમાડા નીકળતા હશે, તો લોકો પહેચાનશે કે આ યતીમનો માલ ખાનારા છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## ★ યતીમોની સાથે રહમત આલમ ﷺનો વહેવાર ★

સૈયદે આલમ ﷺએ ખુદ પણ યતીમોની સાથે બેહતર સુલૂક કરીને લોકોને પ્રોત્સાહિત કર્યા અને યતીમોના દરજાને બુલંદ કર્યા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર رضی اللہ عنہથી મરવી છે કે હઝરત જઅફર બિન અબી તાલિબના ઈન્તેક઼ાલ પછી ત્રણ દિવસ સુધી નબીયે અકરમ ﷺ અમારી પાસે નથી આવ્યા. પછી આપ તશરીફ લાવ્યા તો ફર્માવ્યું કે આજ પછી મારા ભાઈ પર રડશો નહીં. ત્યારબાદ આપે ફર્માવ્યું કે મારા ભાઈનાં બાળકોને બોલાવો. અમને બોલાવવામાં આવ્યાં. નાનાં બચ્ચાંની જેમની જેમ (નાના નાના) હતા. આપે ફર્માવ્યું, હજામ બોલાવો. હજામને બોલાવીને આપે અમારાં માથાંને મૂંડવાનો હુકમ આપ્યો. *(સુનને અબૂ દાઊદ, ૪/૮૩)*

## પયગંબરે અમ્ન ﷺએ પડોસીઓના હક઼્ક઼ોને મહત્વ આપ્યું

પડોસીઓની સાથે હરવુ મળવું તથા લેણ દેણ સામાન્ય વાત છે. પડોસમાં રહેવાના કારણે તેમની સાથે વારંવાર ભેટો થાય છે અને જાણે અજાણે તેમને તકલીફ પહોંચવાની પણ સંભાવના રહે છે. એટલા માટે પડોસીઓનો ખયાલ રાખવાની અને તેમની સાથે સદ્‌વર્તાવની પણ સખત તાકીદ છે. જે લોકો સાથે હુસ્ને સુલૂક (સદ્‌વર્તાવ) કરવો જરૂરી છે તેની યાદીમાં કુર્આને મુક઼દ્દસે પડોસીઓને પણ સામેલ કરેલ છે. ઈર્શાદ છે :–

وَاعْبُدُوا اللّٰهَ وَلَا تُشْرِكُوْا بِهٖ شَيْـًٔا وَّبِالْوَالِدَيْنِ اِحْسَانًا وَّبِذِى الْقُرْبٰى وَالْيَتٰمٰى وَالْمَسٰكِيْنِ وَالْجَارِ ذِى الْقُرْبٰى وَالْجَارِ الْجُنُبِ وَالصَّاحِبِ بِالْجَنْۢبِ وَابْنِ السَّبِيْلِ ۙ وَمَا مَلَكَتْ اَيْمَانُكُمْ ؕ

"અને અલ્લાહની બંદગી કરો અને તેનો શરીક કોઈને ન ઠરાવો અને માબાપની સાથે ભલાઈ કરો અને સગાંઓ તથા યતીમો તથા મોહતાજો તથા નજીકના પડોસીઓ તથા દૂરનાં પડોસીઓ તથા નજીકના સાથીઓ તથા મુસાફિર તથા પોતાનાં બાંદી ગુલામથી."

*(સૂ. નિસાઅ, આ. ૩૬, કન્ઝુલ ઈમાન)*

## ★ પડોસીઓની સાથે હુસ્ને સુલૂક ઈમાનનો તક઼ાઝો છે ★

પયગંબરે રહમત ﷺના રચેલા સમાજમાં હક્ક઼ોનો લેહાજ કરવા બાબતે ઠેકઠેકાણે ધ્યાન દોરવામાં આવેલ છે. હક઼ીક઼તમાં વિશ્વશાંતિની સ્થાપ્ના એ વખતે થઈ શકે છે જ્યારે દરેક જણના હક્ક઼ો સારી રીતે અદા કરવામાં આવે. પડોસીઓના હક્ક઼ોની અદાયગી અને તેમની સાથે સદ્‌વર્તાવ કરવો પણ સરવરે કાઈનાત ﷺની એ તાલીમાતમાંથી છે જેના વિશે આપે સખત તાકીદ કરેલી છે.

હઝરત અબૂ શુરૈહ ખઝાઈ رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ، فَلْيُحْسِنْ اِلٰى جَارِهٖ۔

"જે અલ્લાહ અને આખેરતના દિવસ પર ઈમાન ધરાવે છે તેણે જોઈએ કે પોતાના પડોસીની સાથે સારો વર્તાવ કરે."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૧)*

એક રિવાયત હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ખુદાની ક઼સમ ! તે મોમિન નથી. ખુદાની ક઼સમ ! તે મોમિન નથી. ખુદાની ક઼સમ ! તે મોમિન નથી ! અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ કોણ મોમિન નથી ? આપે ફર્માવ્યું, જેની તકલીફથી

તેનો પડોસી સુરક્ષિત નથી. *(સહીહ બુખારી, ૮/૧૦)*

જાણવા મળ્યું કે પડોસીઓની સાથે સદવર્તાવ કરવો ઈમાનનો તક઼ાઝો છે અને ઈમાનવાળાને એ વાતની તાકીદ કરવામાં આવી છે કે પડોસીઓની સાથે સદ્‌વર્તાવ કરે. એમનો ખયાલ કરે અને પોતાના કો ઈ કિરદાર તથા અમલ થકી તેમને તકલીફ ન પહોંચાડે.

જે શખ્સ માલદાર છે અને તેનો પડોસી ગરીબ છે અને તે પોતાના પડોસીઓની ખબર અંતર નથી રાખતો, તેના સંબંધે આક઼ાએ નેઅમત ﷺએ ફર્માવ્યું :–

لَيْسَ الْمُؤْمِنُ الَّذِيْ يَشْبَعُ وَجَارُهٗ جَائِعٌ اِلٰى جَنْبِهٖ۔

"તે મોમિન નથી જે ધરાયેલો હોય અને તેની બાજુમાં તેનો પડોસી ભૂખ્યો હોય." *(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૨/૮૭)*

## ★ પડોસીઓના મામલામાં સખત તાકીદ ★

હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી મરવી છે કે સરકારે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَا زَالَ جِبْرِيْلُ يُوْصِيْنِيْ بِالْجَارِ، حَتّٰى ظَنَنْتُ اَنَّهٗ سَيُوَرِّثُهٗ۔

"હઝરત જિબ્રઈલ علیہ السلام મને પડોસીઓના મામલામાં તાકીદ કરતા રહ્યા ત્યાં સુધી કે મને એવું લાગવા માંડયું કે તેને વારસામાં ભાગીદાર ઠરાવવામાં આવશે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૧૧)*

આ હદીષનો મતલબ એ છે કે નજીકના સગાંઓના હક્ક઼ોની કાળજી રાખવી જેવી રીતે જરૂરી છે એવી જ રીતે પડોસીના હક્ક઼ોની કાળજી લેવી જરૂરી છે. પડોસીઓના હક્ક઼ોનો લેહાઝ કરવાના સંબંધે ખુદા તઆલાની તરફથી એટલા પ્રમાણમાં તાકીદ છે કે નબી અકરમ ﷺને ખયાલ થયો કે ક્યાંક તેમને વારસાનો હક્ક઼ ન મળી જાય.

## ★ પડોસીને નુકસાન પહોંચાડવું દસગણો મોટો જુર્મ ★

હઝરત મિક઼દાદ બિન અસ્વદ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને

ફર્માવતાં સાંભળ્યું :–

لَاَنْ يَّزْنِيَ الرَّجُلُ بِعَشْرِ نِسْوَةٍ خَيْرٌ عَلَيْهِ مِنْ اَنْ يَزْنِيَ بِامْرَأَةِ جَارِهٖ، وَلَاَنْ يَّسْرِقَ الرَّجُلُ مِنْ عَشْرَةِ اَبْيَاتٍ اَيْسَرُ عَلَيْهِ مِنْ اَنْ يَّسْرِقَ مِنْ بَيْتِ جَارِهٖ۔

**"કોઈ શખ્સ પોતાના પડોસીની સ્ત્રી સાથે ઝિના કરે એ એના માટે દસ સ્ત્રીઓ સાથે ઝિના કરવાથી પણ મોટો ગુનોહ છે. અને કોઈ શખ્સ પોતાના પડોસીના ઘરેથી ચોરી કરે એ એના માટે દસ ઘરમાં ચોરી કરવાથી પણ મોટો જુર્મ છે."**

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૨/૯૯)*

ચોરી તથા ઝિના ગુનો તો છે જ પણ તેની બુરાઈ પડોસીની હક્ક઼ તલફીના સબબે વધી જાય છે, કે પડોસીની સ્ત્રી સાથે ઝિનાકારીમાં પડવું દસ સ્ત્રીઓની સાથે ઝિના કરવાથી પણ મોટો જુર્મ છે. અને પડોસીના ઘરેથી ચોરી કરવી દસ ઘરોથી ચોરી કરવાથી મોટો ગુનોહ છે. ઝિનાકારી તથા ચોરી કેટલા મોટા જુર્મો છે તેનો અંદાજો તેની શરઈ હદો (શરીઅત મુજબની સજાઓ) પરથી લગાડી શકાય છે કે જો કોઈ શાદીશુદા માણસે ઝિના કર્યો તો તેને દુનિયામાં જીવતા રહેવાનો હક્ક઼ જ નથી, બલ્કે તેને સરેઆમ સંગસાર (પથ્થરો વરસાવી) કરીને મૌતના ઘાટ ઉતારી દેવામાં આવશે. આ સજાઓ પરથી એ ગુનાહોની ગંભીરતાનો અંદાજો કરી શકાય છે કે એમના પર લાગુ થનારો અઝાબ કેટલા પ્રમાણમાં સખત હશે ?! જે શખ્સ પડોસીની સાથે આ મામલો કરે તેના પર લાગુ થનારો અઝાબ એનાથી દસ ગણો હશે.

## ★ ગોશ્ત પકાવો પડોસી માટે સાલન વધારી દો ★

ગોશ્ત તથા તેના જેવા સ્વાદિષ્ઠ ખોરાકો તૈયાર કરવામાં આવે છે તો તેની ખુશ્બુ પાસ પડોસમાં ફેલાય છે. અને જો પડોસી તંગદસ્ત છે તો આ ખુશ્બુને સૂંઘીને તેમના દિલમાં ખયાલ આવશે કે અમારી પાસે પણ માલની છૂટ હોત તો અમે પણ સ્વાદિષ્ટ ભોજનો આરોગતા. સરવરે કાઈનાત

ﷺની રહમત છે કે આપે શાક રાંધનારને હુકમ આપ્યો :–

يَا اَبَاذَرٍّ، اِذَا طَبَخْتَ مَرَقَةً فَاَكْثِرْ مَاءَهَا وَتَعَاهَدْ جِيْرَانَكَ۔

"હે અબૂ ઝર ! જ્યારે તમો ગોશ્ત પકાવ્યા કરો તો પાણી વધારી દીધા કરો અને તમારા પડોસીઓનો પણ ખયાલ કર્યા કરો."

આ રિવાયતમાં એક વાત અધિક માલૂમ થાય છે કે પહેલેથી જ પડોસીઓનો ખયાલ કરીને શાક થોડુક વધારી દેવું જોઈએ. અને પકાવવામાં આવેલા શાકમાં ખાસ એના માટે હિસ્સો રાખવો જાઈએ. આ તેમની સાથે સદ્‌વર્તાવ છે. અને તેમની સાથે સદ્‌વર્તાવ કરવો અલ્લાહ ﷻ તથા તેના રસૂલ ﷺની રઝામંદીઓ ઝરીયો છે, વળી અલ્લાહ વ રસૂલની રઝામંદી જન્નત પ્રાપ્તિનો ઝરીયો છે.

## ★ પડોસીઓને તકલીફ આપવી જહન્નમમાં જવાનો સબબ છે ★

પડોસીઓની સાથે કદીક બાળકોના મામલાને લઈને, કદી અન્ય કોઈ બાબતને લઈને મન દુઃખવાળી સ્થિતિ પેદા થઈ જાય છે. એવામાં જો કોઈ શખ્સ ખુદ સબ્ર કરી લે અને પોતાના પડોસીને કોઈ એવી વાત ન કહે જે તેને નાપસંદ પડે, તો એ એના માટે મહાન બદલાનો સબબ બનશે. તેનાથી ઉલ્ટુ જો કોઈ શખ્સ પડોસીઓ સાથે ઉલઝે અને તેમને પોતાની જીભ અને કિરદાર વડે તકલીફ પહોંચાડે તો અલ્લાહની બારગાહમાં તેની ઈબાદત તથા કયામ નામકબૂલ છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે : "નબી કરીમ ﷺને કહેવામાં આવ્યું, ફલાણી સ્ત્રી રાતભર ઈબાદત કરે છે, દિવસમાં રોઝા રાખે છે, નેક કામ કરે છે, સદકા કરે છે, પરંતુ પોતાની ઝબાન વડે પોતાના પડોસીઓને તકલીફ પહોંચાડે છે. નબીયે કરીમ ﷺએ ફર્માવ્યું : એમાં કોઈ ભલાઈ નથી ! તે જહન્નમી છે ! એક સ્ત્રીના બારામાં કહેવામાં આવ્યું કે ફલાણી સ્ત્રી કેવળ ફર્ઝ નમાઝો પઢે છે. સત્તુ સદકો કરે છે, પરંતુ કોઈને તકલીફ નથી પહોંચાડતી. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, તે જન્નતી છે. *(શોઅબુલ ઈમાન લિલ્બયહકી, ૨૧/૯૪)*

## ★ પડોસીઓને તકલીફ આપવી અલ્લાહની લઅનત વહોરવું છે ★

હઝરત અબૂ જુહૈફા رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે અબદ ક઼રાર ﷺની પાસે એક શખ્સ આવીને પડોસીની ફરિયાદ કરવા લાગ્યા. આપે ફર્માવ્યું, સબ્ર કરો. તે બીજીવાર આવ્યા, ત્યારે પણ આપે ફર્માવ્યું, સબ્ર કરો. જ્યારે ચોથી વાર આવ્યા તો નબીયે અકરમ ﷺએ ફર્માવ્યું, તમારા ઘરનો સામાન કાઢીને રસ્તામાં મૂકી દો.

હવે જે પણ પસાર થતો તે પૂછતો કે શું વાત છે ? તે કહેતા કે આવો આવો મામલો બન્યો છે. દરેક આવવા જવાવાળો તેમના પડોસી પર લઅનત કરતો કરતો ચાલ્યો જતો. તેમનો પડોસી નબીયે અકરમ ﷺની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ આપને ખબર છે, શું થયું છે ? હુઝૂર ﷺએ પૂછયું કે શું થયું છે ? લોકો મારા પર લઅનત કરી રહી રહ્યા છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, લોકોથી પહેલાં અલ્લાહ તબારક વ તઆલાએ તારા પર લઅનત કરી છે. તેણે કહ્યું, હવે બીજીવાર હું આવું નહીં કરૂં.

જ્યારે ફરિયાદ કરનાર નબી કરીમ ﷺની પાસે આવ્યા તો આપે ફર્માવ્યું, તમારો સામાન ઉઠાવી લો, હવે તમને અમાન મળી ગઈ.

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૨/૯૬)*

યાદ રાખશો ! પડોસીઓને તકલીફ પહોંચાડવી અલ્લાહની લઅનતનો ઝરીયો છે, અને જે અલ્લાહની બારગાહથી મલઊન ઠરે તેના માટે જહન્નમના ભડકતા શોલાઓ તૈયાર છે. એટલા માટે પડોસીઓના મામલામાં અનહદ સાવચેતીની જરૂરત છે. અને એ વાતનો પૂરો ખયાલ રાખવો જરૂરી છે કે તેમને આપણી જીભ અથવા કિરદાર વડે કોઈ તકલીફ પહોંચવી ન જોઈએ.

## ★ નબી અકરમ ﷺએ પડોસીઓના હક્ક઼ો વિગતે વર્ણવ્યા ★

આક઼ાએ રહમત ﷺએ પડોસીઓના હક્ક઼ો પૂરી તફસીલની સાથે

વર્ણવ્યા છે. આપ ફર્માવે છે કે શું તમને ખબર છે કે પડોસીનો હક્ક઼ શું છે ? પડોસીનો હક્ક઼ આ પ્રમાણે છે :

**૦૧.** જ્યારે તમારી પાસે કોઈ મામલામાં મદદ માગે તો તમે તેની મદદ કરો.

**૦૨.** જ્યારે તમારાથી કરજ માગે તો તમે તેને કરજ આપો.

**૦૩.** જ્યારે તેને કોઈ ચીજની હાજત હોય તો તમે તેમની હાજત પૂરી કરો.

**૦૪.** જ્યારે તે બીમાર થાય તો તમે તેની અયાદત કરો. (ખબર અંતર પૂછો)

**૦૫.** જ્યારે તેને કોઈ ખુશી મળે તો તમે તેને મુબારકબાદ પેશ કરો.

**૦૬.** જ્યારે તેને કોઈ મુસીબત આવે તો તમે તેની તઅઝિયત કરો. (આશ્વાસન આપો)

**૦૭.** જ્યારે તેનો ઈન્તેક઼ાલ થઈ જાય તો તમે તેના જનાઝામાં શરીક થાવ.

**૦૮.** પોતાના ઘરની ઈમારતને તેના ઘરની ઈમારત કરતાં ઊંચી ન કરો કે તેની તરફ હવા ન જઈ શકે, પણ ઈજાઝત લઈને કરી શકો છો.

**૦૯.** તેને તમારી હાંડલીની ખુશ્બુથી તકલીફ ન આપો પણ એ કે તમે એને એમાંથી કાંઈ મોકલી દીધા કરો.

**૧૦.** ફળ ખરીદો તો તેને એમાંથી તોહફો આપો. જો એવું નથી કરી શકતા તો છુપી રીતે લઈને જાવ. તમારાં બાળકો પણ ફળ હાથમાં લઈને બહાર ન જાય.

શું તમે જાણો છો કે પડોસીનો શું હક્ક઼ છે ? ખુદાની ક઼સમ ! પડોસીનો હક્ક઼ ઘણા જ થોડા લોકો અદા કરવા પામે છે.

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૨/૧૦૪)*

## ★ નબી કરીમ ﷺએ કાફિર પડોસીને પણ પડોસના હક્ક઼ો આપ્યા ★

વર્ણવેલ હક્ક઼ો વર્ણવ્યા બાદ આક઼ાએ રહમત ﷺએ ફર્માવ્યું, પડોસી ત્રણ પ્રકારના હોય છે : અમુકના ત્રણ હક્ક઼ો હોય છે, અમુકના બે હક્ક઼ો હોય છે તથા અમુકનો કેવળ એક હક્ક઼ હોય છે.

૦૧. તે જેના ત્રણ હક્કો છે તે એ પડોસી છે જે સગો પણ છે અને મુસલમાન પણ છે. એના માટે ઈસ્લામનો હક્ક પણ છે, સગાઈનો હક્ક પણ છે અને પડોસનો હક્ક પણ છે.

૦૨. તે પડોસી જે મુસલમાન છે પણ સગો નથી, તેના માટે ઈસ્લામનો હક્ક છે અને પડોસનો હક્ક છે.

૦૩. તે પડોસી જે કાફિર છે, તેના માટે કેવળ પડોસનો હક્ક છે.

*(ઉપર મુજબ, પેજ–૧૦૫)*

## ★ પડોસીની વાત માણસના સારા કે બુરા હોવાનું માપદંડ છે ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે :–

جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُوْلَ اللهِ دُلَّنِيْ عَلَى عَمَلٍ إِذَا عَمِلْتُ بِهِ دَخَلْتُ الْجَنَّةَ؟ قَالَ: كُنْ مُحْسِنًا، قَالَ: كَيْفَ أَعْلَمُ أَنِّيْ مُحْسِنٌ؟ قَالَ: سَلْ جِيْرَانَكَ، فَإِنْ قَالُوْا: إِنَّكَ مُحْسِنٌ فَإِنَّكَ مُحْسِنٌ، وَإِنْ قَالُوْا: إِنَّكَ مُسِيْءٌ فَأَنْتَ مُسِيْءٌ

"એક શખ્સ નબી અકરમ ﷺની પાસે આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કોઈ એવું કામ બતાવો કે હું કરું તો જન્નતમાં દાખલ થઈ જાઉં. આપે ફર્માવ્યું, નેક બની જાવ ! તેમણે અર્ઝ કરી કે મને કેવી રીતે ખબર પડે કે હું નેક છું ? આપે ફર્માવ્યું, પડોસીઓને પૂછી લો. જો કહી દે કે તમે નેક છો તો તમે નેક છો, અને જો કહી દે કે તમે બુરા છો, તો તમે બુરા છો.

જાણવા મળ્યું કે પડોસી જે શખ્સને બેહતરી તથા પારસાઈની સનદ આપી દે તો તે શખ્સ બેહતર તથા પારસા (પવિત્ર) છે, અને જે પારસા છે તે જ જન્નતનો હક્કદાર છે. એ જ પ્રમાણે પડોસીઓનું કોઈ શખ્સને બુરો ઠરાવી દેવું તેના બુરા હોવાની દલીલ પણ છે. કેમ કે તેની સાથે રોજ રાત દિવસનો વહેવાર છે અને તેઓ એ શખ્સના અહેવાલથી અધિક વાકેફ હોય છે. જો દરેક પડોસી પોતાના પડોસીના હક્કોને અદા કરવા લાગે તો આપણો

સમાજ અમ્નો સુકૂનનો બગીચો બની જશે અને દરેક જગાએ અમ્નો શાંતિનો માહિલ જોવા મળશે.

## નબી કરીમ ﷺએ મુસાફરોને સહૂલતો અર્પણ કરી

૧૪૦૦ વરસો પહેલાં આજના દૌરની જેમ સહૂલતો જોવા મળતી ન હતી અને સફરમાં નીકળવું કોઈ મહાન મુસીબત સહન કરવાથી કમ ન રહેતું હતું. એટલા માટે અરબવાસીઓ કહ્યા કરતા હતા :– اَلسَّفَرُ كَالسَّقَرِ، "સફર જહન્નમની જેમ છે." સફર દરમિયાન મુસાફરોને સફરના થાક ઉપરાંત ખાવા પીવા, રહેવા સહેવા, રૂપિયા પૈસા દરેક ચીજની તંગી તથા તકલીફ રહેતી હતી. એટલા માટે મુસાફરોને શરીઅતના હુકમોમાં પણ રાહત આપવામાં આવી છે. સરવરે કાઈનાત ﷺએ મુસાફરોના માટે પણ હક્કો નિશ્ચિત કર્યા છે, તેમને સહૂલતો પૂરી પાડી અને તેમને પણ મુસલમાનોની મદદના મુસ્તહિક઼ ઠરાવી દીધા. કુર્આને મુક઼દ્દસની વિવિધ આયતો જેમાં સગા સંબંધીઓ તથા ફક઼ીરો તથા ગરીબોની મદદ તથા તેમની સાથે સદ્વર્તાવનું વર્ણન છે ત્યાં જ "ઈબ્નુસ્સબીલ"નો શબ્દ પણ આવેલો છે. ઈબ્નુસ્સબીલમાં મુસાફર પણ દાખલ છે. કુર્આનનું ફર્માન છે :–

فَاٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ ؕ

"તો સગાને તેનો હક઼ આપો અને મિસ્કીન તથા મુસાફરને."

*(સૂ. રૂમ. આ.૩૮, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુબારકા તથા આ પ્રકારની વિવિધ આયતોમાં ઈબ્નુસ્સબીલ એટલે મુસાફરોના હક્કોની અદાયગી સર્વ મુસલમાનો પર જરૂરી ઠરાવવામાં આવી છે.

### ★ મુસાફરો માટે નમાઝમાં રાહત ! ★

સરવરે કૌનેન ﷺએ કુર્આનના હુકમ પ્રમાણે મુસાફરોને નમાઝમાં કસર કરવાનો હુકમ ફર્માવ્યો. ચાર રકાતવાળી ફર્ઝ નમાઝો બે બે રકાતો પઢવામાં આવશે અને સુન્નતે મોઅક્કદા પણ મુસાફરો માટે ગૈર

મોઅક્કદાના હુકમમાં ફેરવાય જશે. ફર્માને બારી તઆલા છે :–

وَاِذَا ضَرَبْتُمْ فِي الْاَرْضِ فَلَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَقْصُرُوْا مِنَ الصَّلٰوةِ۔

"અને જ્યારે તમે જમીનમાં સફર કરો તો તમારા પર ગુનોહ નથી કે અમુક નમાઝો કસર પઢો."

હવે નવી શોધોના કારણે જો કે સફર ઘણો આસાન થઈ ગયો છે પરંતું મુસાફરની હૈસિયતથી હજી પણ કસર નમાઝની આ સહૂલત ચાલુ છે. અલ્બત્ત યાદ રાખશો કે આ સહૂલત શરઈ મુસાફિરના માટે છે, એટલે કે જે શખ્સ ત્રણ દિવસ અને ત્રણ રાતના અંતર સફરની પર નીકળ્યો હોય. જેનું માપ ૯૨ કિ.મિ. છે. શરઈ મુસાફરના માટે વિવિધ શરઈ હુકમોમાં રાહત છે.

## ★ મુસાફરના માટે મસહ અલલ ખુફીનની મુદ્દત ત્રણ દિવસની છે ★

અરબમાં પહેલાં ખુફ (પગના મોજા) પહેર્યા કરતા હતા. ખુફ ચામડા તથા એના જેવી કોઈ જાડી ચીજનો બનેલો રહેતો હતો. જો કોઈ શખ્સ બાવુઝૂ પગે મોજા પહેરી લે તો મોજાઓ ઉતારીને પગો ધોવાની જરૂરત નથી, બલ્કે તે તેના પર મસહ કરી શકે છે. મુસાફરને ત્રણ દિવસ ત્રણ રાત મસહની ઈજાઝત આપવામાં આવી છે.

હઝરત સફવાન ઈબ્ને અસાલ رضی اللہ عنہથી મરવી છે : ફર્માવે છે :–

رَخَّصَ لَنَا النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا كُنَّا مُسَافِرِيْنَ اَنْ لَّا نَنْزِعَ خِفَافَنَا ثَلَاثَةَ اَيَّامٍ وَلَيَالِيَهُنَّ۔

"નબી અકરમ ﷺએ અમને છૂટ અતા ફર્માવી છે કે જ્યારે અમે મુસાફર હોઈએ તો ત્રણ દિવસ ત્રણ રાત સુધી પોતાના મોજા ન ઉતારીએ."

*(સુનને નિસાઈ, ૧/૮૩)*

બલ્કે જ્યારે પણ વુઝૂ કરે તો મોજા પર મસહ કરે. પછી જ્યારે મુદ્દત ખત્મ થઈ જાય તો મોજા ઉતારીને પગો ધોઈ લેવામાં આવશે અને પછી

ફરી મોજાઓ પહેરી લેવામાં આવશે. યાદ રાખશો આ મસહ કેવળ મોજાઓ અથવા એના હુકમમાં જે પગોને ઢાંકનાર હોય તેના પર જાઈઝ છે, નહીં તો નહીં.

## ★ મુસાફરના માટે નફલ નમાઝ દરમ્યાન કિ઼બ્લા રૂ હોવું જરૂરી નથી ★

મુસાફર શહેરની બહાર સવારી પર પણ નફલ પઢી શકે છે અને આ સ્થિતિમાં કિબ્લા રૂ હોવું શર્ત નથી બલ્કે સવારી જે દિશામાં જઈ રહી હોય એ બાજુ મોં હોય. નમાઝ શરૂ કરતી વખતે પણ કિ઼બ્લાની તરફ મોં હોવું શર્ત નથી, બલ્કે સવારી જે બાજુ જઈ રહી છે એ તરફ હોય અને રુકૂઅ તથા સિજદા ઈશારાથી કરે.

હઝરત જાબિર رضی اللہ عنہથી મરવી છે. તે કહે છે, મને નબી અકરમ ﷺએ કોઈ કામથી મોકલ્યો. હું જ્યારે પરત આવ્યો તો જોયું કે આપ આપની સવારી પર બેઠેલા રહી પૂર્વની તરફ રુખ કરીને ઈશારાથી રુકૂઅ સજદા કરીને નમાઝ પઢી રહ્યા હતા. *(સુનને તિર્મિઝી, ૨/૧૮૨)*

ઈમામ તિર્મિઝી આ હદીષને વર્ણન કર્યા બાદ લખે છે :–

وَالْعَمَلُ عَلَيْهِ عِنْدَ عَامَّةِ اَهْلِ الْعِلْمِ لَا نَعْلَمُ بَيْنَهُمْ اخْتِلَافًا، لَا يَرَوْنَ بَأْسًا اَنْ يُّصَلِّيَ الرَّجُلُ عَلٰى رَاحِلَتِهٖ تَطَوُّعًا حَيْثُ مَا كَانَ وَجْهُهٗ اِلَى الْقِبْلَةِ اَوْ غَيْرِهَا۔

''સૌ ઈલ્મવાળાઓ નજીક એના પર અમલ છે, અમે એમના દરમ્યાન કોઈ મતભેદ હોવાનું જાણતા નથી. તે હઝરાત સવારી પર નફલ નમાઝ પઢવાના બારામાં કોઈ મતભેદ નથી કરતા, ચાહે તેનો ચહેરો કિ઼બ્લાની તરફ હોય કે કોઈ અન્ય દિશામાં હોય. *(ઉપર મુજબ)*

એ જ પ્રમાણે અન્ય પણ વિવિધ શરીઅતના હુકમો છે જેમાં પયગંબરે અમ્ન ﷺએ મુસાફરોને સહૂલત અર્પણ કરી છે, જેથી સફર દરમ્યાન તેમને શરીઅતના હુકમો પર અમલ કરવામાં સરળતા રહે. પછી જ્યારે તે

કોઈના ત્યાં રોકાય છે તો મહેમાનની હૈષિયતથી હોય છે. આક઼ાએ નેઅમત ﷺએ મહેમાનના હક્ક઼ો પણ નિશ્ચિત કરી આપ્યા છે.

## મહેમાનોને પયગંબરે રહમત ﷺએ રહમતના સબબ ઠરાવ્યા

કોઈના ઘરે મહેમાન આવી જાય તો ઘરવાળાં તેમને રહમતનો સબબ સમજવા લાગે છે અને અમુક લોકો મહેમાનોના આગમનથી ગભરાય છે. પયગંબરે રહમત ﷺએ પહેલાં તો એ ધ્યાન દોર્યું કે મહેમાન રહમતનો સબબ છે અને પછી તેમના હક્ક઼ો નિશ્ચિત કરીને તેમના માટે સરળતા પૂરી પાડી છે.

## ★ મહેમાનોની તાઝીમ મુસલમાનોની જિમ્મેદારી ★

મહેમાનોની ઈજ્જત કરવી, તેમના માટે યોગ્ય વ્યવસ્થા કરવી અને તેમને બને ત્યાં સુધી સહૂલતો પૂરી પાડવી એને સરકાર ﷺએ મુસલમાનોનો ફરીઝો ઠરાવ્યો છે.

હઝરત અબૂ શુરૈહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ فَلْيُكْرِمْ ضَيْفَهٗ۔

"જે અલ્લાહ તબારક વ તઆલા તથા આખેરતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તેણે જોઈએ કે મહેમાનની તાઝીમ કરે." *(સહીહ મુસ્લિમ, ૧/૬૮)*

આ પરથી જાણવા મળ્યું કે મહેમાનની ખિદમત કરવું અને તેના માટે યથાશક્તિ વ્યવસ્થા કરવી એ ઈમાનનો તક઼ાઝો છે.

## ★ મહેમાન રહમત લઈને આવે છે ★

રોજી દરેક જણની અલ્લાહ તબારક વ તઆલાના કરમના જિમ્મે છે. તે દરેક શખ્સના ખાવા પીવાની વ્યવસ્થા કરનાર છે. આપણે ત્યાં જો કોઈ મહેમાન આવે અને આપણે તેના માટે ખાવા પીવાની વ્યવસ્થા કરી તો

હકીકતમાં એનો હિસ્સો અલ્લાહ તઆલાએ આપણે ત્યાં મોકલ્યો છે અને એની ખિદમતના બદલામાં આપણા ઘરે બરકતોનું નુઝૂલ પણ થવાનું છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلْخَيْرُ اَسْرَعُ اِلَى الْبَيْتِ الَّذِى يُغْشٰى مِنَ الشَّفْرَةِ اِلٰى سَنَامِ الْبَعِيْرِ۔

"જે ઘરમાં મહેમાનોની આવન જાવન થાય તે ઘરમાં ઊંટની ખાંધની તરફ વધનારી છરીથી વધુ ઝડપથી ભલાઈ વધે છે."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૧૧૪)*

આ હદીષે પાકમાં સરવરે આલમ ﷺએ એ વાતનો નિર્દેશ કર્યો કે કોઈ એવું ન સમજે કે મહેમાનો માટે તકલીફ કરવી તેમના માટે પરેશાનીનો સબબ છે, બલ્કે મહેમાન તેમના માટે રહમત તથા બરકત લઈને આવે છે.

## ★ શરઈ ઝિયાફ્ત ત્રણ દિવસ છે, ત્યારબાદ સદકાનો સવાબ છે ★

કોઈ મુસલમાનનું કોઈ મુસલમાન પર કોઈ પર રીતે ખર્ચ કરવું કદી બેકાર નથી જતુ. ત્રણ દિવસ સુધી મહેમાનનવાઝીનો હુકમ છે, ત્યારબાદ પણ ખવડાવે છે તો સદકાનો સવાબ છે. હઝરત અબૂ શુહૈર અદવીથી રિવાયત છે કે રસૂલે રહમત ﷺએ ફર્માવ્યું :–

جَائِزَتَهٗ يَوْمُهٗ وَلَيْلَتُهٗ وَالضِّيَافَةُ ثَلَاثَةُ اَيَّامٍ، فَمَا كَانَ وَرَاءَ ذٰلِكَ فَهُوَ صَدَقَةٌ عَلَيْهِ۔

"પુર તકલ્લુફ (ખૂબ કાળજીપૂર્વકની) ઝિયાફત એક દિવસ તથા એક રાત છે અને મહેમાન નવાઝી ત્રણ દિવસ સુધી છે. એનાથી વધીને જે પણ હોય તેમાં સદકો કરવાનો સવાબ છે." *(સહીહ મુસ્લિમ, ૧/૬૮)*

એની સાથે સાથે મહેમાનને પણ એ હુકમ થયો કે કોઈને ત્યાં એટલો ન રહે કે તેને તંગી તથા પરેશાનીમાં નાખી દે. જેમ કે સહીહ મુસ્લિમની હદીષમાં છે.

## ★ સરવરે આલમ ﷺની મહેમાન નવાઝી ★

સરવરે આલમ ﷺને ત્યાં કોઈ મહેમાન બનીને આવતો તો આપ પોતે તેની મહેમાન નવાઝી કર્યા કરતા હતા.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે એક કાફિર આકાએ નેઅમત ﷺને ત્યાં મહેમાન બન્યો. આપે બકરીનું દૂધ દોહવાનો હુકમ કર્યો. તેણે એક બકરીનું બધુ જ દૂધ પી લીધું. પછી બીજી બકરી દોહવાનો હુકમ આપ્યો. તેણે એનું પણ પૂરુ દૂધ પી લીધું, ત્યાં સુધી કે તેણે સાત બકરીઓનું દૂધ પી નાખ્યું. પછી સવાર થઈ તો તેણે ઈસ્લામ કૂબૂલ કરી લીધો. *(સહીહ મુસ્લિમ, ૩/૧૬૩૨)*

આકાએ રહમત ﷺએ હુસ્ને સુલૂકની જે તાલીમ આપી તે ઈસ્લામની અઝમતોને જાહેર કરે છે. આવા અગણિત પ્રસંગો મળશે કે હુસ્ને સુલૂકની બરકત એવી જાહેર થઈ કે કોઈ કાફિરની સાથે સદ્વર્તાવ કરવામાં આવ્યો અને તેનાથી પ્રભાવિત થઈને તે ઈસ્લામના દામનથી જોડાઈ ગયો. આજના જમાનામાં એ વાતની અધિક જરૂરત છે કે આપણે આપણા કિરદારમાં નબવી તાલીમાતને દાખલ કરીએ. કેવળ જીભ વડે હદીષો પઢવી કે પઢી સંભળાવવી પૂરતી નથી.

## ★ મહેમાનને ખુશ ચહેરે વિદાય કરવામાં આવે ★

સામાન્યઃ જોવામાં આવે છે કે મહેમાનોના આગમન પર લોકો અકળામણ અનુભવે છે અને પછી વારંવાર એ ખયાલ આવે છે કે કેટલા જલ્દી મહેમાન ચાલ્યા જાય. આ અકળામણના કારણે મહેમાનોને સહીહ તૌરથી વિદાય કરવાનો માહોલ ધીરે ધીરે અદ્દશ્ય થઈ રહ્યો છે. નબવી તાલીમ એ છે કે જ્યારે મહેમાન રુખસદ થાય તો તેમને હસતે ચહેરે વિદાય કરવામાં આવે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે આકાએ કૌનેન ﷺએ ફર્માવ્યું :–

اِنَّ مِنَ السُّنَّۃِ اَنْ یَّخْرُجَ الرَّجُلُ مَعَ ضَیْفِہٖ اِلٰی بَابِ الدَّارِ۔

"એ સુન્નત છે કે કોઈ શખ્સ મહેમાનની સાથે ઘરના દરવાજા સુધી નીકળે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૧૧૪)*

આ હદીષમાં એ હુકમ છે કે મહેમાન જ્યારે વિદાય લે ત્યારે અદબ એ છે કે તેને હસ્તા મુખે વિદાય કરવામાં આવે. એ રીતે વિદાય કરવામાં એ વાત પ્રદર્શિત થશે કે તેમના આવવાથી આપણે અકળામણ નથી અનુભવી બલ્કે તેમના આવવાને આપણે પોતાના માટે બેહતર તથા બરકતનો સબબ મેહસૂસ કર્યુ છે.

## પયગંબરે અમ્ન ﷺએ મજબૂરોના હક્કો મેહફૂઝ કર્યા

મઅઝૂરો (મજબૂરો)માં એ લોકોની ગણના થાય છે જેઓ શારીરિક અથવા માનસિક કમજોરીના કારણે જિંદગીની દૌરમાં પાછળ રહી જાય છે. વર્તમાનકાળમાં અમુક કૌમોએ તથા ગવર્નમેન્ટોએ એમના માટે કેટલીક સહૂલતો પૂરી પાડી છે, પરંતું તે પૂરતી નથી. કુર્આને મુકદ્દસ તથા મુબારક હદીષોમાં એમના માટે ઈબાદતોમાં રાહત આપવામાં આવી છે. પયગંબરે અમ્ન ﷺએ ૧૪૦૦ વરસ પહેલાં તેમના માટે ખાસ હક્કો નિશ્ચિત કર્યા છે અને મુસલમાનોને તાકીદ કરી કે તેમની ખબરગીરી કરે.

### ★ મઅઝૂરો સાથે ઈબાદતમાં રાહત ★

ઘણી બધી ઈબાદતો જેમાં શારીરિક થાક લાગે છે. સૈયદે આલમ ﷺએ કુર્આનના હુકમના મુજબ તેમનાથી ક્યાંક મઅઝૂરોને તદ્દન અપવાદ કરી દીધા છે અથવા એમના માટે એમાં રાહત પેદા કરી દીધી છે. જો માલદાર છે પણ મઅઝૂર છે તો હજમાં હજ્જે બદલની સ્થિતિ રાખવામાં આવી છે. રોઝામાં ફિદિયો આપી શકે છે. તેમને જેહાદથી પણ અપવાદ કરવામાં આવેલા છે. કુર્આને મુકદ્દસમાં ઈર્શાદ થયો :–

لَيْسَ عَلَى الْاَعْمٰى حَرَجٌ وَّلَا عَلَى الْاَعْرَجِ حَرَجٌ وَّلَا عَلَى الْمَرِيْضِ حَرَجٌ ۔

''આંધળા પર તંગી નથી અને ન લંગડા પર વાંધો અને બીમાર પર પૂછતાછ.'' *(સૂ. ફતહ, આ.૧૭)*

હદ તો એ છે કે આ મઅઝૂર (Disable) હઝરાત જેઓ પોતાની મજબૂરીના સબબે જેહાદમાં ભાગ ન લઈ શકતા હતા, તેમના માટે પણ મુજાહિદોના સમાન સવાબનો વાયદો છે.

ગઝવએ તબૂકની વાપસીમાં જ્યારે મદીનાથી નજીક થયા તો સરવરે દો આલમ ﷺએ સહાબાને ઈર્શાદ ફર્માવ્યો, તમારી પાછળ મદીનામાં કેટલાક લોકો એવા પણ છે કે તમે જે વાદીને પણ પાર કરો છો અને જે રસ્તા ઉપર પણ ચાલો છો, તો તમારી સાથે અજ્ર (બદલા)માં તેઓ પણ સમાન રીતે શરીક છે. સહાબાએ કિરામે કહ્યું કે એ કેવી રીતે થઈ શકે છે જ્યારે કે તેઓ મદીનામાં બેઠા છે ? આપે ફર્માવ્યું, એટલા માટે કે તેઓ મજબૂરીના લીધે મદીનામાં રોકાયેલા છે. *(સહીહ બુખારી, ૬/૮)*

જાણવા મળ્યું કે જો કોઈ મજબૂરીના કારણે ઈબાદતનું કોઈ કામ નથી કરી શકતો, પરંતુ નિય્યત હતી, તો અજ્રો ષવાબથી વંચિત રહેશે નહીં, બલ્કે એમના માટે પણ અજ્રો ષવાબમાં હિસ્સો નિશ્ચિત છે.

## ★ મઅઝૂરના ઉઝ્રના કારણે ખિયારે શર્તની મશરૂઈયત ★

''ખિયારે શર્ત''ની વ્યાખ્યા વિશે સ્પષ્ટતા કરતાં ફક઼ીહુલ અસ્ર, સદરુશ્શરીઅહ, બદરુત્તરીક઼હ હઝરત અલ્લામા મૌલાના મુફ્તી મુહમ્મદ અમજદ અલી આઝમી رحمۃ اللہ علیہ લખે છે :

બાએઅ તથા મુશ્તરીને એ હક્ક઼ હાંસલ છે કે તે ક઼તઈ તૌર પર બય્અ ન કરે બલ્કે અક઼દમાં એ શરત કરી આપે કે જો મંઝૂર ન થયું તો બય્અ બાકી ન રહેશે. એને ખિયારે શર્ત કહે છે. *(બહારે શરીઅત)*

ખયાનત તથા નુકસાનથી બચાવવાના માટે આ શરીઅતનો હુકમ જે વર્ણન થયો તે એક મઅઝૂર સહાબીએ રસૂલના કારણે થયો. હઝરત મુહમ્મદ બિન યહ્યા બિન હબ્બાન رضی اللہ عنہ ફર્માવે છે કે મારા દાદા મુન્કિ઼ઝ બિન અમ્રનો બનાવ છે કે તેમના દિમાગમાં ઘા થવાના કારણે તેમની જીભ

પણ અસર પામી હતી એટલા માટે તે ખરીદ વેચાણમાં ધોકો ખાય જતા હતા. તે નબી અકરમ ﷺની પાસે આવ્યા અને તેમને એનો ઉલ્લેખ કર્યો, તો આકાએ નેઅમત ﷺએ ફર્માવ્યું :–

إِذَا أَنْتَ بَايَعْتَ، فَقُلْ: لَا خِلَابَةَ، ثُمَّ أَنْتَ فِي كُلِّ سِلْعَةٍ ابْتَعْتَهَا بِالْخِيَارِ ثَلَاثَ لَيَالٍ، فَإِنْ رَضِيتَ فَأَمْسِكْ، وَإِنْ سَخِطْتَ فَارْدُدْهَا عَلَى صَاحِبِهَا.

"જ્યારે તમે ખરીદ વેચાણનો મામલો કરો તો કહો, કોઈ પ્રકારનો ધોકો ન થવો જોઈએ. પછી દરેક માલના સંબંધી તમને ત્રણ દિવસો સુધી ખિયારે શર્ત થશે. જો તમને ઠીક લાગે તો પોતાની પાસે રોકેલ રાખજો અને જો ઠીક ન લાગે તો તમે પરત કરી શકો છો. *(સુનને ઈબ્ને માજહ, ૨/૭૮૯)*

## ★ મઅઝૂર પોતાના ઉઝ્ર પર સબ્ર કરે તો જન્નત યકીની ! ★

અલ્લાહ તબારક વ તઆલાએ દુનિયામાં કોઈને જો અપંગ બનાવી દીધો તો તેના પર નાશુક્રી પ્રદર્શિત કરવી જોઈએ નહીં, બલ્કે એવું સમજવું જોઈએ કે દુનિયામાં કોઈને મામૂલી સરખી પણ તકલીફ પહોંચી છે તો તેના માટે આખેરતનો ખજાનો બને છે.

હઝરત અતાઅ્ બિન રિબાહ رضی اللہ عنہ કહે છે કે એકવાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ મને ફર્માવ્યું, શું હું તને એક જન્નતી સ્ત્રી ન બતાવું ? મેં અર્ઝ કરી, જરૂર બતાવો ! ફર્માવ્યું, એ સામે ઉભેલી હબ્શી સ્ત્રી. તેણીએ એકવાર હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી હતી કે યા રસૂલલ્લાહ ! ﷺ મને ખેંચની બીમારી થાય છે જેના કારણે મારુ સતર ખુલી જાય છે. આપ અલ્લાહ તઆલાથી મારા માટે દુઆ કરો. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો તું ચાહે તો સબ્ર કર કે અલ્લાહ તઆલા એના બદલામાં તને જન્નત અર્પણ કરશે, અને જો પસંદ કરે તો તારા માટે ભલાઈ તથા તંદુરસ્તીની દુઆ કરું.

એ સ્ત્રીએ અર્ઝ કરી, હું ઈન્શા અલ્લાહ ! સબ્ર કરીશ, પરંતું આપ

એ દુઆ જરૂર ફર્માવી દેશો કે આ હાલતમાં મારું સતર જાહેર ન થયા કરે. આ સાંભળીને રસૂલુલ્લાહ ﷺએ તેના માટે સતરની હિફાઝતની દુઆ કરી. *(દુર્રે મન્સૂર, ૫/૧૬૨)*

**આ બનાવ નસીહત માટે બોધદાયક છે, ખાસ કરીને બહેનોના માટે કે તે અલ્લાહની નેક બંદી પોતાની બીમારીની તકલીફથી એટલી પરેશાન ન હતી જેટલી તેણીને પોતાના સતરના ખુલી જવાનો ડર હતો !** આ રિવાયતમાં જુઓ કે સરવરે કાઈનાત ﷺએ પરેશાની, મુસીબત તથા ઉઝર લાગુ હોવાની સ્થિતિમાં સબ્ર કરવા પર જન્નતની બશારત અતા કરી.

## ★ મઅઝૂર સહાબીને હુઝૂર ﷺએ પોતાના નાયબ બનાવ્યા ★

મઅઝૂરો (અપંગો)ને સરકાર ﷺએ કેટલો બુલંદ મકામ અતા કર્યો એનો અંદાઝો આ રિવાયતથી પણ લગાડી શકાય છે કે ગઝવએ ઓહદના માટે જ્યારે રસૂલુલ્લાહ ﷺ નીકળ્યા તો આપે નાબીના સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ رضی اللہ عنہا ને મદીના મુનવ્વરામાં પોતાના નાઈબ નિયુક્ત કર્યા. હઝરત અબૂ અફીર رضی اللہ عنہ વર્ણવે છે :–

اِسْتَخْلَفَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى الْمَدِيْنَةِ ابْنَ أُمِّ مَكْتُومٍ۔

"રસૂલે અકરમ ﷺએ મદીના મુનવ્વરા પર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમને પોતાના નાયબ નિયુક્ત કર્યા." *(મગાઝીયુલ વાકેદી, ૧/૧૮૪)*

જો કોઈ શખ્સ શરીરના કોઈ અંગના એતબારથી કમજોર છે તો એનો એ મતલબ નથી કે તે તદ્દન નકામો છે બલ્કે ઘણીવાર એવું જોવામાં આવ્યું છે કે શારીરિક રીતે કોઈ શખ્સ કમજોર હોય છે પણ બીજા મામલાઓમાં ઘણો જ મજબૂત હોય છે. એટલા માટે કોઈ મઅઝૂરને હકીર સમજવો ન જોઈએ બલ્કે વર્ણવેલ હદીષમાં આપે જોયું કે સરવરે કાઈનાત ﷺએ મઅઝૂર સહાબીને પોતાના નાયબ બનાવીને તેમનું સન્માન કર્યું.

## ★ સરવરે કાઈનાત મઅઝૂરોની દિલજોઈ કરતા ★

સરવરે કાઈનાત ﷺના જિમ્મે તબ્લીગી પ્રવૃત્તિઓ તથા ભરચક

વ્યસ્તતા હતી, તેમ છતાં આપ આપના ગુલામોનો ભરપુર ખયાલ કર્યા કરતા હતા. અમીર હોય કે ગરીબ, તંદુરસ્ત હોય કે બીમાર, સહીહ હોય કે મઅઝૂર, જ્યાં જેવી જરૂરત પડતી સૌની દિલજોઈ (દિલ ખુશ) કરતા.

હઝરત ઉત્બાન બિન માલિક رضی اللہ عنہ કે જેઓ નાબીના હતા. પોતાની કૌમની ઈમામત કર્યા કરતા હતા. તેમણે સરવરે કાઈનાત ﷺની ખિદમતમાં અર્ઝ કરી, અંધારી રાતોમાં અને વરસાદના દિવસોમાં મને મસ્જિદે આવવા જવામાં તકલીફ પડે છે. જો આપ મારા ઘરમાં કોઈ જગાએ નમાઝ અદા કરી લો તો એ જગાને હું મારા માટે જાએ નમાઝ બનાવી લઈશ. નબી અકરમ ﷺ તેમના ઘરે તશરીફ લાવ્યા અને તેમને પૂછયું, કઈ જગાએ હું નમાઝ પઢું ? તેમણે ઘરના એક હિસ્સાની તરફ ઈશારો કર્યો. સરવરે કાઈનાત ﷺએ એ જગા પર નમાઝ અદા કરી.

*(સહીહ બુખારી, ૧/૧૩૪)*

આ રિવાયતમાં જુઓ કે **આક઼ાએ નેઅમત ﷺ મઅઝૂર સહાબીની ખુશીને ખાતર ખુદ તેમના ઘરે તશરીફ લઈ ગયા અને ત્યાં નમાઝ પઢી જેથી તે જગા મોતબર્રક થઈ જાય અને તે જગાને તે પોતાના માટે નમાઝની જગા બનાવી લે.**

## મિસ્કીનો તથા ગરીબોને પયગંબરે અમ્ન ﷺએ ઈજ્જત આપી

ફક઼ીર તે છે જેની પાસે કાંઈ હોય અને મિસ્કીન તે છે જેની પાસે કાંઈ જ ન હોય. સામાન્યઃ ફક઼ીરો તથા મિસ્કીનોને સમાજમાં કમતરીન દરજો આપવામાં આવે છે. સરવરે કાઈનાત ﷺએ તેમને સદ્‌વર્તાવના પાત્ર ઠરાવ્યા અને તેમના માટે મુસલમાનોના માલોમાં હિસ્સો નિશ્ચિત કર્યો. ખુશીનો મોક઼ો હોય તો પણ ગમનો સમય હોય તો પણ અને કોઈ શરઈ જુર્મ અથવા ગુનો કરી લીધો તો પણ ફક઼ીરો તથા મિસ્કીનો પર સદક઼ો કરવાનું તથા તેમને ખવડાવવા પીવડાવવાનો હુકમ થયો. કુર્આને મુક઼દ્દસમાં ઠેકઠેકાણે તેમના પર સદક઼ો કરવા, તેમની ખૈરગીરી કરવાનું અને તેમને ખવડાવવા

પીવડાવવાની તાકીદ કરવામાં આવી છે. મુક઼દ્દસ આયતોની સંખ્યા ઘણી જ બધી છે. ટૂંકમાં એમનો ખુલાસો વર્ણવવામાં આવે છે :

- ❑ જાહિલિયતના દૌરમાં જે કામોને તેઓ નેકી સમજતા હતા તે અસલમાં નેકી નથી, નેકી એ છે કે મિસ્કીનોની માલી ઈમદાદ કરવામાં આવે.
- ❑ એક તફસીરના પ્રમાણે પહેલાં રોઝો જ્યારે ફર્ઝ થયો તો અધિકાર આપવામાં આવ્યો કે ક્યાં તો રોઝા રાખવામાં આવે ક્યાં તો દરેક રોઝાના બદલામાં મિસ્કીનોને ખાવા ખવડાવવામાં આવે.
- ❑ શયખે ફાની જેની અંદર હવે કદી રોઝા રાખવાની શક્તિ નથી આવી શકતી તે દરેક રોઝાને બદલે એક મિસ્કીનને ખાવા ખવડાવે.
- ❑ જ્યારે નેકી કરવાનો ઈરાદો હોય તો મિસ્કીનોને માલી મદદ કરવામાં આવે.
- ❑ વારસાની વહેંચણીના વખતે કોઈ મિસ્કીન આવી જાય તો તેને પણ કાંઈક આપી દેવામાં આવે.
- ❑ ક઼સમ પૂરી ન કરી તો દસ મિસ્કીનોને ખાવા ખવડાવે.
- ❑ હરમની હદોમાં કોઈ શિકારનો ક઼ત્લ કર્યો તો તેની કિંમતના બરાબર મિસ્કીનોને ખાણુ ખવડાવવામાં આવે.
- ❑ માલે ગનીમતમાં મિસ્કીનોનો હિસ્સો નિશ્ચિત કરવામાં આવ્યો.
- ❑ મુસલમાનો પર માલનો ચાલીસમો હિસ્સો ઝકાત રૂપે અદા કરવો ફર્ઝ કરવામાં આવ્યો, અને ઝકાત તથા સદક઼ાઓના મિસ્કીનોને હક્ક઼દાર ઠરાવવામાં આવ્યા.
- ❑ હઝરત મુસ્તહ નાદાર હતા. સૈયદના સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ તેમનો ખર્ચ ઉઠાવતા હતા. ઉમ્મુલ મો'મિનીન સૈયદા આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا પર તોહમત લગાડનારાઓ સાથે તેમને જોઈને આપે એમની મદદ ન કરવાની ક઼સમ ખાધી, તો કુર્આને મુક઼દસમાં આ પ્રકારની ક઼સમથી મના ફર્માવ્યું.

- ❑ જે અલ્લાહની રઝા ચાહે છે તેણે જોઈએ કે મિસ્કીનોની મદદ કરે.
- ❑ કોઈએ ઝેહાર કરી લીધો અને કફ્ફારામાં સતત બે માસના રોઝા નથી રાખી શકતો તો કફ્ફારા રૂપે ૬૦ મિસ્કીનોને ખાવા ખવડાવે.
- ❑ માલે ગનીમતમાં એક હિસ્સો મિસ્કીનોનો નિશ્ચિત કરવામાં આવ્યો.
- ❑ મિસ્કીનોની મદદ ન કરવી જહન્નમમાં લઈ જવાનો ઝરીયો બની શકે છે.
- ❑ અલ્લાહના ખાસ બંદાઓની નિશાની એ છે કે ખુદ એમના દિલની ઈચ્છા ખાવાની તરફ હોય છે તેમ છતાં તેઓ મિસ્કીનને ખવડાવી દે છે.
- ❑ મિસ્કીનની મદદ ન કરવાવાળાની કુર્આનમાં બુરાઈ વર્ણવવામાં આવી છે.
- ❑ મિસ્કીનોને સખ્તીના દિવસોમાં ખાણુ ખવડાવનાર કયામતના દિવસે આમાલનામુ જમણા હાથમાં પામશે.

એ જ પ્રમાણે મુબારક હદીષોમાં ઠેકઠેકાણે ફકીરો તથા મિસ્કીનોની મદદ કરવાની તાકીદ કરવામાં આવી છે. તેમની મદદના ફાયદા વર્ણવવામાં આવ્યા છે અને મુસલમાનોને તેમના મદદ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

- ❑ જો કોઈ શખ્સ પોતાની પાકીઝા કમાઈથી કોઈ ફકીર અથવા મિસ્કીન પર એક ખજૂરના બરાબર પણ સદકો કરે છે, તો અલ્લાહ તબારક વ તઆલા તેને વધારે છે, ત્યાં સુધી કે તે પહાડની બરાબર થઈ જાય છે. *(બુખારી, મુસ્લિમ)*
- ❑ ફકીરો તથા મિસ્કીનોને ખવડાવવું કદી માલને ઘટાડતુ નથી. *(બુખારી મુસ્લિમ)*
- ❑ ફકીરો તથા મિસ્કીનોની મદદ કરવું અલ્લાહના ગઝબથી નજાત આપે છે અને બુરી મૌતથી બચાવે છે. *(તિર્મિઝી)*
- ❑ જે કોઈ હાજતમંદ મુસલમાનને કપડુ પહેરાવે તેને અલ્લાહ તઆલા

જન્નતનાં લીલાં કપડાં પહેરાવશે, જે કોઈ હાજતમંદને ખાવા ખવડાવે અલ્લાહ તઆલા તેને જન્નતનું ફળ ખવડાવશે. જે કોઈ તરસ્યાને પાણી પીવડાવે તેને અલ્લાહ તઆલા રહીક઼ મખ્તૂમનું પાણી પીવડાવશે. *(તિર્મિઝી)*

❑ **જેણે કોઈ હાજમંદને કપડુ પહેરાવ્યું તો જ્યાં સુધી તે કપડુ તેના શરીર પર રહેશે ત્યાં સુધી તે અલ્લાહના હિફ્ઝો અમાનમાં રહેશે.** *(અહમદ, તિર્મિઝી)*

❑ જે શખ્સ કોઈ ફક઼ીર અથવા મિસ્કીનની છુપી રીતે મદદ કરશે તે અલ્લાહનો મહબૂબ છે. *(તિર્મિઝી)*

❑ ફકીર તથા મિસ્કીનની મદદ કરનાર ક઼યામતના દિવસે સાયો પામશે. (અહમદ)

❑ નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે જો મારી પાસે ઓહદ (પહાડ) જેટલું પણ સોનુ હોત તો હું તેને ત્રણ દિવસ સુધી મારી પાસે રાખવાનું પસંદ ન કરતો. *(બુખારી)*

આ ઉપરાંત વિવિધ મુબારક હદીષો છે જેમાં સરવરે કાઈનાત ﷺએ ફક઼ીરો તથા મિસ્કીનોની મદદ કરવાની તાકીદ ફર્માવી છે. આપે એમને સમાજમાં ઈજ્જતનો મક઼ામ આપ્યો છે. તેમની મદદની તરફ લોકોને પ્રોત્સાહિત કરવા માટે તેમની મદદના અસંખ્ય ફાયદાઓ તથા લાભો વર્ણવ્યા બલ્કે આપના રચેલા બંધારણમાં ઠેક ઠેકાણે સદક઼ા તથા ખૈરાત બલ્કે કફ્ફારાઓ તથા ફિદિયાઓનો રિવાજ પણ એટલા માટે છે કે તેનાથી ગરીબો મિસ્કીનોની મદદ થાય છે.

## ★ ઈસ્લામનો પાયો ગરીબોમાં રાખવામાં આવ્યો ★

ગરીબો માટે બુઝુર્ગીની વાત એ છે કે ઈસ્લામનો પાયો ગરીબોમાં રાખવામાં આવ્યો છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

بَدَاَ الْاِسْلَامُ غَرِيْبًا وَسَيَعُوْدُ كَمَا بَدَاَ غَرِيْبًا فَطُوْبٰى لِلْغُرَبَاءِ.

"ઈસ્લામ ગરીબોમાં શરૂ થયો અને તે દિવસો દૂર નથી કે ગરીબોની તરફ પલ્ટાઈ જશે જેવો શરૂમાં હતો, જેથી ગરીબો માટે ખુશખબરી છે." *(સહીહ મુસ્લિમ, ૧/૧૩૦)*

આજે દુનિયા એનો અનુભવ કરી રહી છે કે માલ દૌલતવાળાઓ ઈસ્લામી હુકમો પર અમલ કરવાને પોતાની શાનને વિરૂધ્ધ સમજે છે અને મસ્જિદો, ઈજતેમાઓ, દીની કાફલાઓ તથા દીની મેહફિલોમાં સામાન્યતઃ ગરીબો જ જોવા મળે છે. માલદાર લોકો પોતાનાં બાળકોને દીની તા'લીમ અપાવવી પસંદ નથી કરતા અને ગરીબોનાં બાળકો દીનની તા'લીમ હાંસલ કરીને મુસલમાનોની આગેવાની કરે છે.

### ★ ફકીરો તથા મિસ્કીનો સાથે સારી વાત કરવામાં આવે ★

કોઈ સાઈલ સવાલ કરવા આવ્યો અને તેને આપવા માટે કાંઈ નથી તો તેની સાથે નરમ વાત કરવાનો હુકમ છે. જો તેણે કોઈ કારણે એવી વાત કહી દીધી જે આપણને બુરી લાગી ગઈ તો પણ તેની સાથે નરમીથી વાતચીત કરવામાં આવે. એ જ તા'લીમ આ આયતે મુકદ્દસામાં આપવામાં આવી છે :–

قَوْلٌ مَّعْرُوفٌ وَّمَغْفِرَةٌ خَيْرٌ مِّنْ صَدَقَةٍ يَّتْبَعُهَآ اَذًى ۔

"સારી વાત કહેવી અને દરગુઝર કરવું એ ખૈરાત કરતાં બેહતર છે જેના બાદ સતાવવાનું હોય. *(સૂ. બકરહ, આ. ૨૬૩)*

આ આયતમાં એ વાતનો હુકમ આપવામાં આવ્યો કે જો કોઈએ આપણી સામે માગવા માટે હાથ લંબાવ્યો તો આપણે તેની કાંઈ મદદ કરી શકીએ નહીં તો માફી ચાહી લઈએ કે અમારી પાસે મદદની શક્યતા નથી. જો કોઈએ મદદ કરી આપી પણ તેને એવી કોઈ વાત કહી દીધી જેના કારણે તેના દિલને ઠેસ પહોંચી તો તેનું આ મદદ કરવું નિરર્થક થઈ ગયું.

### ★ ફકીરો તથા મિસ્કીનો આપણા સદકા કબૂલ કરી લે છે તો એમાં આપણો જ ફાયદો છે ★

કોઈ શખ્સ એવું ન સમજે કે ફકીરો તથા મિસ્કીનોને મદદ કરીને

તેઓ એમના પર એહસાન કરી રહ્યા છે, બલ્કે એમાં ખુદ મદદ કરનારાઓ માટે ફાયદા છે.

અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને ફર્માવ્યું :–

خُذْ مِنْ اَمْوٰلِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ ۔

"હે મહબૂબ ! એમના માલમાંથી ઝકાત વસૂલ કરો જેનાથી તમો તેમને સુથરા તથા પાકીઝા કરી દો." *(સૂ. તૌબા, આ. ૧૦૩, કન્ઝુલ ઈમાન)*

આ મુબારક આયતથી જાણવા મળ્યું કે આ સદકો તથા ઝકાત જે ફકીરો તથા મિસ્કીનોને આપવામાં આવે છે તેઓ તેને કૂબૂલ કરી લે છે તો એ આપણા માટે પાકી તથા સફાઈનો સબબ બની જાય છે. જો ફકીરો તથા મિસ્કીનો ન હોય તો આપણે આ મહાન અજ્રો સવાબ તથા ખૈરો બરકતથી મેહરૂમ થઈ જઈશું જે એમના સહકાર તથા મદદથી આપણને હાંસલ થાય છે.

## ★ નબી અકરમ ﷺનો નિયમ ★

સરવરે દો આલમ ﷺએ ફકીરો તથા મિસ્કીનોની ખબરગીરી ખુદ કરીને દેખાડી છે અને એ હુકમ ફર્માવ્યો કે જેનાથી જેટલા પ્રમાણમાં શક્ય હોય તેમની ખબરગીરી (દેખરેખ) કરતા રહેવું જોઈએ.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہ સરકારે અબદ કૂરાર ﷺના મામૂલાત (નિયમિત અમલો) વર્ણવતાં ફર્માવે છે :–

كَانَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُكْثِرُ الذِّكْرَ وَيُقِلُّ اللَّغْوَ وَيُطِيْلُ الصَّلٰوةَ وَيُقْصِرُ الْخُطْبَةَ وَلَا يَأْنَفُ اَنْ يَّمْشِيَ مَعَ الْاَرْمَلَةِ وَالْمِسْكِيْنِ فَيَقْضِيَ لَهُ الْحَاجَةَ ۔

"સરવરે દો આલમ ﷺ ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્રે ઈલાહી કર્યા કરતા હતા, બેકાર ચીજોથી દૂર રહેતા, નમાઝ લાંબી પઢતા, ખુત્બો ટૂંકો પઢતા અને વિધવાઓ તથા મિસ્કીનોની સાથે ચાલતા અને તેમની

હાજતો પૂરી કરવાનું પસંદ કરતા હતા.'' *(સુનને નિસાઈ, ૩/૧૦૮)*

સરવરે કાઈનાત ﷺની હયાતે તયબહ આપણા માટે દીવાદાંડી સમાન છે અને આપની ઝાતમાં આપણા માટે શ્રેષ્ઠ નમૂનો છે. આપના આ મામૂલાત પર અમલ કરતા રહેવું આપણને દુનિયા તથા આખેરતમાં કામયાબ બનાવી શકે છે. વિશેષતઃ વિધવાઓ તથા મિસ્કીનોની મદદ અને તેમની દેખરેખ કરવામાં આપણા માટે અગણિત ફઝીલતો તથા ફાયદાઓનો સબબ છે.

## ★ ફક઼ીરો તથા મિસ્કીનોની મદદ કરવા પર જેહાદનો સવાબ ★

જેહાદ ફી સબીલિલ્લાહ એક એવી ઈબાદત છે જેમાં એક મો'મિન બંદો પોતાની જાન હથેળીમાં રાખીને નીકળે છે. અલ્લાહના દુશ્મનોથી લડે છે, તેમનાં સરો ઉડાડે છે. જો જીવતો પરત આવ્યો તો ગાઝી કહેવાય છે અને ક઼તલ કરી દેવામાં આવ્યો તો શહીદ કહેવાય છે. જાનની બાજી લગાડીને જે અજ્રો સવાબ મળે છે, એના જેવો અજ્રો સવાબ પામવો છે તો એનો તરીક઼ો પણ આક઼ાએ કૌનેન ﷺએ વર્ણવી આપ્યો છે. હઝરત સફ઼વાન બિન સુલૈમ رضی اللہ عنہ મરફુઅન્ રિવાયત કરે છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلسَّاعِیْ عَلَی الْاَرْمَلَةِ وَالْمِسْکِیْنِ کَالْمُجَاهِدِ فِیْ سَبِیْلِ اللّٰهِ۔

''વિધવાઓ તથા મિસ્કીનોની મદદના માટે કોશિશ કરનારો અલ્લાહની રાહમાં જેહાદ કરનારાની જેમ છે.'' *(સુનને તિર્મિઝી, ૪/૩૪૬)*

આ આયતો તથા રિવાયતોથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે સરવરે કૌનેન ﷺએ ફક઼ીરો તથા મિસ્કીનોને સમાજમાં સ્થાન અર્પણ કર્યું, તેમની મદદની તાકીદ કરી, જાતે પણ તેમની દેખભાળ કરી અને અન્યોને પણ એમની મદદ માટે પ્રોત્સાહિત કર્યા અને મદદ કરવા પર અજ્રો સવાબનો વાયદો કર્યો.

## મુઅલ્લિમના હોદ્દાને આકાએ કૌનેન ﷺએ બુલંદ કર્યો

મુઅલ્લિમ એટલે તે શખ્સ જે ઈલ્મે દીન શીખવાડવામાં વ્યસ્ત હોય, તેને સરવરે કાઈનાત ﷺએ ઘણુ જ મહત્વ આપ્યું છે. એટલા માટે કે ઈલ્મે દીનના પ્રચાર તથા પ્રસારમાં મુઅલ્લિમનો અનોખો કિરદાર હોય છે. એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ ઈલ્મવાળાઓનો મક઼ામ તથા મર્તબો ઘણો જ ઊંચો કર્યો છે. કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદે રબ્બાની છે :–

يَرْفَعِ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ ۙ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ ۔

"અલ્લાહ તમારા ઈમાનવાળાઓના અને તેમના જેમને ઈલ્મ આપવામાં આવ્યો દરજા બુલંદ ફર્માવશે." *(સૂ. મુજાદિલા, આ.૧૧, કન્ઝુલ ઈમાન)*

આ મહાન કરમ છે અલ્લાહ તબારક વ તઆલાનો કે ઈલ્મ અર્પણ કરવા માટે ખુદ જ પસંદ ફર્માવે છે અને પછી પોતે જ દરજાઓની બુલંદીથી માલામાલ કરે છે.

### ★ ઉલમાને મરજએ ખલાઈક (લોકોનું શરણસ્થાન) બનાવવામાં આવ્યા ★

ઈલ્મવાળાઓને અલ્લાહ તબારક વ તઆલાએ સૌના માટે શરણ સ્થાન બનાવ્યા છે, અને હુકમ થયો કે જો કોઈ મામલાનો ઈલ્મ નથી તો ઈલ્મ રાખવાવાળા પાસે રજૂ થાય. ફર્માને કુર્આન છે :–

فَسْئَلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ ۔

"તો હે લોકો ! ઈલ્મવાળાઓથી પૂછો જો તમને ઈલ્મ નથી."

*(સૂ. નહલ, આ. ૪૩, કન્ઝુલ ઈમાન)*

### ★ આલિમને આબિદ પર ફઝીલત ★

એક આબિદ જે રાતે જાગીને ઈબાદત કરે છે, દિવસભર રોઝો રાખે છે, નફ્લો પઢે છે, અને એ કામો વડે અલ્લાહને રાજી કરવા ચાહે છે. એક આલિમ છે જે ફર્ઝો તથા વાજિબોની પાબંદી કરે છે, હરામ કામોથી પરહેઝ

કરે છે અને લોકોને ઈલ્મ શીખવાડે છે. આકાએ કૌનેન ﷺના ફર્માન મુજબ બંનેના દરજાઓમાં જમીન તથા આસ્માનનો ફરક છે.

હઝરત અબૂ ઉમામા બાહિલી رضی اللہ عنہ ફર્માવે છે :–

ذُكِرَ لِرَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلَانِ اَحَدُهُمَا عَابِدٌ وَالْاٰخَرُ عَالِمٌ، فَقَالَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ : فَضْلُ الْعَالِمِ عَلَى الْعَابِدِ كَفَضْلِيْ عَلٰى اَدْنَاكُمْ.

''નબી અકરમ ﷺની સામે બે લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો, એક આબિદ બીજો આલિમ. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આલિમની ફઝીલત આબિદ પર એવી છે જેવી રીતે મારી ફઝીલત તમારામાં સૌથી કમ દરજાના મુસલમાન પર છે.'' *(સુનને તિર્મિઝી, ૫/૫૦)*

આ ફઝીલત એટલા માટે છે કે ઈબાદત વડે ઈન્સાન પોતે પોતાને જહન્નમમાં જવાથી બચાવી શકે છે, પરંતું ઈલ્મ વડે ઈન્સાન લાખોને બચાવી શકે છે. આબિદ પર શૈતાનનો દાવપેચ ચાલી શકે છે, પરંતું આલિમ પર શૈતાન પોતાનો દાવપેચ ચલાવી જાય એ મુશ્કેલ હોય છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

فَقِيْهٌ اَشَدُّ عَلَى الشَّيْطَانِ مِنْ اَلْفِ عَابِدٍ.

''એક આલિમ શૈતાન પર હજાર આબિદો કરતાં ભારે છે.''

*(સુનને તિર્મિઝી, ૫/૪૮)*

## ★ આલિમ સૌથી બેહતર માનવી ★

માનવોમાં અમુકનો મર્તબો અમુકથી ઈલ્મો ફઝ્લ તથા દીની મકામના એતબારથી બુલંદ હોય છે. સૌથી અફઝલ માનવો અંબિયાએ કિરામ (નબીઓ) عَلَيْهِمُ السَّلَامُ છે. તેમના બાદ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ હોય છે કે એમના મકામ સુધી કોઈ પણ શખ્સ કોઈ રીતે પણ પહોંચી નથી શકતો. આમ માણસોમાં સૌથી બેહતર માનવી,

સરવરે કાઈનાત ﷺએ આલિમોને ઠરાવ્યા છે. હઝરત અલી ﷺથી રિવાયત છે કે રહમતે આલમ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

نِعْمَ الرَّجُلُ الْفَقِيْهُ فِي الدِّيْنِ اِنِ احْتِيْجَ اِلَيْهِ نَفَعَ وَاِنِ اسْتُغْنِيَ عَنْهُ اَغْنٰى نَفْسَهٗ۔

"આલિમ કેટલો બેહતર ઈન્સાન હોય છે કે જો કોઈ તેની તરફ હાજત જાહેર કરે તો તેને ફાયદો પહોંચાડે છે, અને જો કોઈ તેનાથી બેનિયાઝી (બેપરવાઈ) જાહેર કરે તો ખુદ પોતે પોતાને બેનિયાઝ કરી લે છે." *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૮૩)*

એટલે કે આલિમને ઉચ્ચ સ્થાન એટલા માટે છે કે જો કોઈ શખ્સ તેની બારગાહમાં ઈલ્મની પ્યાસ લઈને હાજર થાય છે તો તે તેની પ્યાસ બુઝાવી દે છે.

## ★ ઉલમાનુ જવું કયામતની નઝદીકીની નિશાની છે ★

કયામતની નજીક દુનિયાથી ઈલ્મ ઉઠી જશે અને તે એ રીતે થશે કે ઉલમાને અલ્લાહ તબારક વ તઆલા દુનિયાથી ઉઠાવી લેશે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہماથી રિવાયત છે. તે કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા :–

اِنَّ اللّٰهَ لَا يَقْبِضُ الْعِلْمَ انْتِزَاعًا يَّنْتَزِعُهٗ مِنَ الْعِبَادِ، وَلٰكِنْ يَّقْبِضُ الْعِلْمَ بِقَبْضِ الْعُلَمَاءِ، حَتّٰى اِذَا لَمْ يُبْقِ عَالِمًا اتَّخَذَ النَّاسُ رُءُوْسًا جُهَّالًا، فَسُئِلُوْا فَاَفْتَوْا بِغَيْرِ عِلْمٍ، فَضَلُّوْا وَاَضَلُّوْا۔

"અલ્લાહ તબારક વ તઆલા ઈલ્મને બંદાઓથી એક જ વારમાં નહીં ખત્મ કરે, બલ્કે એ રીતે ખત્મ કરશે કે ઉલમાને ઉઠાવી લેશે. ત્યાં સુધી કે જયારે કોઈ આલિમ બાકી નહીં રહે તો લોકો જાહિલોને પોતાના પેશવા બનાવી લેશે. તેમને સવાલ કરવામાં આવશે તો તે બેઈલ્મો જવાબ આપશે, પોતે પણ ગુમરાહ થશે અને લોકોને પણ ગુમરાહ કરશે.

જાણવા મળ્યું કે ઉલમાનું દુનિયામાં મૌજૂદ હોવું દુનિયાના સુરક્ષિત

રહેવાની નિશાની છે, અને જેમ જેમ ઉલમા દુનિયાથી ઉઠતા જશે તેમ તેમ દુનિયા ક઼યામતની નજીક થતી જશે.

## ★ ઉલમા અંબિયાના વારસદાર છે ★

સરવરે કૌનેન ﷺના આગમન પહેલાં અંબિયાએ કિરામના આવવાનો ક્રમ ચાલુ હતો. આપને ખાતમુલ અંબિયા (અંતિમ નબી) બનાવીને મોકલવામાં આવ્યા અને આપના પછી અંબિયાએ કિરામના આગમનનો ક્રમ અટકી ગયો. માનવની હિદાયત તથા માર્ગદર્શનની હજી પણ જરૂરત હતી તો એ કામના માટે ઉલમાને અંબિયાના નાયબ તથા વારસ બનાવી દેવામાં આવ્યા.

હઝરત અબૂ દર્દા ﷺથી રિવાયત છે કે સરકારે અબદ ક઼રાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

إِنَّ الْعُلَمَاءَ وَرَثَةُ الْأَنْبِيَاءِ، إِنَّ الْأَنْبِيَاءَ لَمْ يُوَرِّثُوْا دِيْنَارًا وَّلَا دِرْهَمًا، إِنَّمَا وَرَّثُوا الْعِلْمَ.

''ઉલમા અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُના વારસ છે. અંબિયા عَلَيْهِمُ السَّلَامُએ દિરહમ તથા ડોલરો નથી છોડયા પણ ઈલ્મ છોડયો.''

*(સુનને ઈબ્ને માજહ, ૧/૮૧)*

## ★ પાંચમા ન બનશો ! બર્બાદ થઈ જશો ! ★

ઉલમા તથા મુઅલ્લિમોની સાથે કેવી રીતે વર્તાવ કરવો જોઈએ એનાથી મોટાભાગના લોકો નાવાકેફ હોય છે. અલ્લાહ તઆલાએ એક શખ્સને ઈલ્મ અતા કરીને સરફરાઝ કર્યો, તેને સમાજમાં ઉચ્ચ સ્થાન આપ્યું અને તે પબ્લિકની સરદારીમાં વ્યસ્ત છે. એવા આલિમ સાથે કેવો વર્તાવ કરવો જોઈએ, એનું વર્ણન આ હદીષે પાકમાં જુઓ :–

كُنْ عَالِمًا، أَوْ مُتَعَلِّمًا، أَوْ مُسْتَمِعًا، أَوْ مُحِبًّا، وَلَا تَكُنِ الْخَامِسَ فَتَهْلِكَ.

''આલિમ બની જા અથવા આલિમથી ઈલ્મ હાંસલ કરવાવાળો બની જા, અથવા આલિમની વાત સાંભળનારો બની જા, અથવા આલિમથી

મહોબ્બત કરવાવાળો બની જા. **પાંચમો ન બનતો, નહીં તો તું બર્બાદ થઈ જઈશ.''** *(તફસીરે રાઝી, ૨/૪૦૯)*

આ હદીષથી જાણવા મળ્યું કે ગૈર આલિમે ગમે તેમ પણ આલિમની કદર કરવી જોઈએ. જો શક્ય હોય તો તેના ઈલ્મના દર્સમાં હાજર થઈને ઈલ્મ હાંસલ કરવો જોઈએ. એ નથી કરી શકતા તો તે કદી કોઈ વાત પર ચેતવણી કે તાકીદ કરે તો તેને સાંભળીને એના પર અમલ કરવો જોઈએ. જો આલિમથી મુલાકાત નથી થતી તો કમસે કમ એટલુ હોવું જોઈએ કે દિલમાં તેની મહોબ્બત હોવી જોઈએ. **અલ્બત્ત પાંચમો બનવાથી મના કર્યું, એટલે કે આલિમથી અદાવત તથા નફરત કરવાવાળો ન બનવું એટલા માટે કે એ તબાહીમાં નાખનારો અમલ છે.**

## સરકાર ﷺએ તાલિબે ઈલ્મની વિશિષ્ટતાઓ વર્ણવી

જે શખ્સ ઈલ્મ હાંસલ કરવાના માટે પોતાના ઘરેથી નીકળે અને ઈલ્મના માર્ગમાં મુસીબતો વેઠે તેને આકાએ કૌનેન ﷺએ ઘણુ જ મહત્વ આપ્યું છે.

એટલા માટે ઈલ્મ તથા દીનને આગળ વધારવામાં અને ભાવિ પેઢીઓ સુધી પહોંચાડવામાં તાલિબે ઈલ્મનો મહત્વનો રોલ હોય છે તે પોતાના ઉસ્તાદથી શીખે છે અને પછી ખુદ ઉસ્તાદ બનીને સેંકડોને ઈલ્મનો ફયઝ પહોંચાડે છે.

## ★ ઈલ્મે દીન પસંદીદા લોકોને જ મળે છે ★

ઈલ્મે દીન તલબ કરવાવાળાના માટે સૌથી ફઝીલતની વાત એ છે કે અલ્લાહ તબારક વ તઆલા ઈલ્મ અતા ફર્માવવા માટે તેમને પોતાના લાખો કરોડો બંદાઓમાંથી ચૂંટી લે છે. એ અલ્લાહના ખાસ બંદા હોય છે જેમને અલ્લાહ પોતાના ફઝ્લથી ઈલ્મે દીનથી નવાઝે છે.

હઝરત અમીર મુઆવિયહ ﷺએ ખુત્બા દરમિયાન નબીયે અકરમ ﷺનું આ ફર્માન વર્ણવ્યું :–

مَنْ يُّرِدِ اللّٰهُ بِهٖ خَيْرًا يُّفَقِّهْهُ فِي الدِّيْنِ۔

"અલ્લાહ તબારક વ તઆલા જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે તેને દીનની સમજ અતા ફર્માવે છે." *(સહીહ બુખારી, ૧/૨૫)*

એટલે કે ઈલ્મ દરેક ગમે તે વ્યક્તિને નથી આપવામાં આવતો બલ્કે ઈલ્મ અતા કરવા માટે બંદાઓમાંથી એમની પસંદગી થાય છે જેમની સાથે અલ્લાહ તઆલા ભલાઈનો ઈરાદો કરે છે.

## ★ તાલિબે ઈલ્મના માટે ફઝીલત જ ફઝીલત ★

હઝરત અબૂ દર્દા ﷺથી મરવી છે કે આકાએ કૌનો મકાં ﷺ ફર્માવે છે :–

مَنْ سَلَكَ طَرِيقًا يَلْتَمِسُ فِيهِ عِلْمًا، سَهَّلَ اللهُ لَهُ طَرِيقًا إِلَى الْجَنَّةِ، وَإِنَّ الْمَلَائِكَةَ لَتَضَعُ أَجْنِحَتَهَا رِضًا لِطَالِبِ الْعِلْمِ، وَإِنَّ طَالِبَ الْعِلْمِ يَسْتَغْفِرُ لَهُ مَنْ فِي السَّمَاءِ وَالْأَرْضِ، حَتَّى الْحِيتَانِ فِي الْمَاءِ.

"જે શખ્સ ઈલ્મ પ્રાપ્તિ માટે રસ્તા પર નીકળી જાય છે તેના માટે અલ્લાહ તબારક વ તઆલા જન્નતનો રસ્તો આસાન ફર્માવી દે છે. ફરિશ્તા તાલિબે ઈલ્મના માટે જમીની તથા આસ્માની સર્વ ચીજો ઈસ્તિગફાર (મગફેરતની દુઆ) કરે છે, ત્યાં સુધી કે પાણીમાં માછલીઓ પણ ઈસ્તિગફાર કરે છે. *(સુનને ઈબ્ને માજહ, ૧/૮૧)*

આ હદીષે પાકમાં સરવરે કાઈનાત ﷺએ તાલિબે ઈલ્મના વિવિધ ફઝાઈલ વર્ણવ્યા છે. એનાથી વધીને ફઝીલત શું હોય શકે છે કે માસૂમ ફરિશ્તા તેમના કદમો નીચે પોતાની નૂરાની પાંખોને બિછાવી દે છે !

## ★ ઈલ્મે દીન હાંસલ કરવાવાળાઓની આસ્માનોમાં ચર્ચા થાય છે ★

હઝરત અબૂ હુરૈરહ ﷺથી રિવાયત છે કે નબીયે કૌનો મકાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَا اجْتَمَعَ قَوْمٌ فِي بَيْتٍ مِنْ بُيُوتِ اللهِ، يَتْلُونَ كِتَابَ اللهِ، وَيَتَدَارَسُونَهُ بَيْنَهُمْ، إِلَّا حَفَّتْهُمُ الْمَلَائِكَةُ، وَنَزَلَتْ عَلَيْهِمُ السَّكِينَةُ، وَغَشِيَتْهُمُ الرَّحْمَةُ، وَذَكَرَهُمُ اللهُ فِيمَنْ عِنْدَهُ.

"જ્યારે કોઈ પણ ક઼ૌમ અલ્લાહના કોઈ ઘરમાં ભેગી થઈને કુર્આને મુક઼દસની તિલાવત કરે છે અને આપસમાં તેના ઈલ્મની તકરાર (ચર્ચા) કરે છે, તો ફરિશ્તા તેમને ઘેરી લે છે, તેમના પર સુકૂનની દૌલત નાઝિલ થાય છે, તેમને રહમત ઢાંકી લે છે અને અલ્લાહ તબારક વ તઆલા પોતાના મુક઼ર્રબ ફરિશ્તાઓમાં તેની ચર્ચા કરે છે.

## ★ તાલિબે ઈલ્મના માટે અલ્લાહની રાહમાં જેહાદ કરવાનો સવાબ ★

હદીષે પાકમાં છે :–

مَنْ جَاءَ مَسْجِدِیْ هٰذَا، لَمْ يَأْتِهِ اِلَّا لِخَيْرٍ يَتَعَلَّمُهٗ اَوْ يُعَلِّمُهٗ، فَهُوَ بِمَنْزِلَةِ الْمُجَاهِدِ فِیْ سَبِيْلِ اللهِ۔

"જે મારી આ મસ્જિદમાં કેવળ એ નિય્યતે આવ્યો કે ભલાઈની વાતો શીખશે અથવા બીજા લોકોને શીખવાડશે તો અલ્લાહની રાહમાં જેહાદ કરનારાની મંઝિલે છે." *(સુનને ઈબ્ને માજહ, ૧/૮૩)*

## ★ ઈલ્મ હાંસલ કરવો પાછલા ગુનાહોનો કફ્ફારો છે ★

હઝરત સંજરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ طَلَبَ الْعِلْمَ كَانَ كَفَّارَةً لِّمَا مَضٰى۔

"જેણે ઈલ્મ હાંસલ કર્યો તેના પાછલા ગુનાહોના માટે તે કફ્ફારો થશે." *(સુનને તિર્મિઝી, ૫/૨૯)*

યાદ રાખશો કે જ્યાં ક્યાંય પણ કોઈ નેકીના સંબંધે એ રિવાયત આવે છે કે તે ગુનાહોનો કફ્ફારો બની જશે, ત્યાં સગીરા ગુનાહ મુરાદ છે, કબીરા ગુનાહ તૌબા કર્યા વિના માફ નથી થતા. અને જો તે કોઈના હક઼્ક઼ના સંબંધે છે તો જ્યાં સુધી હક઼્ક઼વાળો માફ ન કરી દે તે માફ નથી થઈ શકતા. સારાંશ તાલિબે ઈલ્મની ફઝીલત એ છે કે તેનું ઈલ્મની તલબમાં વ્યસ્ત રહેવું તેના સગીરા ગુનાહોની માફીનો ઝરીયો બની જાય છે.

**★ ઈલ્મ પ્રાપ્તિમાં વ્યસ્ત રહેનારો જન્નતમાં અંબિયાની નિકટ મક઼ામ પામશે ★**

હઝરત હસન رضی اللہ عنہ મુરસલન રિવાયત કરે છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ جَاءَهُ الْمَوْتُ وَهُوَ يَطْلُبُ الْعِلْمَ لِيُحْيِيَ بِهِ الْإِسْلَامَ، فَبَيْنَهُ وَبَيْنَ النَّبِيِّينَ دَرَجَةٌ وَاحِدَةٌ فِي الْجَنَّةِ۔

"જેને ઈસ્લામની હયાત માટે ઈલ્મ હાંસલ કરતાં કરતાં મૌત આવી ગઈ તો તેના તથા અંબિયાએ કિરામ علیہم السلامની વચ્ચે જન્નતમાં કેવળ એક દરજાનો ફરક઼ હશે." *(સુનને દારમી, ૧/૩૬૮)*

આ હદીષના શબ્દોથી જાણવા મળે છે કે ઈલ્મ પ્રાપ્તિ એ મક઼ામ સુધી પહોંચવાનો ઝરીયો એ સ્થિતિમાં બનશે જ્યારે કે તેનો ઈલ્મ પ્રાપ્તિનો હેતુ ઈસ્લામને ઝિંદા કરવાનો હોય, ખુલૂસ પર એનો પાયો હોય અને તાલિબે ઈલ્મ કેવળ દીને ઈસ્લામની તબ્લીગ તથા પ્રચારના માટે ઈલ્મ પ્રાપ્તિમાં વ્યસ્ત હોય. જો કોઈ દુનિયવી હેતુ છે તો તેની કોશિશ નિષ્ફળ છે અને તે નિરર્થક કામમાં પોતાનો સમય વેડફી રહ્યો છે.

**★ પયગંબરે અમ્ન ﷺએ તાલિબે ઈલ્મનું ઉષ્માભેર સ્વાગત કર્યું ★**

ઈસ્લામની પ્રથમ દર્સગાહ મસ્જિદે નબવી લાગ્યા કરતી હતી અને તે દર્સગાહના મુઅલ્લિમ (ઉસ્તાદ) સરવરે કાઈનાત ﷺ હતા. ઘણા બધા સહાબીઓએ તેમાં દાખલો લઈને ઈલ્મનો ફયઝ હાંસલ કર્યો હતો તેમને અસ્હાબે સુફ્ફા કહેવામાં આવે છે.

હઝરત સફવાન બિન અસ્સાલ رضی اللہ عنہથી રિવાયત છે કે હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતે અક઼દસમાં હાજર થયો. આપ મસ્જિદમાં પોતાના લાલ રંગના તકિયાની ટેક લગાડીને બિરાજમાન હતા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું આપની સેવામાં એટલા માટે હાજર થયો

છું કે હું અહીં ઈલ્મ હાંસલ કરું. (મારું નામ અહીંના તલબામાં સામેલ કરી લેશો)

આપે ફર્માવ્યું :–

مَرْحَبًا بِطَالِبِ الْعِلْمِ اِنَّ طَالِبَ الْعِلْمِ لَتَحُفُّ بِهِ الْمَلَائِكَةُ
بِاَجْنِحَتِهَا ثُمَّ يَرْكَبُ بَعْضُهُمْ بَعْضًا حَتّٰى يَعْلُوَ اِلَى السَّمَاءِ۔

**"તાલિબે ઈલ્મને ખુશ આમદિદ છે ! બેશક ! તાલિબે ઈલ્મની શાન એ છે કે રહમતના ફરિશ્તા તેને પોતાની પાંખો વડે ઢાંકી લે છે, પછી એકબીજાની ઉપર ચઢતા જાય છે ત્યાં સુધી કે આસ્માન સુધી પહોંચી જાય છે."**

એ ઉપરાંત પુષ્કળ પ્રમાણમાં મુબારક હદીષો છે જેમાં તાલિબે ઈલ્મના મક઼ામ તથા મર્તબાની સ્પષ્ટતા કરવામાં આવેલી છે અને ઈલ્મની તલબ કરવામાં મળતા અજરો સવાબનું વર્ણન કરવામાં આવેલ છે.

ઈલ્મ પ્રાપ્તિનો એવો જઝબો સરવરે કાઈનાત ﷺએ પોતાના માનવાવાળાઓના દિલોમાં પેદા કર્યો કે એક એક હદીષ શીખવાના માટે લોકો માઈલોની સફર કરવા માટે નીકળી પડતા હતા. આજે જે ઈલ્મનો ખજાનો આપણી પાસે મૌજૂદ છે એ એ જ નુફૂસે કુદસિયાની કુર્બાનીઓનું ફળ છે, જેમણે ઈલ્મ પ્રપ્તિની અસલ મુસીબતો વેઠી. આપણી સામે ઈલ્મ ઘણી આસાન સ્થિતિમાં મૌજૂદ છે, આપણી જિમ્મેદારી છે કે એની ક઼દર કરીએ અને તેને હાંસલ કરવાની કોશિશ કરીએ.

## ★ મઝલૂમ (જુલ્મ પીડિત)ની મદદને મહત્વનો ફરીઝો ઠરાવ્યો ★

રહમત અને જુલ્મમાં આપસમાં વિરોધાભાસ છે. સરવરે કૌનેન ﷺ રહમતે તમામ બનીને તશરીફ લાવ્યા તો જાહેર છે કે દુનિયાથી જુલ્મ તથા બળ પ્રયોગનો ખાત્મો થવાનો જ હતો. આપે જુલ્મની ખૂબ જ બુરાઈ કરી, જાલિમનો બુરો અંજામ વર્ણન કર્યો, મઝલૂમની જાતે મદદ કરી, લોકોને

એની મદદ માટે પ્રોત્સાહિત કર્યા, અને દુનિયાથી જુલ્મના ખાત્માની દરેક શક્ય કોશિશ કરી.

ખુદ કુર્આને મુક઼દ્દસની અગણિત આયતોમાં જુલ્મ તથા ઝિયાદતી, ઝઘડા તથા શાંતિ તથા સલામતીને પ્રભાવિત કરનારા દરેક પગલાંની ટીકા કરી છે. કેટલાંક ફર્માનોના ખુલાસા વર્ણવવામાં આવે છે.

❑ જેણે કોઈ એક જાનની નાહક્ક઼ ક઼ત્લ કરી જાણે તેણે પૂરી ઈન્સાનિયતનું ખૂન કર્યું.
❑ અલ્લાહ જાલિમોને પસંદ નથી કરતો.
❑ અલ્લાહ જાલિમોને હિદાયત નથી આપતો.
❑ અલ્લાહ કદી કોઈની સાથે નાઈન્સાફી નથી કરતો.
❑ જાલિમો માટે ઘણુ જ બુરુ ઠેકાણુ છે
❑ ક઼યામતના દિવસે જાલિમોની મદદ કરનાર કોઈ હશે નહીં.
❑ જુલ્મની રીતે યતીમોનો માલ ખાવો એવું છે જેમ કે પોતાના પેટમાં આગ ભરવું.
❑ જુલ્મ અલ્લાહના અઝાબને દાવત આપે છે.
❑ જુલ્મના કારણે ઘણી બધી સહૂલતો ખત્મ કરી દેવામાં આવે છે.
❑ જાલિમે જહન્નમમાં સળગવું પડશે.
❑ જાલિમો પર અલ્લાહની લઅનત છે.
❑ જે લોકો જાલિમોની સાથે મિત્રતા રાખે છે તેઓ પણ અઝાબના હક્ક઼દાર થઈ શકે છે.
❑ જાલિમને કદી કામયાબી નથી મળતી.
❑ અલ્લાહ જાલિમોના કરતૂતથી ગાફિલ નથી, તેમને ક઼યામત સુધી મોહલત આપે છે.
❑ ક઼યામતના દિવસે દરેકને તેના અમલનો બદલો મળશે. તે દિવસે જુલ્મની કોઈ ગુંજાઈશ નથી.

- ❑ ક઼યામતના દિવસે જાલિમોનો ન કોઈ દોસ્ત હશે ન કોઈ સિફ઼ારશી જેની વાત માનવામાં આવે.
- ❑ ક઼યામતના દિવસે જયારે જાલિમોની સામે તેમના અમલો રાખી દેવામાં આવશે તો તેઓ તેને જોઈને ગભરાયેલા હશે.

એના ઉપરાંત ખૂબ જ આયતો છે જેમાં જુલ્મ તથા જબરદસ્તી અને જમીનમાં ફસાદ મચાવવાની બુરાઈ વર્ણવવામાં આવી છે.

સરકારે કાઈનાત ﷺ રહમતે તમામ બનીને તશરીફ લાવ્યા અને આપે દુનિયાથી જુલ્મને ખત્મ કરવાની દરેક શક્ય તે કોશિશ કરી. જીભ તથા વાણી વડે જુલ્મને વખોડયો, અખ્લાક઼ તથા કિરદાર થકી જુલ્મનો ખાત્મો કર્યો અને જાલિમોના અંજામને ઠેક ઠેકાણે વર્ણવ્યો. અમુક મુબારક હદીષો વર્ણવવામાં આવી રહી છે.

## ★ મઝલૂમની બદદુઆથી બચો ★

જયારે કોઈ શખ્સ પોતાના અધિકારોનો અયોગ્ય રીતે ઉપયોગ કરીને કોઈના દિલને દુઃખવે છે તો તે શખ્સના દિલથી નીકળવાવાળી આહો ખૂબ જ ઝડપભેર બાબે ઈજાબતથી ટકરાય (ક઼બૂલ થઈ જાય) છે અને પછી એ જાલિમ પોતાના અંજામે પહોંચી જાય છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે જયારે સરવરે કાઈનાત ﷺએ હઝરત મઆઝ બિન જબલ ﷺને યમનની તરફ મોકલ્યા તો આપે તેમને જે નસીહતો તથા હિદાયતો કરી તેમાંથી એક નસીહત આ પણ હતી :–

وَاِيَّاكَ وَدَعْوَةَ الْمَظْلُوْمِ فَاِنَّهَا لَيْسَ بَيْنَهَا وَبَيْنَ اللّٰهِ حِجَابٌ۔

મઝલૂમની બદદુઆથી પોતે પોતાને બચાવતા રહેજો, એટલા માટે કે એ બદદુઆ અને અલ્લાહના બાબે ઈજાઝત (કબૂલિયતના દરવાજા) વચ્ચે કોઈ આડ નથી હોતી." *(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧/૧૮૮)*

અમ્નો અમાન (શાંતિ તથા સલામતી)ની સ્થાપ્ના માટે જુલ્મનો ખાત્મો પહેલી શર્ત છે અને જુલ્મના ખાત્માના માટે જાલિમને એ એહસાસ

અપાવવો જરૂરી છે કે તે એવું ન સમજે કે જેના પર જુલ્મ કરી રહ્યો છે. તેનો હાલ પૂછનારો કોઈ નથી. સરવરે કાઈનાત ﷺએ આ હદીષમાં એના જ પ્રતિ નિર્દેશ કર્યો છે કે મઝલૂમની આહોને અલ્લાહ સાંભળે છે અને તેના દિલથી નીકળવાવાળી આહોને અલ્લાહ સાંભળે છે અને તેના દિલથી નીકળવાવાળી બદ દુઆ બારગાહે ઈલાહીમાં ખૂબ જ જલ્દી કબૂલ થઈ જાય છે.

## ★ મઝલૂમની દુઆ કદાપિ રદ નથી કરવામાં આવતી ★

હઝરત અબૂ હુરૈરહ ﷺથી રિવાયત છે કે સરકારે અબદ કરાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

ثَلَاثَةٌ لَّا يَرُدُّ اللّٰهُ دُعَاءَهُمْ: الذَّاكِرُوْنَ اللّٰهَ كَثِيْرًا،
وَدَعْوَةُ الْمَظْلُوْمِ، وَالْإِمَامُ الْمُقْسِطُ۔

"અલ્લાહ તબારક વ તઆલા ત્રણ લોકોની દુઆ કદી રદ નથી ફર્માવતો : (૧) જે લોકો અલ્લાહનો ખૂબ જ અધિક ઝિક્ર કરે છે. (૨) મઝલૂમ (૩) ન્યાયી ઈમામ.

ઈમામથી મુરાદ અહીં ખલીફા તથા બાદશાહ છે. આ રિવાયતમાં પણ એ જ સૂચવવામાં આવ્યું છે કે કોઈના પર જુલ્મ કરવાથી પહેલાં જાલિમે એ વિચારી લેવું જોઈએ કે તેના દિલથી નીકળવાવાળી આહોને બારગાહે ઈલાહી સુધી પહોંચવાથી કોઈ રોકી નથી શકતું.

## ★ જાલિમને જુલ્મથી રોકવામાં આવે ★

હઝરત અનસ ﷺ વર્ણવે છે :–

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: اُنْصُرْ اَخَاكَ ظَالِمًا اَوْ مَظْلُوْمًا۔ فَقَالَ رَجُلٌ: يَا رَسُوْلَ اللّٰهِ اَنْصُرُهٗ مَظْلُوْمًا فَكَيْفَ اَنْصُرُهٗ ظَالِمًا؟ قَالَ: تَمْنَعُهٗ مِنَ الظُّلْمِ فَذَاكَ نَصْرُكَ اِيَّاهُ۔

"રસૂલે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : તમારા ભાઈની મદદ

કરો, ચાહે તે જાલિમ હોય કે મઝલૂમ એક શખ્સે અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ તે મઝલૂમ હોય તો તેની મદદ કરીએ, એ વાત સમજમાં આવી રહી છે પણ જાલિમની મદદ કેવી રીતે કરીએ ?! નબીયે અકરમ ﷺએ ફર્માવ્યું, તેને જુલ્મથી રોકો એ તેની મદદ છે.'' *(સહીહ બુખારી, ૯/૨૨)*

એટલે કે જુલ્મના કારણે તે અલ્લાહના અઝાબમાં સપડાય શકે છે તો તેને જુલ્મથી રોકીને અલ્લાહના અઝાબમાં સપડાવાથી બચવામાં તેની મદદ કરો.

## ★ જાલિમની મદદ કરવી ઈસ્લામ વિરૂધ્ધ કામ છે ★

ઈસ્લામ ધર્મના પયગંબર તે છે જે ખુદ અમ્નની દાવત આપનાર છે, જેથી આ મઝહબને માનનાર કોઈ શખ્સ જુલ્મ કરે તે તેની શાનને શોભાપાત્ર નથી. જુલ્મ કરવો તો દૂર રહ્યું, જાલિમની મદદ કરવું બલ્કે જાલિમનો કોઈ પણ રીતે સાથ આપવો એને સરવરે કાઈનાત ﷺએ ઈસ્લામ વિરૂધ્ધનું કાર્ય ઠરાવ્યું છે.

હઝરત અવસ બિન સરજીલ رضی اللہ عنہથી મરવી છે કે તેમણે સરવરે કાઈનાત ﷺને ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા :–

مَنْ مَّشٰی مَعَ ظَالِمٍ لِیُقَوِّیَهٗ وَهُوَ یَعْلَمُ اَنَّهٗ ظَالِمٌ فَقَدْ خَرَجَ مِنَ الْاِسْلَامِ۔

''જે શખ્સ કોઈ જાલિમની સાથે નીકળ્યો જેથી તેને શક્તિ પૂરી પાડે અને તે જાણે છે કે એ શખ્સ જાલિમ છે તો તે ઈસ્લામથી ખારિજ થઈ ગયો.'' *(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૨૦)*

એટલે કે તેણે ઈસ્લામના હુકમોની વિરૂધ્ધ કામ કર્યુ, જે કોઈ મુસલમાનની શાનને પાત્ર નથી. જ્યારે જાલિમની મદદ કરવાનો આ અંજામ છે તો ખુદ જુલ્મ કરવો કેટલું અયબયુક્ત હશે.

## ★ ક઼યામતના દિવસે જાલિમનો અંજામ કેવો થશે ? ★

હઝરત અબૂ હુરૈરહ ﷺ રિવાયત કરે છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું, શું તમે જાણો છો કે મુફલિસ કોણ છે ? લોકોએ અર્ઝ

કરી, અમારામાં મુફલિસ તે છે જેની પાસે દિરહમ તથા દીનાર તથા સરસામાન નથી. આપે ફર્માવ્યું, નહીં ! નહીં ! મુફલિસ તે નથી, બલ્કે મુફલિસ તે છે જે કયામતના દિવસે નમાઝ, રોઝા, ઝકાત તથા આ પ્રકારની અન્ય નેકીઓ લઈને આવશે. પણ તેણે કોઈને ગાળ દીધી હશે, કોઈના પર આક્ષેપબાજી કરી હશે, કોઈનો માલ નાહક્ક ખાધો હશે, કોઈનું નાહક્ક લોહી વહાવ્યું હશે, કોઈને નાહક્ક માર્યો હશે તો એની નેકીઓ એ લોકોને આપી દેવામાં આવશે. વળી જો તેની નેકીઓ પૂરી થઈ જશે તો તે લોકોના ગુનાહો એના પર નાખવામાં આવશે ! પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે. *(સહીહ મુસ્લિમ, ૪/૧૯૯૭)*

અલ્લાહુ અકબર ! દુનિયામાં કોઈએ ઢગલા નેકીઓ કરી હોય પરંતુ લોકોને નાહક્ક સતાવ્યા પણ હોય તો કયામતના દિવસે તેની નેકીઓ મઝલૂમોને આપી દેવામાં આવશે અને પછી જ્યારે એ નેકીઓથી ખાલી થઈ જશે તો મઝલૂમોના ગુનાહ તેના પર લાદી દેવામાં આવશે અને તેને જહન્નમમાં નાખી દેવામાં આવશે.

## ★ કોઈ જુલ્મ કરે તો પણ જુલ્મ ન કરો ★

સામાન્યતઃ માણસોનો એ જ મિજાઝ હોય છે કે જે અમારી સાથે અચ્છાઈ કરશે તેની સાથે અમે અચ્છાઈ કરીશું, અને જે અમારી સાથે જુલ્મ કરશે અમે તેનાથી જુલ્મનો બદલો લઈશું. સરવરે કૌનેન ﷺએ એ મિજાઝ આપ્યો કે જો કોઈ જુલ્મ પણ કરે તો પણ સબ્રનો દામન પકડી રાખવામાં આવે અને તેનો મામલો અલ્લાહના હવાલે કરી દેવામાં આવે.

હઝરત હુઝૈફા રضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا تَكُونُوْا اِمَّعَةً تَقُوْلُوْنَ: اِنْ اَحْسَنَ النَّاسُ اَحْسَنَّا وَاِنْ ظَلَمُوْا ظَلَمْنَا وَلَكِنْ وَطِّنُوْا اَنْفُسَكُمْ اِنْ اَحْسَنَ النَّاسُ اَنْ تُحْسِنُوْا وَاِنْ اَسَاءُوْا فَلَا تَظْلِمُوْا۔

"લોકોની વાત સાંભળવાવાળા ન બનો કે જો લોકો એહસાન કરશે

તો આપણે પણ એહસાન કરીશું અને જો લોકો જુલ્મ કરશે તો અમે પણ જુલ્મ કરીશું. અલ્બત્ત પોતે પોતાને એ બાજુ તૈયાર કરો કે જો લોકોએ એહસાન કર્યું તો તેમની સાથે એહસાન કરો અને જો લોકોએ તમારું બુરું કર્યું તો તમે એમના પર જુલ્મ ન કરો.'' *(સુનને તિર્મિઝી, ૪/૩૬૪)*

જુલ્મથી દુનિયાને પાક કરવા તથા અમ્નની ચાદર દુનિયા પર ફેલાવવાનો સૌથી મહાન નુસ્ખો આ જ છે. **કોઈએ આપણી સાથે બુરુ કર્યું અને આપણે તેને કોઈ જવાબ ન આપ્યો, બલ્કે ખામોશી અપનાવી લીધી તો એક ન એક દિવસે તે જરૂર શર્મિંદો થશે.** અથવા પછી અલ્લાહ તબારક વ તઆલા એક ન એક દિવસે તેને જરૂર એહસાસ અપાવશે કે તેના જુર્મના કારણે તેનો બુરો અંજામ થઈ રહ્યો છે.

બલ્કે સરવરે કાઈનાત ﷺએ ખુદ પોતાના માટે જે વાત પસંદ ફર્માવી તે એ છે કે જો આપના પર કોઈ શખ્સ જુલ્મ કરી દે તો આપ તેને માફ કરી દીધા કરતા હતા.

હઝરત અબૂ હુરૈરહ ﷺથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મારા રબે મને નવ વાતોનો હુકમ કર્યો :–

**૦૧.** જાહેર તથા એકાંતમાં અલ્લાહથી ડરતો રહું.

**૦૨.** દરેક હાલતમાં અદ્લો ઈન્સાફની વાત કરું.

**૦૩.** તંગદસ્તી હોય કે ખુશહાલી મધ્યમ માર્ગ અપનાવું.

**૦૪.** કોઈ શખ્સ મારાથી સંબંધ કટ કરે તો પણ હું તેનાથી સંબંધ જોડું.

**૦૫.** જે મને વંચિત રાખે તેને પણ હું અતા કરું.

**૦૬.** જે મારા પર જુલ્મ કરે તેને હું માફ કરી દઉં.

**૦૭.** જ્યારે ખામોશ રહું તો (આખેરતની) ફિકરમાં રહું.

**૦૮.** જ્યારે બોલું તો અલ્લાહનો ઝિક્ર કરું.

**૦૯.** લોકોને નેકીઓનો હુકમ આપું. *(મિશ્કાતુલ મસાબીહ, ૩/૧૪૭૨)*

આ અખ્લાકે કરીમાના છે જેના પયકર આપણા રસૂલ ﷺ છે. આ સૌમાં દુનિયામાં અમ્નો સુકૂનનું વાતાવારણ સ્થાપ્વાનાં રહસ્યો

છુપાયેલાં છે. ખાસ કરીને છટ્ટી વાત કે **જો કોઈ જુલ્મ કરે તો તેનાથી બદલો લેવાને બદલે તેને માફ કરી દેવામાં આવે.**

## ★ જાલિમ તથા જાબિરોથી મઝલૂમોનો હક્ક અપાવવું હુઝૂર ﷺની વિશિષ્ટતા હતી ★

એક ઈરાશી માણસની સાથે અબૂ જહલે ઊંટોનો સોદો કર્યો હતો. અબૂ જહલે ઊંટ ખરીદી લીધાં પણ તેની કિંમત અદા કરવામાં ટાળ મટોળ કરી રહ્યો હતો. તે શખ્સ તેની પાસે વારંવાર આવતો અને તે તેને પરત કરી દેતો. તંગ આવીને તેણે એક દિવસે ઈરાદો કર્યો કે કુરૈશના લોકો જ્યાં મેહફિલો જમાવીને બેસે છે ત્યાં અબૂ જહલના વિશે વાતો બતાવશે, બની શકે છે કે તેને ગૈરત આવે અને તે કિંમત અદા કરી આપે.

અહલે કુરૈશ હરમ શરીફની આસપાસ મેહફિલો જમાવીને બેઠેલા હતા અને હરમે કા'બામાં સૈયદે આલમ ઈબાદત કરી રહ્યા હતા. જ્યારે તેણે કુરૈશી ઓને પોતાનો બનાવ વર્ણવ્યો તો લોકોએ હુઝૂર ﷺની તરફ ઈશારો કરીને કહ્યું કે આ જ શખ્સ તને ઈન્સાફ અપાવશે. એમનો મક્સદ એ હતો કે સૈયદે આલમ ﷺની અબૂ જહલ સાથે અદાવત છે જેથી આપ તેનાથી માફી ચાહી લેશે, અને પછી એ લોકોને હસવાનો મોક઼ો મળી જશે. તે શખ્સ હુઝૂર ﷺની પાસે હાજર થયો અને પોતાની પરેશાનીને વર્ણવી. મુસ્તફા જાને રહ્મત ﷺએ કહ્યું, ચાલો મારી સાથે ! જ્યારે એ જોયું કે હુઝૂર ﷺએ ઈરાશી શખ્સને લઈને જઈ રહ્યા છે તો એક માણસને તેમની પાછળ મોકલી આપ્યો કે જો જે શું થાય છે.

સરવરે કૌનેન علیہ الصلوٰۃ والسلام અબૂ જહલના દરવાજા પર આવ્યા, દરવાજો ખખડાવ્યો. તેણે પૂછયું, કોણ છે ? આપે ફર્માવ્યું, હું મહુમ્મદ (ﷺ) છું ! જરા બહાર નીકળો. તે બહાર નીકળ્યો. તેનો ચહેરો ગભરાયેલા જેવો હતો અને ચહેરાનો રંગ ફિક્કો પડી ચૂક્યો હતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ વ્યક્તિનો હક્ક઼ તેને આપી દો. તેણે કહ્યું, જી હા ! આપ લોકો અહીં રોકાવ હું હમણા એનો હક્ક઼ અદા કરું છું. તે ઘરમાં ગયો અને પછી પૂરી કિંમત લાવીને તે ઈરાશી શખ્સને આપી દીધી. નબી અકરમ علیہ الصلوٰۃ والسلامએ

તે શખ્સને કહ્યું, ઠીક છે ! હવે તમો જઈ શકો છો. તે શખ્સ કુરેશવાળાઓની મજલિસમાં આવ્યો અને કહેવા લાગ્યો, અલ્લાહ તે શખ્સ (હુઝૂર ﷺને) જઝાએ ખૈર આપે કે તેમણે મને મારો હક્ક઼ અપાવી દીધો.

જે શખ્સને તેમણે હુઝૂર ﷺની પાછળ મોકલ્યો હતો તે પણ પાછો આવ્યો અને તેણે પૂરી દાસ્તાન વર્ણવી. એ દરમ્યાન અબૂ જહલ પણ ત્યાં પહોંચી ગયો. લોકોએ તેને કહ્યું, તારી ખરાબી થાય ! તેં આ શું કર્યું ? એના જવાબમાં અબૂ જહલે તેમને કહ્યું :–

وَيْحَكُمْ وَاللّٰهِ اِنْ هُوَ اِلَّا اَنْ ضَرَبَ الْبَابَ وَسَمِعْتُ صَوْتَهٗ فَمُلِئْتُ مِنْهُ رُعْبًا فَخَرَجْتُ اِلَيْهِ وَاِنَّ فَوْقَ رَاْسِهٖ لَفَحْلًا مِنَ الْاِبِلِ مَا رَاَيْتُ مِثْلَ هَامَتِهٖ وَلَا قَصَرَتِهٖ وَلَا اَنْيَابِهٖ لِفَحْلٍ قَطُّ وَاللّٰهِ لَوْ اَبَيْتُ لَاَكَلَنِيْ۔

''તમારા લોકોની ખરાબી થાય ! જ્યારે તેમણે મારો દરવાનો ખટખટાવ્યો તો એનો અવાજ સાંભળીને હું ઘણો ગભરાઈ ઉઠયો. જ્યારે મેં નીકળીને જોયું તો એમના માથા પર એક ઊંટ છે કે જેના જેવી ગરદન, ખોપરી તથા દાંત મેં કોઈના નથી જોયા. ખુદાની ક઼સમ ! હું ના પાડત તો તે જરૂર મને ખાય જાત. *(દલાઈલુન્નબુવ્વત, ૧/૨૧૦)*

આ બનાવથી અંદાજો કરી શકાય છે કે પયગંબરે અમ્ન علیہ الصلوٰۃ والسلامને મઝલૂમોના બારામાં કેટલા પ્રમાણમાં અધિક ફિકર થતી હતી. મક્કાના તે દૌરમાં જ્યારે આપ પોતાની સાથે કરવામાં આવતા જુલ્મોનો જવાબ દેવાનું મુનાસિબ સમજતા ન હતા પણ મઝલૂમોનો હક્ક઼ જાલિમોથી અપાવવા માટે સદા તત્પર રહ્યા.

## રસૂલુલ્લાહ ﷺએ બીમારો પર ખાસ ધ્યાન આપ્યું

કોઈ શખ્સ બીમાર થઈ જાય તો તેની તકલીફ તો તેને જ થાય છે, કોઈ શખ્સ એની તકલીફને પોતાના માથે લઈ નથી શકતો, પણ કોઈ બીમારની અયાદત કરવા (ખબર પૂછવા), તેની સાથે અમુક મીઠી વાતો કરી લેવા, તેને તસલ્લી આપવા, અને તેના માટે તંદુરસ્તી તથા રાહતની

દુઆ કરવાથી તેના દિલને તસલ્લી જરૂર થાય છે, જેની એની તંદુરસ્તી પર ઊંડી અસર પડે છે.

સરવરે કાઈનાત ﷺએ બીમારોની અયાદત કરવાનો (ખબર લેવાનો) હુકમ ફર્માવ્યો છે, તાકીદ કરી છે અને ખુદ પણ આ નેક કાર્યમાં આગળ વધીને ભાગ લીધો છે.

બીમારોને ઈસ્લામી ઈબાદતોમાં સહૂલત અને આસાની આપવામાં આવી છે. કુર્આને મુક઼દ્દસની વિવિધ આયતો તેમજ વિવિધ હદીષોમાં આ આસાનીઓનું વર્ણન છે.

## ★ બીમારને વુઝૂ કરવામાં તકલીફ હોય તો તયમ્મુમ કરી નમાઝ પઢે ★

નમાઝ કોઈ હાલતમાં માફ નથી, પણ આ બીમારો પર અતિશય કરમ છે કે જો તેમને વુઝૂ કે ગુસ્લ કરવામાં તકલીફ વધવાનો અંદેશો હોય તો તેમણે પાણીનો ઉપયોગ ન કરતાં તયમ્મુમ કરવાની છૂટ છે. કુર્આનનું ફર્માન છે :–

وَاِنۡ كُنۡتُمۡ مَّرۡضٰۤى اَوۡ عَلٰى سَفَرٍ اَوۡ جَآءَ اَحَدٌ مِّنۡكُمۡ مِّنَ الۡغَآئِطِ اَوۡ لٰمَسۡتُمُ النِّسَآءَ فَلَمۡ تَجِدُوۡا مَآءً فَتَيَمَّمُوۡا صَعِيۡدًا طَيِّبًا فَامۡسَحُوۡا بِوُجُوۡهِكُمۡ وَاَيۡدِيۡكُمۡ.

"અને જો તમે બીમાર હોવ અથવા સફરમાં અથવા તમારામાંથી કોઈ કઝાએ હાજતથી (જાજરૂ કરીને) આવ્યો અથવા તમે સ્ત્રીઓને સ્પર્શી અને પાણી ન મળ્યું તો પાક માટી વડે તયમ્મુમ કરો તો પોતાના મોં તથા હાથોનો મસહ કરો." *(સૂરએ નિસાઅ, આ. ૪૩)*

યાદ રાખશો કે બીમારીમાં તયમ્મુની ઈજાઝત એ સમયે છે જ્યારે કે પાણી વડે નુકસાન થતુ હોય.

## ★ જેહાદ ફર્ઝ થાય તો પણ બીમારો માટે છૂટ છે ★

કુર્આનનું ફર્માન છે :–

لَيْسَ عَلَى الضُّعَفَآءِ وَلَا عَلَى الْمَرْضٰى وَلَا عَلَى الَّذِيْنَ لَا يَجِدُوْنَ مَا يُنْفِقُوْنَ حَرَجٌ اِذَا نَصَحُوْا لِلّٰهِ وَرَسُوْلِهٖ

"કમજોરો માટે કોઈ વાંધો નથી અને ન બીમારો માટે અને ન એમના પર જેમનામાં ખર્ચની વિસાત ન હોય, જ્યારે કે અલ્લાહ વ રસૂલના ખૈરખ્વાહ (શુભેચ્છક) રહે." *(સૂરએ તૌબા, આ. ૯૧, કન્ઝુલ ઈમાન)*

એટલા માટે કે જેનામાં જે કામની શક્તિ છે તેને જ તે કામનો પાબંદ કરવામાં આવેલ છે. જેને કોઈ કામની શક્તિ નથી તેને તે કામથી છૂટ મળી જાય છે. બીમાર માટે જેહાદમાં જવું અને દુશ્મનોનો સામનો કરવો મુશ્કેલ કામ છે, એટલા માટે એને છૂટ આપવામાં આવી છે.

## ★ બીમારો રમઝાનના રોઝાઓને મોડેથી રાખી શકે છે ★

જો કોઈ શખ્સ એટલા પ્રમાણમાં બીમાર છે કે રોઝા રાખવાથી તેની બીમારી વધી જવાનો મજબૂત અંદશો છે તો તેના માટે જાઈઝ છે કે રોઝાને માહે રમઝાનમાં ન રાખતાં જ્યારે સાજો થઈ જાય તો બાદમાં રાખી લે. કુર્આનનો ઈર્શાદ છે :–

فَمَنْ كَانَ مِنْكُمْ مَّرِيْضًا اَوْ عَلٰى سَفَرٍ فَعِدَّةٌ مِّنْ اَيَّامٍ اُخَرَ

"તો તમારામાં જે કોઈ બીમાર અથવા સફરમાં હોય તો એટલા રોઝા અન્ય દિવસોમાં." *(સૂરએ બક઼રહ, આ. ૧૮૪)*

## ★ બીમારીઓ ગુનાહોનો કફ્ફારો બને છે ★

મુસલમાનને કોઈ રીતે પણ કોઈ તકલીફ પહોંચે છે તો એ તકલીફ પહોંચવું તેના ગુનાહોનો કફ્ફારો બને છે. જો કોઈ શખ્સ બીમાર થઈ જાય તો તેના પર રોવા પીટવાનું ન કરે બલ્કે સબ્ર કરે, એટલા માટે કે એની એ તકલીફ તેના ગુનાહોનો કફ્ફારો બની રહી છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે આક઼ાએ કોનો મક઼ાં ﷺ એ ફર્માવ્યું :–

مَا يُصِيبُ الْمُسْلِمَ مِنْ نَّصَبٍ وَّلَا وَصَبٍ وَّلَا هَمٍّ وَّلَا حُزْنٍ وَّلَا اَذًى وَّلَا غَمٍّ حَتَّى الشَّوْكَةُ يُشَاكُهَا اِلَّا كَفَّرَ اللّٰهُ بِهَا مِنْ خَطَايَاهُ۔

''મુસલમાનને જે પણ થાક, બીમારી, રંજો ગમ, તકલીફ કે પરેશાની પહોંચે છે, ત્યાં સુધી કે તેને એક કાંટો પણ ભોંકાય જાય છે તો અલ્લાહ તબારક વ તઆલા તેના બદલામાં તેના ગુનાહો મિટાવે છે.''

*(સહીહ બુખારી, ૭/૧૧૪)*

આ હદીષમાં અને આ પ્રકારની જે હદીષોમાં પણ કોઈ નેક અમલના બદલામાં ગુનાહોના માફ થવાનો ઉલ્લેખ છે એનાથી મુરાદ સગીરા ગુનાહ છે. એટલે કે અલ્લાહ તબારક વ તઆલા સગીરા ગુનાહોને મિટાવે છે, કબીરા ગુનાહ તૌબા વિના માફ નથી થતા. જો કબીરા ગુનાહો કોઈના હક્કોથી સંબંધિત છે તો જ્યાં સુધી હક્કો અદા ન કરી આપવામાં આવે, અથવા હક્કદાર માફ ન કરી આપે ત્યાં સુધી માફ થશે નહીં.

## ★ બીમારના માટે મઅમૂલાત (નિયમિત અમલો)ના બરાબર નેકીઓ ★

જો કોઈના મા'મૂલાત (નિયમિત અમલો)માંથી છે કે તે નફ્લો, તિલાવતે કુર્આન, ઝિક્રો અઝકાર વગેરેમાં વ્યસ્ત રહ્યા કરતો હતો પણ હવે બીમાર થવાને કારણે તે શખ્સ તે મા'મૂલાત પૂરા નથી કરી શકતો તો પણ તેને તેના કરતા રહેવાનો સવાબ મળતો રહેશે.

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી મરવી છે કે સરકારે અબદ કરાર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું :–

اِذَا مَرِضَ الْعَبْدُ اَوْ سَافَرَ كُتِبَ لَهٗ مِثْلُ مَا كَانَ يَعْمَلُ مُقِيْمًا صَحِيْحًا۔

''જ્યારે કોઈ બંદો બીમાર થઈ જાય છે અથવા સફરમાં નીકળી જાય છે તો એના માટે એટલા જ પ્રમાણમાં સવાબ લખવામાં આવે છે જે તે રોકાણ દરમ્યાન તથા તંદુરસ્તીની હાલતમાં કરતો હતો.

આ બીમારો તથા મુસાફરો પર મૌલાએ કરીમનો અતિશય કક્ષાનો

કરમ છે કે બીમારી તથા સફરના કારણે જો દરરોજની ઈબાદત તથા નફ્લોને અદા કરવામાં મુશ્કેલી છે, તો પણ મા'મૂલાતની પાબંદીના આધાર પર સવાબમાં કમી થશે નહીં, બલ્કે સવાબ લખવામાં આવતો રહેશે.

## ★ બીમારની ખબર લેવી મુસલમાનનો હક્ક઼ છે ★

કોઈ શખ્સ બીમાર થઈ જાય તો તેની અયાદત (ખબર કાઢવા) માટે જવું એ એક મુસલમાનનો બીજા મુસલમાન પર હક્ક઼ છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ નેઅમત علیه التحیة والتسلیمએ ઈર્શાદ ફર્માવ્યો :–

حَقُّ الْمُسْلِمِ عَلَى الْمُسْلِمِ خَمْسٌ: رَدُّ السَّلَامِ وَعِيَادَةُ الْمَرِيْضِ وَاتِّبَاعُ الْجَنَائِزِ وَاِجَابَةُ الدَّعْوَةِ وَتَشْمِيْتُ الْعَاطِسِ.

"એક મુસલમાનના બીજા મુસલમાન પર પાંચ હક્ક઼ો છે : (૧) સલામનો જવાબ આપવો. (૨) બીમારની ખબર પૂછવી. (૩) જનાઝામાં શરીક થવું. (૪) દા'વત ક઼બૂલ કરવી. (૫) છીંકનો જવાબ આપવો." *(સહીહ બુખારી, ૨/૭૧)*

પરંતુ અયાદત માટે જે શખ્સ જઈ રહ્યો છે એણે એ વાતનો ખયાલ રાખવો જરૂરી છે કે તેની અયાદત (ખબર કાઢવા જવું) બીમાર માટે તસલ્લીનો સબબ બને, તેના દિલને તકલીફ થવાનો સબબ ન બને. એટલા માટે સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامએ અયાદતના માટે પણ નિયમો વર્ણવ્યા છે.

આ અયાદત દુનિયામાં એ બીમારના માટે તસલ્લીનો સામાન બનશે તો આખેરતમાં અલ્લાહ તઆલા એ અયાદત કરવાવાળા પર જન્નતનાં ફળો નિછાવર કરશે.

ફર્માને રસૂલ ﷺ છે :–

اِنَّ الْمُسْلِمَ اِذَا عَادَ اَخَاهُ الْمُسْلِمَ لَمْ يَزَلْ فِىْ خُرْفَةِ الْجَنَّةِ حَتّٰى يَرْجِعَ.

"મુસલમાન જ્યારે પોતાના મુસલમાન ભાઈની અયાદત કરે છે તો

તે જન્નતનાં ફળ ખાવામાં વ્યસ્ત હોય છે, ત્યાં સુધી કે પાછો આવી જાય.''

*(સહીહ મુસ્લિમ, ૪/૧૯૮૯)*

સારાંશ કે બીમારની અયાદત મુસલમાનો પર તેનો હક્ક઼ છે, જેથી મુસલમાનો પર અયાદત કરવું વાજિબ છે. અને બીમારથી સગાઈ હોય અથવા તે પડોસી હોય તો અયાદત અધિક રીતે જરૂરી થઈ જાય છે. અયાદત બીમારના હાલના પ્રમાણે થવી જોઈએ. ક્યારેક સંજોગોનો તક઼ાઝો એવો હોય છે કે વારંવાર અયાદત માટે આવ્યા કરે. જે શખ્સ બીમારની અયાદત કરે એના માટે સુન્નત તરીક઼ો એ છે કે તે તેનો હાલ પૂછે, તેના માટે દુઆ કરે અને તેને સાજા થવાની ઉમ્મીદ અપાવે કેમ કે એ તંદુરસ્ત તથા સાજા થવાના સબબોમાંથી એક સબબ છે.

## પયગંબરે આલમ ﷺએ મૈયતના હક્ક઼ો તથા ફર્ઝો નિશ્ચિત કર્યા

ઈસ્લામ તે એકલો અનોખો મઝહબ છે જેમાં દરેક જીવંત તથા નિર્જીવના હક્ક઼ો નિશ્ચિત કરવામાં આવ્યા છે. ખાસ કરીને ઈન્સાન જે અશ્રફુલ મખ્લૂક઼ાત છે તેના હક્ક઼ો ખૂબ જ વિગતવાર વર્ણન કરવામાં આવ્યા છે. પયગંબરે ઈસ્લામે જીવતાઓના હક્ક઼ોની સાથોસાથ મરનારાઓના હક્ક઼ો પણ નિશ્ચિત કર્યા છે. એના સંબંધે આપની તા'લીમાત જોઈ લો :–

### ★ મરનારના શાંતિપૂર્વક મૃત્યુ માટે કલ્મએ તૈયબહની તલ્ક઼ીન ★

મરનાર કલ્મો પઢીને મરે તો કલ્મએ તયબહના ફઝાઈલના પ્રમાણે તેને ક઼યામતના દિવસે સરવરે કાઈનાત ﷺની શફાઅત નસીબ થશે અને તે જન્નતમાં દાખલ થશે. એટલા માટે જે શખ્સ નઝઅની હાલતમાં હોય તેના માટે સરવરે આલમ ﷺએ મુસલમાનો પર તેનો એ હક્ક઼ ઠરાવ્યો કે મરતી વખતે તેને કલ્માની તલ્ક઼ીન કરે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ વર્ણવે છે કે આક઼ાએ રહ઼મત علیه التحیة والتسلیمએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَقِّنُوا مَوْتَاكُمْ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ۔

''મરનારને કલ્મએ તયબહની તલ્ક઼ીન કરો.'' *(સહીહ મુસ્લિમ, ૨/૩૬૧)*

જાંકની (સકરાત)ની હાલતમાં જ્યાં સુધી રૂહ ગળે નથી આવી તેને તલ્ક઼ીન કરે. એટલે કે તેની પાસે બુલંદ અવાજથી પઢે :–

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ،

પણ તેને તે કહેવાનો હુકમ ન કરે. જ્યારે તેણે કલ્મો પઢી લીધો તો તલ્ક઼ીન રોકી દે. હા ! જો કલ્મો પઢયા બાદ તેણે કોઈ વાત કરી તો ફરી તલ્ક઼ીન કરે કે તેનો અંતિમ બોલ *લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ* હોય. તલ્ક઼ીન કરનાર કોઈ નેક શખ્સ હોય. *(બહારે શરીઅત, ૪/૮૦૮)*

તલ્ક઼ીનનો હુકમ એટલા માટે આપવામાં આવ્યો કે મૈયતની છેલ્લી વાત કલ્મએ તૈયેબહ હોય. જે શખ્સનો છેલ્લો બોલ કલ્મએ તૈયબહ હોય એના બારામાં હદીષે પાકમાં વર્ણન થયેલ છે :

હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ كَانَ اٰخِرُ كَلَامِهٖ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ دَخَلَ الْجَنَّةَ۔

''જેની અંતિમ વાત કલ્મએ તયબહ હોય તે જન્નતમાં દાખલ થશે.''

*(સુનને અબૂ દાઊદ, ૩/૧૯૦)*

## ★ મૈયતની પાસે સૂરએ યાસીન પઢવામાં આવે ★

કુર્આને મુક઼દસની જ્યાં તિલાવત થાય તે રહ઼મતના નુઝૂલની જગા બની જાય છે. વિશેષતઃ સૂરએ યાસીન શરીફનું પઢવું અગણિત ફઝીલતોનો સબબ છે. સરવરે કાઈનાત ﷺએ તેને કુર્આનનું દિલ ઠરાવ્યું અને તેની એકવાર તિલાવતને દસવાર ખત્મે કુર્આનના બરાબર ઠરાવ્યું.

જે જગાએ કોઈ શખ્સ જાંકની (સકરાત)ના આલમમાં હોય, સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامએ એ જગા પર સૂરએ યાસીન શરીફની તિલાવતનો હુકમ કર્યો કે જેથી ત્યાં રહ઼મતોનું નુઝૂલ (ઉતરાણ) થાય અને એ મરનાર

અમ્નો અમાનની સાથે દુનિયાથી વિદાય લે.

હઝરત મઅક઼િલ બિન યસાર رضی اللہ عنہથી રિવાયત છે કે સૈયદ આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِقْرَءُوْا يٰسٓ عَلٰى مَوْتَاكُمْ۔

"તમારાં મુડદાં પર સૂરએ યાસીન પઢો." *(સુનને અબૂ દાઊદ, ૩/૧૯૧)*

આ કામ ત્યાં હાજર મુસલમાનોથી જ થઈ શકે છે એટલા માટે એની વ્યવસ્થા કરવી મુસલમાનોની જિમ્મેદારી છે. એટલા માટે ત્યાં મૌજૂદ લોકોએ જોઈએ કે આ વાતની તરફ ધ્યાન કરે જેથી મરનાર માટે રહ્મતનો સબબ બને.

## ★ મૌતની ખબર મળવા પર "اِنَّا لِلّٰہِ" પઢવામાં આવે ★

જે કોઈ મુસલમાનની મૌતની ખબર મળે તો انا للہ وانا الیہ راجعون પઢવામાં આવે, એનાથી જેવી રીતે એ મરનાર તથા તેનાં ઘરવાળાંઓ સાથે હમદર્દી પ્રદર્શિત થાય છે તેવી જ રીતે ખુદ પઢનાર માટે પણ અજરો સવાબનો હિસ્સો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ لِلْمَوْتِ فَزَعًا فَاِذَا اَتٰى اَحَدَكُمْ وَفَاةُ اَخِيْهِ فَلْيَقُلْ: اِنَّا لِلّٰهِ وَاِنَّآ اِلَيْهِ رَاجِعُوْنَ وَ اِنَّآ اِلٰى رَبِّنَا لَمُنْقَلِبُوْنَ، اَللّٰهُمَّ اكْتُبْهُ فِى الْمُحْسِنِيْنَ وَاجْعَلْ كِتَابَهٗ فِىْ عِلِّيِّيْنَ وَاخْلُفْ عَقِبَهٗ فِى الْاٰخِرِيْنَ، اَللّٰهُمَّ لَا تَحْرِمْنَا اَجْرَهٗ وَلَا تَفْتِنَّا بَعْدَهٗ۔

"બેશક ! મૌત ઘણી ભયાનક ચીજ છે, તો જ્યારે કોઈની પાસે તેના ભાઈની વફાતની ખબર પહોંચે તો કહે : انا للہ وانا الیہ راجعون બેશક ! અમે અલ્લાહના છીએ અને બેશક ! અમારે તેની જ તરફ પલટવાનું છે. આપણે આપણા રબની તરફ પલટનારા છીએ. હે અલ્લાહ ! એને નેકોકારોમાં

લખી દે. તેનું અમાલાનામુ ઈલ્લીયીનમાં કરી દે અને એના બાદવાળાઓમાં એનો જાનશીન બનાવી દે. અમને એના અજરથી મેહરૂમ ન કર અને અમને એના પછી આજમાઈશમાં ન નાખ."

*(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૨/૫૯)*

એનો શું ફાયદો હાંસલ થશે એના વિશે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું :–

مَنِ اسْتَرْجَعَ عِنْدَ الْمُصِيْبَةِ جَبَرَ اللهُ مُصِيبَتَهُ وَاَحْسَنَ عُقْبَاهُ وَجَعَلَ لَهُ خَلَفًا صَالِحًا يَرْضَاهُ.

"જે શખ્સ મુસીબતના સમયે "اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَيْهِ رَاجِعُوْنَ" પઢે છે તો અલ્લાહ તઆલા તેની મુસીબત દુર કરે છે, તેનો અંજામ બેહતર કરે છે અને ત્યાર બાદ તેને એવી ચીજ અતા ફર્માવે છે જેનાથી એ રાજી હોય."

## ★ મૈયતની ફક્ત ખૂબીઓ વર્ણવવામાં આવે ★

સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلام એ મરનારની નેકીઓનો ઉલ્લેખ કરવાનો હુકમ આપ્યો, અને જો ખુદા ન ખ્વાસ્તા તે કોઈ ગુનાહનો મુર્તકિબ (સપડાયેલ) હતો તો તેના ગુનાહો તથા બુરાઈઓને વર્ણવવાથી પોતાની જીભને રોકવાનો હુકમ કર્યો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે સરકારે દો આલમ علیہ الصلوٰۃ والسلام એ ઈર્શાદ ફર્માવ્યો :–

اُذْكُرُوْا مَحَاسِنَ مَوْتَاكُمْ وَكُفُّوْا عَنْ مَسَاوِيْهِمْ.

"તમારાં મુડદાંઓની ખૂબીઓ વર્ણવો અને તેમની બુરાઈઓથી તમારી જીભોને બંધ રાખ્યા કરો." *(સુનને અબૂ દાઊદ, ૪/૨૭૫)*

એનો ફાયદો એ હાંસલ થશે કે આ ખૂબીઓ વર્ણન કરવી તેની બખ્શિશ તથા નજાતનો ઝરીયો બની શકે છે. સાથોસાથ મરનારની બુરાઈઓ વર્ણન કરવાથી લડાઈ ઝઘડાની નોબત આવી શકે છે. અને જેની બુરાઈ વર્ણન કરવામાં આવી રહી છે તેની સુધારણાનો માર્ગ બંધ થઈ ચૂક્યો છે. એટલા માટે આકાએ રહ્‌મત علیہ الصلوٰۃ والسلام એ મુદડાની બુરાઈઓને વર્ણન કરવાની

મનાઈ ફર્માવી છે. હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَا مِنْ مُسْلِمٍ يَمُوْتُ فَيَشْهَدُ لَهٗ اَرْبَعَةُ اَهْلِ اَبْيَاتٍ مِنْ جِيْرَتِهِ الْاَدْنَيْنَ اَنَّهُمْ لَا يَعْلَمُوْنَ اِلَّا خَيْرًا اِلَّا قَالَ اللّٰهُ جَلَّ وَ عَلَا قَدْ قَبِلْتُ عِلْمَكُمْ فِيْهِ وَغَفَرْتُ لَهٗ مَا لَا تَعْلَمُوْنَ۔

''જ્યારે કોઈ મુસલમાનનો ઈન્તેકાલ થઈ જાય અને તેના ચાર નિકટના પડોસી તેના બારામાં કહે કે અમે તો એના બારામાં કેવળ ભલાઈ જ જાણીએ છીએ તો અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : તમે જે જાણો છો મેં એના બારામાં એની ગવાહી કબૂલ કરી લીધી, અને જે તમે નથી જાણતા મેં તેની તે વાતો માફ કરી દીધી.'' *(સહીહ ઈબ્ને હબ્બાન, ૮/૨૯૫)*

કોઈનો ઈન્તેકાલ થઈ ગયો અને તેનામાં ખુદા નખ્વાસ્તા કોઈ બુરાઈ અથવા ખરાબી હતી તો તેને વર્ણવવાથી આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ મના કર્યું છે.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا વર્ણવે છે કે સરકારે કાઈનાત علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا تَسُبُّوا الْاَمْوَاتَ فَاِنَّهُمْ قَدْ اَفْضَوْا اِلٰى مَا قَدَّمُوْا۔

''મરનારાઓને બુરા શબ્દો વડે ન યાદ કરો, એટલા માટે કે તેમણે જ્યાં પહોંચવાનું હતું ત્યાં સુધી પહોંચી ચૂક્યા છે.'' *(સહીહ બુખારી, ૨/૧૦૪)*

## ★ જનાઝામાં શરીક થવું મુસલમાનોની જિમ્મેદારી છે ★

કોઈ મુસલમાનનો ઈન્તેકાલ થઈ જાય તો તેના કફન દફન, તેની જનાઝાની નમાઝ અને દફનવિધિમાં શરીક રહેવું જોઈએ. હદીષે પાકમાં એને એક મુસલમાનનો બીજા મુસલમાન પર હક્ક ઠરાવ્યો છે. હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી મરવી છે કે સરવરે કાઈનાત علیه التحیة والتسلیمએ ઈર્શાદ ફર્માવ્યો :–

لِلْمُسْلِمِ عَلَى الْمُسْلِمِ سِتَّةٌ بِالْمَعْرُوفِ: يُسَلِّمُ عَلَيْهِ إِذَا لَقِيَهُ، وَيُجِيبُهُ إِذَا دَعَاهُ، وَيُشَمِّتُهُ إِذَا عَطَسَ، وَيَعُودُهُ إِذَا مَرِضَ، وَيَتْبَعُ جِنَازَتَهُ إِذَا مَاتَ، وَيُحِبُّ لَهُ مَا يُحِبُّ لِنَفْسِهِ۔

"એક મુસલમાનના બીજા મુસલમાન પર છ હક્ક઼ છે : (૧) જ્યારે તેનાથી મુલાક઼ાત થાય તો સલામ કરે. (૨) જ્યારે દા'વત આપે તો ક઼બૂલ કરે. (૩) છીંકે તો જવાબ આપે. (૪) બીમાર હોય તો ખબર અંતર પૂછે. (૫) જ્યારે એનો ઈન્તેક઼ાલ થાય તો તેના જનાઝામાં હાજરી આપે. (૬) જે ચીજ પોતાના માટે પસંદ કરે તે ચીજ એના માટે પણ પસંદ કરે.

આ છ હક્ક઼ોમાંનો એક હક્ક઼ એ પણ છે કે કોઈ મુસલમાનનો ઈન્તેક઼ાલ થઈ જાય તો તેના જનાઝામાં શિર્કત કરવામાં આવે.

## ★ મૈયતને ગુસ્લ, કફન તથા કાંધો આપનારના ગુનાહ ધોવાય જાય છે ★

કોઈના ઈન્તેક઼ાલના બાદથી લઈને તેના દફન થતા સુધી તેના કફન દફનમાં શરીક રહેવું અને તેના દફન થયા બાદ તેના માટે ઈસાલે સવાબની વ્યવસ્થા કરવી મૈયતના માટે ખૂબ જ લાભદાયી છે. એટલા માટે એ કામોને સરવરે કાઈનાત ﷺએ એક મુસલમાનનો બીજો મુસલમાન પર હક્ક઼ ઠરાવ્યો. અને જે શખ્સ આ કામોમાં ભાગ લે છે તેના માટે સરવરે કાઈનાત عليه التحية والتسليمએ મહાન અજ્રો સવાબનો વાયદો કર્યો છે.

હઝરત અલી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ غَسَّلَ مَيِّتًا وَ كَفَّنَهُ وَحَنَّطَهُ وَحَمَلَهُ وَصَلَّى عَلَيْهِ وَلَمْ يُفْشِ عَلَيْهِ مَا رَاٰى خَرَجَ مِنْ خَطِيْئَتِهِ مِثْلَ يَوْمِ وَلَدَتْهُ أُمُّهُ۔

"જેણે મૈયતને ગુસ્લ આપ્યું, તેને કફન આપ્યું, તેને ખુશ્બૂ લગાડી, તેને ઉઠાવ્યું, તેની નમાઝે જનાઝા પઢી અને તેની જે રાઝની વાતો જોઈ તેને

કોઈના પર જાહેર ન કરી, તે ગુનાહોથી એવો પાક થઈ જશે જેવી રીતે કે આજે જ એને એની માએ જન્મ આપ્યો છે.''

*(સુને ઈબ્ને માજહ, ભાગ : ૧, પેજ : ૪૬૯)*

રાઝની વાતથી મુરાદ એ છે કફન દફન દરમ્યાન કોઈ એવી વાત જોઈ જેને વર્ણન કરવાથી મૈયતની પ્રતિષ્ઠા જોખમાય તેમ હોય તો એ વાતને છુપાવવી જરૂરી છે. જો કોઈ એવી વાત જોઈ જેને વર્ણન કરવાથી મૈયતની પ્રતિષ્ઠા વધશે તો એવી વાતોને વર્ણન કરવી જોઈએ.

## ★ જનાઝાની તા'ઝીમ કરવામાં આવે ★

મુસ્લિમનો જનાઝો તા'ઝીમને પાત્ર છે, એટલા માટે જ્યાંથી જનાઝો પસાર થાય તો ત્યાં લોકો બેઠા હોય તો તેમને હુકમ છે કે ઉભા થઈ જાય અને જ્યાં સુધી જનાઝો ત્યાંથી પસાર ન થઈ જાય ત્યાં સુધી ઉભા રહે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

إِذَا رَأَيْتُمُ الْجِنَازَةَ فَقُوْمُوْا فَمَنْ تَبِعَهَا فَلَا يَقْعُدْ حَتّٰى تُوضَعَ.

''જ્યારે તમે જનાઝાને જુઓ તો ઉભા થઈ જાવ. તો જે તેની પાછળ ગયો તો ત્યાં સુધી ન બેસે જ્યાં સુધી જનાઝો રાખી દેવામાં આવે.''

*(સહીહ બુખારી, ૨/૮૫)*

આ હદીષમાં બે વાતનો હુકમ કરવામાં આવ્યો, એક એ કે જેની સામેથી જનાઝો પસાર થાય તેણે જોઈએ કે ઉભો થઈ જાય. અને બીજી વાત એ કે જે શખ્સ જનાઝાની સાથે ચાલી રહ્યો છે તે એ સમય સુધી ન બેસે જ્યાં સુધી કે જનાઝો મૂકી દેવામાં ન આવે.

આ ખાસિયત છે કે રહમતે આલમ علیہ التحیۃ والتسلیمના લાવેલા બંધારણની કે એમાં અદનાથી લઈને આ'લા સુધી, નાનાથી લઈને મોટા સુધી, જીવતાથી લઈને મુડદા સુધી દરેકે દરેકના માટે હક્કો નિશ્ચિત કરવામાં આવ્યા છે. હક્કો પણ કેવા કે દરેક યુગ તથા જમાનામાં સમૃદ્ધ તથા દરેક દેશ તથા ઈલાકા માટે સમાન.

હક્કોનું આવું બંધારણ સરવરે કાઈનાત عليه الصلوة والسلامએ બનાવ્યું, રચ્યું અને તેની તા'લીમ આપી જેના પર અમલ કરતા રહેવું દરેક માણસ માટે કામયાબીનો મિનારાએ નૂર (દીવાદાંડી) છે. જે દૌરમાં પણ નિઝામે મુસ્તફાની પાબંદી કરવામાં આવી અને દરેક હક્કવાળા સુધી તેનો હક્ક પહોંચાડવામાં આવ્યો તે દૌરમાં ગરીબી, મુફલિસી, લડાઈ, ઝઘડા, જુલ્મ, હક્ક મારવું તથા એ પ્રકારનો સર્વ નાસૂરોનો ખાત્મો થઈ ગયો.

આજે પણ જરૂરત છે કે આપણે સરવરે કાઈનાત ﷺની તા'લીમાતને સમજીએ, તેની સમૃદ્ધતા તથા અર્થો તથા ભાવાર્થના પર વિચારણા કરીએ, તેમની અઝમતોને આપણા દિલમાં બેસાડીએ અને તેના પર અમલ કર્તા થઈને જન્નતની તરફ ખેંચાતા ચાલીએ.

## ...પ્રકરણ : ૮

### હુઝૂર ﷺએ આમ ઈન્સાની હક્કો નિશ્ચિત કરીને વિશ્વશાંતિની ગોઠવણ કરી અને જગતને ન્યાયથી ભરી દીધું

આજે ચો તરફ માનવ અધિકારોની ચર્ચા છે અને માનવ અધિકારનો વિષય દરેક શખ્સની જીભનો વિર્દ, સમયનો અવાજ તથા આલમી દિલચસ્પી તથા ધ્યાનનું કેન્દ્ર બની ગયો છે. એ જ કારણે આજે રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય કક્ષાએ માનવ અધિકારના નામ પર મોટી મોટી કોન્ફ્રન્સો ગોઠવાય છે અને ઠરાવો પસાર કરાય છે, ત્યાં સુધી કે માનવ અધિકારોને લાગુ પડવું એ બાબતને જાંચવાનું માપદંડ સમજાવા લાગ્યું છે કે એક ગવર્નમેન્ટ કેટલી હદે અદ્લો ઈન્સાફના ઉસૂલોની પાબંદી કરે છે અને પોતાના નાગરિકોના હક્કોની હિફાઝત તથા તેમની આઝાદીનો લેહાઝ રાખે છે.

જો સવાલ કરવામાં આવે કે શું દુનિયા માનવ અધિકાર નિશ્ચિત કરવામાં તથા દરેક માનવીને તેનો હક્ક પહોંચાડવામાં સફળ થઈ છે ? તો જવાબ નકારમાં હશે. એટલા માટે કે નીતિ નિયમો બતાવનારા લોકો કોઈ ન કોઈ રીતે પક્ષપાતનો શિકાર છે, અને જ્યાં પણ પક્ષપાત હશે ત્યાં હક્કોની કાળજી લેવામાં અદ્લો ઈન્સાફ જરૂર અદશ્ય થશે.

અત્યાર સુધી માનવ અધિકારોના સંબંધે જેણે સૌથી સમૃદ્ધ કાનૂનોની રચના કરી છે તે જાત સરવરે કાઈનાત, અનીસે બેકસાં ﷺની છે. આપ દુનિયામાં અમ્નો અમાનની સ્થાપ્ના માટે તશરીફ લાવ્યા હતા એટલા માટે આપે આપના બંધારણમાં શાંતિને ખત્મ કરનારાં દરેક કામો પર પાબંદી લગાડી અને દરેક હક્કવાળાને તેનો હક્ક અપાવ્યો.

દુનિયાનો અમ્ન સલામત રાખવા માટે આમ માનવ અધિકારોને લાગુ

કરવા જરૂરી હતું. એટલા માટે આક઼ાએ નેઅમત عليه الصلوة والسلام નો સંપાદિત કરેલ ક઼ાનૂન દરેક તબક઼ાના માનવ માટે તેના હક્ક઼ો ઓળખવામાં ખૂબ જ અસરકારક છે. સરવરે કાઈનાત ﷺ નો સંપાદિત કરેલ ક઼ાનૂન દુનિયાનો નિહટ્ટો ક઼ાનૂન છે જેણે રંગ, વંશના ભેદભાવ વિના સૌના હક્ક઼ો સમાન રીતે નિશ્ચિત કર્યા. સમાજમાં પુર અમ્ન જિંદગી ગુજારવાના માટે જાન, ઈજ્જત તથા આબરૂ, માલ તથા ઔલાદ, રોઝગાર, અક઼ીદા તથા મઝહબની રક્ષા પાયાની જરૂરતોમાંથી છે. પક્ષપાતપસંદ ક઼ૌમોના બનાવેલ ક઼ાનૂનોમાં આ પાયાની જરૂરતોમાં ક્યાંક ને ક્યાંક, કોઈ ન કોઈ રીતે હક્ક઼ મારવું જરૂર જોવા મળે છે. પણ સરવરે કાઈનાત ﷺ ના લાવેલા ક઼ાનૂનમાં કોઈ રીતે પણ કોઈના હક્ક઼ને મારવું નથી.

## પયગંબરે અમ્નએ માનવોને તેમનો મક઼ામ તથા મર્તબો બતાવ્યો

પોતાના માન મોભાથી વાકેફ હોવું દરેક શખ્સના માટે જરૂરી હોય છે. એટલા માટે કે જે શખ્સ પોતાનો મક઼ામ તથા મર્તબો જાણે છે તો તે તેના વિરુદ્ધ કોઈ કામ કરતાં હમેશાં દૂર રહે છે.

સરવરે કૌનૈન عليه التحية والتسليم ના આગમન પહેલાં લોકો પોતાની ક઼દરો (માન મોભા)થી નાવાકેફ હતા. એ જ કારણે લોકો કુફ્ર તથા અધર્મતા, શિર્ક તથા મૂર્તિપૂજામાં વ્યસ્ત હતા. પોતાના સર્જનનો ન તો કોઈ મક઼સદ જાણતા હતા અને ન તેમને પોતાના હક઼ીક઼ી ખાલિક઼ તથા માલિકની મઅરેફત (ઓળખ) હાંસલ હતી. લોકો સાચા તથા ખોટામાં ફરક કરવાથી લાચાર હતા. ક઼બીલાઓની વ્યવસ્થા રિવાજ પામેલ હતી. તેઓ દરેક હાલતમાં પોતાના ઘર, ખાનદાન તથા ક઼બીલાવાળાઓની મદદ કરતા ચાહે, તેઓ જાલિમ હોય કે મઝલૂમ હોય.

દરેક જગાએ શક્તિવાળો કમજોર પર સવાર હતો. મામૂલી મામૂલી વાત પર લડાઈની આગ ભડકી ઉઠતી કે જે વરસો સુધી ચાલતી. એક માણસના ખૂનના બદલામાં કેવળ ક઼ાતિલને ક઼ત્લ કરવાને બદલે પૂરા ખાનદાન તથા ક઼બીલાને નેસ્તોનાબૂદ કરી દેવામાં આવતો. સેંકડો બેગુનાહને

મૌતના ઘાટ ઉતારી દેવામાં આવતા. કોઈ એવું રાજનૈતિક બંધારણ ન હતું જેનાથી દુનિયામાં અમ્નો સુકૂન સ્થાપિત થાય, અને ભાઈચારગી તથા માનવતા ઉછેર પામે. કોઈ એવો ક઼ાનૂન ન હતો જેમાં મુજરિમોને સજા આપવામાં આવે, મઝલૂમોને તેમનો હક્ક઼ અપાવવામાં આવે અને જાલિમની પકડ કરવામાં આવે.

આવા સંજોગોમાં પયગંબરે અમ્ન ﷺ એક મહાન નેઅમત બનીને દુનિયામાં વસનારા માનવો માટે જલ્વાગર થયા. આપે લોકોને તેમની જિંદગીનો અસલ મક઼સદ બતાવ્યો, તેમને તેમના હક઼ીક઼ી માલિક઼ તથા ખાલિકથી ઓળખ કરાવી, તેમને દુનિયાની શરૂઆત તથા અંજામથી માહિતગાર કર્યા અને સર્વ ઈન્સાનોને તેમના માન મોભાથી વાકેફ કરાવીને આ એલાન કરી આપ્યું :–

اَلَا كُلُّكُمْ رَاعٍ وَّكُلُّكُمْ مَّسْؤُوْلٌ عَنْ رَّعِيَّتِهٖ۔

''ખબરદાર થઈ જાવ ! તમારામાંથી દરેક જણ જિમ્મેદાર છે અને દરેક જણને તેની જિમ્મેદારીના બારામાં પૂછતાછ થવાની છે.''

*(સહીહ બુખારી, ૨/૫)*

### ★ માનવોને જમીનમાં ખલીફા બનાવવામાં આવ્યા ★

જે વ્યક્તિઓ તથા ક઼ૌમો કોઈક રીતે આગળ પડતી હતી તે એવું સમજતી હતી કે આ તેમનો જાતી હક્ક઼ છે અને તેનો નાજાઈઝ ફાયદો ઉઠાવીને તેઓ પોતાનાથી કમ દરજાવાળાઓને નીચ સમજતી હતી અને તેમને પોતાના જુલ્મો સિતમનો શિકાર બનાવતી હતી. પરિણામે જમીન પર જુલ્મો જબરદસ્તીનો રિવાજ વધતો જતો હતો અને અમ્નો સુકૂનનો ખાત્મો થતો જતો હતો.

મઝલૂમ તબક઼ો એવું સમજતો હતો કે એમનું એક જ મુક઼દ્દર છે કે તેઓ જુલ્મો સિતમ સહન કરે, તેમનો એ જ હક્ક઼ છે કે મઝલૂમીની જિંદગી પસાર કરે. સરવરે કાઈનાત મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ બંનેવના દિમાગોમાંથી એ ખયાલ ખત્મ કરી આપ્યો અને કુર્આને મુક઼દ્દસની આયતે મુક઼દ્દસા સંભળાવી :–

وَهُوَ الَّذِىۡ جَعَلَكُمۡ خَلٰٓئِفَ الۡاَرۡضِ وَرَفَعَ بَعۡضَكُمۡ فَوۡقَ بَعۡضٍ دَرَجٰتٍ لِّيَبۡلُوَكُمۡ فِىۡ مَاۤ اٰتٰٮكُمۡ‌ ؕ اِنَّ رَبَّكَ سَرِيۡعُ الۡعِقَابِ‌

''અને તે જ છે જેણે તમને જમીનમાં નાયબ કર્યા અને તમને એકબીજામાં ડરઝનો બુલંદી આપી કે તમને અજમાવે એ ચીજથી જે તમને અતા કરી. બેશક ! તમારા રબને અઝાબ કરતાં વાર નથી લાગતી.''

*(સૂરએ અન્આમ–૧૬૫, કન્ઝુલ ઈમાન)*

આમાં માનવોના દરેક વર્ગને બતાવી દેવામાં આવ્યું કે એને જે કાંઈ પણ મક઼ામ તથા મર્તબો મળ્યો છે અને કોઈ એતબારથી કોઈ ઉચ્ચ દરજ્જો મળ્યો છે તો એ અલ્લાહનો આપેલો છે. એના પરિણામે કોઈને નીચ સમજવું કે જુલ્મ તથા સિતમનું બજાર ગરમ કરવું અલ્લાહના અઝાબને દા'વત દઈ શકે છે.

આ નાયબપણાથી શું મુરાદ છે એની સ્પષ્ટતા તફસીરે ઝિયાઉલ કુર્આનમાં ખૂબ જ ઉમદા અંદાઝમાં કરવામાં આવી છે :–

''કુદરતનો ક઼ાનૂન અટલ તથા એક સમાન છે. જ્યાં સુધી કોઈ ક઼ૌમ પોતાની લાભકારકતા તથા પોતાને ફાયદો પહોંચાડવાની સાબિતી પૂરી પાડતી રહે છે તે ઝિંદા તથા સલામત રહે છે અને તેના નસીબનો સૂરજ ચમકતો દમકતો રહે છે. પરંતુ જ્યારે તે પોતાની સત્તા તથા શક્તિ મજા માણવામાં તથા એશ તલબીના માટે વકફ કરી દે છે અને પોતાની જિમ્મેદારીઓને નિભાવવામાં ગફલત વર્તે છે તો સમજી લો કે એ એના મૌતની ઘડી આવી ચૂકી છે. તેને માર્ગોથી હટાવી દેવામાં આવે છે અને બીજી ક઼ૌમને આગળ વધારી દેવામાં આવે છે જેથી તે પોતાની નવી ઉદ્ભવેલી શક્તિઓ તથા યુવાન કાબેલિયતોને કામે લગાડીને ઈલ્મો ફન તથા હિકમતો દાનિશના કારવાંની આગેવાનીને સંભાળી લે. હે શ્રોતાઓ ! તમો પણ તે ગુજરી ગયેલી તથા વહી ગયેલી ક઼ૌમોના જાનશીન છો. કુદરતની નિગાહ હર ઘડી તમારી કડી નિગરાની કરી રહી છે. જો તમે સીધી રીતે અને અદ્લો ઈન્સાફના તકાઝાઓને પૂરા કર્યા, નેકીને ઉત્તેજન આપવા અને બુરાઈને

ખતમ કરવામાં યથાશક્તિ કોશિશ કરી, પોતાના માલિક તથા ખાલિક઼ની સામે પોતાની પેશાનીને ઝુકાવી રાખી અને માનવજાતની ખિદમતમાં પોતાના માધ્યો અને પોતાની શક્તિઓને વાપરતા રહ્યા તો તમારા પર કોઈ આંચ નહીં આવે અને જો તમે પણ તમારા મક઼સદથી ઉણપ વર્તી તો યાદ રાખો તમને પણ ઠુકરાવી દેવામાં આવશે. *(ભાગ : ર, પેજ : પ)*

### ★ સન્માનમાં દરેક માનવી સમાન છે ★

માનવ હક્ક઼ોના બારામાં સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلام ના સંપાદન કરેલા ક઼ાનૂનનો ખયાલ પાયાની રીતે માનવ ઈન્સાન માન, મોભા, ઈજ્જત તથા સમાનતા પર આધારિત છે.

માનવોને માનવ તરીકે કોઈ ભેદભાવ વગર ઈજ્જતથી નવાઝવામાં આવ્યા છે. ફર્માને કુર્આન છે :–

وَلَقَدْ كَرَّمْنَا بَنِيْٓ اٰدَمَ وَحَمَلْنٰهُمْ فِي الْبَرِّ وَالْبَحْرِ وَرَزَقْنٰهُمْ مِّنَ الطَّيِّبٰتِ وَفَضَّلْنٰهُمْ عَلٰى كَثِيْرٍ مِّمَّنْ خَلَقْنَا تَفْضِيْلًا ۝

"અને બેશક ! અમે આદમની ઔલદને ઈજ્જત આપી અને તેમને ખુશ્કી તથા તરીમાં સવાર કર્યા અને તેમને સુથરી ચીજો રોજી આપી અને તેમને પોતાની ઘણી મખ્લૂક઼માં અફઝલ કર્યા."

*(બની ઈસ્રાઈલ, આ. ૭૦, કન્ઝુલ ઈમાન)*

એ જ પ્રમાણે હજ્જતુલ વિદાઅના પ્રસંગના ખુત્બામાં સરવરે કાઈનાત ﷺ એ જે સમાનતાનો દર્સ આપ્યો તેની સમૃદ્ધતા જુઓ :–

اَيُّهَا النَّاسُ اَلَا اِنَّ رَبَّكُمْ وَاحِدٌ، اَلَا وَاِنَّ اَبَاكُمْ وَاحِدٌ، اَلَا لَا فَضْلَ لِعَرَبِيٍّ عَلٰى عَجَمِيٍّ، وَلَا لِعَجَمِيٍّ عَلٰى عَرَبِيٍّ، وَلَا لِاَسْوَدَ عَلٰى اَحْمَرَ، وَلَا لِاَحْمَرَ عَلٰى اَسْوَدَ اِلَّا بِالتَّقْوٰى۔

"હે લોકો ! ખબરદાર થઈ જાવ ! તમારો રબ એક છે. ખબરદાર થઈ જાવ ! તમારો બાપ એક છે. કોઈ અરબીને કોઈ અજમી પર, કોઈ અજમીને

કોઈ અરબી પર, કોઈ કાળાને કોઈ ગોરા પર અને કોઈ ગોરાને કોઈ કાળા પર કોઈ ફઝીલત નથી, સિવાય તક્વાના કારણે.''

*(સબલુલ્હુદા વર્રશાદ ફી ખૈરિલ એબાદ, ૮/૪૮૨)*

આ પ્રમાણે સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامએ તમામ પ્રકારના ભેદભાવો તથા જાતપાત, વંશ, રંગ, જાતિ, ભાષા, કૂળ તથા માલ દૌલત પર આધારિત પૂર્વગ્રહોને મૂળથી ઉખેડી નાખ્યા. ઈતિહાસમાં પ્રથમવાર એવું થયું કે તમામ ઈન્સાનોને એકબીજાના સમકક્ષ ઠરાવવામાં આવ્યા, ચાહે તે અમીર હોય કે ગરીબ, સફેદ હોય કે કાળા, પૂર્વમાં હોય કે પશ્ચિમમાં, પુરૂષ હોય કે સ્ત્રી અને ચાહે તે કોઈપણ ભાષાકિય કે ભૌગોલિક ઈલાક઼ાથી સંબંધ ધરાવતા હોય. પયગંબરે અમ્ન ﷺનો આ ખુત્બો માનવહક્ક઼ોનો પ્રથમ તથા હમેશાંનો દસ્તૂર છે જે કોઈ ટેમ્પરરી રાજકીય મસ્લેહત અથવા કામચલાઉ હેતુની પ્રાપ્તિના માટે નથી, બલ્કે માનવ જાતની ભલાઈના માટે હતો. જે દુનિયામાં તેઓ રહે છે તેમાં અદ્‌લો ઈન્સાફ તથા અમ્નો સુકૂન સ્થાપિત કરવાના માટે હતો.

## હુઝૂર ﷺએ માનવ હક્ક઼ોને મહત્વ તથા રક્ષણ આપ્યું

પયગંબરે અમ્ન મુસ્તફા જાને રહ્‌મત علیہ الصلوٰۃ والسلامના ઘડેલા સમાજની સૌથી મોટી ખૂબી છે કે તેમાં સૌ નાના મોટાના હક્ક઼ોને નિશ્ચિત કરેલા છે. એ હક્ક઼ોને મહત્વ પણ આપવામાં આવ્યું છે અને તેને રક્ષણ પણ પૂરૂ પાડવામાં આવ્યું છે. કુર્આની આયતો તથા હદીષોમાં વારંવાર હક્ક઼ોની અદાયગીની તાકીદ કરવામાં આવી અને હક્ક઼ તલફી તથા જુલ્મથી મના કરવામાં આવ્યું. હક્ક઼ોની અદાયગી પર મળનારા સવાબનો ઉલ્લેખ થયો અને હક્ક઼તલફી (હક્ક઼ મારવા) પર મળનારા અઝાબનું વર્ણન કરવામાં આવ્યું. ૨૩ વર્ષની તર્બિયત (કેળવણી)માં આક઼ાએ કૌનૈન ﷺએ પૂરી ઈન્સાનિયતને હક્ક઼ને ઓળખનાર બનાવી દીધી.

## ★ દરેક હક્ક઼દારનો હક્ક઼ અદા કરો ★

પયગંબરે અમ્ન ﷺએ હક્ક઼ોની અદાયગીની અનહદ તાકીદ ફર્માવી

છે અને હુકમ ફર્માવ્યો કે દરેક હક્ક઼વાળાને તેનો હક્ક઼ આપો.

હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ વર્ણન કરે છે કે આક઼ાએ રહ઼મત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ لِرَبِّكَ عَلَيْكَ حَقًّا، وَلِنَفْسِكَ عَلَيْكَ حَقًّا، وَلِاَهْلِكَ عَلَيْكَ حَقًّا، فَاَعْطِ كُلَّ ذِىْ حَقٍّ حَقَّهٗ۔

"તારા રબનો તારા પર હક્ક઼ છે, તારી જાતનો તારા પર હક્ક઼ છે અને તારાં ઘરવાળાંઓનો તારા પર હક્ક઼ છે. તો દરેક હક્ક઼દારને તેનો હક્ક઼ આપ." *(સહીહ બુખારી, ૩/૩૮)*

આ હદીષ હક્ક઼ોના પ્રકરણમાં ખૂબ જ સમૃદ્ધ છે. એમાં એ વાતનું વર્ણન છે કે દરેક માણસની સાથે હક્ક઼ો જોડાયેલા હોય છે, તેણે જોઈએ કે દરેક હક્ક઼વાળાઓના હક્ક઼ોનો ખયાલ કરે અને તેમના મામલાાં કદાપિ ઉણપ ન કરે.

## ★ હક્ક઼ તલફ઼ી તથા જબરદસ્તી હરામ છે ★

દરેક તે કામ જેનાથી વિશ્વશાંતિ અસર પામી શકે છે તે સરવરે આલમ ﷺના બંધારણમાં મનાઈના ગ્રુપમાં આવે છે. એનામાંથી એક કામ કોઈના પર કોઈ પણ રીતે જબરદસ્તી કરવી છે, કે એને પણ હરામ ઠરાવવામાં આવેલ છે. ફ઼ર્માને કુ઼ર્આન છે :–

قُلْ اِنَّمَا حَرَّمَ رَبِّيَ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ وَالْاِثْمَ وَالْبَغْيَ بِغَيْرِ الْحَقِّ۔

"તમે ફ઼ર્માવો, મારા રબે તો બેહયાઈઓ હરામ કરી છે જે એમનામાં ઉઘાડી છે અને જે છુપી છે, અને ગુનોહ તથા નાહક્ક઼ જબરદસ્તી."

*(સૂરએ અઅ્રાફ઼, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

આ જબરદસ્તી (જુલ્મ) ચાહે એક વ્યક્તિ પર હોય અથવા કોઈ જમાઅત પર અથવા કોઈ તબક઼ા (વર્ગ) પર દરેક એતબારથી હરામ છે,

દરેક સમયે હરામ છે, દરેક જમાનામાં હરામ છે. ચાહે કોઈ વ્યક્તિ કરે કે કોઈ હાકિમ, કોઈ સત્તાવાળો કરે કે કોઈ બિન સત્તાધારી, સૌના માટે હરામ છે.

**★ હક્ક઼ તલફી કરનારા અને ફસાદ મચાવનારાનો અંજામ ★**

આમ હક્ક઼ોની કાળજી લેવાની તાક઼ીદ કરવામાં આવી અને બારીકથી બારીક મામલાઓ જેમનાથી લોકોના હક્ક઼ો જોડાયેલા છે તેમની પણ કાળજી લેવાનો હુકમ કરવામાં આવ્યો. ફર્માને કુર્આન છે :–

اَوۡفُوا الۡكَيۡلَ وَلَا تَكُوۡنُوۡا مِنَ الۡمُخۡسِرِيۡنَ ۝ وَزِنُوۡا بِالۡقِسۡطَاسِ الۡمُسۡتَقِيۡمِ ۝ وَلَا تَبۡخَسُوا النَّاسَ اَشۡيَآءَهُمۡ وَلَا تَعۡثَوۡا فِى الۡاَرۡضِ مُفۡسِدِيۡنَ ۝

**"માપ પૂરુ કરો અને ઘટાડવાવાળાઓમાં ન બનો, અને સીધા ત્રાજવાથી તોલો, અને લોકોની ચીજો ઓછી કરીને ન આપો, અને જમીનમાં ફસાદ ફેલાવતા ન ફરો."**

*(સૂરએ શુઅરા, આ. ૧૮૧ થી ૧૮૩, કન્ઝુલ ઈમાન)*

જુલ્મ તથા જબરદસ્તીને હરામ ઠરાવવામાં આવી અને તેનાથી રોકવાની દરેક શક્ય કોશિશ કરવામાં આવી જેથી જમીન ઝઘડા ફસાદથી પાક થાય અને અમ્નનો ગુલશન બની જાય. તેમ છતાં પણ જો કોઈ જુલ્મ તથા જબરદસ્તી કરીને જમીનને ફસાદવાળી કરવા ચાહે તો એનો અંજામ પણ વર્ણવી દેવામાં આવ્યો :–

وَالَّذِيۡنَ يَنۡقُضُوۡنَ عَهۡدَ اللّٰهِ مِنۡۢ بَعۡدِ مِيۡثَاقِهٖ وَيَقۡطَعُوۡنَ مَاۤ اَمَرَ اللّٰهُ بِهٖۤ اَنۡ يُّوۡصَلَ وَيُفۡسِدُوۡنَ فِى الۡاَرۡضِ‌ ۙ اُولٰٓـئِكَ لَهُمُ اللَّعۡنَةُ وَلَهُمۡ سُوۡٓءُ الدَّارِ ۝

"અને તે જે અલ્લાહનો વાયદો તેના પાકા થયા બાદ તોડતા, અને જેને જોડવાનો અલ્લાહે હુકમ કર્યો તેને કટ કરતા અને જમીનમાં ફસાદ ફેલાવે છે તેમનો હિસ્સો લઅનત જ છે અને તેમનું નસીબ બુરું છે." *(સૂરએ રઅદ, આ. ૨૫, કન્ઝુલ ઈમાન)*

## ★ ક઼યામતના દિવસે દરેક હક્ક઼ મારનારાઓનો સખત હિસાબ થશે ★

જો કોઈએ પોતાના બાહુબળના આધારે કોઈનો હક્ક઼ માર્યો છે અને કોઈ રીતે તે દુનિયામાં પૂછતાછથી બચી ગયો છે જેના લીધે સમજે છે કે તે કામયાબ થઈ ગયો છે, તો તેણે પોતાના દિમાગમાંથી એ ખોટો ખયાલ કાઢી નાખવો જોઈએ. દુનિયામાં કોઈ શખ્સ લાખ કોઈના પર જુલ્મ કરી લે, ક઼યામતના દિવસે તો દરેક જણે એક એક રજકણનો હિસાબ આપવો પડશે.

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો, જેના માથે પોતાના ભાઈની હક્ક઼તલફીનો કોઈ મામલો હોય તેણે જોઈએ કે અહીં દુનિયામાં તેની સાથે માફી તલાફી કરી લે, એનાથી પહેલાં કે તે દિવસ આવે જ્યાં રૂપિયા પૈસા નહીં હોય. જો તેની પાસે કોઈ નેકીઓ હશે તો તેના હક્ક઼ના પ્રમાણે તે હક્ક઼વાળાને આપી દેવામાં આવશે, નહીં તો તેના ગુનાહો એના પર નાખી દેવામાં આવશે.

*(સહીહ બુખારી, ૩/૧૨૯)*

તે દિવસ તો એવો હશે કે દરેક જણને ઈન્સાફ અપાવવામાં આવશે. દરેક જાલિમને તેના જુલ્મનો બદલો મળશે અને જમીનમાં દરેક ફસાદ મચાવનાર શખ્સ પોતાના અમલોની મજા ચાખશે. અદ્લો ઈન્સાફ તથા હક્ક઼ોની અદાયગીના જલ્વા એ રીતે પણ જોવા મળશે કે જો કોઈ સીંગવાળી બકરીએ સીંગ વગરની બકરીને દુનિયામાં મારી છે તો બંનેવને લાવવામાં આવશે અને સીંગ વિનાની બકરી તે સીંગવાળી બકરીથી પોતાનો બદલો લેશે અને પછી બંનેવને ફના કરી દેવામાં આવશે. બલ્કે એક રિવાયતમાં તો ત્યાં સુધી મળે છે કે કોઈ કીડીના કારણે કોઈ કીડીને તકલીફ પહોંચી હશે તો તેને પણ ક઼યામતના દિવસે જીવતી કરીને ઈન્સાફ આપવામાં આવશે, પછી ફના કરી દેવામાં આવશે. તો માણસ જે આ અવામિર તથા નવાહી (સારી વાતોનો હુકમ કરવો અને બુરી વાતોથી રોકાવું)નો પાબંદ છે તેમને પણ જરૂર હક્ક઼ તલફીનો બદલો મળશે.

## ★ ક઼યામતમાં પોતાનો હક્ક઼ માબાપ પણ માફ નહીં કરે ★

બાળકોના માટે દુનિયામાં માબાપ કેટલા પ્રમાણમાં તકલીફ વેઠતાં હોય છે એનો અંદાઝો દરેકને છે. બાપ પોતાનાં બાળકોના ભરણપોષણની વ્યવસ્થા કરવા માટે સવારે ઘેરથી નીકળે છે. તાપ, વરસાદ, ઠંડી દરેક પ્રકારની પરેશાનીઓ વેઠે છે. કામ કરે છે, મહેનત કરે છે, શારીરિક તથા માનસિક તકલીફો વેઠે છે. મા નવ માસ સુધી બાળકને પેટમાં રાખે છે, મુસીબત પર મુસીબત અને દર્દ પર દર્દ સહે છે. જન્મ વેળા તકલીફ વેઠે છે, પોતાનું ખૂને જિગર પીવડાવીને ખોરાક પૂરો પાડે છે, નાઝ નખરાં વેઠે છે.

પરંતુ જો કોઈએ માબાપના હક્ક઼ો અદા નથી કર્યા અને ક઼યામતના દિવસે જ્યારે હક્ક઼ોના મામલામાં તેનો હિસાબ લેવામાં આવશે તો માબાપ પણ તેના પર કાંઈ રહમ નહીં ખાય અને પોતાનો હક્ક઼ તેનાથી હાંસલ કરશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. તે કહે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા :–

اِنَّهٗ يَكُوْنُ لِلْوَالِدَيْنِ عَلٰى وَلَدِهِمَا دَيْنٌ فَاِذَا كَانَ يَوْمُ الْقِيَامَةِ يَتَعَلَّقَانِ بِهٖ، فَيَقُوْلُ: اَنَا وَلَدُ كُمَا، فَيَوَدَّانِ، اَوْ يَتَمَنَّيَانِ لَوْ كَانَ اَكْثَرَ مِنْ ذٰلِكَ.

"મા બાપનું પુત્ર પર કોઈ દેવુ આવતુ હશે તો ક઼યામતના દિવસે તે તેનાથી માગણી કરશે કે અમારું દેવુ આપ. તે કહેશે કે હું તમારો પુત્ર છું. તેઓ તમન્ના કરશે કે ઔર અધિક હોત."

*(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૨૧૯)*

ક઼યામતના દિવસે હક્ક઼ોની અદાયગીની એ જ સ્થિતિ હશે કે એક શખ્સની નેકીઓ હક્ક઼ોના બદલામાં ઉઠાવીને બીજાને આપી દેવામાં આવશે. જો તેની પાસે નેકીઓ નહીં હોય તો પછી હક્ક઼વાળાના ગુનાહ ઉઠાવીને તેના ખભાઓ પર રાખી દેવામાં આવશે. એવામાં મા બાપ કે જેઓ દુનિયામાં બાળકો માટે દરેક પ્રકારની મુસીબત વેઠી લેતાં હતાં પણ આખેરતમાં

હક્કોની માફી તે પણ નહીં કરે, બલ્કે દરેક એકબીજાના હક્કો કયામતમાં અદા કરવા જ પડશે.

આ આયતો તથા રિવાયતોથી એ વાત સારી રીતે જાહેર થઈ ગઈ કે પયગંબરે અમ્ન ﷺના દીને અમ્નમાં હક્કોની કાળજી તથા અદાયગીનો ખયાલ ખૂબ જ જરૂરી છે. આપે હક્કોની અદાયગીનો જે નિઝામ (નીતિ નિયમો) સ્થાપિત કર્યો અને તેને ન અદા કરવા પર જે ચેતવણીઓ વર્ણવી જેના કારણે હક્કોના મામલામાં બેહતરીન માહોલ સ્થાપિત થયો. દરેક જણને આખેરતની ફિકર હતી એટલા માટે દુનિયામાં હક્કો અદા કરી દેવાને જ દરેક જણ ગનીમત સમજે છે.

## મુસ્તફા ﷺના બંધારણમાં માનવ જાનમાલની રક્ષા યકીની

કોઈપણ સમાજમાં જિંદગી ગુજારવા માટે જાન તથા માલની રક્ષાની ઝમાનત પ્રાથમિક શરતોમાંથી હોય છે. એક શાંતિપૂર્ણ સમાજ તે જ કહેવાશે જેમાં રહેનારા માનવોને પોતાની જાન તથા પોતાના માલ વિશે ઈત્મિનાન હોય. ખૂનામરકી તથા લડાઈ, ડાકૂગીરી તથા લૂટમાર જાહિલિયતના દૌરની વિશિટષ્ટતાઓમાંથી છે. એક શખ્સ ઘરેથી નીકળ્યો તે પાછો ફરીને ઘરે આવશે કે નહીં તેની કોઈ ઝમાનત હોતી ન હતી. જો કોઈ સત્તાવાળો કોઈના જુલ્મનો શિકાર બનતો તો કેસાસ (બદલામાં) ત્રણને બદલે તેરથી પણ લઈ લેવામાં આવતો, પરંતુ કોઈ સામાન્ય માનવી જુલ્મનો શિકાર થતો તો તેને ન્યાય અપાવનારા કોઈ ન હોતો.

સરવરે આલમ عليه التحية والتسليمએ ધર્મ તથા જાતિના ભેદભાવ વિના સૌની જાન તથા માલની રક્ષાને નિશ્ચિત બનાવી અને એવા સમાજનો પાયો રાખ્યો જેનાથી સંબંધિત થનાર દરેક શખ્સ પોતે પોતાને પુરઅમ્ન મહેસૂસ કરવા લાગ્યો.

## ★ નાહક્ક કત્લ પર સખ્ત પાબંદી ★

જિંદગી અલ્લાહ તબારક વ તઆલા તરફથી અતા કરેલ તે મહાન

નેઅમત છે અને કોઈપણ સમાજ તથા રાજયની તરફથી વ્યક્તિને આપવામાં આવતા સર્વ હક્કો જિંદગી પર નિર્ભિત છે. એ જ કારણે રસૂલુલ્લાહ ﷺના બંધારણમાં જિંદગીની રક્ષાનો હક્ક પાયાની હૈસિયત ધરાવે છે.

કુર્આને મુકદ્દસે અસંખ્ય સ્થળો પર માનવ જીવનનું મહત્વ અને પવિત્રતાને વર્ણવેલ છે. અમુક આયતોને જોઈ લઈએ.

**(૧)** એક માણસનું નાહક્ક ખૂન પૂરી ઈન્સાનિયતના કત્લના બરાબર છે. અને એક માણસની જિંદગીને બચાવવી પૂરી ઈન્સાનિયતને બચાવવા સમાન છે :–

مَنۡ قَتَلَ نَفۡسًۢا بِغَيۡرِ نَفۡسٍ اَوۡ فَسَادٍ فِى الۡاَرۡضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيۡعًا ؕ وَمَنۡ اَحۡيَاهَا فَكَاَنَّمَاۤ اَحۡيَا النَّاسَ جَمِيۡعًا ۔

"જેણે કોઈ જાન કત્લ કરી જાનના બદલા વિના, અથવા જમીનમાં ઝઘડા કર્યા, તો જાણે તેણે સર્વ લોકોને કત્લ કર્યા. અને જેણે એક જાનને બચાવી લીધી તેણે જાણે સર્વ લોકોને બચાવી લીધા."

*(સૂરએ માઈદા, આ. ૩૨, કન્ઝુલ ઈમાન)*

**(૨)** જો કેસાસના રૂપે પણ કત્લ કરવું છે તો તેના માટે પણ નિયમોની પાબંદી જરૂરી છે અને એમાં પણ જુલ્મથી બચવું જરૂરી છે :–

وَلَا تَقۡتُلُوا النَّفۡسَ الَّتِىۡ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالۡحَـقِّ ؕ وَمَنۡ قُتِلَ مَظۡلُوۡمًا فَقَدۡ جَعَلۡنَا لِـوَلِيِّهٖ سُلۡطٰنًا فَلَا يُسۡرِفْ فِّى الۡقَتۡلِ ؕ اِنَّهٗ كَانَ مَنۡصُوۡرًا ۝

"અને કોઈ જાન જેની હુર્મત અલ્લાહે રાખી છે નાહક્ક ન મારો અને જે નાહક્ક માર્યો જાય તો બેશક ! અમે તેના વારસોને કાબૂ આપ્યો છે, તો તે કત્લમાં હદથી ન વધે, જરૂર તેની મદદ થવાની છે."

*(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૩)*

**(૩)** તંગદસ્તીના ડરથી ઔલાદને કત્લ કરવાથી મના કર્યું :–

وَلَا تَقۡتُلُوۡۤا اَوۡلَادَكُمۡ خَشۡيَةَ اِمۡلَاقٍ ؕ نَحۡنُ نَرۡزُقُهُمۡ وَاِيَّاكُمۡ ۔

''અને પોતાની ઔલાદને ક઼ત્લ ન કરો મુફલિસીના ડરથી, અમે તમને પણ તેમને પણ રોજી આપીશું.'' *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૧, કન્ઝુલ ઈમાન)*

આ આયતોમાં જુઓ કે જે જે સબબોના લીધે કોઈ માણસને જિંદગીથી વંચિત કરવામાં આવતો હતો તેનું વર્ણન કરીને તાકીદ કરવામાં આવી કે સબબ જે પણ હોય કોઈ ઈન્સાનનો કોઈ હક્ક઼ નથી બનતો કે તે કોઈ ઈન્સાનથી જીવવાનો હક્ક઼ છીનવી લે.

એ જ પ્રમાણે મુબારક હદીષોમાં પણ માનવ જાનોની રક્ષાના સંબંધે કેટલાય ઠેકાણે તાકીદ આવેલી છે. આ કિતાબના વિવિધ સ્થાનો પર જરૂરત પ્રમાણે ઘણી હદીષો વર્ણન થયેલી છે, એટલા માટે અહીં કેવળ એક હદીષના વર્ણન પર અટકીએ છીએ.

હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا يَحِلُّ دَمُ امْرِءٍ مُّسْلِمٍ اِلَّا فِيْ اِحْدٰى ثَلَاثٍ: رَجُلٌ زَنٰى وَهُوَ مُحْصَنٌ فَرُجِمَ، اَوْ رَجُلٌ قَتَلَ نَفْسًا بِغَيْرِ نَفْسٍ، اَوْ رَجُلٌ ارْتَدَّ بَعْدَ اِسْلَامِهٖ۔

''કોઈપણ મુસલમાનનું ખૂન કેવળ ત્રણ જ સ્થિતિઓમાં જાઈઝ થાય છે : (૧) કોઈએ ઝિના કર્યો અને તે પરણીત છે તો તેને સંગસાર (પથ્થર મારીને) કરીને મારી નાખવામાં આવશે. (૨) કોઈ શખ્સે કોઈ જાનને નાહક્ક઼ ક઼ત્લ કરી તો તેને ક઼ેસાસ (જાનના બદલે જાન)ના રૂપે ક઼ત્લ કરવામાં આવશે. (૩) કોઈ શખ્સ મુસલમાન થયા પછી મુર્તદ થઈ ગયો.

આ ક઼ત્લ પણ ઈસ્લામી હુકૂમતમાં મુસલમાનોના ખલીફા અથવા ઈસ્લામી બાદશાહના હુકમથી થશે, અને એના માટે પણ વિવિધ શરતો છે.

## ★ માલની રક્ષા ★

એ જ પ્રમાણે માલોની રક્ષાની પણ સંપૂર્ણપણે રક્ષાનો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامના બંધારણમાં માલોના સંબંધે નીચે મુજબના ક઼ાનૂનો જુઓ જે કુર્આની આયતો તથા મુબારક હદીષોમાં વિવિધ ઠેકાણે વર્ણન થયેલ છે :–

- ❑ કોઈનો માલ નાહક્ક઼ નથી લઈ શકતા.
- ❑ કોઈના પર હાકિમને ત્યાં જાણીબુઝીને માલોના સંબંધી એટલા માટે કેસ કરવો કે તેના માલનો અમુક હિસ્સો નાહક્ક઼ મળી જાય, એ નાજાઈઝ છે.
- ❑ વ્યાજ લેવું જાઈઝ નથી. જે લેશે ક઼યામતના દિવસે તેનું પેટ ભારે થઈ જશે અને એવી રીતે ઉભો થશે જેવી રીતે કોઈ આસેબઝદા (જિન્નાતની અસરવાળો) ઉભો થાય છે.
- ❑ ક઼ફાલત (જિમ્મેદારી)માં યતીમ હોય તો તેમનો માલ ખાવો જાઈઝ નથી.
- ❑ યતીમોનો માલ જે જુલ્મની રીતે ખાય છે, જાણે કે તે પોતાના પેટમાં આગ ભરે છે.
- ❑ એકબીજાનો માલ નાહક્ક઼ ખાવાથી મના કરતાં વેપારને ઉત્તેજન આપવાનો હુકમ કરવામાં આવ્યો.
- ❑ માપવામાં તથા વજન કરવામાં બરાબરીનો ખયાલ રાખવાનો હુકમ આપવામાં આવ્યો છે.
- ❑ કારોબાર તથા વ્યાપારમાં ધોકો આપવાથી સખ્તીથી મના કર્યું છે.
- ❑ કોઈનો માલ નાહક્ક઼ ખાનારાની દુઆ ક઼બૂલ નથી થતી.
- ❑ જે શખ્સ કોઈનો માલ નાહક્ક઼ પચાવી પાડે તેના માટે જન્નત હરામ છે.
- ❑ જો કોઈ શખ્સ દુનિયામાં કોઈની જમીનને એક વેંત જેટલો હિસ્સો પચાવી પાડે છે તો ક઼યામતના દિવસે તેને સાત જમીનોનો તોક઼ (હાર) પહેરાવવામાં આવશે.
- ❑ લાંચ આપવા તથા લેવાવાળાઓ પર લઅનત છે.

માલી મામલાઓના સર્વ હુકમો એવા છે જેમાં કોઈનો એક પૈસો પણ નાહક્ક઼ લઈ લેવો જુર્મ ઠરાવવામાં આવેલ છે અને દરેક જણના માલને રક્ષણ આપવામાં આવ્યું.

જાન માલની રક્ષાના આ હુકમો કેવળ મુસલમાનોની જાનો તથા માલો માટે નથી, બલ્કે ઝિમ્મી (જિઝયોવેરા ભરનાર) તથા મુસ્તામીન (મુસ્લિમ સલ્તનતમાં શરણ લેનાર) કાફિરોની જાનો અને માલોને પણ આ જ પ્રમાણે રક્ષા પૂરી પાડવામાં આવી છે. તેમને પણ નાહક્ક઼ ક઼ત્લ નથી કરી શકતા અને તેમના માલો પણ ધોકો કરી હાંસલ નથી કરી શકતા. નબવી યુગમાં નજરાનવાળાઓ સાથે સરવરે કાઈનાત ﷺએ જે ક઼રાર કર્યો તે એ વાતનું ડંકાની ચોટ પર જાહેર એલાન કરે છે. આ ક઼રારમાં હુઝૂર નબી કરીમ ﷺએ આ ફર્માન જારી કર્યું :–

''અલ્લાહ તઆલા તેના રસૂલ મુહમ્મદ ﷺ નજરાનવાળાઓ અને તેમના હલીફો (ક઼રારવાળાઓ)ના માટે તેમનાં લોહી, તેમની જાનો, તેમના મઝહબ, તેમની જમીનો, તેમના માલો, તેમના રાહિબો તથા પાદરીઓ, તેમની હાજર તથા ગેરહાજર વ્યક્તિઓ, તેમના પશુઓ તથા ક઼ાફલાઓ અને તેમનાં સ્થાનો (ધાર્મિક ઠેકાણાં) વગેરેના જામિન તથા જિમ્મેદાર છે.'' *(કિતાબુલ ખિરાજ લિલ્ ઈમામ અબી યૂસુફ, પેજ : ૮૫)*

હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ગઝવએ ખૈબરનો બનાવ વર્ણવે છે. ફતહયાબી (જીત) પછી મુસલમાન મુજાહિદો ઝડપથી આગળ વધીને યહૂદીઓના માલો ગનીમતરૂપે એકત્ર કરવા લાગ્યા. નબી અકરમ ﷺએ હુકમ ફર્માવ્યો કે અઝાન આપવામાં આવે. નમાઝ બાદ આપે ફર્માવ્યું :–

اَلَا لَا تَحِلُّ اَمْوَالُ الْمُعَاهَدِيْنَ اِلَّا بِحَقِّهَا۔

''ખબરદાર થઈ જાવ ! ગૈર મુસ્લિમ નાગરિકોના માલો પણ નાહક્ક઼ નથી લઈ શકતા.'' *(સુનને અબૂ દાઊદ, ૩/૩૫૬)*

જુઓ ! સૈયદે કાઈનાત ﷺએ માનવના જાન માલની રક્ષાને કેટલા અંશે નિશ્ચિત બતાવી કે કેવળ મુસલમાનોને જ નહીં, બલ્કે ઈસ્લામી હુકૂમત હેઠળ જે ઝિમ્મી કે મુસ્તામિન હોય તેમની જાનો તથા માલોને પણ રક્ષણ આપવામાં આવ્યું. માનવની જાનો તથા માલોની રક્ષાને યક઼ીની બનાવવાના જ માટે સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامના બંધારણમાં નાહક્ક઼ ક઼ત્લની સજા ક઼ેસાસ (જાનના બદલે જાન) છે, ભૂલથી થયેલ ક઼ત્લની સજા દિયત (જાનના

બદલે માલ) છે. ચોરીની સજા હાથ કાપવું છે. અને દરેક તે કામ જેમાં ઈન્સાની જાન તથા માલની રક્ષામાં ખલેલ પડે એના બદલામાં એવી ઈબ્રતનાક સજાઓ નિશ્ચિત કરવામાં આવી છે કે જેના દિલમાં આવા કોઈ કામનો ખયાલ આવશે તેનો બુરો અંજામ વિચારીને તેની રૂહ કાંપી ઉઠશે.

વળી જો દુનિયામાં કોઈ રીતે ઈસ્લામી હુકૂમતની પકડમાં આવવાથી બચી પણ ગયો તો આખેરતની પકડથી કોણ બચાવી શકે છે ? ત્યાં તો લઅનત, ગઝબ તથા દર્દનાક અઝાબનો સામનો કરવો જ પડશે. પયગંબરે અમ્ન علیہ التحیة والتسلیمએ જે આખેરત વિશે ખયાલ પેશ કર્યો છે એમાં પણ જુર્મોની રોકથામને યક઼ીની બનાવવામાં આવેલી છે.

## નિઝામે મુસ્તફામાં દરેક જણની ઈજ્જત આબરૂ સલામત

પયગંબરે અમ્ન ﷺના સ્થાપિત કરેલા નિઝામ (બંધારણ)માં રંગ તથા વંશ, અક઼ીદા, માલ તથા દૌલત, સામાજિક મર્તબા તથા રાજકરણની ઈજ્જત તથા પ્રતિષ્ઠાથી અલિપ્ત રહીને દરેક શખ્સને તે ઈજ્જત તથા મક઼ામ હાંસલ છે જેને કોઈ વ્યક્તિ કે સમાજ મિટાવી નથી શકતો. એ ઈસ્લામી રાજ્યની જિમ્મેદારી છે કે તે પોતાના નાગરિકોની ઈજ્જત તથા પ્રતિષ્ઠાની રક્ષા કરે અને કોઈ એવો ક઼ાનૂન લાગુ ન થવા દે જેનાથી કોઈપણ શહેરીની ઈજ્જત તથા પ્રતિષ્ઠાને બગડવાનો માર્ગ નીકળતો હોય. ઈસ્લામ ન કેવળ હુકૂમતને આ ફર્ઝની જિમ્મેદાર ઠરાવે છે બલ્કે સમાજની દરેક વ્યક્તિને એ વાતની જિમ્મેદાર ઠરાવે છે કે કોઈ એવું કામ અંજામ ન આપે જેનાથી સમાજની કોઈપણ વ્યક્તિની ઈજ્જત તથા પ્રતિષ્ઠા ઘાયલ થાય.

### ★ કોઈની મઝાક ઉડાડવાની મનાઈ ★

સામાન્યતઃ હંસી મઝાકમાં લોકો કોઈની ઈજ્જતની સાથે ખેલ કરી બેસે છે. અને એની એવી વાતો કહી દે છે જેનાથી તેની ઈજ્જતની ફજેતી થાય છે, એનાથી મના કરવામાં આવ્યું.

કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદે બારી તઆલા છે :–

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰٓى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰٓى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ ۚ وَلَا تَلْمِزُوْٓا اَنْفُسَكُمْ وَلَا تَنَابَزُوْا بِالْاَلْقَابِ ۔

"હે ઈમાનવાળાઓ ! ન પુરૂષ પુરૂષોથી હસે, અજબ નથી કે તે એ હસવાવાળાઓ કરતાં બેહતર હોય. અને આપસમાં મહેણા ન મારો, અને એકબીજાનાં બુરા નામ ન રાખો." *(સૂરએ હુજુરાત, આ. ૧૧, કન્ઝુલ ઈમાન)*

આ મુકૃદ્દસ આયતોમાં કેટલાયે હુકમો આપવામાં આવ્યા છે : કોઈ પુરૂષ કોઈ પુરૂષની મઝાક ન ઉડાડે, કોઈ સ્ત્રી કોઈ સ્ત્રીની મઝાક ન ઉડાડે, કોઈને ટોણો ન મારવામાં આવે, કોઈને બુરા નામથી ન પુકારવામાં આવે. આ સર્વ અહકામને લાગુ કરવામાં માનવ ઈજ્જતની રક્ષાને નિશ્ચિત કરવાનો હેતુ છે.

## ★ કોઈની અયબો ન શોધો ★

કોઈની અયબ શોધવી શરીઅતે મુહમ્મદીમાં ગુનોહ ઠરાવવામાં આવેલ છે અને તેનાથી મના કરવામાં આવેલ છે. કુર્આનનું ફર્માન છે :–

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ ۖ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّلَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا ۔

"હે ઈમાનવાળાઓ ! ઘણા ગુમાનોથી બચો, બેશક ! કોઈ ગુમાન ગુનોહ થઈ જાય છે, અને અયબ ન શોધો અને એકબીજાની ગીબત ન કરો." *(સૂરએ હુજુરાત, આ. ૧૨, કન્ઝુલ ઈમાન)*

અયબ તથા ખામી કયા માણસમાં નથી ? પરંતુ કોઈના અયબ તથા ખામીઓની તલાશમાં રહેવું કેવળ એ હેતુથી હોય શકે છે કે કોઈ શખ્સ તેની ઈજ્જતની સાથે ખેલે, એટલા માટે આ વાત પર પાબંદી લગાડવામાં આવી છે. એ જ પ્રમાણે આ આયતે મુકૃદ્દસામાં ગીબતથી પણ મના કરવામાં આવેલ છે. એટલા માટે કે ગીબતથી એક માણસની ઈજ્જતની લિલામ કરવામાં આવે. ગીબતને તો એટલો મોટો જુર્મ ઠરાવવામાં આવ્યો છે કે તેને પોતાના મૃત્યુ પામેલા ભાઈનો ગોશ્ત ખાવા બરાબર ઠરાવવામાં આવેલ છે.

કુર્આનનું ફર્માન જુઓ :–

اَيُحِبُّ اَحَدُكُمْ اَنْ يَّاْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ (ایضًا)

"શું તમારામાં કોઈ પસંદ રાખશે કે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાય, તો એ તમને પસંદ ન હશે." (ઉપર મુજબ) "શું તમારામાં કોઈ પસંદ રાખશે કે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાય, તો એ તમને પસંદ ન હશે."

જેવી રીતે પોતાના મરેલા ભાઈનો ગોશ્ત ખાવાનુ કોઈ પસંદ નહીં કરે એવી જ રીતે કોઈની ગીબતથી પણ નફરત કરવી તથા બચવું જરૂરી છે.

## ★ જૂઠા આક્ષેપો તથા આક્ષેપબાજીથી મનાઈ ★

વ્યક્તિગત ઈજ્જત તથા પ્રતિષ્ઠાને યકીની બનાવવાના માટે કુર્આને હકીમમાં કોઈના પર જૂઠા આક્ષેપો અને આક્ષેપબાજીને પણ જુર્મ તથા ગુનોહ ઠરાવવામાં આવેલ છે. જો કોઈ શખ્સ કોઈના પર આક્ષેપ લગાડે અને દલીલથી સાબિત ન કરી શકે તો એ ખુદ મુજરિમ ઠરશે અને તેના શરઈ હદ લાગુ થશે. ફર્માને બારી તઆલા છે :–

وَالَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ ثُمَّ لَمْ يَاْتُوْا بِاَرْبَعَةِ شُهَدَآءَ فَاجْلِدُوْهُمْ ثَمٰنِيْنَ جَلْدَةً وَّلَا تَقْبَلُوْا لَهُمْ شَهَادَةً اَبَدًا ۚ وَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ○

"અને જે પારસા સ્ત્રીઓને અયબ લગાડે, પછી ચાર દાર્શનિક ગવાહ ન લાવે તો તેમને ૮૦ કોરડા મારો અને તેમની કોઈ ગવાહી કદી ન માનો, અને તેઓ જ ફાસિક છે." *(સૂરએ નૂર, આ. ૪, કન્ઝુલ ઈમાન)*

આવો કાનૂન સરવરે કાઈનાત ﷺના બંધારણ સિવાય કોઈ અન્ય બંધારણમાં નથી, કે જો કોઈએ કોઈના પર ઝિનાકારીનો આક્ષેપ લગાડીને તેની બેઈજ્જતી કરી તો એના માટે જરૂરી છે કે ચાર ગવાહ પેશ કરે. તે ચારેવ માટે પણ જરૂરી છે કે ગુમાન તથા ધારણાથી ગવાહી ન આપે, બલ્કે તેમને ઝિના કરતાં એવી રીતે જોયું હોય જેવી રીતે સોયમાં દોરો હોય છે, ત્યારે તે ગવાહી આપી શકે છે. જો કોઈએ દાવો કર્યો અને સાબિત ન કરી

શક્યો તો તે ખુદ મુજરિમ ઠરશે અને તેને ૮૦ કોરડા મારવામાં આવશે.

ઈજ્જત તથા આબરૂની હિફાઝતને નિઝામે મુસ્તફામાં આટલા પ્રમાણમાં મહેફૂઝ કરવામાં આવેલ છે. આ રહ્મતનો નિઝામ (બંધારણ) કોઈ અન્ય ક઼ાનૂનમાં જોવા મળતો નથી.

## નબી અકરમ ﷺએ દરેકને દેફઅનો હક્ક઼ આપ્યો

ક઼ત્લ તથા ખૂના મરકીની મનાઈ બાબતે આક઼ાએ રહ્મત ﷺના દીનમાં અનહદ તાકીદ કરવામાં આવી છે. એનાથી કોઈ એ પરિણામ ન કાઢે કે કોઈને દેફઅનો હક્ક઼ પણ હાંસલ નથી. જો કોઈ શખ્સ કોઈના પર હુમ્લો કરે છે અથવા એના માલ અથવા એનાં ઘરવાળાંઓને કોઈનાથી ખતરો પહોંચવાનો મજબૂત અંદેશો છે તો તેને પૂરો ઈખ્તિયાર છે કે તે તેની સાથે સામાનારૂપે કાર્યવાહી કરી શકે છે. બલ્કે જો તેને જાનનો ખતરો છે અને તેણે સામાનારૂપે કાર્યવાહીમાં તેને ક઼ત્લ પણ કરી નાખ્યો તો તેની શરઈ તૌર પર કોઈ પકડ નથી.

દેફઅના હક્ક઼નું વર્ણન કરતાં કુર્આને મુક઼દસે ફર્માવ્યું :–

فَمَنِ اعْتَدٰى عَلَيْكُمْ فَاعْتَدُوْا عَلَيْهِ بِمِثْلِ مَا اعْتَدٰى عَلَيْكُمْ ۔

"તો જે તમારા પર જબરદસ્તી કરે તેના પર બળપ્રયોગ કરો એટલો જ જેટલો તેણે કરી." *(સૂરએ બક઼રહ આ. ૧૯૪)*

પરંતુ એમાં પણ બરાબરીનો ખયાલ રાખવો જરૂરી છે કે પોતાનો બચાવ કરવામાં પણ કોઈના પર જુલ્મ તથા ઝિયાદતી ન થવી જોઈએ.

### ★ બચાવ કરતાં કરતાં ક઼ત્લ થનાર શહીદ છે ★

પોતાની જાન તથા માલ તથા બીવી બચ્ચાંનો બચાવ કરવામાં જો કોઈ શખ્સ ક઼ત્લ થઈ ગયો તો તેને શહાદતનો દરજો મળશે. હઝરત સઈદ બિન ઝયદ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું :–

مَنْ قُتِلَ دُوْنَ مَالِهٖ فَهُوَ شَهِيْدٌ، وَمَنْ قُتِلَ دُوْنَ اَهْلِهٖ، اَوْ دُوْنَ دَمِهٖ، اَوْ دُوْنَ دِيْنِهٖ فَهُوَ شَهِيْدٌ ۔

''પોતાના માલની રક્ષામાં જેનો કત્લ થઈ ગયો તે શહીદ છે. એ જ પ્રમાણે પોતાનાં બીવી બચ્ચાં, પોતાની જાન અને પોતાના દીનની રક્ષામાં જેનો કત્લ થયો તે પણ શહીદ છે.'' *(સુનને અબૂ દાઊદ, ૪/૨૪૬)*

આ રિવાયતથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે પયગંબરે રહમત ﷺએ ન એ કે કેવળ દેફઅ (બચાવ) કરવાનો હક્ક આપ્યો બલ્કે બચાવની કાર્યવાહીમાં જેને મૌત મળી જાય એના વિશે બશારત આપી કે તેને શહાદતનો દરજો મળશે.

## હુઝૂર ﷺએ દરેક જણને વ્યક્તિગત આઝાદી આપી

પયગંબરે અમ્ન ﷺના નિઝામમાં દરેક જણને વ્યક્તિગત આઝાદી અને રાઝદારીનો હક્ક હાંસલ છે. આપે અન્યોના વ્યક્તિગત તથા અંગત મામલાઓની વિના કારણે ખોજ લગાડવાથી મના કર્યું છે અને એકબીજાના છુપા તથા અંગત મામલામાં માથુ ન મારવાનો હુકમ કર્યો છે. કેમ કે જે સમાજમાં વ્યક્તિગત રહસ્ય છુપાવવાના હક્કનો એહતેરામ મૌજૂદ ન હોય ત્યાં સામાજિક ઝઘડા પેદા થવાનો અંદેશો રહેલો છે.

### ★ ઈજાઝત વિના કોઈના ઘરમાં ન પ્રવેશો ★

આકાએ રહમત ﷺની તા'લીમાતમાંથી એ પણ છે કે કોઈના ઘરમાં ત્યાં સુધી દાખલ થવામાં ન આવે જ્યાં સુધી કે ઈજાઝત ન મળી જાય. એનો તરીકો કુર્આની આયતો તથા મુબારક હદીષોમાં વિગતે વર્ણવવામાં આવેલ છે. કુર્આનનો ઈર્શાદ છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ بُيُوْتِكُمْ حَتّٰى تَسْتَاْنِسُوْا وَتُسَلِّمُوْا عَلٰۤى اَهْلِهَا ؕ

''હે ઈમાનવાળાઓ ! પોતાનાં ઘરો સિવાય અન્ય ઘરોમાં ન જાવ જ્યાં સુધી રજા ન લઈ લો અને તેમાં રહેનારાંઓને સલામ ન કરી લો.''

*(સૂરએ નૂર, આ. ૨૭, કન્ઝુલ ઈમાન)*

વ્યક્તિગત સ્વતંત્રતા એ દરેક માનવનો અંગત હક્ક છે અને હક્ક ન મરાય એટલા માટે કોઈના ઘરમાં કોઈને વિના ઈજાઝતે દાખલ થવાથી

પાબંદી લગાડી દેવામાં આવી છે. જો કોઈના ઘરે જવું છે તો દરવાજા પર ઉભા રહીને તમારી ઓળખ આપો, ઈજાઝત લો, સલામ કરો પછી દાખલ થઈ શકો છો. આ ઈજાઝત લેવાના હદીષોમાં વિગતે હુકમો મળે છે. સુનને ઈબ્ને માજહના બાબુલ ઈસ્તીઝાનની હદીષોનો સારાંશ નીચે રજૂ કરવામાં આવે છે :–

- ❑ સલામ થકી ત્રણવાર ઈજાઝત લે. ઈજાઝત મળે તો અંદર આવે, નહીં તો પરત થઈ જાય.
- ❑ દરવાજા પર ઉભો રહી સલામ કરે.
- ❑ ઈજાઝત લેવા માટે તસ્બીહ, તકબીર અથવા તહમીદ કહે અથવા તો ખોંખારો ખાય.
- ❑ પોતાની પહેચાન સ્પષ્ટપણે બતાવે જેથી ઘર માલિક તેને ઓળખી લે.

## ★ ખાદિમ પણ વિના ઈજાઝતે દરેક વખતે નથી આવી શકતો ★

વ્યક્તિગત આઝાદીનો હક્ક એટલા પ્રમાણમાં છે કે ખાદિમોએ પણ ખાસ સમયોમાં ઘરમાં પ્રવેશવા માટે ઈજાઝત લેવાનો હુકમ છે :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِيَسْتَاْذِنْكُمُ الَّذِيْنَ مَلَكَتْ اَيْمَانُكُمْ وَالَّذِيْنَ لَمْ يَبْلُغُوا الْحُلُمَ مِنْكُمْ ثَلٰثَ مَرّٰتٍ ؕ مِنْ قَبْلِ صَلٰوةِ الْفَجْرِ وَحِيْنَ تَضَعُوْنَ ثِيَابَكُمْ مِّنَ الظَّهِيْرَةِ وَمِنْ بَعْدِ صَلٰوةِ الْعِشَآءِ ؕ ثَلٰثُ عَوْرٰتٍ لَّكُمْ ؕ لَيْسَ عَلَيْكُمْ وَلَا عَلَيْهِمْ جُنَاحٌۢ بَعْدَهُنَّ ؕ طَوّٰفُوْنَ عَلَيْكُمْ بَعْضُكُمْ عَلٰى بَعْضٍ ۔

"હે ઈમાનવાળાઓ ! જોઈએ તમારાથી રજા લે તમારા હાથના માલ ગુલામ અને તેઓ જે હજી તમારામાં જવાનીએ નથી પહોંચ્યા ત્રણ વખત, સવારની નમાઝથી પહેલાં અને જ્યારે તમે તમારાં કપડાં ઉતારીને રાખો છો બપોરના, અને ઈશાની નમાઝ બાદ, આ ત્રણ સમયો તમારી શરમના છે. એ ત્રણ બાદ કાંઈ ગુનોહ નથી તમારા પર ન એમના પર. આવન જાવન રાખે છે તમારા ત્યાં એકબીજાની પાસે." *(સૂરએ નૂર, આ. ૫૮, કન્ઝુલ ઈમાન)*

ખાદિમા, ખાદિમાઓ અને નાબાલિગ બાળકો જેમનું ઘરોમાં સામાન્યતઃ આવવા જવાનું રહે છે તેમને પણ એ વાતના પાબંદ કરવામાં આવ્યા કે ત્રણ ખાસ સમયો જે સામાન્યતઃ લોકો માટે આઝાદી (બેતકલ્લુફી)ના હોય છે, તેમાં તેમણે જો ઘરની અંદર જવાનું હોય તો ઈજાઝત લઈને જાય, એટલા માટે કે જો વિના ઈજાઝતે આવશે તો શક્ય છે કે બેતકલ્લુફીના કારણે ઘર માલિકના શરીરનો કોઈ એવો હિસ્સો ખુલ્લો હોય જેના કારણે તેના દિલને (તેનું આવી ચડવું) નાપસંદ પડે.

## ★ કોઈની અયબ છુપાવવી તેના વ્યક્તિ સ્વતંત્રતાનો હિસ્સો છે ★

દરેક માનવમાં કેટલાક અંગત મામલાઓ હોય છે. અમુક તો દીની અથવા દુનિયવી એતબારથી અયબમાં ગણાય છે. જો આપણને કોઈનો કોઈ એવો અયબ માલૂમ છે, તો હુકમ એ છે કે આપણે તેની પ્રાઈવસી (Privacy)નો ખયાલ કરીને તેને છુપાવી લઈએ.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર નબીયે કરીમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ سَتَرَ عَوْرَةَ أَخِيهِ الْمُسْلِمِ، سَتَرَ اللّٰهُ عَوْرَتَهٗ يَوْمَ الْقِيَامَةِ، وَمَنْ كَشَفَ عَوْرَةَ أَخِيهِ الْمُسْلِمِ، كَشَفَ اللّٰهُ عَوْرَتَهٗ، حَتّٰى يَفْضَحَهٗ بِهَا فِي بَيْتِهٖ۔

''જે કોઈએ પોતાના મુસલમાન ભાઈની અયબને છુપાવી, અલ્લાહ તબારક વ તઆલા કયામતના દિવસે તેના અયબોને છુપાવશે. અને જે કોઈએ પોતાના મુસલમાન ભાઈના અયબો વર્ણવ્યા, તેના અયબ અલ્લાહ તબારક વ તઆલા ખોલી નાખશે, ત્યાં સુધી કે તેને ખુદ તેનાં ઘરવાળાંઓની સામે બેઈજ્જત કરશે.'' *(સુનને ઈબ્ને માજહ, ૨/૮૫૦)*

અંદાઝો કરો કે કોઈની વ્યક્તિગત આઝાદીને પાયામાલ કરવી આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامના નિઝામમાં કેટલો મોટો જુર્મ છે કે તેના કારણે તેને બેઈજ્જતીનું મોઢું દુનિયામાં જ જોવું પડે છે. અને અલ્લાહ તઆલા તેને તેનાં ઘરવાળાંઓની નજરમાં પણ ઝલીલ તથા રુસ્વા કરી દે છે.

## ★ ગિરફતારીનો નિયમ ★

સૈયદે કૌનૈન ﷺના રચેલા કાનૂની બંધારણમાં એવું છે કે કોઈ શખ્સને તેનો ગુનો અદાલતમાં અને તે પણ ખુલ્લી અદાલતમાં સાબિત કર્યા વિના કૈદ નથી કરી શકાતો. કેવળ શંકાના કારણે પકડવો અને કોઈ અદાલતની કાર્યવાહી વિના અને સફાઈનો મોક઼ો આપ્યા વિના કેદ કરવો ઈસ્લામમાં જાઈઝ નથી. વર્તમાનકાળની આમ હુકૂમતોના ક઼ાનૂન અને સરવરે કાઈનાત ﷺના ક઼ાનૂનમાં એ ઘણો જ મોટો તફાવત છે.

હઝરત મુઅમલ رضی اللہ عنہ વર્ણવે છે : નબીયે કરીમ ﷺ ખુત્બો ફર્માવી રહ્યા હતા, એ દરમ્યાનમાં મેં ઉભા થઈને અર્ઝ કરી, મારો પડોસી શા માટે ગિરફતાર કરવામાં આવ્યા છે ? હુઝૂર رضی اللہ عنہએ કાંઈ જવાબ ન આપ્યો. મેં ફરીથી કહ્યું, આપે ફરી કાંઈ જવાબ ન આપ્યો. પછી થોડીવાર પછી નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, એમના પડોસીઓને છોડી દેવામાં આવે. *(સુનને અબૂ દાઊદ, ૩/૩૧૪)*

બે વખત સાંભળીને ખામોશ રહેવાનું કારણ એ હતું કે કોટવાલ મસ્જિદમાં મૌજૂદ હતો. જો તેના પડોસીઓને ગિરફતાર કરવાનું કોઈ ખાસ કારણ હોત તો તે ઉઠીને તેને વર્ણવત. જ્યારે તેણે કોઈ કારણ વર્ણન ન કર્યું તો હુઝૂર ﷺએ હુકમ આપી દીધો કે જે લોકોની ધરપકડ કરવામાં આવી છે તેમને છોડી મૂકવામાં આવે. અંદાજો કરો કે આજે હુકૂમતો કોઈને બેગુનાહ ગિરફતાર કરી લે છે અને પછી પોતાની નિર્દોષતા પુરવાર કરતાં કરતાં તેની જિંદગી ખતમ થઈ જાય છે. જ્યારે તેની નિર્દોષતાનો ફેંસલો થાય છે ત્યાં સુધીમાં તે પોતાની જિંદગીનો એક મોટો અમૂલ્ય હિસ્સો ખોઈ ચૂક્યો હોય છે. નિઝામે મુસ્તફામાં આપવામાં આવેલી વ્યક્તિગત આઝાદીનો આ મહાન હિસ્સો છે કે કોઈને કેવળ શંકાના આધારે કદાપિ ગિરફતાર નથી કરી શકાતો. બલ્કે જો કોઈએ કોઈ શખ્સ પર આક્ષેપ લગાડયો અને સાબિત ન કરી શક્યો તો ખુદ આક્ષેપ લગાડનાર જ સજાને પાત્ર ઠરશે અને તેને ૮૦ કોરડા મારવામાં આવશે.

## ધાર્મિક સ્વતંત્રતા એ નિઝામે મુસ્તફાની એક વિશિષ્ટતા

પયગંબરે અમ્ન عليه التحية والتسليم નો લાવેલો નિઝામ આખી કાઈનાત માટે એક અમ્ન તથા રહમત છે. અને આપનો દીન પૂરી ઈન્સાનિયતની ભલાઈ તથા બેહતરીનો જામિન છે. તેમ છતાં કોઈ શખ્સને જબરદસ્તી આ દીનમાં દાખલ કરવો અથવા તેને ઈસ્લામ સ્વીકાર કરવા માટે મજબૂર કરવો આકાએ નેઅમત ﷺની તા'લીમાતની વિરુદ્ધ છે. જો કોઈ શખ્સ એવું ચાહે છે કે પોતાના દીન પર કાયમ રહીને ઈસ્લામી રાજ્યમાં રહે અને જિઝિયો અદા કરી રહ્યો છે તો તેને એ રાજ્યના નાગરિક તરીકેના પૂરા હક્કો આપી દેવામાં આવશે.

અલ્લાહના રસૂલ عليه التحية والتسليم એ કદી દીનના મામલામાં કોઈપણ પ્રકારની જબરદસ્તી નથી કરી, બલ્કે હમેશાં દીનની દા'વત એક પોઝિટિવ અંદાઝમાં આપી, પછી જો કોઈ કબૂલ કરતો તો ઠીક, નહીં તો આપે કદી કોઈને દીને ઈસ્લામ કબૂલ કરવા મજબૂર નથી કર્યો. આવનાર લખાણોથી એ વાત ઉઘાડા દિવસની જેમ જાહેર થઈ જશે. ઈન્શાઅલ્લાહ !

### ★ દીનના મામલામાં કોઈ જબરદસ્તી નથી ★

કહે છે : *મુશ્ક આંકે ખૂદ લબૂવૈદ ન કે અત્તાર બગોયદ.* મુશ્ક (કસ્તૂરી) પોતાની ખુશ્બુથી ઓળખાય જાય છે, અત્તારે કહેવાની જરૂરત નથી પડતી કે આ મુશ્ક છે. પયગંબરે અમ્ન ﷺના લાવેલા દીનની એ જ વિશિષ્ટતા છે કે તેની અમ્નની તા'લીમાતે તેને દરેક જમાનામાં ચમકતો રાખ્યો છે. ઈસ્લામની હક્કાનિયત ધોળા દિવસની જેમ જાહેર છે. હવે જે દુનિયા તથા આખેરતમાં પોતાની ભલાઈ ચાહે છે તે તેના દામનથી જોડાઈ જાય છે, અને જેની કિસ્મતમાં હમેશાંની કમબખ્તી છે તે તેનાથી દૂર ભાગે છે. અલ્બત્ત કોઈને જોર જુલમથી ઈસ્લામમાં દાખલ થવા માટે મજબૂર કરવો દુરુસ્ત નથી. કુર્આને મુકદ્દસમાં ઈર્શાદ થયો :–

لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ ۙ قَدْ تَّبَيَّنَ الرُّشْدُ مِنَ الْغَيِّ ۚ فَمَنْ يَّكْفُرْ بِالطَّاغُوْتِ وَيُؤْمِنْۢ بِاللّٰهِ فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقٰى ۙ لَا انْفِصَامَ لَهَا ۗ وَاللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ○

"કોઈ જબરદસ્તી નથી દીનમાં. બેશક ! ઘણી જ અલગ થઈ ગઈ નેક રાહ ગુમરાહીથી. તો જે શૈતાનને ન માને અને અલ્લાહ પર ઈમાન લાવે તેણે ઘણી મજબૂત ગાંઠ પકડી જેણે કદી ખુલવાનું નથી અને અલ્લાહ સાંભળનાર જાણનાર છે." *(સૂરએ બક્રહ, આ. ૨૫૬, કન્ઝુલ ઈમાન)*

કોઈને મજબૂર કરીને ઈસ્લામ ધર્મ ક઼બૂલ કરાવવો એ અમ્નના પૈગામની સરાસર વિરુદ્ધ છે. એટલા માટે સરવરે આલમ ﷺએ દરેક શખ્સને ધર્મના મામલામાં આઝાદી આપી છે.

## ★ મઝહબી આઝાદીમાં માણસોની આજમાઈશ છે ★

જો અલ્લાહની મરજી એવી જ હોત કે દરેક જણ ઈસ્લામને માનવાવાળો હોય તો તે દરેક જણના દિલને ઈસ્લામની તરફ વાળી આપત. પછી કોઈ શખ્સને ઈસ્લામ ક઼બૂલ કરવા માટે મજબૂર કરવાની જરૂરત જ નથી ઉભી થતી. પરંતુ દરેક ઈન્સાનને મઝહબી આઝાદી આપવામાં આવી છે, તેનું કારણ શું છે તેનું વર્ણન કુર્આન મજીદમાં સ્પષ્ટપણે ફર્માવેલ છે :–

وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ يُّضِلُّ مَنْ يَّشَآءُ وَيَهْدِىْ مَنْ يَّشَآءُ ۗ وَلَتُسْـَٔلُنَّ عَمَّا كُنْتُمْ تَعْمَلُوْنَ ○

"અને જો અલ્લાહ ચાહત તો તમને એક જ ઉમ્મત કરત, પરંતુ અલ્લાહ ગુમરાહ કરે છે જેને ચાહે અને રાહ આપે છે જેને ચાહે, અને જરૂર તમારાથી તમારાં કામો પૂછવામાં આવશે." *(સૂરએ નહ્લ, આ. ૯૩)*

એનો હેતુ વર્ણવતાં એક ઠેકાણે ફર્માવ્યું :–

وَلَوْ شَآءَ اللّٰهُ لَجَعَلَكُمْ اُمَّةً وَّاحِدَةً وَّلٰكِنْ لِّيَبْلُوَكُمْ فِىْ مَآ اٰتٰـكُمْ

"અને અલ્લાહ ચાહત તો તમને સૌને એક જ ઉમ્મત કરી આપત પણ મંઝૂર એ છે કે જે કાંઈ તમોને આપ્યું એમાં તમને અજમાવે."

*(સૂ. માઈદા, આ. ૪૮, કન્ઝુલ ઈમાન)*

એટલે કે અલ્લાહ તબારક વ તઆલાએ હિદાયત તથા ગુમરાહી બંનેવના રસ્તા સ્પષ્ટ કરી આપ્યા છે અને માણસને અધિકાર આપ્યો છે કે જે રસ્તો ચાહે અપનાવી લે. અલ્બત્ત દુનિયામાં આઝાદી મળવાનો મતલબ એ નથી કે તેના પર કોઈ પૂછતાછ નથી, બલ્કે આખેરતમાં એના પર પૂછતાછ કરવામાં આવશે. અધિકાર આપવાની સાથે અલ્લાહે બુદ્ધિની દૌલત આપી. જેવી રીતે એક માણસની સામે આગ અને ફૂલ હોય તો આગને છોડીને ફૂલ પકડે છે એવી જ રીતે ગુમરાહીને છોડીને રાહે હક્ક઼ પર ચાલવું જોઈએ.

## ★ નજરાનવાળાઓ સાથે ક઼રાર ★

નબવી યુગમાં નજરાનવાળાઓ સાથે થનારો ક઼રાર ધાર્મિક સુરક્ષા તથા આઝાદીના ખયાલની અમલી સ્પષ્ટતા કરે છે. એમાં હુઝૂર નબીએ અકરમ ﷺએ આલેખિત ફર્માન જારી કર્યું હતું :–

"અલ્લાહ તઆલા અને તેના રસૂલ મુહમ્મદ ﷺ, નજરાનવાળાઓ અને તેનાથી ક઼રારબદ્ધ લોકોના માટે તેમનાં લોહી, તેમની જાનો, તેમના મઝહબ, તેમની જમીનો, તેમના માલો, તેમના રાહિબો તથા પાદરીઓ, તેમના હાજર તથા ગૈર હાજર લોકો, તેમનાં પશુઓ તથા કાફલાઓ તથા તેમના ધર્મ સ્થાનો વગેરેના જામિન તથા જિમ્મેદાર છે. જે દીન પર તેઓ છે તેનાથી તેમને ફેરાવવામાં નહીં આવે. તેમના હક્ક઼ો તથા તેમની ઈબાદતગાહોના હક્ક઼ોમાં કોઈ તબદીલી કરવામાં નહીં આવે. ન કોઈ પાદરીને, ન કોઈ રાહિબને, ન કોઈ સરદારને અને કોઈ ઈબાદતગાહના ખાદિમને, ચાહે તેનો હોદ્દો મામૂલી હોય કે મોટો એનાથી હટાવવામાં નહીં આવે અને તેમને કોઈ ભય કે ખતરો હશે નહીં.

*(કિતાબુલ ખિરાજ લિ અબી યૂસુફ઼–૮૫)*

શું મઝહબી આઝાદીનું આવું દૃષ્ટાંત બીજી ક઼ૌમ કે કોઈ બીજો દેશ આપી શકે છે ? કદાપિ નહીં ! આ સરકારે અબદ ક઼રાર ﷺના નિઝામે રહ઼મતની વિશિષ્ટતા છે જેનું દૃષ્ટાંત દુનિયાના કોઈ નિઝામ (બંધારણ)માં મળી જ નથી શકતું.

## દરેક માણસના માટે દીને મુસ્તફામાં હક્કોની સમાનતા

"સમાનતા" (મસાવાત)નો અર્થ સામાન્યતઃ લોકો એવું સમજે છે કે દરેક જણને સરખે સરખુ મળે. પરંતુ હક઼ીક઼તમાં એ સમાનતા નથી, કેમ કે દરેક જણને સરખે સરખુ આપવામાં આવે એ ન્યાયની વિરુદ્ધ છે. એ વાતને એક દષ્ટાંત વડે સમજો કે એક જમાઅતમાં ૫૦ વિદ્યાર્થીઓ છે. પરીક્ષામાં દરેક વિદ્યાર્થીને તેની ક્ષમતા ક઼ાબેલિયત, મહેનત તેના લખેલા જવાબોના મુજબ માર્કસ મળે છે. એ જ ન્યાયનો તક઼ાઝો પણ છે. જો કોઈ એવી માણગી લઈને ઉભો થઈ જાય કે વિદ્યાર્થીની હેસિયતથી દરેકને સરખા ગુણ મળવા જોઈએ તો તેની બુદ્ધિ પર કેટલા પ્રમાણમાં માતમ કરવામાં આવશે એ બતાવવાની જરૂરત નથી.

એ જ હાલ દરેક મામલામાં બરાબરીનો છે કે દરેક માણસને તેના એતબારથી હક્ક઼ો મળે તે એના માટે સમાનપણુ છે. જો કોઈ અદના દરજાવાળાને વધુ આપી દેવામાં આવ્યું અથવા કોઈ આ'લા દરજાવાળાને ઓછુ આપવામાં આવ્યું તો તે સમાનતા નથી બદલે ન્યાય વિરુદ્ધ કામ થશે. સૌને સરખે સરખા હક્ક઼ો આપવામાં આ જ ખરાબી આવશે કે કોઈ કમ દરજાવાળાને વધુ મળી જશે અથવા કોઈ આ'લા દરજાવાળાને ઓછુ મળી જશે. અલ્બત્ત માનવની હેસિયતથી સર્વ માનવો સરખા છે કે કોઈ કારણ કે સબબ વિના કોઈને કોઈના પર ઊંચાપણુ કે બુલંદી નથી. સબબ તથા કારણ પણ કેટલું સરસ છે કે જેને તક઼્વો (ખુદાનો ડર) કહેવામાં આવે છે.

### ★ સ્ત્રી તથા પુરૂષના હક્ક઼ોની સમાનતા ★

સ્ત્રી તથા પુરૂષોના હક્ક઼માં સમાનતાનો મામલો પણ એવો જ છે કે પુરૂષ જે હક્ક઼ોના પાત્ર છે તેમને તેમના તે હક્ક઼ો આપ્યા અને સ્ત્રીઓ જે હક્ક઼ોને પાત્ર છે તેમને તેમના તે હક્ક઼ો આપવામાં આવ્યા. ફર્માને કુર્આન છે :–

وَلَهُنَّ مِثْلُ الَّذِي عَلَيْهِنَّ بِالْمَعْرُوفِ وَلِلرِّجَالِ عَلَيْهِنَّ دَرَجَةٌ

"અને સ્ત્રીઓનો હક્ક઼ એવો જ છે જેવો એમના પર છે શરીઅતના મુજબ, અને પુરૂષોને એમના પર ફઝીલત છે." *(સૂરએ બક઼રહ, આ. ૨૨૮)*

પુરૂષો તથા સ્ત્રીઓની પોત પોતાની જિમ્મેદારીઓ, કમજોરીઓ તથા લાયકાતો છે. એના જ આધારે તેમનામાં હક્કો તથા ફરજોની પણ વહેંચણી છે સ્ત્રીઓ પર તેમની શક્તિ તથા કુવ્વતના એતબારથી જિમ્મેદારીઓ છે અને પુરૂષો પર તેમની શક્તિ અનુસાર જિમ્મેદારીઓ છે. ઘણા એવાં કામો છે જે પુરૂષો કરી શકે છે સ્ત્રીઓ નથી કરી શકતી, અને ઘણા એવાં કામો છે જે સ્ત્રીઓ કરી શકે છે પરંતુ પુરૂષો નથી કરી શકતા.

અમુક સંજોગોમાં પુરૂષોના હક્કો સ્ત્રીઓથી વધીને છે તો અમુક સંજોગોમાં સ્ત્રીના હક્કો પુરૂષોથી વધીને છે, તે હદીષે પાક જેમાં બાપની સરખામણીમાં માના હક્ક઼ વિશે ત્રણવાર તાકીદ આવી છે, એમાં સ્ત્રીનો હક્ક઼ પુરૂષ કરતાં વધુ રાખવામાં આવ્યો છે. આ અધિકતા ન્યાય પર આધારિત છે અને સમાનતાના તકાઝાના તદ્દન મુતાબિક઼ છે.

## ★ ઈસ્લામમાં આર્થિક સમાનતા ★

એ જ પ્રમાણે આર્થિક સમાનતાનો મામલો પણ છે. દરેક જણની રોજીને અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના કરમના જિમ્મે લીધેલ છે. તે ખુદ ઈર્શાદ ફર્માવે છે :–

وَمَا مِن دَابَّةٍ فِي الْأَرْضِ إِلَّا عَلَى اللَّهِ رِزْقُهَا

"અને જમીન પર ચાલનાર કોઈ એવો નથી જેની રોજી અલ્લાહના કરમના જિમ્મે ન હોય." *(સૂરએ હૂદ, આ. ૬)*

આ આયતે કરીમામાં સ્પષ્ટ ફર્માવી દેવામાં આવ્યું કે રોજીનો હક્ક઼ દરેક જણને છે અને અલ્લાહ તબારક વ તઆલા સૌને રોજી પહોંચાડે છે. અલ્બત્ત રોજીની વહેંચણી સૌના માટે વિવિધ છે, કોઈને થોડી મળે છે અને કોઈને વધુ મળે છે. આ જ આર્થિક સમાનતા છે અને ન્યાયના તકાઝાના બિલ્કુલ મુતાબિક઼ છે.

કુર્આને મુક઼દ્દસની એક મુક઼દ્દસ આયતમાં એની સ્પષ્ટતા કરવામાં આવી છે :–

وَلَوْ بَسَطَ اللّٰهُ الرِّزْقَ لِعِبَادِهٖ لَبَغَوْا فِی الْاَرْضِ وَلٰكِنْ یُّنَزِّلُ بِقَدَرٍ مَّا یَشَآءُ ۔

"અને જો અલ્લાહ પોતાના સર્વ બંદાઓની રોજી વિશાળ કરી આપત તો જરૂર જમીનમાં ફસાદ ફેલાવતા, પણ તે અંદાઝથી ઉતારે છે જેટલુ ચાહે." *(સૂરએ શૂરા, આ. ૨૭, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુક઼દ્દસામાં એ વાતને સ્પષ્ટ કરી દેવામાં આવી કે જો દુનિયામાં દરેક જણના ત્યાં દોલતની રેલમછેલ હોત તો જમીનમાં જે અમ્નો સુકૂન કાયમ છે તે યથાવત ન રહેવા પામતો. એટલા માટે રોજી દરેક જણને અલગ અલગ માત્રામાં મળે છે. વળી એમાં ઘણી જ મોટી હિકમત એ છે કે જો દુનિયામાં દરેક જણ માલદાર હોત તો દુનિયાની પ્રગતિની શક્યતા ખત્મ થઈ જાત. મજૂર વર્ગ જેમના થકી નાનાં મોટાં કામો લેવામાં આવે છે એ કામોને કરનાર કોણ હોત ? બાંધકામો, કારીગરી, સુથારી કામ, લુહારી કામ, ખેતીવાડી અને આ પ્રકારનાં મહેનતવાળાં કામ કોણ કરત ? પછી ખાવાની ચીજો ક્યાંથી પૂરી પડત, જો અનાજ ન હોત તો પૈસાથી શું ખરીદીને ખાત ?

એટલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ દરેક માનવીને તેમની જરૂરિયાતના એતબારથી રોજી અર્પણ કરી, કોઈને વધુ કોઈને ઓછી આપી, તો એ એના એતબારથી સમાનતા છે અને કોઈને વધુ આપી તો તે એના એતબારથી સમાનતા છે. અને તેની વહેંચણી ન્યાય પર આધારિત છે અને તેની વહેંચણી ન્યાયના ધોરણે સમાનતાવાળી છે.

## દરેક માનવીનો હક્ક઼ છે કે તેની સાથે ન્યાય થાય

દુનિયામાં વિશ્વશાંતિની સ્થાપ્ના માટે અદલો ઈન્સાફની અનહદ જરૂરત છે કે એના વિશે અમ્ન રહી જ નથી શક્તો. આ ન્યાયનો ક઼ાનૂન પણ દરેક ઈન્સાનના માટે સમાન હોવો જરૂરી છે. જે બંધારણમાં (કાયદામાં) ભેદભાવ જોવામાં આવશે તે પોતાની હક઼ીક઼ત ખોય બેસે છે અને એમાં ખોખલાપણુ આવી જાય છે.

નિઝામે મુસ્તફા ﷺ (ઈસ્લામી બંધારણ) દરેક માનવ વ્યક્તિ માટે ઈન્સાફનો સંદેશ આપનાર છે. અને એમાં દરેક જણના માટે નિયમો છે. આ નિઝામે મુસ્તફાની ખાસિયત છે કે દુશ્મનથી બદલો લેવામાં પણ ન્યાય તથા સમાનતાનો ખયાલ રાખવો જરૂરી છે.

## ★ અદ્‌લો ઈન્સાફની અનહદ તાકીદ ★

કુર્આને મુક઼દ્દસ તથા મુબારક હદીષોમાં ઈન્સાફ પર ક઼ાયમ રહેવા અને દરેક હાલતમાં અદ્‌લો ઈન્સાફનો ખયાલ રાખવાની હદ ઉપરાંત તાકીદ કરવામાં આવી છે. અગણિત આયતો તથા આષાર છે જેમાં એના વિશે વિવિધ રીતે તાકીદ કરવામાં આવી છે. અમુક આયતોના ખુલાસા જોઈ લો :–

- ❑ અદલો ઈન્સાફમાં ભલે પોતાનું અંગત નુકસાન હોય અથવા માબાપ કે નજીકના સગાનું નુકસાન હોય તો પણ અદ્‌લો ઈન્સાફ પર રહેવાની તાકીદ છે.
- ❑ કોઈ ક઼ોમ સાથે દુશ્મની નિભાવવામાં પણ ન્યાયનો ખયાલ રાખવો જરૂરી છે.
- ❑ અદ્‌લ તક઼વાથી નજીક કરનાર છે.
- ❑ માપ તોલ ઈન્સાફ સાથે હોવું જોઈએ.
- ❑ કોઈપણ મામલાનો ફેંસલો કરવામાં આવે તો અદ્‌લની સાથે કરવો જરૂરી છે.

આ આયતો દરેક જણની સાથે અદ્‌લો ઈન્સાફ માટે દા'વત આપી રહી છે અને સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી રહી છે. ત્યાં સુધી કે અદ્‌લો ઈન્સાફ કરવામાં જો પોતાનું અંગત નુકસાન પણ હોય તો પણ હુકમ એ જ છે કે અદ્‌લનો દામન હાથથી છૂટવો ન જોઈએ.

## ★ નબી અકરમ ﷺએ અદ્‌લના ઈન્સાફને યક઼ીની બનાવ્યો ★

અદ્‌લો ઈન્સાફથી વંચિત દુનિયાને અદલો ઈન્સાફનો દર્સ આપનાર અને આખા જગતને ન્યાય શીખવાડનાર સરવરે કાઈનાત ﷺ જ છે.

અદ્લો ઈન્સાફનો આપે કેટલી હદ સુધી ખયાલ કર્યો એના વિશે આ કિતાબની વિવિધ જગાએ હદીષો વર્ણન થઈ છે. અહીં અમુક હદીષોનો ખુલાસો જોઈ લઈએ :

- ❑ કોઈ અરબીને કોઈ અજમી પર, કોઈ અજમીને કોઈ અરબી પર, કોઈ ગોરાને કોઈ કાળા પર, કોઈ કાળાને કોઈ ગોરા પર કોઈ ફઝીલત નથી, સિવાય કે તક્વાના કારણે.
- ❑ અદ્લો ઈન્સાફના મામલામાં કોઈની સાથે કોઈ ભેદભાવ નથી. જો ફાતિમા બિન્તે મુહમ્મદ (ﷺ) પણ (ધારો કે) ચોરી કરતી તો તેમનો હાથ કાપવામાં આવતો.
- ❑ ગઝવએ બદરના કેદીઓમાં સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامના કાકા હઝરત અબ્બાસ પણ હતા તેમના ફિદિયાની માફીના વિશે લોકોએ વાત કરી તો આકાએ નેઅમત ﷺએ સખ્તીથી મના કર્યું અને ઈર્શાદ કર્યો કે એક દિરહમ પણ માફ કરવામાં નહીં આવે.
- ❑ યહૂદી તથા કહેવાતા મુસલમાનના દરમ્યાન ખેતીમાં પાણી આપવાના મામલામાં મતભેદ પડયો તો કેમ કે યહૂદી હક્ક્ પર હતો એટલા માટે આપે તેના હક્ક્માં ફૈંસલો આપ્યો.

દુનિયાનું કોઈ આવુ બંધારણ નથી જેમાં અદ્લો ઈન્સાફના આટલા મહત્વના નિયમો હોય, કે આપણો હોય કે પરાયો, દોસ્ત હોય કે દુશ્મન, દરેક જણને એ હક્ક્ આપવામાં આવ્યો હોય કે તેના પર એક રજકણ બરાબર પણ જુલ્મ જાઈઝ ન રાખવામાં આવ્યો હોય, બલ્કે દરેક હાલમાં દરેક જણની સાથે ન્યાયનો જ મામલો કરવામાં આવતો હોય.

## દરેક માણસ માટે મજૂરીનો હક્ક્ છે

માણસ પોતાની રોજી કમાવાના માટે શરીઅતના વર્તુળમાં રહીને જેવી પણ મહેનત કરે ચાહે તે મહેનત શારીરિક હોય કે દિમાગી, ઈસ્લામ તેની ઈજાઝત આપે છે. મહેનત કરવા પ્રોત્સાહિત કરે છે, અને તેણે જેટલા પ્રમાણમાં કષ્ટ તેમાં ઉઠાવ્યું છે એના પ્રમાણે તે મહેનત કરનારાને મજૂરી

(વળતર)નો હક્કદાર ઠરાવ્યો છે. આના સંબંધે દરેક માણસ સરખો છે, ચાહે તે કોઈ પણ મઝહબ તથા મિલ્લતથી સંબંધ ધરાવતો હોય. જો કોઈ શખ્સે કોઈ શખ્સની તાકત તથા કાબેલિયતને ઉપયોગમાં લીધી છે તો તેના પર ફર્ઝ બને છે કે તેની મહેનત પ્રમાણે વળતર આપે.

## ★ પરસેવો સૂકાતા પહેલાં મજૂરની મજૂરી આપી દો ★

એક મજૂર સવારથી સાંજ સુધી મહેનત કરે છે અને માથેથી પરસેવો વહાવે છે. તેને ઉમ્મીદ હોય છે કે સાંજે જે મજૂરી મળશે તેના વડે તે પોતાના માટે તથા પોતાનાં બીવી બચ્ચાં માટે તે બે વખતની રોટીની વ્યવસ્થા કરશે. એટલા માટે હુકમ થયો કે કામના પૂર્ણ થતાં તરત જ તેની મજૂરી તેના હવાલે કરી દેવામાં આવે કે તેનાથી તેનું દિલ ખુશ થશે અને તેનો થાક દૂર થઈ જશે. પછી આગલા દિવસે કામ કરવામાં તેને નવો ઉત્સાહ મેહસૂસ થશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો :–

اَعْطُوا الْاَجِيْرَ اَجْرَهٗ قَبْلَ اَنْ يَّجِفَّ عَرَقُهٗ

"મજૂરનો પરસેવો સૂકાતા પહેલાં તેની મજૂરી આપી દો."

*(સુનને ઈબ્ને માજહ, ૨/૮૧૬)*

મજૂર વર્ગ સામાન્ય રીતે એવો જ હોય છે જે એક દિવસ કમાય છે આગલા દિવસના ભરણ પોષણની વ્યવસ્થા કરે છે. એવામાં જો તેની એક બે દિવસની મજૂરી રોકી દેવામાં આવી તો તેના તથા તેના ઘરવાળાંઓના ભરણ પોષણ પર અસર પડે છે, એટલા માટે હુકમ થયો કે મજૂરે જેવું કે પોતાનું કામ પૂરુ કર્યું તેવી જ તેની મજૂરી તેના હવાલે કરી દેવામાં આવે.

## ★ દુનિયામાં મજૂરી ન આપી તો ક્યામતમાં માગણી થશે ★

મજૂરી કામ કરનારની મજૂરીની અદાયગીને સરવરે કાઈનાત ﷺ એ એટલા માટે જરૂરી ઠરાવી છે કે જો કોઈએ એમાં ઉણપ વર્તી તો

કયામતના દિવસે તેની પાસે તેની માગણી કરવામાં આવશે અને આ માગણી કરનાર ખુદ અલ્લાહ તબારક વ તઆલા હશે. સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા ફર્માવે છે :

"ત્રણ શખ્સો તે છે જેમના હક્કની કયામતના દિવસે હું માગણી કરીશ. એક તે જેણે મારું નામ લઈને કરાર કર્યો પછી તે કરારને તોડી નાખ્યો. બીજો તે જેણે આઝાદને વેચ્યો અને એની કિંમત ખાધી. ત્રીજો તે જેણે મજૂર રાખ્યો, તેનાથી પૂરું કામ લીધુ અને તની મજૂરી ન આપી." *(સહીહ બુખારી, ૩/૮૨)*

જ્યારે કોઈ મજૂરની મજૂરીના હક્કની માગણીમાં રબ તઆલાની જાત હશે તો શું કોઈની અંદર શક્તિ છે કે તેની સામે ઉભો રહી શકશે ?! વળી કયામતના દિવસે એ મજૂરી માલ દૌલત વડે નથી અદા કરવાની, બલ્કે ત્યાં તો હક્કદારના હક્કને અદા કરવાનો એ જ દસ્તૂર છે કે એની નેકીઓ ઉઠાવીને તેના માથે અને તેના ગુનાહ ઉઠાવીને આના માથા પર રાખી દેવામાં આવશે.

## વક્ફનો હક્ક ઈસ્લામનો વિશિષ્ટ કાનૂન

વકફ ઈસ્લામી કાનૂનનું એક મહત્વનું અંગ તથા મુસલમાની સામૂહિક જિંદગીનું એક ઉજ્જવળ પાસુ છે. મુસલમાનોએ દરેક દૌર અને દરેક પ્રદેશમાં આ ભલાઈના કાર્ય તથા ભલાઈના પ્રોગ્રામને રિવાજ આપ્યો છે. વકફ કેવળ મોહતાજો તથા મુફલિસો પર જ નથી થતું બલ્કે સૌને માટે થાય છે, એમાં અમીર ગરીબનું કોઈ ખાસપણુ નથી હોતુ, બલ્કે દરેક જણે તેનાથી ફાયદો ઉઠાવવાનો અવકાશ રહે છે.

ઈસ્લામના આર્થિક બંધારણમાં વકફને એક પાયાની હૈસિયત હાંસલ છે. ઈસ્લામી ઈતિહાસના દરેક દૌરમાં ગરીબો મિસ્કીનોની જરૂરિયાતને પૂર્ણ કરવા, તેમજ આર્થિક રીતે પગભર બનાવવા, મુસલમાનોને ઈલ્મો તથા વિદ્યા કલાઓથી સજ્જ કરવા, બીમારો તથા પરેશાન હાલ લોકોની

હાજતો પૂરી કરવા અને ઈલ્મવાળાઓના આર્થિક નિર્ભરતા માટે ઈસ્લામી વક્ફનો ખૂબ જ મહત્વનો રોલ રહ્યો છે.

કુર્આનની દષ્ટિએ માલોને વક્ફ કરીને ન કેવળ માણસ પોતાની હમેશાંની જિંદગી પ્રાપ્ત કરે છે બલ્કે એ નેક તથા પુરખુલૂસ અમલ થકી તે નાદારો તથા જરૂરતમંદોની મદદ કરીને ખુદાની ખુશ્નુદી પણ હાંસલ કરે છે.

કુર્આન મજીદમાં વક્ફનો શબ્દ સ્પષ્ટપણે તો નથી આવ્યો પણ એના માટે સદક઼ા ખૈર, નેકી, ફર્ઝે હસન, તઆવુન, અમલે સાલેહ, બાક઼િયાતે સાલિહાત, ઈષાર, ઈન્ફાક઼ તથા એહસાન જેવી તાબીરાત વપરાયેલ છે અલ્તતી ઉપરોક્ત સર્વ ટાઈટલો એક લેહાઝથી વક્ફ કહેવાય શકે છે, કેમ કે વક્ફ સદક઼ો હોવાની સાથેસાથ સૌથી મોટી નેકી, ઈષાર, તઆવુન, ખૈર, ઈન્ફાક઼ અને બાક઼િયાતે સાલિહાત પણ છે.

અલ્લાહની રઝાના માટે કોઈ શખ્સ એક રૂપિયો પણ ખર્ચ કરે તો તે તેના માટે મહાન સવાબનો સબબ બને છે. કુર્આને મુક઼દસમાં ઈર્શાદ થયો :–

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوٰلَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ

''તેમની કહેવત જેઓ પોતાનો માલ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે એ દાણાની જેમ છે જેણે ઉગાડી સાત કંતીઓ, દરેક કંતીમાં સો દાણા અને અલ્લાહ એનાથી વધુ વધારે જેના માટે ચાહે.''

*(સૂ. બક઼રહ, આ. ૨૬૧, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુક઼દસામાં ફર્માવવામાં આવ્યું કે અલ્લાહની રઝાને માટે કોઈ શખ્સ એની રાહમાં થોડો માલ પણ ખર્ચ કરે તો અલ્લાહની બારગાહથી એને એના પર મહાન બદલો આપવામાં આવે છે, જેમ કે એક તુચ્છ દાણો જ્યારે જમીનમાં રાખી દેવામાં આવે છે તો તે સાત કંતીઓ (ડૂંડાં) ઉઘાડે છે અને દરેક કંતીમાં સો દાણા હોય છે. આ રીતે તે એક દાણાથી સાતસો દાણા નીકળતા હતા.

### ★ વક઼ફને સરવરે કાઈનાત ﷺએ સૌથી બેહતર સદક઼ો ઠરાવ્યો ★

આમ તો દરેક સદક઼ો અજ્રો સવાબનો સબબ છે, પરંતુ આમ મુસલમાનોના ફાયદા માટે કોઈ ચીજ વક઼ફ કરી દેવામાં આવે તો એ સૌથી

અફઝલ સદકો છે અને તેનો અજ્રો સવાબ કાયમી છે. એક હદીષમાં એને સૌથી અફઝલ સદકો ઠરાવવામાં આવેલ છે, અને એક હદીષમાં એ ફર્માવવામાં આવ્યું છે કે મૃત્યુ બાદ પણ વક્ફ કરેલી ચીજનો અજરો સવાબ વકફ કરનારાને મળતો રહે છે.

હઝરત સઅદ બિન ઓબાદા رضی اللہ عنہانાં વાલિદાનો ઈન્તેકાલ થયો તો તેમણે સરવરે દો આલમ ﷺની બારગાહમાં અર્ઝ કરી, મારી માનો ઈન્તેકાલ થઈ ગયો છે એમના માટે કયો સદકો કરું તો અફઝલ છે ? આપે ફર્માવ્યું, પાણી. હઝરત સઅદ رضی اللہ عنہએ કૂવો ખોદાવ્યો અને તેને પોતાનાં માના નામે વક્ફ કરી દીધો. *(સુનને અબૂ દાઊદ, ૨/૧૩૦)*

એક રિવાયત હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી છે કે આકાએ રહમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوٰلَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ اَنْۢبَتَتْ سَبْعَ سَنَابِلَ فِيْ كُلِّ سُنْۢبُلَةٍ مِّائَةُ حَبَّةٍ وَاللّٰهُ يُضٰعِفُ لِمَنْ يَّشَآءُ

''જયારે કોઈ શખ્સનો ઈન્તેકાલ થઈ જાય છે તો તેના ત્રણ અમલો સિવાય સર્વ અમલો કટ થઈ જાય છે : (૧) સદકએ જારિયહ (૨) ઈલ્મ જેનાથી ફાયદો ઉઠાવવામાં આવે (૩) નેક પુત્ર જે એના માટે દુઆ કરે.

આ રિવાયતમાં સદકએ જારીઆથી મુરાદ વક્ફ જ છે કે કોઈએ મસ્જિદ બનાવી દીધી, મુસાફિરખાનુ બનાવી દીધું, પાણીની પરબ લગાડી દીધી, પુલ બનાવી દીધો અથવા કોઈ પણ એવું કામ કર્યું જેનાથી આમ લોકોને ફાયદો પહોંચે તો તેનું એ કામ સદકએ જારીઆ છે કે જયાં સુધી લોકો એનાથી ફાયદો ઉઠાવતા રહેશે ત્યાં સુધી તેમના આમાલનામામાં એનો સજરો સવાબ લખવામાં આવતો રહેશે.

એનાથી જાણવા મળ્યું કે વક્ફનું કેટલા પ્રમાણમાં મહત્વ છે કે જયાં સુધી તે વક્ફ કરેલી ચીજ બાકી રહેશે, ત્યાં સુધી અમલનો સવાબ ચાલુ રહેશે.

## કફાલતનો હક્ક઼ બેસહારા લોકો માટે અમ્ન તથા રહમત

બાળકોના માટે બાપ, પત્નીના માટે પતિ અને બહેનના માટે ભાઈ છાંયડાવાળા ઝાડની જેમ હોય છે. તેમના ખાવા, પીવા, રહેવા સહેવા તથા અન્ય ખર્ચાઓ તથા જરૂરતોનો ખયાલ રાખવો તેમનો ફરીઝો પણ છે, અને પ્રાકૃતિક રીતે પણ માણસ તેમના ખર્ચાઓને સહન કરવાને તૈયાર રહે છે.

સરવરે આલમ ﷺનો નિઝામ યતીમો, મિસ્કીનો, બેવાઓ, બેસહારાઓ તથા ગરીબ વર્ગના લોકોને સહારો આપવા, તેમની સંપૂર્ણ જિમ્મેદારી (કફાલત) નિભાવવા, તેમને અમ્નો સુકૂન પૂરો પાડવા માટે ન કેવળ પ્રોત્સાહિત કરે છે, બલ્કે સમાજના લાચાર, મેહરૂમ નાદાર વર્ગ અને સોસાયટીના મોહતાજ, બેસહારા તથા માસૂમ બાળકોની કફાલત (જિમ્મેદારી ઉઠાવવા) માટે આયોજન કરવાનો હુકમ પણ આપે છે. સમાજના એવા લોકો જેઓ સાધન સંપન્ન હોવા છતાં પોતાના માલથી યતીમો તથા મોહતાજોનો હિસ્સો નથી કાઢતા તેમની નમાઝો, હજ તથા અન્ય અમલો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત રદ કરી આપે છે.

જયારે જન્નતી જન્નતમાં અને જહન્નમી જહન્નમમાં પહોંચી જશે તો જન્નતવાળાઓ જહન્નમીઓને પૂછશે કે તમે જહન્નમમાં કેવી રીતે પહોંચી ગયા ? એ વખતે જે એમની આપસમાં વાતચીત થશે તે કુર્આન મુક઼દસમાં વર્ણન કરવામાં આવી છે. ઈર્શાદે રબ્બાની છે :–

كُلُّ نَفْسٍ بِمَا كَسَبَتْ رَهِينَةٌ ○ إِلَّآ أَصْحٰبَ الْيَمِينِ ○ فِي جَنّٰتٍ يَتَسَآءَلُونَ ○ عَنِ الْمُجْرِمِينَ ○ مَا سَلَكَكُمْ فِي سَقَرَ ○ قَالُوا لَمْ نَكُ مِنَ الْمُصَلِّينَ ○ وَلَمْ نَكُ نُطْعِمُ الْمِسْكِينَ ○

"દરેક જાન પોતાની કરનીમાં ગિરવી છે, પણ જમણી બાજુવાળા બાગોમાં પૂછે છે મુજરિમોથી, તમને કઈ વાત દોઝખમાં લઈ ગઈ ? તેઓ બોલ્યા, અમે નમાઝ પઢતા ન હતા અને મિસ્કીનને ખાવા ન આપતા હતા."

*(સૂ. ફજ્ર, આ. ૩૮,૪૪, કન્ઝુલ ઈમાન)*

જાણવા મળ્યું કે યતીમોની કફાલત ન કરવી જહન્નમમાં લઈ જવાનો સબબ બની શકે છે. એટલા માટે કે જો કોઈના માથેથી સહારો ઉઠી ગયો છે તો તેને સહારો આપવો માલદારોની જિમ્મેદારી છે.

યતીમો મિસ્કીનો, વિધવાઓ તથા બેસહારા લોકોની કફાલત (જિમ્મેદારી ઉઠાવવા)ના ફઝાઈલ તથા ફાયદા આ કિતાબના વિવિધ હિસ્સાઓમાં જરૂરત મુજબ વર્ણન કરવામાં આવેલા છે. અહીં કેવળ એટલુ બતાવવાનો હેતુ છે કે સરવરે કાઈનાત ﷺના નિઝામમાં બેસહારા લોકોની કફાલતને યકીની બનાવવામાં આવેલ છે અને તેમને બેયારો મદદગાર નથી છોડવામાં આવ્યા.

## વારસામાં હિસ્સાઓ નિશ્ચિત કરવું

સરવરે દો આલમ ﷺના આગમન પહેલાં વારસાના કોઈ નીતિ નિયમો ન હતા. કોઈ શખ્સનો ઈન્તેકાલ થતો તો તેની દૌલત પર જે જેવી રીતે ચાહતો કબજો કરી લેતો. ક્યાંક જો વારસાના નિયમો હતા પણ તોય તેમાં કેવળ પુત્રોનો હક્ક હતો, પત્નીઓ તથા છોકરીઓનો કોઈ હક્ક ન હતો. સરવરે આલમ ﷺના નિઝામે રહમતે દરેક હક્કદારના માટે વારસોનો હક્ક નિશ્ચિત કર્યો છે. કુર્આને મુકદ્દસમાં સૂરએ નિસાઅની આયત નં. ૧૧માં વારસાના હુકમો વિગતવાર વર્ણવી દેવામાં આવેલા છે. તેનો ખુલાસો નીચે મુજબ છે :

- ❑ પુત્રોનો પુત્રીઓની સરખામણીમાં ડબલ હિસ્સો છે.
- ❑ જો કેવળ પુત્રીઓ છે તો તેમના માટે ૨/૩ હિસ્સો છે.
- ❑ જો કેવળ એક પુત્રી છે તો તેના માટે પૂરા માલનો અડધો હિસ્સો છે.
- ❑ જો મૈયતની ઔલાદ હોય તો મા બાપમાંથી દરેકના માટે છઠ્ઠો હિસ્સો છે.
- ❑ જો મૈયતની ઔલાદ ન હોય અને વારસોમાં કેવળ માબાપ હોય તો માના માટે ૧/૩ છે. અલ્બત્ત જો મૈયતના ભાઈ બહેન હોય તો આ સ્થિતિમાં પણ માનો છઠ્ઠો હિસ્સો છે.

- ❑ પત્નીઓનો ઈન્તેકાલ થયો અને તેમની ઔલાદ ન હોય તો તેમના માલમાં પતિઓનો અડધો હિસ્સો છે, અને જો તેમની ઔલાદ છે તો પતિઓનો ચોથાઈ હિસ્સો છે.
- ❑ પતિનો ઈન્તેકાલ થયો અને તેની ઔલાદ નથી, તો એના માલમાં પત્નીઓ માટે ચોથાઈ હિસ્સો છે અને ઔલાદ હોય તો પત્નીઓ માટે આઠમો હિસ્સો છે.

વારસાનું પ્રકરણ ખૂબ જ લાંબુ છે અને એના મસાઈલ ઘણા બારીક છે અહીં એ વર્ણવવાનો હેતુ છે કે સરવરે કાઈનાત ﷺના નિઝામમાં સમાનતાની સાથે વારસાનો હુકમ છે કે દરેક હક્કદાર સુધી તેનો હક્ક પહોંચી જાય.

## ★ વારસાથી વંચિત ન કરો ★

આર્થિક રીતે કોઈ શખ્સ કમજોર ન રહે બલ્કે યથાશક્તિ તેને આર્થિક સમૃધ્ધિ મયસ્સર થાય એ વાતનો ખયાલ સરવરે કાઈનાત ﷺની તાલીમાતનો હિસ્સો છે. જો કોઈ શખ્સ મૃત્યુની નજીક છે અને તેની પાસે માલ તથા દૌલત છે તો પોતાની ઔલાદના માટે માલ દૌલત છોડી જવું જરૂરી છે. એવું ન કરે કે સર્વ કાંઈ વક્ફ કરી દે, અથવા કોઈ ગૈર વારસને બખ્શિશ આપી દે, કે એમાં ઔલાદની મેહરૂમી છે. રાહે ખુદામાં ખર્ચ કરવો બિલ્યકીન સવાબનું કામ છે પરંતુ ઔલાદનો ખયાલ કરવું પણ તો ઈબાદતનો ભાગ છે.

હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ વર્ણવે છે કે ફતહે મક્કાના વરસે મારી તબીઅત ખરાબ થઈ ગઈ, ત્યાં સુધી કે મને એવું લાગવા માંડયું કે હવે મારો ઈન્તેકાલ થઈ જશે. રસૂલે રહમત ﷺ મારી અયાદત માટે તશરીફ લાવ્યા. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી પાસે ઘણો માલ તથા દૌલત છે અને મારા વારસોમાં કેવળ એક પુત્ર છે, તો શું હું મારા માલના ૨/૩ હિસ્સા સદકો કરી દઉં ? સરવરે આલમ ﷺએ મના ફર્માવ્યું, મેં અર્ઝ કરી, તો શું ૧/૨ હિસ્સો સદકો કરું ? આપે ફર્માવ્યું નહીં ! મેં

અર્ઝ કરી તો શું ૧/૩ હિસ્સો સદકો કરી દઉં ? આપે ફર્માવ્યું :–

وَالثُّلُثُ كَثِيْرٌ اِنَّكَ اَنْ تَتْرُكَ وَرَثَتَكَ اَغْنِيَاءَ خَيْرٌ مِّنْ اَنْ تَتْرُكَهُمْ عَالَةً يَتَكَفَّفُوْنَ النَّاسَ۔

"ત્રીજો હિસ્સો પણ પૂરતો છે. તમે તમારા વારસોને માલદાર છોડો એ એ વાતથી બેહતર છે કે તેમને મોહતાજ છોડો અને તેઓ લોકોથી ભીખ માગતા ફરે." *(સુનને ઈબ્ને માજહ, ૩/૯૦૩)*

દુનિયાથી જનારા અમુક માણસો વિચારે છે કે નેકીઓના અંબાર સાથે લઈને જઈએ, પરંતુ એવામાં પણ સરવરે આલમ ﷺ હુકમ ફર્માવી રહ્યા છે કે તમારા વારસો માટે માલ તથા દૌલત છોડતા જાવ જેથી તેમને દુનિયામાં સહારો રહે.

## દરેક શખ્સને નિકાહનો હક્ક હાંસલ છે

નિકાહ માનવની જરૂરત છે અને એનાથી માનવ વંશવેલા બાકી છે. સરવરે આલમ ﷺના નિઝામ (જીવન બંધારણ)માં પુરૂષો તથા સ્ત્રીઓ બંનેવને પોતાની ખ્વાહિશોના એતબારથી નિકાહનો હક્ક હાંસલ છે શાદી વિવાહના મામલામાં ઈસ્લામના નિઝામ તથા અન્ય કૌમોની વ્યવસ્થા તથા નિયમોમાં અમુક સ્પષ્ટ તફાવતો છે. ઈસ્લામનું બંધારણ દરેક જણના માટે રહમત છે, જ્યારે કે અન્ય કૌમોના કાયદા વારંવાર ઝેહમત બની જયા કરે છે.

- ❑ ઈસ્લામે નિકાહના માટે કોઈ ઉંમરનું બંધન નથી કર્યું, જો કોઈ શખ્સ ચાહે નાની વયે પણ નિકાહ કરી શકે છે. અન્ય કૌમોમાં ઉંમર નિશ્ચિત કરેલ છે, બલ્કે ખુદ હિંદુસ્તાનમાં ૧૮ વરસ ઉંમરથી પહેલાં નિકાહ કરવો હવે કાનૂની ગુનોહ છે, ચાહે એનાથી પહેલાં બદકારી તથા વ્યભિચારના ઘૃણાસ્પદ ગુના કરી બેસે.
- ❑ ઈસ્લામે પુરૂષો તથા સ્ત્રીઓ બંનેવને ઈખ્તિયાર આપ્યો છે કે પોતાની પસંદથી નિકાહ કરે, જો તેમના વાલીઓએ તેમની મરજી વિરૂધ્ધ નિકાહ કરાવી આપ્યો છે તો તેમને ફસ્ખ કરવાનો હક્ક હાંસલ છે.

- ❑ વિવિધ ફાયદાઓ તથા હિકમતોને ધ્યાનમાં લઈને પુરૂષોને એકથી વધુ ચાર સુધી નિકાહ કરવાની ઈજાઝત આપવામાં આવી છે, અલ્બત્ત આ હુકમ શરતોનો પાબંદ કરવામાં આવેલ છે. ઘણી ક઼ૌમોમાં એની તદ્દન ઈજાઝત નથી.
- ❑ તલાક઼ થયેલી તથા વિધવા સ્ત્રીઓને નિકાહનો એટલો જ હક્ક઼ હાંસલ છે જેટલો કુંવારી સ્ત્રીઓને છે. બીજી ક઼ૌમોમાં આ સંબંધે કોઈ સંતોષકારક ક઼ાનૂન નથી બલ્કે અમુક ક઼ૌમોના કાયદામાં તો વિધવાઓને બીજો નિકાહ કરવાનો કોઈ હક્ક઼ નથી.

## ★ નિકાહ મુફલિસીને દૂર કરવાનો ઝરીયો છે ★

સામાન્યતઃ લોકોનો એ ખયાલ હોય છે કે પહેલાં બાળકો પોતે પોતાને આર્થિક રીતે સધ્ધર કરી લે પછી તેમનો નિકાહ કરાવવામાં આવે. આની રાહ જોવામાં બાળકોની ઉમરો વધતી ચાલી જાય છે અને ન જાણે કેટલાક ગુનાહોની તરફ પણ વળી જાય છે. ઈસ્લામી બંધારણમાં આવી કોઈ પાબંદી નથી લગાડવામાં આવી. એક વ્યક્તિ મહેરની અદાયગી અને પત્નીના ભરણપોષણની અદાયગી પર શક્તિમાન હોય તો નિકાહ કરી શકે છે. કુર્આનનું ફર્માન છે :–

وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ مِنْ عِبَادِكُمْ وَاِمَآئِكُمْ اِنْ يَّكُوْنُوْا فُقَرَآءَ يُغْنِهِمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ

"તમારા ત્યાંની પતિ વિહોણી સ્ત્રીઓના નિકાહ કરો, અને તમારા નેક ગુલામો અને બાંદીઓના. જો તેઓ મોહતાજ હોય તો અલ્લાહ પોતાના ફઝ્લના સબબે તેમને ગની કરી દેશે." *(સૂ. નૂર, આ–૩૨, કન્ઝુલ ઈમાન)*

એટલે કે એ ઈન્તેઝારમાં તેમને બેસાડી ન રાખો કે પહેલાં માલ દૌલત કમાય લે પછી શાદી કરવામાં આવશે, બલ્કે અલ્લાહ તબારક વ તઆલા નિકાહ બાદ ખુદ એમના માટે રોજીમાં વૃધ્ધિની વ્યવસ્થા કરી આપશે. અલ્બત્ત જો કોઈની પાસે એટલી પણ વ્યવસ્થા નથી કે તે મહેર તથા ભરણપોષણની વ્યવસ્થા કરી શકે તો એના માટે હુકમ થયો કે તે

પોતાના દામનને ગુનાહોથી બચાવે તો જલ્દીથી અલ્લાહ તબારક વ તઆલા તેને પણ શક્તિમાન કરી દેશે.

કુર્આનનું ફર્માન છે :–

وَلْيَسْتَعْفِفِ الَّذِيْنَ لَا يَجِدُوْنَ نِكَاحًا حَتّٰى يُغْنِيَهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ

"અને જોઈએ કે પવિત્રતા પાળે તે કે જેઓ નિકાહની કેપેસિટી નથી ધરાવતા, ત્યાં સુધી કે અલ્લાહ પોતાના ફઝ્લથી તેમને શક્તિવાન કરી આપશે." *(સૂ. નૂર, આ.૩૨, કન્ઝુલ ઈમાન)*

## ★ નિકાહનો રિવાજ સમાજમાં શાંતિની પૂર્વભૂમિકા છે ★

દાંમ્પત્ય જીવન જીવવું માનવ જરૂરત છે અને માનવ પ્રકૃતિના તકાઝા હેઠળ છે કે તેની સાથે જિંદગીના લાંબા સફરમાં કોઈ જીવનસાથી હોય જે તેના માટે સંતોષનો ઝરીયો બને. જો એ સંતોષનો ઝરીયો જાઈઝ તરીકાથી ન મળે તો ઘણીવાર માણસનું દિલ તેને નાજાઈઝ તરીકાથી હાંસલ કરવા પ્રતિ દોરે છે એન તે શખ્સ ઝિનાકારીનો શિકાર બની જાય છે, જેનાથી સમાજમાં અશાંતિ ફેલાય છે. એટલા માટે સરવરે આલમ ﷺના જીવન બંધારણમાં નિકાહને રીત રિવાજોથી પાક કરીને તદ્દન આસાન કરવામાં આવેલ છે કે એક શખ્સ કમસે કમ દસ દિરહમ મહેરનો હક્ક અદા કરે, ઈજાબો કુબૂલના ત્રણ બોલ બોલે અને નિકાહ થઈ ગયો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે સરવરે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

يَا مَعْشَرَ الشَّبَابِ مَنِ اسْتَطَاعَ الْبَاءَةَ فَلْيَتَزَوَّجْ فَإِنَّهُ أَغَضُّ لِلْبَصَرِ وَأَحْصَنُ لِلْفَرْجِ

"હે નવયુવાનની જમાઅત ! તમારામાંથી જે કોઈ પત્ની રાખવાની શક્તિ ધરાવે છે તેણે જોઈએ કે નિકાહ કરી લે, એટલા માટે કે નિકાહ નિગાહોને ઝુકાવનાર અને શર્મગાહની રક્ષા કરનાર છે. *(સહીહ બુખારી, ૭/૩)*

આપ જુઓ કે જે કૌમ તથા દેશમાં નિકાહને મુશ્કેલ બનાવી દેવામાં આવે છે એમાં ઝિનાકારી કેટલા પ્રમાણમાં આમ થઈ જાય છે, અને જે

સમાજમાં ઝિનાકારી આમ થઈ જાય ત્યાં અમ્નો સુકૂન કેટલા પ્રમાણ ઉઠી જાય છે.

આજે હિંદુસ્તાનના મુસલમાનોએ પણ ગૈરોની કાર્ય પધ્ધતિની દેખાદેખી નિકાહને ઘણો જ મુશ્કેલ બનાવી દીધો છે. માલદારો પોતાની પુત્રીઓની શાદીઓમાં એટલા પ્રમાણમાં ફુઝૂલખર્ચી કરે છે કે તેમને જોઈને મધ્યમવર્ગવાળાઓ પણ શાદી વિવાહમાં મેહફિલની રોનક વધારવા માટે ફુઝૂલ પૈસા લગાડવાથી અચકાતા નથી, ભલે પછી એ પૈસા વ્યાજમય કરજ પર લેવા પડે. એવામાં ગરીબ તબક઼ાના માટે પોતાની પુત્રીની શાદી એટલી મુશ્કેલ થઈ ગઈ છે કે પુત્રીના પેદા થતાં જ ગરીબ માણસ ચિંતિત થઈ જાય છે.

આમ ઈન્સાની હક્ક઼ોના સંબંધે સરવરે આલમ ﷺની તાલીમાતને અમલી સ્વરૂપ આપવું સમાજમાં અમ્નો સુકૂનને યથાવત રાખવા માટે સખત જરૂરી છે. એમાં જ માનવજાતની સલામતી છે અને માણસો માટે નજાતનો સામાન છે.

## ...પ્રકરણ : ૯

# હુઝૂર ﷺએ આમ ઈન્સાની બુરાઈઓને જુર્મ ઠરાવીને અને જુર્મો પર શિક્ષા તથા સજાઓ કરીને વિશ્વશાંતિને યક઼ીની બનાવી

સમાજનું સામાજિક માળખુ પાંચ ચીજો પર ઉભેલુ હોય છે, જો તેમાંથી કોઈ એકમાં ખલેલ પડી જાય તો તેનાથી સમાજનો પાયો ડગમગી જાય છે. તેનો અમ્ન તથા સુકૂન બર્બાદ થઈ જાય છે અને સમાજની દરેક વ્યક્તિ તકલીફ તથા બેચૈનીનો શિકાર થઈ જાય છે. એ પાંચ ચીજો આ પ્રમાણે છે : (૧) અક઼ીદા (માન્યતા)ની રક્ષા (૨) વંશની રક્ષા (૩) ઈજ્જત તથા આબરૂની રક્ષા (૪) જાનની રક્ષા (૫) માલ સંપત્તિની રક્ષા. સરવરે આલમ ﷺએ જે બંધારણ બનાવ્યું એ આ પાંચેવ ચીજોની રક્ષાને ખૂબ જ મહત્વ આપે છે. અને તેની રક્ષાના માટે ઈસ્લામી સમાજની દરેક વ્યક્તિની સહીહ તથા વાસ્તવિકપણે તર્બિયત (કેળવણી) કરે છે. તે એમના ઝમીરને ઝિંદા કરે છે અને તેમની બાતિની (આંત્રિક) રૂહને બુલંદ કરે છે, તેમનામાં રૂહાની તથા અખ્લાક઼ી સન્માનની અઝમત પેદા કરે છે. તેમનામાં પ્યાર મહોબ્બત, ત્યાગભાવના તથા કુર્બાની તથા આપસમાં માન સન્માનની ભાવના પેદા કરે છે.

પયગંબરે ઈસ્લામ ﷺએ જે સમાજની રચના કરી હક઼ીક઼ત તે જ એક દષ્ટાંત રૂપ સમાજ છે જેમાં અમ્નો અમાન તથા અદલો ઈન્સાફની બોલબાલા હતી. આપણી ઈસ્લામી ઈતિહાસ પ્રારંભિક યુગથી આ દષ્ટાંતોથી ભરપુર છે. આપણા પર એવો દૌર પણ પસાર થયો છે જ્યારે ક઼ાઝી સાહબ મહિનાઓ સુધી અદાવત લગાડીને બેસતા અને એક કેસ પણ તેમની સમક્ષ રજૂ થતો ન હતો. સ્ત્રી એકલી સફર કરતી હતી અને

તેને અલ્લાહની જાતના સિવાય કોઈનો ડર ન થતો હતો. કોઈની મજાલ ન હતી કે તેણીની તરફ આંખ ઉઠાવીને પણ જુએ.

આ રાહત તથા સુકૂન આ અમ્ન તથા ચેન ઈસ્લામી સજાઓ તથા ઈસ્લામી તાલીમો તર્બિયતનું પરિણામ હતું. દરેક સમાજમાં કેટલાક બીમાર તત્વો પણ હોય છે જેમના પર તર્બિયત તથા નસીહતની કોઈ અસર નથી થતી, તેઓ કેવળ કડકાઈવાળી ભાષા જ સમજે છે અને તેમને ગુનાહો કરવાથી કેવળ સજાઓ તથા શિક્ષાઓ જ રોકી શકે છે. સમાજમાં આવા લોકોનું દષ્ટાંત શરીરના તે બીમાર અંગની જેમ છે જેના ઈલાજના માટે ઈન્જેકશન લગાડવાની તથા ઓપરેશન કરવાની જરૂર પડે છે, જ્યારે કે તેના ઠીક થવાની ઉમ્મીદ હોય અને બીમારી હજી પોતાના પ્રાથમિક તબક્કામાં હોય. પરંતુ જો કોઈ અંગ સડી જાય તો તેને કાપીને શરીરથી અલગ કર્યા વિના ઉપાય નથી રહેતો, કે જેથી તેનું ઝહેર બીજા અંગો સુધી પ્રવેશીને આખા શરીરની બર્બાદીનો સબબ ન બને. ઈસ્લામી સજાઓ તથા શિક્ષાઓનો હેતુ બસ આ જ સામાજિક બીમારોનો ઈલાજ છે જેથી તેઓ તંદુરસ્ત થઈને સમાજના તંદુરસ્ત વ્યક્તિ બની શકે અને સાફ સુથરો ઈસ્લામી સમાજ ક઼ાયમ રહે.

કોઈ વ્યક્તિના અક઼ીદા, તેની ઈજ્જત, તેની જાન, તેની બુધ્ધિ તથા તેના માલ પર કોઈ પ્રકારનો અંગુલી નિર્દેશ ઈસ્લામી દષ્ટિએ મહાન જુર્મ છે, જેનાથી સામાજિક વ્યવસ્થા વેર વિખેર થઈ જાય છે. એટલા માટે એના પર સખ્ત પગલાં લેવાનું તજવીઝ કરવામાં આવ્યું જેથી કરીને મુજરિમને જુર્મમાં પડવાથી રોકવામાં આવે અને સમાજમાંથી ટંટા ફસાદનું મૂળ કાઢી નાખવામાં આવે. ઈસ્લામી સમાજમાં જ્યારે કોઈ શખ્સને તેનો નફસ તથા શૈતાન કોઈ જુર્મ કરવા માટે તૈયાર કરશે તો તે જુર્મમાં પડતાં પહેલાં વારંવાર તે અમલના પરિણામ વિશે વિચારવા મજબૂર થશે અને હોશમાં આવીને તે ગલત ઈરાદાને અમલી સ્વરૂપ આપવાથી દૂર રહેશે. દરેક તે ગુનાહો જે સમાજમાંથી અમ્નો સુકૂનના ખાત્માનો સબબ બની શકે છે તેના પર સરવરે કાઈનાત ﷺએ પાબંદી લગાડી દીધી, તેની ખરાબી વર્ણવી, મોટા ગુનાહો

પર શિક્ષાઓ તથા સજાઓ નિશ્ચિત કરી અથવા તો પછી આખેરતના અઝાબનો ઉલ્લેખ કર્યો.

## પયગંબરે અમ્ન ﷺએ નાહક્ક઼ ક઼ત્લને મહાન જુર્મ ઠરાવ્યો

સરવરે કાઈનાત ﷺના દુનિયામાં આગમન પહેલાં દુનિયા જે ગંભીર ગુનાહોમાં સપડાયેલી હતી એમાંથી એક ઘણો જ મહાન જુર્મ એ હતો કે તેમને કોઈ માણસનું નાહક઼ ખૂન કરવાનુ જરાય અઘરૂ લાગતુ ન હતું. એકવાર જંગ છોડાઈ ગઈ તો હવે કેટલાય લોકોની જાન લીધા પછી રોકાશે એ કોઈ જાણતુ ન હતું. એના ઉપરાંત પણ ક્યારે કોણ કોની ગરદન મારી દેશે એ વાતની પણ કોઈ જમાનત ન હતી. સરવરે કાઈનાત ﷺએ કોઈ વ્યક્તિને નાહક઼ ક઼ત્લ કરવો મહાન ગુનોહ ઠરાવ્યો, એના સંબંધે આવેલી ધમકીઓનો ઉલ્લેખ કર્યો અને દુનિયામાં પણ એના માટે ક઼ેસાસ (ખૂનનો બદલો ખૂન) લાગુ પાડયો.

### ★ એક જાનનો ક઼ત્લ પૂરી ઈન્સાનિયતના ક઼ત્લ બરાબર ★

અલ્લાહ તઆલાએ ઈન્સાનોને ઈજ્જત તથા અઝમત અતા ફર્માવી છે અને કેમ કે કોઈ માણસનું નાહક઼ લોહી વહાવવું તેની બેઈજ્જતી છે, જેથી કોઈ એક માનવ જાતની બેઈજ્જતી કરનાર આખી માનવજાતની બેઈજ્જતી કરનાર મુજરિમ ઠરે છે.

કુર્આને મુક઼દસે એક જાનની ક઼ત્લને આખી માનવજાતના ખૂનના સમાન ઠરાવેલ છે. ફર્માને કુર્આન છે :–

مَنْ قَتَلَ نَفْسًا بِغَيْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِي الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ جَمِيْعًا

''જેણે કોઈ જાન ક઼ત્લ કરી જાનના બદલા વિના અથવા જમીનમાં ફસાદ (ઝઘડો) કર્યો તો જાણે તેણે સર્વ લોકોને ક઼ત્લ કર્યા.''

*(સૂ. માઈદા, આ.પ, કન્ઝુલ ઈમાન)*

આ આયતથી અંદાઝો કરો કે નાહક કોઈનું ખૂન કરવાને કેટલો

ગંભીર ગુનો ઠરાવવામાં આવ્યો કે એક નાહક઼ ખૂન પૂરી કાઈનાતના ખૂને નાહક઼ના સમાન ઠરાવવામાં આવેલ છે.

## ★ મુસલમાનની પેહચાન એ છે કે તે નાહક઼ કોઈનુ ખૂન નથી કરતો ★

અલ્લાહના ખાસ બંદાઓની કુર્આનમાં વિવિધ ખૂબીઓ વર્ણન કરવામાં આવેલી છે એમાંની એક ખૂબી એ પણ છે કે અલ્લાહના ખાસ તથા નજીકના બંદા કદી કોઈનું નાહક઼ ખૂન કરી જ નથી શકતા. ઈર્શાદે રબ્બાની છે :–

وَلَا يَقْتُلُوْنَ النَّفْسَ الَّتِيْ حَرَّمَ اللّٰهُ اِلَّا بِالْحَقِّ

"અને આ જાનને જેની અલ્લાહે હુર્મત (ઈજ્જત) રાખી નાહક઼ નથી મારતા." *(સૂ. ફુર્કાન, આ. ૬૮, કન્ઝુલ ઈમાન)*

એટલા માટે કે મુસલમાન જે પયગંબરને અનુસરે છે તેમણે જાનવરોને પણ નાહક઼ સતાવવા પર પાબંદી લગાડી છે. વિશ્વશાંતિની સ્થાપ્ના માટે નાહક઼ ખૂન પર પાબંદી સૌથી મહત્વની જરૂરત છે. એટલા માટે આ આયતે મુક઼દસામાં એને "ઈબાદુર્રહમાન"ની સિફત (ખૂબી)માં ગણવામાં આવ્યો છે. જે કોઈએ પણ ઈબાદુર્રહમાનના ગૃપમાં પોતાની ગણના કરાવવી હોય તેણે પોતે પોતાને જરૂર આ કામથી રોકવો પડશે.

## ★ નાહક઼ ખૂનની ગણના સૌથી મહાન ગુનાહોમાં ★

ગુનાહ તથા જુર્મના પણ વિવિધ દરજાઓ છે એમાંથી જે સૌથી મોટા દરજાના ગુનાહ છે એમાં સરવરે કાઈનાત ﷺએ નાહક઼ ખૂનની પણ ગણના કરેલ છે.

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

اَكْبَرُ الْكَبَائِرِ الْاِشْرَاكُ بِاللّٰهِ وَقَتْلُ النَّفْسِ وَعُقُوْقُ الْوَالِدَيْنِ وَقَوْلُ الزُّوْرِ

"કબીરા ગુનાહોમાં સૌથી મોટો ગુનોહ અલ્લાહ તઆલાની સાથે કોઈને શરીક કરવું, કોઈની જાનને (નાહક઼) ક઼ત્લ કરવું, મા બાપની

નાફર્માની કરવી અને જૂઠી શહાદત આપવું છે. *(સહીહ બુખારી, ૯/૩)*

આ હદીષે પાકમાં અકબરુલ્ કબાઈર એટલે સૌથી મોટા ગુનાહોની ગણત્રી કરવામાં આવી જેમાં બીજા સ્થાને જાનના ખૂનનો ગુનાહ વર્ણવ્યો છે, આ પરથી આ ગુનાહની ગંભીરતાનો અંદાઝો કરી શકાય છે.

### ★ ખૂન કરતી વખતે ખૂની મોમિન નથી હોતો ★

પયગંબરે અમ્ન ﷺએ જે સમાજની રચના કરી તેનો તર્બિયત પામેલો કદી પણ કોઈને રજમાત્ર ઈજા પહોંચાડવાનું પસંદ કરશે નહીં, તો કેવી રીતે બને કે તે કોઈ જાનને નાહક઼ ક઼ત્લ કરે ! એટલા માટે આક઼ાએ રહમત ﷺએ નાહક઼ ક઼ત્લને મોમિનના કિરદારની વિરૂધ્ધ ઠરાવ્યું છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે કે નબી અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا يَقْتُلُ الْقَاتِلُ حِيْنَ يَقْتُلُ وَهُوَ مُؤْمِنٌ۔

"જે વખતે ક઼ાતિલ કોઈને (નાહક઼) ક઼ત્લ કરે છે તો તે મોમિન નથી હોતો." *(મજમઉઝ્ ઝવાઈદ, ૭/૨૯૫)*

### ★ નાહક઼ ક઼ત્લ કરનારાની મગફેરત થશે નહીં ★

ક઼યામતના દિવસે જ્યારે હિસાબ કિતાબનો ક્રમ શરૂ થશે તો ઘણા એવા મુજરિમો હશે જેમને અલ્લાહ તબારક વ તઆલા પોતાના ફઝ્લથી માફ કરી દેશે. મોટી સંખ્યા એવા લોકોની હશે જેમને સરવરે દો આલમ ﷺની શફાઅતથી માફ કરી આપશે, પણ એવા ઘણા બદનસીબ પણ હશે જેઓ આ બંનેવ મહેરબાનીઓથી વંચિત રહેશે.

હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہથી મરવી છે કે નબીયે કરીમ ﷺએ ફર્માવ્યું :–

كُلُّ ذَنْبٍ عَسَى اللّٰهُ اَنْ يَّغْفِرَهٗ يَوْمَ الْقِيَامَةِ اِلَّا مَنْ مَّاتَ مُشْرِكًا اَوْ قَتَلَ مُؤْمِنًا مُّتَعَمِّدًا۔

''દરેક ગુનાહના બારામાં ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા કયામતના દિવસે તેને માફ કરી આપે, સિવાય એ શખ્સના જે મુશ્રિક થઈને મર્યો અથવા જેણે કોઈ મુસલમાનને જાણીબુઝીને કત્લ કર્યો હોય.

મુશ્રિક થઈને મર્યો તો અબદુલ આબાદ (હમેશાં હમેશ)ના માટે જહન્નમમાં જશે, અને નાહક કત્લ કરી તો પણ અલ્લાહની રહમત તથા સરવરે કાઈનાત ﷺની શફાઅતથી મેહરૂમ થઈને જહન્નમના અઝાબની મજા જરૂર ચાખશે.

## ★ નગ્ન તલવાર લેવા દેવાથી પણ મના કર્યું ★

કોઈના નાહક ખૂનની ખરાબીનો અંદાઝો આ વાત પરથી પણ લગાડી શકો છો કે સરકારે અબદ કરાર ﷺએ નગ્ન તલ્વાર લેવા દેવાથી પણ મના કર્યું. આ એ કારણે કે કદી ભૂલથી પણ કોઈને તકલીફ ન થઈ જાય.

હઝરત જાબિર رضی اللہ عنہ વર્ણવે છે :–

نَهٰى رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ اَنْ يُّتَعَاطَى السَّيْفُ مَسْلُوْلًا۔

''રસૂલે અકરમ ﷺએ નગ્ન તલ્વાર લેવા દેવાથી મના કર્યું.''

*(સુનને તિર્મિઝી, ૪/૪૬૪)*

સુબ્હાનલ્લાહ ! જે રસૂલની તાલીમમાં એ વાતથી પણ મનાઈ હોય જેનાથી કોઈને ઈજા પહોંચવાની શક્યતા હોય તેમની નજીક કોઈ જાનને નાહક કત્લ કરવી કેટલો મહાન જુર્મ હશે એનો અંદાઝો લગાડી શકીએ છીએ. તે અમ્નના દાઈ (શાંતિની દાવત આપનાર) છે, દરેક તે કામથી મના કરે છે જે અમ્નની વિરૂધ્ધ હોય.

## ★ જાનવરોના નાહક્ક કત્લનો પણ હિસાબ આપવો પડશે ★

માણસોનુ નાહક ખૂન કરવું તો બુરો જુર્મ છે જે પણ પયગંબરે અમ્ન ﷺએ તો જાનવરોને પણ નાહક કત્લ કરવાથી મના કર્યું છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી મરફુઅન મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : ''જેણે કોઈ પક્ષી (ચકલી) કે

એનાથી નાના જાનવરને મક્સદ વિના તથા નાહક્ કત્લ કર્યું તો અલ્લાહ તઆલા ક્યામતના દિવસે એના બારામાં તેની પૂછતાછ કરશે, અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ એનો હક્ક્ શું છે ? ફર્માવ્યું, તેનો હક્ક્ એ છે કે એને ઝબહ કરીને ખાય લો. એવું ન કરો કે એનુ માથુ કાપીને એને ફેંકી દો.'' *(સુનને નિસાઈ, ૭/૨૩૯)*

જે જાનવરોને ખાવાનું હલાલ ઠરાવવામાં આવ્યું છે તેમને એ રીતે ઝબહ કરવાં કે ઓછામાં ઓછી તકલીફ થાય, અને ઝબહ કરવાનો મક્સદ ખાવાનો હોય, શિકાર કરીને મજા માણવું ન હોય તો એમાં કોઈ વાંધો નથી, નહીં તો એની પણ મનાઈ છે. તે પયગંબર જેમણે નાનાં નાનાં જાનવરોને પણ નાહક્ કત્લ કરવું મના ઠરાવ્યું તે કોઈ ઈન્સાનના નાહક્ કત્લને કેવી રીતે પસંદ કરી શકે છે ?!

## ★ નાહક્ કત્લ પર કેસાસનો હુકમ ★

નાહક્ કત્લથી જમીનને નાપાક કરવા તથા તેના પર સંપૂર્ણપણે પાબંદી લગાડવા માટે પયગંબરે અમ્ન ﷺએ કુર્આનના હુકમના પ્રમાણે કેસાસને ઈસ્લામી કાનૂન ઠરાવી આપ્યો. કેસાસ (ખૂનના બદલે ખૂન) એ જાહિલિયતના દૌરમાં પણ રિવાજમાં હતો પણ એના માટે કોઈ કાયદા કે બધારણની પાબંદી કરવામાં આવી ન હતી. જે જોરાવર હોતા તેઓ કમજોરો પર જુલ્મ કરતા. કોઈ પ્રભાવશાળી શક્તિવાળા કબીલાના માણસને કત્લ કરી દેવામાં આવતો તો તેનો બદલો કેવળ કાતિલથી જ નહીં બલ્કે તેના કબીલાના મોટાભાગની વ્યક્તિઓ અથવા તો પૂરા કબીલાવાળાઓથી લેવામાં આવતો, માસૂમ તથા નિર્દોષ વ્યક્તિઓને પણ કત્લ તથા ખૂનરેજીની આગમાં ઝોંકી દેવામાં આવતી. આ રીતે પોતાની બદલાના જોશની આગને ઠંડી કરવામાં આવતી. ક્યાંક એવો દસ્તૂર હતો કે કોઈ સ્ત્રી કત્લ કરતી તો તેના બદલામાં તેના કબીલાના કોઈ પુરૂષને કત્લ કરવામાં આવતો, અને કોઈ પુરૂષ કત્લ કરતો તો તેના બદલામાં બે પુરૂષોને કત્લ કરવામાં આવતા. સરવરે આલમ ﷺએ કેસાસના સંબંધે પણ રિવાજ પામેલા સર્વ જાલિમાના દસ્તૂરોને ખત્મ કર્યા અને કેસાસનો પણ એવો

ન્યાય પર આધારિત નિયમ સ્થાપિત કર્યો એ અમ્નને યથાવત રાખવા માટે ખૂબ જ અસરકારક છે.

ફર્માને બારી તઆલા છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُتِبَ عَلَيْكُمُ الْقِصَاصُ فِي الْقَتْلٰى ؕ اَلْحُرُّ بِالْحُرِّ وَالْعَبْدُ بِالْعَبْدِ وَالْاُنْثٰى بِالْاُنْثٰى ؕ

"હે ઈમાનવાળાઓ ! તમારા પર ફર્ઝ છે કે જેઓ નાહક઼ માર્યા જાય તેમના ખૂનનો બદલો લો, આઝાદના બદલે આઝાદ, ગુલામના બદલે ગુલામ અને સ્ત્રીના બદલે સ્ત્રી." *(સૂ. બક઼રહ, આ. ૧૭૮, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં બતાવવામાં આવ્યું કે જે ક઼ત્લ કરશે તેને જ ક઼ત્લ કરવામાં આવશે, ચાહે આઝાદ હોય કે ગુલામ, પુરૂષ હોય કે સ્ત્રી. જાહિલિયતવાળાઓનો એ તરીકો જુલ્મ છે જે એમનામાં પ્રચલિત હતો કે આઝાદોમાં લડાઈ થતી તેઓ એકના બદલે બે ક઼ત્લ કરતા, ગુલામોમાં થતી તો ગુલામને બદલે આઝાદને ક઼ત્લ કરતા, સ્ત્રીઓમાં થતી તો સ્ત્રીઓને બદલે પુરૂષને ક઼ત્લ કરતા, અને ફક્ત ક઼ાતિલના ક઼ત્લ પર ન અટકતા.

ક઼ેસાસની આ વ્યવસ્થા દુનિયામાંથી ખૂના મરકીને ખત્મ કરવામાં એટલા પ્રમાણમાં અસરકારક છે કે કોઈ પણ શખ્સ કોઈનો ક઼ત્લ કરવાનો ઈરાદો કરશે તો તેની નજરોની સામે તેનો બદ અંજામ હશે કે આ બુરા કૃત્યના બદલામાં તે પોતાની જાનથી પણ હાથ ધોઈ બેસશે. સરવરે આલમ ﷺના નિઝામમાં કોઈ ફઝ્લો કમાલવાળા માટે અથવા તો કોઈ પ્રતિષ્ઠાવાન વ્યક્તિ માટે પણ કોઈ લચક (છૂટછાટ) નથી. ક઼ત્લનો ઈરાદો કરનાર પોતાના બુરા અંજામના ડરથી આ બુરા કાર્યથી પોતાનો હાથ રોકી લેશે જેથી નાહક઼ ખૂનનો દરવાજો બંધ થઈ જશે.

એના પ્રતિ આ કુર્આનના ફર્માનમાં નિર્દેશ છે :–

وَلَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ يّٰۤاُولِي الْاَلْبَابِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ۝

"અને ખૂનનો બદલો લેવામાં તમારી જિંદગી છે, હે બુધ્ધિશાળીઓ ! કે ક્યાંક તમે બચો." *(સૂ. બકરહ, ૧૭૯)*

કેમ કે કિ઼સાસ નિશ્ચિત થવાથી લોકો કોઈને નાહક઼ ક઼ત્લ કરવાથી દૂર રહેશે અને આ રીતે જાનો બચી જશે.

## ★ ખૂનના બારામાં ક઼યામતમાં સૌ પ્રથમ ફૈંસલો થશે ★

નાહક઼ ક઼ત્લ પર ક઼ેસાસ એ વખતે લેવામાં આવશે જયારે કે ઈસ્લામી હુકૂમત હોય અને ઈસ્લામી ક઼ાયદાઓના મુજબ ફૈંસલો થાય. જો ક્યાંક ઈસ્લામી હુકૂમત ન હોય અથવા કોઈ કારણે નાહક઼ ક઼ત્લ કરવાવાળો ક઼ાનૂની પકડથી બચી જાય તો પણ અલ્લાહની પકડથી બચી નથી શકતો. તે તો ક઼યામતના દિવસે રજકણ બરાબર જુલ્મનો પણ ફૈંસલો કરનાર છે. હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું કે ક઼યામતના દિવસે સૌથી પ્રથમ નાહક઼ ખૂનનો હિસાબ લેવામાં આવશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ રિવાયત કરે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું :–

اَوَّلُ مَا يُقْضٰى بَيْنَ النَّاسِ يَوْمَ الْقِيٰمَةِ فِي الدِّمَاءِ۔

"ક઼યામતના દિવસે લોકો દરમ્યાન સૌ પ્રથમ ખૂનોના બારામાં ફૈંસલો થશે." *(સહીહ બુખારી, ૯/૨)*

અને આગળ હઝરત ઓબાદા બિન સામિત رضی اللہ عنہની રિવાયત વર્ણન થઈ ચૂકી છે કે દરેક ગુનોહ બખ્શવામાં આવી શકે છે સિવાય નાહક઼ ક઼ત્લના, કે જે કોઈએ નાહક઼ ક઼ત્લ કરી હશે તેણે જહન્નમની મજા ચાખવી જ પડશે.

## ★ પયગંબરે અમ્ન ﷺની આખરી વસિયત ★

ખુત્બએ હજજતુલ વિદાઅ એ સરવરે આલમ ﷺનો ઈર્શાદ ફર્માવેલો સર્વ ક્ષેત્રિય ખુત્બો છે. આ ખુત્બામાં સરકારે અબદ ક઼રાર ﷺએ ખૂનની હુર્મતની કેટલા પ્રમાણમાં તાક઼ીદ ફર્માવી તેનો અંદાઝો આ રિવાયતના શબ્દો અને તેના વર્ણનના અંદાઝ પર લગાડી શકાય છે.

હઝરત અબૂ બકર સિદ્દીક઼ رضی اللہ عنہ વર્ણવે છે કે સરવરે કાઈનાત ﷺ પોતાના ઊંટ પર સવાર થયા. એક શખ્સે તેની લગામને પકડેલી હતી. આપે લોકોને સવાલ કર્યો આજે કયો દિવસ છે ?

હદીષના રાવી કહે છે કે અમે ખામોશ હતા. અમને એવું લાગ્યું કે બની શકે છે કે એનું કોઈ અન્ય નામ હુઝૂર ﷺ વર્ણન કરશે. હુઝૂર ﷺએ પોતે જ ફર્માવ્યું કે શું આ યૌમુન્નહર નથી ? અમે કહ્યું, હા : આપે ફર્માવ્યું, આ કયો મહિનો છે ? અમો ખામોશ હતા. અમને એવું લાગ્યું કે શક્ય છે એનું કોઈ અન્ય નામ હુઝૂર ﷺ દર્શાવશે. હુઝૂર ﷺએ પોતે જ ફર્માવ્યું, શું આ ઝિલ હજ્જ નથી ? અમે કહ્યું, હા ! આપે ફર્માવ્યું :–

فِاِنَّ دِمَائَکُمْ وَاَمْوَالَکُمْ وَاَعْرَاضَکُمْ عَلَیْکُمْ حَرَامٌ کَحُرْمَةِ یَوْمِکُمْ ھٰذَا فِیْ شَھْرِکُمْ ھٰذَا فِیْ بَلَدِکُمْ ھٰذَا اِلٰی یَوْمِ تَلْقَوْنَ رَبَّکُمْ۔

''બેશક ! તમારાં લોહી, તમારા માલો તથા તમારી ઈજ્જતો તમારા પર એવી જ હરામ છે જેવી રીતે કે તમારા આ દિવસની હુર્મત (ઈજ્જત) આ મહિના અને આ શહેરમાં છે ત્યાં સુધી કે તમે તમારા રબથી મુલાકાત કરો.'' *(સહીહ બુખારી, ૧/૨૪)*

આ હદીષમાં જાન તથા માલ, ઈજ્જત તથા આબરૂને ત્રણ હુર્મતોની સાથે મિલાવીને વર્ણવવામાં આવી. હુર્મતવાળા શહેરમાં, હુર્મતવાળા મહિનામાં, હુર્મતવાળા દિવસની જેટલા પ્રમાણમાં હુર્મત છે એટલા પ્રમાણમાં એક ઈન્સાનના લોહીની હુર્મત એક ઈન્સાનના માટે છે.

## સરવરે કાઈનાત ﷺએ જુલ્મોને ખત્મ કર્યા

જે દૌરમાં પયગંબરે રહમત સરકારે અબદ કરાર ﷺ દુનિયામાં તશરીફ લાવ્યા તે દૌરમાં જુલ્મો સિતમ અતિશય કક્ષાએ હતા. દરેક શક્તિવાળો કમજોરો પર જુલ્મો સિતમના પહાડ તોડવાને પોતાના માટે ફખ્ર સમજતો. હક્કવાળાઓ પોતાના હક્કોથી વંચિત હતા અને તેમના હક્કોના માટે અવાજ ઉઠાવનાર પણ કોઈ ન હતું. આવા માહોલમાં અરબની ભૂમિ પર અમ્નો અમાનનો નિમંત્રક જલ્વાગર થાય છે કે એના કારણે મઝલૂમોને જુલ્મથી છૂટકારો મળે છે, હક્કવાળાઓને તેમનો હક્ક મળે છે અને દુનિયા અમ્નો સુકૂનનો બાગ બની જાય છે.

બુરાઈઓ પર બ્રેક લગાડવા અને તેમને નેસ્તો નાબૂદ કરવા માટે આક઼ાએ નેઅમત ﷺએ જે ભરપુર કોશિશ કરી છે તે આપની વિશિષ્ટતા હતી. આપે દરેક જુર્મ પર પાબંદી લગાડવા માટે તેની ખરાબી તથા તેના માટે થનાર અઝાબોનું વર્ણન કર્યું. કોઈના પર જુલ્મ થાય એ સરવરે કાઈનાત ﷺને હરગિઝ પસંદ નથી એટલા માટે આપે જોર જુલ્મની રોકથામના માટે તેની બુરાઈ વર્ણવી અને એના પર થનારા અઝાબોનું વર્ણન કર્યું, જેથી કરીને જુલ્મનો ઈરાદો કરનાર પોતાના બુરા અંજામ વિશે વિચારીને જુલ્મથી દૂર થઈ જાય.

**★ ક઼યામતના દિવસે દરેક જુલ્મનો બદલો આપવામાં આવશે ★**

દુનિયામાં કોઈ પોતાના ઊંચાપણાને લઈને કોઈના પર જુલ્મ કરીને અથવા કોઈને તકલીફ પહોંચાડીને વિચારતો હોય કે તે બચી જશે, તેણે યાદ રાખવું જોઈએ કે ક઼યામતના દિવસે તે અલ્લાહ તબારક વ તઆલાની પકડથી બચી શકશે નહીં. ક઼યામતના દિવસે દરેક જાલિમને તેના જુલ્મનો બદલો આપવામાં આવશે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

لَتُؤَدُّنَّ الْحُقُوقَ إِلَى أَهْلِهَا يَوْمَ الْقِيَامَةِ حَتّٰى يُقَادَ لِلشَّاةِ الْجَلْحَاءِ مِنَ الشَّاةِ الْقَرْنَاءِ.

"તેમણે ક઼યામતના દિવસે હક્ક઼વાળાઓના હક્ક઼ જરૂર અદા કરવા પડશે, ત્યાં સુધી કે સીંગો વિનાની બકરીને સીંગોવાળી બકરીથી બદલો અપાવવામાં આવશે." *(સહીહ મુસ્લિમ, ૪/૧૯૯૮)*

જાનવરો શરીઅતના હુકમોનાં પાબંદ નથી હોતાં તેમ છતાં પણ ક઼યામતના દિવસે માણસોને જુલ્મનો અંજામ દેખાડવાના માટે આ મન્ઝર પેશ કરવામાં આવશે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ કહ્યું કે ક઼યામતના દિવસે જ્યારે જાનવરો તથા ચોપગાંને ઉઠાવવામાં આવશે અને તેમને એક બીજાથી બદલો અપાવવામાં આવશે. જો સીંગવાળાએ વિના સીંગવાળાને માર્યુ હશે તો તેને બદલો અપાવવામાં આવશે. ત્યાર બાદ તે સૌને માટી

બનાવી દેવામાં આવશે. એ જોઈને કાફિર તમન્ના કરશે કે કાશ ! મને પણ મારી બનાવી દેવામાં આવત. એનું જ વર્ણન કુર્આને મુક઼દ્દસની આ આયતમાં છે :–

يَوْمَ يَنْظُرُ الْمَرْءُ مَا قَدَّمَتْ يَدَاهُ وَيَقُوْلُ الْكٰفِرُ يٰلَيْتَنِيْ كُنْتُ تُرٰبًا۔

"જે દિવસે માણસ જોશે જે કાંઈ તેના હાથોએ આગળ મોકલ્યું અને કાફિર કહેશે, હાય ! હું કોઈ રીતે માટી બની જાત !"

*(સૂ. નબા, આ. ૪૦, કન્ઝુલ ઈમાન)*

## ★ ક્યાંક જુલ્મના કારણે નેકીઓ બેકાર ન થઈ જાય ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીયે રહમત ﷺ એ ફર્માવ્યું :–

مَنْ كَانَتْ عِنْدَهٗ مَظْلِمَةٌ لِّاَخِيْهِ فَلْيَتَحَلَّلْهُ مِنْهَا، فَاِنَّهٗ لَيْسَ ثَمَّ دِيْنَارٌ وَّلَا دِرْهَمٌ، مِنْ قَبْلِ اَنْ يُّؤْخَذَ لِاَخِيْهِ مِنْ حَسَنَاتِهٖ، فَاِنْ لَّمْ يَكُنْ لَّهٗ حَسَنَاتٌ اُخِذَ مِنْ سَيِّئَاتِ اَخِيْهِ فَطُرِحَتْ عَلَيْهِ۔

"જે કોઈએ પોતાના ભાઈ પર જુલ્મ કર્યો હોય તો તેણે જોઈએ કે તેનાથી માફી તલાફી કરી લે, એટલા માટે કે ક઼યામતના દિવસે દિરહમ તથા દીનાર નહીં હોય, તો મઝલૂમને જાલિમની નેકીઓ આપી દેવામાં આવશે. જો તેની પાસે નેકીઓ નહીં હોય તો એ જુલ્મપીડિતના ગુનાહ એના માથેથી ઉતારીને એ જાલિમના માથે નાખી દેવામાં આવશે.

કોઈ શખ્સે દુનિયામાં નેકીઓ કરી છે પરંતુ કોઈને નાહક્ક઼ સતાવ્યો પણ છે, તો એ નાહક઼ સતાવવાના કારણે ક઼યામતના દિવસે તેની નેકીઓ એ જુલ્મના બદલામાં એ મઝલૂમને આપી દેવામાં આવશે. જો તેણે દુનિયામાં નેકીઓ ન કરી હશે તો તે મઝલૂમના ગુનાહ પણ ઉઠાવીને એ જાલિમના માથે રાખી દેવામાં આવશે. અને છેવટે તેણે તેના કરતૂતોનો અઝાબ પણ ચાખવો પડશે.

## ★ મામૂલી હક્ક઼ પચાવવા પર પણ જહન્નમ વાજિબ ★

મામૂલી હક્ક઼ મારવાને કોઈ નાનો સરખો ગુનોહ ન સમજે બલ્કે હક્ક઼ મારી ખાવાના મામલામાં મામૂલી વાતો પર પણ સરવરે કાઈનાત ﷺએ પાબંદી લાગુ કરી છે.

હઝરત અબૂ ઉમામા અયાસ બિન ષઅલ્બા હારષી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : જે શખ્સે જૂઠી ક઼સમ થકી કોઈ મુસલમાન શખ્સનો હક્ક઼ પચાવી પાડયો તેના માટે અલ્લાહ તઆલાએ જહન્નમની આગ વાજિબ કરી આપી, અને તેના માટે જન્નત હરામ કરી દીધી. એક માણસે કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ ચાહે તે મામૂલી સરખી ચીજ હોય ?! આપે ફર્માવ્યું કે ભલે તે પીલુડીના ઝાડની એક ડાળી જ હોય. *(સહીહ મુસ્લિમ, ૧/૧૨૨)*

જોર જુલ્મને આક઼ાએ કૌનેન ﷺએ કેટલા પ્રમાણમાં બુરુ ઠરાવેલ છે, એનો અંદાઝો આ રિવાયતથી લગાડી શકો છો કે પીલુડીના ઝાડની ડાળ જેવી મામૂલી ચીજને પણ જો કોઈએ કોઈથી નાહક્ક઼ લઈ લીધી તો એના પર જન્નત હરામ અને એના માટે જહન્નમ વાજિબ છે.

## ★ જુલ્મ ક઼યામતના દિવસે મુફલિસ બનાવી દેશે ★

દુનિયાની જિંદગી અમુક વરસોની હોય છે. આ જિંદગી જો કોઈએ તંગદસ્તીમાં પસાર કરી લીધી તો એના દિવસ રાતો ગમે તેમ કરીને પસાર થઈ જશે, પણ કેટલાક આખેરતમાં પણ તંગદસ્ત તથા મુફલિસ હશે, એ મુફલિસોનું વર્ણન આ હદીષમાં જુઓ :

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું તમે જાણો છો કે મુફલિસ કોણ છે ? તેમણે કહ્યું, અમારામાં મુફલિસ તે શખ્સ છે જેની પાસે દિરહમ તથા દીનાર અને માલ સંપત્તિ ન હોય. આપે ફર્માવ્યું, યક઼ીનન ! મારી ઉમ્મતનો મુફલિસ તે છે જે ક઼યામતના દિવસે નમાઝ, રોઝા અને ઝકાતની સાથે આવશે, અને તે એ રીતે આવશે કે તેણે કોઈને ગાળ આપી હશે, કોઈના પર આક્ષેપ લગાડયો હશે, કોઈનો

માલ ખાધો હશે, કોઈનું લોહી વહાવ્યું હશે અને કોઈને માર્યો હશે, તો તેને તેની નેકીઓ આપી દેવામાં હશે. અને જો તેની નેકીઓ અન્યોના હક્કો અદા થતા પહેલાં ખત્મ થઈ જશે તો તેમના ગુનાહોને એના માથા પર રાખી દેવામાં આવશે અને પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે." *(સહીહ મુસ્લિમ, ૪/૧૯૯૭)*

દુનિયા આખેરતની ખેતી છે, એમાં આપણે આપણા માટે તૂટીફૂટી નેકીઓ ભેગી કરીએ છીએ જેથી આખેરતમાં કામ આવી જાય. જો આપણે દુનિયામાં લોકોની હક્કતલફી કરી છે અને તેમનાથી માફી તલાફી નથી કરી તો કયામતના દિવસે તેમના હક્કોની અદાયગી માટે આપણી નેકીઓ તેમને આપી દેવામાં આવશે. તેમ છતાંય હક્કો બાકી રહ્યા તો તેમના ગુનાહો આપણા માથા પર નાખી દેવામાં આવશે. એટલા માટે આપણે હક્કોના મામલામાં ખૂબ જ ડરવું જોઈએ કે જેથી કયામતના દિવસે મુફલિસ થવાથી બચી જઈએ. દુનિયામાં જો કોઈ મુફલિસ છે તો તેની મદદ કરવાવાળા ઘણા લોકો છે, પરંતુ આખેરતમાં કોઈ મુફલિસ થઈ ગયો તો ત્યાં કોઈ મદદ થશે નહીં.

આ મુબારક હદીષોમાં સરવરે આલમ ﷺએ જુલ્મ તથા હક્ક તલફીને ગંભીર ગુનોહ ઠરાવ્યો છે અને એ વાત સ્પષ્ટ કરી આપી કે દુનિયામાં જો કોઈએ કોઈના પર જુલ્મ કર્યો અથવા કોઈની હક્ક તલફી કરી તો તે એવો જુર્મ છે કે આખેરતમાં તેને તેની સજા મળશે અને મળશે જ.

## કોઈની ઈજ્જત આબરૂથી ખેલવું નાપસંદીદા અમલ

ઈજ્જત આબરૂ ઈન્સાનને એ રીતે પસંદ હોય છે જેવી રીતે તે માલ તથા દૌલતને પ્રિય ગણે છે, બલ્કે એક બાગૈરત ઈન્સાનના માટે ઈજ્જત તથા આબરૂ માલ દૌલતથી પણ વધીને છે કે તે પોતાની જાનની હિફાઝત પર પોતાની ઈજ્જત આબરૂની હિફાઝતથી વધીને સમજે છે. એ અલગ વાત છે કે મોડર્ન વર્ગથી ફેશનના નામ પર ઈજ્જતની કિંમત ખત્મ થતી જઈ રહી છે, પરંતુ હજી દુનિયામાં ગૈરતમંદોની સંખ્યા ઘણી મોટી છે.

સરવરે આલમ ﷺના બંધારણમાં કોઈની ઈજ્જત આબરૂની સાથે ખેલવું અથવા કોઈની સાથે એવો મામલો કરવો જે તેની ઈજ્જતની લિલામીનો સબબ બને એ બુરો જુર્મ છે. એનાથી સખ્તીપૂર્વક મનાઈ કરવામાં આવેલ છે. અને દરકે જણની ઈજ્જત, તથા આબરૂને મેહફૂઝ કરવામાં આવેલ છે. કોઈની મઝાક ઉડાડીને કોઈની અયબો ઉખેડીને, કોઈની ગીબત કરીને અથવા કોઈના રાઝને ખોલી કાઢીને તેની ઈજ્જતની સાથે ખેલ ખેલવો ઈસ્લામની નજરમાં હરગિઝ પસંદ નથી.

## ★ મઝાક ઉડાડવાની મનાઈ ★

હંસી મઝાક એક મર્યાદિત વર્તુળમાં રહીને જાઈઝ છે. ખુદ સરવરે આલમ ﷺ તથા આપના સહાબીઓથી પણ એની સાબિતી છે. પરંતું કોઈને હંસી મઝાકનો એ રીતે નિશાન બનાવવો કે તેની ઈજ્જતની બેઈજ્જતી થઈ જાય એ ઈસ્લામમાં જાઈઝ નથી. ખાસ કરીને એવી વાતો જે તેની અંદર અયબ તથા ખામી રૂપે છે તેને લઈને મઝાક ઉડાડવી એ તો ઘણો જ મોટો જુર્મ છે. ફર્માને બારી તઆલા છે :–

يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسٰى اَنْ يَّكُوْنُوْا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَآءٌ مِّنْ نِّسَآءٍ عَسٰى اَنْ يَّكُنَّ خَيْرًا مِّنْهُنَّ۔

"હે ઈમાનવાળાઓ ! ન પુરૂષો પુરૂષોથી હસે, અજબ નથી તે એ હસવાવાળાઓ કરતાં બેહતર હોય, અને ન સ્ત્રીઓ સ્ત્રીથી, દૂર નથી કે તે એ હસવાવાળીઓથી બેહતર હોય." *(સૂ. હુજુરાત, ૧૧)*

## ★ મહેણાં ટોણાં મારવાની મનાઈ ★

મહેણાં ટોણાં (કટાક્ષ)નો મતલબ એ છે કે કોઈ શખ્સને તેના કોઈ કથન અથવા બોલને કારણે શરમ અપાવવામાં આવે, એને પણ નિઝામે મુસ્તફામાં નાપસંદ કરવામાં આવેલ છે. ફર્માને કુર્આન છે :–

وَلَا تَلْمِزُوْٓا اَنْفُسَكُمْ۔

"અને આપસમાં મહેણાં ટોણાં ન મારો." *(ઉપર મુજબ)*

ખાસ કરીને જો કોઈ મુસલમાને પોતાના ગુનાહોથી તૌબા કરી લીધી છે તો તેને તે ગુનાહના સંબંધે શરમ અપાવવી અને એ ગુનાહ પર ટીકા ટીપ્પણ કરવું ઘણો જ સખત ગુનોહ છે. એને નાપસંદ એટલા માટે કરવામાં આવેલ છે કે એમાં ઈજ્જતની ફજેતી છે.

### ★ કોઈનાં બુરાં નામો ન રાખવામાં આવે ★

નામ દરેક માણસના વ્યક્તિત્વની નિશાની તથા ઓળખ હોય છે અને દરેક જણ ઈચ્છે છે કે એનું નામ સારા શબ્દોમાં બોલવામાં આવે. સામાન્યતઃ લોકો હંસી મઝાકમાં અથવા કોઈ શખ્સ અતિશય નફરતના કારણે તેને બુરાં નામો વડે યાદ કરવા મંડી પડે છે, તો એનાથી મના કરવામાં આવ્યું :–

وَلَا تَنَابَزُوْا بِالْاَلْقٰبِ۔

"અને એકબીજાનાં બુરાં નામો ન રાખો." *(ઉપર મુજબ)*

કોઈ મુસલમાનને કૂતરો અથવા ગધેડો અથવા સુવ્વર કહેવો પણ આ હુકમમાં સામેલ છે. એ જ પ્રમાણે કોઈ ટૂંકા કદનો છે અથવા લાંબા કદવાળો છે અથવા કાળા રંગનો છે, અથવા હરવા ફરવા તથા વાતચીતમાં કોઈ અયબ છે તો એના એતબારથી તેનું કોઈ નામ રાખી દેવામાં આવે છે, એ પણ જાઈઝ નથી. ટૂંકમાં એ કે કોઈ મુસલમાનને એવા શબ્દો વડે પુકારવો જેનાથી તેના શાન ઘટે, એ જાઈઝ નથી.

### ★ કોઈને હલકો પાડવું બેઈજ્જતી કરવું બુરો જુર્મ છે ★

કોઈને હલકો પાડવું, બેઈજ્જત કરવું, તેની ઈજ્જત સાથે ખેલવું સમાજમાં અન્ય બરાઈઓ તથા ઝઘડા ફસાદને જન્મ આપનારો અમલ છે. એટલા માટે સરકારે અબદ કરાર ﷺએ આ બુરા અમલની ખરાબીને વર્ણન કરીને એના પર પાબંદી લગાડી.

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

الرِّبَا اِثْنَانِ وَسَبْعُوْنَ بَابًا اَدْنَاهَا مِثْلُ اِتْيَانِ الرَّجُلِ اُمَّهٗ وَاِنَّ اَرْبَى الرِّبَا اِسْتِطَالَةُ الرَّجُلِ فِیْ عِرْضِ اَخِيْهِ۔

''વ્યાજ (સૂદ)ના ૭૨ દરવાજા છે, એમાં સૌથી મોટુ વ્યાજ પોતાના કોઈ મુસલમાન ભાઈની ઈજ્જત પર ઝબાન દરાઝી કરવું છે.

*(અલ્મોઅજમુલ અવસત લિત્તબરાની, ૭/૧૫૮)*

કોઈની ઈજ્જત આબરૂ સાથે ખેલ ખેલવાની બુરાઈનો અંદાઝો આ હદીષે પાકથી ખૂબીપૂર્વક લગાડી શકાય છે કે જે ગુનાહનો સૌથી અદના દરજો માની સાથે ઝિનાકારી સમાન છે. કોઈ મુસલમાનની ઈજ્જત આબરૂની સાથે ખેલવું, તેની બેઈજ્જતી કરવી એ આ જુર્મના સૌથી ઊંચા દરજાના ગુનાહ બરાબર છે.

ખામીઓ તથા ઉણપો કોની અંદર નથી. જો આપણે કોઈના અયબથી વાકેફ છીએ તો સૌ પ્રથમ તો આપણે એ જોઈએ કે આપણે તેને છુપાવી દઈએ. જો બતાવવા જ ચાહો છો તો ખુદ તેને બતાવો અને કહો કે પોતાની સુધારણા કરી લે, એટલા માટે કે તેના અયબની સુધારણા તે જ કરી શકે છે. કોઈ અન્યને બતાવવું એ કેવળ એ હેતુથી હોય શકે છે કે આપણે તેની બેઈજ્જતી કરવા ચાહીએ છીએ, અને કોઈ મુસલમાનની ઈજ્જત ઉછાડવી કેટલો મોટો ગુનોહ છે એનો તમે અંદાઝો કરી લીધો છે.

જેની ઈજ્જતની સાથે રમત કરવામાં આવી છે તેને જાણ થશે તો એક ફિત્નો ખડો થઈ શકે છે જેનાથી સમાજની શાંતિ જોખમાય શકે છે. એટલા માટે સરવરે કાઈનાત ﷺએ એને જુર્મ ઠરાવીને એના પર પાબંદી લગાડી છે.

## ઝિના પર પાબંદી સમાજમાં શાંતિની જમાનત

દરેકે જાનદારમાં વંશવેલાની વૃધ્ધિનો ક્રમ નર તથા માદા થકી ચાલે છે. સ્ત્રીનું સર્જન પણ એટલા માટે થયું કે તેનાથી નિકાહ કરીને પુરૂષ દિલી સુકૂન હાંસલ કરી લે. સ્ત્રીઓ તથા પુરૂષોનું પ્રાકૃતિક આકર્ષણ

એકબીજાના પ્રત્યે એટલા માટે છે કે જેથી પતિ પત્નીના સંબંધથી જોડાયા બાદ એ આકર્ષણ વંશની વૃધ્ધિનો ઝરીયો બને.

કોઈ પુરૂષનો કોઈ સ્ત્રી સાથે અથવા કોઈ સ્ત્રીનો કોઈ પુરૂષ સાથે ફાયદો હાંસલ કરવાનું જાઈઝ થવા માટે નિકાહ શર્ત છે. પયગંબરે રહમત ﷺના નિઝામમાં એના સિવાય કોઈ અન્ય ગુંજાઈશ નથી કે કોઈ પુરૂષ કોઈ સ્ત્રી સાથે અથવા કોઈ સ્ત્રી કોઈ પુરૂષ સાથે વાસના સંતોષી શકે. એક બીજી સ્થિતિ બાંદીઓને ખરીદવાની હતી જે હવે અદૃશ્ય થઈ ચૂકી છે. સારાંશ ઝિનાકારી એટલે પોતાની પત્ની સિવાય કોઈ અન્ય સ્ત્રી સાથે અથવા પોતાના પતિ સિવાય કોઈ અન્ય પુરૂષની સંભોગ કરવો એ નિઝામે મુસ્તફામાં એટલો ગંભીર ગુનો છે કે જો કોઈ પરણીત માણસે કર્યો તો ઈસ્લામી કાનૂનમાં તેણે પોતાનો જીવતા રહેવાનો હક્ક઼ ગુમાવી દીધો. તેને જાહેર પબ્લિકમાં એ રીતે સંગસાર કરવામાં (પથ્થરો મારવામાં) આવશે ત્યાં સુધી કે મૃત્યુ પામે. અલ્બત્ત જો કોઈ અપરણીતે ઝિના કર્યો તો તેને સો કોરડા મારવામાં આવશે.

## ★ ઝિનાકારીની સજા ★

ઈસ્લામમાં સજાઓ લાગુ પાડવાનો હુકમ સમાજને ગંભીર ગુનાહોથી પાક કરવા માટે છે. ઝિનાકારી પણ સમાજમાં નાસૂર (કણા)ની હૈસિયત ધરાવે છે એટલા માટે એના ઉપર પણ ઈબ્રતનાક સજા નિશ્ચિત કરવામાં આવી છે કે કોઈના દિલમાં એ ગંભીર ગુનામાં પડવાનો ખયાલ પણ આવશે તો તેના બુરા અંજામ વિશે વિચારીને તરત જ પોતાના દિલેથી એ ખયાલને કાઢી નાખશે. ક઼ાનૂને મુસ્તફા એ છે કે જો કોઈ પરણેલાએ ઝિના કર્યો તો તેને સંગસાર કરવામાં આવશે અને જો કોઈ અપરણીતે ઝિના કર્યો તો તેને સો કોરડા મારવામાં આવશે.

## ★ સંગસારીનો હુકમ ★

હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ મિમ્બર પર જલ્વા અફરોઝ હતા અને આપે ફર્માવ્યું :–

إِنَّ اللهَ قَدْ بَعَثَ مُحَمَّدًا صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْحَقِّ، وَأَنْزَلَ عَلَيْهِ الْكِتَابَ، فَكَانَ مِمَّا أُنْزِلَ عَلَيْهِ آيَةُ الرَّجْمِ، قَرَأْنَاهَا وَوَعَيْنَاهَا وَعَقَلْنَاهَا، فَرَجَمَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ، وَرَجَمْنَا بَعْدَهُ.

"અલ્લાહ તબારક વ તઆલાએ સરવરે કાઈનાત ﷺને હક્કની સાથે મોકલ્યા. આપના પર જે અહકામ નાઝિલ થયા એમાંથી એક હુકમ આયતે રજ્મ પણ છે. અમે એને પઢયો, યાદ કર્યો અને સમજ્યો. તો નબી અકરમ ﷺએ રજ્મ કર્યું અને અમે પણ આપના બાદ રજ્મ કર્યો."

*(સહીહ મુસ્લિમ, ૩/૧૩૧૭) (રજ્મ – સંગસાર કરવું)*

અસલમાં રજ્મની આયત પહેલાં નાઝિલ થઈ હતી, તેની તિલાવત પણ કરવામાં આવતી હતી અને તેના પર અમલ પણ જારી થયો, પણ બાદમાં એની તિલાવત મન્સૂખ થઈ ગઈ, પરંતુ હુકમ હજી પણ યથાવત છે. ઝિનાની સજામાં સંગસારી (પથ્થર મારી મારવું)ના હુકમને લાગુ કરવાનો ફાયદો એ હાંસલ થયો કે એ જુર્મનો ખાત્મો યક઼ીની થઈ ગયો. નબવી યુગમાં બે ચાર બનાવો મળે છે કે કોઈ આ જુર્મમાં સપડાયેલ હોય. એમાંથી પણ અમુક ઝિમ્મી યહૂદી હતા જેમને નબી અકરમ ﷺએ ઝિનાની સજામાં રજ્મ (સંગસાર) કરવાનો હુકમ કર્યો.

આજનો જમાનો જેમાં ઝિનાકારી અને ખાસ કરીને બળાત્કારના વધી રહેલા મામલા ગવર્નમેન્ટ માટે માથાનો દુઃખાવો બનેલ છે, અને એની પાસે એનો કોઈ ઈલાજ નથી ! એવામાં કોઈ ગવર્નમેન્ટ આ શિક્ષાને લાગુ કરીને જુએ, વધારે દિવસો નહીં પસાર થાય કે સમાજ આ મહાન ગુનાહથી નિશ્ચિતપણે પાક થઈ જશે.

ઘણી જ વિચિત્ર વાત છે કે સામાન્યતઃ ગવર્નમેન્ટના બંધારણમાં બળાત્કારની ઝિનાને જુર્મ ઠરાવવામાં આવેલ છે અને સહ સંમતિપૂર્વકનો ઝિના કોઈ જુર્મ નથી ! સરવરે આલમ ﷺના બંધારણની ઘણી જ મહાન વિશિષ્ટતા એ છે કે એમાં ઝિનાકારીની સાથોસાથ તેના નાના નાના સબબો પર પણ પાબંદી લગાડવામાં આવી છે, એટલા માટે કે એના વિના ઝિનાકારીની બદીનો ખાત્મો શક્ય જ નથી.

## ★ સો કોરડા મારવાનો હુકમ ★

જો કોઈ અપરણીત પુરૂષ કે સ્ત્રી ઝિનાકારીમાં પડે તો એના માટે હુકમ એ છે કે તેને સો કોરડા લગાડવામાં આવશે. ફર્માને બારી તઆલા છે :–

اَلزَّانِيَةُ وَالزَّانِيْ فَاجْلِدُوْا كُلَّ وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ وَّلَا تَاْخُذْكُمْ بِهِمَا رَاْفَةٌ فِيْ دِيْنِ
اللّٰهِ اِنْ كُنْتُمْ تُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَلْيَشْهَدْ عَذَابَهُمَا طَآئِفَةٌ مِّنَ الْمُؤْمِنِيْنَ ○

''જે સ્ત્રી વ્યભિચારીણી હોય અને જે મર્દ, તો એમનામાંના દરેકને સો કોરડા મારો, અને તમને એમના પર દયા ન આવે અલ્લાહના દીનમાં, જો તમે ઈમાન લાવો છો અલ્લાહ અને પાછલા દિવસ પર, અને જોઈએ કે તેમની સજાના સમયે મુસલમાનોનો એક ગિરોહ હાજર હોય.''

*(સૂ. નૂર, આ.ર, કન્ઝુલ ઈમાન)*

આ સંબોધન હાકિમોને છે કે જે પુરૂષ તથા સ્ત્રીથી ઝિના થઈ જાય તેની સજા એ છે કે તેને સો કોરડા મારો. આ સજા અપરણીતોની છે, કેમ કે પરણીતોનો હુકમ એ છે કે તેને રજ્મ (સંગસાર) કરવામાં આવે જેવું કે હદીષ શરીફમાં આવેલું છે.

'મુહસિન' તે આઝાદ મુસલમાન છે જે મુકલ્લફ થયો અને સહીહ નિકાહની સાથે સંભોગ કરી ચૂક્યો હોય, ભલે એક જ વાર, એવા શખ્સથી ઝિના સાબિત થાય તો રજ્મ (સંગસાર) કરવામાં આવશે. અને જો એમાંથી એક વાત પણ ન હોય, દા.ત. હુર (કોઈનો ગુલામ) ન હોય અથવા મુસલમાન ન હોય અથવા આકિ઼લ, બાલિગ ન હોય અથવા તેણે કદી પોતાની પત્નીની સાથે સંભોગ ન કર્યો હોય અથવા જેની સાથે સંભોગ કર્યો હોય તેની સાથે નિકાહ ફાસિદ થયો હોય તો એ સૌ ગૈર મુહસિનમાં (અપરણીત)માં દાખલ છે, એ સૌનો હુકમ કોરડા મારવાનો છે.

પુરૂષને કોરડા મારતી વખતે ઉભો રાખવામાં આવશે અને તેનાં સર્વ કપડાં ઉતારી લેવામાં આવશે તેહબંદ સિવાય, અને તેના સર્વ શરીર પર કોરડા મારવામાં આવશે માથા, ચહેરો અને શર્મગાહ સિવાય. કોરડા એ

રીતે મારવામાં આવશે કે પીડા ગોશ્ત સુધી ન પહોંચે, અને કોરડો મધ્યમ કક્ષાનો હોય. સ્ત્રીને કોરડા મારતી વખતે ઉભી રાખવામાં નહીં આવે, ન તેનાં કપડાં ઉતારવામાં આવશે, અલ્બત્ત જો ચામડાનો કોટ અથવા રૂવાળાં કપડાં પહેરેલાં હોય તો ઉતારી દેવામાં આવે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

સંગસારી અથવા કોરડા મારવાનો હુકમ તો એ સંજોગોમાં છે કે જ્યારે ઈસ્લામી હુકૂમત હોય, ઝિનામાં સપડાનાર હુકૂમતની પકડમાં આવે, તેમજ સજા લાગુ કરવાની અન્ય શરતો પણ જોવા મળે. અને કોઈ શખ્સ કોઈ રીતે દુનિયામાં સજાથી બચી ગયો પણ તે હક઼ીક઼તમાં ઝિનાકારીમાં સપડાયેલો મુજરિમ છે તો યાદ રાખે કે આખેરતમાં અલ્લાહના અઝાબથી હરગિઝ નથી બચી શકતો.

## ★ ક઼યામતમાં ઝિનાની સજા ★

ક઼યામતમાં ઝિનાકારને ડબલ અઝાબ આપવામાં આવશે. તેનું વર્ણન કરતાં કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદ છે :–

وَلَا يَزْنُوْنَ وَمَنْ يَّفْعَلْ ذٰلِكَ يَلْقَ اَثَامًا ○ يُّضٰعَفْ لَهُ الْعَذَابُ يَوْمَ الْقِيٰمَةِ وَيَخْلُدْ فِيْهٖ مُهَانًا ○

"અને બદકારી નથી કરતા, અને જે આ કામ કરે તે સજા પામશે, વધારવામાં આવશે તેના પર અઝાબ ક઼યામતના દિવસે અને હમેશાં તેમાં ઝિલ્લતથી રહેશે." *(સૂ. ફુર્ક઼ાન, આ. ૬૮–૬૯)*

અલ્લાહના ખાસ બંદાઓની ખૂબીઓમાં એ વર્ણવવામાં આવ્યું કે તેઓ કદી ઝિનાકારીમાં નથી પડતા. ત્યારબાદ ઝિનાની સજાના વિશે વર્ણન થયું કે જે કોઈના ઝિનામાં સપડાઈ ગયો તેને સજા મળશે. ક઼યામતના દિવસે તેના માટે ડબલ અઝાબ છે કે બેઈજ્જતી તથા ઝિલ્લતની સાથે રહેશે.

## ★ ઝિનાની નજીક પણ ન જાવ ! ★

નિઝામે મુસ્તફાની ખાસિયત એ છે કે એમાં એ સબબો પર પણ પાબંદી લાગુ કરવામાં આવી છે જે ઝિનાકારી સુધી પહોંચાડી શકે છે. કુર્આનનો હુકમ છે :–

وَلَا تَقْرَبُوا الزِّنٰۤى اِنَّهٗ كَانَ فَاحِشَةً ؕ وَسَآءَ سَبِيْلًا ۝

"અને બદકારીની નજીક નજાવ, બેશક ! તે બહેયાઈ છે અને ઘણી જ બુરી રાહ." *(સૂ. બની ઈસ્રાઈલ, આ.૩૨, કન્ઝુલ ઈમાન)*

દરેક તે કામ જે ઝિનાકારીથી નજીક થવાનો સબબ બની શકે છે, સરવરે આલમ ﷺએ તેના પર પાબંદી લાગુ કરી અને તેનાથી બચવાની સખત તાકીદ કરી. પુરૂષો સ્ત્રીઓની ભેળસેળ, સ્ત્રીઓનું બેપર્દા નીકળવું, નામેહરમ સાથે જરૂરત વિના વાત કરવી, ગૈર મેહરમને જોવું, બિભત્સ સાહિત્ય વાંચવું, દિલમાં ઉત્તેજના પેદા કરે એવા શેઅરો સાંભળવવા અને એ પ્રકારની સર્વ વાતો જેનાથી દિલમાં વ્યભિચારની ખ્વાહિશ પેદા થાય અથવા કોઈ ગૈર મેહરમની તરફ આકર્ષણ જન્મે, એના માટે ઈસ્લામમાં કોઈ ગુંજાઈશ નથી. એ સબબોને સખત હરામ ફર્માવી દેવામાં આવ્યા છે અને હુકમ ફર્માવી દેવામાં આવ્યો કે ઝિનાકારીની નજીક પણ ન જાવ.

## ★ વર્તમાનકાળમાં દિમાગી આવારગી ★

દુનિયામાં ઝિનાકારી તથા બળાત્કારના વધતા બનાવો ગવર્નમેન્ટો માટે ચિંતાનો વિષય છે. ગવર્નમેન્ટો એવું જાહેર કરે છે કે તેઓ પોતાના દેશમાંથી ઝિનાનો ખાત્મો કરવાની કોશિશમાં છે પરંતુ એથી ઉલ્ટુ બીજી બાજુ તેના નીચે મુજબનાં સબબો તથા હરકતોને હવા પણ આપે છે :–

❑ સ્ત્રીઓનું બેપર્દા ઘરથી બહાર નીકળવું કે જેના કારણે તે પુરૂષોની લાલચી નજરનું નિશાન બને છે.

❑ સ્કૂલો, કોલેજા તથા યુનિવર્સિટીઓમાં છોકરા તથા છોકરીઓની ભેળસેળ.

❑ બજારો, ઓફીસો તથા જાહેર સ્થળો પર પુરૂષો સ્ત્રીઓની ભેળસેળ.

❑ ગેર મેહરમોનું ઘરોમાં આવવું જવું અને તેમનાથી સ્ત્રીઓનું પર્દો ન કરવું.

❑ ફિલ્મોમાં આવારગી તથા બિભત્સપણા પર આધારિત વાતોનો સમાવેશ.

- ❑ સોશ્યલ મીડિયા થકી પુરૂષો તથા સ્ત્રીઓની ફ્રેન્ડશીપ તથા ચેટિંગ.
- ❑ વર્તમાન પત્રો તથા પોસ્ટરોમાં નગ્નતાથી ભરપુર તસ્વીરો.
- ❑ ઈન્ટરનેટ પર નગ્ન ફિલ્મોની ભરમાર.
- ❑ વેશ્યાઓ માટે કાનૂની રક્ષણ.

આ તે સબબો છે જે ઘણી ઝડપભેર દિલોમાં ઉત્તેજના પેદા કરે છે અને પછી દિલ ઝિના કરવા પ્રતિ આકર્ષિત થાય છે.

એ સરવરે આલમ ﷺના બંધારણની વિશિષ્ટતા છે કે એમાંથી નાનામાં નાના સબબો જેના કારણે કોઈ દિલમાં ઝિનાકારીનો ખયાલ પણ આવી શકતો હોય, એના પર પાબંદી લગાડી દેવામાં આવી છે.

## ★ નજરો નીચી રાખવાનો હુકમ ★

પુરૂષોની સ્ત્રીઓ સાથે નાજાઈઝ સંબંધ (આડા વહેવાર)ની શરૂઆત નજરોથી થાય છે. મુસલમાનોને હુકમ થયો કે પોતાની નજરો નીચી રાખ્યા કરે. ફર્માને બારી તઆલા છે :—

قُلْ لِّلْمُؤْمِنِيْنَ يَغُضُّوْا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ ؕ ذٰلِكَ اَزْكٰى لَهُمْ ؕ

"મુસલમાન પુરૂષોને હુકમ આપો કે પોતાની નજરો કાંઈક નીચી રાખે, અને પોતાની શર્મગાહોની હિફાઝત કરે. આ એમના માટે ઘણુ જ સુથરું છે." *(સૂ. નૂર, આ. ૩૦, કન્ઝુલ ઈમાન)*

આગલી આયતમાં ફર્માવ્યું :—

وَقُلْ لِّلْمُؤْمِنٰتِ يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ وَيَحْفَظْنَ فُرُوْجَهُنَّ وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا مَا
ظَهَرَ مِنْهَا وَلْيَضْرِبْنَ بِخُمُرِهِنَّ عَلٰى جُيُوْبِهِنَّ ۪ وَلَا يُبْدِيْنَ زِيْنَتَهُنَّ اِلَّا لِبُعُوْلَتِهِنَّ اَوْ اٰبَآئِهِنَّ
اَوْ اٰبَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اَبْنَآئِهِنَّ اَوْ اَبْنَآءِ بُعُوْلَتِهِنَّ اَوْ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْۤ اِخْوَانِهِنَّ اَوْ بَنِيْۤ
اَخَوٰتِهِنَّ اَوْ نِسَآئِهِنَّ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُنَّ اَوِ التّٰبِعِيْنَ غَيْرِ اُولِى الْاِرْبَةِ مِنَ الرِّجَالِ اَوِ
الطِّفْلِ الَّذِيْنَ لَمْ يَظْهَرُوْا عَلٰى عَوْرٰتِ النِّسَآءِ ۪ وَلَا يَضْرِبْنَ بِاَرْجُلِهِنَّ لِيُعْلَمَ مَا يُخْفِيْنَ
مِنْ زِيْنَتِهِنَّ ؕ وَتُوْبُوْۤا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَ الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ○

"અને મુસલમાન સ્ત્રીઓને હુકમ આપો પોતાની નિગાહો કાંઈક નીચી રાખે, અને પોતાની પવિત્રતાની રક્ષા કરે અને પોતાનો શણગાર ન દેખાડે પણ જેટલો ખુદ જ જાહેર છે. અને તેણીઓ ઓઢણીઓ પોતાના ગરેવાન પર નાખેલી રહે અને પોતાનો શણગાર જાહેર ન કરે પણ પોતાના પતિઓ પર અથવા પોતાના બાપ અથવા પતિઓના બાપ અથવા પોતાના પુત્રો અથવા પતિઓના પુત્રો, અથવા પોતાના ભાઈ અથવા પોતાના ભત્રીજાઓ અથવા પોતાના ભાણીયાઓ અથવા પોતાના ભાઈ અથવા પોતાની લોંડીઓ જે પોતાના હાથની માલિકીમાં હોય અથવા નોકર એ શર્તે કે વાસનાવાળા પુરૂષ ન હોય અથવા તે બાળક જેમને સ્ત્રીઓની શરમની ચીજોની ખબર નથી. અને જમીન પર પગોને જોરથી ન રાખે કે જણાય જાય તેમનો છુપાયેલો શણગાર. અને અલ્લાહની તરફ તૌબા કરો હે મુસલમાનો ! તમામે તમામ એ ઉમ્મીદ પર કે તમે ભલાઈ પામો."

*(સૂ. નૂર–૩૦)*

નિગાહોની હિફાઝતનો હુકમ ઘરથી બહાર પણ છે કે જેથી નામેહરમો પર નિગાહ ન પડે અને ઘરની અંદર પણ છે. ઘરની અંદર આ હુકમનો તકાઝો એ છે કે મેહરમ સ્ત્રીઓ પર પણ નિગાહ ન નાખવામાં આવે. નિઃશંક ! મેહરમ સ્ત્રીઓ સાથે એક પાકીઝા સંબંધ છે પરંતું જાતિ વિરૂધ્ધ હોવાની હેસિયતથી પુરૂષ તથા સ્ત્રીમાં એકબીજા માટે આકર્ષણ છે, અને નજરોની નિષ્કાળજી ફિત્નાનો સબબ બની શકે છે. હકીકત એ છે કે **બદનઝરી જ બદકારીના રસ્તાનું પ્રથમ પગથિયુ છે,** જેના કારણે આ આયતમાં નજરોની હિફાઝતના હુકમને શર્મગાહની હિફાઝતના હુકમથી પ્રથમ કક્ષાએ રાખવામાં આવેલ છે.

રિવાયત છે કે એકવાર એક નાબીના સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ નબી અકરમ ﷺના હુજરા મુબારકમાં તશરીફ લાવ્યા તો હઝરત મૈમૂના તથા ઉમ્મે સલમા رضی اللہ عنہاથી આપે ફર્માવ્યું, એમનાથી પર્દો કરો ! તેઓ કહેવા લાગી, શું તે નાબીના નથી ? આપે ફર્માવ્યું, પણ તમે તો નાબીના નથી !" *(સુનને તિર્મિઝી, ૪/૩૯૯)*

આપણા સમાજમાં એ હાલ છે કે આપણે નવજવાન છોકરીઓને મિશ્ર શિક્ષણ સંસ્થાઓ (સ્કૂલો, કોલેજો), ઓફીસો તથા અન્ય મેહફિલોમાં સાથે મુકત રીતે મેલ જોલની ઈજાઝત આપી દીધી છે. અમુક માબાપ કહે છે કે અમને અમારી દીકરી પર ભરોસો છે ! શું નબી અકરમ ﷺને (નઊઝુબિલ્લાહ !) પોતાની પાક બીવીઓ પર ભરોસો ન હતો ?! બદનઝરીના પરિણામે આંખના માર્ગોથી શૈતાન દિલમાં ઉતરી જાય છે, પછી બંને પક્ષો વાતચીત કરે છે, આ રીતે વાત આગળ વધતી ચાલી જાય છે. નિગાહોની હિફાઝતથી મુરાદ કેવળ એ નથી કે પુરૂષ તથા સ્ત્રી એકબીજાના ચહેરાને ન જુએ બલ્કે એનાથી મુરાદ એ પણ છે કે અન્યોના સતર પર નજર ન કરવામાં આવે અને ન તો કોઈ પ્રકારના બિભત્સ દશ્યોને જોવામાં આવે. આ હવાલાથી નીચે જણાવેલ હદીષોથી માર્ગદર્શન મળે છે :

★ નબી અકરમ ﷺએ ફર્માવ્યું, હે અલી ! એક નજર બાદ બીજી નજર ન નાખશો ! પ્રથમ નજર (જે વિના ઈરાદે પડી ગઈ) માફ છે, પણ બીજી નહીં ! *(સુનને તિર્મિઝી, ૪/૩૯૮)*

★ હઝરત જરીર બિન અબ્દુલ્લાહ બજલી رضی اللہ عنہ કહે છે કે મેં નબીયે અકરમ ﷺને પૂછયું, અચાનક નજર પડી જાય તો શું કરું ? ફર્માવ્યું, તરત જ નજર ફેરવી લો અથવા નીચી કરી લો. *(સહીહ મુસ્લિમ, ૩/૧૬૯૯)*

★ અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે કે નજર એ ઈબ્લીસનાં ઝેરીલાં તીરોમાંથી એક તીર છે. જે શખ્સ મારાથી ડરીને તેની રક્ષા કરશે, હું એના બદલામાં એવું ઈમાન આપીશ જેની મિઠાશ તે પોતાના દિલમાં મેહસૂસ કરશે. *(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૭૩)*

એ જ પ્રમાણે દરેક તે કામ જે ઝિનાની તરફ લઈ જઈ શકે છે નિઝામે મુસ્તફામાં તેના પર સખત પાબંદી લાગુ કરી દેવામાં આવી છે. એના પરિણામે એક સાલેહ સમાજ રચાવા પામ્યો અને દુનિયામાં અમ્નો સુકૂન સ્થાપિત થઈ ગયો. આજે પણ જો સમાજને પુર અમ્ન કરવો છે તો ઝિનાકારી તથા તેના સર્વ સબબો તથા માધ્યમો પર પાબંદી લગાડવી એ ગવર્નમેન્ટની જિમ્મેદારી છે.

## નિઝામે મુસ્તફા ﷺમાં લવાતત પર પાબંદી

રસૂલુલ્લાહ ﷺએ નિકાહનો જે પયગામ અતા ફર્માવ્યો છે તે એટલા પ્રમાણમાં પાકીઝા તથા સાફ સુથરો છે કે માણસને પોતાની હૈસિયત તથા પ્રાકૃતિક જરૂરતોના તક઼ાઝાઓના માટે પૂરતો તથા પુર અમ્ન છે. આ પતિ પત્નીના સંબંધથી હટીને જો કોઈ પણ પ્રકારનું વધારાનું કામ લેવામાં આવ્યું તો તે તબાહી તથા બર્બાદી લાવશે, જે ન કેવળ એક સમાજ બલ્કે પૂરા વિશ્વની શાંતિને ડિસ્ટર્બ કરીને રાખી દેશે. એટલા માટે પતિ પત્નીના સંબંધ સિવાય દરેક પ્રકારના સેક્સુઅલ સંબંધને સખ્તતરીન જુલ્મ ઠરાવી આપેલ છે, જેના માટે જરૂરતના એતબારથી સખતથી સખત સજા નિશ્ચિત કરી છે. એમાં સૌથી બદતરીન જુર્મ પુરૂષનું પુરૂષ સાથે અથવા સ્ત્રી સ્ત્રી સાથે સેક્સ સંબંધ એટલે કે સજાતિય સંબંધ (Homosexuality) છે. પરંતુ અફસોસ કે કહેવાતી સભ્ય દુનિયાની વિવિધ પાર્લામેન્ટોએ આ ગુનાહના માટે બાક઼ાયદા જાઈઝની સનદો આપી છે. અને ત્યાં સમાજના દરેક તબકામાં એના પર અમલ કરવાવાળા મૌજૂદ છે ! રસૂલુલ્લાહ ﷺએ આ ગૈર ફિતરી (અપ્રાકૃતિક) કૃત્યને સખ્તતરીન જુર્મ તથા ગુનોહ ઠરાવ્યો છે, ત્યાં સુધી કે કુર્આને કરીમમાં એક જલીલુલ ક઼દર પયગંબર લૂત عليه السلامની દાવતનો એક અતિમહત્વનો મુદ્દો આ હરામ કામની સુધારણા માટે વર્ણન કરવામાં આવેલ છે.

કુર્આને કરીમના અભ્યાસથી જાણવા મળે છે કે સજાતિય સંબંધની શરૂઆત હઝરત લૂત عليه السلامની ક઼ૌમે કરી. એનાથી પહેલાં દુનિયાની ક઼ૌમમાં આ અમલનો સામાન્યતઃ સામાજિક સ્તરે કોઈ રિવાજ ન હતો. આ જ બદબખ્ત ક઼ૌમ છે જેમણે આ નાપાક અમલની શોધ કરી. એનાથી અધિક શરારત, ખરાબી તથા બેહયાઈ એ હતી કે તેઓ પોતાના આ દુષ્કર્મને અયબ સમજતા ન હતા ! બલ્કે અલલ એલાન ફખ્રની સાથે એને કરતા રહેતા હતા. એનું વર્ણન કુર્આને કરીમમાં આ પ્રમાણે છે :–

وَلُوْطًا اِذْ قَالَ لِقَوْمِهٖۤ اَتَاْتُوْنَ الْفٰحِشَةَ مَا سَبَقَكُمْ بِهَا مِنْ اَحَدٍ مِّنَ الْعٰلَمِیْنَ ۝ اِنَّكُمْ لَتَاْتُوْنَ الرِّجَالَ شَهْوَةً مِّنْ دُوْنِ النِّسَآءِ بَلْ اَنْتُمْ قَوْمٌ مُّسْرِفُوْنَ ۝

"અને લૂતને મોકલ્યા. જ્યારે તેણે પોતાની ક઼ૌમને કહ્યું, શું તે બેહયાઈ કરો છો જે તમારાથી પહેલાં દુનિયામાં કોઈએ નથી કરી ! તમો તો પુરૂષોની પાસે વાસના સાથે જાવ છો સ્ત્રીઓને છોડીને ! બલ્કે તમે લોકો હદથી વધી ગયા." *(સૂ. અઅરાફ, આ. ૮૦–૮૧, કન્ઝુલ ઈમાન)*

ક઼ૌમે સમયના પયગંબર હઝરત લૂત علیہ السلام ની નસીહતને સાંભળીને તેમની મઝાક ઉડાડી અને શહેરથી કાઢી મૂકવાની ધમકી આપી અને એટલા પર બસ ન કર્યું બલ્કે તેનાથી દૂર થવાને બદલે એ જુર્મ પર અડી ગયા, અને રોકવા જતાં ઉલ્ટા અઝાબે ઈલાહીની માગણી ખુદ પોતાની ઝબાનોથી કરી દીધી. કૌમના જવાબને કુર્આને કરીમે આ અંદાઝમાં નક઼લ કર્યો છે :–

فَمَا كَانَ جَوَابَ قَوْمِهٖۤ اِلَّاۤ اَنْ قَالُوا ائْتِنَا بِعَذَابِ اللّٰهِ اِنْ كُنْتَ مِنَ الصّٰدِقِیْنَ ۝

"તો તેની ક઼ૌમનો કોઈ જવાબ ન થયો પણ એ કે બોલ્યા, અમારા પર અલ્લાહનો અઝાબ લાવો ! જો તમે સાચા છો." *(સૂ. અન્કબૂત–૨૯)*

જેથી આ કુકર્મના કારણે તેમના પર અલ્લાહનો અઝાબ આવ્યો. કુર્આને મુક઼દસમાં છે :–

فَلَمَّا جَآءَ اَمْرُنَا جَعَلْنَا عَالِیَهَا سَافِلَهَا وَ اَمْطَرْنَا عَلَیْهَا حِجَارَةً مِّنْ سِجِّیْلٍ مَّنْضُوْدٍ ۝ مُّسَوَّمَةً عِنْدَ رَبِّكَ وَمَا هِیَ مِنَ الظّٰلِمِیْنَ بِبَعِیْدٍ ۝

"પછી જ્યારે અમારો હુકમ આવ્યો, અમે એ વસ્તીના ઉપરને નીચે કરી દીધું અને તેમના પર કાંકરાના પથ્થરો સતત વરસાવ્યા જે નિશાન કરેલા તારા રબની પાસે છે અને એ પથ્થર કાંઈ જાલિમોથી દૂર નથી.

*(સૂ. હૂદ, આ. ૮૨–૮૩, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતોમાં અલ્લાહ તઆલાએ આ બુરા અમલોમાં પડનારાઓ અને તેના પર ખામોશ રહી તમાશા જોનારાઓને ચેતવણી આપી છે કે જેવી રીતે અમારા અઝાબનો કોરડો ક઼ૌમે લૂત પર વરસ્યો એ જ રીતે તમારા ઉપર પણ વરસી શકે છે.

ક઼ૌમે લૂતની એ વસ્તીઓ (સદૂમ તથા અમૂરા) ઉર્દૂનમાં એ જગાએ આવેલી હતી જ્યાં આજે બહરે મૈત અથવા બહરે લૂત આવેલો છે. અહીં પહેલાં સમુદ્ર ન હતો. જ્યારે લૂત પર અઝાબ આવ્યો તો જમીનનો તખ્તો ઉલ્ટાવી દેવામાં આવ્યો અને સખત ધરતીકંપ તથા ઝટકા આવ્યા ત્યારે એ જમીન લગભગ ૪૦૦ મિટર સમુદ્ર નીચે જતી રહી અને પાણી ઉભરાય આવ્યું, એટલા માટે એનું નામ બહ્‌રે મૈત અથવા બહરે લૂત છે.

*(ક઼સસે મઆરિફુલ કુર્આન)*

## ★ લવાતત (સજાતિય સંભોગ)માં પડવું સૌથી અધિક ખતરનાક ★

આમ તો દરેક ગુનો ખતરનાક તથા ભયાનક હોય છે અને દરેક જુર્મમાં પડનારો સજાને પાત્ર છે. અમુકના માટે દુનિયામાં સજાઓ છે અને અમુકને માટે દુનિયામાં દર્દનાક અઝાબ છે. પરંતું હદીષે પાકમાં જે જુર્મના સંબંધે અધિક ખતરો જાહેર કર્યો છે તે સજાતિય સંભોગ છે.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી મરવી છે સરકારે અબદ ક઼રાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ اَخْوَفَ مَا اَخَافُ عَلٰی اُمَّتِیْ عَمَلُ قَوْمِ لُوْطٍ۔

"મારી ઉમ્મત પર જે ચીજનો સૌથી વધુ મને ડર છે તે લવાતત (સજાતિય સંભોગ) છે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૮૫૬)*

આ હદીષ પર નજર કરીએ તો એ વાત માલૂમ થઈ જાય છે કે લવાતત ઘણુ જ ભયાનક કુકર્મ છે. એના આધાર પર વિશ્વશાંતિ નષ્ટ થઈ જાય છે અને ખૂબ જ તબાહીઓ આવે છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺએ આ જુર્મના સંબંધે સખત પાબંદી લાગુ કરી છે.

## ★ લૂતી (સજાતિય સંભોગ કરનાર)ની સજા ★

જે શખ્સ આ કુકર્મ કરે તેના માટે કડક સજા છે. કુર્આને મુક઼દસમાં ઈર્શાદ થયો :–

وَالَّذٰنِ يَأْتِيٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا ۚ

''અને તમારામાં જે પુરૂષ તથા સ્ત્રી આ કામ કરે તેને ઈજા આપો.'' *(સૂ. નિસાઅ, આ. ૧૬, કન્ઝુલ ઈમાન)*

આ ઈજા પહોંચાડવાના સંબંધે હદીષે પાકમાં સ્પષ્ટતા મળે છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺથી ક઼ૌમે લૂતના અમલની સજાના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું :–

اُرْجُمُوا الْاَعْلٰى وَالْاَسْفَلَ اُرْجُمُوْهُمَا جَمِيْعًا ۔

''કરનાર તથા કરાવનાર બંનેને રજૂમ (સંગસાર) કરી દો.''

*(સુનને ઈબ્ને માજહ, ૨/૮૫૬)*

હઝરત સદરુશ્શરીઅહ અલ્લામા અમજદ અલી આઝમી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે :–

''લોંડાબાઝી એટલે કે પાછળના સ્થાને વતી (સંભોગ) કરી તો એની સજા એ છે કે તેના ઉપર દીવાલ પાડી દો અથવા ઊંચી જગાએથી તેને ઊંધો કરીને ફેંકો અને એના પર પથ્થર વરસાવો, અથવા તેને કે઼દમાં રાખો ત્યાં સુધી કે મરી જાય અથવા તૌબા કરે. અથવા કેટલીય વાર આવું કર્યું હોય તો ઈસ્લામી બાદશાહ તેને ક઼ત્લ કરી નાખે. સારાંશ કે આ કૃત્ય અતિશય ગંદુ છે બલ્કે ઝિનાથી પણ બદતર છે. એના કારણે એમાં હદ (શરઈ સજા) નથી. કેમ કે અમુકની નજીક (ગુનેહગાર) પર હદ સજા લાગુ થવાથી એ ગુનાહથી તે પાક થઈ જાય છે અને આ એટલો મોટો ગુનોહ છે કે જ્યાં સુધી ખાલિસ (સાચી) તૌબા ન થાય ત્યાં સુધી તેમાં પાકી થશે નહીં.''

*(બહારે શરીઅત, ૯/૩૮૦–૩૮૧)*

## ★ લૂતી (સજાતિય સંબંધ જોડનાર) પર લઅનત છે ★

જો દુનિયામાં કોઈ શખ્સ આ દુષ્કૃત્યમાં સપડાયેલો રહ્યો અને સજાથી બચી પણ ગયો તો દુનિયા તથા આખેરતમાં તેને અલ્લાહની લઅનત, ગઝબ તથા અઝાબથી કોણ બચાવશે.

હઝરત અમ્ર બિન ઉમર رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَلْعُونٌ مَنْ عَمِلَ عَمَلَ قَوْمِ لُوطٍ۔

"કૌમે લૂત જેવો અમલ કરનારો મલઊન છે."

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ લવાતતના ગંદા કૃત્યમાં સપડાનારાઓના સંબંધે ફર્માવ્યું, તેની સવાર અલ્લાહ તઆલાના ગઝબમાં થાય છે અને તેની સાંજ પણ અલ્લાહ તઆલાની નારાઝગીમાં થાય છે. *(શોઅબુલ ઈમાન લિલ્બયહકી, ૭/૨૭૮)*

## ★ લૂતી કદી પાક નથી થઈ શકતો ★

લવાતતની બુરાઈ તથા ગંદકીનો અંદાઝો આ પરથી પણ લગાડી શકાય છે કે ઝિનાકાર જો અપરણીત છે તો તેની સજા ઓછી છે અને શાદી શુદા છે તો તેને મૌતની સજા છે. પરંતુ લૂતી ચાહે પરણીત હોય કે અપરણીત તેને મૌતની જ સજા આપવામાં આવશે. એ જ પ્રમાણે આ રિવાયતથી પણ લવાતતની ગંદકીનો અંદાઝો થાય છે જેમાં લૂતીઓ (સજાતિય સંભોગ કરનારાઓ)ના વિશે હઝરત મુજાહિદ رضی اللہ عنہ એ ફર્માવ્યું છે :–

لَوْ اَنَّ الَّذِیْ یَعْمَلُ ذٰلِكَ الْعَمَلَ -یَعْنِیْ عَمَلَ قَوْمِ لُوطٍ- اغْتَسَلَ بِكُلِّ قَطْرَةٍ مِنَ السَّمَاءِ، وَكُلِّ قَطْرَةٍ فِي الْاَرْضِ لَمْ یَزَلْ نَجِسًا۔

"જો લવાતતનું દુષ્કર્મ કરનારો આસ્માન તથા જમીનના દરેકે દરેક ટીપા વડે ગુસ્લ કરી લે તો પણ તે નાપાક જ રહેશે."

*(શોઅબુલ ઈમાન લિલ્બયહકી, ૭/૨૮૭)*

અલ્બત્ત સાચા દિલથી તૌબા કરી લે તો અલ્લાહ તબારક વ તઆલા માફ કરનાર છે. લવાતતના બારામાં વર્ણન કર્યા બાદ તે ખુદ ઈર્શાદ ફર્માવે છે :–

فَاِنۡ تَابَا وَاَصۡلَحَا فَاَعۡرِضُوۡا عَنۡهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ تَوَّابًا رَّحِيۡمًا ○

"પછી જો તે તૌબા કરી લે અને નેક બની જાય તો એમનો પીછો છોડી દો. બેશક ! અલ્લાહ મહાન તૌબા કબૂલ કરવાવાળો મહેરબાન છે." *(સૂ. નિસાઅ, આ. ૧૬, કન્ઝુલ ઈમાન)*

## ચોરી પર પાબંદીમાં સમાજનું સુકૂન સમાયેલુ છે

ચોરી ચાહે નાની હોય કે મોટી ગુનાહે કબીરા તથા જુર્મ છે. સમાજમાં શાંતિનું સામ્રાજ્ય યથાવત રાખવા માટે જરૂરી છે કે સમાજના લોકોના માલની રક્ષા નિશ્ચિત હોય, એટલા માટે ચોરીને જુર્મ ઠરાવીને એના પર ઈબ્રતનાક સજા રાખવામાં આવી છે. એક માણસ દિવસભર ભાગદોડ કરીને પૈસા કમાય છે, પોતાની જરૂરીયાતથી સમાધાન કરીને અમુક રકમ બચાવીને રાખે છે અથવા કોઈ કિંમતી ચીજ ખરીદીને તેને મેહફૂઝ કરી લે છે. એ જ પ્રમાણે પોતાના જરૂરતના મુજબ પોતાના માટે વપરાશની કોઈ ચીજ લઈ આવે છે. એવામાં કોઈ શખ્સ તેનો કોઈ માલ ચોરી કરી લે તો એના માટે મુસીબત તથા તકલીફનો સબબ બની જાય છે. એટલા માટે સરવરે આલમ ﷺએ ચોરી પર સંપૂર્ણ પાબંદી લગાડી અને નિઝામે મુસ્તફા ﷺમાં ચોરી પર હદ (સજા) લાગુ પાડવામાં આવેલી છે કે જેથી બીજાઓ માટે બોધપાઠ લેવાનો સબક બની જાય.

### ★ ચોર તથા ચોરનીનો હાથ કાપવાનો હુકમ ★

જો કોઈએ ચોરી કરી છે અને તેનો ગુનોહ પુરવાર થઈ જાય છે તો એના માટે નિઝામે મુસ્તફામાં એ સજા છે કે તેનો હાથ કાપી લેવામાં આવે. કુર્આનનું ફર્માન છે :–

وَالسَّارِقُ وَالسَّارِقَةُ فَاقۡطَعُوۡۤا اَيۡدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا نَكَالًا مِّنَ اللّٰهِ ؕ وَاللّٰهُ عَزِيۡزٌ حَكِيۡمٌ ○

"અને જે પુરૂષ તથા સ્ત્રી ચોર હોય તો તેમનો હાથ કાપો તેમના કર્મનો બદલો, અલ્લાહની તરફથી સજા. અને અલ્લાહ ગાલિબ હિકમતવાળો છે. *(સૂ. માઈદા, આ. ૩૮, કન્ઝુલ ઈમાન)*

કોઈએ ચોરી કરી તેની ચોરી બે વારના ઈકરાર અથવા બે પુરૂષોની ગવાહીથી હાકિમની સામે સાબિત થઈ ગઈ, અને જે માલ ચોર્યો છે તે જો દસ દિરહમથી ઓછાનો ન હોય તો તેનો હાથ કાપવામાં આવશે. પ્રથમ વારની ચોરીમાં જમણો હાથ કાપવામાં આવશે. પછી બીજીવાર જો કરે તો ડાબો પગ. ત્યારબાદ પણ જો ચોરી કરે તો કૈદ કરવામાં આવે ત્યાં સુધી કે તૌબા કરી લે. *(ખઝાઈનમાંથી ટૂંકાવીને)*

## ★ ચોરી માફીને અપાત્ર જુર્મ છે ★

જે ગુનાહોમાં દુનિયવી હદ (સજાઓ) છે તેમાં સજા એ સમયે લાગુ થશે જ્યારે સજાને લાગુ કરવા માટેની શર્તો જોવા મળે. જો કોઈ શખ્સે દસ દિરહમથી ઓછાની ચોરી કરી અથવા ચોરી તો કરી પણ પકડાયો નહીં અથવા પકડાય ગયો પરંતું ઈન્કાર કરી બેઠો અને દાવો કરનારા પાસે બે ગવાહો નથી જેમના થકી તે એના જુર્મને સાબિત કરી શકે તો એના પર સજા લાગુ થશે નહીં, પરંતું અલ્લાહને ત્યાં એના પર કેટલો મોટો અઝાબ છે તેનું વર્ણન આ હદીષમાં છે.

હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ વર્ણવે છે કે ગઝવએ ખયબરના દિવસે નબીયે અકરમ ﷺના કેટલાક સહાબાએ કિરામ આવ્યા અને તેમણે કહ્યું, ફલાણો શહીદ છે ! અને ફલાણો શહીદ છે, ત્યાં સુધી કે તેઓ એક માણસ પાસેથી પસાર થયા તો તેમણે કહ્યું, ફલાણો પણ શહીદ છે. એ સાંભળીને નબીયે રહમત ﷺએ ફર્માવ્યું, હરગિઝ નહીં ! તેણે એક ચાદર ચોરાવી હતી તેના કારણે મેં તેને જહન્નમમાં જોયો છે.

*(સહીહ મુસ્લિમ, ૧/૧૦૭)*

અલ્લાહુ અકબર ! શહીદ જે અલ્લાહના દીનને ખાતર પોતાની જાનની બાજી લગાડી દે છે અને અલ્લાહના દીનના માટે પોતાની ગરદન કપાવી

નાખે છે, હદીષે પાકના પ્રમાણે તેના સર્વ ગુનાહો માફ કરી દેવામાં આવે છે, સિવાય અમુક ગુનાહોના. એનામાંથી એક ગુનોહ ચોરી પણ છે. જ્યારે શહીદ એના લીધે જહન્નમમાં જઈ શકે છે તો પછી આમ લોકોની સાથે ચોરીની સજામાં કયામતના દિવસે શું મામલો થશે, તેનો અંદાઝો કરી શકીએ છીએ.

## પયગંબરે અમ્ન ﷺએ ડાકૂગીરીને મહાન ગુનો ઠરાવ્યો

જેવી રીતે ઈસ્લામે ચોરી વડે કોઈનો માલ લેવાને હરામ ઠરાવી આપ્યું છે અને ચોરીના ગુનાહમાં પડનાર માટે સજા રાખી છે, એ જ પ્રમાણે ડાકૂગીરીને પણ હરામ કરવામાં આવેલ છે અને એના માટે સખત સજા રાખેલી છે. ચોરી તથા ડાકૂગીરીમાં ફરક એ છે કે ચોરીમાં કોઈના માલને છુપાવીને લઈ લેવામાં આવેલ છે અને ડાકૂગીરીમાં ખુલ્લા છોગે લેવામાં આવે છે. ડાકૂગીરી વિશે કુર્આનનું ફર્માન છે :–

اِنَّمَا جَزٰٓؤُا الَّذِیۡنَ یُحَارِبُوۡنَ اللّٰهَ وَرَسُوۡلَهٗ وَیَسۡعَوۡنَ فِی الۡاَرۡضِ فَسَادًا اَنۡ یُّقَتَّلُوۡۤا اَوۡ یُصَلَّبُوۡۤا
اَوۡ تُقَطَّعَ اَیۡدِیۡهِمۡ وَاَرۡجُلُهُمۡ مِّنۡ خِلَافٍ اَوۡ یُنۡفَوۡا مِنَ الۡاَرۡضِ ؕ ذٰلِكَ لَهُمۡ خِزۡیٌ فِی الدُّنۡیَا
وَلَهُمۡ فِی الۡاٰخِرَةِ عَذَابٌ عَظِیۡمٌ ○

''તે કે અલ્લાહ તથા તેના રસૂલ સાથે લડતા અને દેશમાં ફસાદ (ઝઘડા) કરતા ફરે છે, તેમનો બદલો એ જ છે કે ગણી ગણીને કત્લ કરવામાં આવે અથવા સૂળીએ ચઢાવવામાં આવે અથવા એમના એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપવામાં આવે અથવા જમીનથી દૂર કરી દેવામાં આવે. આ દુનિયામાં તેમની બેઈજ્જતી છે અને આખેરતમાં એમના માટે મહાન અઝાબ.''

*(સૂ. માઈદા, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

એમના માટે પણ આ ઈબ્રતનાક સજાઓ એટલા માટે છે કે જેથી સમાજમાંથી એ જુર્મનો ખાત્મો થઈ જાય. તેમના માટે દુનિયામાં પણ સજા છે અને આખેરતમાં પણ મહાન અઝાબ છે.

## ★ ડાકૂગીરી કરનાર માટે માફી નથી ★

ખયરો બરકતવાળા કેટલાક એવા દિવસો તથા રાતો હોય છે જેમાં અલ્લાહ તબારક વ તઆલા પોતાના બંદાઓ પર ખાસ ફઝ્લ ફર્માવે છે, એની રહમતો બહાનાં શોધીને બંદાઓને માફ કરે છે. પરંતુ આવા મુબારક પ્રસંગોએ પણ કેટલાક લોકો અલ્લાહ તબારક વ તઆલાની રહમતથી મહરૂમ રહી જાય છે, એમનામાં ડાકૂઓની પણ ગણના છે.

હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ રહમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

يَطَّلِعُ اللّٰهُ عَلٰى خَلْقِهٖ فِيْ لَيْلَةِ النِّصْفِ مِنْ شَعْبَانَ، فَيَغْفِرُ لِجَمِيْعِ خَلْقِهٖ اِلَّا لِلْمُشْرِكِ، وَقَاطِعِ الطَّرِيْقِ، وَالْعَاقِّ، وَالْمُشَاحِنِ۔

''અલ્લાહ તબારક વ તઆલાની રહમતો શાબાનની પંદરમી રાતમાં મખ્લૂક઼ પર છાંયડો કરે છે તો અલ્લાહ તબારક વ તઆલા પોતાની સર્વ મખ્લૂક઼ાતને બખ્શી દે છે, સિવાય મુશ્રિક, ડાકૂ, મા બાપના નાફર્માન અને કોઈનાથી અદાવત તથા કીનો રાખવાવાળા.''

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી ૫/૩૫૫)*

એવો સમય જ્યારે અલ્લાહની રહમત છમાછમ વરસી રહી હોય એમાં પણ મેહરૂમી પામનારાઓમાં ડાકૂઓની ગણના છે. એનાથી અંદાઝો કરી શકો છો કે તે કેટલા પ્રમાણમાં બદનસીબ હશે ! એ જ પ્રમાણે મુશ્રિક, માબાપનો નફર્માન તથા અદાવત તથા કીનો રાખનારાઓની પણ બખ્શિશ થશે નહીં.

સારાંશ એ કે ડાકૂગીરી કેમ કે વિશ્વશાંતિની વિરૂધ્ધ છે એટલા માટે પયગંબરે રહમત ﷺના નિઝામમાં એના નિઝામમાં એના પર સખત પાબંદી લગાડવામાં આવી છે. દુનિયામાં એના માટે ઈબ્રતનાક સજા છે અને આખેરતમાં આ જુર્મમાં સપડાનારા માટે દર્દનાક અઝાબ છે. જાહેર છે કે આ જુર્મ ચોરીથી વધીને છે એટલા માટે એના પર અઝાબ પણ ચોર પર થનારા અઝાબથી વધીને હશે. જો કોઈ ડાકૂએ ડાકૂગીરી (લૂંટ) દરમ્યાન

કોઈનું ખૂન કરી નાખ્યું છે તો તેના બદલામાં તેને પણ કૃત્લ કરવામાં આવશે, જો કૃત્લ થનારના વારસોએ માફ કરી આપ્યો તો પણ માફ નથી.

## પચાવી પાડવા પર પાબંદીમાં સામાજિક શાંતિની સલામતી છે

પચાવી પાડવું (ગસબ) એટલે કોઈની ચીજ નાહક્ક઼ પચાવી પાડવી, એ પણ મહાન ગુનોહ છે. આ ગુનોહ વર્તમાનકાળમાં ખૂબ જ અધિક પ્રમાણમાં જોવા મળે છે. ખાસ કરીને જમીન જાયદાદના મામલામાં એમાં સપડાનારાઓની સંખ્યા એટલા પ્રમાણમાં છે કે એક ભાઈ પોતાના સગાભાઈની જાયદાદ હડપ કરી જવામાં પણ કોઈ ખચકાટ નથી અનુભવતો. પછી આ ગુનો અન્ય ગુનાહોને નોતરેં છે.

જાહેર છે કે જેની સંપત્તિ હડપ કરી જવામાં આવી છે તે ચૂપ તો બેસવાનો નથી, બલ્કે ક્યાં તો ક઼ાનૂની કાર્યવાહી કરશે જેના લીધે બંનેવે કોર્ટના ચક્કરો કાપવા પડશે, અથવા તો પછી તે પોતાની રીતે તેને મજા ચખાડવાની કોશિશ કરશે જેના પરિણામે માનસિક તથા શારીરિક તકલીફોનો ક્રમ ચાલુ થશે. એટલા માટે આ જુર્મ પર પણ મુસ્તફા ﷺના બંધારણમાં સખત પાબંદી છે.

જે શખ્સ કોઈનો કોઈ માલ હડપ કરી લે છે એના સંબંધે મુબારક હદીષોમાં જાત જાત અઝાબોનું વર્ણન આવેલું છે.

### ★ સાત જમીનોનો તોક (હાટ) પહેરાવાશે ★

કોઈ શખ્સે કોઈની એક વેંત જમીન પણ હડપ કરી લીધી છે તો પયગંબરે અમ્ન ﷺના બંધારણમાં એ પણ મહાન ગુનો છે. એના પર શું સજા મળશે એ હદીષમાં જુઓ.

હઝરત સઈદ બિન ઝયદ બિન અમ્ર رضی اللہ عنہના વિરૂધ્ધ અરવા નામની એક સ્ત્રીએ મરવાનની પાસે કેસ દાખલ કર્યો. એ સ્ત્રીનો એવો ખયાલ હતો કે હઝરત સઈદ رضی اللہ عنہએ એના હક્ક઼માંથી કાંઈક ઓછું કરી આપ્યું છે. હઝરત સઈદ رضی اللہ عنہએ ફર્માવ્યું, હું કેવી રીતે એનો હક્ક઼ મારી શકું છું

જ્યારે કે હું ખુદ ગવાહી આપુ છું કે હુઝૂર રહમતે આલમ ﷺનો ઈર્શાદે ગિરામી છે :–

مَنْ اَخَذَ شِبْرًا مِّنَ الْاَرْضِ ظُلْمًا فَاِنَّهٗ يُطَوَّقُهٗ يَوْمَ الْقِيَامَةِ مِن سَبْعِ اَرْضِيْنَ۔

"જેણે કોઈની એક વેંત જમીન નાજાઈઝ રીતે દબાવી છે તો ક઼યામતના દિવસે તેના કારણે સાતેવ જમીનોનો તોક઼ તેના ગળામાં નાખવામાં આવશે."

*(સહીહ બુખારી, ૪/૧૦૭)*

જમીન કેટલા પ્રમાણમાં વિશાળ છે ! વળી એના જેવી સાત જમીનોનો તોક઼ (હાર) બનાવીને એ શખ્સના ગળામાં લટકાવવામાં આવશે. જેણે કોઈની એક વેંત હડપ કરી હશે. તો જે લોકો લાખો કરોડોની જમીન જાયદાદને દબાવીને હજમ કરી જાય છે તેમણે અંદાઝો કરવો જોઈએ કે ક઼યામતના દિવસે તેમને કેટલા પ્રમાણમાં તકલીફોનો સામનો કરવો પડશે. જે ચીજમાં કોઈનો હક્ક઼ છે એમાં ઉણપ કરવામાં આવી તો એ માફ કરવામાં આવનારી વાત નથી.

## ★ માટી ખોદીને હશ્રના મેદાનમાં લાવે ★

એક રિવાયતમાં એની સજાના સંબંધે એ મળે છે કે હઝરત યઅ્લા બિન મુર્રા ષક઼ફી رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : مَنْ اَخَذَ اَرْضًا بِغَيْرِ حَقِّهَا كُلِّفَ اَنْ يَّحْمِلَ تُرَابَهَا اِلَى الْمَحْشَرِ۔ "જેણે નાહક઼ કોઈની જમીન પર કબજો કરી લીધો તેને હુકમ આપવામાં આવશે કે એ જમીનની માટી ખોદીને હશ્રના મેદાનની તરફ લઈને આવે." *(મુસ્નદે અહમદ, ૨૯/૯૯)*

એક રિવાયતમાં આ શબ્દો છે :–

اَيُّمَا رَجُلٍ ظَلَمَ شِبْرًا مِّنَ الْاَرْضِ كَلَّفَهُ اللّٰهُ عَزَّ وَجَلَّ اَنْ يَّحْفِرَهٗ حَتّٰى يَبْلُغَ اٰخِرَ سَبْعِ اَرْضِيْنَ ثُمَّ يُطَوِّقُهٗ اِلٰى يَوْمِ الْقِيَامَةِ حَتّٰى يُقْضٰى بَيْنَ النَّاسِ۔

"જેણે એક વેંત જમીન ઉપર પણ નાહક્ક઼ કબજો કરી લીધો તેને હુકમ આપવામાં આવશે કે તેને ખોદે ત્યાં સુધી કે સાતેવ જમીનોના તળિયા સુધી

પહોંચી જાય. પછી એ જમીનને તેના ગળાનો તોક઼ (હાર) બનાવી દેવામાં આવશે ત્યાં સુધી કે ક઼યામતના દિવસે લોકોનો ફૈંસલો થઈ જાય.''

*(મુસ્નદે અહમદ, ૨૯/૯૯)*

કોઈની મિલ્કતને હડપ કરવી અને તેના પર નાહક઼ કબજો જમાવી લેવો સમાજમાં ઝઘડાનો સબબ બને છે, એટલા માટે એના પર આટલા પ્રમાણમાં ધમકીઓ આવેલી છે. દુનિયાની ચાર દિવસની જિંદગીમાં કોઈનો હક્ક઼ મારીને જો આપણે એશ આરામ કરી પણ લીધો પણ આખેરતમાં એના પર જરૂર પકડ થશે અને એટલા પ્રમાણમાં મુશ્કેલીઓ તથા પરેશાનીઓમાંથી પસાર કરવામાં આવશે કે એનું વર્ણન સાંભળીને રૂહ કાંપી જાય છે, તેની સરખામણીમાં આપણે થોડામાં ગુજારો કરી લીધો તો આખેરતની પરેશાનીઓથી મેહફૂઝ થઈ જઈશું.

## પયગંબરે અમ્ન ﷺએ લાંચખોરીની સખત બુરાઈ વર્ણવી

લાંચ તે ચીજ છે જે માણસ કોઈ હાકિમ અથવા ગૈર હાકિમને એ હેતુથી આપે છે કે ફૈંસલો એના ફેવરમાં થાય, અથવા તેના મનપસંદ હોદ્દા પર તેને બિરાજમાન કરવામાં આવે. કેમ કે એમાં બીજાનો હક્ક઼ મરાય છે એટલા માટે પયગંબરે રહમત ﷺએ તેના પર પણ પાબંદી લાગુ કરી છે. રિશ્વત (લાંચ) લેવાની બુરાઈમાં કુર્આન મુક઼દસમાં ઈર્શાદ થયો :–

وَتَرٰى كَثِيْرًا مِّنْهُمْ يُسٰرِعُوْنَ فِى الْاِثْمِ وَالْعُدْوَانِ وَاَكْلِهِمُ السُّحْتَ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ۝

''અને એમનામાં (યહૂદીમાં) તમે ઘણાને જોશો કે ગુનાહ તથા ઝિયાદતી તથા હરામખોરી પર દોડે છે. બેશક઼ ! ઘણા જ બુરા કામો કરે છે.

*(સૂ. માઈદા, આ. ૬૨, કન્ઝુલ ઈમાન)*

## ★ લાંચ આપીને કોઈનો હક્ક઼ મારવો જાઈઝ નથી ★

લાંચ આપવાનો મક઼સદ એ જ હોય છે કે માણસ જે ચીજને પાત્ર નથી તેને તે ચીજની પાત્રતાવાળો ઠરાવી દેવામાં આવે. તેને પાત્રતા મળી

તો જાય છે, પણ એક અન્ય શખ્સ જે એનો હક્કદાર હતો તેનો હક્ક આનાથી છીનવાય જાય છે. એ જ પ્રમાણે હાકિમો તથા કાઝીઓ (અધિકારીઓ તથા જજો)ને એટલા માટે લાંચ આપવામાં આવે છે કે જેથી જે કેસ ચલાવવામાં આવી રહ્યો છે તેમાં લાંચ આપનારના ફેવરમાં જજમેન્ટ આવી જાય. જાહેર છે કે એમાં પણ સામા પક્ષવાળાનો હક્ક મારવું છે. એટલા માટે લાંચ લેવું દેવું બંનેને હરામ ઠરાવવામાં આવેલ છે.

કુર્આનનું ફર્માન છે :–

وَلَا تَأْكُلُوٓا أَمْوَالَكُم بَيْنَكُم بِالْبَاطِلِ وَتُدْلُوا بِهَآ إِلَى الْحُكَّامِ لِتَأْكُلُوا فَرِيقًا مِّنْ أَمْوَالِ النَّاسِ بِالْإِثْمِ وَأَنتُمْ تَعْلَمُونَ ○

"અને આપસમાં એકબીજાનો માલ નાહક ન આપ અને ન હાકિમોની પાસે એમનો કેસ એટલા માટે પહોંચાડો કે લોકોનો અમુક માલ નાજાઈઝ રીતે ખાય લો જાણી બુઝીને." *(સૂ. બકરહ, આ. ૧૮૮)*

## ★ લાંચ ખાનારનું ઠેકાણુ જહન્નમ છે ★

દુનિયાની ચાર દિવસની તુચ્છ જિંદગીને ચમકાવવાના માટે એક શખ્સ લાંચ લે છે અને એક હક્કદારનો હક્ક બીજાને આપી દે છે, પછી સમજે છે કે તેણે મહાન કામયાબી હાંસલ કરી લીધી છે. તેણે ખબરદાર થઈ જવું જોઈએ કે અમુક વરસોના એશ આરામ પછી એણે દુનિયાથી જવાનું પણ છે, અને જહન્નમ એવા ગોશ્ત ચામડાને સળગાવવા માટે તૈયાર છે જે હરામ ખોરાકથી પોષણ પામેલાં છે.

હઝરત કઅબ બિન અજરા رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّهُ لَا يَرْبُوْ لَحْمٌ نَبَتَ مِنْ سُحْتٍ اِلَّا كَانَتِ النَّارُ اَوْلٰى بِهٖ۔

"બેશક ! જે ગોશ્ત પણ હરામ ખોરાકથી ઉછેર પામ્યો છે એના માટે જહન્નમ જ અધિક યોગ્ય છે." *(સુનને તિર્મિઝી, ૧/૭૫૩)*

જે શખ્સ હરામ ખોરાક ખાયને પોતાના શરીરનો ઉછેર કરે છે તેને

જહન્નમમાં નાખી દેવામાં આવશે. લાંચનો માલ હરામ છે એટલા માટે લાંચખોરના માટે પણ જહન્નમનો અઝાબ છે.

### ★ લાંચ આપનાર તથા લેનાર બંનેવ જહન્નમી ★

દરેક તે કામ જેમાં અલ્લાહની નાફર્માની છે તે શરીઅતની નજરમાં બુરી તથા ખરાબ છે, અને એવા કામના માટે પૈસા ખર્ચ કરવા અધિક ખરાબ તથા બુરુ છે. એ જ સ્થિતિ લાંચની પણ છે કે દુનિયામાં ભલે તેમાં ફાયદો દેખાય છે, પરંતુ આખેરતમાં એનો બુરો અંજામ શું થશે એનું વર્ણન હદીષે પાકમાં આ શબ્દોમાં આવ્યું છે : اَلرَّاشِیْ وَالْمُرْتَشِیْ فِی النَّارِ. ''લાંચ લેનાર અને લાંચ આપનાર બંનેવ જહન્નમી છે.'' *(મુસ્નદે બઝ્ઝાર, ૩/૨૪૭)*

એક રિવાયતમાં લાંચ આપનારાઓ, લેનારાઓ અને બંનેવની વચ્ચે માધ્યમ બનનારા સૌના પર લઅનત ફર્માવી છે. હઝરત ષૌબાન رضی اللہ عنہ કહે છે :–

لَعَنَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ الرَّاشِیَ وَالْمُرْتَشِیَ وَالرَّائِشَ.

''રસૂલુલ્લાહ ﷺએ લાંચ આપનારા, લાંચ લેનારા અને માધ્યમ બનનારા ત્રણેવ પર લઅનત ફર્માવી છે.''

*(શોઅબુલ ઈમાન લિલ્બયહકી, ૭/૩૫૪)*

લાંચ આપીને દુનિયામાં પોતાની મરજી પ્રમાણે ફેંસલો હાંસલ કરનાર એવું ન સમજે કે તેને ઘણી જ મોટી કામયાબી મયસ્સર આવી ગઈ છે. એણે યાદ રાખવું જોઈએ કે ક઼યામતના દિવસે કોઈ લાંચ ચાલવાની નથી અને ત્યાં દરેક જણની સાથે ન્યાય થશે. જેણે દુનિયામાં લાંચના જોરે કોઈનો હક્ક઼ મારી લીધો હતો તેણે પણ ક઼યામતના દિવસે જહન્નમ મોં જોવું પડશે.

લાંચખોરી પણ હક્ક઼ પચાવી પાડવાનો મહાન સબબ છે અને હક્ક઼ મારવું એ શાંતિને નષ્ટ કરનારી બલા છે એટલા માટે સરવરે આલમ ﷺએ તેની સખત બુરાઈ વર્ણવી અને એના સંબંધે ચેતવણીઓ વર્ણન કરી દીધી છે.

## વાદા ખિલાફીથી મનાઈ એ શાંતિની સ્થાપ્નાનો ઝરીયો

વાયદો પાળવાના સંબંધે આકાએ રહમત ﷺએ ખૂબ જ જોર આપ્યું છે. વાયદા પાલન એ ખૂબીઓમાંથી છે જેના પયકર સરવરે આલમ ﷺ પોતે નબુવ્વતના એલાન પહેલાં પણ હતા. આપની પૂરી હયાતે પાકમાં વાદાખિલાફીનો એક પણ બનાવ નથી મળી શકતો બલ્કે વાયદો નિભાવવાના આશ્ચર્યજનક બનાવો મળે છે.

શાંતિ યથાવત રાખવા માટે વાયદો નિભાવવો પણ ખૂબ જરૂરી છે. એક વચનભંગ કરનાર શખ્સ અન્યોના માટે સામાન્ય રીતે ઝેહમત બની જાય છે. એટલા માટે સરવરે કાઈનાત ﷺએ વાદા ખિલાફી પર સખત પાબંદી લાગુ કરી છે, અને એવો હુકમ ફર્માવ્યો છે કે તે જ વાયદો કરવામાં આવે જેને પાળવાની ઉમ્મીદ હોય.

### ★ વાયદા બારામાં પૂછતાછ થશે ★

ક઼યામતના દિવસે દરેક કામનો હિસાબ આપવાનો છે. એમાંથી વાયદા પાલન પણ છે કે એના બારામાં ક઼યામતના દિવસે પૂછતાછ થશે. કુર્આને મુક઼દસમાં હુકમ છે : وَاَوْفُوْا بِالْعَهْدِ اِنَّ الْعَهْدَ كَانَ مَسْـُٔوْلًا ○ "અને વાયદો (વચન) પૂર્ણ કરો, બશક ! વાયદાથી સવાલ થશે."

*(સૂ. બની ઈસરાઈલ, આ. ૩૪, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુક઼દસામાં વાયદા પાલનનો હુકમ કરતાં એ આદેશ થયો કે તેના સંબંધે ક઼યામતના દિવસે હિસાબ થવાનો છે. અસલમાં વાદા ખિલાફીમાં સૌથી ખરાબીની જે વાત છે તે લોકોને ઈજા પહોંચાડવું છે. એક શખ્સને આપણે કોઈ ચીજનો વાયદો કર્યો તેણે એ વાયદાના મુજબ આપના પર ભરોસો કર્યો, પરંતુ આપણે વાયદો પૂરો ન કર્યો એના લીધે સામાન્યતઃ તે શખ્સના માટે મુશ્કેલીઓ ઉભી થઈ જાય છે.

### ★ કામયાબ મોમિનની ખૂબી ★

દુનિયા તથા આખેરતની કામયાબી પામનારા મોમિનની ખૂબીઓ

અલ્લાહ તબારક વ તઆલાએ સૂરએ મુઅમિનનમાં વિગતવાર વર્ણન કરી છે. તેઓ નમાઝ ખુશૂઅની સાથે પઢે છે, બેકારનાં કામોથી દૂર રહે છે, ઝકાત અદા કરે છે, પોતાની શર્મગાહોની હિફાઝત કરે છે, પોતાની નમાઝોની દેખરેખ રાખે છે, એનામાંથી એક સિફત આ પણ છે : وَالَّذِيْنَ هُمْ لِاَمٰنٰتِهِمْ وَعَهْدِهِمْ رٰعُوْنَ○ "અને તે જેઓ પોતાની અમાનતો અને પોતાના વાયદાની કાળજી રાખે છે." *(સૂ. મુઅમિનૂન, આ. ૮, કન્ઝુલ ઈમાન)*

એના પર એમને શું ઈનામ મળશે, એને કુર્આને મુકદ્દસમાં આ પ્રમાણે વર્ણવેલ છે :–

اُولٰٓئِكَ هُمُ الْوٰرِثُوْنَ○ الَّذِيْنَ يَرِثُوْنَ الْفِرْدَوْسَ هُمْ فِيْهَا خٰلِدُوْنَ○

"આ જ લોકો વારસ છે કે ફિરદોસનો વારસો પામશે. તેઓ એમાં હમેશાં રહેશે." *(સૂ. મુઅમિનૂન, આ. ૮, કન્ઝુલ ઈમાન)*

## ★ વાદાખિલાફી મુનાફિક઼ની નિશાની છે ★

મોમિનની એ શાન હોય છે કે તે પોતાના વચનનો પાકો હોય છે, એનાથી ઉલ્ટુ મુનાફિક઼નો એ હાલ હોય છે કે તેનામાં વાદા વફાઈ નથી હોતી. હદીષે પાકમાં મુનાફિક઼ની જે નિશાનીઓ વર્ણવવામાં આવી છે એમાંથી એક નિશાની વાદાખિલાફી પણ છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اٰيَةُ الْمُنَافِقِ ثَلَاثٌ، اِذَا حَدَّثَ كَذَبَ، وَاِذَا وَعَدَ اَخْلَفَ، وَاِذَا اؤْتُمِنَ خَانَ

"મુનાફિક઼ની ત્રણ નિશાનીઓ છે : (૧) વાતચીતમાં જૂઠુ બોલે છે. (૨) વાદાખિલાફી કરે છે. (૩) અમાનતમાં ખયાનત કરે છે."

*(સુનને તિર્મિઝી, ૫/૧૯)*

એનો મતલબ એ નથી કે જેની અંદર આ વાતો જોવા મળી એને આપણે ઈમાનથી ખારિજ અને મુનાફિક઼ માનીએ, બલ્કે એનો મતલબ એ છે કે તેનામાં મોમિન તરીકેની ખૂબીઓના બદલે મુનાફિક઼ોના જેવા દુર્ગુણો જોવા મળી રહયા છે, અને એવા માણસે પોતાના ઈમાનની જાંચ કરવી જોઈએ.

## ખયાનત (અપ્રમાણિકતા) મુસ્તફાના બંધારણમાં માફ ન થાય તેવો જુર્મ

જે ગુનાહો બેઈજ્જતી તથા કમીનાપન પર દલીલ પૂરી પાડે છે એમાંથી એક જુર્મ ખયાનત પણ છે. એક શખ્સે એક શખ્સ પર ભરોસો કર્યો અને તેને કોઈ ચીજનો અમીન બનાવી દીધો. હવે તેણે તેમાં ખયાનત કરી નાખી તો એના પરથી હમેશાં માટે એનો ભરોસો ઉઠી જશે. ખયાનત કરનાર સમાજના માટે ઘણી જ મોટી ઝેહમત (મુસીબત)નો સબબ બને છે. એટલા માટે સરવરે આલમ ﷺએ ખયાનતને સખત બુરો જુર્મ ઠરાવ્યો છે. હક઼ીક઼તમાં આ એક જુર્મ પોતાનામાં ચોરી, જૂઠ, બેવફાઈ, દગાબાજી અને જેવા કેટલાય જુર્મોનો સંગમ છે.

અમાનતદારી (પ્રમાણિકતા)ના મહત્વનો અંદાઝો એનાથી લગાડી શકો છો કે સરવરે આલમ ﷺના એલાને નબુવ્વતથી પહેલાંની પણ ૪૦ વરસની જિંદગી અમાનત પર આધારિત છે. કુરૈશના કાફિરોએથી આપનાથી દુશ્મનીનો કોઈ મોક઼ો નથી છોડયો, પણ કદી કોઈની મજાલ ન થઈ કે આપની અમાનત તથા સદાક઼ત (સચ્ચાઈ) પર આંગળી ઉઠાવે. બલ્કે હિજરતથી પહેલાં એ લોકો સરવરે કાઈનાત ﷺની પાસે પોતાની અમાનતો રાખ્યા કરતા હતા. આપની પણ અમાનતદારીપૂર્ણ શાન એ હતી કે મક્કા મુઅઝ્ઝમાથી હિજરત માટે મજબૂર થયા એ વખતે પણ અમાનતદારીનો એટલા પ્રમાણમાં લેહાઝ કર્યો કે હઝરત અલી رضی اللہ عنہને નાયબ બનાવીને આવ્યા અને ફર્માવ્યું કે સવારે સૌની અમાનતો અદા કરી દેજો પછી નીકળજો.

### ★ અમાનતો એમના માલિકોના હવાલે કરવાનો હુકમ ★

કોઈની પાસે અમાનત રાખવામાં આવી છે તો એમાં એને કોઈ પણ પ્રકારનો કોઈ ફેરફાર કે હેરફેર કરવું જાઈઝ નથી. બલ્કે એ હુકમ છે કે જે રીતે એને મળ્યો હતી એ જ રીતનો એના માલને પરત કરી આપે.

અમાનતદારી એક ખૂબ જ મહાન જિમ્મેદારી હોય છે અને એમાં ઉણપ પૂરી જિંદગીના માટે એ માણસની પ્રતિષ્ઠાને ઘાયલ કરી દેશે. કુર્આનમાં હુકમ છે : اِنَّ اللّٰهَ يَأْمُرُكُمْ اَنْ تُؤَدُّوا الْاَمٰنٰتِ اِلٰۤى اَهْلِهَا ''બેશક ! અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો જેની છે તેમને સોંપી દો''

*(સૂ. નિસાઅ, આ. ૮૫, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં અમાનતો અદા કરવાનો હુકમ કર્યો છે. એક આયતમાં અમાનતમાં ખયાનત કરવાથી મનાઈ કરતાં ઈર્શાદ ફર્માવ્યો :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَخُوْنُوا اللّٰهَ وَالرَّسُوْلَ وَتَخُوْنُوْۤا اَمٰنٰتِكُمْ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ○

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહ અને રસૂલ (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)થી દગો ન કરો અને ન તમારી અમાનતોમાં જાણી જોઈને ખયાનત.''

*(સૂ. અન્ફાલ, આ. ૨૭)*

કોઈ અમાનત કોઈની પાસે રાખવામાં આવી છે તો એને એમાં હેરફેરનો કોઈ અધિકાર જ નથી. જો પોતાના વિશે એ વાતનો એતબાર નથી કે અમાનતની હિફાઝત કરી શકશે તો કોઈની અમાનત રાખવી જ ન જોઈએ. એટલા માટે એકવાર પણ જો જરા સરખો પણ શક પેદા થઈ ગયો તો જીવનભર માટે ભરોસો ઉઠી જશે. એ રીતે જે વ્યક્તિના બારામાં આપણને ડગમગુ છે કે તે અમાનતમાં ખયાનત ન કરી દે તેની પાસે પણ અમાનત રાખવી ન જોઈએ.

## ★ ખયાનત મુનાફિક઼ કરે છે ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اٰيَةُ الْمُنَافِقِ ثَلَاثٌ، اِذَا حَدَّثَ كَذَبَ، وَاِذَا وَعَدَ اَخْلَفَ، وَاِذَا اُؤْتُمِنَ خَانَ۔

મુનાફિક઼ની નિશાનીઓ ત્રણ છે : (૧) વાત ચીતમાં જૂઠુ બોલે છે (૨) વાદા ખિલાફી કરે છે. (૩) અમાનતમાં ખયાનત કરે છે.

*(સુનને તિર્મિઝી, ૫/૧૯)*

આ રિવાયતથી જાણવા મળ્યું કે જો અમાનતમાં ખયાનતનો ખયાલ દિલમાં પેદા થઈ રહ્યો છે તો પોતાના ઈમાનની કમજોરી બાબતે પરીક્ષણ કરતી નજર આપણા અંતરમાં કરી લેવી જોઈએ, એટલા માટે કે જેનું ઈમાન મજબૂત હશે તેના દિલમાં ખયાનતનો ખયાલ નહીં આવે.

## ★ ગૈર અમીન ગૈર દીનદાર ★

દીનદારી માણસને લોકોના હક્કોનો ખયાલ કરવા અને દરેક હક્‌વાળાને તેનો હક્‌ પહોંચાડવાની દાવત આપે છે. જો કોઈનો હક્‌ મારવાનો ખયાલ દિલમાં આવે તો સમજી લેવું જોઈએ કે દીનદારીમાં ખલેલ આવી છે.

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે સરકારે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

لَا اِيْمَانَ لِمَنْ لَّا اَمَانَةَ لَهٗ وَلَا دِيْنَ لِمَنْ لَّا عَهْدَ لَهٗ.

''જેમાં અમાનત નથી એનામાં ઈમાન નથી અને જેનામાં વાયદાની પાબંદી નથી તેનામાં દીનદારી નથી.'' *(શોઅબુલ ઈમાન લિલ્બયહકી, ૬/૧૯૬)*

આ હદીષથી જાણવા મળ્યું કે ઈમાન તથા અમાનત આપસમાં એક બીજાનાં પૂરક છે કે અમાનત વગર ઈમાનની મીઠાશથી મેહરૂમી છે. આપણે મો'મિન છીએ, યકીનન ! મો'મિન છીએ તો આપણે મો'મિનને છાજે તેવી શાનનો લેહાઝ રાખવો જોઈએ, અને અપ્રમાણિકતાથી કોઈ પણ ભોગે દૂર રહેવું જોઈએ.

## ★ ખયાનત જહન્નમમાં લઈ જનારો અમલ છે ★

કોઈ પણ રીતે કોઈનો હક્‌ મારવો એ જહન્નમમાં જવાનો તથા અઝાબમાં સપડાવાનો સબબ છે. જહન્નમીઓની નિશાનીઓમાંથી સરવરે કાઈનાત ﷺએ ખયાનતને પણ દર્શાવેલ છે.

હઝરત અયાઝ મુજાશિઈ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ એક દિવસે લાંબો ખુત્બો આપ્યો, એમાં આપે જહન્નમમાં લઈ

જવામાં આવનારાનું વર્ણન કરતાં જહન્નમીઓમાં એ શખ્સની પણ ગણના કરી છે જેને માલની લાલચ તો નથી હોતી પરંતુ મોક઼ો મળી જાય તો ખયાનત કરી બેસે છે.'' *(સહીહ બુખારી, ૪/૨૧૯૭)*

એટલે કે જેની ખયાનત કરવાની આદત નથી પરંતુ જો મોક઼ો મળી જાય તો ખયાનતથી બચતો પણ નથી એવી વ્યક્તિને પણ જહન્નમીઓમાં ગણેલ છે. પછી તે શખ્સ જે ખયાનતનો આદી છે અને હમેશા એની ફિકરમાં રહે છે એના માટે જહન્નમમાં કેટલા પ્રમાણમાં અઝાબ થશે એનો અંદાઝો કરી શકો છો.

અમાનતનો કેવળ એ મતલબ નહીં કે કોઈએ માલ દૌલત આપણી પાસે રાખી, આ અમાનતનો આમ (સામાન્ય) અર્થ છે અમાનત એ છે કે :

❑ આપણને કોઈ દીની જિમ્મેદારી આપવામાં આવી, જેમ કે કોઈ મુદર્રિસ દર્સ આપવાના સ્થાન પર બિરાજમાન થાય છે અથવા કોઈ ઈમામ ઈમામતના હોદ્દા પર બિરાજે છે.

❑ આપણને કોઈ દુનિયવી જિમ્મેદારી આપવામાં આવી, જેમ કે કોઈને હાકિમ બનાવવામાં આવ્યો કોઈ કોઈને ત્યાં નોકરી કરે છે અથવા કોઈએ પોતાના માલને વેચવાનો વકીલ બનાવ્યો છે.

આ રીતના પુષ્કળ મામલાઓ છે જે આપણા માથે અમાનતની હૈસિયતથી હોય છે તેને પણ સહીહ રીતે અદા ન કરવું એ પકડ થવાને પાત્ર વાત છે.

દા.ત. કોઈના માટે ઓફીસમાં હાજરીનો સમય ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી છે. કોઈ દિવસે ઓફીસમાં જિમ્મેદાર નથી અને એ શખ્સ છૂટ્ટી લીધા વિના ઓફીસેથી જતો રહ્યો, તો આ પણ ખયાનત છે. એ ઓફીસમાં હાજર છે પણ ટાઈમ પાસ કરી રહ્યો છે, જે કામના માટે એને રાખ્યો તે કામ સહીહ તૌર પર પૂર્ણ નથી કરી રહ્યો, તો એ પણ ખયાનત તથા પકડને પાત્ર વાત છે.

## દારૂ પીવા પર પાબંદી સમાજના માટે રહમત છે

શરાબ તથા નશાકારક ચીજોનો ઉપયોગ રોજ બરોજ સમાજમાં જે તબાહીઓ તથા બર્બાદીઓ લાવી રહ્યો છે, અને એના સબબે અખ્લાક઼ી દીની, રૂહાની મઝહબી તથા સામાજિક તૌર પર જે જે નુકસાનોનો સામનો કરવામાં આવી રહ્યો છે એનાથી દરેકે દરેક વ્યક્તિ વાકેફ છે. કોઈ એવું વરસ નથી પસાર થતું જેમાં નશો કરવાવાળા હજારોની સંખ્યામાં હોસ્પિટલ ન પહોંચતા હોય, અને નશાના કારણે હજારો લોકો ઝિનાકારી, બદકારી, ક઼ત્લ, આત્મહત્યા, ચોરી અને આ પ્રકારના અન્ય ગુનાહોમાં ન પડતા હોય.

ઈસ્લામના આગમન પહેલાં અરબસ્તાનમાં શરાબ (દારૂ) ખૂબ જ અધિક પ્રમાણમાં જોવામાં આવતો હતો એનું વર્ણન એમના કાવ્યો તથા શેઅરોમાં પણ ખૂબ જોવા મળે છે. દારૂ પીવાનું નુકસાન એ છે કે એનાથી બુધ્ધિ બહેર મારી જાય છે, અને જ્યારે બુધ્ધિ બહેર મારી જાય તો માણસ કાંઈ પણ કરી બેસે છે. જ્યારે ઈસ્લામનું આગમન થયું તો કેમ કે અરબવાસીઓ દારૂ પીવાના અનહદ આદી હતા એટલા માટે એક ઝટકે એના પર પાબંદી લગાડવું મુશ્કેલ હતું.

### ★ શરાબનું હરામ થવું ક્રમે ક્રમે થયું ★

મદીના તરફ હિજરત બાદ આકસ્મિક રીતે એક બનાવ ઉપસ્થિત થયો કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضي الله عنه એ સહાબાએ કિરામની દાવત કરી. દાવતમાં ખાવાની સાથોસાથ દારૂની પણ વ્યવસ્થા હતી. ઘણા લોકોએ ખાવા ખાધુ અને શરાબ પણ પીધી. મગરિબની નમાઝનો સમય થયો તો હઝરત અલી رضي الله عنه ને ઈમામત માટે આગળ વધાર્યા. આપે નમાઝમાં સૂરએ કાફિરૂનની તિલાવત કરી પરંતુ નશાના કારણે દરેક જગાએ શબ્દ "લા" છૂટી ગયો જેનાથી અર્થમાં ઘણી જ મોટી ખરાબી ઉપસ્થિત થઈ. ત્યારબાદ નીચે જણાવેલ આયતે કરીમા નાઝિલ થઈ :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَاَنْتُمْ سُكٰرٰى حَتّٰى تَعْلَمُوْا مَا تَقُوْلُوْنَ.

"હે ઈમાનવાળાઓ ! નશાની હાલતમાં નમાઝ પાસે ન જાવ જ્યાં સુધી એટલો હોશ ન હોય કે જે કહો તેને સમજો. *(તફસીરે તબરી, ૯/૩૭૬)*

આ આયતના નુઝૂલ થયા પછી દારૂના સેવનના ઘણે ખરે અંશે કમી આવી ગઈ. એટલા માટે કે નશાની હાલતમાં નમાઝ પઢી શકતા ન હતા અને નમાઝ છોડવું પણ તકલીફદાયક હતું.

સહાબાએ કિરામને એ અંદાઝો થઈ ગયો કે દારૂ એટલી બુરી ચીજ છે કે તે નમાઝ માટે આડરૂપ બની રહી છે, તો ઘણા બધા સહાબાએ કિરામે આ આયતના ઉતરતાં જ શરાબ ત્યજી દીધી. પરંતુ હજી તેને સંપૂર્ણપણે હરામ ઠરવામાં આવી ન હતી એટલા માટે એને પીવાનો ક્રમ ક્યાંક ક્યાંક ચાલુ હતો.

પછી જ્યારે મુસલમાનોએ પોતે પોતાને ઘણે ખરે અંશે શરાબના મામલામાં કન્ટ્રોલ કરી લીધા તો હવે તે હુર્મતે મુગ઼લ્લઝા (ક઼ાયમી હરામ હોવું) નાઝિલ થઈ. અને ફર્માવવામાં આવ્યું :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝ اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضَآءَ فِى الْخَمْرِ وَالْمَيْسِرِ وَيَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَعَنِ الصَّلٰوةِ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ ۝

"હે ઈમાનવાળાઓ ! શરાબ તથા જૂગાર તથા મૂર્તિ તથા પાંસા નાપાક જ છે શૈતાની કામ, તો એનાથી બચતા રહેજો કે ભલાઈ પામો. શૈતાન એ જ ચાહે છે કે તમારામાં વેર તથા દુશ્મની નખાવી દે શરાબ તથા જૂગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે, તો શું તમે દૂર થશો ?" *(સૂ. માઈદા, આ. ૯૦–૯૧, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુક઼દ્દસામાં શરાબ તથા જૂગારનાં પરિણામો તથા નુકસાનો વર્ણન કરવામાં આવ્યાં કે શરાબનોશી તથા જુગારબાજીનો એક વબાલ તો એ છે કે એનાથી આપસમાં કીનો તથા અદાવતો પેદા થાય છે, અને જે કોઈ આ બદીઓમાં સપડાયેલ હોય તે ઝિક્રે ઈલાહી અને નમાઝના

સમયોની પાબંદીથી મેહરૂમ થઈ જાય છે. ઉપરોક્ત આયતોના નુઝૂલ બાદ શરાબને સંપૂર્ણપણે હરામ કરી દેવામાં આવી.

## ★ દારૂ પીવો ઘણો જ મહાન ગુનોહ છે ★

ઘણા બધા લોકોની માન્યતા છે કે શરાબ પીવાથી રંજો ગમથી છૂટકારો હાંસલ થાય છે, કેટલાક લોકો સમજે છે કે શરાબ પીવાથી તંદુરસ્તી મળે છે, કેટલાક લોકો એના બીજા ફાયદા વર્ણવે છે અને પીવાનું જાઈઝ હોવું શોધે છે. કુર્આને મુકદ્દસમાં ફર્માવી દેવામાં આવ્યું :–

يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِؕ قُلْ فِيْهِمَاۤ اِثْمٌ كَبِيْرٌ وَّمَنَافِعُ لِلنَّاسِ٘ وَاِثْمُهُمَاۤ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا

''તમને શરાબ તથા જૂગારનો હુકમ પૂછે છે, તમે ફર્માવી દો કે એ બંનેવમાં મહાન ગુનોહ છે, અને લોકોના અમુક દુનિયવી લાભો પણ, અને એમનો ગુનોહ એમના નફાથી મોટો છે.

*(સૂ. બકરહ, આ. ૨૧૯, કન્ઝુલ ઈમાન)*

લાભ તો એ છે શરાબથી ટેમ્પરરી કાંઈક આનંદ પેદા થાય છે અથવા તેના ખરીદ વેચાણમાં વ્યાપારિક લાભ થાય છે, પણ ગુનાહો તથા ખરાબીઓની શું ગણત્રી ?! બુધ્ધિનું ગુમ થઈ જવું, શરમ તથા ગૈરતનું જતુ રહેવું, ઈબાદતોથી મેહરૂમી, લોકો સાથે અદાવતો, સૌની નજરમાં થી પડી જવું, દૌલત તથા માલની ખુવારી. *(ખઝાઈનમાંથી ટૂંકાવીને)*

જો દારૂ ટેમ્પરરી કાંઈક લાભકારક લાગે છે તો એ ફાયદો મામૂલી છે પરંતું એનો ગુનોહ ઘણો જ મોટો છે અને એનાં નુકસાનો સમાજના માટે જીવલેણ બીમારીના જેમ છે. એટલા માટે સરવરે આલમ ﷺના નિઝામે અમ્નમાં એના પર સખત પાબંદી લાગુ કરવામાં આવી છે અને તેને એ ગુનાહોમાં ગણવામાં આવેલ છે જેના માટે હદ (સજા) લાગુ થાય છે.

## ★ શરાબ પીવાની સજા ★

શરાબ પીનારા માટે ચાલીસ અથવા એંસી કોરડા લગાડવાની સજા

છે. એકવાર પીધી તો કોરડા લગાડવામાં આવશે, બીજીવાર તથા ત્રીજીવાર પીવામાં પણ એ જ સજા છે, અને ચોથીવાર પીધી તો તેને કત્લ કરી દેવામાં આવશે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

اِذَا سَکِرَ فَاجْلِدُوْہُ فَاِنْ عَادَ فَاجْلِدُوْہُ فَاِنْ عَادَ فَاجْلِدُوْہُ ثُمَّ قَالَ فِی الرَّابِعَۃِ: فَاِنْ عَادَ فَاضْرِبُوْا عُنُقَہٗ۔

"જ્યારે કોઈ શખ્સ નશો કરે તો તેને કોરડા મારો, પછી બીજીવાર નશો કરે તો ફરી કોરડા મારો. ત્રીજીવાર કરે તો પણ તેને કોરડા મારો. ચોથીવાર નશો કરે તો તેને કત્લ કરી દો. *(સુનને ઈબ્ને માજહ, ૨/૮૫૯)*

આ રિવાયતથી જાણવા મળ્યું કે કોરડા મારીને તેની સુધારણા કરવાનો મોકો આપવામાં આવશે. હજી પણ એનામાં સુધારો નથી થતો તો સમજી લેવામાં આવશે કે હવે એમાં સુધારો લાવવો શક્ય નથી, અને હવે કત્લને પાત્ર થઈ જશે.

કેટલા કોરડા મારવામાં આવશે એના વિશે હનફી મઝહબમાં એ છે કે એંસી (૮૦) કોરડા મારવામાં આવશે. હઝરત હુઝૈન બિન મુન્ઝિર વર્ણવે છે કે જ્યારે વલીદ બિન ઉકબાને હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની પાસે લાવવામાં આવ્યા અને લોકોએ એમની વિરૂધ્ધ શરાબનોશીની ગવાહી આપી, તો હઝરત ઉષ્માનગની رضی اللہ عنہએ હઝરત અલી رضی اللہ عنہને ફર્માવ્યું કે તમારા કાકાના પુત્ર તમારી સામે છે, તમે એમના પર હદ (સજા) લાગુ કરો. હઝરત અલી رضی اللہ عنہએ એમને કોરડા ફટકાર્યા અને ફર્માવ્યું :–

جَلَدَ رَسُوْلُ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ اَرْبَعِیْنَ وَجَلَدَ اَبُوْبَکْرٍ اَرْبَعِیْنَ وَجَلَدَ عُمَرُ ثَمَانِیْنَ وَکُلٌّ سُنَّۃٌ۔

"રસૂલુલ્લાહ ﷺએ (દારૂ પીવાની સજામાં) ૪૦ કોરડા માર્યા હતા. હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہએ પણ ચાલીસ કોરડા માર્યા હતા અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ એંસી કોરડા માર્યા હતા. આ બંનેવ સુન્નતથી સાબિત છે."

જ્યારે કોઈ સહાબી કોઈ કામને સુન્નત કહે તો એનો મતલબ એ થાય છે કે એ સૈયદે આલમ ﷺથી સાબિત છે. આ રિવાયતથી જાણવા મળ્યું કે ચાલીસ કોરડા લગાડવું પણ સુન્નતથી સાબિત છે અને એંસી કોરડા લગાડવું પણ સુન્નતથી સાબિત છે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એંસી કોરડા મારવાને અપનાવ્યું હતું.

## ★ શરાબ દરેક બુરાઈની કૂંચી છે ★

શરાબ પર પાબંદી એટલા માટે લગાડવામાં આવી છે કે એ દરેક બુરાઈની જડ છે. દારૂ પીનાર નશાની હાલતમાં ક્યારે કોને શું તકલીફ પહોંચાડે તેની કોઈ ગેરંટી નથી, બલ્કે ઘણીવાર નશાની હાલતમાં તે ખૂનામરકી કરવા પણ તૈયાર થઈ જાય છે. એટલા માટે સરવરે કાઈનાત ﷺએ તેને દરેક બુરાઈની ચાવી ઠરાવેલ છે.

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે :–

اَوْصَانِیْ خَلِیْلِیْ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ: لَا تَشْرَبِ الْخَمْرَ، فَاِنَّھَا مِفْتَاحُ کُلِّ شَرٍّ۔

"મારા ખલીલ ﷺએ મને વસિયત ફર્માવી કે શરાબ ન પીશો એટલા માટે કે તે દરેક બુરાઈની ચાવી છે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૧૧૯)*

સરવરે આલમ ﷺએ એવો નિઝામ રચ્યો કે જેમાં દુનિયાથી દરેક બુરાઈના ખાત્માને યક઼ીની બનાવવામાં આવેલ છે. અને શરાબ દરેક બુરાઈની ચાવી છે, એટલા માટે એના પર સખતથી સખત પાબંદી છે. દુનિયામાં એના પર હદના રૂપમાં સજા છે અને આખેરતમાં એના માટે દર્દનાક અઝાબ છે. વળી તંદુરસ્તીની ખરાબી, માલની બર્બાદી, ઘરમાં લડાઈ ઝઘડા તથા અન્ય ખરાબીઓ જે દારૂની લતની દૈન છે તે એના વધારાનાં નુકસાનોમાંથી છે.

## ★ દારૂ પીનાર પર આખેરતમાં અઝાબ થશે ★

જો કોઈ શખ્સ દુનિયામાં શરાબની હદ (સજા) તથા નુકસાનથી કોઈ રીતે બચી પણ જાય તો આખેરતમાં તેને અલ્લાહના અઝાબથી કોઈ બચાવી શકશે નહીં :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہماથી મરવી છે કે રસૂલે રહમત ﷺએ ફર્માવ્યું, જેણે શરાબ પીને નશો કર્યો તેની ૪૦ દિવસો સુધી નમાઝો કૂબૂલ નહીં થાય, જો તૌબા વિના મરી ગયો તો જહન્નમમાં દાખલ થશે અને જો તૌબા કરી લીધી તો અલ્લાહ તબારક વતઆલા તેને માફ ફર્માવશે. પછી જો બીજીવાર શરાબ પીધી તો એવો જ મામલો થશે, અને ફરીથી તૌબા કરી લીધી તો અલ્લાહ તબારક વ તઆલા તેને માફ ફર્માવશે. પછી જો ત્રીજીવાર શરાબ પી લીધી તો એ જ મામલો થશે, અલ્બત્ત હજી પણ તૌબા કરે તો અલ્લાહ તેને માફ ફર્માવી આપશે.

પરંતું ત્રીજીવાર પછી જો તેણે ચોથીવાર શરાબ પીધી તો અલ્લાહ તઆલા તેને જરૂર કયામતના દિવસે જહન્નમઓનુ પરુ પીવડાવશે.

*(સુનને ઈબ્ને માજહ, ૨/૧૧૨૦)*

એટલે કે તેને જહન્નમમાં જવાની સજા તો મળશે જ સાથોસાથ સજા રૂપે તેને જહન્નમીઓનુ પરુ પીવા માટે આપવામાં આવશે.

સમાજને શાંતિમય રાખવા માટે આ ''ઉમ્મુલ ખબાઈષ'' (બુરાઈઓની જનેતા) પર સંપૂર્ણ પાબંદીઓની જરૂરત હતી એટલા માટે પયગંબરે આલમ ﷺએ ખૂબીપૂર્વક આ બુરાઈનો જડમૂળથી ખાત્મો કરી નાખ્યો અને સહાબાએ કિરામનાં દિલોમાં એના સંબંધે સખત નફરત પેદા કરી આપી. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે જો દારૂનું એક ટીપુ કૂવામાં પડી જાય પછી એ જગાએ મિનારો બનાવવવામાં આવે તો હું એના પર અઝાન ન કહું, અને જો નદીમાં શરાબનુ ટીપુ પડે તો નદી સૂકાય જાય અને તેમાં ઘાસ ઊગે એમાં હું મારાં જાનવરોને ન ચરાવું. *(ખઝાઈન)*

## આત્મહત્યાની મુસ્તફા ﷺના બંધારણમાં ગુંજાઈશ નથી

વર્તમાનકાળમાં આત્મહત્યાના બનાવો દિન પ્રતિ દિન વધતા જઈ રહ્યા છે. જો આપણે આત્મહત્યાના સબબો પર વિચારણા કરીએ તો જાણવા મળશે કે આત્મહત્યા કરવાવાળા પરીક્ષાઓમાં નિષ્ફળતા, બેરોજગારી, ગરીબી, સતત બીમારી, ગૃહ કંકાશ અને છોકરીઓ માટે લાંબા સમય

સુધી યોગ્ય રિશ્તો ન આવતાં અથવા અન્ય કારણોસર આત્મહત્યા કરે છે. પ્રથમ તો સરવરે કાઈનાત ﷺના નિઝામમાં આ સબબોનો જ ખાત્મો કરવામાં આવ્યો છે. એના અગણિત દષ્ટાંતો આ કિતાબમાં પણ આપે વિવિધ જગાએ જોયાં હશે. અહીં એક ઉપર છલ્લી દષ્ટિએ કરીએ છીએ.

## ★ પરીક્ષામાં નિષ્ફળતા ★

પરીક્ષામાં નિષ્ફળતાના કારણે વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી લે છે એટલા માટે કે એમના દિમાગ પર એ વાતનું એટલુ ભારે દબાણ હોય છે કે જો નાપાસ થયા તો એક વરસ બર્બાદ થઈ ગયું. ઈસ્લામે વિદ્યાર્થીના દિમાગ પર આવો કોઈ બોજ નથી રાખ્યો, બલ્કે વિદ્યાર્થીની દરેકે દરેક પળને ઈબાદતમાં ગુજરનાર સમય ઠરાવ્યો છે. લાખોની સંખ્યામાં મદ્રસાઓ છે એમાં સેંકડો તલબા ફેલ થાય છે પરંતું કદાચ જ કાંઈ એવું દષ્ટાંત પળે કે ઈસ્લામી મદ્રસાના કોઈ વિદ્યાર્થીએ કદી આત્મહત્યા કરી હોય.

## ★ બેરોજગારી (બેકારી) ★

બેરોજગારી પણ આત્મહત્યાના સબબોમાંથી છે. સેંકડો નવયુવાનો બેકાર ફરે છે અને નોકરી ન મળવાના કારણે તેઓ પોતાના ખભે આવેલી જિમ્મેદારીઓ નિભાવી નથી શકતા. વારંવાર આવા સંજોગોથી ટકરાયને એક બેકાર માણસ આત્મહત્યા કરી લે છે. સામાન્યતઃ ગવર્નમેન્ટોએ અનામતની સિસ્ટમ રાખી છે જેના કારણે અપાત્રને નોકરી મળી જાય છે અને જે પાત્રતાવાળો છે તે પોતાના જીવનનો લાંબો ગાળો પાત્રતા બનાવવામાં ગાળે છે તેમ છતાં પણ નોકરીથી વંચિત રહી જાય છે. સરવરે આલમ ﷺએ દરેક માણસને રોજીનો હક્ક઼ અતા ફર્માવ્યો છે, ન કોઈના માટે અનામત છે ન કોઈના માટે ભેદભાવ છે. જો કોઈ કારણે તે શખ્સ યોગ્ય કામ નથી મેળવી શકતો તો સગાંઓ, પડોસીઓ તથા આમ મુસલમાનોને હુકમ આપ્યો છે કે તેની દરેક રીતે મદદ કરે.

## ★ ગરીબી તથા મુફ્લિસી ★

વર્તમાનકાળમાં આર્થિક વ્યવસ્થા ખૂબ જ અસ્તવ્યસ્ત થઈ ચૂકેલી છે

અને દિન પ્રતિ દિન મોંઘવારી વધતી જઈ રહી છે, એવામાં એક ગરીબ માણસ માટે બે વખતની રોટીની વ્યવસ્થા મુશ્કેલ બની જાય છે અને સાથોસાથ જો તેને ત્યાં પુત્રીઓ પેદા થઈ ગઈ છે તો તેમની શાદી વિવાહની ફિકર તેને ખાય જતી હોય છે. ઘણીવાર સંજોગોથી તંગ આવીને ગરીબ માણસ આપઘાત કરવા પર મજબૂર થઈ જાય છે. **સરવરે આલમ ﷺની તાલીમાતમાંથી તો એ છે કે માલદારો ગરીબોને શોધે અને તેમની મદદ કરે.** વળી ઝકાતની વ્યવસ્થા એવી છે કે જો કેવળ એક વ્યવસ્થા પર વ્યવસ્થિતપણે અમલ કરી લેવામાં આવે તો દુનિયામાં કદાચ કોઈ ગરીબ ન રહેવા પામે.

## ★ લાંબી માંદગી ★

કોઈ શખ્સ કોઈ બીમારીમાં સપડાય ગયો તો ઘરવાળાં તેને પોતાના ઉપર બોજ સમજવા લાગે છે, તેને માનસિક ત્રાસ પણ આપે છે. ઘણીવાર પરેશાન થઈને તે આપઘાતનુ પગલુ ભરી લે છે અથવા તો પછી સતત બીમાર રહીને તેની અંદર ચીડિયાપણુ આવી જાય છે અને તે જીવતા રહી બીમારી વેઠવા કરતાં મરી જવાને અગ્રતા આપે છે. **પયગંબરે રહમત ﷺએ બીમારોની ચાકરીને ઈબાદત ઠરાવેલ છે, અને બીમારોના માટે તેમની બીમારી તથા તકલીફને નેકીઓ ભેગી કરવાનો ઝરીયો ઠરાવ્યો છે.**

## ★ ગૃહ કંકાસ ★

ગૃહ કંકાસ સામાન્યતઃ એક બીજાના હક્કો અદા ન કરવાના કારણે થાય છે અને ક્યારેક ક્યારેક ગૃહ કંકાસ એટલી હદે વધી જાય છે કે કોઈ પક્ષ પોતાની જાન આપવાને રોજ રોજના કંસાસ કરતા અધિક અગ્રતા આપી દે છે. સરવરે આલમ ﷺએ દરેક જણના માટે હક્કો તથા ફરજો નિશ્ચિત કર્યા છે એનો લેહાજ કરવામાં આવે તો કદાપિ કોઈનું પણ દિલ દુઃખાશે નહીં, ન તો લડાઈ ઝઘડાની નોબત આવશે અને ન તો કોઈના દિલમાં આત્મહત્યાનો ખયાલ આવશે.

## પુત્રીઓ માટે લાંબા અરસા સુધી સગાઈનું ન આવવું

આવું સામાન્યતઃ બે સબબોના કારણે થાય છે. એક એ કે માબાપે બાળકીઓને સંસ્કાર નથી શીખવાડયા એટલા માટે એમની પુત્રીઓને કોઈ પોતાના ઘરે લાવવું પસંદ નથી કરતું. બીજો સબબ એ હોય છે કે સમાજમાં દહેજ નામનો એક નાસૂર જે ફેલાયેલ છે એણે એટલા પ્રમાણમાં તબાહી મચાવી દીધી છે કે સગાઈ જોડતાં પહેલાં લોકો એ વાતની જરૂર તપાસ કરી લે છે કે છોકરીવાળાં દહેજ કેટલુ આપશે. તદ્ ઉપરાંત શાદી વિવાહમાં બારાતની નાઝ બરદારીના માટે લાખો રૂપિયાની વ્યવસ્થા કરવાની હોય છે. એવામાં એક ગરીબ માનવીના માટે પોતાની પુત્રીની શાદી, બર્બાદીના સ્થાને આવી જાય છે. પરંતું મુસ્તફા علیہ الصلوٰۃ والسلام નું બંધારણ જુઓ કે એમાં શાદીના માટે છોકરીવાળાઓ પર કોઈ ખર્ચ છે જ નથી. છોકરો, મહેર, ભરણ પોષણ અને રહેવા માટે ઘરની વ્યવસ્થા કરે અને નિકાહ કરી લે, ખાવાનો દાણો પણ છોકરાવાળાના માથે નથી, બલ્કે છોકરો પોતાની યથાશક્તિ વલીમાની ગોઠવણ કરે.

આપ પોતે અંદાઝો કરો કે જે બંધારણે આત્મહત્યાના સર્વ સબબોનો ખાત્મો કરી દીધો છે, જે સમાજમાં એ ક઼ાનૂની બંધારણ લાગુ થઈ ગયું એમાં કોઈ વ્યક્તિના દિલમાં કદી પણ આત્મહત્યાનો ખયાલ આવી શકે છે ? કુર્આની આયતો અને મુબારક હદીષોમાં આત્મ હત્યાના સંબંધે વારંવાર બુરાઈ વર્ણન થયેલી છે, અને આત્મહત્યા કરનારાઓના સંબંધે દિલ હલાવી દેનાર સજાઓ તથા અઝાબોનું વર્ણન થયેલું છે.

### ★ પોતે પોતાને મોતને ઘાત ન ઉતારો ★

અમ્ન એ જ છે કે જાન માલ તથા ઈજ્જત આબરૂની રક્ષા થાય અને તેને બર્બાદ થવાથી બચાવવામાં આવે. એના અનુસંધાનની એક કડી પોતાની જાનની રક્ષા કરવું અને તેને તબાહ થવાથી બચાવવું પણ છે. કુર્આનનું ફર્માન છે :–

وَلَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ "અને પોતાના હાથે તબાહીમાં ન પડો."

*(સૂ. નિસાઅ, આ. ૧૯૫, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતમાં એ વાતનું વર્ણન છે કે પોતાના હાથ વડે કોઈ એવું કામ ન કરો જે તમારા જ મૃત્યુનું કારણ બને. આજે દુનિયાભરમાં આત્મ હત્યા પ્રતિ ખેંચાણ આમ થઈ ગયું છે. નાની નાની વાતો તથા મામૂલી મામૂલી તકલીફોના સબબે દિલોમાં આત્મહત્યાના ખયાલો આવવા લાગે છે, જ્યારે કે એ મુસીબતથી નિપટવાની રીત નથી. બીજી ચીજો વેડફાય જાય તો તેને બીજીવાર હાંસલ કરવું શક્ય છે પણ જાન ચાલી જાય છે તો ન હવે જાન પરત લાવી શકાય છે અને ન બીજી ચીજો મળી શકે છે, બલ્કે આપણી ચીજો પણ હવે હક઼ીક઼તમાં અન્યોની થઈ જાય છે. આપઘાતને હરામ ઠરાવીને જાનોની રક્ષાને નિશ્ચિત કરવામાં આવેલ છે અને પોતાની જાનની રક્ષાનો હુકમ આપવામાં આવ્યો છે.

## ★ આત્મહત્યા કરનારા પર જન્નત હરામ છે ★

આત્મ હત્યાનો ખયાલ કોઈ પણ માણસમાં એટલા માટે આવે છે કે તે એવું વિચારે છે કે જાન આપીને તેને મુસીબતથી છૂટકારો મળી જશે, પરંતું તેણે સમજી લેવું જોઈએ કે દુનિયાની મુસીબતથી ભાગવાના માટે એ આત્મહત્યા તો કરી લેશે પરંતું આખેરતની મુસીબત એના પર લાગુ કરી દેવામાં આવશે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર નબીયે અકરમ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સે પોતાને પહાડ પરથી ફેંકીને મારી નાખ્યો તે દોઝખમાં જશે. હમેશાં તેમાં પડતો રહેશે અને હમેશાં હમેશાં માટે તેમાં રહેશે. જે શખ્સે ઝહેર ખાયને પોતે પોતાને ખત્મ કર્યો તો તે ઝહેર દોઝખમાં પણ તેના હાથમાં હશે જેને તે દોઝખમાં ખાતો હશે, અને હમેશાં હમેશાં ત્યાં જ રહેશે. અને જે શખ્સે પોતે પોતાને લોખંડના હથિયાર વડે ક઼ત્લ કર્યો તો તે હથિયાર તેના હાથમાં હશે જેને તે દોઝખની આગમાં હમેશાં પોતાના પેટમાં મારતો રહેશે અને હમેશાં હમેશાં ત્યાં જ રહેશે.

*(સહીહ બુખારી, ૭/૧૩૯)*

દુનિયામાં જે અમલ (કૃત્ય) વડે આત્મહત્યા કરી છે તેને જહન્નમમાં તે જ કામ વડે અઝાબ આપવામાં આવશે અને તે વારંવાર મોતની તકલીફોને ભેટતો રહેશે. મૌતની તકલીફોના સંબંધે આવેલ છે કે જેવી રીતે ભીના કરેલા ઊનને કોઈ કાંટાળી ઝાડીમાં ફેંકી દેવામાં આવે અને પછી તે ઝાડીને ખેંચવામાં આવે તો કેટલી કઠણાઈથી તે ઝાડી એ ઊનમાં ભેરવાયેલાથી નીકળશે, એ જ હાલ રૂહના શરીરથી નીકળવાનો થાય છે. જે શખ્સ આત્મ હત્યા કરે છે તેને આત્મહત્યા કરવાની સજા વારંવાર મળશે અને પછી તે કેટલી તકલીફો વેઠશે એનો આપણે અંદાઝો પણ નથી કરી શકતા.

## ★ આત્મહત્યા કરનારની નમાઝે જનાઝા ન પઢી ★

આપઘાત એ કેટલાં પ્રમાણમાં ગંભીર ગુનો છે એનો અંદાઝો આ પરથી ખૂબીપૂર્વક લગાડી શકાય છે કે આપઘાત કરનારનો જનાઝો લાવવામાં આવ્યો તો સરવરે કાઈનાત ﷺએ તેની જનાઝાની નમાઝ ન પઢી. હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہથી મરવી છે. કહે છે નબીએ અકરમ ﷺની પાસે એક શખ્સનો જનાઝો લાવવામાં આવ્યો જેણે પોતે પોતાને ભાલા વડે મારી નાખ્યો હતો. આપે તેની જનાઝાની નમાઝ ન પઢાવી.

*(સહીહ મુસ્લિમ, (૨/૬૭૨)*

આ હદીષમાં નબીએ અકરમ ﷺનું તેની નમાઝે જનાઝા ન પઢવું આ જુર્મની ગંભીરતા વર્ણન કરવા માટે છે, નહીં તો આપઘાત કરનારની જનાઝાની નમાઝ પણ પઢવામાં આવશે. શક્ય છે કે સરવરે કાઈનાત ﷺએ સહાબાએ કિરામની સમક્ષ તેની ગંભીરતાને પ્રદર્શિત કરવા માટે પોતે નમાઝે જનાઝા ન પઢી હોય અને સહાબાને કહ્યું હોય કે તમો પઢી લો, જેમ કે અન્ય હદીષના શબ્દો જાણવા મળે છે.

સરવરે આલમ ﷺએ સમાજને ગુનાહોથી પાક કરવા માટે અને તેને અમ્નો સુકૂનનો ગુલશન બનાવવાના માટે એ ગુનાહો પર સખત પાબંદી લાગુ કરી અને અમ્નો સુકૂનથી ભરપુર સમાજની રચના કરી. અલ્લાહ તથા તેના રસૂલ ﷺની નજીક મુસલમાન તથા મો'મિન તે જ

શખ્સ છે જે સર્વ માનવજાત માટે અમ્નો સલામતી અને ખૈર તથા ભલાઈનો પયકર હોય અને અમ્નો અમાન, સંયમ તથા સહનશક્તિ, આપસમાં સલામતી અને માનવ સંમાન જેવા ગુણોથી સજ્જ પણ હોય. એટલા માટે સરવરે કાઈનાત ﷺએ ગુનાહો પર હદો તથા સજાઓ લાગુ કરી અને તેમના માટે આખેરતના અઝાબનો પણ ઉલ્લેખ કર્યો જેથી જુર્મોની રોક થામ યક઼ીની થઈ જાય અને સમાજમાં અમ્ન યથાવત રહે.

...પ્રકરણ : ૧૦

## હુઝૂર ﷺના નિઝામે અમ્નએ (શાંતિના બંધારણે) આંતર રાષ્ટ્રીય શાંતિને મજબૂતી બખ્શી

વિશ્વ કક્ષાએ શાંતિની સ્થાપ્ના માટે એ જરૂરી હોય છે કે જંગ તથા યુધ્ધો, ખૂના મરકી, દુશ્મનો સાથે પત્ર વહેવાર તથા એલચીથી વહેવાર વગેરે બાબતોના સંબંધે નીતિ નિયમો તથા ક઼ાયદા ક઼ાનૂન હોય. એ જ પ્રમાણે આ સર્વ મામલાઓ સંપૂર્ણપણે વેરવિખેર સ્વરૂપમાં હતા. એ બાબતો માટે દુનિયાની પાસે કોઈ નીતિ નિયમો ન હતા, અને જો કોઈની પાસે હતા તો પણ સમૃધ્ધ ન હતા અથવા પછી પૂર્વગ્રહ તથા ભેદભાવની ભેટ ચઢી જતા હતા.

એવા સંજોગોમાં આંતર રાષ્ટ્રીય શાંતિ (વિશ્વશાંતિ)ની સ્થાપ્ના માટે સરવરે કાઈનાત ﷺએ જે નીતિ નિયમો પૂરા પાડયા તે દરેક એતબાર સમૃધ્ધ હતા અને જુલ્મો સિતમ અને પૂર્વગ્રહ તથા ભેદભાવથી તદ્દન પાક હતા.

## એલચીની ક઼ત્લને ગંભીર ગુનો ઠરાવવામાં આવ્યો

આંતરરાષ્ટ્રીય કક્ષાએ પયગામ પહોંચાડવાનું કામ એલચી કરે છે અને પોતાના દેશ તથા સલ્તનતને બીજા દેશ તથા સલ્તનત સાથે જોડવામાં ચાવી રૂપ રોલ અદા કરે છે. જાહેર છે કે દુશ્મન દેશ કે સલ્તનત તરફથી આવનાર એલચી કાફિર તથા ક઼ત્લને પાત્ર જ હશે, પણ જો તે સંદેશવાહક તરીકે આવ્યો છે તો સરવરે કાઈનાત ﷺએ તેને ક઼ત્લ કરવાની મનાઈ ફર્માવી છે. એટલા માટે કે એલચી જે દેશ કે સલ્તનતની તરફથી મોકલવામાં આવ્યો છે તે તેનું પ્રતિનિધિત્વ કરનાર હોય છે અને કોઈ પ્રતિનિધિને ક઼ત્લ કરવું એ જાણે તે દેશના બાદશાહને ક઼ત્લ કરવું છે.

## ★ મુસૈલમા કઝ્ઝાબના એલચીઓ સાથે હુઝૂર ﷺનો વર્તાવ ★

એટલે સુધી કે મુસૈલમા કઝઝાબની તરફથી પણ જે લોકો સફીર (એલચી) બનીને આવ્યા હતા અને સરવરે કાઈનાત ﷺની સમક્ષ તેમણે દીલેરી તથા બહાદુરી પ્રદર્શિત કરી હતી આપે તેમને તેમ છતાં અમ્નો અમાનની સાથે પરત જવા દીધા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે ઈબ્ને નવ્વાહા અને ઈબ્ને ઉષાલ મુસૈલમાના એલચી બનીને રસૂલે ગિરામી વક઼ાર ﷺની પાસે આવ્યા. સરવરે કાઈનાત ﷺએ તે બંનેવને ફર્માવ્યું, શું તમે ગવાહી આપો છો કે હું અલ્લાહનો રસૂલ છું ? તે બંનેવે કહ્યું, અમે ગવાહી આપીએ છીએ કે મુસૈલમા અલ્લાહનો રસૂલ છે. નબી અકરમ ﷺએ તેમની વાત સાંભળીને ફર્માવ્યું :–

اٰمَنْتُ بِاللّٰہِ وَرُسُلِہٖ لَوْ کُنْتُ قَاتِلًا رَسُوْلًا لَقَتَلْتُکُمَا۔

"હું અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવ્યો. જો મારા માટે એલચીને ક઼ત્લ કરવો દુરુસ્ત હોત તો હું હમણા તમને બંનેવને ક઼ત્લ કરત." હદીષના રાવી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે :–

فَمَضَتِ السُّنَّۃُ اَنَّ الرُّسُلَ لَا تُقْتَلُ۔

"તે સમયથી એ ક઼ાનૂન બની ગયો કે એલચીને ક઼ત્લ કરવામાં આવે."

(મુસ્નદે અહમદ, ૬/૩૦૬)

મુસૈલમા જે નબુવ્વતનો જૂઠો દાવેદાર હતો તેના એલચી તેને રસૂલ માનીને ઉઘાડા કુફ્ર પર હતા તેમ છતાં કેમ કે તે એલચી હતા એટલા માટે સરવરે આલમ ﷺએ તેમના ક઼ત્લથી દૂર રહ્યા, એ સમયથી એલચીઓને ક઼ત્લ ન કરવાનો ક઼ાનૂન તથા નિયમ બની ગયો અને અત્યાર સુધી એ ક઼ાનૂન દરેક દેશ તથા રાષ્ટ્રમાં ચાલુ છે.

એનું એક કારણ એ પણ હોય શકે છે કે એલચીની ક઼ત્લ તેના દેશમાં ઉશ્કેરણી પેદા કરી શકે છે અને પછી જંગ તથા લડાઈનો માહોલ ગરમ થાય

અને અમ્નો અમાનનો ખાત્મો થઈ જાય. એક કારણ એ પણ હોય શકે છે કે જો એલચીને અમાન નહીં હોય તો પછી કોઈ પણ દેશ તરફથી પયગામ પહોંચાડવું મુશ્કેલ થઈ જશે. એટલા માટે સરવરે આલમ ﷺએ એ નિઝામ સ્થાપિત કર્યો કે એલચીઓને અમાન છે.

## કરારભંગની મનાઈ

વાદા ખિલાફી (વચન ભંગ) ચાહે કોઈની પણ સાથે હોય નિઝામે મુસ્તફામાં એને બુરો અમલ ઠરાવવામાં આવ્યો છે. એની વિગત અગાઉ વર્ણન થઈ ચૂકી છે કે કાનૂને મુસ્તફામાં વાયદો નિભાવવાની કેટલા પ્રમાણમાં તાકીદ છે, અને વાદાખિલાફીને મોમિનાના શાનની વિરૂધ્ધ મુનાફિકના કિરદાર ઠરાવવામાં આવેલ છે કરારભંગ તો વાદાખિલાફીથી પણ વધીને છે કે વાદાખિલાફીનો મામલો કોઈ એક વ્યક્તિ કે અમુક વ્યક્તિઓથી સંબંધિત હોય છે, પરંતુ કરારભંગનો મામલો કોઈ દેશ તથા સલ્તનતથી સંબંધિત હોય છે.

### ★ કોઈ કરાર પામેલાને કત્લ કરવું જાઈઝ નથી ★

જે કૌમની સાથે મુસલમાનોનો કરાર થયેલો છે તે કૌમની કોઈ વ્યક્તિને કત્લ કરવું જાઈઝ નથી. જો તે કોઈ જુર્મ કરે છે અને ઈસ્લામી કાનૂનની પકડમાં આવે છે તો મુસલમાનોના ખલીફા અથવા બાદશાહ તેને કાનૂન મુજબ કત્લ કરી શકે છે. સામાન્ય સંજોગોમાં કોઈ વ્યક્તિ માટે કરારવાળાઓમાંથી કોઈને કત્લ કરવો જાઈઝ નથી. જો કોઈએ એવું કર્યું તો તેના પર દુનિયવી હુકમો તો લાગુ થશે જ પણ આખેરતમાં તેની સાથે શું મામલો થશે એનું વર્ણન આ હદીષમાં જુઓ !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہماથી મરવી છે કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ قَتَلَ مُعَاهِدًا لَمْ يَرِحْ رَائِحَةَ الْجَنَّةِ وَاِنَّ رِيْحَهَا لَيُوْجَدُ مِنْ مَسِيْرَةِ اَرْبَعِيْنَ عَامًا ـ

"જે કોઈએ કરારમાં શરીક કોઈ શખ્સને કત્લ કર્યો તે જન્નતની ખુશ્બુ

પામી શકશે નહીં, ભલે તેની ખુશ્બુ ચાલીસ સાલના અંતરેથી પણ આવી જાય છે.

એટલે કે જન્નતમાં દાખલ થવું તો દૂરની વાત, એને જન્નતની ખુશ્બુ પણ નસીબ નથી થઈ શકતી, જ્યારે કે જન્નતની ખુશ્બુ દૂર દૂર સુધી ફેલાયેલી હોય છે.

## ★ અબૂ રાફેઅને પરત મોકલી દીધા ★

સરવરે કાઈનાત ﷺના ચેહરાએ અન્વર પર પયગંબરાના જાહોજલાલની અસરો જાહેર હતી. જો આપને કોઈ શખ્સ હક્કને ઓળખતી નિગાહો વડે જોઈ લેતો તો તેના દિલમાં આપની અઝમત ઘર કરી જતી અને પછી તે પોતાની જાતને ઈસ્લામ સ્વીકારવાથી રોકી ન શકતો.

હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ પોતાના ઈસ્લામ સ્વીકારનો બનાવ વર્ણવે છે કે મને કુરૈશે એલચી બનાવીને સરવરે કાઈનાત ﷺની ખિદમતે આલિયામાં મોકલ્યો. જ્યારે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા તો મારા દિલમાં ઈસ્લામની અઝમત ઘર કરી ગઈ. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું એમની પાસે હરગિઝ પાછો જઈશ નહીં ! આ સાંભળીને રસૂલે રહમત ﷺએ ફર્માવ્યું :–

إِنِّي لَا أَخِيسُ بِالْعَهْدِ وَلَا أَحْبِسُ الْبُرُدَ وَلٰكِنِ ارْجِعْ فَإِنْ كَانَ فِي نَفْسِكَ الَّذِي فِي نَفْسِكَ الْآنَ فَارْجِعْ۔

"હું કરાર નથી તોડી શકતો અને ન તો એલચીને રોકી શકુ છું. તમે પાછા જાવ, પછી જો તમારા દિલમાં ઈસ્લામ સ્વીકાર પ્રતિ તૈયારી હોય તો પરત આવજો."

હઝરત રાફેઅ رضی اللہ عنہ છે કે હું પાછો જતો રહ્યો પછી નબી કરીમ ﷺની ખિદમતમાં આવ્યો અને ઈસ્લામમાં દાખલ થઈ ગયો.

*(સુનને અબૂ દાઊદ, ૩/૮૨)*

આ લગભગ સુલહે હુદૈબિયાના પછીનો બનાવ છે કે સુલહના કરારમાં એ વાત લખેલી હતી કે જો મક્કાથી કોઈ શખ્સ મદીના આવે તો

હુઝૂર ﷺ તેને રોકી નથી શકતા, બલ્કે તેને પરત મોકલવો પડશે. એટલા માટે ક઼રાર વિરૂધ્ધ વર્તનથી સરવરે કાઈનાત ﷺ દૂર રહ્યા.

### ★ ક઼રારભંગ પર અઝાબ ★

**ક઼યામતના દિવસે સૌથી મુશ્કેલી એના માટે હશે જેના અયબો સૌની સામે જાહેર કરી દેવામાં આવશે અને તે દુનિયામાં કેવી રીતે જિંદગી ગુજારતો હતો એ ખોલીને સામે રાખી દેવામાં આવશે.** જેણે દુનિયામાં ક઼રારભંગ કર્યો હશે ક઼યામતના દિવસે તેના નામનો ઝંડો લગાડવામાં આવશે, જેના પર એનું નામ લખેલુ હશે, અને લોકો જોઈને ઓળખી લેશે કે ફલાણા શખ્સે કોઈની સાથે દુનિયામાં ક઼રારભંગ કર્યો હતો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ الْغَادِرَ يُنْصَبُ لَهٗ لِوَاءٌ يَوْمَ الْقِيَامَةِ فَيُقَالُ: هٰذِهٖ غَدْرَةُ فُلَانِ بْنِ فُلَانٍ۔

"ક઼યામતમાં ક઼રાર ભંગ કરનારાના નામથી ઝંડો લગાડવામાં આવશે, અને કહેવામાં આવશે કે આ ફલાણાના પુત્ર ફલાણાના ક઼રાર ભંગની નિશાની છે." *(સુનને અબૂ દાઊદ, ૩/૮૨)*

કેટલી બેઈજ્જતીની વાત હશે એ શખ્સના માટે જેના બારામાં સૌને જાણ થઈ જશે કે તેણે દુનિયામાં ફલાણુ કામ કર્યું હતું જેના લીધે તેના નામની નિશાની લગાડવામાં આવી છે.

આ રિવાયતોથી સારી રીતે અંદાઝો લગાડી શકાય છે કે ક઼રારભંગ તથા વચનભંગ પર સરવરે આલમ ﷺએ પાબંદી લગાડી અને તેને બુરો અમલ ઠરાવ્યો, ભલે પછી તે દુશ્મન સાથે જ કેમ ન કરવામાં આવે.

### ક઼ેદીઓના ક઼ત્લની મનાઈ

જંગના દરમ્યાન એ નિયમ રહેતો હતો કે જે ગિરોહને જંગમાં હાર થતી એમાંથી જેટલા પ્રમાણમાં લોકોની ગિરફતારી શક્ય બનતી તેમને

ગિરફતાર કરી લેવામાં આવતા. જો તમો વિશ્વના ઈતિહાસનો અભ્યાસ કરો તો આપને અંદાઝો થશે કે સરવરે આલમ ﷺની જલ્વાગરીથી પહેલાં કેદીઓની સાથે એટલા પ્રમાણમાં જંગલી વહેવાર કરવામાં આવતો કે તેની દાસ્તાન અકથ્ય છે. આકાએ રહમત ﷺએ એવો માહોલ કાયમ ફર્માવ્યો કે કેદીઓની સાથે પણ સદ્‌વર્તાવ કરવામાં આવે. તેનું પરિણામ દુનિયાએ જોયું કે કેદમાં આવનારા ઈસ્લામી તાલીમાતથી પ્રભાવિત થઈને ઈસ્લામી વર્તુળમાં દાખલ થઈ ગયા.

## ★ વિના જરૂરતે કેદીઓના કત્લની પણ મનાઈ ★

જંગમાં દુશ્મનો તરફથી જે લોકોએ હિસ્સો લીધો છે, લડાઈના મેદાનમાં તેમને જ્યાં પણ જોવામાં આવશે કત્લ કરી દેવામાં આવશે. પરંતુ જ્યારે તેમની હાર થાય અને કેદી બનાવી લેવામાં આવે તો સામાન્યતઃ કત્લથી સરવરે આલમ ﷺએ મના કહ્યું.

હઝરત અતિયહ કર્ઝી વર્ણન કરે છે :–

عُرِضْنَا عَلٰى رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ قُرَيْظَةَ، فَكَانَ مَنْ اَنْبَتَ قُتِلَ، وَمَنْ لَمْ يُنْبِتْ خُلِّيَ سَبِيْلُهٗ، فَكُنْتُ فِيْ مَنْ لَمْ يُنْبِتْ فَخُلِّيَ سَبِيْلِيْ۔

"ગઝવએ બનૂ કુરૈઝાના દિવસે અમને કૈદી બનાવીને સરકારે અબદ કરાર ﷺની સામે રજૂ કરવામાં આવ્યા. તો જેના ડૂંટી નીચેના વાળ આવી ચૂક્યા હતા તેને કત્લ કરી દેવામાં આવતો હતો અને જેના ન આવ્યા હતા તેમને કત્લ કરવામાં આવતા ન હતા. હું તે લોકોમાંથી હતો જેમના ડૂંટી નીચેના વાળ ન આવ્યા હતા જેથી મને પણ કત્લ કરવામાં આવ્યો નહી !

ડૂંટી નીચેના વાળનું આવી જવું બાલિગ થઈ જવાની નિશાની છે. નાબાલિગથી સામાન્યતઃ કોઈ ખતરો નથી હોતો અને તેને સારો માહોલ મળી જાય તો એના સીધા રસ્તા પર આવી જવાની ઉમ્મીદ હોય છે. એટલા માટે નાબાલિગોને કત્લ કરવું જો કે દુરુસ્ત હતું પણ સરવરે કાઈનાત ﷺએ મસ્લેહતોને લક્ષમાં રાખી તેમને કત્લ નથી કર્યા. પછી આપ જુઓ કે ખુદ હદીષના રાવી હઝરત અતિયહ કુઝી رضی اللہ عنہ ઈસ્લામમાં દાખલ થયા.

## ★ કૈદીઓ સાથે જંગલિયતભર્યા વર્તાવની મના ★

ઈસ્લામ દીન પહેલાં એ રિવાજ ચાલ્યો આવતો હતો કે જંગની સ્થિતિમાં જીતનાર હારનારાઓના તમામ જંગી કેદીઓને ગુલામ બનાવી લેતા હતા અને તેમની સાથે અતિશય ગૈર ઈન્સાની વર્તન કર્યા કરતા હતા. ન કેવળ ફોજીઓને બલ્કે એમની સાથોસાથ જીતેલા પ્રદેશના આમ લોકોને ગુલામ બનાવી લેવામાં આવતા હતા. ઈસ્લામી કાનૂનમાં કૈદીઓની સાથે શું વર્તાવ કરવાનો હુકમ છે એનું વર્ણન કુર્આને મુકદ્દસની આ આયતમાં જુઓ :–

فَشُدُّوا الْوَثَاقَ فَاِمَّا مَنًّا بَعْدُ وَاِمَّا فِدَآءً

"તો મજબૂત બાંધો, પછી એના બાદ ચાહો તો એહસાન કરીને છોડી દો, ચાહે ફિદિયો લઈ લો." *(સૂ. મુહમ્મદ, આ. ૪, કન્ઝુલ ઈમાન)*

આ આયતે મુકદ્દસામાં ફર્માવવામાં આવ્યું કે તેમને એહસાન કરીને પણ છોડી શકાય છે અને જો ફિદિયો લેવા ચાહો તો તેમનાથી ફિદિયો લઈને પણ તેમને મુક્તિ આપી શકાય છે. એમાં વિચારવા પાત્ર એ છે કે એહસાન કરવાનો ઉલ્લેખ પ્રથમ આવ્યો છે અને ફિદિયો લેવાનું વર્ણન બાદમાં આવ્યું છે. એનાથી અંદાઝો કરવામાં આવી શકે છે કે કૈદીઓની સાથે પણ બેહતર વર્તાવ કરવો ઈસ્લામી તાલીમાતમાંથી છે.

## મુકાતિલ તથા ગૈર મુકાતિલમાં ફરક

આ પયગંબરે અમ્ન, હુઝૂર રહમતે આલમ ﷺના નિઝામે અમ્નની વિશિષ્ટતા છે કે આપે લડનારાઓ તથા ન લડનારાઓ વચ્ચે ફરક કર્યો છે. આ ફરક કરવું ઈસ્લામી બંધારણ સિવાય અન્ય કોઈ બંધારણમાં ન હતી, અન્ય કૌમોની જંગનો હાલ એ હતો કે તેમની સામે જે પણ આવી જાય તેને ફરક કર્યા વિના કત્લ કરતા ચાલ્યા જતા હતા. વૃધ્ધો, બાળકો, સ્ત્રીઓ, બીમારો અને ધાર્મિક પેશવાઓને પણ તેઓ છોડતા ન હતા. સરવરે આલમ ﷺએ જંગી નિઝામ (જંગ સંબંધી નીતિ નિયમો)માં લડવાવાળા તથા ન લડનારાનો તફાવત કર્યો અને આપે જંગી હિદાયતોમાં

સ્પષ્ટ કરી આપ્યું કે કોને કત્લ કરવામાં આવે અને કોના કત્લથી હાથોને રોકાવામાં આવે.

લડવાવાળા (એહલે કેતાલ) તેઓ છે જેઓ જંગમાં અમલી રીતે હિસ્સો લે છે અને ગૈર અહલે કેતાલ (ન લડનારા) તેઓ છે જેઓ જંગમાં હિસ્સો લઈ શકતા ન હતા. દા.ત. સ્ત્રીઓ, બાળકો, બીમારો, ઝખ્મી, આંધળા, અપંગ, અંગ કપાયેલા, ગાંડા, મુસાફર, ખાનકાહનશીન, ઝાહિદ, પ્રાર્થનાલયો તથા મંદિરોના પૂજારીઓ, એવા જ અન્ય નુકસાન ન પહોંચાડી શકતા લોકો. પયગંબરે રહમત ﷺએ પ્રથમ વર્ગ એટલે એહલે કેતાલ (લડવાવાળા)ને જંગ દરમ્યાન કત્લ કરવાનો હુકમ આપ્યો અને બીજો વર્ગ એટલે અહલે ગૈર કૈતાલ (ન લડનારા)ના કત્લથી મના ફર્માવ્યું.

## ★ સ્ત્રીઓ, બાળકો તથા મજદૂરોના કત્લથી મના કર્યું ★

સ્ત્રીઓ, નાના બાળકો અને ઘરના નોકરો પણ સામાન્યતઃ જંગમાં ભાગ નથી લેતા. સ્ત્રીઓ પ્રાકૃતિક રીતે જંગી પાત્રતા નથી ધરાવતી અને ઘરના નોકરોમાં લડવાની શક્તિ નથી હોતી. એટલા માટે સ્ત્રીઓ, બાળકો તથા મજદૂરોના કત્લથી મના કર્યું.

હઝરત હન્ઝલા رضی اللہ عنہ વર્ણવે છે : અમે રસૂલુલ્લાહ ﷺની સાથે ગઝવહ કર્યો. અમે જોયું કે એક કત્લ થયેલ સ્ત્રીની પાસે લોકો એકત્ર થયા છે. લોકોએ સરવરે કાઈનાત ﷺને જોયા તો આપના માટે જગા કરી આપી. આપે એ સ્ત્રીને જોયી તો ફર્માવ્યું, આ તો લડાઈ કરનારાઓ માંથી ન હતી ! પછી આપે એક શખ્સને કહ્યું, ખાલિદ બિન વલીદને જઈને કહી દો કે નાના બાળકો તથા મજૂરોને કત્લ ન કરે. *(સુનને ઈબ્ને માજહ, ૨/૯૪૮)*

અલ્બત્ત ! જો કોઈ સ્ત્રી અથવા મજૂર જંગના મેદાનમાં તલ્વાર ઉઠાવી લે તો એને કત્લ કરવા પર કોઈ પાબંદી પણ નથી, એટલા માટે કે મુકાબલા માટે આવેલ છે.

## ★ વૃધ્ધોના કત્લથી મના કર્યું ★

જે કોઈ એટલા પ્રમાણમાં ઘરડો થઈ ચૂક્યો છે કે હવે જંગમાં હથિયાર

નથી ઉઠાવી શકતો અને તે કોઈ રીતે પણ જંગમાં હિસ્સો લેવાથી લાચાર છે તો તેને પણ કત્લ કરવાથી મના કરવામાં આવ્યું છે.

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે કાઈનાત ﷺ જ્યારે કોઈ લશ્કર રવાના કરતા તો તેમને આ હિદાયત આપતા :–

لَا تَقْتُلُوْا شَيْخًا فَانِيًا وَّلَا طِفْلًا صَغِيْرًا ''કોઈ શયખે ફાની તથા નાના બાળકને કત્લ ન કરશો.'' *(સુનને અબૂ દાઊદ, ૩/૩૭)*

શયખે ફાની (અતિવૃધ્ધ)ના કત્લની મનાઈ પણ એટલા માટે છે કે એનાથી નુકસાન પહોંચવાનો કોઈ અંદેશો નથી હોતો. એટલા માટે સૈયદે કૌનેન ﷺએ શયખે ફાનીને ગૈર કૈતાલ (ન લડનારાઓ)માં ગણેલ છે.

## જેહાદના અમ્નથી ભરપુર નિયમો

જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) દૌરમાં સામાન્યતઃ એ માહોલ હતો કે લોકો જંગો તથા લડાઈઓ દરમ્યાન એ ઈલાકામાં હદ ઉપરાંત તબાહી મચાવ્યા કરતા હતા. જંગના શરીકો સાથે પણ એવો જંગલિયત ભર્યો વર્તાવ કરતા હતા કે જોઈને રૂહ કાંપી ઉઠે. સરવરે કાઈનાત ﷺએ જાહિલિયતના દૌરની આ ખરાબીઓ પર પાબંદી લાગુ કરી અને જંગ દરમ્યાન તે સર્વ જાહિલાના રસમોથી મના કરી આપ્યું જેમાં દીની તથા દુનિયવી ફાયદો ન હોય.

### ★ ગફલતમાં હુમ્લો કરવાથી બચવાનો હુકમ ★

અરબમાં કાયદો હતો કે રાતોમાં અને ખાસ કરીને રાતના અંતિમ ભાગમાં જ્યારે લોકો સૂઈ રહ્યા હોય ત્યારે અચાનક હુમલો કરી દેતા હતા. રસૂલુલ્લાહ ﷺએ એનાથી મના કર્યું અને આપનો ખુદનો પણ એ જ નિયમ હતો કે જો રાતના સમયે પહોંચી પણ જતા તો જંગ શરૂ કરવા માટે સવાર થવાની રાહ જોતા.

હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે :–

كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ إِذَا غَزَا قَوْمًا لَمْ يُغِرْ حَتّٰى يُصْبِحَ۔

''રસૂલુલ્લાહ ﷺનો એ નિયમ હતો કે આપ જ્યારે પણ કોઈ કૌમથી જેહાદ કરતા તો જ્યાં સુધી સવાર ન થઈ જતી હુમ્લો કરતા ન હતા.'' *(સહીહ બુખારી, ૪/૪૭)*

ગફલતમાં કોઈની ઉપર હુમ્લો કરીને ગાલિબ આવી જવું (સવાર થઈ જવું) અસલમાં બુઝદિલીનું કામ છે અને સામા પક્ષને સખત તકલીફ પહોંચાડવું છે. આકાએ રહમત ﷺએ એને પણ તકલીફ પહોંચાડવા દૂરી અપનાવી જે જંગના મેદાનમાં સામે પક્ષે મુકાબલામાં છે !

## ★ આગમાં સળગાવવાથી મનાઈ ★

જાહિલિયતના જમાનામાં જંગી દસ્તૂરોમાંથી એ પણ હતું કે દુશ્મન પકડમાં આવી જતો તો ઘણીવાર લોકો તેને બદલાની ભાવનામાં આગમાં સળગાવી દેતા હતા. અથવા પછી દુશ્મનોની લાશોને આગમાં સળગાવી દેતા હતા. સરકારે અબદ કરાર ﷺએ એ બંનેવ વાતોથી મના કર્યું.

હઝરત હમ્ઝા અસ્લમી رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલે અકરમ ﷺએ મને એક સરિય્યા (જંગ)નો અમીર બનાવીને મોકલ્યો. રવાના કરતી વખતે આપે ફર્માવ્યું, ફલાણો શખ્સ મળી જાય તો તેને આગમાં સળગાવી દેજો. જ્યારે હું આગળ વધ્યો તો આપે મને અવાજ આપ્યો. હું પાછો આવ્યો તો આપે મને ઈર્શાદ ફર્માવ્યો :–

اِنْ وَجَدْتُمْ فُلَانًا فَاقْتُلُوْهُ وَلَا تُحْرِقُوْهُ فَإِنَّهُ لَا يُعَذِّبُ بِالنَّارِ إِلَّا رَبُّ النَّارِ۔

''ફલાણા શખ્સને મેળવી લો તો કત્લ કરી દેજો, આગમાં ન સળગાવશો. એટલા માટે કે આગનો અઝાબ આગના પેદા કરનાર સિવાય કોઈ નથી આપી શકતું.'' *(સુનને અબૂ દાઊદ, ૩/૫૪)*

આ તો માણસોને સળગાવવાની વાત છે, કોઈ જંગના મોકા પર અમુક હઝરાતે કીડીઓના જથ્થા પર આગ લગાડી દીધી હતી તો હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺએ તેમને એનાથી પણ મના કર્યું અને એ જ ઈર્શાદ

ફર્માવ્યો હતો કે અલ્લાહ તબારક વ તઆલા સિવાય કોઈ અન્યના માટે હરગિઝ દુરુસ્ત નથી કે કોઈને આગનો અઝાબ આપે.

## ★ હાથ બાંધીને ક઼ત્લ ન કરો ★

દુશ્મનને બાંધીને ક઼ત્લ કરવો, જાણે તેને તેની સંપૂર્ણ લાચારીનો એહસાસ અપાવીને ક઼ત્લ કરવું થશે. સરવરે કાઈનાત ﷺએ એનાથી પણ મના કર્યું છે.

હઝરત ઈબ્ને તિઅ્લા رضی اللہ عنہ ફર્માવે છે : અમે હઝરત અબ્દુર્રહમાન બિન ખાલિદ બિન વલીદ رضی اللہ عنہની સાથે ગઝવહ કર્યો. આપની પાસે દુશ્મનોમાંથી ચાર યુવાનને પકડીને લાવ્યા હતા. હઝરત અબ્દુર્રહમાને હુકમ આપ્યો કે તેમને બાંધીને ક઼ત્લ કરી દો. જ્યારે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہને જ્યારે આ વાતની જાણ થઈ તો આપે ફર્માવ્યું :–

سَمِعْتُ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ یَنْھٰی عَنْ قَتْلِ الصَّبْرِ، فَوَالَّذِیْ نَفْسِیْ بِیَدِہٖ لَوْ کَانَتْ دَجَاجَۃٌ مَا صَبَرْتُھَا۔

"મેં સાંભળ્યું છે કે રસૂલુલ્લાહ ﷺએ કોઈને બાંધીને ક઼ત્લ કરવાથી મના કર્યું છે. ખુદાની કસમ ! જો મરગી પણ હોત તો હું તેને બાંધીને ક઼ત્લ ન કરત."

આ વાત કોઈએ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ખાલિદ رضی اللہ عنہને બતાવી તો તેમણે ચારેવ ગુલામોને આઝાદ કરી દીધા. *(સુનને અબૂ દાઊદ, ૩/૬૦)*

## ★ લૂટમારથી મના કરવામાં આવ્યું ★

જીત મળ્યા બાદ દુશ્મનનો છોડેલો માલ ગનીમત હોય છે અને એને તેના હિસ્સેદારોમાં અલ્લાહના આદેશ મુજબ વહેંચવામાં આવે છે. એ માલને એ રીતે લૂટવાથી મના કર્યું છે કે જેને જેટલો મળી જાય તો તેનો થઈ જાય. બલ્કે તેને શાંતિપૂર્વક રીતે એક જગાએ એકત્ર કરવામાં આવશે પછી હિસ્સેદારોમાં સરખે ભાગે વહેંચવામાં આવશે.

હઝરત અબૂ લબીદ ફર્માવે છે :–

كُنَّا مَعَ عَبْدِ الرَّحْمٰنِ بْنِ سَمُرَةَ بِكَابُلَ فَأَصَابَ النَّاسُ غَنِيْمَةً فَانْتَهَبُوْهَا فَقَامَ خَطِيْبًا فَقَالَ: سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَنْهٰى عَنِ النُّهْبٰى فَرَدُّوْا مَا اَخَذُوْا فَقَسَمَهٗ بَيْنَهُمْ ـ

"અમે લોકો હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ رضی اللہ عنہ ની સાથે કાબુલ સ્થળે હતા. લોકોના હાથે માલે ગનીમત લાગ્યો તો લોકો તેને લૂટવા લાગ્યા. હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ رضی اللہ عنہ એ ઉભા થઈને ખુત્બો આપ્યો અને કહ્યું, મેં રસૂલુલ્લાહ ﷺ ને લૂટમારથી મના કરતાં સાંભળ્યું છે. તો લોકોએ લૂટેલો પૂરો માલ પરત કરી દીધો, ત્યાર બાદ તેમણે તેમના વચ્ચે વહેંચી આપ્યો. *(સુનને અબૂ દાઊદ, ૩/૬૬)*

## ★ ઝિમ્મીઓના માલ હલાલ નથી ★

ઝિમ્મી એટલે તે કાફિરો જેઓ દારુલ ઈસ્લામમાં જિઝિયો આપીને રહેતા હોય. તેમને પણ ઈસ્લામી દેશના નાગરિક તરીકેના હક્કો આપવામાં આવે છે. જો તેમણે કરારની વિરુદ્ધ વર્તન કર્યું અને તેમની સાથે જંગની નોબત પહોંચી ગઈ તો પણ તેમની સાથે કોઈ પ્રકારની જબરદસ્તી જાઈઝ નથી.

હઝરત ઈરબાઝ બિન સારિયા સુલમી رضی اللہ عنہ વર્ણન કરે છે. અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે ખૈબરનો ઘેરાવ કર્યો. તે વખતે સહાબીઓની એક જમાઅત હુઝૂર ﷺ ની સાથે હતી. ખૈબરનો સરદાર ઘણો જ સરકશ તથા નાપસંદ માણસ હતો. તે સરવરે કાઈનાત ﷺ ની પાસે આવ્યો અને બોલ્યો, હે મુહમ્મદ ! (ﷺ) શું આપ લોકોને અમારાં જાનવર ઝબહ કરવાની, અમારાં ફળોને ખાવાની તથા અમારી સ્ત્રીઓને મારવાની ઈજાઝત આપો છો ? આ સાંભળીને સરવરે આલમ ﷺ નારાજ થયા અને ફર્માવ્યું, હે ઈબ્ને ઔફ ! તમારા ઘોડા પર સવાર થઈને જાવ અને પોકાર કરી દો કે જન્નત કેવળ મો'મિનોના માટે હલાલ છે અને સૌને કહી દો કે નમાઝના માટે જમા થઈ જાય.

જ્યારે સર્વ લોકો જમા થઈ ગયા તો આકાએ રહમત ﷺ એ નમાઝ

પઢાવી અને ફર્માવ્યું, કેટલાક લોકો તખ્તો પર ટેક લગાડીને એવું સમજે છે કે કુર્આનમાં જે કાંઈ છે એના સિવાય અલ્લાહ તબારક વ તઆલાએ કાંઈપણ હરામ નથી કર્યું. ખબરદાર થઈ જાવ ! ખુદાની કસમ ! મેં પણ તમને જે નસીહતો કરી છે, જે વાતોનો હુકમ આપ્યો છે અને જે કામોથી મના કર્યું છે એ સૌ કુર્આનમાં જ અવામિર (કરવાના હુકમ) અને નવાહી (ન કરવાનો હુકમ)ની જેમ છે, બલ્કે અમુક તો એનાથી વધીને પણ છે. અહલે કિતાબ જિઝિયો આપી રહ્યા હોય તો અલ્લાહ તબારક વ તઆલાએ તમારા માટે એ હલાલ નથી કર્યું કે તમે એમનાં ઘરોમાં વિના ઈજાઝતે પ્રવેશી જાવ, તેમની સ્ત્રીઓને મારો અને તેમનાં ફળોને ખાવ."

*(સુનને અબૂ દાઊદ, ૩/૧૭૦)*

આ નિઝામ (કાનૂની બંધારણ) સરકારે અબદ કરાર ﷺનું રચેલુ છે કે આપે જંગ તથા ઘેરાવના સમયે પણ દુશ્મનો પર કોઈપણ જાતનો જુલ્મ જાઈઝ નથી રાખ્યો.

## ★ જંગ દરમ્યાન પણ તબાહકારી મના હતી ★

લગભગ સર્વ કૌમોમાં એ મિઝાજ હતો કે ફોજની આગેકૂચ વખતે ફસલોને ખરાબ કરવી, ખેતીઓને તબાહ કરવી, વસ્તીઓમાં કત્લે આમ, આગ લગાડવી તથા ભય તથા ગભરહાટથી જમીનને ભરી દેવી, લડવૈયા ગૃપોમાં સામાન્ય વાત હતી, બલ્કે આજે પણ ફોજોનો એ જ મિઝાજ છે. આકાએ રહમત ﷺના નિઝામમાં એને પણ ફસાદ ઠરાવવામાં આવ્યો છે અને આ પ્રકારનાં કામોથી મના કરવામાં આવેલ છે. કુર્આનનું ફર્માન છે :–

وَإِذَا تَوَلَّىٰ سَعَىٰ فِي الْأَرْضِ لِيُفْسِدَ فِيهَا وَيُهْلِكَ الْحَرْثَ وَالنَّسْلَ ۗ وَاللَّهُ لَا يُحِبُّ الْفَسَادَ ○

"અને પીઠ ફેરવે તો જમીનમાં ફસાદ મચાવતો ફરે, અને ખેતી અને જાનો તબાહ કરે અને અલ્લાહ ફસાદથી રાજી નથી." *(સૂ. બકરહ, આ. ૨૦૫)*

નિઝામે મુસ્તફામાં જંગની ઈજાઝત મસ્લેહતના હેઠળ છે એટલા માટે જંગના સર્વ મામલાઓમાં આ મસ્લેહતનો ખયાલ રાખવો જરૂરી છે.

જ્યાં ક્યાંક પણ એની વિરુદ્ધ કોઈ પણ મામલો થયો અને ફસાદની સ્થિતિ જોવા મળી તો તેના પર સખ્તીથી પાબંદી લગાડી દેવામાં આવી.

## ★ મુષ્લહ કરવું જુલ્મ ઠરાવવામાં આવ્યું ★

પહેલાં એ દસ્તૂર હતો કે દુશ્મનોની લાશોની ઘણી બેહુર્મતી (બેઈજ્જતી) કરવામાં આવતી હતી. તેમનાં અંગોને કાપીને હાર બનાવીને પહેરવું, તેમના નાક તથા કાન કાપી નાખવા, ચહેરાને કદરૂપા કરી દેવા વગેરે કામોને બહાદુરી સમજવામાં આવતું હતું, જ્યારે કે સૌ કામો તદ્દન નિરર્થક હતાં અને એનાથી કોઈ રીતનો કાંઈ ફાયદો હાંસલ થતો ન હતો. કેટલા પ્રમાણમાં બેઅક્લી (મૂર્ખાઈ) હતી કે એ શખ્સ જે ક્ત્લ થઈ ચૂક્યો છે એની સાથે આ પ્રકારનો વર્તાવ કરવામાં આવ્યો તો એનાથી એને શું તકલીફ પહોંચશે ? આક઼ાએ રહ્મત ﷺએ એનાથી સખ્તીપૂર્વક મના ફર્માવ્યું. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને યઝીદ અન્સારી رضي الله عنه ફર્માવે છે :–

نَهَى النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ النُّهْبِى وَالْمُثْلَةِ۔

"રસૂલે અકરમ ﷺએ લૂટમાર અને મુષ્લહ બનાવવાથી (નાક, કામ વગેરે કાપવાથી) મના ફર્માવ્યું." *(સુનને નિસાઈ, ૭/૧૦૧)*

સરવરે કાઈનાત ﷺ જેહાદના માટે ફોજ રવાના કરતા તો તેમને જે હિદાયતો (સૂચનો) કરતા તેમાંથી આ પણ હતી :–

اُغْزُوْا وَلَا تَغْدِرُوْا وَلَا تَغُلُّوْا وَلَا تُمَثِّلُوْا۔

"ગઝવહ (જંગ) કરો, ગદર (ધોકો) ન કરો, ગનીમતમાં ખયાનત ન કરો અને મુષ્લહ (અંગો કાપવું) ન કરો." *(સુનને ઈબ્ને માજહ, ૨/૯૫૩)*

## ★ અવ્યવસ્થા તથા વિખરાવાની મનાઈ ★

અરબવાસીઓની આદત હતી કે જ્યારે જંગ માટે નીકળતા તો રસ્તામાં જે પણ મળતો એને તંગ કરતા અને જ્યારે કોઈ જગાએ ઉતરતા તો પૂરી મંઝિલ પર ફેલાય જતા હતા, ત્યાં સુધી કે રસ્તાઓ પર ચાલવાનું મુશ્કેલ થઈ જતુ હતું. આક઼ાએ રહ્મત ﷺએ એનાથી મના ફર્માવ્યું.

હઝરત અનસ જુહની رضی اللہ عنہ વર્ણવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺની સાથે ફલાણો ફલાણો ગઝવહ કર્યો. એક ગઝવહમાં લોકોએ મંઝિલો તથા રસ્તાઓ તંગ કરી દીધા. નબીયે અકરમ ﷺએ એક શખ્સને હુકમ કર્યો કે જઈને લોકોમાં એલાન કરી દો :–

مَنْ ضَيَّقَ مَنْزِلًا اَوْ قَطَعَ طَرِيْقًا فَلَا جِهَادَ لَهٗ.

"જેણે મંઝિલોને તંગ કરી દીધી અથવા રસ્તાઓને તંગ કરી દીધા (રોકી લીધા) તો તેના માટે જેહાદનો કોઈ સવાબ નથી."

*(સુનને અબૂ દાઊદ, ૩/૪૧)*

અહીં "કતાએ તરીક" (માર્ગો તંગ કરવા)થી મુરાદ ડાકૂગીરી તથા વટેમાર્ગુઓને લૂટવું પણ મુરાદ હોય શકે છે. જાહિલિયતના દૌરમાં એ પણ રિવાજ હતો એ સ્થિતિમાં અહીં મનાઈ ડાકૂગીરીથી થઈ.

એના અનુસંધાનમાં એક રિવાયત હઝરત અબૂ ષઅલ્બા ખશની رضی اللہ عنہ વર્ણવે છે કે લોકો જ્યારે કોઈ સ્થળે રોકાતા હતા તો ઘાટીઓ તથા વાદીઓમાં ફેલાય જતા હતા. રસૂલે રહ઼મત ﷺએ ફર્માવ્યું :–

اِنَّ تَفَرُّقَكُمْ فِيْ هٰذِهِ الشِّعَابِ وَالْاَوْدِيَةِ، اِنَّمَا ذٰلِكُمْ مِّنَ الشَّيْطَانِ

"આ રીતે તમારું ઘાટીઓ તથા વાદીઓમાં ફેલાય જવું શૈતાની અમલ છે."

હદીષના રાવી વર્ણવે છે કે ત્યાર બાદથી નબીયે રહ઼મત ﷺ જ્યારે કોઈ વાદીમાં ઉતરતા હતા તો લોકો એ રીતે જથ્થો જમાવીને રોકાણ કરતા હતા કે એક કપડુ તેમના પર ફેલાવી દેવામાં આવે તો સૌના માટે પૂરતુ થઈ જતુ. *(સુનને અબૂ દાઊદ, ૩/૪૧)*

## ★ શોર તથા હંગામાથી મનાઈ ★

અરબોની જંગમાં એટલા પ્રમાણમાં શોર તથા હંગામો ખડો થતો હતો કે એનું નામ જ "ગોગા" (શોર) પડી ગયું હતું. ઈસ્લામ લાવ્યા બાદ પણ માજીની આદત મુજબ શોર બુંલદ થયો તો આકાએ રહ઼મત ﷺએ એનાથી મના કરી આપ્યું.

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ વર્ણવે છે કે અમે નબીયે રહ્‌મત ﷺની સાથે જેહાદના માટે નીકળતા હતા, જેના કારણે અમારા અવાજો બુલંદ થઈ જતા હતા.

નબીયે રહ્‌મત ﷺએ ફર્માવ્યું :–

يَآَيُّهَا النَّاسُ ارْبَعُوا عَلَى اَنْفُسِكُمْ، فَاِنَّكُمْ لَا تَدْعُوْنَ اَصَمَّ وَلَا غَائِبًا، اِنَّهُ مَعَكُمْ اِنَّهُ سَمِيْعٌ قَرِيْبٌ، تَبَارَكَ اسْمُهُ وَتَعَالٰى جَدُّهُ۔

"હે લોકો ! વક઼ાર (પ્રભાવ)ની સાથે ચાલો, તમે જેને પોકારી રહ્યા છો તે ન બહેરો છે અને ન ગાયબ. એ તો તમારી સાથે છે. સર્વ કાંઈ સાંભળે છે અને ઘણો જ નજીક છે. એનું નામ ઊંચુ અને એની અઝમત બુલંદ છે." *(સહીહ બુખારી, ૪/૫૭)*

લોકો ઝિક્ર તથા તસ્બીહની સાથે અવાજ ઊંચો કરતા હતા પરંતુ રસ્તામાં કોઈને એ અવાજથી તકલીફ ન થાય એટલા માટે આક઼ાએ રહ્‌મત ﷺએ ઝિક્ર તથા તસ્બીહના અવાજોને પણ બુલંદ કરવાથી મના કરી આપ્યું.

## ★ જેહાદના ઉસૂલમાં સુધારણાનાં પરિણામો ★

આ અહકામના અભ્યાસથી જાણવા મળે છે કે સરવરે કાઈનાત ﷺએ આંતર રાષ્ટ્રીય અમ્ન (વિશ્વ શાંતિ)ની મજબૂતીના માટે જંગને તમામ જંગલિયતભર્યા કૃત્યોથી પાક કરી દીધી જે એ યુગમાં જંગનું અનિવાર્ય અંગ બનેલ હતાં.

જંગના કેદીઓ તથા એલચીની ક઼ત્લ, મુડદાંની બેહુમર્તી, ક઼રારવાળાઓની ક઼ત્લ, ગૈર અહલે ક઼ેતાલ (ન લડનારા)ની ક઼ત્લ, અંગોને કાપવું, આગનો અઝાબ, લૂટ માર, રસ્તો તંગ કરવો, ફસલ તથા વસ્તીઓની વિરાની તથા તબાહી, વચનભંગ તથા વાદાખિલાફી, ફોજોનું વિરેવિખેર થવું તથા અવ્યવસ્થા, લડાઈનો શોર તથા હંગામો એ સર્વ કાંઈ જંગના નિયમોની વિરુદ્ધ ઠરાવવામાં આવ્યું. અને કેવળ એક એવી ચીજ રહી ગઈ જેમાં શરીફ તથા બહાદુર આદમી દુશ્મનને

શક્ય તેટલુ ઓછામાં ઓછુ નુકસાન પહોંચાડીને તેની બુરાઈને દૂર કરવાની કોશિશ કરે.

આ ઈસ્લાહી તા'લીમે આઠ વરસની ટૂંકી મુદ્દતમાં જે અઝીમુશ્શાન પરિણામો પેદા કર્યાં એનો બેહતરીન નમૂનો ફતહે મક્કા છે.

એક શક્તિ પર બીજી શક્તિની જીત, અને ખાસ કરીને દુશ્મનના મોટા શહેરના કબજા હેઠળ આવવાના પ્રસંગે જંગલી અરબો જ નહીં બલ્કે સુસભ્ય રોમ તથા ઈરાનમાં પણ જે કાંઈ થતુ હતું તેને નજરો સમક્ષ રાખો. ત્યાર બાદ વિચારો કે એ જ અરબો જેઓ થોડાક વરસો પહેલાં સુધી જાહિલિયતના તરીક઼ાઓના આદી હતા, એ જ શહેરમાં વિજયીની હૈસિયતથી દાખલ થાય છે જેનાથી આઠ જ વરસ પહેલાં તેમને બુરી રીતે તકલીફો આપી આપીને કાઢયા હતા અને એ જ દુશ્મનો વિજય મેળવે છે જેમને આ વિજયી થનારાઓને ઘરથી બેઘર કરવા પર સંતોષ માન્યો હતો બલ્કે જે જગાએ તેમણે પનાહ લીધી હતી ત્યાંથી પણ તેમને કાઢી મૂકવા માટે કેટલાય વાર ચઢાઈઓ કરી હતી.

એવા શહેર તથા એવા દુશ્મનો પર હાવી થઈ જાય છે પણ કોઈ ક઼ત્લે આમ નથી કરવામાં આવતી, કોઈ પ્રકારની લૂટમાર નથી થતી, કોઈની જાન માલ તથા ઈજ્જત આબરૂ સાથે ખેલ ખેલવામાં નથી આવતો, પૂરાના તેમજ કટ્ટર દુશ્મનોમાંથી કોઈના પર બદલાનો હાથ નથી ઉઠતો, શહેર પર કબજો જમાવવાની પૂરી કાર્યવાહીમાં કેવળ ૨૪ માણસો માર્યા જાય છે, અને તે પણ ત્યારે કે જ્યારે પહેલ હાથ ઉઠાવવાની તેમના તરફથી થઈ.

## ...પ્રકરણ : ૧૧

# હુઝૂર ﷺના અમ્ન બંધારણે સ્ત્રીઓને પુર અમ્ન તથા બાઈઝ્ઝત જિંદગી આપી

ઈસ્લામથી પહેલાં પૃથ્વીનું સમગ્ર પટ જંગલીપણુ, ભય, જુલ્મો સિતમ, તથા ફિત્ના ફસાદનો અખાડો બનેલ હતું. દુનિયાભરમાં ખાસ કરીને અરબ દેશમાં શાંતિ તથા ચેન, ઈત્મિનાન તથા સુકૂન અને રાહત તથા ખુશીથી લોકો વંચિત થઈ ચૂક્યા હતા. ખાસ કરીને સરવરે કાઈનાત ﷺની જલ્વાગરી પહેલાં સ્ત્રીઓનો હાલ ઘણો જ બુરો હતો. દુનિયાની નજરમાં સ્ત્રીઓની કોઈ ઈજ્જત તથા કિંમત ન હતી. પુરૂષોની નજરમાં એનાથી વધીને સ્ત્રીઓની કોઈ હેસિયત ન હતી કે તે પુરૂષોની નફસાની ખ્વાહિશાતને પૂર્ણ કરવાનો ઝરીયો છે. સ્ત્રીઓ દિવસ રાત પુરૂષોની દરેક પ્રકારની સેવા કરતી હતી, જાલિમ મર્દ તેમ છતાં એ સ્ત્રીઓની કોઈ કદર કરતા ન હતા, બલ્કે જાનવરોની જેમ તેમને મારતા પીટતા હતા.

પયગંબરે રહમત ﷺની જલ્વાગરી પહેલાં દરેક બલા તથા મુસીબતને સ્ત્રીઓ પર અજમવવામાં આવી અને તેમનું દરેક રીતે શોષણ કરવામાં આવ્યું. સ્ત્રીઓ પર સૌથી મોટો જુલ્મ તો એ જ હતો કે દુનિયામાં તેણીના આંખ ખોલતાં જ તેના માબાપ તેની પરવરિશ તથા તેનાથી મહોબ્બત કરવાને બદલે તેને જીવતી દાટી દેતા હતા અને જે સ્ત્રી જીવતી દફન થવાથી બચી પણ જતી તો પૂરી જિંદગી જુલ્મો સિતમનો નિશાનો બનીને રહેતી. એ વખતે સ્ત્રીઓની મજબૂરી તથા લાચારીનો એ આલમ હતો કે ન કોઈ તેમને દિલાસો આપીને ખુશ કરવાવાળો હતો અને ન કોઈ તેમનાં આંસૂ લુછનાર હતો. કેટલાય સેંકડો વરસો સુધી સ્ત્રીઓ જુલ્મ પામેલી તથા પરેશાન હાલતમાં આંસૂ વહાવતી રહી.

## જાહિલિયતના દૌરમાં સ્ત્રીઓની હાલતો

દુનિયાની લગભગ સર્વ કૌમો સ્ત્રીઓને સમાજમાં કોઈ સ્થાન આપતી ન હતી. તેમને ઝલીલો રુસ્વા (બેઈજ્જત) સમજવામાં આવતી હતી અને તેમના પર જુલ્મ જંગલીપણાના પહાડ તોડતી હતી. તે દૌરમાં જે કૌમો સભ્ય સમજવામાં આવતી હતી એમનો પણ એ જ હાલ હતો. ખાસ કરીને સ્ત્રીઓ પર જે જુલ્મો અરબમાં કરવામાં આવતા હતા તેની પદ્ધતિ જ અલગ હતી.

### ★ સ્ત્રીઓને વારસામાં આપસમાં વહેંચી લેતા ★

જાહિલિયતના જમાનાનો દસ્તૂર એ તો હતો જે કે સ્ત્રીઓને વારસામાં કોઈ હિસ્સો મળતો ન હતો, પણ જુલ્મથી વધીને જુલ્મ એ કે જે શખ્સનો ઈન્તેકાલ થઈ ગયો તેની પત્નીઓને પણ તે લોકો વારસાના સામાનની જેમ વહેંચી કાઢતા હતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે જ્યારે સ્ત્રીનો પતિ મરી જતો તો પતિના વારસો તે સ્ત્રીના હક્કદાર બનતા, જો તેઓ ચાહતા તો એમનામાંથી કોઈ તેણી સાથે શાદી કરી લેતો હતો અથવા જેની સાથે ચાહતા તેની સાથે તેની શાદી કરાવી દેતા અને ચાહતા તો ન કરાવતા. આ રીતે સ્ત્રીના સાસરીવાળા તેનાં પિયરવાળાઓ કરતાં અધિક તેના પર હક્ક ધરાવતા હતા. એના પર આ આયત નાઝિલ થઈ :–

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا لَا يَحِلُّ لَـكُمۡ اَنۡ تَرِثُوا النِّسَآءَ كَرۡهًا ؕ وَلَا تَعۡضُلُوۡهُنَّ لِتَذۡهَبُوۡا بِبَعۡضِ مَاۤ اٰتَيۡتُمُوۡهُنَّ اِلَّاۤ اَنۡ يَّاۡتِيۡنَ بِفٰحِشَةٍ مُّبَيِّنَةٍ ۚ وَعَاشِرُوۡهُنَّ بِالۡمَعۡرُوۡفِ ۚ فَاِنۡ كَرِهۡتُمُوۡهُنَّ فَعَسٰۤى اَنۡ تَكۡرَهُوۡا شَيۡـئًا وَّيَجۡعَلَ اللّٰهُ فِيۡهِ خَيۡرًا كَثِيۡرًا ○

"હે ઈમાનવાળાઓ ! તમને હલાલ નથી કે સ્ત્રીઓના વારસ બની જાવ જબરદસ્તી, અને સ્ત્રીઓને રોકો નહીં એ નિય્યતે કે જે મહેર એમને આપી હતી તેમાંથી કાંઈ લઈ લો, પણ એ સ્થિતિમાં કે ઉઘાડુ બહેયાઈનું

કામ કરે. અને તેમની સાથે સારો વર્તાવ કરો. પછી જો એ તમને પસંદ ન આવે તો નજીક છે કે કોઈ ચીજ તમને નાપસંદ હોય અને અલ્લાહ એમાં ખૂબ જ ભલાઈ રાખે.''

*–(સૂ. નિસાઅ, આ. ૪, કન્ઝુલ ઈમાન, સહીહ બુખારી, ૬/૪૪)*

આ આયતમાં તેમના તે જ કૃત્યની મનાઈ આવી અને તેમને હુકમ થયો કે જાહિલિયતના દૌરમાં જે વારસામાં સ્ત્રીઓને જુલ્મી રીતે વહેંચી લીધા કરતા હતા તે હવે જાઈઝ નથી.

## ★ બાંદીઓ પર કબજો કરી લેતા ★

આ જ મામલો તેઓ મરનારની બાંદીઓ સાથે કર્યા કરતા હતા, બલ્કે વારસદાર હોય કે ગૈર વારસદાર બાંદીઓ પર કબજો કરવામાં સમાન હતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે જ્યારે કોઈ શખ્સ મરી જતો અને તેની બાંદીઓ હોતી તો તેનો કોઈ દોસ્ત તે બાંદી પર કપડુ નાખી દેતો, તો હવે કોઈ બીજો શખ્સ એ બાંદી માટે દાવો કરી શકતો ન હતો. જો એ બાંદી સુંદર હોતી તો એ શખ્સ તેની સાથે શાદી કરી લેતો અને કદરૂપી હોતી તો તેને પોતાની પાસે જીવનભર રોકી રાખતો.

*–(તફસીરે તબરી, ૮/૧૦૪)*

ખૂબ જ વિચિત્ર વાત હતી કે કોઈના મૃત્યુ બાદ તેમને અધિક ચિંતા રહેતી હતી કે કેવી તેના માલ સંપત્તિ તથા તેની પત્નીઓ તથા બાંદીઓ પર કબજો જમાવવામાં આવે. એના માટે પણ કોઈ નીતિ નિયમો ન હતા, બલ્કે બાંદીઓ પર જેણે પણ કપડુ રાખી દીધું તે તેની થઈ ગઈ.

## ★ પુત્રીઓના જન્મ પર તેમનાં કલેજાં ફાટી જતાં ★

જાહિલિયતના દૌરમાં મુશ્રિકો સ્ત્રીઓને કોઈ મર્તબા તથા મકામને લાયક ન સમજતા હતા, એટલા માટે તેઓ પુત્રી જન્મતાં ગુસ્સે થતા, જ્યારે કે તેઓ જાણતા હતા કે કાઈનાતના બંધારણ હેઠળ શાદીઓ માટે છોકરીઓનું જન્મવું જરૂરી છે. તેમ છતાં આ બંધારણની વિરુદ્ધ એટલી હદે ચાલ્યા જતા કે પોતાની પુત્રીઓને જીવતી દફન કરી દેતા હતા.

કુર્આને કરીમમાં એ કૌમોની કાર્ય પદ્ધતિની વિરુદ્ધ આયત ઉતરી છે કે જ્યારે તેમને ત્યાં કોઈ બાળકીનો જન્મ થતો તો તેઓ ગુસ્સામાં આવી જતા હતા. કુર્આને કરીમે તેમની આ બુરી આદતને આ પ્રમાણે વર્ણવેલ છે :

وَاِذَا بُشِّرَ اَحَدُهُمۡ بِالۡاُنۡثٰى ظَلَّ وَجۡهُهٗ مُسۡوَدًّا وَّهُوَ كَظِيۡمٌ ۝ يَتَوَارٰى مِنَ الۡقَوۡمِ مِنۡ سُوۡٓءِ مَا بُشِّرَ بِهٖ ؕ اَيُمۡسِكُهٗ عَلٰى هُوۡنٍ اَمۡ يَدُسُّهٗ فِى التُّرَابِ ؕ اَلَا سَآءَ مَا يَحۡكُمُوۡنَ ۝

"અને જ્યારે એમનામાં કોઈ પુત્રી જન્મવાની ખુશખબરી આપવામાં આવે છે તો દિવસભર તેનું મોં કાળુ રહે છે અને ગુસ્સો કરે છે. લોકોથી છુપાતો ફરે છે આ ખુશખબરીની બુરાઈના સબબે. શું એને ઝિલ્લતની સાથે રાખશે અથવા તેને માટીમાં દબાવી દેશે. અરે ! ઘણો જ બુરો હુકમ લગાડે છે." *(સૂરએ નહલ, આ. ૫૮, કન્ઝુલ ઈમાન)*

એ ગુસ્સો એટલી હદે પહોંચી જતો કે ઘણા લોકો પોતાની બાળકીઓને જીવતી દાટી દેતા હતા. પુત્રીઓને જીવતી દાટી દેવાની રસમને કુર્આને કરીમ બીજે ઠેકાણે આ પ્રમાણે વર્ણવે છે :–

وَاِذَا الۡمَوۡءٗدَةُ سُئِلَتۡ ۝ بِاَىِّ ذَنۡۢبٍ قُتِلَتۡ ۝ "અને જ્યારે જીવતી દબાવવામાં આવી છે, પૂછવામાં આવે કઈ ભૂલ પર મારવામાં આવી."

*–(સૂ. તકવીર, આ. ૮–૯, કન્ઝુલ ઈમાન)*

પુત્રીઓ તથા સ્ત્રીઓના મામલામાં એમનો એ હતો કે તેઓ તેમને કોઈ મક઼ામ કે હૈસિયત (દરજો) આપતા ન હતા, બલ્કે એમની પેદાઈશને પોતાના માટે શરમની વાત સમજતા હતા.

## અરબમાં નિકાહનો દસ્તૂર

સ્ત્રીઓ એમની દષ્ટિમાં રમકડાની હૈસિયત ધરાવતી હતી. એની સાબિતી એમની દરમ્યાન રિવાજ પામેલી વિવિધ પ્રકારની શાદીઓથી પણ મળે છે. અરબોને ત્યાં કેટલીય રીતની શાદીઓનો રિવાજ હતો. એમાંથી અમુક મશ્હૂર શાદીઓનું વર્ણન આ પ્રમાણે મળે છે :–

**દોસ્તીની શાદી :** પુરૂષ કોઈ પણ સ્ત્રીને પોતાના ઘરમાં રાખી લેતો, ન નિકાહની જરૂરત રહેતી ન ખુત્બો કે મહેરની જરૂરત રહેતી. જ્યાં સુધી ચાહતો ત્યાં સુધી તેની સાથે પતિ પત્ની જેવો સંબંધ રાખતો. ત્યાર બાદ આ સંબંધ આપસની રઝામંદીથી ખતમ થઈ જતો, કોઈ તલાક઼ની પણ જરૂરત ન રહેતી. એ શાદીથી જો ઔલાદ પેદા થઈ જતી તો તે માની તરફ સંબંધિત થતી. આજે પણ એ તરીક઼ો પશ્ચિમી સમાજમાં રિવાજ પકડી ચૂક્યો છે.

**બદલાની શાદી :** આ તે નિકાહ હતો કે એક શખ્સ પોતાના હેઠળમાં રહેનારી છોકરીના નિકાહ કોઈ શખ્સ સાથે એ શરત પર કરી આપતો કે તેની કોઈ પુત્રી, બહેન વગેરેનો નિકાહ તેની સાથે કરાવશે. એમાં મહેર નિશ્ચિત કરવું પણ જરૂરી ન હતું.

**પત્નીઓની અદલા બદલી :** એક રિવાજ એ હતો કે બે પુરૂષો પોતપોતાની પત્નીઓની આપસમાં અદલા બદલી કરી લેતા, અને ન એની પત્નીને જાણ હોતી ન તેની રાય લેવામાં આવતી. ન ઈજાબો કુબૂલ તથા મહેરની જરૂરત હોતી, અને ન તો સ્ત્રીની મરજીનો ખયાલ કરવામાં આવતો. બસ બીજાની પત્ની પસંદ આવવા પર એક ટૂંકી બેઠકમાં એ નક્કી થઈ જતુ હતું.

**નિકાહે બુઊલત :** આ નિકાહ અરબમાં ઘણો જ આમ હતો. એમાં એવું હતું કે પુરૂષ એક અથવા કેટલીયે સ્ત્રીઓનો માલિક બનતો. બુઊલત (પતિ હોવું)થી મુરાદ પુરૂષનું સ્ત્રીઓને એકત્ર કરવું હોતું. એમાં સ્ત્રીની હેસિયત આમ માલ સામાન જેવી રહેતી.

**નિકાહે ઈસ્તિબઝાઅ :** એનો મતલબ છે, ફાયદો ઉઠાવવા માટે સ્ત્રી પૂરી પાડવાનો નિકાહ. એટલે એક શખ્સ પોતાની પત્નીને કોઈ બીજા ખૂબસૂરત પુરૂષની સાથે પતિ પત્ની જેમ જીવવા માટે મોકલી દેતો અને પોતે તેનાથી અલગ રહેતો, જેથી તેની નસલ ખૂબ સૂરત પેદા થાય. જ્યારે તેને ગર્ભ રહી જતો તો તે સ્ત્રી ફરી પોતાના પતિની પાસે આવી જતી.

**સામૂહિક નિકાહ** : એનો મતલબ એ છે કે લગભગ દસ પુરૂષો એક જ સ્ત્રી માટે ભેગા થતા અને દરેક તેણી સાથે સંભોગ કરતો. જ્યારે તેને બાળક જન્મતુ તો તેણી તે સૌને બોલાવતી અને તેઓ કોઈ આનાકાની વગર આવી જતા. પછી તે જેને ચાહતી (પસંદ કરતી અથવા સારો સમજતી) તેને કહેતી કે આ બાળક તારું છે. અને તે શખ્સને તેનાથી ઈન્કાર કરવાની ઈજાઝત ન હોતી.

નિકાહની ધૃણાસ્પદ સ્થિતિઓ એ વાત માટે દલીલ પૂરી પાડે છે કે તે સ્ત્રીને કેવળ વાસના સંતોષવાનો ઝરીયો સમજતા હતા અને કોઈ માલ સામાનથી જેવી રીતે ફાયદો ઉઠાવવાની જેટલી રીતો હોય શકે સર્વ રીતો તેઓ સ્ત્રીઓથી ફાયદો ઉઠાવવા માટે પણ જાઈઝ રાખતા હતા. નિકાહની મોટાભાગની રીતો તો એવી હતી કે એમાં સ્ત્રીઓને મહેરરૂપે કાંઈ પણ આપવામાં આવતુ ન હતું. અને તેમના આ પ્રકારના શોષણમાં તેમની મરજીનો પણ ખયાલ કરવામાં આવતો ન હતો.

## આક઼ાએ નેઅમત ﷺએ સ્ત્રીઓને ઈજ્જતનું સ્થાન આપ્યું

જ્યારે સરવરે કાઈનાત ﷺની જલ્વાગરી (આગમન) થઈ તો દુનિયાભરની સતાવવામાં આવેલી સ્ત્રીઓની ક઼િસ્મતનો સિતારો ચમકી ઉઠયો અને જુલ્મો સિતમથી કચડાયેલી તથા રગડાયેલી સ્ત્રીઓનો દરજ્જો સરવરે કાઈનાત ﷺના સ્થાપેલા બંધારણમાં એટલા પ્રમાણમાં ઊંચો થઈ ગયો કે કેવળ ઈબાદતો તથા મામલાઓ જ નહીં બલ્કે જિંદગી તથા મૌતના દરેક મોડ પર સ્ત્રીઓ પુરૂષોથી ખભે ખભા મિલાવી ઉભી થઈ ગઈ. પયગંબરે રહમત ﷺએ સ્ત્રીઓને માન તથા મર્તબો, ઈજ્જત, માલિકીપણુ તથા તેમના તે સર્વ હક્ક઼ો અર્પણ કર્યા જેનાથી તેણીઓ પહેલાં વંચિત હતી.

## ★ માની હૈસિયતથી ઔરતનો હક્ક઼ ★

નબી અકરમ ﷺએ મુસલમાનોની જન્નત માના ક઼દમો નીચે ઠરાવીને માને સમાજનો સૌથી અધિક માન સંમાનવાળો મક઼ામ અર્પણ

કર્યો. આપે ફર્માવ્યું કે સૌથી અધિક સદ્ વર્તાવની હક્કદાર મા છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه વર્ણવે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારા સદ્ વર્તાવનું સૌથી વધુ હક્કદાર કોણ છે ? ફર્માવ્યું કે, તમારી મા ! અર્ઝ કરી, પછી કોણ ? ફર્માવ્યું, તમારી મા ! અર્ઝ કરી, પછી કોણ ફર્માવ્યું, તમારી મા ! અર્ઝ કરી, પછી કોણ ફર્માવ્યું, તમારો બાપ ! *(સહીહ બુખારી, ૮/૨)*

## ★ પુત્રીની હૈસિયતથી સ્ત્રીનો હક્ક ★

જે સમાજમાં પુત્રીના જન્મને બેઈજ્જતીનો સબબ ઠરાવી દેવામાં આવ્યો હતો. હુઝૂર ﷺએ એ જ સમાજમાં પુત્રીને ઈજ્જત તથા સંમાનનો મક઼ામ આપ્યો. પુત્રીઓની પરવરિશ અને તેમના હક્કોનો લેહાઝ રાખવાને ઈબાદતનો મક઼ામ આપ્યો અને પુત્રીઓને બરકતનો સબબ કહી.

હઝરત આઈશા સિદ્દીકા رضي الله عنها વર્ણવે છે કે એક સ્ત્રી પોતાની બે પુત્રીઓની સાથે મારી પાસે આવી. મારી પાસે તે વખતે કેવળ એક ખજૂર હતી, મેં તેને તે આપી દીધું. તેણીએ તે ખજૂરના બે ટુકડા કરીને પોતાની પુત્રીઓને આપી દીધી અને તેણે પોતે ન ખાધુ. પછી એ ત્રણેવ ત્યાંથી ચાલ્યાં ગયાં. જ્યારે રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા તો મેં આપને બતાવ્યું. આપે ફર્માવ્યું, "જે કોઈ આ પુત્રીઓના કારણે આઝમાઈશમાં નાખવામાં આવે તો આ છોકરીઓ તેના માટે આગથી આડ બનશે."

*—(સહીહ બુખારી, ૨/૧૧૦)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જેની પાસે પુત્રી હોય પછી તેને જીવતી ન દફનાવે, તેને બેઈજ્જત નીચ ન સમજે, ન છોકરાને તેના પર અગ્રતા આપે તો અલ્લાહ તબારક વ તઆલા તેને જન્નતમાં દાખલ ફર્માવશે." *(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૮)*

જે બાળકીઓને અરબવાસીઓ પોતાના માટે મુસીબત તથા તકલીફનો સબબ સમજતા હતા, આકાએ રહ્મત ﷺએ તે જ બાળકીઓને આખેરતમાં મુસીબત તથા તકલીફ દૂર કરવાનો ઝરીયો દર્શાવી.

### ★ બહેનની હૈસિયતથી સ્ત્રીનો હક્ક઼ ★

પુત્રીઓની પરવરિશ અને તેમની સાથે સદ્‌વર્તાવ પર જન્નતનો વાયદો કરવામાં આવ્યો છે, એ જ પ્રમાણે બહેનોની પરવરિશ અને તેમની સાથે સદ્ વર્તાવ પર જન્નતમાં લઈ જનારો અમલ છે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે સરવરે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَا يَكُوْنُ لِاَحَدٍ ثَلَاثُ بَنَاتٍ، اَوْ ثَلَاثُ اَخَوَاتٍ، اَوِ ابْنَتَانِ، اَوْ اُخْتَانِ، فَيَتَّقِي اللّٰهَ فِيْهِنَّ وَيُحْسِنُ اِلَيْهِنَّ اِلَّا دَخَلَ الْجَنَّةَ۔

"જેની ત્રણ પુત્રીઓ અથવા ત્રણ બહેનો હોય, અથવા બે પુત્રીઓ અથવા બે બહેનો હોય, એમના મામલામાં અલ્લાહથી ડરે અને તેમની સાથે સારો વર્તાવ કરે તો જન્નતમાં દાખલ થશે. *(મુસ્નદે અહમદ, ૧૭/૪૭૬)*

ક્યારેક અમુક બહેનોની જિમ્મેદારી મા બાપના મૃત્યુ બાદ કે પતિઓના થકી તલાક઼ બાદ ભાઈઓ પર આવી જાય છે તો તેઓ સખત બોજ મહેસૂસ કરે છે. અને જિમ્મેદારી સ્વીકારવાથી કતરાય છે. તેમણે પયગંબરે અમ્ન ﷺના આ ફર્માનને નજરો સમક્ષ રાખીને પોતાની સુધારણા કરી લેવી જોઈએ.

### ★ પત્નીની હૈસિયતથી સ્ત્રીના હક્ક઼ો ★

પયગંબરે રહ઼મત ﷺના આગમનથી પહેલાં તો સ્ત્રીઓને પત્નીની હૈસિયતથી કોઈ હક્ક઼ તથા મક઼ામ હાંસલ ન હતો. આક઼ાએ કરીમ ﷺના નિઝામમાં આ મામલામાં ખાસ કરીને ઘણી જ મોટી તબદીલી આવી. સ્ત્રીઓને પત્ની તરીક઼ેના તેમના હક્ક઼ પણ આપવામાં આવ્યા અને તેમને ઈજ્જતનું સ્થાન પણ આપવામાં આવ્યું.

પત્નીના ભરણપોષણનો ખર્ચ પતિના માથે રાખવામાં આવ્યો :–

عَلَى الْمُوْسِعِ قَدَرُهٗ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهٗ۔ "મક઼દૂર (શક્તિ)વાળા પર તેના લાયક અને તંગદસ્ત પર તેના લાયક." *(સૂ. બક઼રહ, આ. ૨૩૬)*

પત્નીના મહેરનો હક્ક઼ અદા કરવા પતિ પર વાજિબ ઠરાવ્યો :–

وَاٰتُوا النِّسَآءَ صَدُقٰتِهِنَّ نِحْلَةً ؕ فَاِنْ طِبْنَ لَكُمْ عَنْ شَیْءٍ مِّنْهُ نَفْسًا فَكُلُوْهُ هَنِیْٓــٴًـا مَّرِیْٓــٴًـا ۝

"પત્નીઓને તેમની મહેર ખુશીથી આપો, પછી જે તેઓ પોતાના દિલની ખુશીથી મહેરમાંથી તમને કાંઈ આપી દે તો તેને ખાવ."

*–(સૂ. નિસાઅ, આ. ૪, કન્ઝુલ ઈમાન)*

સ્ત્રીની સાથે સારા વર્તાવનો હુકમ થયો :–

وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰۤى اَنْ تَكْرَهُوْا شَیْــٴًـا وَّ یَجْعَلَ اللّٰهُ فِیْهِ خَیْرًا كَثِیْرًا ۝

"અને તેમની સાથે સારો વર્તાવ કરો. પછી જો એ તમને પસંદ ન આવે તો નજીક છે કે કોઈ ચીજ તમને નાપસંદ હોય અને અલ્લાહ તેમાં ખૂબ જ ભલાઈ રાખે." *(સૂ. નિસાઅ્, આ. ૧૯, કન્ઝુલ ઈમાન)*

પાયાની જરૂરતો પૂરી પાડવાને પત્નીનો હક્ક઼ ઠરાવ્યો :–

એક શખ્સે નબીયે રહમત ﷺને સવાલ કર્યો, પત્નીનો પતિ પર શું હક્ક઼ છે ? આપે ફર્માવ્યું :–

اَنْ یُّطْعِمَهَا اِذَا طَعِمَ، وَاَنْ یَّكْسُوَهَا اِذَا اكْتَسٰى، وَلَا یَضْرِبِ الْوَجْهَ، وَلَا یُقَبِّحْ، وَلَا یَهْجُرْ اِلَّا فِی الْبَیْتِ۔

"તેને પોતાની સાથે ખાવા ખવડાવે, તેને કપડાં પહેરાવે, તેના ચહેરા પર ન મારે, તેનો ચહેરો ન બગાડે પણ તેણીને ન છોડે પણ ઘરની અંદર."

*–(સુનને ઈબ્ને માજહ, ૧/૫૯૩)*

સૌથી શ્રેષ્ઠ માણસ તેને ઠરાવવામાં આવ્યો જે પત્ની સાથે બેહતર હોય.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَكْمَلُ الْمُؤْمِنِیْنَ اِیْمَانًا اَحْسَنُهُمْ خُلُقًا، وَخَیْرُكُمْ خَیْرُكُمْ لِنِسَائِهِمْ

"સૌથી કામિલ ઈમાનવાળો મો'મિન તે છે જે સૌથી સારા

અખ્લાક઼વાળો છે. અને તમારામાં સૌથી બેહતર તે છે જે પોતાની પત્નીઓ માટે સૌથી બેહતર હોય." *(સુનને તિર્મિઝી, ૩/૪૫૮)*

સ્ત્રીઓને મારવાથી મના કરવામાં આવ્યું :–

એકવાર વલીદ બિન ઉક઼બાની પત્નીએ હુઝૂર ﷺને શિકાયત કરવા આવી કે વલીદ મને ખૂબ મારે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે વલીદને જઈને કહી દે જે કે હુઝૂર ﷺએ મને પોતાની પનાહમાં લઈ લીધી છે. થોડીવાર પછી તે ફરી આવી અને કહેવા લાગી, વલીદે મને હવે તો અધિક મારી. આ સાંભળીને હુઝૂર ﷺએ કપડાનો એક ટુકડો કાપીને નિશાની રૂપે આપ્યો. તે સ્ત્રીને જઈને દેખાડયો તો તેણે તેણીને ઔર પણ મારી. ફરી તેણી શિકાયત કરવા હાજર થઈ અને અર્ઝ કરી કે વલીદે હવે મને પહેલાં કરતાં પણ વધારે મારી. આ સાંભળીને નબીયે અકરમ ﷺએ વલીદના માટે હલાકતની દુઆ કરી. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૩/૬૦૩)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે અબ્દ ક઼રાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ الْمَرْاَةَ كَالضِّلَعِ اِنْ ذَهَبْتَ تُقِيْمُهَا كَسَرْتَهَا وَاِنْ تَرَكْتَهَا اسْتَمْتَعْتَ بِهَا عَلٰى عِوَجٍ

"સ્ત્રી પાંસળીની જેમ છે કે જો તમે તેને તદ્દન સીધી કરવા ચાહો તો તૂટી જશે અને જો છોડી આપો તો તેના ટેઢાપણા સાથે તેનાથી ફાયદો ઉઠાવી શકો છો." *(સુનને તિર્મિઝી, ૩/૪૮૫)*

તે દૌર જેમાં સ્ત્રીનો અર્થ શૂન્ય હતું એ દૌરમાં સરવરે કાઈનાત ﷺએ સ્ત્રીઓને એટલા પ્રમાણમાં હક્કો અતા કર્યા કે તેમને દરેક એતબારથી ઈજ્જત, વક઼ાર તથા મક઼ામ અતા કર્યો. આ યક઼ીનન ! સ્ત્રીઓ પર સરકારે અબદ ક઼રાર ﷺનું મહાન એહસાન છે.

## પત્નીઓની સંખ્યા રહ્મત કે ઝહમત ?

આજે આપણે જો દુનિયાના હાલાતનું નિરીક્ષણ કરીએ તો આપણને અંદાઝો થશે કે દુનિયામાં વિવાદાસ્પદ આકર્ષણો આમ થતાં જઈ રહ્યાં છે.

એક તરફ તો બિભત્સપણુ રિવાજ પકડતુ જઈ રહ્યું છે કે વર્તમાન પત્રો, જાહેરાતો, ટેલીવિઝન, ઈન્ટરનેટ વગેરે પર બિભત્સ ચીજો પ્રસિદ્ધ કરવામાં કોઈ ખરાબી કે બુરાઈ નથી સમજવામાં આવતી. સમાચાર પત્રોવાળા પોતાના સમાચાર પત્રની તરફ લોકોને આકર્ષવા માટે નગ્ન તસ્વીરોને પોતાના સમાચારપત્રની શોભા બનાવવા ગર્વ અનુભવી રહ્યા છે. કંપનીઓ જાહેરાતોમાં એવી તસ્વીર પેશ કરી રહી છે કે તેમના પ્રોડેકટના ઉપયોગથી નવયુવાનો માટે છોકરીઓને પ્રભાવિત કરવું આસાન થશે, અને એ તસ્વીરને રજૂ કરવા માટે તે પોતાની જાહેરાતોને એવા જ વિષયોની ચીજો પર આધારિત કરવાની કોશિશ કરે છે.

ફિલ્મી ઈન્ડ્રસ્ટીનો હાલ તો અકથ્ય છે કે આ ઈન્ડ્રસ્ટીએ ખ્યાતિ તથા દોલત કમાવાનો ઝરીયો નગ્નતાને બનાવી લીધો છે અને તેમને એ ખયાલ છે કે જે કોઈ આબરૂની ચાદરને જેટલા પ્રમાણમાં ફાડે તે એટલા જ પ્રમાણમાં મશહૂર તથા પ્રખ્યાત હસ્તીના નામથી જાણવામાં આવશે. ઈન્ટરનેટનો હાલ તો ન પૂછો કે અહીં તે સર્વ કાંઈ અવેલેબલ છે કે જે એક જમાનામાં વિચારી શકાતુ ન હતું.

આવા સંજોગોમાં દિમાગોનું આવારા થવું અને નફ્સમાં વાસનામય ખયાલોનું ઉછાળા મારવું લાઝમી ચીજ છે. જેના દિમાગ તથા નફ્સમાં આવી કૈફિયત પેદા થઈ જાય એને દૂર કરવાનો એક જ ઝરીયો છે કે તે પોતાની પત્નીની સાથે અમુક પુર સુકૂન પળો વીતાવે અને પોતે પોતાને વાસના તથા ઉત્તેજનાથી પાક કરી લે.

હદીષે પાકમાં એટલા માટે ફર્માવવામાં આવ્યું :–

يَا مَعْشَرَ الشَّبَابِ، مَنِ اسْتَطَاعَ الْبَاءَةَ فَلْيَتَزَوَّجْ، فَإِنَّهُ أَغَضُّ
لِلْبَصَرِ وَأَحْصَنُ لِلْفَرْجِ، وَمَنْ لَمْ يَسْتَطِعْ فَعَلَيْهِ بِالصَّوْمِ فَإِنَّهُ لَهُ وِجَاءٌ۔

''હે નવયુવાનોની જમાઅત ! તમારામાંથી જે કોઈ પત્ની રાખવાની શક્તિ ધરાવતો હોય તેણે જોઈએ કે નિકાહ કરી લે એટલા માટે કે તે નિગાહોને ઝુકાવવા અને શર્મગાહની હિફાઝત કરનાર છે. અને જેનામાં પત્ની રાખવાની શક્તિ ન હોય તેણે જોઈએ કે રોઝા રાખે, એટલા માટે કે

રોઝા વાસનાને તોડનાર છે.'' *(સહીહ બુખારી, ૭/૩)*

એવું થઈ શકે છે એક માણસ એક શાદી કરી લે પરંતું તેની વાસનાના તકાઝાઓને પૂર્ણ કરવા માટે તે એક શાદી પૂરતી ન હોય. વળી સ્ત્રીઓના સમય ગાળાઓ (માસિક તથા સુવાવડ પછીના) ઘણીવાર પુરૂષો માટે મુશ્કેલીઓનો સબબ બને છે કે દર મહિને પાંચ સાત દિવસ માસિક સ્ત્રાવના હોય છે કે એ દિવસોમાં એમનાથી સંભોગ હરામ છે. સ્ત્રી સગર્ભા છે તો એનાથી પુરૂષને તેની સાથે સંભોગની પૂરી મજા નથી મળતી. ગર્ભ ખાલી થયા બાદ ૩૫ થી ૪૦ દિવસો નિફાસના હોય છે કે આ હાલતમાં પણ સ્ત્રીથી દૂર રહેવું જરૂરી છે. વરસમાં બે ચાર કે ઘણીવાર કેટલીવાર સ્ત્રીઓ પોતાના માબાપને ત્યાં ચાલી જાય છે. ક્યારેક સ્ત્રીની તબીયત ખરાબ થઈ ગઈ. આ સર્વ સંજોગો એવા છે કે એમાં પત્નીના હોવા છતાં તેણીથી ફાયદો અથવા સંપૂર્ણ ફાયદો નથી મેળવી શકાતો. તો અનિવાર્ય વાત છે કે દિમાગમાં ઉઠેલ ઉશ્કેરાહટનું તોફાન થોભશે નહીં અને પછી સમાજમાં અન્ય ખરાબીઓ તથા બુરાઈઓ જન્મ લેશે. આ સંજોગોથી નિપટવા માટે દીને રહ્‌મતનો આપેલ નિઝામ (ક઼ાનૂન) આ પ્રમાણે છે :–

فَانْكِحُوْا مَا طَابَ لَكُمْ مِّنَ النِّسَآءِ مَثْنٰى وَثُلٰثَ وَرُبٰعَ ۚ فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً اَوْ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ ۔

''તો નિકાહમાં લાવે જે સ્ત્રીઓ તમને સારી લાગે, બે બે તથા ત્રણ ત્રણ અને ચાર ચાર. પછી જો ડરો કે બે પત્નીઓને સમાન રીતે નહીં રાખી શકો તો એક જ કરો.'' *(સૂ. નિસાઅ્, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

આ સંબંધે અન્ય ક઼ૌમો તથા મઝહબોની માન્યતા અલગ છે કે તેમણે પત્નીઓની અધિક સંખ્યાને ગલત ખયાલ કરી છે અને ઈસ્લામના આ હુકમ પર જાત જાતના વાંધાઓ ઉઠાવ્યા છે, જ્યારે પત્નીઓની અધિક સંખ્યાની હક઼ીક઼ત તથા હિકમતોને જાણનાર માણસ સારી રીતે જાણે છે કે અધિક પત્નીઓની ઈજાઝત એ માનવ સમાજના લોકો તથા ખુદ માનવ સમાજ માટે પણ રહ્‌મત જ રહ્‌મત છે.

આ સરવરે આલમ ﷺના ક઼ાનૂની બંધારણની વિશિષ્ટતા છે કે તેણે માણસોને દિમાગી આવારગીમાં સપડાવાથી રોકયા છે. એટલા માટે બદ્‌નઝરી, બિભત્સતા, નગ્નતા વગેરેના ખાત્માના માટે ઈસ્લામમાં સખ્ત નિયમો તથા પાબંદીઓ છે, તેમ છતાં પોતાના માનવાવાળાઓની જરૂરતનો ખયાલ કરીને તેમને એકથી અધિક નિકાહની ઈજાઝત આપી છે. એનાથી ઉલ્ટુ અન્ય ક઼ૌમોએ નગ્નતા તથા બિભત્સતાને આમ કર્યું છે અને નિકાહને એકમાં સીમિત કરી દીધો છે ! એના કારણે સમાજમાં જે ગંભીર બુરાઈઓ તથા ગુનાહો ઉછરે પામી રહ્યા છે તેનાથી દરેકે દરેક વાકેફ છે.

દીને રહમતમાં વિવિધ શાદીઓની જે ઈજાઝત આપવામાં આવી છે તેના ફાયદા તથા હિકમતો વર્ણન કરવામાં આવી રહ્યા છે જેના અભ્યાસથી જેવી રીતે એ અંદાઝો થશે કે અધિક પત્ની હોવું ઈન્સાનિયત પર રહ્‌મત છે તેવી જ રીતે એ વાત પણ સ્પષ્ટ થઈ જશે કે સરવરે કાઈનાત ﷺના બંધારણમાં માનવોની જરૂરતો તથા તક઼ાઝાઓ (Demands)નો ભરપુર ખયાલ રાખવામાં આવ્યો છે.

## અધિક પત્નીત્વનો રિવાજ દુનિયાના પ્રારંભથી હતો

ઈતિહાસનો અભ્યાસ કરીએ તો અંદાઝો થશે કે અધિક પત્નીત્વ એ ફિતરતનો તક઼ાઝો છે એટલા માટે એનો રિવાજ દુનિયાના પ્રારંભથી હતો. ખુદ પાછલા અંબિયાએ કિરામ (નબીઓ) عَلَيْهِمُ السَّلَام એ પણ એકથી વધુ નિકાહ કરેલા છે. જે લોકો ઈસ્લામના આ બંધારણ (નિયમો) પર વાંધો ઉઠાવે છે તેમના પેશવાઓને ત્યાં અધિક પત્નીત્વના તરીક઼ા રિવાજ પામેલા હતા, બલ્કે એમનામાંથી અમુકના ઈતિહાસમાં તો તેની ધૃણાજનક સ્થિતિઓની સાબિતીનો ઉલ્લેખ પણ મળે છે કે જે માનવ ફિતરત (પ્રકૃતિ)ની વિરુદ્ધ છે. અધિક પત્નીપણાનું ઐતિહાસિક બેકગ્રાઉન્ડ ટૂંકમાં રજૂ કરવામાં આવે છે.

### ★ હઝરત ઈબ્રાહીમ عليه السلام ની પત્નીઓ ★

હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلام કે જે સરવરે કાઈનાત ﷺના

જદ્દે અમજદ (દાદાઓમાંથી) છે, અને યહૂદીઓ તથા ઈસાઈ બંનેવને દાવો છે કે અમે આલે ઈબ્રાહીમ છીએ અને પોતાને ત્યાં બંનેવ તેમને પોતાના હમ મઝહબ ઠરાવે છે. ઈતિહાસમાં મળે છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ચાર નિકાહ કર્યા હતા.

અલ્‌બિદાયા વન્નિહાયહમાં છે : હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامનાં બીજાં પત્ની હઝરત હાજરા કિ઼બ્તિયહ મિસ્રિયહ رضی اللہ عنہاના પેટથી તેમની ઔલાદમાં સૌથી પ્રથમ હઝરત ઈસ્માઈલ علیہ السلام પેદા થયા. પછી તેમનાં પ્રથમ પત્ની હઝરત સારા رضی اللہ عنہاના પેટથી હઝરત ઈસ્હાક઼ علیہ السلام પેદા થયા. પછી આપે કન્તૂરા બિન્તે યક઼તન કિન્આનિયા رضی اللہ عنہا સાથે નિકાહ કર્યા તો તેમના પેટથી છ બાળકો પેદા થયાં. પછી આપે હજૂન બિન્તે અમીન رضی اللہ عنہاથી નિકાહ કર્યો તો તેમના પેટથી આપને પાંચ બાળકો પેદા થયાં. *(ભાગ : ૧, પેજ : ૨૦૨)*

આના પરથી સ્પષ્ટ થયું કે હઝરત હાજરા તથા હઝરત સારા رضی اللہ عنہا એક સમયમાં આપના નિકાહમાં હતાં હઝરત ઈસ્માઈલ علیہ السلام આપના બીજાં પત્નીના પેટથી પેદા થયા, જ્યારે કે હઝરત ઈસ્હાક علیہ السلام પહેલી પત્નીના પેટથી બાદમાં પેદા થયા.

## ★ હઝરત યાકૂબ علیہ السلامની પત્નીઓ ★

બહુ પત્નીત્વ પર વાંધો ઉઠાવનારાઓમાં યહૂદી પણ છે કે જેઓ પોતે પોતાને બની ઈસ્રાઈલ એટલે હઝરત યાકૂબ علیہ السلامની ઔલાદ કહે છે. તેમને એ વાત સારી રીતે માલૂમ છે કે હઝરત યાકૂબ علیہ السلامએ પણ એકથી વધુ નિકાહ કર્યા હતા. બલ્કે એમની શરીઅતમાં તો બે બહેનોને એક સાથે એક સમયે નિકાહમાં રાખવી પણ જાઈઝ છે.

કિતાબ ''અલ અનસુલ જલીલ''માં વર્ણન થયેલ છે :–

وَرُزِقَ يَعْقُوْبُ مِنْ زَوْجَتِهٖ لَيَّا رُوْبِيْلَ وَهُوَ اَكْبَرُ اَوْلَادِهٖ ثُمَّ شَمْعُوْنَ وَلَاوٰى وَيَهُوْذَا ثُمَّ تَزَوَّجَ اُخْتَهَا رَاحِيْلَ فَرُزِقَ مِنْهَا يُوْسُفَ عَلَيْهِ السَّلَامُ وَبِنْيَامِيْنَ۔

"હઝરત યાકૂબ علیہ السلامની ઔલાદમાં એમનાં પત્ની લિયાથી રૂબૈલ પેદા થયા કે જે એમના જયેષ્ઠપુત્ર છે. પછી શમ્ઊન, લાવા તથા યહૂઝા પેદા થયા. પછી આપે આપની પત્નીની બહેન રાહીલથી નિકાહ કર્યો તો તેમના પેટથી હઝરત યૂસુફ علیہ السلام તથા બન્યામીન પેદા થયા.

## ★ હઝરત દાઊદ علیہ السلامની પત્નીઓ ★

બની ઈસ્રાઈલના એક મહાન શાનવાળા પયગંબર હઝરત દાઊદ علیہ السلام છે. એમના વિશે રિવાયત મળે છે કે તેમની ૯૯ પત્નીઓ હતી. અબૂબકર અબ્દુલ ક઼ાહિર જુર્જાનીદાર رحمۃ اللہ علیہ લખે છે :

كَانَ قَدْ اُبِيْحَ لِدَاوٗدَ عَلَيْهِ السَّلَامُ تِسْعٌ وَّتِسْعُوْنَ امْرَأَةً مَّهْرِيَّةً۔

"હઝરત દાઊદ علیہ السلام માટે ૯૯ પત્નીઓ સાથે નિકાહ મુબાહ હતો.

*–(દરજુદુરૂર ફી તફસીરે લા વસ્સૂર, ૨/૬૦૨)*

## ★ હઝરત સુલૈમાન علیہ السلامની પત્નીઓ ★

બની ઈસ્રાઈલના એક જલીલુલક઼દર પયગંબર છે. તેમના સંબંધે રિવાયત મળે છે કે તેમની ૩૦૦ પત્નીઓ હતી. હઝરત જુર્જાની ફર્માવે છે:

كَانَ قَدْ اُبِيْحَ لِسُلَيْمَانَ عَلَيْهِ السَّلَامُ ثَلَاثُ مِائَةٍ حُرَّةٍ۔ (ایضًا)

"હઝરત સુલૈમાન علیہ السلامના માટે ૩૦૦ આઝાદ સ્ત્રીઓ સાથે નિકાહની ઈજાઝત હતી." *(ઉપર મુજબ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત કરે છે કે સરકારે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

قَالَ سُلَيْمَانُ لَاَطُوْفَنَّ اللَّيْلَةَ عَلٰى تِسْعِيْنَ امْرَأَةً كُلُّهُنَّ تَأْتِيْ بِفَارِسٍ يُّجَاهِدُ فِيْ سَبِيْلِ اللّٰهِ۔

"હઝરત સુલેમાન علیہ السلامએ ફર્માવ્યું, આજે રાતે હું ૯૦ પત્નીઓને સોહબતથી સરફરાઝ કરીશ અને તેમનામાંથી દરેકને એવો બાળક થશે જે અલ્લાહની રાહમાં જેહાદ કરશે." *(સહીહ બુખારી, ૮/૧૩૦)*

એનાથી જાણવા મળ્યું કે હઝરત સુલૈમાન علیہ السلامની એક સમયમાં કમસે કમ ૯૦ પત્નીઓ હતી જેમને એક રાતમાં સોહબતથી સરફરાઝ ફર્માવવાના સંબંધે આપે ફર્માવ્યું હતું.

## ★ હઝરત મૂસા علیہ السلامની પત્નીઓ ★

ખુદ હઝરત મૂસા علیہ السلامની ચાર પત્નીઓ હતી. મલિક ગુલામ મુર્તઝાએ મદીના મુનવ્વરાથી પ્રસિદ્ધ થનારા અખ્બારના વોલ્યુમ નં. ૫૯માં "નબી ﷺની પત્નીઓની સંખ્યા"ના નામથી એક મક઼ાલો (લેખ) લખ્યો હતો, તેમાં તેમણે બાઈબલના હવાલાથી લખ્યું છે :–

تَزَوَّجَ سَيِّدُنَا مُوْسٰى عَلَيْهِ السَّلَامُ بِأَرْبَعِ نِسَاءٍ وَاَسْمَاؤُهُنَّ كَمَا يَلِيْ: سَفُوْرَةُ وَهِيَ اُمُّ جَيْسُوْنَ وَالْعَيْزَرِ وَجَبْشِيَّةُ وَبِنْتُ قِيْنِيٍّ وَبِنْتُ حُبَابٍ۔

"હઝરત સૈયદના મૂસા علیہ السلامએ ચાર સ્ત્રીઓથી નિકાહ કર્યો. તેમનાં નામો આ પ્રમાણે છે : (૧) સફૂરા કે જે જૈસૂન અને અયૂઝરનાં વાલિદા છે. (૨) જબશિયહ (૩) બિન્તે ક઼યની (૪) બિન્તે હુબાબ."

## ★ હિંદુ ધર્મમાં પત્નીઓની સંખ્યાનો ખયાલ ★

વર્તમાનકાળમાં હિંદુ ધર્મમાં પત્નીઓની સંખ્યા વિશે કોઈ ખયાલ નથી, બલ્કે એ લોકો સરવરે આલમ ﷺના બહુ પત્નીત્વ પર વાંધો ઉઠાવે છે બલ્કે ખુદ તેમના ધાર્મિક પેશવાઓને ત્યાં અધિક પત્નીત્વનો ખયાલ પણ હતો અને તેમણે કાંઈ કેટલીય શાદીઓ પણ કરી છે. તેમના ધર્મની મહત્વની શખ્સિયતોમાં શ્રી રામચંદ્રની ગણના થાય છે કે તે લોકો તેમને મઅબૂદનો મક઼ામ આપે છે. હિંદુ ધર્મના માનવાળા દરેક ઈન્સાનને એ વાત માલૂમ છે કે શ્રી રામચંદ્રના પિતા રાજા દશરથ કે જે હિંદુસ્તાનના એક રાજા હતા. તેમની ત્રણ પત્નીઓ હતી.

**૦૧.** રાણી કૌશલ્યા કે જે શ્રી રામચંદ્રની મા છે.

**૦૨.** રાણી સુમિત્રા કે જે લક્ષ્મણની મા છે.

૦૩. રાણી કૈકયી કે જે ભરતજીની મા છે.

હિંદુસ્તાન મઝહબના બાની શ્રીરામની ખુદ અઢાર પત્નીઓ હતી. જેમ કે એમના મોટા પંડિત લાલા લજપતરાયએ કૃષ્ણ જયંતિમાં લખ્યું છે. *(ઉપર મુજબ, પેજ : ૧૫૩, ૧૫૪)*

આ હવાલાઓ પરથી માલૂમ થાય છે કે ઘણા આ'લા મર્તબાવાળા અંબિયા, મઝહબના બાનીઓ તથા લોકો બહુ પત્નીત્વ પર ચાલેલા છે. એના પરથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે એકથી અધિક શાદીઓ કરવું ન તો માનવ પ્રકૃતિથી વિરુદ્ધ છે અને ન એવો અમલ છે જેનું દૃષ્ટાંત ગુજરી ગયેલી ક઼ૌમોમાં મળતુ ન હોય. બલ્કે વિવિધ ધર્મોને માનવાવાળી ક઼ૌમો એકથી અધિક શાદીઓ કરતી રહી છે.

## ★ માજી ક઼ૌમોમાં બહુ પત્નીત્વમાં વધઘટ ★

સરવરે આલમ ﷺના આગમન પહેલાં જે ક઼ૌમોની સાચી અથવા મનઘડત કહાનીઓ ઈતિહાસના પૃષ્ઠોમાં મળે છે. એમના અભ્યાસથી જાણવા મળે છે કે બહુપત્નીત્વની પ્રથા એમની દરમ્યાન રિવાજ પામેલ તો હતી પરંતુ જે ક઼ૌમોમાં જેહાલત હતી તેઓ સામાન્યતઃ બહુપત્નીત્વના સંબંધે વધઘટના શિકાર થઈ ગઈ હતી.

ખાસ કરીને અરબવાસીઓ જેહાલતના દૌરમાં આ ફ઼િતરી (પ્રાકૃતિક) ક઼ાનૂનમાં બે પ્રકારની તબદીલીઓ કરી ચૂક્યા હતા :–

૦૧. તેમણે પત્નીઓની સંખ્યાની કોઈ હદ નિશ્ચિત કરી ન હતી.

૦૨. એક પતિ જેવી રીતે અધિક પ્રમાણમાં પત્નીઓ રાખતો હતો એ જ પ્રમાણે અમુક સમયે એક બેહયા સ્ત્રી પોતાના કેટલાય પતિ રાખતી હતી. તેમને ત્યાં અધિક પતિઓ તથા અધિક પત્નીઓને નિશ્ચિત કરવાની ઈજાઝત હતી. એટલે કે પુરૂષ જેટલા પ્રમાણમાં ચાહતા પત્નીઓને નિકાહમાં રાખતા અને એ જ પ્રમાણે સ્ત્રીઓ જેટલા પ્રમાણમાં ચાહતી પતિઓ બનાવી લેતી.

## નિઝામે મુસ્તફાએ પત્નીઓની સંખ્યાને મધ્યમ માર્ગની રાહ આપી

બહુ પત્નીત્વ માનવીની ફિતરી (પ્રાકૃતિક) જરૂરત છે એટલા માટે એના પર પાબંદી લગાડવી માનવોની ફિતરી જરૂરત પર પાબંદી લગાડવું છે. ઈસ્લામ દીને ફિતરત છે અને તેના સર્વ નીતિ નિયમો (નિઝામ) માણસોની ફિતરતના તદ્દન મુતાબિક઼ છે, એટલા માટે નિઝામે સરવરે કૌનૈન ﷺમાં બહુપત્નીત્વને પણ ક઼ાનૂનનો પાબંદ કરવામાં આવેલ છે અને આ સંબંધે જાહિલિયતના દૌરમાં જે બુરાઈઓ હતી તેનો ખાત્મો કરી દેવામાં આવ્યો. પહેલાં બહુપત્નીત્વના ફાયદાઓ અને તેના જાઈઝ હોવાની હિકમતો વર્ણન કરવામાં આવે છે પછી એના સંબંધે અમુક ગલતફહમીઓના નિવારણની કોશિશ કરવામાં આવશે.

### ★ એકથી વધુ નિકાહની ઈજાઝતના ફાયદા તથા હિકમતો ★

બહુપત્નીત્વ એટલે એકથી વધુ નિકાહની ઈજાઝત આપવામાં વિવિધ ફાયદાઓ છે જ્યારે કે એકથી વધુ નિકાહ કરવાથી મના કરવામાં વિવિધ ખરાબીઓ તથા નુકસાનો છે. એટલા માટે સરવરે કૌનેન ﷺએ બહુપત્નીત્વને જાઈઝ રાખ્યું બલ્કે પોતે પણ આપે એક સમયે કેટલીયે પત્નીઓને પત્ની હોવાનો શરફ બખ્શ્યો. અમુક ફાયદા તથા હિકમતો નીચે પ્રમાણે છે :–

**ચારિત્ર તથા પાકદામની :–**

જેવી રીતે ખાવુ પીવુ માણસની ફિતરી જરૂરત છે એવી રીતે નિકાહ તથા સંભોગ પણ માણસની પ્રાકૃતિક જરૂરત છે. દરેક માણસનો મિઝાજ જેવી રીતે ખાવા પીવાના મામલામાં વિવિધ હોય છે એ જ પ્રમાણે સોહબતના સંબંધે પણ દરેક માણસનો મિઝાજ વિવિધ હોય છે. કોઈની એને ઓછી જરૂરત મહેસૂસ થાય છે અને કોઈને તેની અધિક જરૂરત મહેસૂસ હોય છે.

નિકાહનો મક઼સદ ચરિત્ર તથા પાકદામનીની હિફાઝત છે જેમ કે અગાઉ વર્ણન થઈ ચૂક્યું છે કે સરવરે કાઈનાત ﷺએ ફર્માવ્યું કે નિકાહ

નિગાહોને ઝુકાવનાર અને શર્મગાહની રક્ષા કરનાર છે.

સ્ત્રીના માસિક, સુવાવડ વગેરેના સમયગાળાઓના કારણે જો કોઈ શખ્સ એક સ્ત્રી સાથે પૂરે પૂરો સંતોષ નથી પામતો તો અનાયાસે તેની પણ નજરો બહેકશે અને તેનાં પણ ફિતરી આકર્ષણો આવારગીનો શિકાર થશે. એવામાં નિઝામે મુસ્તફામાં એકથી વધુ નિકાહની ઈજાઝત એ અર્થમાં રહ્‌મત છે કે જાઈઝ તૌર પર એક સ્ત્રીની સાથે સંબંધ રાખવો. નાજાઈઝ તૌર પર કેટલીય સ્ત્રીઓ સાથે સંબંધ રાખવા કરતાં બેહતર છે. નાજાઈઝ સંબંધો વ્યક્તિગત તથા સામૂહિક નુકસાનોને નોંતરે છે અને જાઈઝ સંબંધો પવિત્રતા તથા પાકીઝગીનો સબબ બને છે.

**પ્રાકૃતિક (ફિતરી) જરૂરતની પરિપૂર્ણતા :–**

સ્ત્રી દરેક વખતે એના કાબેલ નથી રહેતી કે પતિ સાથે સહશયન કરી શકે. કેમ કે પ્રથમ તો અનિવાર્યપણે દરેક મહિનામાં સ્ત્રીઓની પાસે પાંચ છ દિવસ સામાન્યતઃ માસિકના દિવસો હોય છે, જેનામાં પતિઓને એમનાથી દૂર રહેવાનો હુકમ છે. એ જ પ્રમાણે ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીને પુરૂષની સોહબતથી એટલા માટે પરહેઝ જરૂરી હોય છે કે ગર્ભવાળીની તબીઅતમાં સોહબતની કોઈ બુરી અસર ન પડે. એ જ પ્રમાણે ઘણીવાર એક સ્ત્રી બીમારીના કારણે અથવા ગર્ભાવસ્થાની તકલીફમાં સપડાયેલી હોવાના કારણે એના પાત્ર નથી રહેતી કે પુરૂષ તેનાથી ફાયદો ઉઠાવી શકે.

આવા સંજોગોમાં પુરૂષે ઝિનાથી મહેફૂઝ રહેવાનો બુદ્ધિની દષ્ટિએ આનાથી બેહતર કોઈ રીત નથી કે તેને બીજા નિકાહની રજા આપવામાં આવે, નહીં તો પુરૂષ પોતાની ખ્વાહિશને પૂર્ણ કરવા માટે નાજાઈઝ ઝરીયાઓ અપનાવશે.

**વંશવેલાને આગળ વધારવો :–**

અમુક વખતે પત્ની બીમારીઓના કારણે અથવા વાંઝ હોવાના કારણે વંશવેલો વધારવા (બાળકોને જન્મ આપવા)ને પાત્ર નથી રહેતી અને પુરૂષને વંશવેલો સલામત રાખવા પ્રતિ ફિતરી આકર્ષણ હોય છે. આવી

સ્થિતિમાં સ્ત્રીને વિના વાંકે તલાક઼ આપીને અલગ કરી દેવી, તેના પર કોઈ આક્ષેપ મૂકીને તેને તલાક઼ આપી દેવું (જેવું કે રોજબરોજ યૂરોપ વગેરેમાં થતુ રહે છે) બેહતર છે કે પછી એ પદ્ધતિ બેહતર છે કે તેની પણ પત્નીપણામાં રહેવા દઈને તેના હક્કોને સલામત રાખીને પતિને બીજા નિકાહની ઈજાઝત આપી દેવામાં આવે ?!

**સામાજિક જરૂરત :–**

બહુપત્નીત્વની જરૂરત સામાજિક (સંસ્કારિક) રીતે પણ છે. દા.ત. જંગોમાં પુરૂષો શરીક થતા હોય છે. સેંકડો શહીદ થાય છે અને તેમની પત્નીઓ વિધવા થાય છે. એવામાં પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓની સંખ્યા વધી જાય છે. જો બહુપત્નીત્વ પર પાબંદી હોય તો એ વિધવાઓની કફાલત (જિમ્મેદારી)નો મસ્અલો પણ ખડો થશે. અને જો એક શખ્સને એકથી વધુ પત્નીઓ સાથે શાદી કરવી જાઈઝ ઠરાવી દેવામાં આવે તો તે વિધવાઓ માટે પણ નિકાહની શક્યતા રહેશે અને તેમની કફાલત કરનાર પણ કોઈ ન કોઈ મળી જશે.

આ પ્રકારની અન્ય પણ ઘણી હિકમતો તથા ફાયદાઓ છે જેને લક્ષમાં રાખીને ઈસ્લામે બહુપત્નીત્વને જાઈઝ રાખેલ છે અને એક પુરૂષને બે કે એથી વધુ ચાર સુધી શાદીઓ કરવાની ઈજાઝત આપી રાખી છે.

**★ બહુપત્નીત્વની ઈજાઝત માટે પણ શર્ત છે ★**

પણ આ ઈજાઝત પણ આમ (સર્વ સામાન્ય) નથી બલ્કે તેને શરતોની પાબંદ રાખેલ છે. જેવી રીતે એક સ્ત્રી સાથે નિકાહ કરવાની શર્ત છે કે તેના મહેર તથા ભરણપોષણની અદાયગી પર તે શક્તિમાન હોય. એ જ રીતે એકથી વધુ નિકાહ કરવાના માટે પણ આ શરતો છે. તદ્ઉપરાંત એ પણ જરૂરી છે કે પત્નીઓ વચ્ચે ન્યાયની પણ તેનામાં શક્તિ હોય.

કુર્આનનું ફર્માન છે :–

فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً "પછી જો ડરો કે બે પત્નીઓને બરાબર નહીં રાખી શકો તો એક જ કરો." *(સૂ. નિસાઅ, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

આ એક પણ તે વખતે જાઈઝ છે જ્યારે તે એક પત્નીના હક્કો અદા કરવા પર શક્તિમાન હોય, નહીં તો એક પત્ની રાખવી પણ જાઈઝ નથી, બલ્કે તેના માટે હુકમ છે કે રોઝા રાખે.

## ★ કેવળ ચાર પત્નીઓ કેમ ? ★

પયગંબરે રહમત ﷺથી પહેલાં લોકો જેટલી ચાહે પત્નીઓ રાખતા હતા. આ હાલત ન કેવળ અરબના જાહિલોની હતી બલ્કે અન્ય ધર્મના ધાર્મિક માર્ગદર્શકોના વિશે પણ આપ જાણી ચૂક્યા છો કે તેઓ પણ બહુપત્નીત્વ પર અમલ કરનાર હતા. પરંતુ સામાન્યતઃ લોકોથી પત્નીઓ વચ્ચે ન્યાય નથી થઈ શકતો. શરીઅતે મુહમ્મદિયામાં આ આમ (અસીમિત) ઈજાઝતને ચાર સુધી સીમિત કરી દેવામાં આવેલ છે કે જેથી પુરૂષ પોતાની પત્નીઓ વચ્ચે ન્યાય કરી શકે.

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "ત્રણથી આગળ (કષરત) અધિક્તાની હદ શરૂ થઈ જાય છે. ત્રણ રાતોથી વધુ સ્ત્રી પતિથી દૂર રહે તો કષરતને દૂરી કહેવાશે. એટલા માટે શરીઅતે ચાર પત્નીઓ સુધીની ઈજાઝત આપી કે વધુથી વધુ ત્રણ રાતોની એકલતા પછી પત્નીની પોતાના પતિથી રાત ગુજારવાનું શક્ય બને."

*–(હુજ્જતુલ્લાહિલ બાલિગ઼ા, ૨/૧૩૩)*

## ★ સ્ત્રીઓના માટે કેવળ એકની ઈજાઝત શા માટે ? ★

સ્ત્રીઓ કેવળ એક પુરૂષ સાથે નિકાહ કરી શકે છે એના પર દરેક સભ્ય માણસ તથા દરેક સહીહ મઝહબને માનવાવાળો એકમત છે. શાદીની હિકમત કેવળ વાસના સંતોષવું નથી બલ્કે શાદી સાથે સંસ્કારિક તથા સામાજિક કેટલાયે મામલાઓ જોડાયેલા છે. જો કોઈ સ્ત્રી એકથી વધુ શાદી કરે તો કેટલીય ખરાબીઓ જન્મ પામશે જેના નિવારણનો કોઈ અવકાશ નથી. જેથી સ્ત્રીના માટે કેવળ એક નિકાહની ઈજાઝત આપવામાં આવી છે. અને ઈતિહાસ સાક્ષી છે કે આ નિઝામ (નિયમ) હમેશાં રહમત જ સાબિત થયો છે. એનાં અમુક કારણો વર્ણવવામાં આવી રહ્યાં છે :–

**સ્ત્રી સહજ કમજોરીઓ :**

પુરૂષને અલ્લાહે સ્ત્રીની સરખામણીમાં અધિક મજબૂત બનાવ્યો છે, જ્યારે કે સ્ત્રીને ફિતરી તૌર પર અમુક મજબૂરીઓ ઉપસ્થિત થાય છે, અને તે દર મહિને અમુક દિવસો એવી ખાસ હાલતમાં પસાર કરે છે કે સહશયનના પાત્ર નથી રહેતી. એ જ પ્રમાણે સ્ત્રી ભલે ગમે તેટલી જોરાવર હોય, જ્યારે તે સગર્ભા થઈ જાય છે તો તેનું ધ્યાન પુરૂષના આકર્ષણને બદલે પેટમાંના બાળકની તરફ વળી જાય છે. એક સ્ત્રી એક પુરૂષના માટે પૂરતી નથી હોતી તો કેટલાયે પુરૂષોની જરૂરત કેવી રીતે પૂરી કરી શકે છે ?!

**નસલમાં શકાકુશંકા** : વંશ (નસબ)નો ક્રમ પુરૂષથી ચાલે છે અને તેને આગળ વધારવાનો ઝરીયો નુત્ફો (વિર્ય) હોય છે. એક પુરૂષનો નુત્ફો કેટલાયે સ્ત્રીઓના ગર્ભમાં પહોંચે માનવ વંશના બારામાં કોઈ ફરક પડશે નહીં, અને જો કેટલાયે પુરૂષોના નુત્ફા એક સ્ત્રીના ગર્ભમાં પહોંચે તો એ તફાવત કરવો અશક્ય થઈ જશે કે પેદા થનારો બાળક કોના નુત્ફાનો છે. એના અનુસંધાનમાં એક બનાવ વર્ણવવામાં આવે છે એને વાંચો તો આ વાતનો સારી રીતે અંદાઝો થશે.

હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર લખે છે :–

આ જ ઉપર વર્ણવેલ સવાલ એકવાર ઈમામે આ'ઝમ અબૂ હનીફા નોઅમાન બિન ષાબિત رضي الله عنهને કરવામાં આવ્યો. સવાલ કરનારી સ્ત્રીઓ હતી. આપ સવાલ સાંભળીને ઉલઝનમાં પડી ગયા અને કહ્યું કે એનો જવાબ કોઈ બીજા વખતે આપીશ. આ ઉલઝનમાં ઘરની અંદર તશરીફ લઈ ગયા. આપની સાહબઝાદી હનીફાએ ઉલઝનનું કારણ પૂછયું તો આપે સ્ત્રીઓને સવાલ રજૂ કર્યો. આ સાંભળીને સાહબઝાદીએ અર્ઝ કર્યું કે હું સ્ત્રીઓને એનો જવાબ આપી શકુ છું, સ્ત્રીઓને મારી પાસે મોકલી આપજો.

જ્યારે સ્ત્રીઓ આવી ગઈ તો સાહબઝાદીએ એક એક પ્યાલી દરેકના હાથમાં આપીને કહ્યું કે પોત પોતાની પ્યાલીમાં સૌ થોડુ થોડુ પોતાનું દૂધ

નાખી દો. જ્યારે તેમણે એવું કર્યું તો એક મોટો પ્યાલો તેમને આપીને કહ્યું કે હવે સૌ પ્યાલીઓનું દૂધ આમાં નાખી દો. જ્યારે સ્ત્રીઓએ આ અમલ પણ કરી દીધો તો કહ્યું કે હવે તમો સૌ આ પ્યાલામાંથી પોત પોતાનું દૂધ કાઢી લો. સ્ત્રીઓએ કહ્યું કે એ તો અશક્ય છે. ત્યારે સાહબઝાદીએ કહ્યું કે જ્યારે કેટલાય પતિઓની શિર્કત તમારી ઔલાદમાં હશે તો તમે એ કેવી રીતે બતાવી શકશો કે આ ઔલાદ કયા પતિની છે ?!

*–(તઝકેરતુલ અવલિયા, પેજ : ૧૫૨–૧૫૩)*

**વિશ્વમાં ફસાદ (હંગામો) :–**

પુરૂષ સ્ત્રીના મામલામાં હરીફ સહન નથી કરતો. દુનિયાની જ્યારે શરૂઆત થઈ ત્યારે હાબિલ તથા કાબિલના કિસ્સાથી લઈને આજ સુધી કેટલાંય દષ્ટાંતો મૌજૂદ છે. કેટલાયે ખૂનો આ હરીફ હોવા બાબતે ગૈરતના કારણે થયાં અને કેટલાં ઘર કેવળ એક સ્ત્રીના અનેક ચાહવાવાળાની આપસમાં લડાઈના કારણે ઉજડયાં. જો પત્નીના માટે એકથી વધુ પતિની ઈજાઝત આપી દેવામાં આવે તો પછી દુનિયાના નક્શા પર ફસાદ જ ફસાદ થશે, ખૂના મરકી થશે અને ઈશ્કના કારણે લોહી વહેશે.

અલ્બત્ત સ્ત્રી જે પતિના નિકાહમાં છે, જો તે તેણીના હક્કો નથી અદા કરી શકતો, તેની સાથે તેણીના પતિ પત્ની તરીકેના સંબંધો સારા નથી અથવા પછી તેનામાં પુરૂષત્વની કમજોરી છે જેના કારણે તેની સાથે જિંદગી ગુજારવામાં એ સ્ત્રીને વ્યભિચારમાં સપડાવાનો ભય હોય તો તેણીને ઈજાઝત છે કે પતિ પાસે તલાકની માગણી કરે અને તલાક બાદ તે કોઈ યોગ્ય પુરૂષ સાથે નિકાહ કરી લે. જો પતિ હક્કની અદાયગી નથી કરતો અને તલાક પણ નથી આપતો તો પત્ની માટે ખુલઅનો પણ માર્ગ રાખવામાં આવેલ છે કે તે પોતાનો દાવો પેશ કરીને ખુલઅની માગણી કરી શકે છે, અને ખુલઅ બાદ તે કોઈ યોગ્ય પુરૂષ સાથે નિકાહ કરી શકે છે.

## નબી કરીમ ﷺના બહુ પત્નીત્વની હિકમતો

આકાએ નેઅમત ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે આપ એક સમયે ચારથી અધિક નિકાહ પણ કરી શકતા હતા. બલ્કે એક સમયે આપના

નિકાહમાં ચારથી અધિક પાક બીવીઓ રહી પણ ચૂકી છે. એના પર કેટલાક લોકોને વાંધો પડે છે અને વાંધો ઉઠાવવાનું મૂળ કારણ તેમની મર્યાદિત સોચ તથા સંકૂચિત દષ્ટિ છે કે તેઓ નિકાહને કેવળ વાસના પૂરી કરવાનો ઝરીયો સમજે છે અને એનાથી જોડાયેલા અન્ય ફાયદાઓથી નાવાકેફ છે.

જયારે આપણે હુઝૂર સૈયદે આલમ ﷺની હયાતે તયબહનો વિગતવાર અભ્યાસ કરીએ છીએ તો એ પરિણામે પહોંચીએ છીએ કે આપે કોઈ શાદી વાસનાની ભાવનાના સંતોષને ખાતર નથી કરી, બલ્કે શાદીઓથી આપના હેતુઓ એટલા બુલંદ હતા જેના સુધી આમ લોકોનો ખયાલ પણ નથી પહોંચી શકતો. આપની શાદીઓના વિશે વિગતવાર વિચારતા પહેલાં આપના પવિત્ર જીવનની નીચે મુજબની વાસ્તવિક્તાઓને દિમાગમાં રાખવી જરૂરી છે.

૦૧. હુઝૂર સૈયદે આલમ ﷺએ ૨૫ વરસની વય સુધી કોઈ શાદી નથી કરી.

૦૨. આપના મર્દાના હુસ્ન તથા નસબી વજાહત (પુરૂષ તરીકેની ખૂબસૂરતી તથા ખાનદાની પ્રતિષ્ઠા)ના કારણે તે સ્ત્રીઓની કમી ન હતી જે આપની સાથે પતિ પત્ની તરીકેના બંધનમાં જોડવા ચાહતી હોય.

૦૩. આપ એવા માહોલમાં યુવાન થયા જેમાં સેક્સને લગતી આઝાદી ખૂબ જ વિકસી ગયેલી હતી, તેમ છતાં આપે એ માહોલથી અલગ રહીને એ રીતે જિંદગી વીતાવી કે આપના ચારિત્રના દામન પર કોઈ ધબ્બો જોવા ન મળ્યો.

૦૪. આપે પ્રથમ શાદી ૨૫ વરસની વયે કરી, જે ખાતૂનને સૌ પ્રથમ આપે પોતાની પત્ની હોવાનો શરફ અર્પણ કર્યો તે આપનાથી ઉમરમાં ૧૫ વરસ મોટાં હતાં. શાદીના સમયે તેમની ઉમર ૪૦ વરસની હતી અને આપના નિકાહમાં આવતા પહેલાં તે બે પતિઓના પત્નીત્વમાં રહી ચૂક્યાં હતાં.

૦૫. હુઝૂર ﷺએ પોતાના જીવનના ૨૫ વરસોનો સમયગાળો તે જ

એકલાં ખાતૂનની સાથે પસાર કર્યો જેમની સાથે આપ સૌ પ્રથમ પતિ પત્નીના સંબંધમાં જોડાયા હતા. પોતાના જીવનના પચાસમા વરસ સુધી અને પોતાની પત્નીનાં ૬૫ મા વરસ સુધી, જ્યાં સુધી આપનાં તે પવિત્ર પત્નીના જીવતાં રહ્યા આપે બીજી શાદી નથી કરી.

૦૬. પ્રથમ પત્નીના ઈન્તેકાલ બાદ આપે જે ખાતૂન સાથે શાદી કરી તે એક વિધવા તથા ઉમરવાળાં ખાતૂન હતાં.

૦૭. એક પાક બીવી હઝરત આઈશા رضی اللہ عنہا ના સિવાય આપનાં તમામ અઝવાજે મુતહ્હરાતમાંથી કોઈ પણ કુંવારાં ન હતાં, જ્યારે કે હુઝૂર ﷺ પોતાના ઉમ્મતીઓને કુંવારી સ્ત્રીઓ સાથે શાદી કરવા પ્રોત્સાહિત કરતા હતા.

૦૮. હુઝૂર ﷺએ વિવિધ સ્ત્રીઓને પોતાના નિકાહમાં લેવા છતાં ફર્માવ્યું, મને સ્ત્રીઓની કોઈ હાજત નથી.

૦૯. હુઝૂર ﷺની મોટાભાગની શાદીઓ પંચાવનથી લઈને ૫૯ વરસો સુધીની ઉમરો દરમ્યાન થઈ.

જે શખ્સ ૨૫ વરસની ઉમર સુધી કુંવારો રહે અને ૨૫ વરસથી ૫૦ વરસ સુધીનો અરસો એક ઉમરવાળી સ્ત્રીના સાથે પસાર કરે અને એ અરસામાં કોઈ જઝબો ન તો એને કોઈ ગલત કામની તરફ ધ્યાનિત કરી શકે અને ન તે અધિક સ્ત્રીઓ સાથે નિકાહનો ખયાલ દિલમાં લાવે, તો શું એ વાત શક્ય છે કે એ શખ્સની ઉમર ૫૫ વરસ થઈ જાય તો એકાએક તેની વાસનામય ભાવનાઓ તોફાન બનીને ઉમટી આવે અને સ્ત્રીઓની કોઈ સંખ્યા નિશ્ચિત ન કરી શકે.

એક શખ્સ જે પોતાની ખ્વાહિશાતનો ગુલામ હોય, તેના હાથમાં સત્તા પણ હોય, હજારો લોકો તેમના આંખના ઈશારા પર જાનો કુર્બાન કરવા તૈયાર પણ હોય, કૌમની દરેક વ્યક્તિ તેની સાથે દીકરી પરણાવવાનો સંબંધ સ્થાપિત કરવાને એક ઘણી જ મોટી નેક નસીબી સમજતો હોય અને હસીનથી હસીનતર કુંવારીઓની સાથે શાદી કરવાના માર્ગમાં તેના માટે કોઈ રુકાવટ પણ ન હોય, એવો શખ્સ શું કરશે ? શું તે પોતાની પત્નીના

રૂપે હસીનતરીન કુંવારીઓને પસંદ કરશે કે પછી તેની પસંદગીની દષ્ટિ વિધવા તથા ઉમરવાળી સ્ત્રીઓ પર પડશે ? યક઼ીનન ! એવો શખ્સ પોતાની પત્નીરૂપે હસીનતરીન કુંવારીઓ ચૂંટી કાઢશે અને તે કોઈ વિધવા, ખાસ કરીને ઉમરવાળી વિધવાઓ સાથે નિકાહના ખયાલને પણ દિલમાં જગા નહીં આપે.

હુઝૂર ﷺની પાક જિંદગીની ઐતિહાસિક હક઼ીક઼તો આપણી સામે જ છે. આપના દાંમ્પત્ય જીવન સંબંધી ચર્ચા કરતી વખતે ખાસ કરીને બે ચીજોને સામે રાખવાની જરૂરત છે, પ્રથમ એ કે આપે એકથી વધુ પત્નીને પત્ની તરીકે રહેવાનો શરફ એ વખતે બખ્શ્યો જ્યારે આપની ઉમર ૫૫ વરસ વટાવી ચૂકી હતી અને વૃદ્ધાવસ્થા તરફનો દૌર શરૂ થઈ ચૂક્યો હતો.

બીજી ચીજ એ દિમાગમાં રાખવી જરૂરી છે કે હુઝૂર ﷺએ કોઈ પ્રકારની મજબૂરી વિના પોતાની પત્ની તરીકે સિવાય એકના તમામ વિધવા સ્ત્રીઓને પસંદ કરી હતી.

આના અનુસંધાનમાં એક એ વાત પણ દિમાગમાં રહેવી જોઈએ કે જે માણસ ઈચ્છાનો પૂજારી હોય છે તે સ્ત્રીઓના હાથે ખિલૌના બનેલો હોય છે, તે પોતાની પત્નીઓની જાઈઝ તથા નાજાઈઝ માગણીઓ તથા ફર્માઈશો પૂરી કરવા માટે સર્વ કાંઈ કરી ગુજરે છે. પરંતુ હુઝૂર ﷺએ તો મદીનાના બેતાજ બાદશાહ હોવા છતાં પણ પોતાના કાશનએ અક઼દસ (ઘર)ને ફક઼ીરીનું કેન્દ્ર બનાવી રાખ્યું હતું. અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)ને આપે બેગમો તથા રાણીઓની જેમ નાઝ નખરાથી નથી રાખી, બલ્કે જ્યારે તેમણે પોતાની માલી હાલતને બેહતર કરવાની માગણી કરી તો આપે ખુદાના હુકમ હેઠળ પોતાની પાક બીવીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે જો તમો માલો દૌલતની ખ્વાહિશમંદ હોઉ તો એ ખ્વાહિશને પૂર્ણ કરવા માટે તમારે ખુદાના રસૂલથી અલાહિદગી અપનાવવી પડશે, અને જો તમો ખુદાના રસૂલની સાથે રહેવાને અગ્રતા આપતી હોવ તો પછી તમારે ક઼નાઅત (થોડામાં રાજી) તથા સબ્ર તથા શુક્રથી દિવસો કાઢવા પડશે. મામલો તમારા હાથમાં છે, ચાહો તો દુનિયાવી માલ મતા અપનાવી લો

અને ચાહો તો ખુદા તથા ખુદાના રસૂલ ﷺને અપનાવી લો. એના જવાબમાં તમામ પાક બીવીઓએ હુઝૂર ﷺને પસંદ રાખ્યા હતા અને કાશાનએ નબુવ્વતની શાને ફક્રો ઈસ્તિગ્ના (ફકીરીની શાન) પર દુનિયાની દરેક દૌલતને કુર્બાન કરી દીધી હતી.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺમાંથી ટૂંકાવીને, ૭/૪૭૫ થી ૪૭૮)*

## ★ હુઝૂર ﷺની શાદીઓના હેતુઓ ★

અલ્લામા મુહમ્મદઅલી સાબૂનીએ પોતાની કિતાબ شبہات واباطیل حول تعدد زوجات الرسول માં આ વિષયે ઘણી સરસ ચર્ચા કરી છે. તેમણે હુઝૂર ﷺની વિવિધ શાદીઓના અગણિત હેતુઓને આ વિભાગોમાં વહેંચ્યા છે : (૧) તા'લીમી હેતુઓ (૨) શરીઅતને લગતા હેતુઓ (૩) સામાજિક હેતુઓ (૪) રાજનૈતિક હેતુઓ.

### તા'લીમી હેતુઓ :–

માનવ જીવનના અગણિત મસાઈલ (સમસ્યાઓ) એવા છે જેનો સંબંધ ખાસ કરીને સ્ત્રીઓની સાથે છે. ઈસ્લામ એ સ્ત્રીઓને લગતા મસાઈલ સંબંધે પણ વિગતવાર માર્ગદર્શન પૂરુ પાડે છે, કેમ કે સ્ત્રીઓ અડધી ઉમ્મત છે અને ઈસ્લામ સ્ત્રીઓના મસાઈલથી બેધ્યાન નથી થઈ શકતો. કેમ કે જે મસાઈલનો સંબંધ સ્ત્રીઓની સ્ત્રીમય જિંદગીને લગતા હતા એના સંબંધે કોઈ સ્ત્રી ગૈર મેહરમ પુરૂષ સાથે વાત કરતાં શરમાતી હોય છે.

હુઝૂર ﷺ સ્ત્રીઓના મસાઈલના સંબંધે જે તા'લીમાત લઈને આવ્યા હતા એ તા'લીમાતનો ઉમ્મતની સ્ત્રીઓ સુધી પહોંચાડવા, સ્ત્રીઓને તે મસાઈલ સમજાવવા તથા તેના પર અમલ કરીને દેખાડવા માટે આપને એવી સ્ત્રીઓની જરૂરત હતી જે અતિશય પાકબાઝ, બુદ્ધિ કૌશલ્યવાળી, દયાનતદાર (પ્રમાણિક) તથા મુત્તકી (ખુદાના ખૌફવાળી) હોય અને રિસાલતના ફરીઝાની તબ્લીગના માટે ખાસ કાર્યકરોની હેસિયતથી કામ કરી શકે. હુઝૂર ﷺની ઘરેલુ જિંદગીની વિગતોને મહેફૂઝ

કરતી, તેને અમાનત તથા દયાનતની સાથે ઉમ્મતની સ્ત્રીઓ સુધી પહોંચાડતી. મિલ્લત (કૌમ)ની સ્ત્રીઓ પોતાના જે પ્રશ્નોનોને હુઝૂર ﷺની ખિદમતમાં પેશ કરવામાં શરમાતી હતી તે સ્ત્રીઓથી તે મસાઈલ સાંભળતી, એ મસાઈલને હુઝૂર ﷺની ખિદમતમાં રજૂ કરતી. હુઝૂર ﷺ આ મસ્અલાનો જે હલ બતાવતા તેને સ્ત્રીઓ સુધી પહોંચાડતી અને તેમને તેના પર અમલ કરવાનો તરીક઼ો પણ સમજાવતી. આ કામોના માટે હુઝૂર ﷺને એવી સ્ત્રીઓની જરૂરત હતી જે આપના કાશનએ અક઼દસ (ઘર)માં આપની સાથે રહી શકે. અને આ કામ કેવળ તે જ સ્ત્રીઓ કરી શકતી હતી જેઓ હુઝૂર ﷺની સાથે પતિ પત્ની સંબંધથી જોડાયેલ હોય.

હિજરત પછી મુસલમાનોની સંખ્યામાં ખૂબ જ ઝડપભેર વધારો થવાનો શરૂ થઈ ગયો હતો અને ખૂબ જ ઝડપમાં તે પાક હસ્તીઓની સંખ્યા હજારોમાં પહોંચી ગઈ હતી, જેમની તા'લીમનો ફરીઝો હુઝૂર ﷺએ અંજામ આપ્યો હતો. કેવળ એક પત્નીથી તો એ અપેક્ષા ન કરી શકાતી હતી કે તે એ ભરચક જિમ્મેદારીઓ સામે એકલી પહોંચી શકતી.

હદીષ તથા સીરતની કિતાબોમાં એનાં દષ્ટાંતો પણ ઠેક ઠેકાણે મળે છે કે ઈસ્લામી અહકામ (હુકમો), ખાસ કરીને એ હુકમો જે તેમના (સ્ત્રીઓના) ખાસ મામલાઓની સાથે હતા તેમને સ્ત્રીઓ સુધી પહોંચાડવામાં પાક બીવીઓનો ચાવીરૂપ રોલ રહ્યો છે.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૪૭૯ થી ૪૮૨)*

## તશ્રીઈ (શરીઅતના તક઼ાઝા હેઠળના) હેતુઓ :–

જાહિલિયતના (ઈસ્લામના પહેલાંના) જમાનામાં એવી કેટલીયે રસ્મો મૌજૂદ હતી જેનાથી માનવ સમાજમાં ઘણી ગંભીર સમસ્યાઓ ખડી થતી હતી. તબાહ કરનારાં પરિણામો ધરાવતી હોવા છતાં એવા પ્રકારની રસમો લોકોની જિંદગીમાં એવી રચી વસી ગઈ હતી કે કોઈ માણસના માટે એ રહસ્યોના વિરોધની કલ્પના કરવી પણ મુશ્કેલ હતી. હુઝૂર ﷺના નબુવ્વત તથા રિસાલતના ફરીઝામાં એક મહત્વનો ફર્ઝ સમાજમાંથી તમામ ગલત તથા નુકસાનકારક રસ્મોનો ખાત્મો કરવાનો પણ હતો. એ ત્યારે જ

શક્ય હતું જ્યારે હુઝૂર ﷺ ખુદ એ રસ્મોની વિરુદ્ધ અમલ કરીને લોકોની સામે નમૂનો પેશ કરી આપે.

આ પ્રકારની સ્સ્મોમાંથી એક રસ્મ કોઈ ગૈરના પુત્રને પોતાનો પુત્ર બનાવવાની પણ હતી. એક શખ્સ કોઈ અજનબીના પુત્રને કહી દીધો કે તું મારો પુત્ર છે. તેના આ કથનથી તે તેનો પુત્ર ઠરી જતો અને વંશ, વારસો, તલાક઼, શાદી અને સાસરી પક્ષ સંબંધીના સર્વ મસાઈલમાં તેની હૈસિયત એક સગા પુત્ર જેવી થઈ જતી. આ રીતે સમાજમાં અગણિત સમસ્યાઓ પેદા થતી. મુસ્તહિક઼ (હક્ક઼દાર) લોકો વારસાથી મહેરૂમ થઈ જતા અને એક એક ગૈર મુસ્તહિક઼ (હક્ક઼દાર નહીં તેવો) શખ્સ પૂરી જાયદાદનો વારસ બની જતો. મેહરમ સ્ત્રીઓ માટે આ રસમ અતિશય તબાહ કરનાર પરિણામો ઉપસ્થિત કરી શકતી હતી. આ રસમને ખત્મ કરવી જરૂરી હતી. પરંતું જે શખ્સ સદીયો પૂરાણી રસમને ખત્મ કરવાની કોશિશ કરતો તેના પર ચો તરફથી ટીકા ટીપ્પણીઓનાં તીરોની વર્ષા વરસતી. એ ફરીઝો એટલો કઠિન હતો કે અલ્લાહ તઆલાએ તેની અદાયગી માટે હુઝૂર રહ઼મતે આલમ ﷺના કોઈ ખાદિમને બદલે ખુદ આપને પસંદ કર્યા અને આપને આ પૂરાણી રસમ તોડવાનો હુકમ આપ્યો. આ રસમને તોડવા પર ચોતરફ ટીકા ટીપ્પણીઓના તીરો વરસ્યાં પરંતુ હુઝૂર ﷺએ અડગતા તથા અટલ રહીને સર્વ કાંઈ સહન કર્યું અને ટીકા કરનારાઓની ટીકાનો જવાબ આપના રબ્બે કરીમે ખુદ આપ્યો.

હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہاથી હુઝૂર ﷺની શાદી ખાસ કરીને એ જ હેતુને લઈને થઈ હતી. એ શાદી માટેના અહકામ હુઝૂર ﷺને બારગાહે ખુદાવંદીથી વહીએ મત્લૂ એટલે કુર્આને હકીમના થકી મળ્યા હતા.

હુઝૂર ﷺએ અરબોના દસ્તૂર પ્રમાણે હઝરત ઝયનબ બિન હારિષા رضی اللہ عنہને મુતબન્ના (દત્તકપુત્ર) બનાવ્યો. પોતાની ફોઈની પુત્રી ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہاની સાથે તેમનો નિકાહ કર્યો. હઝરત ઝયદ બિન હારિષાએ હઝરત ઝયનબને તલાક઼ આપી અને તેમની ઈદ્દત ગુજર્યા બાદ હુઝૂર ﷺએ હઝરત ઝયનબની સાથે નિકાહ કરી લીધો.

જયારે ઉમ્મતીઓની સામે પોતાના પ્યારા નબીની સુન્નત આવી ગઈ તો હવે આ ગલત રસ્મની વિરુદ્ધ અમલ કરવામાં તેમના માર્ગમાં કોઈ રુકાવટ બાકી ન રહી. આ શાદી થકી હુઝૂર ﷺએ ઘણો જ મોટો સામાજિક મસ્અલો હલ કર્યો હતો અને એક અતિશય મહત્વનો ક઼ાનૂન અમલી રીતે લાગુ પાડયો હતો. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૪૮૩–૪૮૪)*

**સામાજિક હેતુઓ :–**

વફ઼ાદારી માણસની મહત્વની વિશિષ્ટતાઓમાંથી એક છે, દોસ્તની દોસ્તીનો હક્ક઼ અદા કરવાની કોશિશ કરવી, મોહસિનના એહસાનને યાદ રાખવું, ખાદિમની ખિદમતોને ન ભૂલવી. આ એવી વિશિષ્ટતાઓ છે જે માણસનું અલંકાર ગણાય છે. ઈસ્લામના પ્રારંભમાં સરવરે આલમ ﷺની દા'વતને ક઼બૂલ કરવી તથા ઈસ્લામી વર્તુળમાં દાખલ થવું અંગારાઓ પર ક઼દમ રાખવા સમાન હતું, તેમ છતાં લોકો ઈસ્લામી વર્તુળમાં દાખલ થયા અને સરવરે કાઈનાત ﷺના સહાયક બની ગયા. એના પરિણામે એમણે કેટલાક પ્રમાણમાં મુસીબતો તથા પરેશાનીઓ વેઠવી પડી એના વર્ણનથી સીરતની કિતાબો ભરેલી પડી છે.

હુઝૂર ﷺના ગુલામોની આ જાંનિષારીઓનો અસલ બદલો તો ક઼યામતના દિવસે તેમને અલ્લાહ તઆલા ખુદ અતા ફર્માવશે, પરંતુ હુઝૂર ﷺએ આ દુનિયામાં પણ એ ગુલામોને નવાઝવામાં કોઈ કમી નથી છોડી. પોતાના ખાદિમોને નવાઝવાના માટે હુઝૂર ﷺએ એક પદ્ધતિ એ અપનાવી કે આપે તેમની સાથે સસરા જમાઈનો સંબંધ ક઼ાયમ કર્યો આપે હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ તથા ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہની સાહબઝાદીઓને પોતાના નિકાહમાં લીધી. હઝરત અલી તથા હઝરત ઉષ્માન رضی اللہ عنہماના નિકાહમાં પોતાની સાહબઝાદીઓ આપીને તેમની સાથે સસરા જમાઈનો સંબંધ સ્થાપિત કર્યો. હઝરત ઝયદ رضی اللہ عنہએ હુઝૂર ﷺને પોતાના પિતા પર અગ્રતા આપી હતી અને આપની ગુલામીને આઝાદી તથા નાઝો નેઅમતની જિંદગી કરતાં બેહતર સમજી હતી. વળી

હક્કની તબ્લીગના કઠિન ફરીઝામાં કદમ કદમ પર જાંનિષારીનું પ્રદર્શન કર્યું હતું. તો હુઝૂર ﷺએ પોતાની ફોઈની પુત્રીના નિકાહ તેમની સાથે કરીને તેમને ઈજ્જત આપી હતી.

**રાજકીય હેતુઓ :-**

હુઝૂર ﷺની શાદીઓના વિવિધ હેતુઓમાંથી એક હેતુ દુશ્મનોનું દિલ જીતવાનો, ઈસ્લામની સાથે તેમનો વિરોધ મંદ પાડવાનો, કબીલાઓને એ સગાઈ થકી પોતાની નિકટતર કરવું અને આ રીતે નૂરે હક્કને ફેલાવવાના માટે રસ્તો સાફ કરવાનો પણ હતો. અમે અહીં અમુક દષ્ટાંતો રજૂ કરીએ છીએ જેનાથી જાણવા મળશે કે હુઝૂર ﷺની શાદીઓના થકી કેટલા રાજકીય હેતુઓ સિદ્ધ થયા.

૦૧. હઝરત જુવૈરિયહ બિન્તે હારિષ કે જે કબીલા બનૂ મુસ્તલકના સરદારની પુત્રી હતાં અને જંગમાં કેદ થઈને આવ્યાં હતાં. પોતાના માલિકોની સાથે તેમણે લેખિત કરાર કરી લીધો હતો અને લેખિત કરારનો માલ ચૂકવવા માટે મદદની દરખાસ્ત લઈને હુઝૂર ﷺની ખિદમતમાં આવ્યાં. હુઝૂર ﷺએ તેમના કરારની રકમને અદા કરીને તેમને નિકાહની પેશકશ કરી તો તેમણે મંઝૂર કરી લીધી. જ્યારે મુસલમાનોને જાણ થઈ તો તેમણે બનૂ મુસ્તલકના સર્વ કેદીઓને મુક્ત કરી દીધા. આ રીતે આ નિકાહની બરકતથી લગભગ ઘરાનાંના લોકોને આઝાદી મળી. બનૂ મુસ્લતકે જ્યારે હુઝૂર ﷺની આ ઉત્તમ ઉદારતા તથા મુસલમાનોનાં દિલોમાં મોજાં મારતા મહબ્બતે રસૂલના જઝબાને જોયો તો તે આખો કબીલો મુસલમાન થઈ ગયો.

૦૨. હુય ઈબ્ને અખ્તબ પણ બનૂ મુસ્તલકના સરદાર હારિષની જેમ ઈસ્લામનો સખત દુશ્મન હતો. તેની પુત્રી સફિય્યહ બિન્તે અખ્તબ ગઝવએ ખૈબરમાં મુસલમાનોના હાથે કેદ થયાં. હુઝૂર ﷺએ તેમને પોતાની પાસે બોલાવ્યાં અને તેમની સામે વિકલ્પ રાખ્યા કે તે ઈસ્લામ સ્વીકારે અને એમને આઝાદ કરીને પોતાના પત્નીપણાનો શરફ બખ્શે. બીજો વિકલ્પ એ હતો કે જો તે યહૂદિયત પર કાયમ

રહેવા ચાહે તો આપ તેમને આઝાદ કરી આપે અને તે પોતાની કૌમની પાસે પરત ચાલ્યાં જાય. તેમણે ઈસ્લામ સ્વીકારીને હુઝૂર ﷺના પત્નીપણામાં આવવું પસંદ કર્યું. હઝરત સફિય્યહ સાથે હુઝૂર ﷺનો નિકાહ એ લેહાઝથી એટલો ફાયદામંદ હતો કે તેમની સાથે હુઝૂર ﷺના નિકાહ પહેલાં યહૂદી મુસલમાનોની વિરુદ્ધ દરેક જંગમાં કોઈ ન કોઈ સ્વરૂપમાં શરીક થતા જોવા મળતા હતા, પરંતુ આ નિકાહ બાદ ઈસ્લામના પ્રારંભિક ઈતિહાસમાં યહૂદી કોઈ જંગમાં મુસલમાનોના મુક઼ાબલામાં નજર નથી આવ્યા.

૦૩. અબૂ સુફયાનની ઈસ્લામ દુશ્મનથી કોણ વાકેફ નથી. ઈસ્લામની વિરુદ્ધ મોટાભાગની જંગોમાં અબૂ સુફયાને કુરૈશના લશ્કરની આગેવાની કરી. હુઝૂર ﷺએ ઈસ્લામના કટ્ટર દુશ્મનની પુત્રી ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફયાનને પોતાના પત્નીપણામાં લઈ લીધાં. આ સંબંધની અસર એ થઈ કે અબૂ સુફયાનની ઈસ્લામ દુશ્મનીનું જોર તૂટી ગયું અને ખૂબ જલ્દી તે ઈસ્લામના ઝંડા હેઠળ પોતાના જાનની બાજી લગાડવા માટે તૈયાર જોવા મળ્યા.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૪૬૮ થી ૪૯૦)*

હુઝૂર ﷺની સર્વ શાદીઓના બેકગ્રાઉન્ડમાં આ જ પ્રકારના મહાન હેતુઓ કાર્યરત હતા અને આપે જે પણ નિકાહ કર્યો એમાં કેટકેટલીય હિકમતો હતી.

## અઝવાજે મુતહ્હરાત (પાકબીવીઓ)ની પસંદગીની હિકમતો

અમે અહીં સર્વ અઝવાજે મુતહ્હરાતના સંબંધે એક પછી એક કેટલીક હક઼ીક઼તો લખીએ છીએ જેના અભ્યાસ પછી માણસને રજમાત્ર શક નથી રહેતો કે એ શાદીઓના હેતુઓ અતિશય ઉચ્ચ હતા.

### ★ હઝરત ખદીજા બિન્તે ખુલૈદ رضی اللہ عنہا ★

હુઝૂર ﷺએ હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہاને તેમની યોગ્ય રાય

તથા બુદ્ધિ કૌશલ્યતા તથા દિમાગી શક્તિના કારણે પસંદ કર્યાં હતાં. હુઝૂર ﷺની તેમની સાથે શાદી એક હકીમાના શાદી હતી. ઉમરનો ફરક઼ આ સંબંધના રસ્તામાં આડ એટલા માટે ન બની શક્યો કે એ શાદીનો મક઼સદ વાસના સંતોષવું ન હતો, બલ્કે આ શાદી મહાન ઈન્સાની હેતુના ખાતર અમલમાં આવી હતી. અલ્લાહ તબારક વ તઆલાએ આક઼ાએ કૌનૈન ﷺના માટે આ પાકબાઝ, ઈજ્જતદાર, બુદ્ધિશાળી તથા અક઼લમંદ ખાતૂનની સાથે જિંદગી ગુજારવું આસાન બનાવી દીધું જેથી તે તબ્લીગે દીન અને ઈસ્લામના પ્રચારમાં આપની મદદ કરી શકે.

આપના જ બારામાં સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

"તે એ વખતે મારા પર ઈમાન લાવ્યાં જ્યારે અન્ય લોકોએ કુફ્ર કર્યું. તેમણે એ સમયે મારું સમર્થન કર્યું જ્યારે બીજા લોકો મને જૂઠલાવી રહ્યા હતા. તેમણે એ સમયે પોતાના માલ વડે મારી મદદ કરી, જ્યારે બીજા લોકો મારી મદદ કરતા ન હતા."

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૪૯૦–૪૯૧, ટૂંકાવીને)*

## ★ હઝરત સૌદા બિન્તે ઝમ્આ رضی اللہ عنہا ★

હઝરત સૌદા رضی اللہ عنہاનો સંબંધ કુરૈશના ક઼બીલાએ બનૂ અબ્દે શમ્સથી હતો. જેમની ઈસ્લામ દુશ્મનીને મુસ્તશરેકીન (ઓરીએન્ટલિસ્ટ) જાણે પણ છે અને સ્વીકારે પણ છે. આ ખાતૂન સુકરાન ઈબ્ને અમ્ર ઈબ્ને અબ્દેવુદના નિકાહમાં હતો. તેમણે ઈસ્લામ ક઼બૂલ કર્યો અને પછી એમના પ્રોત્સાહિત કરવા પર તેમના પતિએ પણ ઈસ્લામ સ્વીકારી લીધો. દીનની જે દૌલત એમને નસીબ થઈ હતી તેની હિફાઝતના માટે બંનેવે બે વાર હબ્શાની તરફ હિજરત કરી. હઝરત સુકરાન ઈબ્ને અમ્રનો ઈન્તેકાલ થઈ ગયો તો હઝરત સૌદા رضی اللہ عنہا બેયારો મદદગાર થઈ ગયાં. આ હાલતમાં જો તે પોતાના ક઼બીલામાં પરત થતાં તો ક઼બીલાવાળાઓ તેમની જિંદગીને અતિ મુશ્કેલ બનાવી આપત, અને દીનની દૌલતની હિફાઝત તેમના માટે અતિ મુશ્કેલ થઈ જાત. એ વખતે તેમની ઉમર ૫૫ વરસની નજીક હતી. આ તે ઉમર હતી જેમાં એ વાતની શક્યતા બહુ ઓછી હતી કે કોઈ શખ્સ તેમની

સાથે નિકાહ કરીને તેમને શરણ આપતો. હુઝૂર ﷺએ દીનની આ મુજાહિદાના ત્યાગ, અડગતા તથા મજબૂતીને જોયી અને ખુદાની આ નેક બંદીને દુનિયા તથા દીનના ફિત્નાઓથી બચાવવાના માટે તેમને પોતાના પત્નીપણામાં લઈ લેવાનો ફૈસલો કર્યો. આ રીતે આપે તેમની સાથે નિકાહ કરીને તેમને પનાહગાહ પૂરી પાડી. તેમની કુર્બાનીઓ, અડગતા તથા મજબૂતી પર તેમને ખિરાજે તેહસીન પેશ કરી અને દીનના દુશ્મનોથી તેમના જાન તથા દીનની રક્ષા કરી.

## ★ હઝરત આઈશા બિન્તે સિદ્દીકે અકબર رضی اللہ عنہا ★

હુઝૂર ﷺએ પોતાની જિંદગીમાં કેવળ એક કુંવારી ખાતૂન સાથે નિકાહ કર્યા અને તે ખુશનસીબ ખાતૂન હઝરત આઈશા બિન્તે સિદ્દીકે અકબર رضی اللہ عنہا છે. એમને રસૂલે પાક ﷺના પત્નીપણાનો શરફ અતા થવાના મોટા મોટા બે સબબો હતા. એક આપની બુદ્ધિકૌશલ્યતા, દિમાગી શક્તિ તથા પાકબાઝી, અને બીજો આપના વાલિદ માજિદની ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ માટેની કુર્બાનીઓ.

હુઝૂર ﷺએ જે હેતુઓના હેઠળ વિવિધ સ્ત્રીઓને પત્નીપણાની બુઝુર્ગી અર્પણ કરી હતી, તો હઝરત સિદ્દીકા رضی اللہ عنہاની સાથે નિકાહથી તે સર્વ મક્સદો હાંસલ થયા હતા. આ નિકાહના થકી હુઝૂર ﷺએ પોતાના મુખ્લિસતરીન (અતિ નિઃસ્વાર્થ) સહાબીને તેમની જાંનિષારીઓનો સૌથી મોટો બદલો જે આ દુનિયામાં શક્ય હતો તે અર્પણ કર્યો. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاના ઝવજએ મોહતરમા (પત્ની સાહેબા) હોવાના કારણે કેટલાયે હુકમોના ઉતરાણનો સબબ બન્યાં હતાં જે ઉમ્મતના માટે રહમત હતા.

હઝરત સિદ્દીકા رضی اللہ عنہاએ દીની તા'લીમાતના પ્રચારના માટે જે ખિદમતો અંજામ આપી એ આપનો જ હિસ્સો છે. નિકાહના સમયે હઝરત આઈશા رضی اللہ عنہاની ઉમર કેવળ છ વરસ હતી અને રુખસતી વખતે આપની ઉમર નવ વરસ હતી.

હઝરત આઈશા رضی اللہ عنہا માં તે તમામ સિફતો (ખૂબીઓ) મૌજૂદ છે જે દીને ઈસ્લામની એક ક઼ાબિલે ફખ્ર મુઅલ્લિમા તથા મુબલ્લિગાના માટે જરૂરી છે. નિગાહે નબુવ્વતે તેમની પાકીઝગી ફિતરત અને તેમની ચારિત્રની ઉચ્ચતાનો પણ અંદાઝો લગાડી લીધો હતો. ઈતિહાસે સાબિત કરી દીધું કે હુઝૂર ﷺ એ આ રિશ્તાથી જે અપેક્ષાઓ રાખી હતી તે સંપૂર્ણપણે પૂર્ણ થઈ.

ઈલ્મમાં હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا નો મક઼ામ ન કેવળ ઉમ્મહાતુલ મો'મિનીન (ઉમ્મતની માઓ, હુઝૂરની પાક બીવીઓ)માં સૌથી ઉચ્ચ હતો બલ્કે મોટાભાગના અકાબિર (અગ્રેસર) સહાબીઓ પણ આપના ઈલ્મના સમંદરથી ફાયદો ઉઠાવતા હતા. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ફર્માવે છે :–

مَا اَشْكَلَ عَلَيْنَا اَصْحَابِ رَسُوْلِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَ سَلَّمَ حَدِيْثٌ قَطُّ فَسَأَلْنَا عَائِشَةَ اِلَّا وَجَدْنَا عِنْدَهَا مِنْهُ عِلْمًا۔

"અમે અસ્હાબે રસૂલ ﷺ ને હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ને પૂછયું તો એમની પાસે એ હદીષના સંબંધે ઈલ્મ મૌજૂદ પામ્યો."

હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ની આ જ ઈલ્મી શાનને જોઈને હુઝૂર ﷺ એ પોતાના સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ને હુકમ આપ્યો હતો : خُذُوْا نِصْفَ دِيْنِكُمْ عَنْ هٰذِهِ الْحُمَيْرَاءِ "તમારા દીનનો અડધો ઈલ્મ આ હુમૈરા એટલે હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا થી શીખો."

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૪૯૫–૪૯૭, ટૂંકાવીને)*

### ★ હઝરત હફ્સા બિન્તે સૈયદના ઉમર رضی اللہ عنہا ★

હુઝૂર ﷺ ને જેટલી મહ઼ોબ્બત પોતાના મિશનની સાથે હતી એટલી કોઈ ચીજ સાથે ન હતી. અને માણસોમાંથી જે લોકો આપના આ મિશનના મુખ્લિસ કાર્યકર હતા એમનાથી વધીને આપની નજરમાં કોઈ મહેબૂબ ન હતું. તમામ સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ આપના આ

મિશનના મુખ્લિસ સિપાહી હતા, પરંતુ સિદ્દીક઼ તથા ફારૂક઼ અને ઉષ્માન તથા હૈદર رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَનો પોતાનો એક ખાસ મક઼ામ હતો.

હઝરત હફસા رَضِیَ اللہُ عَنْہَا હઝરત ફારૂકે આ'ઝમ رَضِیَ اللہُ عَنْہُનાં સાહબઝાદી હતાં. તેમના પહેલા નિકાહ હઝરત હુનૈન બિન હુઝાફા અન્સારી رَضِیَ اللہُ عَنْہُથી થયો હતો તે જંગે બદરમાં શરીક થયા, દુશ્મનનો મુક઼ાબલો કર્યો અને બહાદુરીથી લડતા લડતાં શહીદ થઈ ગયા. હઝરત ફારૂકે આ'ઝમ رَضِیَ اللہُ عَنْہُને પોતાની લખ્તેજિગરના ભવિષ્યની ચિંતા થવા લાગી. આપે આપની સાહબઝાદીના માટે કફૂમાં રિશ્તો તલાશ કરવો શરૂ કરી દીધો. આ સંજોગોમાં હુઝૂર ﷺએ હઝરત હફસા رَضِیَ اللہُ عَنْہَا સાથે નિકાહ કર્યો. આ નિકાહ થકી હુઝૂર ﷺએ હઝરત ઉમર رَضِیَ اللہُ عَنْہُને પોતાની સાથે સસરા જમાઈના સંબંધમાં હઝરત સિદ્દીકે અકબર رَضِیَ اللہُ عَنْہُના બરાબર કરી આપ્યા. ઈસ્લામની એક મુખ્લિસ મુજાહિદા જેણે દીનના ખાતર બદરના મેદાનમાં ખિદમતો અંજામ આપતાં પોતાનો સુહાગ કુર્બાન કર્યો હતો. આ નિકાહના થકી હુઝૂર ﷺએ મુજાહિદાના ઝખ્મો પર મલમ રાખ્યું.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૫૦૨–૫૦૫)*

## ★ હઝરત ઝયનબ બિન્તે ખુઝૈમા رَضِیَ اللہُ عَنْہَا ★

આપના પહેલા નિકાહ તુફૈલથી થયા. પછી બીજા નિકાહ ઈસ્લામના બત્લે જલીલ હઝરત ઓબૈદા બિન હારિષથી થયા જે જંગે બદરમાં શહીદ થયા. ત્યાર બાદ તેમનો નિકાહ હઝરત અબ્દુલ્લાહ બિન જહશથી થયા. જંગે ઓહદમાં તેમણે પણ પોતાના માથા પર શહાદતનો તાજ સજાવ્યો અને હઝરત ઝયનબને વિરહનો દાગ આપીને આખેરતના ઘરે પહોંચી ગયા. ઈસ્લામની આ મુખ્લિસ મુજાહિદા જેણે હક્ક઼ તથા બાતિલના શરૂના બે જંગોમાં પોતાના બે સરતાજોને કુર્બાન કરીને અતિશય સબ્ર તથા અડગતાનું પ્રદર્શન કર્યું હતું. હુઝૂર ﷺએ તેમના ઝખ્મો પર મલમ રાખવાના માટે તેમને પોતાના પત્નીપણાની બુઝુર્ગી અતા ફર્માવી. જ્યારે હુઝૂર ﷺએ તેમની સાથે નિકાહ કર્યા તે વખતે તેમની ઉમર ૬૦ વરસની નજીક હતી, અને નિકાહ બાદ થોડાક અરસા સુધી જીવંત રહ્યાં.

આ નિકાહ થકી હુઝૂર ﷺએ ઈસ્લામના માથુ હથેળીમાં લઈને રહેતા મુજાહિદોને યક઼ીન અપાવ્યું કે તેમની કુર્બાનીઓ બેકાર નહીં જાય. ખુદાની રાહમાં તેમની શહાદત બાદ તેમનાં બીવી બચ્ચાં બેયારો મદદગાર નહીં થાય બલ્કે જિંદગીના દરેક મોડ પર તેમને આ હસ્તીની મહેરબાનીનો સાયો હાંસલ રહેશે. જેમને રબ્બે ક઼દીરે રહમતુલ લિલ્ આલમીન બનાવીને મોકલ્યા છે. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૫૦૫–૫૦૬)*

## ★ હઝરત ઉમ્મે સલમા હિંદ બિન્તે અબૂ ઉમૈયા رضی اللہ عنہا ★

હઝરત ઉમ્મે સલમા બિન્તે અબી ઉમૈયા મખ્ઝૂમિયહ તે ખુશનસીબ ખાતૂન છે જેમને અલ્લાહ તઆલાએ ઈસ્લામના રસ્તામાં અનહદ કુર્બાનીઓ આપવાની તૌફીક઼ અતા ફર્માવી. તેમના પતિ અબૂ સલમા અબ્દુલ્લાહ બિન અબ્દુલ અસદ હુઝૂર ﷺના ફોઈના પુત્ર પણ હતા અને આપના દૂધભાઈ પણ હતા. બંને પતિ પત્નીએ ઈસ્લામના ખાતર હબ્શાની તરફ હિજરત કરી હતી અને ઈસ્લામની ખાતર દરેક તકલીફને અતિશય સબ્રની સાથે સહન કરી હતી. ગઝવએ ઓહદમાં હઝરત અબૂ સલમાએ પોતાની તલ્વારનાં જૌહર દેખાડયાં અને તેમનાં મહાન અહલિયા (બીવી) મુજાહિદોની ખિદમતમાં વ્યસ્ત રહ્યાં. આ જંગમાં હઝરત અબૂ સલમા رضی اللہ عنہ સખત ઝખ્મી થયા. એમનો એ ઝખ્મ તો ભરાઈ ગયો પરંતુ અમુક અરસા બાદ એક અન્ય ચળવળમાં તેમનો પ્રથમ ઝખ્મ ફરી ખુલી ગયો અને તે ઝિંદા ન રહી શક્યા. તેમના વિસાલના સમયે હુઝૂર ﷺ તેમની પાસે મૌજૂદ હતા. આપે ખુદ આપના દસ્તે અક઼દસ વડે તેમની આંખો બંધ કરી હતી અને તેમના માટે મગફેરતની દુઆ પણ કરી હતી.

હઝરત અબૂ સલમા رضی اللہ عنہ એક વિધવા અને ચાર યતીમ બાળકો છોડીને આ દુનિયાથી રુખસદ થયા. પોતાના રઝાઈ (દૂધ) ભાઈની વિધવા અને તેનાં બાળકોને કફોડી હાલતમાં જોવું હુઝૂર ﷺના પ્રેમાળ દિલ પર કઠિન ગુજર્યું અને આપે એમને આપની રહમતુલ્ લિલ્ આલમીનીની ચાદરમાં છુપાવવાનો ફૈંસલો કરી લીધો. ઈદ્દત પસાર થયા બાદ આપે હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاને નિકાહનો પયગામ મોકલ્યો પણ તેમને મઅઝેરત કરી અને તેના ત્રણ સબબો બતાવ્યા :–

૦૧. હું મોટી ઉંમરવાળી છું.

૦૨. હું યતીમ બાળકોની મા છું.

૦૩. મારા રક઼ાબત (પતિની બીજી પત્નીથી અણગમા)ના જઝબાત ખૂબ જ સખત છે.

હુઝૂર ﷺએ તેમને કહેવડાવ્યું કે તમારાં યતીમ બાળકોને હું મારાં બાળકોની જેમ રાખીશ અને ખુદાથી દુઆ કરીશ કે તમારા રક઼ાબતના જઝબાતની સખ્તી ઓછી થઈ જાય. હુઝૂર ﷺએ તેમની ઉમર અધિક હોવાની પરવા ન કરી અને તેમની સાથે નિકાહ કરી લીધા. આ રીતે હુઝૂર ﷺએ પોતાના દૂધભાઈના યતીમ બાળકોની કફાલતનો બોજ પોતાના ખભાઓ પર ઉઠાવી લીધો અને તેમના વિધવાના ગહરા ઝખ્મ પર મલમ પણ રાખ્યું. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૫૦૭–૫૦૮)*

### ★ હઝરત ઉમ્મે હબીબા રમલા બિન્તે અબૂ સુફ્યાન رضی اللہ عنہا ★

હઝરત અબૂ સુફયાન ઈસ્લામ ક઼બૂલ કરતાં પહેલાં ઈસ્લામના ઘણા જ મહાન દુશ્મન હતા, પણ અલ્લાહની મરજી કે તેમનાં સાહબઝાદી હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا ઈસ્લામમાં દાખલ થઈ ગયાં હતાં. હઝરત ઉમ્મે હબીબાના નિકાહ ઓબૈદુલ્લાહ બિન જહશ સાથે થયા હતા. એ પણ મુસલમાન થઈ ગયો હતો. હઝરત ઉમ્મે હબીબાને પોતાના બાપની તરફથી ડર હતો અને પોતાના પૂરા ક઼બીલા તરફથી પણ કે તેઓ આપને દીને અઝીમથી ફેરવવાના માટે દરેક હથિયારનો ઉપયોગ કરશે. આ હાલતમાં હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا પોતાના પતિ સહિત હબ્શા હિજરત કરી ગયાં. હબ્શામાં ઓબૈદુલ્લાહ બિન જહશે મુર્તદ થઈને ઈસાઈયત ક઼બૂલ કરી લીધો. તેમણે હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاને પોતાના સાથે રહેવા માટે ખૂબ જ વિનવણીઓ કરી સમજાવ્યાં પરંતુ આપે છૂટકારો જાહેર કર્યો.

હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاએ દીને અઝીઝને ખાતર પોતાના મા બાપ, ક઼બીલા, વતન અને પતિ સર્વ કાંઈ છોડી આપ્યું હતું અને હવે પારકા દેશમાં બેયારો મદદગાર રહી ગયાં હતાં. મક્કા વાપસીનો ખયાલ પણ

કરી શકતાં ન હતાં કેમ કે તેમના પિતા અબૂ સુફયાન અને તેમનાં માતા હિંદા ઈસ્લામનાં સૌથી મોટા દુશ્મન હતાં. તેમની પાસે પરત જવાનો મતલબ કયાં તો દીનથી હાથ ધોવું હતું અથવા જાનની બાજી હારવું હતું. હુઝૂર ﷺને જયારે દીનની આ મુખ્લિસ મુજાહિદાના હાલાતનો ઈલ્મ થયો તો આપે તેમની બેકસીને ખત્મ કરવા માટે અને તેમને તેમની કુર્બાનીઓનો બદલો આપવાનો ઈરાદો કર્યો.

આપે હબ્શાના રાજા નજ્જાશીના થકી હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاને નિકાહનો પયગામ મોકલ્યો. આ દિલને ખુશીઓથી ખીલવનાર ખબર સાંભળીને હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہاએ આ પેશકશને દારૈનની સઆદત સમજીને કૂબૂલ કરી લીધી.

આ નિકાહથી ન કેવળ એક મુખ્લિસ મો'મિનાની ગમની રાત ખુશીઓની સવાર બની બલ્કે એનાથી અગણિત રાજકીય લાભો પણ હાંસલ થયા. અબૂ સુફયાન અને તેમનો કૂબીલો હુઝૂર ﷺને વંશમાં બરાબરીયો સમજતા હતા એટલા માટે આપની સાથે હઝરત ઉમ્મે હબીબાના નિકાહ પર તેમનો કોઈ વાંધો ન હતો. બલ્કે અબૂ સુફયાને આ નિકાહની ખબર સાંભળીને દુશ્મની છતાં હુઝૂર ﷺની સાથે રિશ્તા પર ગર્વ કર્યો હતો. જો ઉમ્મે હબીબા પરાયા દેશમાં કોઈ એવા મુસલમાન સાથે નિકાહ કરી લેત જેને એમનો કૂબીલો બરોબરીયો (સમકક્ષ) ન સમજતો હોત તો એમની અદાવતમાં કેટલાયે ગણો વધારો થઈ જાત. તેઓ ઈસ્લામની વિરુદ્ધ એક નવા જોશના સાથે સક્રિય થઈ જાત. ઉમ્મે હબીબા رضی اللہ عنہاની સાથે હુઝૂર ﷺના નિકાહના કારણે તેમના વિરોધની સખ્તીમાં કમી આવી ગઈ. આ નિકાહ ૫૭ વરસની વયે થયો હતો. ત્યારબાદ અબૂ સુફયાન ઈસ્લામ વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરતા જોવા નથી મળ્યા.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૫૦૭–૫૦૮)*

## ★ હઝરત જુવૈરિયા બિન્તે હારિષ رضی اللہ عنہا ★

આ નિકાહનો ઉલ્લેખ અગાઉ થઈ ચૂક્યો છે કે હઝરત જુવૈરિયહ બિન્તે હારિષ رضی اللہ عنہا કૂબીલા બનૂ મુસ્તલકૂના સરદારનાં પુત્રી હતાં, અને

જંગમાં કેદ થઈને આવ્યાં હતાં. પોતાના માલિકો સાથે તેમણે છૂટકારાનો કરાર કરી લીધો હતો અને કરારની રકમની અદાયગીના સંબંધે હુઝૂર ﷺને મદદની દરખાસ્ત કરવા આવ્યા હતાં. હુઝૂર ﷺએ તેમને કરારની રકમ અદા કરીને તેમની સાથે નિકાહની પેશકશ કરી તો તેમણે મંઝૂર કરી લીધી. જ્યારે મુસલમાનોને ખબર પડી તો તેમણે બની મુસ્તલકના સર્વ કેદીઓને આઝાદ કરી દીધા. આ રીતે આ નિકાહની બરકતથી લગભગ સો ઘરાનાનાં લોકોને આઝાદી મળી. બનૂ મૂસ્તલકે જ્યારે હુઝૂર ﷺની આ આ'લા ઉદારતા તથા મુસલમાનોનાં દિલોમાં મોજાં મારતા મહ઼બ્બતે રસૂલના જઝબાને જોયો તો તે આખો કબીલો મુસલમાન થઈ ગયો.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે :–

فَمَا رَأَيْنَا امْرَأَةً كَانَتْ أَعْظَمَ بَرَكَةً عَلَى قَوْمِهَا مِنْهَا۔

''અમે કોઈ સ્ત્રીને નથી જોઈ જે પોતાની કૌમના માટે એનાથી વધુ બરકતનો સબબ બની હોય જેટલી જુવૈરિયહ પોતાની કૌમના માટે બની.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૪૮૮–૫૧૩, ટૂંકાવીને)*

## ★ હઝરત સફિય્યહ બિન્તે હુય્ય બિન અત્બઅ رضی اللہ عنہا ★

તેમની સાથે નિકાહના સંબંધે પણ અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે હુય્ય બિન અખ્તબ પણ બનૂ મુસ્તલકના સરદાર હારિષની જેમ ઈસ્લામનો જબરદસ્ત દુશ્મન હતો. તેની પુત્રી સફિય્યહ બિન્તે અખ્તબ ગઝવએ ખૈબરમાં મુસલમાનોના હાથે કેદી બન્યાં. હુઝૂર ﷺએ તેમને પોતાની પાસે બોલાવ્યાં અને તેમની સામે બે વિકલ્પો રાખ્યા. પ્રથમ વિકલ્પ એ હતો કે તે ઈસ્લામ સ્વીકારી લે અને આપ તેમને આઝાદ કરીને પોતાના પત્નીપણાનો શરફ (બુઝુર્ગી) અર્પણ કરે. બીજો વિકલ્પ એ હતો કે જો તે યહૂદિયત પર કાયમ રહેવા ચાહે તો આપ તેમને આઝાદ કરી આપે અને તેણી પોતાની કૌમની પાસે પરત ચાલ્યાં જાય. તેમણે ઈસ્લામ કબૂલ કરીને હુઝૂર ﷺના પત્નીપણામાં રહેવાનું પસંદ કર્યું. હઝરત સફિય્યહથી હુઝૂર ﷺના નિકાહ એ લેહાઝથી અતિ ફાયદામંદ હતા કે તેમની સાથે હુઝૂર ﷺના નિકાહ પહેલાં યહૂદી મુસલમાનો વિરુદ્ધ દરેક જંગમાં કોઈ ન

કોઈ શક્કલમાં શરીક જોવા મળતા હતા, પરંતુ એ નિકાહ બાદ ઈસ્લામના શરૂના ઈતિહાસમાં યહૂદી કોઈ જંગમાં મુસલમાનોના સામે મુક઼ાબલા કરતા જોવા ન મળ્યા. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૫૧૫)*

## ★ હઝરત મૈમૂના બિન્તે હારિષ رضی اللہ عنہا ★

તેમના સાથે હુઝૂર ﷺના નિકાહ હિ.સ. ૭માં ઉમરાએ ક઼ઝાના મોક઼ા પર થયા. એ પહેલાં હેવૈતબ બિન અબ્દુલ ઉઝ્ઝાના નિકાહમાં હતાં અને ત્યારબાદ તેમના નિકાહ અબૂ રહમ બિન અબ્દુલ ઉઝ્ઝા સાથે થયા હતા, અને ઉમરાએ ક઼ઝાના મોક઼ા પર એ વિધવા થઈ ચૂક્યાં હતાં.

હુઝૂર ﷺને તેમની સાથે નિકાહનું પ્રોત્સાહન આપના મોઅઝ્ઝમ તથા મોહતરમ કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہએ આપ્યું હતું. એનું કારણ એ હતું કે તેમનાં એક બહેન ઉમ્મુલ ફઝ્લ લબાબતુલ્કુબરા رضی اللہ عنہا હઝરત અબ્બાસ رضی اللہ عنہના પત્ની સાહેબા હતાં. હઝરત મૈમૂના વૃદ્ધાવસ્થામાં વિધવા થઈ ગયા હતાં, અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ તેમની પારસાઈ તથા તેમની કુર્બાનીઓના લીધે તેમને એ ક઼ાબિલ સમજતા હતા કે તે હુઝૂર ﷺની અઝવાજે મુતહ્હરાત (પાક બીવીઓ)માં સામેલ થાય અને ઉમ્મુલ મો'મિનીન હોવાની સઆદત હાંસલ કરે.

હઝરત મૈમૂના رضی اللہ عنہاની સાથે નિકાહે કેટલાય લોકોને હુઝૂર ﷺની સાથે સાસરીવાળા સંબંધમાં પરોવી દીધા હતા. અરબોની નજીક આ પ્રકારના સંબંધોનું ઘણુ મહત્વ હતું. એટલા માટે એ સંબંધોએ ઈસ્લામ પ્રચારમાં ઘણો મહોત્વનો રોલ અદા કર્યો.

હઝરત મૈમૂનાની આઠ બહેનો હતી જે ઘણા મહત્વના લોકોની પત્ની હતી. તેમની એક બહેન હઝરત અબ્બાસ رضی اللہ عنہનાં પત્ની હતાં અને એક હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہનાં વાલિદા (મા) હતાં. એ જ પ્રમાણે તેમની અન્ય બહેનો પણ ઘણા મહત્વના લોકોનાં ઘરોમાં હતી. આ નિકાહના કારણે એ તમામ લોકોની સાથે હુઝૂર ﷺના (સગાઈનો) સંબંધ સ્થાપિત થયો જેની આપની દા'વત પર ઘણી સકારાત્મક અસરો થઈ. આ શાદીનો હેતુ પણ એક ઉમરવાળી વિધવાના દિલને ખુશ કરવાનો તથા

એમનાં સગાઓનાં દિલોને ઈસ્લામથી તરફ વાળવાનો હતો. બંને પક્ષની ઉમરના જે હિસ્સામાં શાદી થઈ, આ ઉમરમાં શાદીના હેતુઓ તે નથી હોતા જે કોઈ સંકૂચિત દષ્ટિવાળો સમજે છે.

*–(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૫૧૫–૫૧૬)*

## ★ હઝરત ઝયનબ બિન્તે જહશ رضی اللہ عنہا ★

હુઝૂર ﷺની આ શાદી પર આપના જમાનાના યહૂદીઓ, મુનાફિકો તથા અન્ય ઈસ્લામના દુશ્મનોએ ઘણા જ વાંધા ઉઠાવ્યા હતા. જ્યારે કે આ શાદીનું મહત્વ એટલુ વિશેષ હતું કે તેના મહત્વનાં પાસાંઓ પર કુર્આને હકીમે ખુદ રોશની નાખી છે. એના સંબંધે અગાઉ પણ કેટલીક વાતો વર્ણન થઈ ચૂકી છે.

હુઝૂર ﷺના સમકાલિનોએ આ શાદી પર એટલા માટે વાંધાઓ ઉઠાવ્યા હતા કે હઝરત ઝયનબ رضی اللہ عنہا હઝરત ઝયદ رضی اللہ عنہથી તલાક઼ પામેલ હતાં જે આપ ﷺના દત્તકપુત્ર હતા. અરબોની નજીક મોં બોલલ પુત્ર, સગા પુત્રની હૈસિયત ધરાવે છે અને તેમની નજીક દત્તક પુત્રની તલાક઼ પામેલ સાથે શાદી સગા પુત્રની તલાક઼ પામેલી સાથે શાદીની જેમ નાપસંદીદા હતું.

હુઝૂર ﷺને આ શાદીનો હુકમ આપીને અલ્લાહ તઆલાએ જાહિલિયતના જમાનાની એક નહીં, કાંઈ કેટલીય નાપસંદીદા રસ્મોને તોડી છે. આ રસ્મોને તોડવાની વિરુદ્ધ જે જબરદસ્ત સામાજિક પ્રત્યાઘાતોનો ખતરો હતો તેનો મુક઼ાબલો કરવાની જિમ્મેદારી પરવરદિગારે આલમે પોતાના હબીબે લબીબ ﷺ તથા તેમના અતિ નજીકના લોકોના ખભાઓ પર રાખી હતી.

લોકોને તેમના મોં બોલેલા બાપો પ્રતિ નિસ્બત કરવાની રસમ ખત્મ થઈ ચૂકી હતી. ઝયનબ તથા ઝયદ رضی اللہ عنہماના નિકાહ થકી વશંના ઘમંડની મૂરત ટુકડે ટુકડે થઈ ચૂકી હતી અને ગુલામ માનવ સહજ અઝમતો (બુઝુર્ગીઓ)થી ફયઝયાબ થઈ ચૂક્યા હતા. પણ હજી એક અતિશય બુરી રસમ બાકી હતી કે દત્તક પુત્રની પત્નીને સગા પુત્રની પત્નીનું સ્થાન મળેલુ

હતું, એટલા માટે એ રસ્મની દીવાલને ટુકડે ટુકડા કરવા માટે એવી જાતની કુર્બાનીની જરૂરત હતી જે ચોતરફથી વરસનાર મહેણાં ટોણાંનાં તીરોનો હિંમતભેર સામનો કરી શકે. એટલા માટે આ કુર્બાનીના માટે રબ્બે કરીમે એ મહાન જાતની પસંદગી કરી જેને તૌહીદનો નારો બુલંદ કરવાથી ન દુશ્મનની સખ્તીઓ રોકી શકી હતી અને ન તો તેમની ખોખલી ધમકીઓ તેમના ઈરાદાઓને ડગમગાવી શકી હતી, તે જાત સરવરે કાઈનાત ﷺની આ'લા જાત છે.

હઝરત ઝયદની સાથે હઝરત ઝયનબની શાદી તેમની મરજીના પ્રમાણે ન હતી. તદ્ ઉપરાંત હઝરત ઝયનબના દિલમાં વંશિક શરાફત પણ હતી, એટલા માટે તેમના દાંમ્પત્ય જીવનમાં તે રોનક ન આવી શકી જે શાદીનો મૂળ હેતુ છે. સમયે સમયે તે એવો રવૈયો ઈખ્તિયાર કરી જતાં હતાં જેનાથી હઝરત ઝયદનું સ્વમાન ઘવાતુ હતું, પરંતુ તે તલાક઼ પણ આપી શકતા ન હતા કેમ કે એ શાદી ખાસ રસૂલુલ્લાહ ﷺના હુકમથી થઈ હતી. અલ્બત્ત હુઝૂર ﷺને રબ્બે કરીમે જ બાખબર કરી આપ્યા હતા કે ઝયદ પોતાની પત્નીને તલાક઼ આપશે અને આપ એમનાથી નિકાહ કરશો.

હઝરત ઝયદ رضی اللہ عنہ પરિસ્થિતિથી તંગ આવીને બારગાહે રિસાલતમાં હાજર થયા અને તલાક઼ની ખ્વાહિશ જાહેર કરી. હુઝૂર ﷺને પહેલેથી ખબર હતી જ કે એ થઈને રહેવાનું છે, પરંતુ આપ તેનાં ગંભીર પરિણામ તથા પૂરી કૌમનો વિરોધ પણ જોઈ રહ્યા હતા. આપ જોઈ રહ્યા હતા કે આપના કિરદારને દાગદાર કરવા માટે વિરોધીઓ આ મુદ્દાનો ઉપયોગ કરે છે. એ ખતરાઓને લક્ષમાં રાખીને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમે ખુદાથી ડરો અને તમારી પત્નીને તલાક઼ ન આપો.

અલ્લાહ તઆલાને એ વાત પસંદ હતી કે એનો હબીબ પોતાના મિશનના રસ્તામાં લોકોની વાતો પર કાન ન ધરે. એનું કામ છે હુકમે ઈલાહીનુ પાલન કરવા માટે મેદાનમાં ઉતરી આવવું અને રસ્તાની તમામ રુકાવટોને દૂર કરવું, વિરોધીઓને ખામોશ ખામોશ કરાવવું એ એનું કામ

છે જેણે આ હુકમ આપ્યો છે. અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺના આ રવૈયા પર આ આયતે મુકદ્દસા નાઝિલ ફર્માવી :–

وَاِذۡ تَقُوۡلُ لِلَّذِىۡۤ اَنۡعَمَ اللّٰهُ عَلَيۡهِ وَاَنۡعَمۡتَ عَلَيۡهِ اَمۡسِكۡ عَلَيۡكَ زَوۡجَكَ وَاتَّقِ اللّٰهَ وَتُخۡفِىۡ فِىۡ نَفۡسِكَ مَا اللّٰهُ مُبۡدِيۡهِ وَتَخۡشَى النَّاسَ‌ۚ وَاللّٰهُ اَحَقُّ اَنۡ تَخۡشٰهُ‌ ؕ فَلَمَّا قَضٰى زَيۡدٌ مِّنۡهَا وَطَرًا زَوَّجۡنٰكَهَا لِكَىۡ لَا يَكُوۡنَ عَلَى الۡمُؤۡمِنِيۡنَ حَرَجٌ فِىۡۤ اَزۡوَاجِ اَدۡعِيَآئِهِمۡ اِذَا قَضَوۡا مِنۡهُنَّ وَطَرًا‌ ؕ وَكَانَ اَمۡرُ اللّٰهِ مَفۡعُوۡلًا ○

"અને હે મહબૂબ ! યાદ કરો જ્યારે તમે ફર્માવતા હતા એને જેને અલ્લાહે નેઅમત આપી અને તમે તેને નેઅમત આપી કે પોતાનાં પત્નીને પાસે રહેવા દે અને અલ્લાહથી ડરે ! અને તમે તમારા દિલમાં રાખતા હતા તે જેને અલ્લાહે જાહેર કરવું મંઝૂર હતું અને તમને લોકોનાં મહેણા (ટોણા)નો અંદેશો હતો અને અલ્લાહ અધિક પાત્ર છે કે તેનો ડર રાખો. પછી જ્યારે ઝયદનો હેતુ એનાથી નીકળી ગયો તો અમે તે તમારા નિકાહમાં આપી દીધી કે મુસલમાનો પર કાંઈ વાંધો ન રહે. તેમના પાલકોની પત્નીઓમાં જ્યારે એમનાથી એમનુ કામ ખત્મ થઈ જાય અને અલ્લાહનો હુકમ થઈને રહેવાનું. *(સૂ. અહઝાબ, આ. ૩૭)*

હઝરત ઝયદે હઝરત ઝયનબને તલાક્ આપી દીધી અને હુઝૂરે ખુદાના હુકમ પ્રમાણે હઝરત ઝયનબ رضی اللہ عنہاને પોતાના પત્નીપણામાં લઈ લીધાં. *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૭/૫૧૭–૫૨૯, ટૂંકાવીને)*

સરવરે દો આલમ ﷺના બહુપત્નીત્વની હિકમતો અને જે સ્ત્રીઓને આપે પત્નીપણાના શરફથી સરફરાઝ ફર્માવ્યાં તેમની હાલતોનો અભ્યાસ કર્યા બાદ એ વાત ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ ગઈ કે આપનું નિકાહ કરવું અસલમાં ઈસ્લામની તબ્લીગનો એક મહત્વનો હિસ્સો હતો જે તા'લીમી, રાજકીય, સંસ્કારિક, સામાજિક અને આ રીતના પુષ્કળ ફાયદાઓ પર આધારિત હોવાની સાથોસાથ અમલી હિકમત, બાતિલ શિર્કની (જૂઠાનું ખંડન) અને ગલત રસ્મો રિવાજના ખાત્માની પણ પૂર્વ

ભૂમિકા હતી. એના પછી પણ જો કોઈના દિલમાં એના સંબંધે કોઈ શંકા હશે તો તેના માટે એ જ કહેવામાં આવશે કે :–

گرنہ بیند بروز شپرہ چشم     چشمۂ آفتاب راچہ گناہ

**(ફારસી શેઅરનો અર્થ)** : ''જો ઘુવડને દિવસે સૂરજ ન દેખાય તો એમાં સૂરજનો શું કુસૂર છે ?''

## પયગંબરે રહમતે પર્દાનો હુકમ ફર્માવીને સ્ત્રીઓની ઈજ્જતની રક્ષા કરી

એવો માહોલ જેમાં દિલોની અંદર હવસની ભાવનાઓ ભડકવાની ચોતરફ કોશિશ ચાલુ છે, નિગાહોને આવારા બનાવવામાં આવી રહી છે, દિલોને ઉશ્કેરાહટથી ભરપુર કરવામાં આવી રહ્યાં છે અને ઈન્સાની જઝબાતને ભડકાવવામાં કોઈ કસર છોડવામાં નથી આવી રહી, જેના પરિણામે ઝિનાકારી, બદ્કારી, અને બળાત્કારના વધતા બનાવો ભયાનક બનતા જઈ રહ્યા છે. આવા માહોલમાં જો કોઈ નિઝામ (બંધારણ) સ્ત્રીઓની ઈજ્જત આબરૂને સુરક્ષિત કરવા તેને આવારા નજરોથી બચાવવા અને તેને રક્ષણ તથા અમાન બખ્શવાના માટે પર્દાનો હુકમ ફર્માવે તો એ યક઼ીનન ! સ્ત્રી પર એ બંધારણની કૃપા છે.

એ રહમત (કૃપા)ને યક઼ીની બનાવવાના માટે સરવરે આલમ ﷺએ બેપર્દગીના સર્વ માર્ગો બંધ કરી આપ્યા અને એવું બંધારણ સ્થાપિત કર્યું જેના પર અમલ કરવામાં આવે તો દુનિયાથી બેપર્દગી અને તેના પરિણામે ઉછરી રહેલી અગણિત બુરાઈઓનો ખાત્મો થઈ જશે.

સૂરએ અહઝાબમાં ઘરથી બહારના પર્દાના બારામાં અહકામ વર્ણવવામાં આવ્યા છે. આ હુકમોમાં સંબોધન નબીયે કરીમ ﷺની પાક બીવીઓથી છે, પણ એ હુકમોનું લાગુ થવું તમામ મો'મિના સ્ત્રીઓ પર છે. કુર્આને અઝીમમાં સંબોધનનો આ તરીક઼ો એટલા માટે અપનાવવામાં આવ્યો છે કે પુરૂષોના માટે તો દરેક એતેબારથી નમૂનો રસૂલુલ્લાહ ﷺ છે પરંતુ સ્ત્રીઓ માટે તેમના સ્ત્રીત્વને લગતાં પાસાંઓના લેહાઝથી નમૂનો

અઝવાજે મુતહ્હરાત (નબી ﷺની પાક બીવીઓ) છે.

**(૧) સ્ત્રીઓ નરમ લહેજાથી પરહેઝ કરે :–**

સૂરએ અહઝાબમાં રબ તઆલાનો ઈર્શાદ છે :–

يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ فَلَا تَخْضَعْنَ

بِالْقَوْلِ فَيَطْمَعَ الَّذِيْ فِيْ قَلْبِهٖ مَرَضٌ وَّقُلْنَ قَوْلًا مَّعْرُوْفًا ○

"હે નબીની પત્નીઓ ! તમે અન્ય સ્ત્રીઓ જેવી નથી, જો અલ્લાહથી ડરો તો વાતમાં એવી નરમી ન કરો કે દિલનો રોગી કાંઈ લાલચ કરે, હા ! સારી વાત કહો." *(સૂ. અહઝાબ, આ. ૩૨, કન્ઝુલ ઈમાન)*

એટલે સ્ત્રીઓએ જો કોઈ જરૂરત હેઠળ નામરહમ પુરૂષથી વાત કરવી પડે તો સીધા, સાદા, ખરા અને કેટલીક હદ સુધી શુષ્ક લહેજામાં વાત કરવામાં આવે. અવાજમાં કોઈ લચક તથા મીઠાશ ન હોય જેથી સાંભળનારો કોઈ ગલતફહમીનો શિકાર ન થઈ જાય.

**(૨) સ્ત્રીઓ વિના જરૂરતે ઘરથી બહાર ન નીકળે :–**

સૂરએ અહઝાબમાં વર્ણવેલ આયતની આગળ ઈર્શાદ થયો :

وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ وَلَا تَبَرَّجْنَ تَبَرُّجَ الْجَاهِلِيَّةِ الْاُوْلٰى

"અને પોતાનાં ઘરોમાં રોકાયેલી રહો અને બેપર્દા ન બનો જેવી કે આગલી જાહિલિયત (ઈસ્લામ પહેલાં)ની બેપર્દગી."

*–(સૂરએ અહઝાબ, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

અસલમાં ઈસ્લામમાં પુરૂષોને એ બાબતોને અંજામ આપવું સોંપવામાં આવ્યું છે જેનો સંબંધ ઘરની બહારથી છે, અને સ્ત્રીઓને એ બાબતોની જેનો સંબંધ ઘરની અંદરથી છે. પુરૂષો તથા સ્ત્રીઓ માટે તેમનાં કામોના વર્તુળની નિશ્ચિતતા તેમના મિઝાજ તથા લાયકાતોના એતબારથી કરવામાં આવેલ છે. એ નક્કી કરનાર ખુદ સૃષ્ટિનો સર્જનહાર છે જેના ઈલ્મ તથા જેની હિકમત પર કોઈ શંકા કરી શકાતી નથી. જે આલિમુલ ગયબે વશ્શહાદહ છે અને જેની કુદરતની નિગાહથી કોઈ છુપુ નથી.

ઈસ્લામે સ્ત્રીને બાહય જિમ્મેદારીઓથી ફારિગ કરીને ઘરની અંદરના મસાઈલની દેખભાળની જિમ્મેદારી સોંપી છે. એના સંબંધે આ હદીષો પર વિચારણા કરો :–

- ❑ વિના શંકાએ એક સ્ત્રી છુપાવવાના લાયક છે. જ્યારે તે ઘરેથી નીકળે છે તો શૈતાન તેને તાકે છે અને તે પોતાના રબની રહમતથી અધિક નજીક ત્યારે હોય છે જ્યારે તે પોતાના ઘરના અંદરના ભાગમાં હોય છે.

*–(સુનને તિર્મિઝી, ૨/૪૬૭)*

- ❑ સ્ત્રી પતિના ઘરની નિગરાં અને પોતાની રૈયત (ઔલાદ)ના માટે જવાબદાર છે. *(સુનને તિર્મિઝી, ૩/૨૬૦)*

ઈસ્લામમાં જુમ્આ તથા જમાઅતનું મહત્વ કોઈ છુપી બાબત નથી, પણ નબીયે કરીમ ﷺએ સ્ત્રીઓને જુમ્આની નમાઝથી અપવાદ રાખેલ છે.

- ❑ આપનો ઈર્શાદ છે : જુમ્આની નમાઝ બાજમાઅત અદા કરવી દરેક મુસલમાન પર ફર્ઝ છે, પણ ચાર શખ્સો અપવાદ છે : ગુલામ, સ્ત્રી, બાળકો તથા બીમાર.

## ★ સ્ત્રીને બહાર નીકળવાની ઈજાઝત કઈ હદ સુધી છે ? ★

જો કે સ્ત્રીનું કાર્યક્ષેત્ર તેનું ઘર છે તેમ છતાં તેણીનું ઘરથી બહાર નીકળવું તદ્દન જ મના નથી કરવામાં આવ્યું, અને કોઈ સખત જરૂરતના હેઠળ તે ઘરથી બહાર જઈ શકે છે. અલ્બત્ત ઈર્શાદ ફર્માવવામાં આવ્યો કે દૌરે જાહિલિયતની જેમ સજીધજીને દેખાડતી ન ફરે. અહીં શબ્દ "تبرج" (તબર્રુજ) આવ્યો છે, જેનો મતલબ છે, જાહેર થવું, ઉભરીને કે ખુલીને સામે આવવું, જાહેર થવું.

સ્ત્રીના માટે તબર્રુજનો મતલબ છે પોતાના હુસ્નનું પ્રદર્શન કરવું, લિબાસ તથા અલંકારની ખૂબસૂરતીનું પ્રદર્શન કરવું અને ચાલ ઢાલથી પોતે પોતાને જાહેર કરવું. મતલબ એ છે કે સ્ત્રીઓ જ્યારે બહાર નીકળે તો પોતાને લોકોની સામે જાહેર કરવાની કોશિશ ન કરે બલ્કે સાવધાનીપૂર્વક ચાદરમાં છુપાયને નીકળે.

**(૩) પુરૂષો અજનબી સ્ત્રીઓ સાથે જરૂરતના સમયે પર્દા પાછળથી વાત કરે :-**

રબ તઆલાનો ઈર્શાદ થયો :–

وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ ؕ ذٰلِكُمْ اَطْهَرُ لِقُلُوْبِكُمْ وَقُلُوْبِهِنَّ ۔

"તેમનાથી વર્તવાની કોઈ ચીજ માગો તો પર્દાની બહારથી માગો, એમાં અધિક સુથરાપણુ છે તમારા દિલો તથા તેમના દિલોની."

*–(સૂરએ અહઝાબ, આ. ૫૩, કન્ઝુલ ઈમાન)*

એક પુરૂષના માટે જાઈઝ જ નથી કે વિના જરૂરતે કોઈ અજનબી સ્ત્રી સાથે વાત કરે. અલ્બત્ત અજનબી સાથે કોઈ કામ હોય તો પણ રૂબરૂ થઈને વાત કરવાની ઈજાઝત નથી. આ હુકમ સૈયદે આલમ ﷺની અઝવાજે મુતહ્હરાતના બારામાં થયો જેમની સાથે એક મુસલમાનનો સંબંધ પોતાની સગીમાની જેમ પાકીઝા તથા મોતબર્રક છે, તો પછી આમ મુસલમાન સ્ત્રીઓ વિના પર્દાએ વાતચીત અથવા લેણદેણ કરવાની ઈજાઝત કઈ રીતે થઈ શકે છે ?

**(૪) ચહેરાનો પર્દો :**

ચહેરાનો પર્દો સખત જરૂરી છે કેમ કે ગૈર મેહરમની નજર જ્યારે ચહેરા પર પડે છે તો ત્યાંથી જ બુરાઈઓનો દરવાજો ખુલે છે. એક નક઼ાબવાળી સ્ત્રી કાળી છે કે ગોરી, યુવાન છે કે વૃદ્ધા, સુંદર છે કદરૂપી એનો અંદાઝો કોઈ નથી લગાડી શકતુ. એટલા માટે હુકમ થયો કે સ્ત્રીએ કદી કોઈ કામના માટે નીકળવું પણ હોય તો પર્દાની સાથે નીકળે.

ફર્માને કુર્આને પાક છે :–

يٰٓاَيُّهَا النَّبِيُّ قُلْ لِّاَزْوَاجِكَ وَبَنٰتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ؕ ذٰلِكَ اَدْنٰٓى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ ۔

"હે નબી ! આપની પત્નીઓ તથા પુત્રીઓ તથા મુસલમાન સ્ત્રીઓને

ફર્માવી દો કે પોતાની ચાદરોનો એક હિસ્સો પોતાના મોઢા પર નાખેલા રાખે એ એનાથી નઝદીક્તર છે કે તેમની પહેચાન થાય તો સતાવવામાં ન આવે.'' *(સૂરએ અહઝાબ, આ. ૫૯, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં "جَلَابِيْب"નો શબ્દ આવેલો છે જે "جِلْبَاب"નું બહુવચન છે. **જિલ્બાબ** એ મોટી ચાદરને કહે છે કે જે પૂરા શરીરને છુપાવી લે. મુરાદ એ છે કે ચાદર સારી રીતે લપેટીને એનો એક હિસ્સો પોતાની ઉપર લટકાવી લીધા કરો જેથી શરીર તથા લિબાસની ખૂબસૂરતી ઉપરાંત તે ચહેરો પણ છુપાય જાય, અલ્બત્ત જોવા માટે આંખો ખુલ્લી રહે.

## ★ ગૈર મેહરમને જોવા પર પાબંદી ★

એમાં કોઈ શક નથી કે માણસની જિંદગી નિગાહ તથા નજર સાથે જોડાયેલી છે. નિકાહ, કારોબાર, દોસ્તી તથા દુશ્મની સૌ નિગાહની સાથે સંબંધિત છે. ફૈંસલા કરવામાં નજરનો મહત્વનો કિરદાર હોય છે. માણસ જોવા તથા સાંભળવાની તાષીરથી મહેફૂઝ નથી રહી શકતો. એક ખૂબસૂરત દ્દશ્ય તથા લીલોતરીને જોઈને, આસ્માની રંગના પાણીના ઉભરાતા ઝરણાને જોઈને દિલમાં રાહત ખુશી મહેસૂસ કરે છે. ખરાબ દ્દશ્યને જોઈને બુરુ મહેસૂસ કરે છે. પછી કેવી રીતે શક્ય છે કે માણસ એક ખૂબસૂરત તથા યુવાન છોકરીને જુએ અને તેના દિલમાં હલચલ પેદા ન થાય ? એટલા માટે જ ઈસ્લામે નજરોને પણ ક઼ાનૂનની પાબંદ કરેલ છે અને મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓને નજરો નીચી રાખવાનો હુકમ કર્યો છે. એની સાથોસાથ સ્ત્રીઓની તે દરેક હરકત પર પાબંદી લગાડી છે જે પુરૂષોનું ધ્યાન આકર્ષિત કરે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ النَّظْرَةَ سَهْمٌ مِنْ سِهَامِ اِبْلِيْسَ مَسْمُوْمٌ مَنْ تَرَكَهَا مَخَافَتِيْ اَبْدَلْتُهُ اِيْمَانًا يَجِدُ حَلَاوَتَهُ فِيْ قَلْبِهِ۔

''બેશક ! (નામહરમને) જોવું ઈબ્લીસનું એક ઝહેર મિશ્રિત તીર છે,

જેણે મારા ડરથી તેને ત્યજી દીધું તેના બદલામાં હું એને એવું ઈમાન આપીશ જેની મીઠાશ તે પોતાના દિલમાં મહેસૂસ કરશે.''

*–(અલ્મોઅજમુલ કબીર લિત્તબરાની, ૧૦/૧૭૩)*

આ પાબંદી જેવી રીતે પુરૂષો પર સ્ત્રીઓને જોવાના બારામાં છે, એ જ પ્રમાણે સ્ત્રીઓ ઉપર પણ પુરૂષોને જોવાના સંબંધે છે.

## ★ ગૈર મેહરમ સાથે વાતચીત ★

જો કે અજનબી પુરૂષ તથા સ્ત્રીનું એકબીજા સાથે વાત કરવું સદંતર હરામ નથી પરંતુ બિન જરૂરી વાતચીત અને હંસી મજાકથી સખ્તીથી મના કરવામાં આવેલ છે. જરૂર વખતે જો વાતચીત કરવામાં પણ આવે તો એમાં એટલા પ્રમાણમાં સાવધાનીની જરૂરત છે કે લબો લહેજો નરમ તથા નાઝુક ન હોય, પર્દાની આડથી વાતચીત કરવામાં આવે, સખ્ત જરૂરતના સમયે કરવામાં આવે વગેરે વગેરે. તેની સાથોસાથ એ વાતચીત એકાંતમાં ન હોય. એનો પણ ખયાલ રાખવો જરૂરી છે કે જ્યાં એક પુરૂષ તથા એક સ્ત્રી એકાંતમાં હોય છે ત્યાં ત્રીજો શૈતાન હોય છે કે જે એમનાં દિલોમાં વસવસા નાખે છે.

## ★ ગૈર મહેરમને સ્પર્શવાની મનાઈ ★

નામેહરમને સ્પર્શવું ભલે અમુક ક્ષણો માટે જ કેમ ન હોય તેને હરામ ઠરાવવામાં આવેલ છે. ગૈર મેહરમને સ્પર્શવું ઈસ્લામી દષ્ટિએ ગુનાહે કબીરા છે.

હઝરત અબૂ હુરૈરહ્ તથા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ صَافَحَ امْرَاَةً حَرَامًا جَاءَ يَوْمَ الْقِيَامَةِ مَغْلُوْلَةً يَدَاهُ اِلٰى عُنُقِهٖ ثُمَّ يُؤْمَرُ بِهٖ اِلَى النَّارِ۔

''જેણે કોઈ ગૈર મેહરમ સ્ત્રી સાથે મુસાફો કર્યો, કયામતના દિવસે તે એ રીતે આવશે કે તેના બંનેવ હાથો તેની ગરદન સાથે બંધાયેલા હશે પછી તેને જહન્નમમાં નાખવાનો હુકમ આપવામાં આવશે.''

*–(મુસ્નદુલ હારિષ, પેજ : ૩૦૯)*

ઈસ્લામમાં પુરૂષો તથા સ્ત્રીઓની મિશ્ર મેહફિલો પર પણ પાબંદી છે. એટલા માટે કે બેહયાઈની શરૂઆત સામાન્યતઃ આ પ્રકારની મેહફિલોથી શરૂ થઈ જાય છે. એ જ પ્રમાણે સ્કૂલો તથા કોલેજોમાં બાલિગ છોકરાઓ તથા છોકરીઓની ભેળસેળ તથા ઓફીસોમાં પુરૂષો તથા સ્ત્રીઓની ભેળસેળ પર પણ ઈસ્લામે પાબંદી લગાડી છે.

આ પાબંદી પણ એ હેતુસર લાગુ કરવામાં આવી છે કે પુરૂષો તથા સ્ત્રીઓની ભેળસેળ ગમે તેમ એક ફિત્નાને જન્મ આપે છે અને બેહયાઈઓ સામાન્ય થઈ જાય છે.

## ★ એકાંતમાં સ્ત્રી તથા પુરૂષનું મિલન ★

ગૈર મેહરમ પુરૂષ તથા સ્ત્રી ભલે પાક દામન હોય પરંતુ એકાંતમાં મળી જાય તો ખૂબ જ શક્ય છે કે શૈતાની વસવસામાં સપડાય જાય, તેમના મજબૂત ઈરાદા ડગમગી જાય, શૈતાનની જાળમાં ફસાય જાય અને ગૈર શરઈ કામ કરી બેસે. એટલા માટે શરીઅતે એનાથી મના ફર્માવ્યું છે. હદીષે પાકમાં છે : જ્યાં એક પુરૂષ તથા એક સ્ત્રી એકાંતમાં હોય ત્યાં ત્રીજો શૈતાન હોય છે.

પર્દાના સંબંધે સરવરે આલમ ﷺનો આપેલો નિઝામ (બંધારણ) યક઼ીનન ! સ્ત્રીઓ માટે રહમત છે, એનાથી સ્ત્રીનું ચારિત્ર તથા ઈજ્જત મહેફૂઝ થઈ જાય છે. તે ડરામણી નિગાહોના પીછાથી સુરક્ષિત થઈ જાય છે અને અલ્લાહના હિફઝો અમાન (હિફાઝત)માં થઈ જાય છે. એની સાથોસાથ એક સ્ત્રીનું બાપર્દા નીકળવું વિવિધ બુરાઈઓના ખાત્માનો સબબ બની જાય છે. જે લોકો સ્ત્રીઓની આઝાદીના માટે પર્દાને આડરૂપ માને છે તેઓ અસલમાં પોતે પોતાને સ્ત્રીઓ સુધી પહોંચાડવાની આઝાદી તલાશ કરી રહ્યા છે, જેનો ઈસ્લામમાં કોઈ અવકાશ નથી.

આશા છે કે આપણી મા બહેનો નિઝામે મુસ્તફાની આ ફિલોસોફીને સમજશે અને પોતાના ઉપર સરવરે આલમ ﷺનું આ એહસાન માનશે કે તેમણે તેમની સલામતી તથા સુરક્ષાનો ખયાલ કરીને પર્દાનો નિયમ રાખ્યો છે.

...પ્રકરણ : ૧૨

# હુઝૂર ﷺના અમ્નના બંધારણો ગુલામો તથા બાંદીઓને ગુલામીથી મુક્તિ અપાવી

પૂરાણા જમાનામાં ગુલામ ત્રણ પ્રકારના હતા. એક જંગી કેદી, બીજા આઝાદ માણસ જેને પકડીને ગુલામ બનાવી વેચી દેવામાં આવતો હતો. ત્રીજો જે નસલોથી (વંશોથી) ગુલામ ચાલ્યા આવતા હતા અને કાંઈ પતો ન હતો કે તેમના બાપ દાદા ક્યારે ગુલામ બનાવવામાં આવ્યા હતા, અને એ પણ ખબર ન હતી તે બંનેવ પ્રકારમાંથી કયા પ્રકારના ગુલામ હતા. જ્યારે હુઝૂર રહ્મતે આલમ ﷺનું દુનિયામાં આગમન થયું તે વખતે અરબ બહાર દુનિયાભરનો સમાજ આ તમામ પ્રકારના ગુલામોથી ભરેલો હતો. અને સઘળી આર્થિક તથા સામાજિક વ્યવસ્થા મજૂરો તથા નોકરો કરતાં અધિક રીતે આ ગુલામો વડે ચાલી રહી હતી. સરવરે આલમ ﷺએ આ ગુલામોને ગુલામીથી આઝાદી અપાવવી હતી. આપની સમક્ષ બે સમસ્યાઓ હતી : એક એ કે આ ગુલામ જે પહેલેથી ચાલ્યા આવે છે એમનું શું કરવામાં આવે, અને બીજી એ કે ભવિષ્યના માટે ગુલામીના મસ્અલાનો હલ કેવી રીતે થાય. એકાએક લોકોના માલિકીપણાના હક્કને રદ કરી દેવો અને એ એલાન કરી દેવું કે હવે કોઈ કોઈનો ગુલામ નથી એ ઘણુ જ મુશ્કેલ કામ હતું. કેમ કે એનાથી પૂરી આર્થિક તથા સામાજિક વ્યવસ્થા તૂટી પડતી અને કળા કારીગરી તથા વેપારની ગરમબજારી એકાએક મંદ પડી જતી.

### ★ હુઝૂર ﷺની આઝાદીની ચળવળ ★

પયગંબરે અમ્ન હુઝૂર રહ્મતે આલમ ﷺએ આના સંબંધે હિકમતે અમલીથી કામ લઈને ગુલામો તથા બાંદીઓને આઝાદીના હવાલાથી એક જબરદસ્ત અખ્લાક઼ી ચળવળ શરૂ કરી અને તલ્ક઼ીન તથા

તરગીબ (સમજાવટ તથા આકર્ષણ) તેમજ ધાર્મિક હુકમો તથા રાષ્ટ્રીય ક઼ાનૂનોના વડે લોકોને એ વાત માટે પ્રોત્સાહિત કર્યા કે ક્યાં તો આખેરતની નજાતના માટે ખુશીથી ગુલામોને આઝાદ કરે અથવા પોતાના કુસૂરોના કફ્ફારા અદા કરવાના માટે મઝહબી હુકમો પ્રમાણે તેમને આઝાદ કરે અથવા માલના બદલામાં તેમને છોડી આપે. આ ચળવળમાં ગુલામોની એક મોટી સંખ્યાએ આઝાદી મેળવી. અમુકની વિગત નીચે પ્રમાણે છે :–

| આઝાદ કરનારનું નામ | આઝાદ કરનારનું નામ |
|---|---|
| સૈયદુલ અંબિયા હુઝૂર સૈયદે આલમ ﷺ | ૬૩ |
| હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ | ખૂબ જ મોટી સંખ્યામાં |
| હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ | ખૂબ જ મોટી સંખ્યામાં |
| હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا | ૬૭ |
| હઝરત અબ્બાસ رضی اللہ عنہ | ૭૦ |
| હઝરત હકીમ બિન હિઝામ رضی اللہ عنہ | ૧૦૦ |
| હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ | ૧૦૦૦ |
| હઝરત ઝુલ્કલાઅ હમીરી رضی اللہ عنہ | ૮૦૦૦ |
| હઝરત ઉષ્માન બિન ઔફ | ૩૦,૦૦૦ |
| *(કશ્ફુલ અષામ શરહે ઉમ્દતુલ અહકામ લિલ ઈમામ મુહમ્મદ બિન અહમદ સફારીની હંબલી, ૭/૨૬૨)* | |

તેમના ઉપરાંત પણ સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ ની ખૂબ મોટી સંખ્યા છે જેમણે બે, ચાર, દસ, વીસ, પચાસ, ગુલામોને આઝાદી અપાવી. આ તે હઝરાત છે જેમણે કેવળ અલ્લાહની રઝાના માટે આ નેક કાર્યમાં ભાગ લીધો. ખુદાની રઝા (રાજીપો) હાંસલ કરવાનો એક આમ ઉત્સાહ હતો જેના લીધે લોકો ખુદ પોતાના ગુલામ પણ આઝાદ કરતા હતા અને બીજાઓ પાસેથી ગુલામ ખરીદીને પણ આઝાદ કરતા હતા. એ જ કારણે ખુલફાએ રાશિદીનનો જમાનો ખત્મ થતા પહેલાં જ લગભગ બધા જ ગુલામો આઝાદ થઈ ચૂક્યા હતા.

## ★ ગુલામોની આઝાદીનો જઝબો કેવી રીતે પેદા થયો ? ★

ગુલામોની આઝાદીનો આ મહાન જઝબો જે સહાબાએ કિરામના દિલોમાં પેદા થયો તેની પાછળ સરવરે આલમ ﷺની આ બશારત કાર્યરત હતી.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે સરવરે આલમ ﷺએ ફર્માવ્યું :–

مَنْ اَعْتَقَ رَقَبَةً مُؤْمِنَةً اَعْتَقَ اللّٰهُ مِنْهُ بِكُلِّ عُضْوٍ مِنْهُ عُضْوًا مِنَ النَّارِ حَتّٰى يُعْتِقَ فَرْجَهٗ بِفَرْجِهٖ۔

"જેણે કોઈ મુસલમાન ગુલામને આઝાદ કર્યો, અલ્લાહ તબારક વ તઆલા તેના દરેક અંગના બદલામાં તેનાં અંગોને જહન્નમથી આઝાદ કરશે. ત્યાં સુધી કે તેની શર્મગાહના બદલામાં આની શર્મગાહને જહન્નમથી આઝાદ કરી આપશે." *(સુનને તિર્મિઝી, ૪/૧૧૪)*

આ હદીષે પાકમાં સરવરે આલમ ﷺએ ગુલામ આઝાદ કરવાને જહન્નમથી આઝાદીનો આસાન તરીક઼ો ઠરાવ્યો. એટલા માટે મુસલમાનોએ આ ભલાઈના કાર્યમાં આગળ વધીને હિસ્સો લીધો અને જોતજોતામાં પચાસો હજાર ગુલામોને ગુલામીના તોક઼થી આઝાદી મળી ગઈ.

## ★ ગુલામ આઝાદ કરવાની વસીયત ★

ગુલામોને આઝાદ કરવાનો એવો જઝબો સરવરે દો આલમ ﷺએ પેદા કર્યો કે પોતાની જિંદગીમાં જેનાથી જેટલા પ્રમાણમાં બનતુ આઝાદ કરી આપતો, વળી ઈન્તેકાલના સમયે પણ વસિયત કરી જતો કે એના તરફથી ગુલામો આઝાદ કરવામાં આવે.

હઝરત ષરીદ બિન સુવૈદ ષક઼ફી رضی اللہ عنہથી મરવી છે. તે કહે છે કે મેં રસૂલુલ્લાહ ! ﷺની ખિદમતમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી માએ વસિયત કરી હતી કે હું ગુલામ આઝાદ કરું અને મારી પાસે કાળા રંગની બાંદી છે. હુઝૂર علیہ التحیة والتسلیمએ ફર્માવ્યું, અને બોલાવો ! જ્યારે

તે આવી તો સૈયદે આલમ ﷺએ તેને ફર્માવ્યું, તારો રબ કોણ છે ? તેણીએ કહ્યું, અલ્લાહ ! આપે ફર્માવ્યું, હું કોણ છું ? તેણીએ કહ્યું કે આપ અલ્લાહના રસૂલ છો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, એને આઝાદ કરી દો એ મો'મિના છે. *(મવારિદુઝ્ઝમ્આન, ૪/૧૧૬)*

## ★ હઝરત જુવૈરિયહની આઝાદી અન્યોની આઝાદીનો સબબ બની ગઈ ★

ઉમ્મુલ મો'મિનીન હઝરત જુવૈરિયહ رضی اللہ عنہا બનૂ મુસ્તલક઼ના સરદારની પુત્રી હતાં તેમની આઝાદી અને નબીયે અકરમ ﷺની સાથે તેમના નિકાહનો બનાવ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا વર્ણવે છે :–

જ્યારે નબીયે અકરમ ﷺએ બનૂ મુસ્તલક઼ના કેદીઓની વહેંચણી કરી તો હઝરત જુવૈરિયહ رضی اللہ عنہا હઝરત ષાબિત બિન ક઼ૈસ બિન શમાસ અને તેમના કાકાના પુત્રના હિસ્સામાં આવ્યાં. તેમણે પોતાના સંબંધે મુકાતિબત (રકમ આપી છૂટવાનો ક઼રાર) કરાવી લીધો. તે ઘણા જ ખૂબસૂરત સ્ત્રી હતાં. તેમને કોઈ પણ જોતુ તો પસંદ કરતું. તે પોતાની મુકાતિબતના સંબંધે સવાલ કરવા હુઝૂર ﷺની ખિદમતમાં આવ્યાં.

તે જ્યારે મારા દરવાજા પર ઊભા રહ્યાં તો મને ઘણુ નાપસંદ પડયું, અને મને એવું લાગ્યું કે હુઝૂર ﷺને પણ નાપસંદ પડયું હશે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ સઘળો મામલો તો આપને ખબર છે, મેં મારા સંબંધે મુકાતિબત કરી લીધી છે અને આપની પાસે મદદ માગવા માટે હાજર થઈ છું. સરવરે કાઈનાત રહ્મતે આલમિયાં ﷺએ ફર્માવ્યું, જો તમારી સાથે એનાથી બેહતર મામલો કરવામાં આવે તો શું તમને પસંદ હશે ? તેમણે અર્ઝ કરી, એ શું છે ? આપે ફર્માવ્યું, હું તમારી સાથે નિકાહ કરી લઉં અને તમારી મુકાતિબતની રકમ મહેરના હક્ક઼ રૂપે અદા કર દઉં. તે એના પર રાજી થઈ ગયાં. હુઝૂર સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું, ઠીક છે, તો મેં એવું કરી લીધું.

જ્યારે મુસલમાનોને એ વાત માલૂમ થઈ તો તેમણે કહ્યું, જે ક઼બીલાના જમાઈ સરવરે આલમ ﷺ હોય તે ક઼બીલાના લોકો અમારી ગુલામીમાં

રહે એ સારું નથી. હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માવે છે કે સરવરે આલમ ﷺએ તેમની સાથે નિકાહ કર્યા તો એના સબબે બનૂ મુસ્તલક઼ ક઼બીલાના આટલા આટલા ગુલામોને આઝાદી મળી ગઈ ! મેં આપણી ક઼ૌમના માટે એમનાથી વધુ બરકતી કોઈ ખાતૂન જોઈ નથી.

*–(મવાદિરુઝ઼ ઝમ્આન, ૪/૧૨૪–૧૨૫)*

"મુક઼ાતિબત"નો મતલબ છે ગુલામ કે બાંદી પોતાના માલિક સાથે એ નક્કી કરી લે કે તું આટલી રકમ આપી દે તો આઝાદ છે. હઝરત જુવૈરિયહ્ رضی اللہ عنہاએ પોતાના માલિકો સાથે નક્કી કરી લીધું હતું. સરવરે કાઈનાત ﷺએ તેમને આઝાદ કરાવીને પોતાના નિકાહમાં લીધાં તો એની બરકત જુઓ કે બનૂ મુસ્તલક઼ના લોકો મોટી સંખ્યામાં આઝાદી પામ્યા. મુસલમાનોએ વિચાર્યું કે જે ક઼બીલાના જમાઈ હુઝૂર ﷺ છે એ ક઼બીલાની કોઈ વ્યક્તિ ગુલામીની જિંદગી પસાર કરે એ આપની શાનને લાયક નથી. એ રસૂલે રહ઼મત તો દરેક ઈન્સાનને આઝાદીનો હક્ક઼ અપાવવા માટે આવ્યા છે. દુનિયામાં કેદ તથા ગુલામીથી આઝાદી અપાવવા અને આખેરતમાં સૌની ગરદનોને જહન્નમથી આઝાદી અપાવવાના માટે આવેલા છે. તેમણે (સહાબાએ) આખેરતમાં આઝાદી પામવા માટે દુનિયામાં લોકોને આઝાદ કરી દીધા.

## કફ્ફારાઓમાં ગુલામોની આઝાદી

ગુલામોની આઝાદીનો એક લાંબો ક્રમ કફ્ફારાઓના સ્વરૂપમાં શરૂ થયો. કોઈ શખ્સથી કોઈ ગુનોહ થઈ જતો તો હુકમ આપવામાં આવતો કે કફ્ફારા રૂપે ગુલામ આઝાદ કરે. આ તરીક઼ાથી પણ ખૂબ જ અધિક પ્રમાણમાં ગુલામો તથા બાંદીઓને ગુલામીથી આઝાદી તથા છૂટકારો મળ્યો.

### ★ કોઈ મો'મિનને ભૂલથી ક઼ત્લ કરી આપ્યો તો એક ગુલામ આઝાદ કરે ★

કોઈને જાણી બુઝીને ક઼ત્લ કરવું તો ક઼ેસાસ વાજિબ કરે છે અને હલાલ

માનીને કૃત્ય કર્યો તો કુફ્ર પણ લાઝિમ થશે. પરંતુ જો કોઈ શખ્સે કોઈ મો'મિનને ગલતીથી ક્ત્લ કરી દીધો તો તેના બદલામાં તેને હુકમ આપવામાં આવશે કે એક ગુલામ આઝાદ કરે.

ફર્માને કુર્આન છે :–

وَمَا كَانَ لِمُؤْمِنٍ اَنْ يَّقْتُلَ مُؤْمِنًا اِلَّا خَطَأً ۚ وَمَنْ قَتَلَ مُؤْمِنًا خَطَأً فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ وَّدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖٓ اِلَّآ اَنْ يَّصَّدَّقُوْا ؕ فَاِنْ كَانَ مِنْ قَوْمٍ عَدُوٍّ لَّكُمْ وَهُوَ مُؤْمِنٌ فَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ؕ وَاِنْ كَانَ مِنْ قَوْمٍ بَيْنَكُمْ وَبَيْنَهُمْ مِّيْثَاقٌ فَدِيَةٌ مُّسَلَّمَةٌ اِلٰٓى اَهْلِهٖ وَتَحْرِيْرُ رَقَبَةٍ مُّؤْمِنَةٍ ۚ فَمَنْ لَّمْ يَجِدْ فَصِيَامُ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ ۫ تَوْبَةً مِّنَ اللّٰهِ ؕ

''અને મુસલમાનોને નથી પહોંચતુ કે મુસલમાનનું ખૂન કરે પણ હાથ બહેકીને. અને જે કોઈ મુસલમાનને અજાણપણે ક્ત્લ કરે તો તેના પર એક મમ્લૂક મુસલમાનને આઝાદ કરવું છે. અને ખૂનબહા (ખૂનના બદલે માલ) કે ક્ત્લ થનારાના લોકો સોંપવામાં આવે પણ એ કે તેઓ માફ કરી આપે. વળી જો તે એ ક્ૌમથી હોય જે તમારી દુશ્મન છે અને ખુદ મુસલમાન છે તો કેવળ મમ્લૂક મુસલમાનને આઝાદ કરવું છે અને જો તે એ ક્ૌમમાં હોય કે તમારા તથા તેમના વચ્ચે ક્રાર છે તો તેના લોકોને ખૂનબહા સોંપી દેવામાં આવે અને એક મુસલમાન મમ્લૂક આઝાદ કરવું. તો જેનો હાથ ન પહોંચે તે સતત બે મહિનાના રોઝા રાખે એ અલ્લાહ તબારક વ તઆલાને ત્યાં તેની તૌબા છે.''

*–(સૂ. નિસાઅ, આ. ૯૨, કન્ઝુલ ઈમાન)*

એમાં ભૂલથી ક્ત્લનું વર્ણન છે એટલે એ મુસલમાનને મારવાનો ઈરાદો ન હતો, કોઈ શિકાર અથવા કોઈ હર્બી કાફિરને મારવા જઈ રહ્યો હતો અને હાથ બહેકીને કોઈ મુસલમાનને લાગી ગયો અને તે ઈન્તેકાલ કરી ગયો અથવા તો કોઈ મુસલમાનને હર્બી કાફિર સમજીને ક્ત્લ કરી દીધો. એની ત્રણ સ્થિતિઓ છે અને સ્થિતિઓમાં નીચે પ્રમાણે કફ્ફારો છે :

**૦૧.** કોઈ મુસલમાનને જાણી બુઝીને ક઼ત્લ કરી દેવું, તો એક ગુલામ આઝાદ કરે અને તેના વારસોને દિયત પણ આપે.

**૦૨.** જો ક઼ત્લ થનારો પોતે મુસલમાન છે પરંતુ દુશ્મન ક઼ૌમની વ્યક્તિ છે તો કેવળ એક ગુલામ આઝાદ કરવું પૂરતુ થશે, દિયત વાજિબ થશે નહીં.

**૦૩.** જો ક઼ત્લ થનાર ઝિમ્મી કાફિર છે તો પણ એક ગુલામ આઝાદ કરે અને તેના વારસોને દિયત પણ અદા કરે.

આ સર્વ સ્થિતિઓમાં જો તેને ગુલામ નથી મયસ્સર થતા એટલે કે પોતે મુફલિસ છે કે એની પાસે ગુલામ છે જ નથી અથવા ગુલામ મળતા નથી, જેવું કે આજના દૌરમાં તો સતત સાઈઠ દિવસોના રોઝા રાખવા પડશે.

## ★ ક઼સમ પૂરી ન કરી તો કફ્ફારો રૂપે ગુલામ આઝાદ કરે ★

કોઈ કામના માટે ક઼સમ ખાધી અને પૂરી ન કરી શક્યો તો તેના કફ્ફારામાં પણ ગુલામ આઝાદ કરવાનો હુકમ થયો. ફર્માને કુ઼ર્આન છે :

لَا یُؤَاخِذُکُمُ اللّٰہُ بِاللَّغْوِ فِیۡۤ اَیۡمَانِکُمۡ وَلٰکِنۡ یُّؤَاخِذُکُمۡ بِمَا عَقَّدۡتُّمُ الۡاَیۡمٰنَ ۚ فَکَفّٰرَتُہٗۤ اِطۡعَامُ عَشَرَۃِ مَسٰکِیۡنَ مِنۡ اَوۡسَطِ مَا تُطۡعِمُوۡنَ اَھۡلِیۡکُمۡ اَوۡ کِسۡوَتُہُمۡ اَوۡ تَحۡرِیۡرُ رَقَبَۃٍ ؕ فَمَنۡ لَّمۡ یَجِدۡ فَصِیَامُ ثَلٰثَۃِ اَیَّامٍ ؕ ذٰلِکَ کَفّٰرَۃُ اَیۡمٰنِکُمۡ اِذَا حَلَفۡتُمۡ ؕ

"તમને નથી પકડતો તમારી ગલત ફહમીની ક઼સમો પર, હા ! તો ક઼સમો પર પકડ કરે છે જેને તમે મજબૂત કરી. તો એવી ક઼સમનો બદલો દસ મિસ્કીનોને ખાવા આપવું પોતાનાં ઘરવાળાંને જે ખવડાવો છો તેના મધ્યમમાંથી અથવા એમને કપડાં આપવાં અથવા એક ગુલામ આઝાદ કરવું. તો જે એમાંથી કાંઈ ન પામે તો ત્રણ દિવસના રોઝા. આ બદલો છે તમારી ક઼સમોનો જ્યારે ક઼સમ ખાવ." *(સૂ. માઈદા, આ. ૮૯, કન્ઝુલ ઈમાન)*

ક઼સમના કફ્ફારામાં આ ત્રણેવ વાતોનો અધિકાર છે : ચાહે ખાવા આપે, ચાહે કપડાં, ચાહે ગુલામ આઝાદ કરે. દરેકથી કફ્ફારો અદા થઈ

જશે. કપડાં મધ્યમ કક્ષાનાં હોય જેનાથી મોટાભાગનું શરીર ઢંકાય શકે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરવી છે કે એક તેહબંદ તથા કુર્તો અથવા એક તેહબંદ તથા એક ચાદર.

## ★ સ્ત્રી સાથે ઝેહાર કરે તો ગુલામ આઝાદ કર લે ★

ઝેહાર એને કહે છે કે પોતાની પત્નીને વંશિક મેહરમો અથવા રઝાઈ (દૂધના સંબંધ)ના કોઈ એવા અંગ સાથે સરખામણી કરવામાં આવે જેને જોવું હરામ છે.

દા.ત. પત્નીને કહે કે તું મારા માટે મારી માની પીઠ સમાન છે. આ જ પ્રકારના એવા અંગને જેનાથી એ સરખામણી કરવામાં આવતી હોય અથવા તેણીના જાહેરી અંગના ભાગને મહેરમોના એવા અંગ સાથે સરખાવે જેને જોવું હરામ છે. દા.ત. એવું કહે કે તારું માથુ અથવા તારુ અડધુ શરીર મારી માની પીઠ અથવા તેના પેટ અથવા તેની જાંગ, અથવા મારી બહેન અથવા ફોઈ અથવા દૂધ પીવડાવનારીની પીઠ અથવા પેટની જેમ છે તો એવું કહેવું "ઝેહાર" કહેવાય છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) જમાનામાં ઝેહાર, તલાક઼ના હુકમમાં હતો અને જો કોઈ શખ્સ પોતાની પત્નીને ઝેહારના શબ્દો કહી દેતો તો તેને તલાક઼ થઈ જતી. ઈસ્લામમાં ઝેહારનો હુકમ આ આયતે મુક઼દસામાં બયાન થયો :–

وَالَّذِيْنَ يُظٰهِرُوْنَ مِنْ نِّسَآئِهِمْ ثُمَّ يَعُوْدُوْنَ لِمَا قَالُوْا فَتَحْرِيْرُ رَقَبَةٍ مِّنْ قَبْلِ اَنْ يَّتَمَآسَّا ؕ

"અને તેઓ જે પોતાની પત્નીઓને પોતાની માની જગાએ કહે પછી એ જ કરવા ચાહે જેના પર આટલી મોટી વાત કહી ચૂક્યા, તો તેમના પર લાઝિમ છે કે એક ગુલામ આઝાદ કરે એ પહેલાં કે એકબીજાને હાથ લગાડે." *(સૂ. મુજાદિલા, આ. ૩, કન્ઝુલ ઈમાન)*

એમાં વર્ણવી દેવામાં આવ્યું કે ઝેહાર કરવાથી તલાક઼ લાગુ નહીં થાય, પરંતુ કફ્ફારો આપ્યા વિના પત્ની સાથે સહશયન જાઈઝ નથી. જો કોઈ

શખ્સ પોતાના માટે પોતાની પત્નીની સાથે સહશયનને ફરીથી હલાલ કરવા ચાહે તો તેણે કફ્ફારા રૂપે એક ગુલામ આઝાદ કરવો પડશે. જો ગુલામ મયસ્સર નથી તો સતત ૬૦ દિવસના રોઝા રાખવા પડશે, અને જો રોઝા રાખવાની શક્તિ નથી તો સાઈઠ ફક઼ીરોને ખાવા ખવડાવવું પડશે.

## ★ મુકાતિબ બનાવો અને બદલે કિતાબત અદા કરવામાં તેમની મદદ કરો ★

મુકાતિબના વિશે અગાઉ વર્ણન થઈ ચૂક્યું કે ગુલામ પોતાના માલિકથી નક્કી કરી લે કે આટલી રકમ અદા કરી આપશે તો તે આઝાદ છે. જો કોઈ મુકાતિબ કરવા ચાહે છે તો મુસલમાનોને હુકમ થયો :

وَالَّذِيْنَ يَبْتَغُوْنَ الْكِتٰبَ مِمَّا مَلَكَتْ اَيْمَانُكُمْ فَكَاتِبُوْهُمْ اِنْ عَلِمْتُمْ فِيْهِمْ خَيْرًا ۖ وَّاٰتُوْهُمْ مِّنْ مَّالِ اللّٰهِ الَّذِيْۤ اٰتٰىكُمْ ؕ

"અને તમારા હાથની માલિકીની બાંદી ગુલામોમાંથી જે એવું ચાહે કે અમુક માલ કમાવવાની શર્ત પર તેમને આઝાદી લખી દે તો લખી આપો. જો એમનામાં કાંઈ ભલાઈ જાણો અને એના પર એમની મદદ કરો અલ્લાહના માલથી જે તમને આપ્યો." *(સૂ. નૂર, આ. ૩૩, કન્ઝુલ ઈમાન)*

ભલાઈથી મુરાદ અમાનત તથા દયાનત અને કમાઈ પર શક્તિ ધરાવવું છે કે તે હલાલ રોજીથી માલ હાંસલ કરીને આઝાદ થઈ શકે અને માલિકને માલ આપીને આઝાદી હાંસલ કરવાના માટે ભીખ ન માગતો ફરે. મુસલમાનોને ઈર્શાદ છે કે તે મુકાતિબ ગુલામોને ઝકાત વગેરે આપીને મદદ કરે જેનાથી તે કિતાબતના બદલે (માલ) આપીને પોતાની ગરદન છોડાવી શકે અને આઝાદ થઈ શકે. *(ખઝાઈન)*

## આઝાદને પકડીને ગુલામ બનાવીને વેચવાની મનાઈ

જે પહેલેથી ગુલામ હતા તેમની આઝાદીના માટે તો બેહતરીન રસ્તો બની ગયો. બીજી સ્થિતિ એટલે કોઈ આઝાદને પકડીને કોઈ વેચી દેતો હતો અને બીજો શખ્સ ખરીદીને તેને ગુલામ બનાવી લેતો હતો. એના પર

સરવરે કાઈનાત ﷺએ પાબંદી લાગુ કરી.

હઝરત અબૂ હુરૈરહ્ રضی اللہ عنہથી મરવી છે, સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે કે અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું :

ثَلَاثَةٌ اَنَا خَصْمُهُمْ يَوْمَ الْقِيَامَةِ: رَجُلٌ اَعْطٰى بِيْ ثُمَّ غَدَرَ، وَرَجُلٌ بَاعَ حُرًّا فَاَكَلَ ثَمَنَهٗ وَرَجُلٌ اسْتَاْجَرَ اَجِيْرًا فَاسْتَوْفٰى مِنْهُ وَلَمْ يُعْطِ اَجْرَهٗ۔

"ત્રણ પ્રકારના લોકોથી ક્યામતના દિવસે હક્ક્ની માગણી હું ખુદ કરીશ : (૧) જે શખ્સે મારા નામથી ક્રાર કર્યો અને પછી ગદ્દારી કરી બેઠો. (૨) જે શખ્સે કોઈ આઝાદને વેચીને તેની કિંમત ખાય લીધી. (૩) જે શખ્સે કોઈને મજૂર રાખ્યો, તેનાથી કામ પૂરુ લીધુ પરંતુ તેને મજૂરી ન આપી."

આ હદીષે પાકમાં કોઈ આઝાદને પકડીને ગુલામ બનાવીને વેચવાને હરામ ઠરાવી દેવામાં આવ્યું અને તેના પર સંપૂર્ણપણે પાબંદી લગાડી આપી. તેમ છતાં પણ જો કોઈ શખ્સ એવું કરે છે તો તેના વિરુદ્ધ ખુદ અલ્લાહ તબારક વ તઆલા હક્ક્ની માગણી કરશે. તો શું કોઈની અંદર શક્તિ હશે કે સામે ઉભો રહી શકશે ? છેવટે પોતાની નેકીઓથી હાથ ધોશે અથવા પછી અન્યોના ગુનાહ પોતાની ગરદન પર લાદશે. એટલા માટે આ બુરી હરકતથી બચવાની સખત તાકીદ કરવામાં આવી છે.

## જંગી કેદીઓની ગુલામીનો મસ્અલો

હવે રહી ગયો ભાવિમાં ગુલામ બનાવવાનો મસ્અલો, એટલે કે જે લોકોને જંગ જીતવા પર કેદ કરીને લાવવામાં આવે છે તો એ જંગી કેદીઓ વિશે ઈસ્લામનો ક્રાનૂન આ ઠર્યો છે :–

૦૧. જે લોકો જંગમાં ગિરફતાર થાય તેમને ક્યાં તો એહસાનના રૂપે છોડી દેવામાં આવે.

૦૨. અથવા ફિદિયો લઈને તેમને છોડી આપવામાં આવે.

૦૩. અથવા દુશ્મન પાસે જે મુસલમાન કેદી છે તેમની સાથે તેમની અદલા બદલી કરી લેવામાં આવે.

૦૪. જો આમ જ મુક્ત કરી દેવું જંગી મસ્લેહતોની વિરુદ્ધ હોય અને ફિદિયો પણ વસૂલ ન થઈ શકે અને દુશ્મન કેદીઓની અદલા બદલી કરવા પણ રાજી ન થાય તો મુસલમાનોને હક્ક છે કે તેમને ગુલામ બનાવીને રાખે.

અલ્બત્ત આ પ્રકારના કેદીઓ સાથે ખૂબ જ સદ્ વર્તાવ તથા રાહતભર્યો વર્તાવ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. તેમને તા'લીમ તથા તર્બિયત આપવા અને સમાજની ઉમદા વ્યક્તિઓ બનાવવાની હિદાયત કરવામાં આવી છે. તેમની મુક્તિ માટે પણ વિવિધ સ્થિતિઓ પેદા કરવામાં આવી છે. તેમના માટે એ પણ શક્યતા છે કે પોતાના માલિકો સાથે મુકાતિબત કરીને મુક્તિ મેળવી લે. પૂરાણા ગુલામોને આઝાદ કરવાના બારામાં જે ફઝીલત હતી, આમને આઝાદ કરવા પર પણ એ જ ફઝીલત યથાવત રાખવામાં આવી. ગુનાહોના કફ્ફારામાં પણ ગુલામોને આઝાદ કરવાનો હુકમ બાકી છે.

ગુલામોના સંબંધે એક સ્થિતિ તદબીર (મુદબ્બર બનાવવાની)ની છે એટલે કે માલિક વસિયત કરી જાય કે જ્યાં સુધી એ જીવતો છે ત્યાં સુધી આ ગુલામ એની ખિદમત કરશે અને તેનો ઈન્તેકાલ થતાં જ આઝાદ થઈ જશે.

ગુલામોના સંબંધે જે આમ હુકમો છે એ લોંડીઓ માટે પણ છે. અલ્બત્ત લોંડીઓની આઝાદીના સંબંધે એક સ્થિતિ ઉમ્મે વલદ થવાની પણ છે. એટલે કે માલિકે લોંડી સાથે સંભોગ કર્યો અને તેનાથી બાળક પેદા થયું હોય તો એ ઉમ્મે વલદ કહેવાશે, અને માલિકનો ઈન્તેકાલ થતાં જ તે ઉમ્મે વલદ આઝાદ થઈ જશે.

## ગુલામો તથા બાંદીઓની સાથે વર્તાવ

સરવરે આલમ ﷺના રહમતભર્યા નિઝામ (ક઼ાનૂનો)માં ગુલામોની આઝાદી માટે વિવિધ માર્ગો કાઢવામાં આવ્યા. તેમ છતાં જો કોઈની પાસે ગુલામ તથા લોંડીઓ છે તો તેમને તાક઼ીદ કરવામાં આવી છે કે તેમની સાથે સારો વર્તાવ કરે. તેમની યથાશક્તિ તેમની પાસેથી કામ લે, તેમના ખાવા પીવાની બરાબર રીતે વ્યવસ્થા કરે અને તેમને બોજરૂપ ન બને.

## ★ તે જ ખવડાવો જે પોતે ખાવ છો ★

પહેલાં દુનિયાનો જે દસ્તૂર હતો કે ગુલામોને કામ કરનારી મશીન સમજતા હતા અને તેમને ખરીદી લીધા તો વિચારતા હતા કે તેમના થકી કામ કરાવીને કેટલા પૈસા વસૂલી લેવામાં આવે. ખાવા પીવા માટે ઘટેલુ વધેલુ આપી દીધું, પહેરવા ઓઢવા માટે ફાટેલુ પૂરાણુ આપી દીધું. ન તેમના કાંઈ હક્કો હતા અને ન કોઈ તેમને હક્કો અપાવનાર હતો. સરવરે આલમ ﷺએ આ વ્યવસ્થાને ધડમૂળથી બદલી નાખી અને ગુલામો આપણા ભાઈ જેવા ઠરાવ્યા.

હઝરત મઅરૂર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મારી હઝરત અબૂ ઝર رضی اللہ عنہથી મુલાકાત થઈ. તે તથા તેમનો ગુલામ એક જ પ્રકારનો પોશાક પહેરેલ હતા. મેં તેમને આના બારામાં પૂછયું કે શું વાત છે કે આપનાં તથા ગુલામનાં કપડાંમાં કોઈ ફરક નથી ? તેમણે કહ્યું કે એકવાર મેં મારા ગુલામને બુરુ ભલુ કહ્યું અને એના બારામાં તેને માની ગૈરત અપાવી. તેણે આ સંબંધે નબી ﷺને મારી ફરિયાદ કરી તો આપે મને પૂછયું, અબૂ ઝર ! શું તમે એને માની ગૈરત અપાવી ? પછી આપે ફર્માવ્યું, તમારા હાથ હેઠળના લોકો તમારા ભાઈ છે. અલ્લાહે તેમને તમારા હેઠળ કર્યા છે. જેથી જેના હેઠળમાં એનો ભાઈ હોય તે શખ્સ તેને તે જ ખવડાવે જે પોતે ખાય, અને તે જ પહેરાવે જે પોતે પહેરે. હાથ હેઠળનાઓથી તે કામ ન લો જે એમના પર બોજ બની જાય, અને જો કોઈ એવું કામ લો તો સહકાર કરો.'' *(સહીહ બુખારી, ૩/૧૪૯)*

જુઓ આ રિવાયતથી નીચે મુજબની વાતો જાણવા મળી :–

- ❑ હુઝૂર રહમતે આલમ ﷺના દૌરમાં ગુલામોને પણ એ હક્ક઼ આપી દેવામાં આવ્યો હતો કે જો તેમના માલિક તેમને તકલીફ પહોંચાડે છે તો તેઓ ખુલીને ફરિયાદ કરી શકે છે.
- ❑ ગુલામોને ઈન્સાનના નાતે પોતાના ભાઈ જેવા ઠરાવ્યા.
- ❑ મુસલમાનો પર જરૂરી ઠરાવવામાં આવ્યું કે ખાવા, પીવા તથા પહેરવા, ઓઢવામાં એ વાતનો ખયાલ રાખે કે જેવું ખુદ ખાય, પહેરે તેવું જ પોતાના ગુલામોને પણ ખવડાવે, પહેરાવે.

- તેમના થકી તેમની શક્તિ મુજબનું કામ લે. જો તેમની શક્તિ બહારનું કામ લેવું હોય તો જરૂરી છે કે તેમના કામમાં સહકાર કરે.

## ★ ગુલામને રોજ કેટલીવાર માફ કરે ? ★

ભૂલ દરેક માણસથી થાય છે, ખાસ કરીને નોકરોથી થવાની શક્યતા વધુ રહે છે. તેઓ દિવસભર કામોમાં લાગેલા હોય છે, થાકી જાય છે, હિંમત જવાબ આપી દે છે. એવામાં જો કોઈ ગલતી થઈ જાય તો તેમને માફ કરી દેવા જોઈએ. પરંતુ સવાલ એ છે કે કેટલી વાર માફ કરી દેવું જોઈએ ? આ સવાલ સરવરે આલમ ﷺને પણ પૂછવામાં આવ્યો હતો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે. કહે છે કે એક શખ્સ નબીયે રહમત ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ખાદિમને કેટલી વાર માફ કરું ? નબીયે રહમત ﷺ ખામોશ રહ્યા. તેમણે બીજીવાર પૂછયું તો ફર્માવ્યું, દરરોજ ૭૦ વખત માફ કરો.'' *(સુનને તિર્મિઝી, ૪/૩૩૬)*

શું હુઝૂરે રહ્મત ﷺના સિવાય કોઈએ પણ ખાદિમો માટે આટલી શક્યતા રાખી છે કે એક દિવસમાં સિત્તેર સિત્તેરવાર તેમને માફ કરી દેવામાં આવે ? હરગિઝ નહીં ! આ આક઼ાએ રહમત ﷺની અનોખી શાન છે અને આપની જ તા'લીમાતની વિશિષ્ટતા છે.

## ★ ખાદિમને કદી ઉફ સુદ્ધાં નથી કહ્યું ★

રસૂલે રહમત, સરવરે કાઈનાત ﷺએ ખાદિમો સાથે સદ્વર્તાવનો કેવળ હુકમ જ નથી આપ્યો બલ્કે ખુદ તેના પર અમલ કરીને પણ બતાવ્યો.

હઝરત અનસ رضی اللہ عنہ પોતાના ખુદનો બનાવ વર્ણવે છે :–

خَدَمْتُ النَّبِیَّ صَلَّی اللهُ عَلَیْهِ وَسَلَّمَ عَشْرَ سِنِیْنَ بِالْمَدِیْنَةِ وَاَنَا غُلَامٌ لَیْسَ کُلُّ اَمْرِی کَمَا یَشْتَهِی صَاحِبِی اَنْ اَکُوْنَ عَلَیْهِ مَا قَالَ لِیْ فِیْهَا اُفٍّ قَطُّ، وَمَا قَالَ لِیْ لِمَ فَعَلْتَ هٰذَا اَوْ اَلَّا فَعَلْتَ هٰذَا۔

''મેં મદીના મુનવ્વરામાં સરવરે કાઈનાત ﷺની દસ વરસ સુધી

ખિદમત કરી. હું નાની વયનો બાળક હતો અને મારું દરેક કામ આક઼ાએ રહમત ﷺની મરજી મુજબ થતુ ન હતું. તેમ છતાં આપે કદી મને ઉફ સુધી નથી કહ્યું. અને ન તો મને એવું કહ્યું કે તમે આ આવું શા માટે કર્યુ ? અથવા તમારે આવું નહીં, આવું કરવું જોઈતું હતું.''

*–(સુનને અબૂ દાઊદ, ૪/૨૪૭)*

દસ વરસની મુદ્દતમાં એકવાર પણ ખાદિમને ઉફ સુદ્ધાં ન કહેવું એ પયગંબરાના શાન છે, નહીં તો આમ લોકો તો ખાદિમો તથા નોકરોને પોતાની જૂતીનો દરજો પણ નથી આપતા. આક઼ાએ રહ્‌મત ﷺએ ખાદિમોની સાથે સદ્‌વર્તાવનો ખુદ અમલી નમૂનો બનીને બતાવ્યું અને પોતાના માનવાવાળાઓને પણ તેનો હુકમ આપ્યો.

## ★ ગુલામને મારવાનો કફ્ફારો ★

હાથ નીચેનાઓ પર સખ્તી તથા તેમના પર ગુસ્સો કરવો એ માનવ પ્રકૃતિમાં છે. ઘણીવાર એમના થકી કોઈ એવી હરકત થઈ જાય છે જેના કારણે સ્વભાવિકપણે ગુસ્સો આવી જાય છે અને આક઼ા કે માલિક હાથ પણ ઉઠાવી બેસે છે. ગુલામો પર હાથ ઉઠાવવું હુઝૂર ﷺએ સખત નાપસંદ કર્યું.

હઝરત ઝાઝાન رضی اللہ عنہ ફર્માવે છે : હું હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہની પાસે આવ્યો. તેમણે પોતાના ગુલામને આઝાદ કરી આપ્યો હતો. આપે જમીનથી એક લાકડી અથવા એના જેવી કોઈ ચીજ ઉઠાવી અને ફર્માવ્યું, આ ગુલામને આઝાદ કરવા પર મારા માટે આ લાકડીના બરાબર પણ બદલો નથી. મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે :

مَنْ لَطَمَ مَمْلُوكَهُ أَوْ ضَرَبَهُ فَكَفَّارَتُهُ أَنْ يُعْتِقَهُ ''જે કોઈએ પોતાના ગુલામને તમાચો માર્યો અથવા જે રીતે પણ માર્યો તેનો કફ્ફારો એ છે કે તે તેને આઝાદ કરી દે.'' *(સુનને અબૂ દાઊદ, ૪/૩૪૨)*

કોઈ ગુનાહના બદલામાં કોઈ કામ કરવામાં આવે તો તેનાથી ગુનાહ માફ થાય છે. એટલા માટે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું કે આ ગુલામને આઝાદ કરવા પર મને કોઈ અજરો સવાબ નથી,

એટલા માટે કે તેને મારવાના બદલામાં આઝાદ કરવામાં આવ્યો છે.

## ★ પયગંબરે રહમત ﷺની છેલ્લી વસિયત ★

દુનિયાથી જતી વખતે પણ જે ચીજ યાદ રાખવામાં આવે અને જેના સંબંધે વસિયત કરવામાં આવે તે ખરેખર સૌથી મહત્વની સમજવામાં આવે છે. હુઝૂર સૈયદે આલમ ﷺએ દુનિયાથી જાહેરી રીતે પર્દો ફર્માવતાં આદેશ આપ્યો એના સંબંધે હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે :–

كَانَ اٰخِرُ كَلَامِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: اَلصَّلَاةَ اَلصَّلَاةَ، اِتَّقُوا اللّٰهَ فِيْ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ.

**"સરકારે અબદ કરાર ﷺની અંતિમ વાતચીત આ હતી: નમાઝનો ખયાલ કરજો અને તમારા ખાદિમો તથા ખાદિમાઓના સંબંધે અલ્લાહ ડરતા રહેજો."** *–(સુનને અબૂ દાઊદ, ૪/૩૩૯–૩૪૦)*

આ રિવાયતથી અંદાઝો કરો કે સરવરે દો આલમ ﷺને ગુલામો તથા નોકરોનો કેટલા પ્રમાણમાં ખયાલ હતો કે અંતિમ સમયે પણ તેમના હક્કોના સંબંધે ચિંતિત જોવા મળે છે, અને અંતિમ વસિયતમાં તેમનો ઉલ્લેખ કરતા જોવા મળે છે.

તે દૌર જેમાં માનવોને ગુલામ બનાવીને તેમની સાથે જંગલી જેવો વહેવાર કરવામાં આવતો હતો તે દૌરમાં સરવરે આલમ ﷺની તા'લીમ તથા તર્બિયતનું પરિણામ હતું કે લાખો ગુલામોને આઝાદી મળી અને જેમને આઝાદી ન પણ મળી તો સમાજમાં તેમને ઊંચો મકામ તથા ઈજ્જતની જિંદગી મળી.

## ...પ્રકરણ : ૧૩

## હુઝૂર ﷺ વનસ્પતિ, પથ્થર, પાણી તથા અન્ય મખ્લૂકાતના માટે પણ અમ્નો રહમતના જામિન

આકાએ કૌનૈન ﷺ જે દીન લઈને આ દુનિયામાં તશરીફ લાવ્યા તે દીને રહમત છે. તેની રહમત ઈન્સાનોની સુધી સીમિત નથી બલ્કે દરેક જાનદાર તથા નિર્જીવને સમાવે છે. તેના કરમની (કૃપાની) વર્ષાએ જેવી રીતે જગતના માનવોને તૃપ્ત કર્યા છે તેવી જ રીતે મૂંગા જાનવરોને પણ પોતના અનહદ રહમત વડે માલામાલ કર્યા છે. એટલુ જ નહીં બલ્કે જાનવરોની સાથે સદ્ વર્તાવ પર અજરો સવાબની ખુશખબરી પણ સંભળાવી છે. એ જ પ્રમાણે દરેક તે ચીજ જેમાં માનવો માટે ફાયદા છે તેમને આબાદ કરવા આપે ઉત્તેજન આપ્યું છે, અને તેને વિરાન કરનારાની સખત બુરાઈ વર્ણવી છે.

આપે વનસ્પતિના જતનની ફઝીલતો વર્ણવી છે. તેને વિરાન કરવાથી મના ફર્માવેલ છે. પાણીને વેડફવાથી રોકેલ છે. વાતાવરણને પ્રદૂષિત કરનારી વાતોથી મના કર્યુ છે, અને દરેક તે કામ જેનાથી બીમારીઓના ફેલાવા અથવા કોઈ માણસને તકલી પહોંચવાનો અંદેશો હોય તેના પર સરવરે કાઈનાત ﷺએ પાબંદી લાગુ કરી છે, બલ્કે જે ચીજથી કોઈને તકલીફ પહોંચી શકે છે તેને દૂર કરવી ઈમાનનો હિસ્સો ઠરાવ્યું.

સરવરે કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلْاِيْمَانُ بِضْعٌ وَّسَبْعُوْنَ بَابًا، فَاَدْنَاهَا اِمَاطَةُ الْاَذٰى عَنِ الطَّرِيْقِ۔

"ઈમાનના ૭૦ થી વધુ ભાગો છે, તેમાંથી સૌથી અદના હિસ્સો રસ્તેથી તકલીફ આપનાર ચીજને હટાવવું. *(સુનને તિર્મિઝી, ૫/૧૦)*

હઝરત અબૂ બરઝહ અસ્લમી رضی اللہ عنہએ સરવરે આલમ عليه التحية والتسليمને લાભદાયી કામ વિશે પૂછયું તો આપે ઈર્શાદ ફર્માવ્યો :

اِعْزِلِ الْاَذٰى عَنْ طَرِيْقِ الْمُسْلِمِيْنَ۔ "મુસલમાનોના માર્ગેથી તકલીફ આપનાર ચીજને હટાવો." *(સુનને ઈબ્ને માજહ, ૪/૬૪૨)*

## જાનવરો તથા પથ્થરો પર હુઝૂર ﷺની રહ્મત તથા હેત

આક઼ાએ રહ્મત ﷺએ જુલ્મ તથા જબરદસ્તીથી દુનિયાને પાક કરવા દરેક શક્ય કોશિશો કરી, ત્યાં સુધી કે આપે જાનવરો પર પણ જુલ્મ તથા જબરદસ્તી, તેમને નાહક્ક઼ મારવું અથવા ક઼ત્લ કરવું અને કામમાં ઉપયોગમાં લેવામાં આવતાં જાનવરોથી તેમની શક્તિથી વધુ કામ લેવું નાપસંદ કર્યું. આ આપની રહમતુલ્ લિલ્ આલમીનીની ઉઘાડી સાબિતી છે કે જે રસૂલ જાનવરો પર પણ જુલ્મ ન સહન કરે તે કોઈ માનવી પર થનાર જુલ્મને પણ કેવી રીતે સહન કરી શકશે. જાનવરોની સાથે દયા તથા કૃપાના ખૂબ જ પ્રમાણમાં દૃષ્ટાંતો હદીષોમાં મૌજૂદ છે.

### ★ જાનવરો સાથે સદ્વર્તાવ કરવો અજરો સવાબનો સબબ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, એક બદ્કાર સ્ત્રીની બખ્શિશ કેવળ એ કારણે કરવામાં આવી કે એકવાર તે એક એવા કૂવા પાસેથી પસાર થઈ જેની પાસે એક કૂતરો ઉભો ઉભો તરસની સખ્તીના કારણે હાંફી રહ્યો હતો અને નજીક હતું કે તરસની સખ્તીના કારણે મૃત્યુ પામે. કૂવામાંથી પાણી કાઢવા માટે કાંઈ હતું નહીં. તે સ્ત્રીએ પોતાની ચામડાની મોજડી કાઢીને પોતાની ઓઢણી વડે બાંધી અને પાણી કાઢીને તે કૂતરાને પીવડાવ્યું. તે સ્ત્રીનું આ કૃત્ય બારગાહે ઈલાહીમાં મક઼બૂલ થયું અને તેની બખ્શિશ કરી દેવામાં આવી.

*—(સહીહ મુસ્લિમ, ૪/૧૭૬૧)*

એક શખ્સે નબીયે અકરમ ﷺની ખિદમતમાં અર્ઝ કરી, હું મારાં ઊંટોને પાણી પીવડાવવા માટે મારા હોજમાં પાણી ભરું છું. કોઈ બીજાનું ઊંટ આવીને તેમાં પાણી પીએ છે તો શું મને એનો બદલો મળશે ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, દરેક તર જિગર રાખનાર (જીવંત)માં અજરો સવાબ છે." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૨૧૫)*

## ★ જાનવરોને તકલીફ પહોંચાડવું હુઝૂર ﷺને નાપસંદ છે ★

સૈયદે આલમ ﷺના સિવાય દુનિયામાં કોઈએ જાનવરોની સાથે સદ્‌વર્તાવને આટલુ મહત્વનું સ્થાન નથી આપ્યું. જાનવરો સાથે બદ્‌સુલૂકી, તેમને કોઈ રીતે તકલીફ પહોંચાડવી, સમય પર ચારો ન આપવો, આપસમાં લડાવવું અથવા તેમની શક્તિ બહારનું તેમનાથી કામ લેવું એ આપે ખૂબ જ નાપસંદ કર્યું છે અને એના પર સખત નારાઝગી પ્રદર્શિત કરી છે. બલ્કે ઘણીવાર આપે એના પણ ચેતવણીનો પણ ઉલ્લેખ કર્યો છે. અમુક રિવાયતો વર્ણન કરવામાં આવે છે.

એક દિવસ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એક અન્સારીના બાગમાં દાખલ થયા. અચાનક એક ઊંટ આવ્યું અને આપના કદમોમાં આળોટવા લાગ્યું. એ વખતે એની આંખોમાં આંસૂ હતાં. નબી علیہ التحیة والتسلیمએ એની કમર પર તથા માથાના પાછલા હિસ્સા પર હાથ ફેરવ્યો જેનાથી તે પુરસુકૂન થઈ ગયું. પછી નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું કે આ ઊંટનો માલિક કોણ છે ? તે દોડતા દોડતા આવ્યા. આપે તેમને ફર્માવ્યું, આને અલ્લાહ તઆલાએ તમારી માલિકીમાં કરી આપ્યું છે, તો અલ્લાહથી ડરતા નથી ? આ મને ફરિયાદ કરી રહ્યું છે કે તમે એને ભૂખ્યુ રાખો છો અને તેનાથી મહેનત તથા તકલીફવાળુ કામ વધારે લો છો.'' *(સુનને અબૂ દાઊદ, ૩/૨૩)*

હઝરત સહલ બિન હંઝલા رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ ﷺ એક ઊંટની પાસેથી પસાર થયા તો જોયું કે ભૂખ તથા તરસની સખ્તી અને સવારી તથા વધુ પડતા બોજ ઊંચકવાના કારણે તેની પીઠ પેટ સાથે મળી ગઈ હતી. આપે ફર્માવ્યું, આ મૂંગાં ચોપગાંઓના બારામાં અલ્લાહથી ડરો ! તેમના પર એવી હાલતમાં સવારી કરો જ્યારે કે તે મજબૂત તથા સવારીને પાત્ર હોય અને તેમને એવી સારી હાલતમાં છોડી દો કે તે થાકેલાં ન હોય. *(સુનને અબૂ દાઊદ, ૩/૨૩)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, એક માણસ બળદ પર બોજ રાખીને તેને હંકારી રહ્યો હતો તો એ બળદે એ માણસની તરફ જોઈને કહ્યું, હું આ કામને માટે પેદા નથી કરવામાં

આવ્યો, બલ્કે મને તો ખેતીવાડી માટે પેદા કરવામાં આવ્યો છે. લોકોએ આશ્ચર્ય તથા ગભરાહટમાં સુબ્હાનલ્લાહ ! કહ્યું અને કહ્યું કે શું બળદ પણ બોલે છે ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું તો એ વાત પર યક઼ીન કરું છું, અને હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ તથા હઝરત ઉમર رضی اللہ عنہ પણ યક઼ીન કરે છે. *(સહીહ મુસ્લિમ, ૪/૧૮૫૭)*

હઝરત ઝાઝાન رضی اللہ عنہએ પોતાના ખચ્ચર પર ત્રણ લોકોને સવાર થઈને જતા જોયા તો આપે તેમને કહ્યું :–

لِيَنْزِلْ اَحَدُكُمْ فَاِنَّ رَسُوْلَ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ لَعَنَ الثَّالِثَ.

**"તમારામાંથી કોઈ એક ઉતરી જાય, એટલા માટે કે રસૂલુલ્લાહ ﷺએ ત્રીજા પર લઅનત કરી છે."**

*–(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૫/૩૦૯)*

આ રિવાયતોથી જાણવા મળ્યું કે આક઼ાએ રહમત علیہ التحیۃ والتسلیمની તા'લીમ એ પણ હતી છે કે જાનવરો સાથે પણ સારો વર્તાવ કરવામાં આવે, જે જાનવરનું જે કામ છે તેનાથી તે જ કામ લેવામાં આવે, અને તેની શક્તિ બહારનો તેના પર બોજ ન નાખવામાં આવે.

### ★ મૂઝી જાનવરોને મારવામાં પણ ખયાલ રહે કે તડપાવીને ન મારે ★

મૂઝી જાનવરોને મારવાની ઈજાઝત છે પરંતું નબીયે કરીમ ﷺએ એ તાકીદ કરી છે કે તેમને મારવામાં પણ સારા વર્તાવનો ખયાલ રાખવામાં આવે. એક જ ઘામાં મારી નાખવામાં આવે, તડપાવીને ન મારવામાં આવે ન સળગાવવામાં આવે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે. આપ ફર્માવે છે : અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક સફરમાં હતા. આપ હાજત પૂરી કરવા તશરીફ લઈ ગયા. અમે એક મરઘીને જોયી કે બે નાનાં બચ્ચાં છે. અમે બંનેવ બચ્ચાંને પકડી લીધા. મરઘી આવી તો તે બચ્ચાંને શોધવા લાગી, નબી કરીમ علیہ الصلوٰۃ والسلام જયારે આવ્યા તો પૂછયું, તેનાં બચ્ચાંને લઈને

તેને કોણે પરેશાન કરી ? તેનાં બચ્ચાં પરત કરી દો.

આપે જોયું કે કીડીઓનો ઝુંડ હતો જેને અમે સળગાવી દીધો હતો. આપે પૂછયું કે આને કોણે સળગાવ્યો ? અમે કહ્યું કે અમે સળગાવ્યો. આપે ફર્માવ્યું, આગનો અઝાબ કેવળ આગને પેદા કરનાર (રબ તઆલા) જ આપી શકે છે. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૩/૫૫)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે આક઼ાએ નેઅમત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જેણે કોઈ મૂઝી જાનવરને એક ઝટકામાં ક઼ત્લ કર્યું એના માટે આટલી આટલી નેકીઓ છે, જેણે બે વારમાં ક઼ત્લ કર્યું તેના માટે તેનાથી પણ ઓછી નેકીઓ છે. *(સહીહ મુસ્લિમ, ૪/૧૭૫૮)*

આ રિવાયતોથી અંદાઝો લગાડી શકો છો કે આક઼ાએ નેઅમત ﷺએ તાલીમ તથા તાકીદ ફર્માવી છે કે મૂઝી જાનવરોને મારવામાં પણ એ વાતનો ખયાલ રાખવામાં આવે છે કે તેમને વધુ તકલીફ ન થાય.

## પાણીઓની હિફાઝતના સંબંધે નબવી આદેશો

પાણી જમીન પર જિંદગી સલામત રાખવા માટે પાયાની જરૂરત છે, જે પીવા, ખાવા, રાંધવા, સફાઈ તથા અન્ય ઘરેલુ કામો ઉપરાંત વિવિધ કારીગરીઓ તથા બાંધકામોના માટે વાપરવામાં આવે છે. સર્વ સજીવો (જાનવરો તથા વનસ્પતિ)નું અસ્તિત્વ પાણીના અસ્તિત્વ પર નિર્ભિત છે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : وَجَعَلْنَا مِنَ الْمَآءِ كُلَّ شَيْءٍ حَيٍّ "અને અમે દરેક જાનદાર ચીજ પાણી વડે બનાવી." *(સૂ. અંબિયા–૩૦)*

નબીયે રહમત ﷺએ આ મહત્વની માનવ જરૂરતની રક્ષા કરવા, તેને ઉપયોગને લાયક રાખવા અને ગંદકીથી બચાવવાની તાકીદ કરી છે. વિવિધ હદીષોમાં જરૂરતથી વધુ પાણી વાપરવાની મનાઈ કરેલી છે અને તેમાં ગંદકી નાખવા તથા તેનું ગંદુ કરવા પર ચેતવણી સંભળાવવામાં આવી છે. અમુક રસૂલે પાક ﷺનાં ફર્માનો જોઈએ છીએ.

### ★ રોકાયેલા પાણીને ખરાબ કરવાની મનાઈ ★

રોકાયેલા પાણીમાં પેશાબ કરવાની મનાઈ ફર્માવતાં ઈર્શાદ ફર્માવ્યો:

لَا يَبُولَنَّ اَحَدُكُمْ فِي الْمَآءِ الدَّائِمِ الَّذِى لَا يَجْرِى ثُمَّ يَغْتَسِلُ فِيهِ۔

"તમારામાંથી કોઈ શખ્સ કદાપિ રોકાયેલા પાણીમાં પેશાબ ન કરે કે પછી એના વડે તે ગુસ્લ કરશે." *(સહીહ મુસ્લિમ, ૧/૫૭)*

રોકાયેલુ પાણી જો કે એટલી માત્રમાં હોય કે તેમાં નાપાકી પડવાથી પણ નાપાક ન થાય, છતાં પણ એ પાણીમાં કોઈએ પેશાબ કરી દીધો તો જોનારાને એનો ઉપયોગ કરવામાં કરાહત મહેસૂસ થશે અને પછી એ પાણી વેડફાય જશે. એટલા માટે આક઼ાએ નેઅમત ﷺએ રોકાયેલા પાણીમાં પેશાબ કરવાથી મના કર્યું છે.

મેડિકલ એતેબારથી પાણીમાં પેશાબ કરવાથી બિલ્હાર્ઝિયા (Bilharzia) નામની બીમારીનાં જંતુઓ પાણીમાં ફેલાય જાય છે અને ખાસ કરીને સ્થિર પાણીમાં. પછી તે પોતાની વૃદ્ધિની મંઝિલો પાર કરીને દળદાર જંતુઓના સ્વરૂપમાં પાણીમાં તરવા લાગે છે. જ્યારે તેને કોઈ શરીર મળી જાય તો તે એની અંદર ઘુસી જાય છે અને જિગરનો સોજો, કોલેરા, ટાઈફોઈડ વગેરે વિવિધ બીમારીઓનો સબબ બની જાય છે.

*–(ડૉ. અઝુદ્દીન ફિરાજ, દારુસ્સલામ વલ્વક઼ાયા મિનલ્ઈમ્રાઝ–૮૫)*

આપ અંદાઝો કરો કે પાણીની હિફાઝતના સંબંધે નબીયે અકરમ નૂરે મુજસ્સમ ﷺની તા'લીમ કેટલા અંશે મહત્વની છે.

## ★ વુઝૂમાં પણ જરૂરતથી અધિક પાણી વાપરવાની મનાઈ ★

એક અઅ્રાબી (ગામડાવાસી) સહાબીએ રસૂલે આક઼ાએ કરીમ عليه التحية والتسليمથી વુઝૂના બારામાં પૂછયું તો આપે તેમને વુઝૂ કરીને બતાવ્યું. આપે ત્રણ ત્રણવાર વુઝૂનાં અંગો ધોયાં અને ઈર્શાદ ફર્માવ્યો :

هَكَذَا الْوُضُوءُ، فَمَنْ زَادَ عَلَى هَذَا فَقَدْ أَسَاءَ وَتَعَدَّى وَظَلَمَ۔

"વુઝૂનો આ જ તરીક઼ો છે, તો જેણે એમાં વધારો કર્યો તેણે બુરુ કર્યું, હદથી વધી ગયો અને જુલ્મ કર્યો." *(સુનને નિસાઈ, ૧/૮૮)*

વુઝૂ જેવા મહત્વના કામમાં પણ જરૂરથી વધુ પાણીના વપરાશથી આટલા

પ્રમાણમાં તાકીદ સાથે મના કરવામાં આવી રહ્યું છે. કોઈ એવું ન સમજે કે પાણીની અરબમાં પાણી અછત હતી એટલા માટે આ મનાઈ આવેલી છે. બલ્કે હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہما ની આ રિવાયત પઢો :

اِنَّ رَسُوْلَ اللّٰہِ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْہِ وَسَلَّمَ مَرَّ بِسَعْدٍ وَھُوَ یَتَوَضَّأُ فَقَالَ: مَا ھٰذَا السَّرَفُ فَقَالَ: أَفِي الْوُضُوْءِ اِسْرَافٌ قَالَ: نَعَمْ، وَاِنْ کُنْتَ عَلٰی نَھْرٍ جَارٍ۔

નબીએ અકરમ صلی اللہ علیہ وسلم હઝરત સઅદ رضی اللہ عنہ ની પાસેથી પસાર થયા. ફર્માવ્યું, આ ફુઝૂલખર્ચી શું છે ? તેમણે અર્ઝ કરી, શું વુઝૂમાં પણ ફુઝૂલખર્ચી થાય છે ? હા ! ભલે તમે વહેતા દરિયા પર હોય.

આ હદીષોથી સ્પષ્ટ થયું કે વુઝૂ કરતી વખતે પણ પાણીની ફુઝૂલખર્ચીથી બચવું લાઝિમ છે ચાહે ભલે પાણીની અછત ન હોય.

## ★ જાગૃત થયા બાદ પાણીના વાસણમાં હાથ નાખતાં ત્રણવાર ધોવામાં આવે ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર રહ્મતે આલમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

اِذَا اسْتَیْقَظَ اَحَدُکُمْ مِّنْ نَّوْمِہٖ فَلَا یَغْمِسْ یَدَہٗ فِی الْاِنَاءِ حَتّٰی یَغْسِلَھَا ثَلَاثًا فَاِنَّہٗ لَا یَدْرِیْ اَیْنَ بَاتَتْ یَدَہٗ۔

"જ્યારે તમારામાંથી કોઈ શખ્સ ઊંઘમાંથી જાગે તો પોતાના હાથોને પાણીના વાસણમાં ન નાખે જ્યાં સુધી ત્રણવાર ધોઈ ન લે. એટલા માટે કે તમારામાંથી કોઈ શખ્સ એવું નથી જાણતો કે રાતભર એનો હાથ ક્યાં હતો."

–*(સહીહ મુસ્લિમ, ૧/૨૩૩)*

એટલે કે સૂવાની હાલતમાં હાથ માણસના વિવિધ હિસ્સાઓ પર પડવાના કારણે ખરાબ થઈ શકે છે, પછી જ્યારે પાણીમાં નાખશે તો તે પાણી પણ ગંદુ થઈ જશે.

## ★ પાણીનાં વાસણોને ઢાંકવાનો હુકમ ★

હઝરત જાબિર رضی اللہ عنہ થી મરવી છે કે આકાએ નેઅમત صلی اللہ علیہ وسلم એ

ઈર્શાદ ફર્માવ્યો :–

غَطُّوا الْاِنَاءَ وَاَوْكُوا السِّقَاءَ وَاَغْلِقُوا الْبَابَ وَاَطْفِئُوا السِّرَاجَ فَاِنْ لَمْ يَجِدْ اَحَدُكُمْ اِلَّا اَنْ يَّعْرُضَ عَلٰى اِنَائِهٖ عُودًا وَيَذْكُرَ اسْمَ اللّٰهِ فَلْيَفْعَلْ۔

"વાસણને ઢાંકી દીધા કરો, મશકના મુખને બંધ કરી દીધા કરો, દરવાજાઓને બંધ કરી લીધા કરો અને દીવાઓને ઓલવી નાખ્યા કરો. જો કોઈ શખ્સ એટલુ કરી શકે કે અલ્લાહનું નામ લઈને પોતાના વાસણ પર લાકડી મૂકી દે, તો તેણે જોઈએ કે એટલુ જ કરી લે."

*–(સહીહ મુસ્લિમ, ૩/૧૫૯૪)*

આ હુકમો સૂઈ જનારાને આપવામાં આવ્યા છે કે સૂતા પહેલાં સૌ કામો કરીને સૂએ. અને આ કામો કરવાનો હુકમ આપવામાં શું હિકમતો છે એ કોઈ બુદ્ધિશાળી પર છુપુ નથી. એ જ પ્રમાણે એમના મામલામાં નિષ્કાળજી વર્તવામાં શું શું નુકસાનો થઈ શકે છે તે પણ સ્પષ્ટ વાત છે.

## ★ પાણીના વાસણમાં શ્વાસ ન લો અને ફૂંક ન મારો ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ઈર્શાદ ફર્માવે છે :

اِنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ نَهٰى اَنْ يُّتَنَفَّسَ فِي الْاِنَاءِ اَوْ يُنْفَخَ فِيْهِ۔

મનાઈનું કારણ જાહેર છે કે વાસણમાં શ્વાસ લેવા અથવા ફૂંક મારવાની સ્થિતિમાં શ્વાસ તથા ફૂકની સાથે જંતુઓ પાણીમાં ચાલ્યા જશે અને પછી તે બીમારીઓમાં સપડાવાનો સબબ બનશે.

## ઈસ્લામમાં ખેતી તથા વનસ્પતિ ઉછેરવાનું મહત્વ

ઈસ્લામમાં ખેતીનું ઘણુ જ મહત્વ હાંસલ છે. અલ્લાહ તઆલાએ માનવ જગતમાં ખેતીની ઉપજને એક મહાન એહસાન ઠરાવ્યું છે. કુર્આને મજીદમાં ઈર્શાદ છે :–

اَفَرَءَيْتُمْ مَّا تَحْرُثُوْنَ ○ ءَاَنْتُمْ تَزْرَعُوْنَهٗٓ اَمْ نَحْنُ الزّٰرِعُوْنَ ○ لَوْ نَشَآءُ لَجَعَلْنٰهُ حُطَامًا فَظَلْتُمْ تَفَكَّهُوْنَ ○ اِنَّا لَمُغْرَمُوْنَ ○ بَلْ نَحْنُ مَحْرُوْمُوْنَ ○

"તો બતાવો તો જે વાવો છો, શું તમે એની ખેતી બનાવો છો કે અમે

બનાવવાવાળા છીએ ? અમે ચાહિએ તો પાયમાલ કરી દઈએ પછી તમે વાતો બનાવતા રહો કે અમારા પર આપત્તિ આવી પડી, બલ્કે આપણે બેનસીબ રહ્યા.'' *(સૂરએ વાકિઆ, આ. ૬૩ થી ૬૭, કન્ઝુલ ઈમાન)*

એટલે કે જાહેરી રીતે બી જમીનમાં તમે નાખો છો પરંતુ જમીનની અંદર તેની પરવરિશ કરવી પછી બહાર કાઢીને એક લહેરાતી ખેતી બનાવી દેવું કોનુ કામ છે ? એના સંબંધે તો તમે જાહેર તથા ઉપર ઉપરનો દાવો પણ તમે નથી કરી શકતા કે અમારી તૈયાર કરેલી છે.

પછી ખેતી પેદા કર્યા બાદ પછી તેને મહેફૂઝ તથા બાકી રાખવી પણ અમારું જ કામ છે. અમે ચાહીએ તો કોઈ આફત પણ મોકલી દઈએ જેનાથી એક પળમાં પૂરી ખેતી ખેદાન મેદાન થઈને રહી જાય. પછી તમે માથુ પકડીને રડો અને આપસમાં બેસીને વાતો બનાવવા લાગો કે મિયાં ! અમારું તો મોટુ ભારે નુકસાન થઈ ગયું ! બલ્કે સાચુ પૂછો તો બિલ્કુલ ખાલી હાથ થઈ ગયા.

## ★ જમીનની વિશાળતામાં તમારી રોજી શોધો ★

ખેતી પર માનવજીવનનો નિવાર્હ છે, કેમ કે જે અનાજ જમીનમાં ઉગે છે તેને ખાયને જ માણસ જીવંત રહે છે. એટલા માટે કે ખેતીને પણ માનવ જીવનમાં તથા શરીઅતની દૃષ્ટિમાં એક મહત્વનું સ્થાન હાંસલ છે. સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اُطْلُبُوا الرِّزْقَ فِیْ خَبَایَا الْاَرْضِ ''જમીનની પહોળાઈઓ તથા વિશાળ તાઓમાં રોજી તલાશ કરો.'' *(મજમઉઝ્ ઝવાઈદ, ૪/૭૨)*

એનાથી મુરાદ ખેતીવાડી છે. જેમ કે ઈમામ સરખસી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે.

## ★ ખેતીવાડી કે ઈબાદત ? ★

દુનિયવી ફાયદાઓની સાથોસાથ ખેતીવાડીનું આ કામ સવાબનો સબબ પણ છે. જેવું કે હદીષે પાકમાં છે :

لَا يَغْرِسُ مُسْلِمٌ غَرْسًا وَلَا يَزْرَعُ زَرْعًا فَيَأْكُلُ مِنْهُ إِنْسَانٌ وَلَا دَآبَّةٌ وَلَا شَيْءٌ إِلَّا كَانَتْ لَهُ صَدَقَةٌ.

**"જે મુસલમાન કોઈ છોડ વાવે છે અથવા કોઈ ખેતી ઉગાડે છે તો તેનાથી કોઈ પણ ઈન્સાન, જાનવર અથવા કોઈ અન્ય ચીજને ફાયદો પહોંચે છે તો તે એના માટે સદક઼ો થશે."**

*–(સહીહ મુસ્લિમ, ૩/૧૧૮૮)*

ખેતીવાડી, વનસ્પતિનો ઉછેર વગેરે જાહેરી રીતે દુનિયવી કામ છે, પરંતુ આક઼ાએ રહ઼મત عليه التحية والتسليمએ એ કામોને ઈબાદત ઠરાવી દીધેલ છે. **એક ખેડૂત અથવા એક માળી જમીન લીલોતરીવાળી હરીયાળી બનાવવામાં મહેનત કરે છે અને પોતાનો પરસેવો વહાવે છે તો અલ્લાહને ત્યાં તેના માટે અજરો સવાબ લખવામાં આવે છે.** આ ખયાલ સૈયદે આલમ صلى الله عليه وسلمએ આપ્યો છે. એનું દૃષ્ટાંઅ કોઈ અન્ય મઝહબમાં નથી.

આપ ઈસ્લામી તા'લીમાતનો અભ્યાસ કરો તો અંદાઝો થશે કે **દરેક તે કામ જેનાથી કોઈ ઈન્સાન અથવા કોઈ જાનવરને પણ ફાયદો પહોંચે તેને ઈસ્લામે સવાબનું કાર્ય ઠરાવ્યું છે.** ઝાડો તથા છોડોના ઉગાડવામાં અસંખ્ય ફાયદા છે. એનાથી ફળો પ્રાપ્ત થાય છે. અનાજ હાંસલ થાય છે. સખત તાપમાં વટેમાર્ગુઓ માટે છાંયડાની વ્યવસ્થા થાય છે. પકવાનના માટે બળતણ અને ફર્નિચર માટે લાકડુ પ્રાપ્ત થાય છે. ઝાડો વાતાવરણના પ્રદૂષણને પોતાની અંદર શોષી લે છે અને સાફ સ્વચ્છ હવા પૂરી પાડે છે. એટલા માટે એક તરફ ઝાડોને કાપવાથી મનાઈ કરવામાં આવેલ છે અને બીજી બાજુ વૃક્ષોના ઉછેર માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે.

## ★ ખેતીઓને વિરાન કરવું મુનાફિક઼નું કામ ★

એવા મુનાફિક઼ો જેઓ દુનિયામાં ફસાદ મચાવે છે અને ખેતી તથા માનવ વંશને તબાહ કરે છે તેમની બુરાઈ વર્ણવતાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :

وَاِذَا تَوَلّٰى سَعٰى فِى الْاَرْضِ لِيُفْسِدَ فِيْهَا وَيُهْلِكَ الْحَرْثَ وَالنَّسْلَ ؕ وَاللّٰهُ لَا يُحِبُّ الْفَسَادَ ○

"અને જ્યારે પીઠ ફેરવે તો જમીનમાં ફસાદ નાખતો ફરે અને ખેતી તથા જાનો તબાહ કરે, અને અલ્લાહ ફસાદ (ઝઘડાઓ)થી રાજી નથી." *(સૂરએ બક્રહ, આ. ૨૦૫, કન્ઝુલ ઈમાન)*

જાણે કે ખેતી તથા છોડવાઓને બર્બાદ કરવું મુનાફિક઼ોનું કામ છે, મો'મિન એમાં નથી પડી શકતો, ઝાડોને નાહક઼ કાપવાની ઈજાઝત એટલા માટે પણ નથી કે અલ્લાહ તઆલાએ તેમને જમીનની શોભા ઠરાવેલ છે. ઈર્શાદે બારી તઆલા છે :–

اِنَّا جَعَلْنَا مَا عَلَى الْاَرْضِ زِيْنَةً لَّهَا. "બેશક ! અમે જમીનને શણગાર કર્યો જે કાંઈ એના પર છે." *(સૂરએ કહફ, આ. ૭, કન્ઝુલ ઈમાન)*

## ઝાડોને કાપવાની મનાઈ

ઝાડોને કાપવાની મનાઈ કેમ ન હોય જ્યારે કે ઝાડો તથા છોડોની વ્યવસ્થા, આસ્માનથી પાણી વરસવાનો સબબ બને છે. ઝાડોથી સૃષ્ટિનું કુદરતી સૌંદર્ય ખીલી ઉઠે છે. ઝાડો સજીવોને ઓકસીજન પૂરો પાડે છે. ઝાડોથી હવાઓની તેજીમાં મધ્યમપણુ પેદા થાય છે તેમજ એનાથી ગરમીની ડિગ્રીમાં ઘટાડો થાય છે. તે વાતાવરણના પ્રદૂષણનો સબબ બનનારા દરેક પ્રકારના જંતુઓને પોતાની અંદર શોષી લે છે.

અરબમાં સામાન્યતઃ બાવળ તથા બોરડીના ઝાડો થયા કરતાં હતાં. નબી કરીમ عليه الصلوٰة والسلام એ બોરડીના ઝાડના બારામાં ફર્માવ્યું :

مَنْ قَطَعَ سِدْرَةً صَوَّبَ اللّٰهُ رَأْسَهٗ فِى النَّارِ. "જે કોઈએ બોરડીના ઝાડને કાપ્યું તેને અલ્લાહ તઆલા ઊંધા મોંએ જહન્નમમાં નાખી દેશે."

–*(સુનને અબૂ દાઊદ, ૪/૩૬૧)*

આ હદીષના બારામાં ઈમામ અબૂ દાઊદને પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે આ એક લાંબી હદીષથી ટૂંકાવેલ હદીષ છે. પૂરી રિવાયત આ પ્રમાણે છે :–

مَنْ قَطَعَ سِدْرَةً فِي فَلَاةٍ يَسْتَظِلُّ بِهَا ابْنُ السَّبِيْلِ وَالْبَهَائِمُ عَبَثًا، وَظُلْمًا بِغَيْرِ حَقٍّ يَكُوْنُ لَهُ
فِيْهَا صَوَّبَ اللّٰهُ رَأْسَهُ فِي النَّارِ۔ (ايضًا)

"બોરડીનું તે ઝાડ જે કોઈ જંગલમાં હોય જેનાથી મુસાફર કે જાનવર છાંયડો હાંસલ કરતાં હોય, કોઈ શખ્સે તેને વિના કારણે જુલ્મી રીતે તથા નાહક્ક઼ કાપી નાખ્યું તો અલ્લાહ તબારક વ તઆલા તેને ઊંધા મોંએ જહન્નમમાં નાખી દેશે." *(ઉપર મુજબ)*

ઝાડોના રક્ષણ માટે એટલા પ્રમાણમાં જોર આપવામાં આવ્યું કે જંગોના માટે ખેતીઓ તથા ઝાડોને પણ સળગાવવું મના ઠરાવવામાં આવ્યું.

હઝરત અલી ઈબ્ને અબૂ તાલિબ رضي الله عنه થી છે કે સરકારે અબદ ક઼રાર صلى الله عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : નબીયે અકરમ صلى الله عليه وسلم જ્યારે મુસલમાનોની કોઈ ફોજ મુશ્રિકોની તરફ મોકલતા તો ફર્માવતા હતા : કોઈ બાળક, કોઈ સ્ત્રી અને કોઈ શયખે ફાની (અતિ વૃદ્ધ)ને ક઼ત્લ ન કરશો. કોઈ વહેતા ઝરણાને સૂકવશો નહીં, કોઈ ઝાડને કાપશો નહીં સિવાય એ ઝાડના જે તમારા માટે જેહાદમાં રુકાવટ બને અથવા તમારા પર મુશ્રિકોની વચ્ચે આડ હોય. કોઈ માણસ કે જાનવરનો મુષ્લહ (કાન, નાક વગેરે કાપવું) ન કરશો. ચોરી ન કરશો તથા ખયાનત ન કરશો. *–(અસ્સુનનુલ કુબરા લિલ્ બયહક઼ી, ૯/૧૫૪)*

સરવરે કાઈનાત صلى الله عليه وسلم આ વસિયતોની સાથે સરાયા (જંગલી લશ્કરો)ને રવાના કર્યા કરતા હતા. એમાં ખાસ તાકીદ એ હતી કે આમ લાભની ચીજોને કોઈ નુકસાન ન પહોંચાડવું જોઈએ અને જંગના હેતુથી હટીને દરેક કામથી દૂર રહેવાનું અનિવાર્ય ઠરાવતા હતા. જંગ દરમ્યાન પણ આપે ઝાડોને નુકસાન પહોંચાડવાથી મના ફર્માવ્યું. અલ્બત્ત તે ઝાડો જેના કારણે જંગ દરમ્યાન તકલીફ પહોંચી શકે છે તેને કાપવાની ઈજાઝત અતા ફર્માવી.

## વાતાવરણને કલૂષિત કરનારાં કામોથી મનાઈ

વાતાવરણને પ્રદૂષિત બનાવનારી ચીજો આ દૌરની સરખામણીમાં તે દૌરમાં ખૂબ જ ઓછી જો જોવા મળતી હતી. પરંતુ એના પર પણ નબીયે

રહમત ﷺએ પાબંદી લાગુ કરી. એના સંબંધે અમુક હદીષો વર્ણવવામાં આવે છે :–

ગંદકીથી જીવલેણ જંતુઓ પેદા થાય છે કે જે બીમારીને ફેલવાનો સબબ છે. આક઼ાએ રહમત ﷺએ માનવજાત પર પ્રેમભાવ રાખતાં ખુલેઆમ ગંદકી ફેલાવવાથી મના ફર્માવ્યું છે.

હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર સૈયદે આલમ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો :–

اَلْبُزَاقُ فِی الْمَسْجِدِ خَطِیْئَۃٌ وَ کَفَّارَتُھَا دَفْنُھَا۔ "મસ્જિદમાં થૂંકવું ગુનોહ છે અને એનો કફ્ફારો એને દફન (સાફ) કરી દેવું છે." *(સહીહ મુસ્લિમ, ૧/૩૯૦)*

અમુક રિવાયતોમાં اَلْبُزَاقُની જગાએ التَّفْلُ આવ્યું છે એનો અર્થ કફ ફેંકવું છે. સારાંશ કે નબી અકરમ ﷺએ મસ્જિદમાં થૂંકવા તથા કફ ફેંકવાથી મના ફર્માવ્યું. જો કોઈએ અજાણપણે આ કામ કરી લીધું તો તેના પર જરૂરી થશે કે તે તેને દફન કરી દે.

થૂક તથા કફથી એવા જંતુઓ નીકળે છે જે બીમારીઓને ફેલાવાનો સબબ બની શકે છે, અને મસ્જિદ આમ લોકોને આવવાનું સ્થળ છે, એટલા માટે ત્યાં આક઼ાએ રહ઼મત ﷺએ એ બંનેવ વાતોથી મના ફર્માવ્યું છે.

## ★ મુડદાંને દફન કરવું વાતાવરણના પ્રદૂષણથી મુક્તિનો ઝરીયો છે ★

આક઼ાએ રહ઼મત ﷺએ મુસલમાનો પર બીજા મુસલમાનોનો હક્ક઼ ઠરાવ્યો છે કે જો કોઈનો ઈન્તેક઼ાલ થઈ જાય તો તે વસ્તી તથા મહોલ્લાના લોકો હળીમળીને તેના કફન દફનમાં શરીક થાય.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : મુસલમાનના મુસલમાન પર પાંચ હક્ક઼ો છે :–

رَدُّ التَّحِیَّۃِ وَاِجَابَۃُ الدَّعْوَۃِ وَشُھُوْدُ الْجَنَازَۃِ وَعِیَادَۃُ الْمَرِیْضِ وَتَشْمِیْتُ الْعَاطِسِ اِذَا حَمِدَ اللہَ۔

(૧) સલામનો જવાબ આપવો. (૨) દા'વત ક઼બૂલ કરવી. (૩) જનાઝામાં હાજર થવું. (૪) બીમારની અયાદત કરવી. (૫) છીંકનારાએ

અલ્હમ્દુલિલ્લાહ કહ્યું તો જવાબ આપવો.

કોઈનો ઈન્તેક઼ાલ થઈ જાય તો તેનું શરીર સડવાનુ તથા કહોવાનું શરૂ થઈ જાય છે પછી એનાથી ઉઠનાર દુર્ગંધ વાતાવરણ કલૂષિત કરવાનો સબબ બની શકે છે. મુડદાને સળગાવવામાં અશરફુલ મખ્લૂક઼ાતની બેઅદબી અને તેને તકલીફ પહોંચાડવું છે. પાણીમાં વહાવી દેવું એ તેને દરિયાઈ પ્રાણીઓનો ખોરાક બનાવવું છે. વળી દરિયાએ તેને કિનારે ફેંકી દીધું તો તેની બદબૂ વાતાવરણને દૂષિત કરવાનો ઝરીયો બનશે. તેની સરખામણીમાં આક઼ાએ રહ્મત ﷺએ દફન કરવાનો હુકમ ફર્માવ્યો અને તેની તાક઼ીદ ફર્માવી એ રહ્મત જ રહ્મત છે.

## ★ બદબૂ પેદા કરનારી ચીજોના ઉપયોગની મનાઈ ★

હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર રહ્મતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

اِنَّ اللهَ طَيِّبٌ يُحِبُّ الطِّيبَ، نَظِيفٌ يُحِبُّ النَّظَافَةَ، كَرِيمٌ يُحِبُّ الْكَرَمَ، جَوَادٌ يُحِبُّ الْجُوْدَ،
فَنَظِّفُوا بُيُوتَكُمْ، وَلَا تَشَبَّهُوا بِالْيَهُوْدِ الَّتِي تَجْمَعُ الْاَكْنَافَ فِي دُوْرِهَا۔

"અલ્લાહ તબારક વ તઆલા પાક છે અને પાકીને પસંદ ફર્માવે છે. સુથરો છે અને સુથરાઈ (સ્વચ્છતા)ને પસંદ ફર્માવે છે. મહેરબાન છે અને મહેરબાની પસંદ ફર્માવે છે, તો તમે તમારાં ઘરોને સ્વચ્છ રાખો અને યહૂદીઓનું મળતાપણુ ન અપનાવો કે તેઓ કચરો પુંજો પોતાના ઘરોમાં ભેગો કરીને રાખે છે." *(મુસ્નદે અબી યઅ્લા, ૨/૧૨૧)*

આ હદીષમાં નબીયે અકરમ ﷺએ જે વાતની તાક઼ીદ કરી છે તે તદ્દન સ્પષ્ટ છે અને તેના ફાયદા પણ તદ્દન જાહેર છે.

## ★ લસણ તથા પ્યાજ ખાયને મસ્જિદમાં આવવાની મનાઈ ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, مَنْ اَكَلَ مِنْ هٰذِهِ الشَّجَرَةِ يَعْنِي الثُّوْمَ فَلَا يَقْرُبَنَّ مَسْجِدَنَا۔ "જેણે આ ઝાડ એટલે લસણને ખાધુ તો તે અમારી મસ્જિદની નજીક ન આવે."

*–(સહીહ બુખારી, ૧/૧૭૦)*

કાચુ લસણ ખાવાથી મોંમા બદબૂ પેદા થાય છે જેના લીધે આસપાસ ઉભા રહીને નમાઝ પઢનારા નમાઝીઓને તકલીફ પહોંચી શકે છે. એટલા માટે હુઝૂર સૈયદે આલમ ﷺએ તેને ખાયને મસ્જિદમાં આવવાથી મના ફર્માવ્યું. એવું કામ જેનાથી કોઈને મામૂલી તકલીફ પહોંચી શકે છે એના પર પણ આક઼ાએ રહ્મત علیہ الصلوٰۃ والسلامએ પાબંદી કરી અને એવા શખ્સને મસ્જિદમાં આવવાથી મના કર્યું છે જેના કારણે એ તકલીફ પહોંચી શકે છે, તો જો કોઈ શખ્સ એવું કામ કરે જેના કારણે વાતાવરણમાં પ્રદૂષણ તથા દુર્ગંધ પેદા થાય, જીવ જંતુઓ ફેલાય, અને બીમારીઓ હુમ્લો કરે એ કામને પણ હુઝૂર ﷺ હરગિઝ પસંદ કરશે નહીં.

આ સર્વ અહકામ (હુકમો) તથા હિદાયતો એ વાતની રોશન સાબિતી છે કે સરવરે કાઈનાત علیہ التحیۃ والتسلیمએ દરેક તે કામની તરફ પ્રોત્સાહિત કર્યા છે જેમાં માનવોના ફાયદા છે અને દરેક તે કામ પર પાબંદી લગાડી છે જેમાં માણસોનું નુકસાન છે. આ આપની રહ્મતુલ્ લિલ્ આલમીની છે કે આ રીતના બારીકથી બારીક મામલાઓના માટે પણ આપે જામેઅ (સમૃદ્ધ) હુકમો વર્ણન કર્યા છે.

આપણુ કામ એ છે કે આપણે આપ ﷺની અઝમતો (મહાનતાઓ)ને સમજીએ અને આપનાં અર્પણ કરેલા નિઝામ (ક઼ાનૂની બંધારણ) તથા હુકમોને પોતાના માટે રહ્મતનો સબબ માનીને એના પર અમલ કરતા રહેવાની પૂરી કોશિશ કરીએ.

# દા'વતે ફિક્રો અમલ
## (ચિંતન તથા અમલની દા'વત)

વાંચકો ! આ પૂરી કિતાબનો અભ્યાસ આપના પર રોશન કરશે કે રહ્મતે આલમ સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ જ દુનિયાની તે એકલી શખ્સિયત છે કે જેમની અંગત જિંદગીનું દરેક પાસે દરેક દૌરમાં પુર અમ્ન રહ્યું. નબુવ્વતના એલાનથી પહેલાં પણ અને નબુવ્વતના એલાનના પછી પણ. મક્કામાં રોકાણ દરમ્યાન પણ અને મદીનામાં વસવાટના અરસામાં પણ. યુવાનીની હાલતમાં પણ અને વૃદ્ધાવસ્થાની ઉમરમાં પણ, મઝલૂમી તથા દબાણ હેઠળના દોરમાં પણ અને સરસાઈ તથા હુકમરાનીના દૌરમાં પણ.

એ જ પ્રમાણે સામૂહિક તથા સામાજિક જિંદગીના દરેક યુગમાં પણ આપ પુર અમ્ન રહ્યા. આપે જેવી રીતે મઝલૂમીના દૌરમાં જુલ્મને જાઈઝ ન રાખ્યો એ જ પ્રમાણે સત્તાના દૌરમાં પણ કદી આપે અદ્લો ઈન્સાફ તથા અમ્નો સુકૂનને પ્રભાવિત થવા ન દીધો.

યુદ્ધોમાં, મસ્લતોમાં, વિજયોમાં દરેક સમયે તથા દરેક જગાએ આપ પુર અમ્ન રહ્યા, અમ્નો અમાનની સ્થાપ્નાના જામિન રહ્યા, નાના મોટા માટે, પોતાનાં તથા પરાયાઓ સૌના માટે અમ્ન આપનાર રહ્યા.

જન્મથી લઈને દુનિયાથી પર્દો કરતા સુધી દરેક દૌરમાં જે પુર અમ્ન તથા પુર સુકૂન રહ્યો હોય, અંગત રીતે પણ અને સામૂહિક રીતે પણ, તો શું એનાથી વધીને કોઈ અન્ય પુર અમ્ન તથા અમ્ન આપનાર હોય શકે છે ?

હરગિઝ નહીં ! વિશ્વનો ઈતિહાસ આવી પુર અમ્ન શખ્સિયત અને આવા અમ્ન આપનારાનું દષ્ટાંત રજૂ કરવાથી લાચાર છે.

એ તો આપની જાત અને જાતથી જોડાયેલી અંગત તથા સામાજિક બાબતોનો હાલ છે, આપે અમ્ન (શાંતિ, સુકૂન)ના જે માર્ગો સર્વ માનવો માટે સમારેલા છે અને ચેન તથા સુકૂનની જે રેખાઓ પૂરી માનવ જાન

માટે ખેંચી છે તે આપને ન કેવળ સૌથી ઉચ્ચ બલ્કે ખૂબ જ આશ્ચર્યજનક ઈન્સાન પુરવાર કરે છે. જરૂરતો સમાજની હોય કે ખાનદાનની, માણસની અંગત હોય કે સામૂહિક, હક્કો માનવ વ્યક્તિઓના હોય કે જાનવરો તથા પક્ષીઓના, ઉસૂલ યુદ્ધોના હોય કે સમાધાનના, તરીક઼ા ખુશી મનાવવાના હોય કે રંજો ગમ મનાવવાના, મસાઈલ જન્મના હોય કે મૃત્યુના, જરૂરતો જીવતાઓની હોય કે મુર્દાઓની, જરૂરિયાત ગામ તથા શહેરની હોય કે દેશની, મસ્અલો સફાઈનો હોય કે ગંદકીનો, રક્ષા જાનોની હોય કે માલ તથા આબરૂની, મામલો દીનદારીનો હોય કે બેદીનીનો, સુધારણા વનસ્પતિ તથા મેળાઓની હોય કે આબોહવાની, સામુદ્રિક બાબતો હોય કે કાંઠા પરની, હિદાયતો સજાઓથી સંબંધિત હોય કે રહમતોથી સંબંધી હોય, વર્તાવ આઝાદોના સંબંધે હોય કે ગુલામોના, સારાંશ કે દરેક મામલા પર આપે ધ્યાન કરીને તેના તકાઝાઓની પરિપૂર્ણતાની વ્યવસ્થા કરી આપી છે.

જેઓ હક્કોની તલાશમાં છે તેમને હક્કો નિશ્ચિત કરી આપનાર પયગંબરે રહમત ﷺની પયરવી (અનુસરણ) કરવાની તથા આપના રહ્મતના દામનથી જોડાયેલા રહેવાની જરૂરત છે. અમ્ન (શાંતિ, સલામતી)ની ચાહત રાખનારાઓએ અમ્ન આપનાર આક઼ા علیہ الصلوٰۃ والسلامના પુર અમ્ન નિશાનો પર ચાલવાની જરૂરત છે. દરેક તે ઈન્સાન જેને જિંદગીના કોઈપણ ક્ષેત્રના વિશે હિદાયત તથા રહનુમાઈની જરૂરત છે તેના પર લાઝિમ છે કે પયગંબરે રહ્મત ﷺના દામને રહમતથી જોડાઈ જઈને પોતાની મુરાદ હાંસલ કરી લે. પયગંબરે રહ્મત علیہ التحیۃ والتسلیمની ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ફર્માંબરદારીના વગર, આપની સીરતનો (જીવન ચરિત્રનો), અભ્યાસ કરીને આપના નક઼્શે ક઼દમને દીવાદાંડી બનાવ્યા વિના ન અમ્નો સુકૂન શક્ય છે, અને ન તો કામયાબી તથા સફળતાની કલ્પના કરી શકાય છે.

**અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી** رضی اللہ عنہ

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમ્એ બઝ્મે હિદાયત પે લાખોં સલામ
મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ
ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ
શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ
ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ
જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ
દૂરો નઝદીક કે સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ
શબે અસ્રા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝ્મે જન્નત પે લાખોં સલામ
મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ
હમ ગ઼રીબોં કે આક઼ા પે બેહદ દુરૂદ
હમ ફ઼કીરોંકી સરવત પે લાખોં સલામ
જિસકે માથે શફાઅતકા સહરા રહા
ઉસ જબીને સઆ઼દત પે લાખોં સલામ
જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅ઼ત પે લાખોં સલામ
જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ
જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ
ઉન્કે મૌલાકી ઉન પર કરોળોં દુરૂદ
ઉન્કે અસ્હાબો ઈતરતપે લાખોં સલામ
પારહાએ સહ્ફ ગુન્ચહાએ કુદ્સ
અહ્લે બયતે નબુવ્વતપે લાખોં સલામ
આબે તત્હીરસે જિસમેં પૌદે જમે
ઉસ રિયાઝે નજાબતપે લાખોં સલામ
ખૂને ખૈરુર્રોસુલસે હૈ જિનકા ખમીર
ઉન્કી બેલૌષ તીનતપે લાખોં સલામ
ઉસ બતૂલે જિગર પારાએ મુસ્તફા
હજલહ્ આરાએ ઈફ્ફતપે લાખોં સલામ
જિસ્કા આંચલ ન દેખા મહો મહરને
ઉસ રિદાએ નઝાહતપે લાખોં સલામ
સૈયદા ઝાહિરા તૈયબા તાહિરા
જાને અહ્મદ કી રાહતપે લાખોં સલામ
હસને મુજતબા સૈયદુલ અસ્ખિયા
રાકિબે દોશે ઈઝ્ઝતપે લાખોં સલામ
શહદખ્વારે લુઆબે ઝબાને નબી
ચાશનીગીર ઈસ્મતપે લાખોં સલામ
ઉસ શહીદે બલા શાહ ગુલગૂં કબા
બેકસ દસ્તે ગુર્બતપે લાખોં સલામ
દુર્રે દર્જે નજફ મહરે બુર્જે શરફ
રંગ રૂએ શહાદતપે લાખોં સલામ
કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ
મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં **'રઝા'**
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ